# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** from where we have sourced **“Samaadhi Ni Swatantrataa Part-2”.**

**“Samaadhi Ni Swatantrataa Part-2”.** (Pravachans on Shree Samaadhi Tantra by Pujya Shree Kanji Swami) We have taken due care, however, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at nfo@vitragvani.com or to “ gnayakforever@gmail.com ” **“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”**



# સમાધિની સ્વતંત્રતા

ભાગ – ૨



રચયિતા : શ્રી પૂજ્યપાદ સ્વામી





પરમ પૂજ્ય શ્રી પૂજ્યપાદ સ્વામી




ભૂતકાળનાં ‘રાજેન્દ્ર’, વર્તમાનનાં ‘યોગીન્દ્ર’, ભાવિના ‘જિનેન્દ્ર’,

એવા અનંત ઉપકારી

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિની સ્વતંત્રતા

## ભાગ ૨

પૂજ્યપાદસ્વામી વિરચિત

**સમાધિતંત્ર**

શાસ્ત્ર ઉપર થયેલ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

**અક્ષરશઃ ૨૫ પ્રવચનો**

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**

D - 16/205, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - 400 092

ફોન - 2863 1155 / 93228 90089

E-mail - gnayakforever@gmail.com

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫૩૭ | ૨૦૬૭ | ૨૦૧૧ |


: પ્રકાશન :

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૨ મી જન્મજયંતિનાં

મંગલમય પ્રસંગે, ગજપંથા સિદ્ધક્ષેત્રે

તા. ૫.૫.૨૦૧૧ વૈશાખ સુદ - ૨

પ્રથમ આવૃત્તિ: **૨૦૦૦ પ્રત**

મૂલ્ય: ધારાવાહિ સ્વાધ્યાય

**મુદ્રક : સિલ્વર પ્રિન્ટસ્, વસઇ - પૂર્વ.**

**ટે. ૦૨૫૦ ૩૨૧૧૩૦૪ / ૦૫**

## ''સમાધિની સ્વતંત્રતા'' પ્રાપ્તિ સ્થાન

**મુંબઇ:**

**બોરીવલી:**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
ડી-૧૬/૨૦૫, યોગી નગર,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોન: **2863 1155 / 9322890089**

**પાર્લા:**

**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૫૭
ફોન: **2610 2865 / 9892238006**

**દાદર:**

**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮
ફોન: **2438 8787 / 9820498454**

**ઘાટકોપર:**

**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોન: **2506 8790 / 98191 95353**

**કલકત્તા:**

**શ્રી પ્રકાશભાઇ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ,
ખાલસા સ્કુલની સામે, ભવાનીપુર,
કલકત્તા -૨૦.
ફોન: **033-24868518 / 9830331010**

**રાજકોટ:**

શ્રી સીમંધર કુંદ કુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
સ્વરૂચી, યોગીનિકેતન પ્લોટ,
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન: **0281-2477728 / 9374100508**

**જામનગર:**

શ્રી પરેશભાઇ વાધર
૨૫, દિગ્વીજય પ્લોટ, જામનગર.
ફોન: **02882-560566**

**સોનગઢ:**

**ડૉ. માધુરીબેન એસ. નંદુ**
ધ્રુવધામ, રોજકોટ-ભાવનગર મેઇનરોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર.
ફોન: **02846-244132**

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો ટોટલ પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ 'સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨' તે ચોથું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની
૧૨૨મી જન્મજયંતિ, ગજપંથા સિદ્ધક્ષેત્ર
વૈશાખ સુદ ૨
તા. ૫-૫-૨૦૧૧

**સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર**

# પ્રથમ આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

શરીરાદિ પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના દિવ્ય સંદેશા **ભગવાન શ્રીપૂજ્યપાદઆચાર્યે** આ **સમાધિતંત્ર યા સમાધિશતક**માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃતટીકા શ્રીપ્રભાચંદ્રઆચાર્યે કરી છે.

સમાધિની પ્રાપ્તિ સર્વ કાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાન યુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત ગુરુદેવ **પૂજ્ય શ્રીકાનજીસ્વામી**નાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઇ રહી છે એ મહાન સદ્‌ભાગ્ય છે. તેઓશ્રીના સાન્નિધ્યમાં રહીને તથા તેમનાં પ્રવચનોથી પ્રેરણા પામીને સદ્ધર્મપ્રેમી ભાઇ શ્રીછોટાલાલ ગુલાબચંદ ગાંધીએ તેનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ તૈયાર કરી આપ્યો છે.

સિલ્વર પ્રિન્ટસ, મુંબઇના વ્યવસ્થાપક શ્રી રજતભાઇ દોશીએ કુશળતાપૂર્વક આ ગ્રંથનું સુંદર છપાઇ આદિ કાર્ય કરી આપ્યું છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના સર્વ જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

ગજપંથા, સિદ્ધક્ષેત્ર
૫-૫-૨૦૧૧

**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર**
**બોરીવલી**

# પ્રસ્તાવના

## ગ્રન્થ-સમાધિતંત્ર અપરનામ સમાધિશતક

શ્રીપૂજ્યપાદઆચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ - બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અંતરાત્માવસ્થાદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અંતરાત્મપણું પ્રગટ થઈ શકે નહિ, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાની ગ્રન્થ-ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વની પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનદ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ - એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમા ઇ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોને પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાનદ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપુર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનથી ભવદુ:ખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાન્તિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભૂત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે-એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫) માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ- **'સમાધિતંત્ર'**-નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની-પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો

સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સિહિત્યદ્રષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થ ભાષા-સૌષ્ઠવ, પદ્ય-રચના અને સાહિત્યગુણોની દ્રષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ - અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત-ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા-પ્રશસ્તિમાં, ગ્રન્થના અપર નામ **'સમાધિશતક'** નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રન્થ, **'સમાધિતંત્ર' અને 'સમાધિશતક'** - એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ - અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

## સમય

શ્રવણ બેલ્ગોલના શિવાલેખ નં.૪૦(૧૦૮)માં ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના **'જૈનેન્દ્ર વ્યાકરણ'**માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫-૪-૧૬૮)-એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ.૨૦૦માં બીજી શતાબ્દિમાં થઈ ગયા.

**શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય-ઈ.સ.૬૨૦ થી ૬૮૦) પોતાની **'તત્વાર્થરાજવાર્તિક'** માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની **'તત્વાર્થશ્લોકવાર્તિક'** ટીકામાં, શ્રી પૂજ્યપાદરચિત **'સર્વાથસિદ્ધિ'** નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ.૬૨૦ પહેલાઇ થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ.૨૦૦ અને ઈ.સ.૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સચપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ.પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

## નિવાસસ્થાન અને માતા-પિતાદિ

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા. શ્રી દેવસેનાચાર્ય કૃત **'દર્શનસાર'** માં લખ્યું છે કે તેમના એક વજનન્દી નામના શિષ્યે વિ.સં.પ૨૬માં દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

## તેમનુ નામ

તેમનુ દીક્ષાનામ દેવનન્દી હતુ; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.

શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्धया महत्या स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम् ।।**

(-શ્રમણ બેલ્ગોલ શિ.લે.નં. ૪૦(૬૪); શક સં.૧૦૮પ)

**परागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**भुद्ध्या पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पुज्यपाद इति चैव बुधैः प्रचख्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦પ (૨પ૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ-દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદ-થી પ્રસિદ્ધ હતા. દેવનન્દી-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા-વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'** -એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

## તેમની અદ્ભૂત જીવન-ઘટનાઓ

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :-

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपाद : ।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि ।।**
**धृतविश्वबिद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः ।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णित्तः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨પ૮); શક સં. ૧૩પપ)

श्रीपुज्यपादमिनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्र : ।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार ।।

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે -

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર-વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલા-લેખમાં એવો પણ ઉલ્લેખ છે કે

૧.તેઓ અદ્વિતીય ઔષધ-ઋદ્ધિના ધારક હતા,
૨.વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;
૩.તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનુ થઈ ગયું હતું.
આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ શાન્ત્યષ્ટક ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું.
મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

## ગ્રન્થરચના

શ્રી પૂજ્યપાદ સ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર; સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશાદિ ગ્રન્થો પ્રમુખ સ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે

झैनेनद्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,
सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेकः स्वकः ।
छन्दः सूक्ष्यधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा
माख्यातीह स पूज्यपादमुनिषः पूज्यो मुनीनां गणैः ।।४।।

(-શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, **'જૈનાભિષેક'** ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

## જૈનેન્દ્ર વ્યાકરણ

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રન્થ છે. તેનાં સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે, અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં આ વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

**सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।**

(શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

**जैनेन्द्रे पूज्यपादः**

(શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા; અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

## શબ્દાવતાર

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે.

## સર્વાર્થસિદ્ધિ

શ્રી ઉમાસ્વામી રચિત '**તત્ત્વાર્થસૂત્ર**' ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. '**તત્ત્વાર્થસૂત્રની**' આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે '**તત્ત્વાર્થ રાજવાર્તિક**' અને શ્રી વિદ્યાનંદે '**તત્ત્વાર્થશ્લોક**' નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં '**સર્વાર્થસિદ્ધિ**' નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંતિ ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુજ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

## સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં.ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં.ટીકા પં.આશાધરજીએ કરી છે. બંને ગ્રન્થો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે '**સમાધિતંત્ર**' માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમ-વાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષ પાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દ્રષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.

## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદ સ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન્ તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઇ.સ.૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ - ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુકતકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.

## સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંત આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર' ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યકત કર્યો છે.

# આભારદર્શન

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો સાંભળીને નીજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

- શ્રી વિજયભાઇ શેઠ — બોરીવલી
- શ્રી અનિલભાઇ શાહ — બોરીવલી
- શ્રી સમીરભાઇ શાહ — બોરીવલી
- શ્રી ધીરેનભાઇ વખારીયા — બોરીવલી
- શ્રી જયેશભાઇ શેઠ — પાર્લા
- શ્રી મણિભાઇ ગાલા — પાર્લા
- શ્રી અજયભાઇ શાહ — પાર્લા
- શ્રી બીપીનભાઇ શાહ — પાર્લા
- શ્રી ધીરેન્દ્રભાઇ ગાલા — પાર્લા
- શ્રી કવિભાઇ ગાલા — પાર્લા
- શ્રીમતી લક્ષ્મીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી દિવાળીબેન ગડા — પાર્લા
- શ્રીમતી મંજુલાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી મીનાક્ષીબેન નંદુ — પાર્લા
- શ્રીમતી કિરણબેન — પાર્લા
- શ્રીમતી ભારતીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઝવેરબેન છેડા — પાર્લા
- શ્રીમતી રેખાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી વસુબેન શાહ — તારદેવ
- શ્રીમતી જ્યોતિબેન ડગલી — અંધેરી
- શ્રીમતી શુશીલાબેન ગાલા — વડાલા
- શ્રીમતી સોનલબેન વખારીયા — બોરીવલી
- શ્રીમતી રીટાબેન ભેદા — બોરીવલી
- શ્રીમતી વર્ષાબેન શાહ — બોરીવલી
- કુમારી શીતલબેન શાહ — બોરીવલી
- શ્રીમતી છાયાબેન વખારીયા — બોરીવલી
- કુમારી પૂર્વી દેઢીયા — બોરીવલી
- શ્રીમતી પારુલબેન કપાસી — બોરીવલી
- શ્રીમતી પીંકીબેન શાહ — બોરીવલી
- શ્રીમતી ભારતીબેન મહેતા — બોરીવલી
- શ્રીમતી જયાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી રજનીબેન શેઠ — પાર્લા
- શ્રીમતી વંદનાબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઉષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી ચંદનબેન છેડા — પાર્લા
- શ્રીમતી મુક્તાબેન — પાર્લા
- શ્રીમતી વર્ષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી વિણાબેન નંદુ — પાર્લા
- શ્રીમતી રૂપાબેન શેઠ — મુંબઇ
- શ્રીમતી લીનાબેન સચદેવ — મુંબઇ
- શ્રીમતી હર્ષિતાબેન દેઢીયા — વાશી

ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનનાં 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા અનંત ઉપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રીકાનજીસ્વામીના તેજ:પુંજ આત્માને

# ભાવ નમસ્કાર

अज्ञानतिमिरान्धनाम् ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ।।

અમારા જેવા અનેક મુમુક્ષુઓને જેઓશ્રીએ અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર કાઢી ભવાટવીમાં રખડતાં ચક્ષુ કે જે બંધ હતા, તેને જ્ઞાનરૂપી અંજન આંજી ખોલી નાંખ્યા છે અને મોક્ષનો માર્ગ સ્પષ્ટ કરી બતાવ્યો છે. તેવા પરમ કૃપાળુ અનંત ઉપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રીકાનજીસ્વામીનાં પવિત્ર ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન.

આવા મહાન ઉપકારી ગુરુનો પાર્થિવદેહ આપણી સમક્ષ નથી અને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિયોગ આપણને અતિશય સાલે છે. હવે આપણને ભગવાન કહી કોણ બોલાવશે? પામરને પ્રભુતા કોણ અર્પશે? વહાલભર્યા આત્મીય સંબોધન કોણ કરશે? આવા વિચારોથી હૈયું ભરાઇ જાય છે.

ભલે આજે આપણી સમક્ષ પૂજ્ય ગુરુદેવ નથી. પરંતુ તેઓશ્રીએ દર્શાવેલ મોક્ષનો માર્ગ તેઓશ્રીની વાણીમાં સચવાયેલો છે. આપણા જેવા ભક્તો માટે પૂજ્યશ્રીની મંગળ વાણીરૂપ અધ્યાત્મતીર્થ વિધમાન છે. પૂજ્યશ્રીની અનુપસ્થિતિમાં પણ આ વાણીમાં આપણને તારવાની શક્તિ પડી છે. આપણી આવી પાત્રતા પણ પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાને કારણે થઇ શકી છે. તે અનુસાર આત્મભાવના ભાવવી એ જ કર્તવ્ય છે.

પૂજ્યશ્રીનો આ યુગમાં જન્મ થવો એ જ માનવજાત માટે આશીર્વાદરૂપ હતો. જૈનધર્મ કે જે ક્રિયાકાંડની કેદમાં ફસાયેલો હતો તેનું સાચું સ્વરૂપ સમજાવી જૈનધર્મને ક્રિયાકાંડમાંથી મુક્ત કર્યો અને જૈનધર્મ એ વિશ્વધર્મ છે-એમ સમજાવ્યું. દરેક જીવ પોતાની અંદર રહેલા ચૈતન્યતત્ત્વરૂપ

આત્મસત્તાની અનુભૂતિ કરી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી શકે છે. આમ ભક્તોને ભગવાન બનવાનો ઉપાય બતાવ્યો. આવા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયમાં આપણો જન્મ થયો એ પણ આપણા ભવનો કિનારો નિકટ છે એમ સૂચવે છે. અનેક જન્મોનાં સંચિત પુણ્યોદયે આવા મહાન ગુરુનાં દર્શન થાય છે. આ બધું આપણને મુક્તિપુરીના પંથે જવા માટે પ્રેરણાના પીયુષ થાશે.

આજે જ્યારે સમગ્ર માનવજાતિ ભૌતિક સુખ માટે દોડી રહી છે અને સુવિધાવાળી જિંદગી પ્રત્યે અભિમુખ છે તે સમયે હે ગુરુદેવ! આપે ચૈતન્યતત્ત્વનો મહિમા સમજાવ્યો, અંતરમુખ પુરુષાર્થ કરવા અમને જાગૃત કર્યા અને અમને ચાર ગતિમાંથી ઉગારી લીધા. પૂજ્ય ગુરુદેવનાં કૃપા ભાજન બનવા બદલ અમે ધન્યતા અનુભવિએ છીએ.

હે ગુરુદેવ! અનેક રીતે આપનો અમારા ઉપર ઊપકાર વર્તે છે. અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

હે નિસ્પૃહ કરુણાસાગર ગુરુદેવ! આપના ઉપકારનો બદલો વાળવા અમો અસમર્થ છીએ. ભવ પર્યંત આપશ્રી પ્રત્યે અખંડપણે ભક્તિ રહો અને ભાવિ તીર્થાધિનાથ શ્રી સૂર્યકીર્તિનાથની ધર્મસભામાં શ્રોતા બનવાનું અહોભાગ્ય પ્રાપ્ત થાય એવી ભાવના ભાવીએ છીએ.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર
બોરીવલી, મુંબઈ.

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક ક્રમાંક | પાના ક્રમાંક |
|---|---|---|---|
| પ્રવચન - ૧૬ | ૨૬.૧૨.૧૯૭૪ | ૭, ૮, ૯ | ૧ થી ૧૮ |
| પ્રવચન - ૧૭ | ૨૭.૧૨.૧૯૭૪ | ૮, ૯ | ૧૯ થી ૩૨ |
| પ્રવચન - ૧૮ | ૨૮.૧૨.૧૯૭૪ | ૮, ૯, ૧૦ | ૩૩ થી ૪૯ |
| પ્રવચન - ૧૯ | ૨૯.૧૨.૧૯૭૪ | ૧૦, ૧૧, ૧૨ | ૫૦ થી ૬૫ |
| પ્રવચન - ૨૦ | ૩૦.૧૨.૧૯૭૪ | ૧૨, ૧૩, ૧૪ | ૬૬ થી ૮૧ |
| પ્રવચન - ૨૧ | ૩૧.૧૨.૧૯૭૪ | ૧૪, ૧૫ | ૮૨ થી ૯૮ |
| પ્રવચન - ૨૨ | ૦૧.૦૧.૧૯૭૫ | ૧૫, ૧૬ | ૯૯ થી ૧૧૫ |
| પ્રવચન - ૨૩ | ૦૨.૦૧.૧૯૭૫ | ૧૬, ૧૭ | ૧૧૬ થી ૧૩૧ |
| પ્રવચન - ૨૪ | ૦૩.૦૧.૧૯૭૫ | ૧૭ | ૧૩૨ થી ૧૪૬ |
| પ્રવચન - ૨૫ | ૦૪.૦૧.૧૯૭૫ | ૧૮ | ૧૪૭ થી ૧૬૦ |
| પ્રવચન - ૨૬ | ૦૫.૦૧.૧૯૭૫ | ૧૮, ૧૯ | ૧૬૧ થી ૧૭૫ |
| પ્રવચન - ૨૭ | ૦૬.૦૧.૧૯૭૫ | ૧૯, ૨૦ | ૧૭૬ થી ૧૯૦ |
| પ્રવચન - ૨૮ | ૦૭.૦૧.૧૯૭૫ | ૨૦ | ૧૯૧ થી ૨૦૫ |
| પ્રવચન - ૨૯ | ૦૮.૦૧.૧૯૭૫ | ૨૦, ૨૧ | ૨૦૬ થી ૨૧૯ |
| પ્રવચન - ૩૦ | ૦૯.૦૧.૧૯૭૫ | ૨૧ | ઉપલબ્ધ નથી |
| પ્રવચન - ૩૧ | ૧૦.૦૧.૧૯૭૫ | ૨૧, ૨૨ | ૨૨૧ થી ૨૩૫ |
| પ્રવચન - ૩૨ | ૧૧.૦૧.૧૯૭૫ | ૨૨, ૨૩ | ૨૩૬ થી ૨૪૯ |
| પ્રવચન - ૩૩ | ૧૨.૦૧.૧૯૭૫ | ૨૩ | ૨૫૦ થી ૨૬૪ |
| પ્રવચન - ૩૪ | ૧૩.૦૧.૧૯૭૫ | ૨૪, ૨૫ | ૨૬૫ થી ૨૭૯ |
| પ્રવચન - ૩૫ | ૧૪.૦૧.૧૯૭૫ | ૨૫, ૨૬ | ૨૮૦ થી ૨૯૫ |
| પ્રવચન - ૩૬ | ૧૫.૦૧.૧૯૭૫ | ૨૭, ૨૮ | ૨૯૬ થી ૩૧૧ |
| પ્રવચન - ૩૭ | ૧૬.૦૧.૧૯૭૫ | ૨૮, ૨૯ | ઉપલબ્ધ નથી |
| પ્રવચન - ૩૮ | ૧૭.૦૧.૧૯૭૫ | ૨૯, ૩૦ | ૩૧૩ થી ૩૨૯ |
| પ્રવચન - ૩૯ | ૧૮.૦૧.૧૯૭૫ | ૩૦, ૩૧ | ૩૩૦ થી ૩૪૧ |
| પ્રવચન - ૪૦ | ૧૯.૦૧.૧૯૭૫ | ૩૧, ૩૨ | ૩૪૨ થી ૩૫૭ |

# પ્રવચન – ૧૬

## શ્લોક – ૭, ૮ અને ૯

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૬.૧૨.૭૪**

इदानीं बहिरात्मनो देहस्यात्मत्वेनाध्यवसाये कारणमुपदर्शयन्नाह -

**बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।**
**स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ।। ७ ।।**

ઈન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ. ।। ૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

પાનું ૧૯ છે. ત્રિકાળીજ્ઞાન બાકી છે ને થોડું. અહીંયા સમાધિતંત્ર છે આ અધિકાર. આત્માને ધર્મ કેમ થાય ? અને સમાધિ એટલે શાંતિ કેમ મળે ? તો કહે છે કે, આત્મા પોતાની જાત છે, પરમાત્મ સ્વરૂપે, ચિદાનંદ આત્મા છે, એમાં સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને, જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, અંતર એકાગ્રતાથી પ્રગટે,

એને સમાધિ કહીએ, એને ધર્મ કહીએ, એને મોક્ષનો માર્ગ કહીએ. સમજાણું કાંઇ ? લોગસ્સમાં નથી આવતું. આપણે 'સમાહિ, વર મુત્તમં દિન્તુ', સામાયિકના પાઠમાં આવે છે, વાંચ્યુ છે પંડિતજી ? (શ્રોતાઃ દુખ્ખઓ, કમ્મખ્ખઓ) ઇ નહિં. 'સમાહિ વર મુત્તમં દિન્તુ' આતે હૈ, સામાયિકમેં આતે હૈ. એ સામાયિક કરતે હૈ ન, ઉસમેં આતે હૈ, તમારે તો આવે છે પહેલેથી. ઘડિયા હાંકે છે નહિં, 'સમાહિ વર મુત્તમં દિન્તુ' ! હે પરમાત્મા, એ તો પોતે દેતે નહિં ઉસકો, પણ આ તો પોતાની જે અપની ભાવના હૈ ને, એ કહેતે હૈ 'સમાહિ'.

આત્મામેં જે પુણ્ય ને પાપકા ભાવ જો હોતા હૈ, વો દુઃખ હૈ, અશાંતિ હૈ. યહાં કહે છે કે, જીવ ત્રિકાળીજ્ઞાન સ્વરૂપ છે, આત્મા તો પ્રજ્ઞાબ્રહ્મ, ચિદાનંદ સ્વરૂપ, ત્રિકાળી હૈ, ઉસકી અંતરદ્રષ્ટિ કરકે, આત્મામેં શાંતિકા, અંશ પ્રગટ કરના, ઉસકા નામ ધર્મ અને સમાધિને મોક્ષમાર્ગ હૈ. આહાહા ! કોઇ વ્રતના વિકલ્પને, તપના વિકલ્પ કરતે હૈ, કે ઐસા મૈં અપવાસ કરું ને, એ તો સબ રાગ હૈ, એ કોઇ ધાર્મિક ક્રિયા નહિં. શશીભાઇ, ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ હૈ. આહાહા ! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ સ્વરૂપ, ઉસકો પકડ કરકે, એકાગ્ર હોના, એકાગ્ર થાય, ઉસકા નામ ધર્મ હૈ. આહાહા !

એ અજ્ઞાની ઐસે અપની ચીજ કૈસી હૈ, ઉસકો માનતે નહિં, લો થોડું વળી હિન્દી આવી ગયું અંદર. ભગવાન આત્મા, જ્ઞાનનો પિંડ પ્રભુ હૈ, જ્ઞાનસ્વરૂપ, જીસમેં શરીર નહિં, કર્મ નહિં, વાણી નહિં, ઓર જીસમેં પુણ્ય ને પાપ દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ ઉઠતે હૈ, યે રાગ હૈ, યે ભી ઉસમેં નહિં. આહાહા ! ઐસી ચીજ કો અંતરમેં પકડ કરકે આહાહા ! એ આતમજ્ઞાન. અંતરમેં લીન હોના, ઉસકા નામ ધર્મ હૈ, યે મોક્ષકા માર્ગ હૈ. બાકી બધી ક્રિયાકાંડ કરો, લાખ કરોડ વ્રતને, તપને, ભક્તિને, પૂજાને, દાનને દયા, સબ રાગકી ક્રિયા હૈ, લક્ષ્મીચંદજી. આહાહા ! એ તો સંસાર આપે, રાગકી ક્રિયા સંસાર પરિભ્રમણકા કારણ હૈ. આહાહા ! સમજમેં આયા ?

તો કહેતે હૈ કે, જીવ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ હૈ, તેને બહિરાત્મા, અંતર સ્વરૂપ ઐસા હૈ જ્ઞાનાનંદ સ્વભાવ, વો તરફકી નજર કે અભાવમેં, વો ચીજ આત્મા, પરમાત્મસ્વરૂપ અંદર હૈ. વો તરફકી નજર, દ્રષ્ટિ, છોડકર બહિરાત્મા, અજ્ઞાનવશ, અપના સ્વરૂપકો જાનતે નહિં. આહાહા !

દૂસરાકો જાનને મેં પ્રવિણ. ઈન્દ્રિયો દ્વારા દૂસરા પદાર્થમેં જાનનેસે, દૂસરા પદાર્થકા જ્ઞાન હોતા હૈ, યે ભી અપની પર્યાયમેં અપને કારણસે હોતા હૈ, પણ ઉસમેં પરકા જ્ઞાનમેં રુકને સે, અપના આત્મજ્ઞાન વંચિત હોતા હૈ. અપના જ્ઞાન કરને મેં યે પરાઙ્મુખ હો જાતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

કૈસે ? અજ્ઞાનવશ જાણતો નથી, કયા ? ભગવાન ત્રિકાળી, ત્રિકાળ સ્વરૂપ જ્ઞાન, નિત્યાનંદ પ્રભુ એ બહિરાત્મા બાહ્ય કો હી અપના માનનેવાલા, અપનેમેં અજ્ઞાનવશ, ઉસકો જાનતે નહિં અને બાહ્ય ઇન્દ્રિય ગોચર પદાર્થો, જે ઇન્દ્રિયગમ્ય જો બાહ્ય પદાર્થ હૈ. આહાહા ! જે માત્ર જ્ઞેયરૂપ, જ્ઞાનમેં જ્ઞેય હૈ, દૂસરી ચીજ હૈ, ચાહે તો સર્વજ્ઞ પરમાત્મા હો, કે ચાહે તો દેવ, ગુરુ હો કે ચાહે તો શાસ્ત્ર હો, ચાહે તો મંદિર અને પ્રતિમા હો. આહાહા ! હેં ? સભી આહાહા ! બાહ્ય ઇન્દ્રિયગમ્ય પદાર્થ માત્ર જ્ઞેયરૂપ, જાનને લાયક હૈ બસ, આહાહા ! ઉસમેં ઇષ્ટ અનિષ્ટકી કલ્પના કરી, અનુકૂળ પદાર્થ દેખકર, દૂસરી ચીજ હૈ, ઉસમેં કોઈ અનુકૂળતા, પ્રતિકૂળતાકી છાપ નહિં, ટ્રેડમાર્ક નહિં કે આ અનુકૂળ હૈ ને આ પ્રતિકૂળ હૈ. વો તો જ્ઞેય નામ અપના જ્ઞાનમેં જાનને લાયક ચીજ હૈ. ઐસી ચીજમેં દો ભાગ પાડ દેતે હૈ અજ્ઞાની, હૈ ? ઈષ્ટ, અનિષ્ટકી કલ્પના કરે. આહાહા ! શરીર સુંદર હોય તો ઠીક, સ્ત્રી, સુંદર, રૂપાળી મળે તો ઠીક, ઐસા અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ, જાનને લાયક પરજ્ઞેય પદાર્થમે, દો ભાગ કર દેતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

એકબાજુ ભગવાન, ત્રિકાળીજ્ઞાન લિયા ને ? ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ હી હૈ. અને પરવસ્તુ અપને સિવાય શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર. આહાહા ! એ તો જ્ઞાન સે જાનને લાયક, જ્ઞેય પદાર્થ હૈ, જણાવા લાયક વો પદાર્થ હૈ, વો પદાર્થ ઈષ્ટ - અનિષ્ટ, હૈ નહિં, પોપટભાઈ. આ છોકરાઓ હોંશિયાર થાય તો બહુ સારા થયા, કમાણા, કર્મી જાગ્યા એમ કહે છે ને ? નથી કહેતા, તમારા છોકરાઓ કર્મી, કર્મી એટલે કરમ કરનારો, પાપ. (શ્રોતા: કર્મી એટલે પૈસા કમાવનારો) ધૂળમાંય પૈસા કમાતો નથી. આહાહા !

આંહી તો કહતે હૈ, ભગવાન આત્મા, ચૈતન્ય. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ, આનંદસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ હૈ. આહાહા ! ઓ સિવાય, અરે, અંદરમેં રાગ હો, પુણ્યકા ભાવ હો, દયાકા ભાવ હો, કે પરચીજ શરીર કે કુટુંબ આદિ હો, કે દેવ, ગુરુ ને શાસ્ત્ર હો, મંદિર અને પ્રતિમા હો આહાહા ! એ જ્ઞાનમેં જ્ઞેય, જાનને લાયક હૈ. ઐસે ન માનકર, અજ્ઞાની, ઈષ્ટ અનિષ્ટકી કલ્પના કરતે હૈ. આ ઈષ્ટ હૈ, અમારા અંગી (અંગત) માણસ હૈ, પોપટભાઈ, અંગીત માણસ હૈ, ખાનગી કરના હો તો ઉસકે સાથ હમ કર સક્તે હૈ. ધૂળમેય અંગીત નહિં. સમજમેં આયા ? એ વસ્તુ પર હૈ, યે અપના જ્ઞાનમેં જાનને લાયક હૈ. બસ.

એ ઉપરાંત વો ઐસા માનતે હૈ કે આ ચીજ મને ઈષ્ટ લગતી હૈ, આ ચીજ મેરેકો અનિષ્ટ લગતી હૈ, બસ વો મિથ્યાત્વભાવ હૈ, ભ્રમભાવ હૈ, જૂઠાભાવ હૈ, પાપભાવ હૈ, ચોર્યાસી લાખની યોનીમેં, ગંદકીમેં ઉત્પન્ન કરનેકા સ્થાન હૈ વો. આહાહા ! સમજમેં આયા ?

અનિષ્ટ કલ્પના કરી અપને કો સુખી - દુ:ખી. પૈસા પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ ને અબજને, અમને મળ્યા, સુખી હૈ હમ, મૂંઢ માનતે હૈ, પાપી, આત્માકા સ્વભાવકો છોડકર, પરમેં સુખ હૈ ને પરસે સુખ હૈ ઐસી માન્યતામેં આત્માકી શાંતિકા હ્રાસ - નાશ હોતા હૈ. સમજમેં આયા ? કહતે હૈ અપને કો સુખી, હમ સુખી હૈ, બાળ બચ્ચા, ઘર, લક્ષ્મી, વેપાર ધંધા ઓર હમારા મુનીમ ભી બડા અચ્છા હમકો મિલા હૈ, કે હમારા કામ બડા અચ્છા કર લેતે હૈ, હમ સુખી હૈ, તો કહતે હૈ કિ મિથ્યાદ્રષ્ટિ ઐસા માનતે હૈ, જુઠી દ્રષ્ટિ. સુખ તો અપના આત્મામેં હૈ, આનંદ સ્વરૂપ હૈ, સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ, ઉસકા સુખકા તો અનાદર કરતે હૈ. હેં ? ઓર પરમેં સુખ હૈ, પરસે, યહ મિથ્યાત્વકી દશા, આત્માકી શાંતિકા હિંસા કરના હૈ, ઔર અનિષ્ટ દુ:ખી, મૈં નિર્ધન હું, મૈં વાંઝીયા હું, વાંઢા હું, કોઈ સાધન નહિં, રોટીકા સાધન નહિં, ઠામકા સાધન, રહનેકા નહિં, મૈં દુ:ખી હું, ઓ ભી મૂઢ જીવ હૈ. સમજમેં આયા ? દુ:ખ તો આત્મા, આનંદમૂર્તિ હૈ, ઉસે પરમેં સુખ દુ:ખ માનતે હૈ, ઐસી કલ્પના વોહી દુ:ખ હૈ, પર વસ્તુ, કારણરૂપે હૈ નહિં. આહાહા ! સમજમેં આયા ?

સુખી, દુ:ખી, ધનવાન, નિર્ધન. લ્યો, આ ધનવાન આવ્યું. મૈં ધનવાન હું, મૈં પૈસાવાળા હું, મૈં ગર્ભશ્રીમંત હું, મૈં તો માતાકા પેટમેં આયા ત્યારસે મૈં શ્રીમંત, હમારા પિતાજી તો, શ્રીમંતકે ઘરે હમારા જન્મ હુઆ, હમ ધનવાન હૈ, મૂરખ હૈ કહતે હૈ. સમજમેં આયા ? આહાહા ! ધન તો અપના અંદર મેં આનંદ ને જ્ઞાન લક્ષ્મી સે ભરા પડા આત્મા હૈ, ઉસકા અપના સ્વીકાર કરકે ધનવાન હોના, એ ધન, વો અપના. ઓ ધનવાન છોડકર, લક્ષ્મી મેં, મૈં ધનવાન હું, મૈં નિર્ધન હું. આહાહા ! એ પણ અજ્ઞાનીની કલ્પના, મિથ્યાભાવ હૈ. સમજમેં આયા ?

મૈં બળવાન હું. મેરા શરીરમેં બળવાન બડા હૈ ઓલો નહોતો કો'ક ? કોણ ? હેં ? રામા, કોઈક રામો સાંભળ્યો છે ને કોઈક. બહુ જોર એક મોટર રાખતો જાય ને એક મોટર, બેય મોટરકો ખડી રખતે, એ મરતા વખતે, એ શું રામો ? (ગામા) એ છાપામાં આવ્યું, મરી ગયો, રાતે હોસ્પિટલમાં હતો, એની માસી આવી, માસી. આ શું ? લેખ હતો એક. છાપામાં આવ્યું'તું, ક્યાં ગયું તારુ બળ ? સાંભળને હવે આ બળ તો જડ કી ચીજ હૈ. મૈં બળવાન હું યે કહાં સે આયા ? સમજમેં આયા ? એ ભ્રમ હૈ, મૈં આત્મા જ્ઞાન હું, આનંદ હું, ઐસે છોડકર, મૈં શરીર આદિ સે બળવાન હું ઐસી માન્યતા હી ભ્રમ, ભ્રમ, અસત્ય હૈ, જૂઠી શ્રધ્ધા હૈ, ઓર જૂઠી શ્રધ્ધાકા ફળ, સંસાર મેં રુલાના, દુ:ખ હૈ. આહાહા ! સમજમેં આયા ?

ઔર મૈં નિર્બળ હું, નિર્બળ તુમ ક્યા હૈ ? એ તો શરીર કી કમજોર હો જાય. શરીર મેં કમજોર હો જાય, એ તો જડકી દશા હૈ ભગવાન આત્મા નિર્બળ કહાં હૈ ? આહાહા ! શરીરકી શક્તિ કમ હોનેસે, મૈં નિર્બળ હું ઐસી માન્યતા, જૂઠી, પાખંડ, દ્રષ્ટિવંતકી હૈ. આહાહા ! સમજમેં આયા ?

ઔર મૈં સુરૂપ હું, સુદર, સુંદર શરીર મેરા હૈ, આ તો માટી, ધૂળ હૈ, ધૂળકા રૂપ હૈ, એ તો જડકા હૈ. તેરા હૈ ? આહાહા ! ક્ષણમેં, રૂપમેં, આ ક્યા કહતે હૈ તમારે શું કહેવાય ? હાડ, હાડ હાડફેલ થઈ રહ્યું જાઓ ! ભાઈ, હમણાં ગુજરી ગયાને, છ મહિના, આઠ મહિના પહેલા, શાંતિલાલ ખુશાલ, ગોવાવાળા, નહિં ત્યાં આપી છે ને તમારે બેનની દીકરીને. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા, ૨ અબજ ચાલીસ કરોડ, દશાશ્રીમાળી વાણિયા હતા આપણાં એય ! એમને બેનની દીકરી આપી છે ને ! બાળ બ્રહ્મચારી ! દુઃખે છે, સવારમાં ઉઠયા, રાતે દોઢ વાગે, એની વહુને શું કાંઇક કહે છે ને, હેમરેજ કહે છે ને ? એ અસાધ્ય થઈ ગયેલાને એટલે અહિં મુંબઈ દવા માટે લાવ્યા હશે. એમાં પોતે, બે ત્રણ દિ' હતા ને ? એમ જ રાતે દોઢ વાગે, કહે છે કે દુઃખે છે, બોલાવો ડોક્ટરને, ઓલો નહોતો માણસ કહેતો આપણને અહિં તમારા, મુંબઈ, ભાઈ, મુંબઈ, એ એના વેવાઇ થાય કાંતિલાલ ? હેં ! કાંતિલાલ છે ને, દેરાસરનું મકાન શ્વેતાંબરનું, ઓલીકોર, ગ્યાતાને, ઈ કહે એ વખતે હું ઉભો'તો, જ્યારે આમ બોલ્યા ડોક્ટરને બોલાવો, શું કરે છે હું ડોક્ટરને બોલાવા જાઉં છું, ને આવે છે, મરી ગયા. દસ મિનિટ. ધૂળેય તારી ચીજ નહિં, શરીર તેરે નહિં ત્યાં, રૂપ કહાં સે આયા ?

મૈં સુરૂપ હું. આ તો હોળી હૈ જડકી. જડકી દશા હૈ આ તો, માટીકી. મૈં સુરૂપ હું, મૈં કુરૂપ હું. આહાહા ! ઐસી માન્યતા અજ્ઞાની, પરચીજ જાનને લાયકમાં એક પ્રકારકા હૈ, ઉસમેં દો ભાગ પાડ દેતે હૈ ! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન આ તો સૂક્ષ્મ બાત હૈ ધર્મકી, વીતરાગકી હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવકા ફરમાન હૈ આ. આહાહા !

કે તુમ કૈસે ભૂલા ? જો ચીજ કો તુમ જ્ઞાયક, જાનનેવાલા હૈ, વો ચીજ તો જનાને લાયક ઇતના ચીજ હૈ. ઓ ઉંપરાત તુમ ઐસે માન લેતે હૈ કે મૈં સુરૂપ હું, તો વો તો જડ હૈ, આ તો જ્ઞાનમેં જાનને લાયક ચીજ હૈ, ઉસકા ઐસા ન જાનકર, આ સુરૂપ હી મૈં હું, કુરૂપ હી મૈં હું. આહાહા ! રાજા મૈં હું. બડા પાંચ, પચીસ કરોડ ઉપજ હોય મહિને. મહિને રાજા હું બડા, હાથી ઘોડા વાહન. ધૂળેય નહિં રાજા, રાજા કહાંસે આયા ? તુમ તો આત્મા હૈ, ઐસા છોડકર, અપને કો રાજા માનતે હૈ, મૂંઢ હૈ ! મિથ્યા નામ જૂઠી, અસત્ય દ્રષ્ટિ સેવનેવાલા હૈ, અને જૂઠા સેવનેવાલાકા ફળ, જૂઠા હોતા હૈ ! રંક હું મૈં, મૈં તો ગરીબ હું,

ભૈયા! પણ ગરીબ તું ક્યાં હૈ? તેરા આત્મા તો ભિન્ન ચીજ હૈ. મૈં ગરીબ હું, મેરેકો કોઇ હૈ નહિં ઐસા કરકર કે, મેં ગરીબ હું, આ એ ચીજ કી અસત્ય માન્યતા મૂંઢ કી હૈ, વગેરે હોવાનું માને છે.

## વિશેષ

મિથ્યા અભિપ્રાયવશ અજ્ઞાની માને છે, જૂઠા અભિપ્રાય, શ્રધ્ધાને વશ ઐસે માનતે હૈ, સમજમેં આયા? મિથ્યા અભિપ્રાયવશ, અભિપ્રાય નામ શ્રધ્ધા. અજ્ઞાની માને શરીર ઉત્પન્ન હુઆ તો મેરા જન્મ હુઆ, શરીર ઉત્પન્ન હુઆ તો મેરા, આજ મેરા જન્મ - જયંતિ હૈ આજ મેરી. પચાસ વરસ, સાઠ વરસે કરતે હૈ ને? જન્મ - જયંતિ. આજ મેરી જન્મ - જયંતિ. તેરી જન્મ - જયંતિ કે શરીરની? શરીર ઉપજ્યા એમાં તુ આયા? એ તો શરીરકા જન્મ હૈ, શરીર સમજમેં આયા? આહાહા! શરીર ઉત્પન્ન હોને સે મેરા જનમ હુઆ, શરીરકા નાશ હોને સે મૈં મરી ગયા, મર ગયા, એ મરે કોણ? ભગવાન તો ત્રિકાળ, અવિનાશી આત્મા હૈ, ઉસકા જન્મ કહાં ને મરણ કહાં? સમજમેં આયા? કહે છે મૈં મર ગયા, મૈં મર જાતા હું, મૈં હવે ચલા જાતા હું, મર જાતા હું. આહા! મૂંઢ માનતે હૈ કહે છે. હું મરી જઈશ, જો શરીરનો નાશ પામ્યો તો હું મરી જઈશ, મૈં મર ગયા. શરીરકા નાશ હોનેસે, કોણ મરે બાપુ? આહાહા!

શરીરની ઉષ્ણ અવસ્થા થતાં, મેરેકો બુખાર આયા, બુખાર તો શરીરકો આતા હૈ. આહાહા! તાવ તો ઉસમેં આવે, ઉષ્ણતા, ઉષ્ણ હોતા હૈ, આત્મા ઉષ્ણ હૈ? આહાહા! (૫) પાંચ ડિગ્રી તાવ આયા તો બુખાર, મેરા મગજ ફર ગયા. એય! અને ડોક્ટર સાથે ઝાવા નાંખે, ડોક્ટર, ડોક્ટર પાંચ ડિગ્રી તાવ સારા નહિં હુઆ તો છ, સાત હો જાયેગા, ઝટ, ઝટ કરો, ઝટ કરો, દવા લાવો, દવા લાવો. ધૂળેય દવાથી નહિં શરીર તો જડ હૈ, ઈસકા બુખાર તો જડમેં આયા હૈ, તેરા અસ્તિત્વમેં આયા હૈ? તેરા અસ્તિત્વમેં આયા હૈ, કે જડકા અસ્તિત્વમેં આયા હૈ? આહાહા! ખબર નહિં, કાંઇ ખબર નહિં, અંધે અંધ પલાય, આંધળો દેખાડે ને આંધળો ચાલે. આહાહા! ધર્મ કી તો ખબર નહિં પણ સત્ય ચીજ ક્યા હૈ અને કૈસે મૈં પરકો માનતા હું, કૈસે મૈં અપને કો નહિં માનતા હું, અપને કો નહિં માનતા હું, એ ખબર નથી કુછ. આહાહા!

કહે છે કે શરીરની અવસ્થા ઉષ્ણ અવસ્થા થઈ મને તાવ આવ્યા. શરીરની ભૂખ મેરે કો ભૂખ લગી હૈ, વો તો જડ કી અવસ્થા હૈ. તુમ તો અરૂપી આત્મા ભિન્ન હૈ. સમજમેં આયા? ભૂખ, મેરે તરસ લગી હૈ. આહાહા! મેરા ગળા સૂખાતા હૈ ભૈયા, મોસંબી લાવો, આઈસ્ક્રીમ લાવો, ફલાણુ લાવો. આહાહા! પ્રભુ તું કોણ હૈ? તેરે ખબર

નહિં ભાઈ ! તું ચૈતન્ય સ્વરૂપ હૈ, ચૈતન્ય ચમત્કાર, હીરા હૈ. આહાહા ! અંદર તેરી ચીજ ચૈતન્ય ચમત્કારસે હીરા ભરા પડા હૈ, એ તુમ, અપનેકો માનતે નહિં અને અહિંયા ઐસા હમારેકો રોગ આ ગયા, હમ દુઃખી હુઆ, તરસ લગી. આહાહા ! આદિ અવસ્થા થતાં, મેરેકો ભૂખ તરસ લાગી, શરીર કપાઈ જતાં, મૈં કપાઈ ગયા. આ રેલ મેં કપાઈ જતાં હે કે નહિં ? રેલ, રેલ મેં, તમારે ઘણું મુંબઈમાં થાય, મુંબઈમાં. મુંબઈમાં તો દરરોજ એક, બે ચાર મરે, ઓલામાં બસમાં, બસ હેં ? (શ્રોતાઃ ટ્રેનમેં ટ્રેન) હોં ! એ અને અમે તો ત્યાં નીકળીએ તો દેખીએ કે આ મરી ગયો માણસ અને પોલીસ ભેગા થાય. આહાહા ! સવારે નીકળે, ઇ સાંજે ઘરે આવે ત્યાં સુધી ઠીક, નહિંતર ખલાસ થઈ જાય. શરીર મેરા કપાઈ ગયા. મેરા નાક કપાઈ ગયા. મેરી આંખ ફૂટ ગઈ, એ મેરા વજન સુખ ગયા આ વળી મેરા આયા ? એ તો જડકા હૈ, માટી ધૂળ હૈ, એ અવયવ મેરા કાટ લીયા ઔર મૈં કપાઈ ગયા ઐસા માનના અરે ! વિગેરે એ રીતે અજીવની અવસ્થાને, એ તો જડકી અવસ્થા હૈ, એ અપને આત્માકી અવસ્થા માનતે હૈ. આહાહા !

હવે, આ મોક્ષ માર્ગમાંથી નાંખે છે જરી હોં, મોક્ષમાર્ગ હૈ ને ? ''આપને આપ રૂપ જાણી,'' અપના આનંદ સ્વરૂપ જ્ઞાન, ઉસકો અપના સ્વરૂપ જાણી, તેમાં પરકા અંશ પણ ન મિલના, રાગ, શરીરાદિકા અંશ ભી આત્મામેં મિલાન કરના નહિં. આહાહા ! અને પોતાનો અંશ પણ પરમાં ન મિલાના, જ્ઞાનકી પર્યાય, જડ સે હુઈ હૈ, ઐસા મિલાના નહિં. આહાહા ! સમજમેં આયા ? પરમાં ન મિલાના ઐસા સાચા શ્રધ્ધાન કરતે નહિં, સચ્ચી શ્રધ્ધા, સત્‌કા, સત્‌રૂપે ઔર અસત્‌કા અસત્‌રૂપે શ્રધ્ધા કરતે નહિં, ભ્રમસે, અનાદિસે પરિભ્રમણ કરતે હૈ, તેમ અન્ય મિથ્યાદ્રષ્ટિ, નિર્ધાર વિના, જૂઠી દ્રષ્ટિવંત નિર્ણયકે બિના, પર્યાયબુધ્ધિથી જાણપણામાં, આ મોક્ષમાર્ગપ્રકાશકમાં, ત્યાં જાણપણારૂપ છે ને ક્ષયોપશમ જ્ઞાનકી પર્યાય ઇ વિકાર. એ જાણપણામેં ઔર વર્ણાદિમેં, આ શરીરના વર્ણાદિમેં, અહંબુધ્ધિ ધારતે હૈ. જાનને કી દશા આદિ મૈં, અને શરીરકા રંગ, ગંધકી અવસ્થા ભી મૈં, ઐસે મૂંઢ જીવ, ભ્રમણા કરનેવાલા અજ્ઞાની ઐસે માનતે હૈ.

તેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિને, જાનનેકી પર્યાય ઉસમેં, ઔર શરીર આશ્રિત ઉપદેશને ઉપવાસ આદિ ક્રિયા, શરીર આશ્રિત આ ઉપદેશ એ તો શરીર કી ક્રિયા જડકી હૈ. આહાહા ! ઔર ઉપવાસ, ઉપવાસ કરને સે શરીર કમ હોતા હૈ, તો મેરા શરીર કમ હો ગયા. આહાહા ! એ શરીર કી અવસ્થા તો જડકી હૈ. શરીર આશ્રિત ઉપદેશ, મૈં ઉપદેશ કરતા હું, એ ઉપદેશકી વાણી મેરી હૈ. આહાહા ! મૈં સારા ભાષણ કર શકતા હું, મૈં જોરદાર ભાષણ કર શક્તા હું, મૂંઢ હૈ ! આહાહા ! યે તો જડ હૈ. આ ભાષા

નીકલી એ તો જડ કી હૈ. આહાહા!

પંડિતજી, શરીરાશ્રિત ઉપદેશાદિ પોતા, અપનાપણા માનતે હૈ, ઔર પર્યાયમેં જીવ, પુદ્‌ગલકા પરસ્પર નિમિત્તસે અનેક ક્રિયા હોતી હૈ. ક્યા કહતે હૈ ? બોલના, શરીર કી આદિ ક્રિયા જો હોતી હૈ એ તો સ્વતંત્ર જડકી. એ ક્રિયા આત્મા કા તો રાગ કા નિમિત્ત - જ્ઞાનકા નિમિત્ત માત્ર, તો ઐસા ન માનકર મૈં બોલતા હું, મૈં ચલતા હું, મૈં શરીર સે કામ, શરીરકા સદ્‌ઉપયોગ કરતા હું, લક્ષ્મી કો સદ્‌ઉપયોગ કરતા નહિં કહેતે ? નહિં ! હૈં ? શરીરકા સદ્‌ઉપયોગ, ક્યા શરીર, યે જો જડ હૈ, એના ઉપયોગ ક્યા કર સકતે હૈ ? લક્ષ્મીકા સદ્‌ઉપયોગ, પણ લક્ષ્મી તો જડ હૈ, અજીવ હૈ, ઉસકા સદ્‌ઉપયોગ કર સકતા હૈ આત્મા ? દાનમાં દેના, યે સદ્‌ઉપયોગ હૈ, ઘડીક ભોગમાં લેના, યે અસદ્‌ઉપયોગ હૈ, યે બાત હી જૂઠી હૈ. આહાહા ! સમજમેં આયા ?

સર્વજ્ઞ વીતરાગ, પરમેશ્વર, ત્રિલોકનાથ, તીર્થંકરદેવનો આ આદેશ છે કે, તેરી તને ખબર નહિં ભૈયા. આહાહા ! તું કહાં અપના માનતે હૈ ઔર અપના ક્યા હૈ, તું છોડ દેતે હૈ દ્રષ્ટિ મેં સે, તેરે ખબર નહિં. આહાહા ! ઉપવાસાદિ ક્રિયા દેખો. ઉપવાસની ક્રિયા, રસ ત્યાગની ક્રિયા, એ રસ તો જડ હૈ. આને વાલા નહિં થા, તો મૈં છોડ દીયા રસ ખાને કા, યે ભી જડકી ક્રિયાકા અભિમાન કિયા. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ ભગવાન ! એને અનાદિ કાળસે બડી ભૂલ રહ ગઇ હૈ. એ ભૂલ નીકાલનેકી ઉસકો ખબર ભી નહિં હૈ ઔર ભૂલ નીકળે તો કૈસા હોતા હૈ ઉસકી ખબર નહિં. આહાહા ! ધર્મકી ક્રિયા કરે, સવેરેમેં આ સામાયિક કરે, ને પૌષધ કરે ને પડિક્કમા કરે ને, એ તો જડકી ક્રિયા હૈ, એ ક્યાં આત્માકી હૈ ? ઉસમેં રાગ મંદ હો તો યે વિકાર કી ક્રિયા હૈ, સમજમેં આયા ? એ કોઇ આત્માકી ક્રિયા નહિં. આહાહા ! ઉપવાસાદિ એ રસાદિનો ત્યાગ, વો અપનાપણા માનતે હૈ, ઓર જીવ - પુદ્‌ગલ પરસ્પર નિમિત્તસે, અનેક ક્રિયા હોતી હૈ, તો સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી.

મૈં આત્મા ને શરીર કી ક્રિયા, દો મિલકર હુઆ હૈ. શરીર ઐસે ચલતે હૈ ઓર મૈં આત્મા હું ઉસકા (જ્ઞાન કર) રાગ કરતા હું, તો દો મિલકર, શરીરકી ક્રિયાસે હુઇ, મૂંઢ હૈ. શરીરકી ક્રિયામેં તેરા અધિકાર કહાં હૈ ? સમજમેં આયા ?

ઔર તેરી જ્ઞાનકી ક્રિયા મેં પરકા અધિકાર કહાં હૈ ? પણ જાનનેકી પર્યાય મેં શરીર થા, નિમિત્ત હૈ, તો મેરે જ્ઞાન હોતા હૈ, એ મૂંઢ હૈ. પરદ્રવ્યસે જ્ઞાન હોતા હૈ ? જ્ઞાન તો અપની પર્યાય હૈ. સમજમેં આયા ? આ નિમિત્તકો ઉડાડી દેતે હૈ અહિંયા. આ જુઓ આવશે હમણાં હોં. પર્યાયમેં પણ નિમિત્તસે અનેક ક્રિયા હોતી હૈ. સર્વને દો દ્રવ્યકા

મિલાપસે નીપજી માનતે હૈ, પણ આ જીવની ક્રિયા હૈ, જાનના, જાનના, જાનના, જાનના, જાનના. વો જીવ કી ક્રિયા હૈ, તેમાં પુદ્‌ગલ નિમિત્ત હૈ, તથા પુદ્‌ગલની જડકી ક્રિયા હૈ, વાણીકી, આદિ તેમાં જીવ નિમિત્ત હૈ, ઐસે ભિન્ન - ભિન્ન ભાવ ભાસતે નહિં, નિમિત્તકા અર્થ, 'હૈ' બસ ઇતના, પણ મેરેસે આ હુઆ, ને ઉસસે મેરે મેં હુઆ. આહાહા! થોડા નીચે હૈ.

જીસકી મતિ અજ્ઞાનસે મોહિત હૈ, અપના શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ, આતમજ્ઞાનકા ભાન બિના, મતિ જીસકી મોહિત હૈ, ઔર મોહ, રાગ - દ્વેષ આદિ ઘણાં ભાવોસે સહિત હૈ, ઐસા જીવ, ઐસે માનતે હૈ કે આ શરીરાદિ, બદ્ધ, નજીક મેં હૈ ને? શરીર, વાણી, મન ઔર ધન ધાન્યાદિ, અબદ્ધ, લક્ષ્મી, ધાન્યાદિ નજીક નહિં હૈ, ભિન્ન હૈ, દૂસરે હૈ. આહાહા! પુદ્‌ગલ દ્રવ્ય મેરા હૈ, એમ માનતે હૈ, આ તો પુદ્‌ગલ માટી હૈ, શરીર માટી હૈ, વાણી માટી હૈ, મન અંદર હૈ, આત્મા વિચાર કરતે હૈ, તો જડ મન, રજકણકા. આહાહા! ઉસસે મેરે જ્ઞાન હુઆ, ઐસે બદ્ધને અબદ્ધ મેરા ચીજ હૈ. લો આ ધન ને ધાન્યાદિ. આદિ શબ્દે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લડકા, લડકીયાં, યે મેરા હૈ, આ છોકરા તો ઠીક હૈ, કોઇ એવો માણસ હોય એ પૂછે કે આ કોનો છોકરો? કે ઇશ્વરનો, પરમેશ્વરનો એટલે શું? મારો નહિં એમ. પણ અંદરમાં તો ગલગલિયાં થાય કે આ મારો છે. સમજમેં આયા? આહાહા!

બદ્ધ ને અબદ્ધ ચીજો ધાન્ય - અનાજ, સાકર, ગોળ, પકવાન, કપડાં વગેરે દાગીના, ઝવેરાત એ મેરી ચીજ હૈ, આ કોટ કીસકા? મેરા હૈ! શ્રીમદ્ ને કોઇ પૂછતા, ત્યારે એને એમ કહેતા અરે! આ કપડું કિસકા, અમારા, અમારા એટલે? 'અ' એટલે મારા નહિં. આહાહા! સમજમેં આયા? અ - મારા છે, અ - મારા છે, અમારા, ભાષા એવી કે અમારા છે એમ માને છે. હેં? અમારા છે એટલે મારા એ નથી, એનો અર્થ. આહાહા! ધન - ધાન્યાદિ, બદ્ધ - અબદ્ધ બધું મારું છે એમ માને છે.

વળી શરીરાદિ બાહ્ય પદાર્થમાં એકતા બુદ્ધિ કરને સે શરીર, વાણી, ધન, ધાન્ય, લક્ષ્મી, આબરુ, કીર્તિ, ઉસમેં એકતા બુદ્ધિ કરને સે અજ્ઞાની ને ભ્રમ હોતા હૈ કે ક્યા? કે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દનું, જે જ્ઞાન થાય છે, તે ઇન્દ્રિયોથી થાય છે, આ ખાટું છે, મોળું છે, આ મીઠું છે, તીખુ છે, આ એવું જે જ્ઞાન થાય ને, તો એ એમ માને છે કે આ ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે, આ તો જડ ઇન્દ્રિયો હૈ. એ જ્ઞાન ઇન્દ્રિયોસે હોતા હૈ? અપની પર્યાય મેં હોતા હૈ. આહાહા! ઝીણી વાત! એક તત્ત્વમેં દૂસરા તત્ત્વ મિલાન કર દેતે હૈ, તો ઇ મિથ્યાત્વભાવ, મિથ્યાદ્રષ્ટિ, મિથ્યાદર્શનકા સેવને વાલા હૈ. આહાહા!

એકતા કરને સે અજ્ઞાની ને ભ્રમ હોતા હૈ, કે રસ, આ જીભ મેં રસકા

જ્ઞાન હોતા હૈ ને ? આ ખટ્ટા હૈ, એ મીઠા હૈ, તો યે જાનતે હૈ કિ આ ઇન્દ્રિયદ્વારા મેરે યે જ્ઞાન હુઆ, પણ ઇન્દ્રિય તો જડ હૈ, જ્ઞાન હુઆ તો તેરી પર્યાયમેં હુઆ હૈ, એ રસસે જ્ઞાન હુઆ હૈ, એ ઇન્દ્રિયસે હુઆ, ઐસા હૈ નહિં. આહાહા ! ભારે ભાઇ ! ભ્રમણા ભારે ભાઇ ! સાધુ નામ ધરાવે, રસ ખાતા છોડે, વો ભી ઐસે માને કે, આ રસ ખાતા હૈ તો રસકા જ્ઞાન મેરે હુઆ, મૂંઢ હૈ, સાધુ નહિં, મિથ્યાદ્રષ્ટિ હૈ એ તો. આહાહા ! સ્વરૂપકા સાધનકી તો ઉસકો ખબર નહિં.

મૈં આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ હું, વો તો મૈં પર ચીજકો પર રૂપે જાનનેવાલા હું, અપનેકો અપનાપણા જાનનેવાલા હું, ઐસા છોડકર, સાધુ નામ ધરાકર ભી ઐસે માનતે હૈ કે આ રસકા જ્ઞાન, મેરે ઇન્દ્રિયસે હુઆ, સ્પર્શ કા જ્ઞાન મેરે ઇન્દ્રિયસે હુઆ, ગંધ કા જ્ઞાન મેરે ઇન્દ્રિયસે હુઆ, એ મૂંઢ હૈ. આહાહા ! મૂરખ હૈ ભાઇ ! આ રીતે પરીક્ષા કરવા જાય તો મૂરખની ટોળી બહુ નીકળે. આહાહા ! અહિં તો વાત એ કરતે હૈ ભગવાન ! સુન તો સહી, આહાહા ! તુમ જ્ઞાનસ્વરૂપ હો, ચૈતન્ય સ્વભાવ હો, તો ચૈતન્ય સ્વભાવ મેં, જો પરકા જ્ઞાન હોતા હૈ, યે અપને સે હોતા હૈ, પર સે નહિં. સમજમેં આયા ? ઇન્દ્રિયસે વિષયભોગ કરતે હૈ, તો યે સ્પર્શ જો હૈ ઠંડા, સુંવાળા, તો સુંવાળા હૈ, સુંવાળા કહતે હૈ ને ? જ્ઞાન હોતા હૈ સુંવાળાનું જ્ઞાન, તો ઉસે ઐસા હુઆ કી, એ સુંવાળા હૈ તો ઉસસે મેરે જ્ઞાન હુઆ. સુંવાળા તો જડ હૈ. અજીવસે જ્ઞાન હોતા હૈ આત્મામેં ? કાંઇ ખબર નથી કહે છે અનાદિકા ભ્રમ મેં પડા હૈં ? આહાહા !

ધર્મને નામે ભી, મૈં દયા પરકા પાળ શકતા હું, પરકી હિંસા કર શકતા હું, યે સબ ભ્રમ હૈ. આહાહા ! પર તત્ત્વ કી અવસ્થા મૈં કર શકતા હું ? પર તત્ત્વ જીવ ન રહા, પર કા ઉસકો મૈં જીવાડયા, સમજમેં આયા ? ઓર મૈં ઉસકો માર ડાલા અરે ! કિસકો મારે ભાઇ, સુનતો સહી ! જીવ કી અવસ્થા શરીરસે ભિન્ન હો, વો ઉસકે કારણસે હોતી હૈ, એ તેરે કારણસે હોતી હૈ ? ભારે કામ ભાઇ, વીતરાગનું. એ સુજાનમલજી ! શ્રોતા - (બાત તો બરોબર હૈ પરમ સત્ય,) આહાહા ! શ્રોતા - (પણ એ માન્યું ક્યારે છૂટે ?) માન્યું તો ઉંધુ અનાદિસે હૈ, યે માન્યતા છોડે તો છૂટે, એની મેળે છૂટેગા નહિં ! આપણે દાખલો નથી આપતા, ઝાડકો બાથ ભિડકર, મૈં ઝાડે બાથ ભીડી હૈ, વૃક્ષ, ઝાડે ભિડયા હૈ ? તુમ છોડ દે તો છૂટે, એમ પર વસ્તુકો અપની માનકર પકડેગા તો અપને કારણસે પકડા હૈ, છોડ દે.

મૈં તો આત્મા જ્ઞાન સ્વરૂપ આત્મા હું. મૈં પરકા કરને વાલા નહિં, પરકા નાશ કરને વાલા નહિં, પરકી રક્ષા કરનેવાલા નહિં ઔર પરસે મેરેમેં જ્ઞાન હોતા હૈ એ ભી મૈં નહિં. આહાહા ! સમજમેં આયા ? ઇન્દ્રિયોસે હોતા હૈ, ઓર ઘટપટાદિનું જે જ્ઞાન

થાય એ બાહ્ય પદાર્થોથી થાય છે એમ માને છે. કપડા દેખતે હૈ ને કપડા? આ રેશમી કપડા હૈ, તો યે રેશમી કપડા સે જ્ઞાન, રેશમી કપડા કા હુઆ, મૂંઢ હૈ. એ તો પરચીજ હૈ ઉસ સે યહાં જ્ઞાન હોતા હૈ? જીસમેં જ્ઞાન હૈ, ઉસમેં જ્ઞાન હોતા હૈ, ઉસકે કારણ સે જ્ઞાન હોતા હૈ, એ કપડા મેં જ્ઞાન હૈ? આહાહા! ઘટપટાદિ, પટ એટલે વસ્ત્ર. ઘડાકા જ્ઞાન હોતા હૈ તો બાહ્ય પદાર્થોથી થાય છે. યે પદાર્થની હૈયાતી હૈ તો મેરે જ્ઞાન વો તરફકા હુઆ, જૂઠ હૈ, જ્ઞાન તો અપની પર્યાય હૈ, અપને મેં હોતા હૈ, અપને કારણ સે હોતા હૈ, ઇન્દ્રિયસે હોતા હૈ ને ઐસા માનના મૂંઢ હૈ. આહાહા!

આંખ ફૂટ જાય તો ન દેખ શકતે હૈ લો. ને આંખ બરાબર હૈ તો જાન શકતે હૈ કિ નહિં? જાનને કા અસ્તિત્વ તો તેરે મેં હૈ. કાંઇ આંખ કા અસ્તિત્વ સે તેરે મેં જાનને કી પર્યાય હુઇ? આ નિમિત્ત સે હુઇ માનનારા ઐસા હૈ, એમ કહતે હૈ. આહાહા! સમજમેં આયા? ઘટપટાદિ પદાર્થ પણ તેને ખબર નથી કે જીવને જે જ્ઞાન હોતા હૈ વો અપના જ્ઞાનરૂપ ઉપાદાન શક્તિ સે હોતા હૈ. આહાહા! ઇન્દ્રિયો ને ઘટપટાદિ પદાર્થો તો જડ, ઉસસે જ્ઞાન હોતા નહિં. વો તો જ્ઞાન થવા મેં, નિમિત્તમાત્ર, ઉપસ્થિતિ હૈ, પણ ઉસસે જ્ઞાન હોતા નહિં. આ સમય સમયની ભૂલ કૈસે કર રહે હૈ વો બતાતે હૈ. આહાહા! હેં?

અક્ષર વાંચતે હૈ ને, જ્ઞાન હોતા હૈ ઐસા જાને, એ અક્ષરસે હુઆ? અક્ષરમેં જ્ઞાન હૈ? ઓ તો જડ હૈ. જીસમેં જ્ઞાન હૈ, એ તો જ્ઞાન સે જ્ઞાન હોતા હૈ. પોપટભાઇ! ભારે ઝીણું આવું! આવું ઝીણું કે દિ' બેસે? રખડશે. એ ન બેસે ત્યાં સુધી, ચોર્યાશીના અવતાર. આહાહા! જડ ઇન્દ્રિયો ને ઘટપટાદિ પદાર્થો તો જડ હૈ, ઉસસે જ્ઞાન હોતા નહિં, એ તો જ્ઞાન થવા મેં નિમિત્તમાત્ર હૈ. એ રીતે બહિરાત્મા, અપના જ્ઞાનાનંદ સ્વભાવકો ભૂલી, મૈં તો જ્ઞાતાદ્રષ્ટા, ચૈતન્યમૂર્તિ, ભગવાન આત્મા હું. આહાહા! મૈં કોઇ સે જાનનેવાલા નહિં, કોઇકો બતાનેવાલા નહિં. આહાહા! મૈં ભાષા કરને વાલા નહિં, મૈં શરીર રચાનેવાલા નહિં, એ ખાવાની ક્રિયા મેરેસે હોતી નહિં. આહાહા! આ તો જડ હૈ, પીવાની ક્રિયા મેરે સે હોતી નહિં, એ તો જડકી ક્રિયા હૈ. આહાહા!

કહતે હૈ, અપના જ્ઞાનસ્વરૂપ, મૈં તો ચિદ્ઘન આત્મા, મૈં પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ હું, જ્ઞાનસ્વભાવ હી મેરા હૈ, ઐસા ભૂલકર, ઉસકો છોડકર, જડ આદિમેં, પરપદાર્થમેં, અપના અસ્તિત્વ માનતે હૈ, અપના હોનાપણા, પર, શરીરાદિમેં માનતે હૈ, ઇન્દ્રિયોસે જ્ઞાન હુઆ તો ઉસકા અર્થ ઇન્દ્રિયો, મૈં હું. આહાહા! ઉસસે જ્ઞાન હુઆ, શરીર સે હુઆ, અક્ષરોસે હુઆ, તો ઉસકા અર્થ યે હી મૈં ચીજ હું, ઐસી માન્યતા ભ્રમ, અનાદિસે સેવતે હૈ. ત્યાગી અનંતબેર હુઆ, સાધુ અનંતબેર હુઆ, લાખો સ્ત્રીઓ છોડકર પણ આ ચીજ

ઉસકો સમજમેં ના આઇ. સમજમેં આયા ?

**'' મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેક ઉપજાયો ... ''**

મુનિવ્રતધાર અનંત બૈર, મુનિપણા હુઆ, નગ્ન દિગંબર હુઆ અનંતવાર, મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેક, સ્વર્ગમેં ઉપજે, આ જીવા આયા હૈ ને, જીવા, ઉસી સ્થાન મેં ત્યાં, લોક હૈ, પુરુષ કે આકાર મેં હૈ, આ ચૌદ બ્રહ્માંડ, પુરુષ આકાર હૈ, ગ્રીવા કે સ્થાનમેં વૈમાનિક દેવ હૈ, ઉસમેં મુનિવ્રત લીયા, હજારો રાણી છોડ દીયા, રાજપાટ છોડકર, બ્રહ્મચર્ય શરીરકા પાલા. આહાહા ! એ તો શરીરકી ક્રિયા, પરકી હૈ, પણ આત્મજ્ઞાન બિન, લેશ સુખ ન પાયા, આત્માકા જ્ઞાન બિના, આનંદ ન આયા ઉસકો, એ પંચમહાવ્રતકી ક્રિયા ભી દુ:ખરૂપ હૈ. બરાબર હૈ લક્ષ્મીચંદજી ? પંચમહાવ્રત દુ:ખરૂપ ? આસ્ત્રવ હૈ, દુ:ખ હૈ. આહાહા ! પર કી દયા પાળને કા રાગ, દુ:ખ હૈ. આહાહા ! આવી વાત કોણ સમજે ? કઠણ પડે, પણ શું કરે ? મારગ તો ઐસા હૈ ભાઇ ! તેરે સત્ય ને અસત્યકી વિવેકતા, ભિન્નતા ભાસે નહિં, પ્રભુ. આહાહા ! ક્રિયા આદિ, કિયા મહિના, મહિનાના અપવાસ અનંતવાર કીયા, છ, છ, મહિનાના અપવાસ અનંતવાર કીયા, ઉસમેં ક્યા આયા ? વો તો રાગકી મંદતા હો ઔર એ રાગકી મંદતા તો પુણ્યબંધ કા કારણ હૈ, એ કોઇ અબદ્ધ સ્વરૂપ ભગવાન મોક્ષકા માર્ગ નહિં હૈ. આહાહા ! ભારે આકરીવાત આવી !

શરીરાદિમાં, પરપદાર્થમાં આત્મબુદ્ધિકરે છે, અપના સ્વભાવ ભૂલકર શરીરાદિ પરપદાર્થો કી, અપના અસ્તિત્વ માનતે હૈ, ઔર શરીરાદિ પરપદાર્થ મેં આત્મબુદ્ધિ કરતે હૈ, આત્મબુદ્ધિ કરતે હૈ, આત્મબુદ્ધિ, મૈં હું, મૈં હું, ઇસસે મેરે જ્ઞાન હોતા હૈ, ઉસસે મેરે શાંતિ હોતી હૈ, ઇસસે મેરે સુખ હોતા હૈ. આહાહા ! ઐસા અજ્ઞાની પર પદાર્થમેં આત્મબુદ્ધિ માનકર, અપના સ્વભાવ કો ખો દેતે હૈ. આહાહા ! ભારે વાતું આકરી !

હવે તેનું પ્રતિપાદન કરી મનુષ્યાદિ ચતુર્ગતિ સબંધી શરીરભેદથી જીવ ભેદનું તેમાં પ્રતિપાદન કરે છે. આઠ-નવ (૮-૯) ગાથા

**तच्च प्रतिपद्यमानो मनुष्यादिचतुर्गतिसम्बन्धिशरीराभेदेन प्रतिपद्यते तत्र -**

**★ नरदेहस्थमात्त्मानमविद्वान् मन्यते नरम् ।**
**तिर्यंचं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा ।। ८ ।।**

---

★ सुरं त्रिदशपर्यायैस्तथानरम् ।
तिर्यञ्च च तदङ्गे च नारकम् ।। ३२-१३ ।।
वेत्त्यविद्यापरिश्रान्तो मूढस्तन्न पुनस्तथा ।
किन्त्वमूर्तं स्वसंवेद्य तद्रूपं परिकीर्तितम् ।। - १४ ।। ज्ञानार्णवे - शुभचन्द्राचार्यः

**नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।**
**अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितः ।।९।।**

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂઢ,
પશુદેહે સ્થિતને પશુ, [1]સુરદેહે સ્થિત સુર; ।। ૮ ।।

નરક-તને[2] નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત ધી[3]-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ।। ૯ ।।

**टीका : - नरस्य देहो नरदेहः तत्र तिष्ठतीति नरदेहस्थस्तमात्मानं नरं मन्यते । कोऽसौ ? अविद्वान् बहिरात्मा। तिर्यंचमात्मानं मन्यते । कथंभूतं ? तिर्यगङ्गस्थं तिरश्चामङ्गं तिर्यगङ्गं तत्र तिष्ठतीति तियङ्गस्थस्तं । सुराङ्गस्थं आत्मानं सुरं तथा मन्यते ।। ८ ।।**

**नारकमात्मानं मन्यते। किं विशिष्टं? नारकाङ्गस्थं । न स्वयं तथा नरादिरूप आत्मा स्वयं कर्मोपाधिमंतरेण न भवति । कथं ? तत्त्वतः परमार्थतो न भवति । व्यवहारेण तु यदा भवति तदा भवतु। कर्मोपाधिकृता हि जीवस्य मनुष्यादिपर्यायास्तन्निवृतौ निवर्तमानत्वात् न पुनः वास्तवा इत्यर्थः। परमार्थतस्तर्हि कीदृशोऽसावित्याह अनन्तानन्तधीशक्तिः धीश्च शक्तिश्च धीशक्ति अनन्तानन्ते धीशक्ति यस्य । तथाभूतोऽसौकुतः परिच्छेध इत्याह-स्वसंवेधो निरूपाधिकं हि रूपं वस्तुनः स्वभावोऽभिधीयते । कर्माधपाये चानन्तानन्तधीशक्तिपरिणत आत्मा स्वसंवेदनेनैव वेधः । तद्विपरीतपरिणत्यनुभवस्य संसारावस्थायां कर्मोपाधिनिर्मितत्वात् । अस्तु नाम तथा स्वसंवेधः कियत्कालमसौ न तु सर्वदा । पश्चात् तद्रूपविनाशादित्याह - अचलस्थितिः अनंतानंतधीशक्तिस्वभावेनाचलास्थितिर्यस्य सः । यैः पुनर्योगसांख्यैर्मुक्तौ तत्प्रच्युतिरात्मनोऽभ्युपगता ते प्रमेयकमलमार्तण्डे न्यायकुमुदचन्द्रे च मोक्षविचारे विस्तरतः प्रत्याख्याताः ।। ९ ।।**

---

**અન્વયાર્થ :** (अविद्वान्) મૂઢ બહિરાત્મા (नरदेहस्थं) મનુષ્યદેહમાં રહેલા (आत्मानं) આત્માને (नरम्) મનુષ્ય, (तिर्यङ्गस्थं) તિર્યંચના શરીરમાં રહેલા આત્માને (तिर्यंचम) તિર્યંચ, (सुरांङ्गस्थं) દેવના શરીરમાં રહેલા આત્માને (सुरं) દેવ (तथा) અને ...

**અન્વયાર્થ :** (नारकांङ्गस्थं) નારકીના શરીરમાં રહેલા આત્માને (नारकं) નારકી (मन्यते) માને છે. (तत्त्वतः) વાસ્તવિક રીતે (स्वयं) સ્વયં આત્મા (तथा न) તેવો નથી - અર્થાત્ તે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીરૂપ નથી; પરંતુ વાસ્તવિક રીતે આ આત્મા (अनंतानंतधीशक्ति) અનંતાનંત જ્ઞાન અને અનંતાનંત શક્તિ (વીર્ય) રૂપ છે, (स्वसंवेधः)

---

૧. સુર - દેવ. ૨. તન - શરીર ૩. ધી - બુદ્ધિ; જ્ઞાન

સ્વાનુભવગમ્ય છે-પોતાના અનુભવગોચર છે અને (अचलस्थितिः) પોતાના સ્વરૂપમાં સદા નિશ્ચલ-સ્થિર રહેવાવાળો છે .....

**ટીકા**: નરનો દેહ તે નરદેહ. તેમાં રહે છે તેથી નરદેહસ્થ. તે (નરના દેહમાં રહેનાર) આત્માને નર માને છે. કોણ તે (આવું માને છે)? અવિદ્વાન-બહિરાત્મા (એવું માને છે); તિર્યંચને આત્મા માને છે, કેવા (તિર્યંચ) ને? તિર્યંચોના શરીરમાં રહેનારને તિર્યંચોનું શરીર તે તિર્યંચશરીર-તેમાં રહે છે તેથી તિર્યંગસ્થ - તેને (આત્મા માને છે). તેવી રીતે દેવોના શરીરમાં રહેનાર (આત્મા) ને દેવ માને છે.

નારકને આત્મા માને છે. કેવા (નારકને)? નારકીના શરીરમાં રહેનારને. આત્મા સ્વયં નરાદિરૂપ નથી; કર્મોપાધિ વિના તે સ્વયં થતો નથી. કેવી રીતે? તત્ત્વતઃ એટલે પરમાર્થે તે (તેવો) નથી, પણ વ્યવહારે તે હોય તો ભલે હોય. જીવની મનુષ્યાદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે. તે (કર્મોપાધિ) નિવૃત્ત થતાં (મટતાં) તે (પર્યાય) નિવૃત્ત થતી હોવાથી વાસ્તવમાં (તે પર્યાયો જીવની) નથી - એમ અર્થ છે.

ત્યારે પરમાર્થે તે (આત્મા) કેવો છે? તે કહે છે.તે અનંતાનંત ધીશક્તિ-અર્થાત્ અનંતાનંત જ્ઞાન અને શક્તિ-વાળો છે. તેવો તે કેવી રીતે જાણી શકાય (અનુભવી શકાય)? તે કહે છે. તે સ્વસંવેદ્ય છે. નિરુપાધિકરૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. કર્માદિનો વિનાશ થતાં, અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપે પરિણત આત્મા સ્વસંવેદન થી જ વેદી શકાય છે. સંસાર-અવસ્થામાં તે કર્મોપાધિથી નિર્મિત (નિર્માયેલો) હોવાથી તેનાથી વિપરીત પરિણતિનો અનુભવ થાય છે.

તેવો સ્વસંવેદ્ય (આત્મા) ભલે હો, પણ તે કેટલો કાળ? સર્વદા તો નહિં હોય, કારણ કે પાછળથી તેના રૂપનો નાશ થાય છે. (આવી શંકાનો પરિહાર કરતાં) કહે છે કે-તેની (આત્માની) અચળ સ્થિતિ છે, કારણ કે અનંતાનંત ધીશક્તિનાં સ્વભાવના કારણે તે અચલ સ્થિતિવાળો છે. જે યોગ અને સાંખ્યમતવાળાઓએ, મુક્તિના વિષયમાં આત્માની તેનાથી (મુક્તિથી) પ્રચ્યુતિનો (પતનનો) સંભવ માન્યો છે, તેમના સંબંધી (ખંડનરૂપે) પ્રમેયકમલમાર્તણ્ડ અને ન્યાયકુમુદચન્દ્રમાં મોક્ષવિચાર-પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ** : નરનારકાદિ જે પર્યાયોને જીવ ધારણ કરે છે તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે. વાસ્તવમાં જીવ તે પર્યાયોરૂપ નથી, પણ તે સ્વાનુભવગમ્ય, શાશ્વત અને અનંતાનંત-જ્ઞાન-વીર્યમય છે. મુક્ત અવસ્થામાં (મોક્ષમાં) તેની સ્થિતિ અચલ છે; ત્યાંથી (મુક્તિથી) તેનું કદી પણ પતન થતું નથી - અર્થાત્ જીવ મુક્ત થયા પછી કદી ફરીથી સંસારમાં

આવતો નથી. યોગ અને સાંખ્યમતવાળાની માન્યતા તેનાથી વિપરીત છે.

**વિશેષ**

બહિરાત્મા નરનારકાદિ પર્યાયોને જ પોતાની સાચી અવસ્થા માને છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી ભિન્ન, કર્મોપાધિરહિત, શુધ્ધ, ચૈતન્યમય, ટંકોત્કીર્ણ એક જ્ઞાતા-દૃષ્ટા છે, અભેદ્ય છે, અનંતજ્ઞાન તથા અનંતવીર્યથી યુક્ત છે અને અચલસ્થિતિરૂપ છે - આવું ભેદજ્ઞાન (વિવેકજ્ઞાન) તેને હોતું નથી, તેથી તે સંસારના પર પદાર્થોમાં તથા મનુષ્યાદિ પર્યાયોમાં આત્મબુદ્ધિ કરે છે - તેને આત્મા માને છે.

જીવ જે જે ગતિમાં જાય છે તે તે ગતિને અનુરૂપ જુદો જુદો સ્વાંગ (વેષ) ધારણ કરે છે. આ સ્વાંગ અચેતન છે, જડ છે અને ક્ષણિક છે. તે વેષને ધારણ કરનાર જીવ, તેનાથી ભિન્ન, શાશ્વત, જ્ઞાનસ્વરૂપ ચેતન દ્રવ્ય છે. અજ્ઞાનીને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન નથી, તેથી તે બાહ્ય વેષને જ જીવ માની તે પ્રમાણે વર્તાવ કરે છે.

‘‘.... અમૂર્તિક પ્રદેશોનો પુંજ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિનિધન વસ્તુ પોતે (આત્મા) છે, તથા મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યોનો પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિરહિત નવીન જ જેનો સંયોગ થયો છે એવાં શરીરાદિ પુદ્‌ગલ કે જે પોતાનાથી પર છે-એ બંનેના સંયોગરૂપ નાના પ્રકારના મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો હોય છે તે પર્યાયોમાં આ મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે, સ્વ-પરનો ભેદ કરી શકતો નથી. જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે; તથા એ પર્યાયમાં પણ જે જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે તે પોતાને કર્મનિમિત્તથી ઔપાધિક ભાવ છે; વળી વર્ણાદિક છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્‌ગલના ગુણો છે; શરીરાદિમાં પણ વર્ણાદિનું વા પરમાણુઓનું પલટાવું નાના પ્રકારરૂપ થયા કરે છે. એ સર્વ પુદ્‌ગલની અવસ્થાઓ છે, પરંતુ તે સર્વને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે. તેને સ્વભાવ-પરભાવનો વિવેક થઈ શક્તો નથી.’’[૧] ૮-૯

---

**ટીકા** : ટીકા હૈ ને આ બાજુ. નરકા દેહ તે નરદેહ. આ દેહ જડ, માટી. મનુષ્ય કા દેહ આ જડ. તેમાં રહને સે નરદેહસ્થ. આમ દેહમેં રહને સે, નરદેહસ્થ તેને ‘સ્થ’. નરદેહસ્થ, નરકા દેહમેં રહનેવાલા. તે નરના દેહમાં રહેનાર આત્માને નર માને છે. મૈં મનુષ્ય હું. આહાહા ! આ મનુષ્ય તો જડ માટી હૈ ? આત્મા તો અરૂપી ભિન્ન હૈ ઉસસે, જીસમેં રહતે હૈ, યે મૈં હું, ક્યા ગામકા હૈ તુમ ? રાજકોટકા. ક્યા ગામ તુમ્હારા ? રાજકોટ. ગામ હશે તારા એ ? આહાહા ! મૈં મેરેમેં હું, ઐસી ખબર નહિં, પણ નરદેહ મેં રહનેસે મૈં નરદેહ હું.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ - પૃ. ૪૨

આહાહા ! ઐસે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, ધર્મ કે નામમેં ભી, મૈં નરદેહસ્થ, નરદેહ સે ઘણી શક્તિયાં કરતા હું, શરીરમેં મૈં શરીરકા સદ્ઉપયોગ કરતા હું, યે મૈં નર હું, ઐસે માનનેવાલા મૂઢ જીવ હૈ. સમજમેં આયા ? આહાહા ! કોણ તેવું માને છે ? અવિદ્વાન. પાઠ એમ છે ને શબ્દમાં ? અવિદ્વાન, એ મૂરખ હૈ, એમ કહતે હૈ. ચાહે તો અગિયાર અંગ પઢયા હો, (નવલબ્ધિ), નવપૂર્વકી લબ્ધિ હો, પણ નરદેહસ્થ મૈં નર હું દેહ હું ઔર દેહ કી ક્રિયા મૈં કરતા હું, અવિદ્વાન હૈ, અવિદ્વાન હૈ. આહાહા ! ભાષા એ છે હોં नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् આહાહા !

કોણ એવું માને છે ? અવિદ્વાન, બહિરાત્મા, જે દેહમાં રહને કી ચીજ હૈ તો, મૈં ભિન્ન હું, મૈં દેહમેં રહા હું એય નહિં ! મૈં તો મેરેમેં હું, ઐસે ન માનકર, નરદેહ મેં મૈં રહા હું, શરીર મેં. આહાહા ! કળશા હોતા હૈ ને કાશી ઘાટકા કળશા, લોટા, ઉસમેં પાણી હૈ ને ઐસા આકાર રહેતા હૈ ને. પાણી, જૈસા નીચે થોડા ઐસા આકાર કાશી ઘાટકા, તો પાણી કા આકાર ભી ઐસા હોતા હૈ અંદર મેં, પણ વો પાનીકા આકાર કળશાકે કારણે નહિં, કળશાકા આકાર કળશામેં ને, પાણી કા આકાર પાણી મેં હૈ. આહાહા ! એમ આ કાશીઘાટનો કળશ, કળશા (યાની) લોટા, લોટા, લોટા ! નહિં સમજતે ? લોટા હોતા હૈ ને, આ લોટા હૈ ને જુઓ, આ કાશી ઘાટકા લોટા હૈ આ, માથે થોડું હોય જરી આમ, આ ય ઐસા હૈ. કાશીઘાટકા કળશા કહતે હૈ હમારે મેં ગુજરાતી મેં, તો જૈસે ઉસમેં પાણી હૈ, જળ, જળ તો જળકા આકાર જળમેં હૈ, લોટા મેં નહિં, અને લોટાકા આકાર લોટામેં હૈ, જળ મેં નહિં, ઐસે આ શરીરકા આકાર હૈ, શરીર મેં જડમેં હૈ, આત્મા અંદર જો હૈ, એ તો અપના આકાર ભિન્ન રખતે હૈ. આહાહા ! એ પાણી પાણીમેં હૈ, પાણી લોટામેં નહિં. આહાહા ! સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ ભગવાન ! એ પણ જળ પાણીમેં જળમેં જળ હૈ જળ લોટા મેં નહિં. લોટા તો જડ હૈ, દૂસરી ચીજ હૈ ઐસે આત્મા આત્મા મેં હૈ શરીર મેં નહિં શરીર તો જડ, માટી હૈ. પણ એ વિચાર ક્યાં કરવા નવરાશ છે અહિંયા ? રળવું, ખાવું, ભોગવવું ને મરીને પછી જાવું ચોર્યાશીમાં રખડવા. આવો વિચાર કરવા નવરો કે દિ' હોય ? આહાહા ! હિંમતભાઈ !

બહિરાત્મા તિર્યંચ ને આત્મા માનતે હૈ. તિર્યંચકા શરીર હો ને હાથી, ઘોડા તો ઉસમેં આત્મા તો મેં ભી ઉસમેં રહતા હું તો મેં ભી સ્વયં હાથી હી હું, મૈં ઘોડા હી હું. આહાહા ! એ કીડી, કાગડા મેં ઉપજતે હૈ ને ? અવતરતે હૈ ને અનંતવાર ? તો અપની ચીજ ભિન્ન હૈ ઐસી ખબર નહિં, વો શરીર તિર્યંચકા શરીર મેં રહનેવાલા હું, તો વોહી મૈં હું, શરીર હી મૈં હું. આહાહા ! કીડા, કાગડા, કૂતરા ઐસા ભવ અનંત કીયા, અનંત

કીયા. આહાહા! ભૂલી ગયો. અનંતભવ અનાદિકાળકા આત્મા તો હૈ, કાંઇ નયા હુઆ હૈ? તો રહા કહાં? અનંતભવ. સમજમેં આયા? અનેક ઓરડા મેં ઐસા દીવા જલતા હો તો, અનેક ઓરડા મેં દીવા તો દીવામેં હૈ ઓરડામેં નહિં. એ તો દીવા સ્વતંત્ર હૈ. સમજમેં આયા? એ તો દીવા જડ હૈ તો કયા માને? આ તો ચૈતન્ય હૈ ને? આ ઓરડા ઐસા શરીર કા અનંત કીયા ઉસમેં સે એક એક પણ જ્યાં જ્યાં રહા ત્યાં તે મૈં હું ઐસા માન્યા હૈ. મૈં ચૈતન્ય દીવો, તો અંદરમેં પરકો સ્પર્શે બિના, અને પરમેં રહે બિના, મૈં તો ગતિ કરનેવાલા એક ભવમેં, દૂસરા ભવમેં, ચૈતન્ય હું. આહાહા! સમજમેં આયા? ઐસા ન માનકર. આહાહા! તિર્યંચ કા શરીર આત્મા મૈં તિર્યંચ હું.!

એક રાજા કી બાત આતે હૈ! એક રાજા હૈ. ઉસકો કોઇ કહ્યા, કોઇ ઋષિમુનીએ કે તમારા સાત દિન મેં મૃત્યુ હૈ. હેં? સાત દિન! કહાં ઉપજુંગા? ઓ તેરી કુત્તી હૈ ઉસકેમેં ઉપજેગા તું. ગલૂડિયા ક્યા કહતે હૈ તુમ્હારે કુત્તી કા? (શ્રોતાઃ પિલ્લા) પિલ્લા. હેં? આહાહા! દેહની સ્થિતિ પૂરી થઇ, પણ આ ગયા હૈ, અત્યારે તો નિરોગ હો, પણ એ દેહ છૂટજાયેગા. ક્યાં જઇશ? કુત્તા ઓર કૈસા? જરીક કપાળ મેં ધોળી છાંય ઐસા, આ ધોળા ટપકાં હોતે હૈ ને? એ ઐસા હોગા. તો માણસને હુકમ કીયા કે, મૈં જબ જન્મું કુત્તામેં તો, માર ડાલના મેરેકો, મારના, મૈં નહીં રહ સકતા વહાં. મરીને ત્યાં જનમ્યો, એ જરી વચ્ચે કાંઇ ધોળા ટીલું, કાંઇ, મારવા જ્યાં આવ્યો ત્યાં ભાગ્યો, નહિં, પણ તે કહ્યું 'તું ને? પણ એને ક્યાં ભાન છે? અત્યારે તો કાંઇ ભાન હોય નહિં, એમ જ્યાં જ્યાં દેહમાં ગયો, ત્યાં, ત્યાં અપને કો માનકર, ત્યાંથી એ છૂટને કી ભાવના કીયા નહિં. આહાહા!

''અનંતકાળ સે આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહિં ગુરુ સંત ને મૂક્યા નહિં અભિમાન.'' એ આત્મસિધ્ધિ આવે છે. શ્રીમદ્, ''અનંતકાળ સે આથડયો વિના ભાન ભગવાન, સેવ્યા નહિં ગુરુ સંતને, મૂક્યા નહિં અભિમાન.'' હમ જાણતે હૈ, હમકો ખબર હૈ, ઐસા ને ઐસા અભિમાનમેં ચોર્યાશીના અવતાર મેં ચલે ગયા. યહાં કહતે હૈ કે ભગવાન, તુમ તિર્યંચમેં ગયે તો તિર્યંચપણા માન્યા, તિર્યંચોના શરીરમાં રહેનારને તિર્યંચોનું શરીર એ તિર્યંચ શરીર તેમાં મૈં રહ્યા હું, ઐસે તિર્યંચસ્થ, એને આત્મા માન્યો. ઐસે કે દેવોના શરીરમેં દેવ, પણ કાંઇ પુણ્ય બહુ આદિની ક્રિયા કી હોય તો દેવ મેં જાતે હૈ પણ એ ગતિ હૈ, રખડને કી, દેવ ભી દુઃખી હૈ. આહાહા!

આહિં પાંચ, પાંચ, પચીસ કરોડ, કરોડ, બે અબજવાળા ગણતે, એને વધારે લક્ષ્મી હોય મોટા બંગલા શું કહેવાય ભવન છે, પણ હૈ દુઃખી બિચારા દેવ ભી, સમજમેં આયા? આહાહા!

દેવ માને. દેવના શરીરમાં જાય તો દેવ માને. હું દેવ છું, રૂપાળો છું, વૈક્રિય શરીર કરનાર છું. આહાહા ! હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું, યે દેહ નહિં, દેવ મૈં નહિં, મૈં મનુષ્ય નહિં, મૈં તિર્યંચેય, નહિં ઐસા ન જાને, નારક ને આત્મા માને છે, નારકી છે ને બહુ પાપ કીયા હોયને, માંસ ખાયા, દારુ પીયા, પરસ્ત્રીકા સેવન, બહુત પાપ કરતે હૈ ને મરી ને નરક મેં જાતે હૈ, નીચે નરક હૈ હોં, હંબક નહિં, નીચે નરક ગતિ હૈ. હજાર યોજનમેં, નારકી અસંખ્ય હૈ. અનંતબેર મેં માંસ દારુ આદિ સેવ્યા, મરીને નરક મેં ગયે, તો ઐસા નરકકા ભવ ભી અનંત કીયા હૈ. સમજમેં આયા ? આહાહા ! મનુષ્યપણા ભી અનંત કીયા. ભવ, ઉસસે નારકી કા ભવ અનંત કીયા, અસંખ્યગુણા અનંત, અનંત કીયા ઉસસે ઓર ઉસસે દેવ કા ભવ અસંખ્યગુણા કીયા, અનંત અસંખ્યગુણા. ઓહોહો ! ઔર ત્યાં સે મરકર, આલુ - બટાકા, શક્કરકંદ, કંદમૂળ, ડુંગળી, જીવ હૈ ઉસમેં, ત્યાં ગયે, તો અનંત ભવ કીયા સ્વર્ગકા ભવ કરતા, અનંત ભવ કીયા ઉસમેં. આહાહા ! આ ચાર ગતિકા સરવાળા, અનંતકાળ મેં અભિ તક રહા ઉસકા ! સમજમેં આયા ? તો કહે નારકી હુઆ તો મૈં નારકી. આહાહા ! મેરેકો મારતે હૈ, પીટતે હૈ, યમ હોતા હૈ ને યમ.

એક માણસે, રોગી થા એક માણસ, રોગી તો, ઉસકી સેવા કરને વાલા બડા ભાઈ થા, તો ઈંડા ને માંસ ને લાવીને ખવડાવે ઉસકો. તો માંસ ખવડાવનારા થા વો મરકર નરક મેં ગયે, આ માંસ જો ખાતે થે પણ એ તો વો ખવડાવતે થે તો વો ઉસકા જમ હુઆ નારકી મેં જમ, દેવતા હોતા હૈ ને ? યમ હોતા હૈ ને, હાં યમ, તો યમ ઉસકો મારતે થે તો કહતે હૈ અરે પણ મેરેકો ? મૈં પાપ તારે માટે કીયા થા એ ભવ મેં અરે પણ પાપ કીયા તો મૈં તેરે માટે કીયા થા તો મૈં તો પાપી હું. આહાહા ! સમજમેં આયા ? વો મારનાર ઉસકો મારતે થે. આહાહા ! અરેરે ! મેરેકો તો પાપ કરાયા, ખવરાયા તુમ કો (શ્રોતાઃ ખવડાવ્યા મૈંને ને મારના મેરેકો) આહાહા ! જેણે ખવરાવ્યું એ મરીને નરકમાં ગયો અને ઓલો થયો ત્યાં આગળ જમ ! જમ એને મારે છે. આ દો ભાઈ ! અનંતબેર હુઆ ઈસમેં ક્યા બાત હે ? આહાહા ! અપની ચીજ કી ખબર નહિં ને મિથ્યાત્વ ભાવ સે ઐસા ભવ કીયા તો મિથ્યાત્વભાવ છોડના ને અપના આત્માકા ભાન કરના ઉસકા ઉપયોગમેં ...... વિશેષ આવશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૭

## શ્લોક – ૮ અને ૯

સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૭.૧૨.૭૪

नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् ।
तिर्यंचं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा ।। ८ ।।

नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।
अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितः ।।९।।

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂઢ,
પશુદેહે સ્થિતને પશુ, [૧]સુરદેહે સ્થિત સુર; ।। ૮ ।।

નરક-તને[૨] નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત ધી[૩]-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ।। ૯ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. સુર - દેવ. ૨. તન - શરીર ૩. ધી - બુદ્ધિ; જ્ઞાન

એ નારક તે હું છું, છે, એવા નારકને, નારકીમાં રહ્યો છે ને અનંતવાર, મનુષ્યપણું તો અનંતકાળે મળે છે. અનંત, અનંતકાળે, નારકીપણું તો એકલું, અસંખ્યગણું અનંતવાર મળ્યું છે, અનાદિનો છે, એ જ્યારે નારકીનું શરીર મળે, એમાં રહેનારાને આત્મા, સ્વયં નારકીરૂપ માને છે. સમજાણું ? આત્મા છે, એ નરાદિરૂપ નથી. રહેનારને, નારક આત્માને, નારકીમાં રહેનારને, આત્મા છે એ નારકીરૂપ નથી, નરાદિરૂપ છે. વાત આ કરેલી કાલેને. નરાદિરૂપ નરકાદિજીવને. એ કર્મોપાધિ વિના તે સ્વયં થતું નથી. શું કહે છે ? નારકીપણું છે એ શરીર નહીં અત્યારે, અંતર ઉદયભાવને લઈને, નારકીગતિ મળી છે, એને અજ્ઞાની પોતાનું માને છે. નારકીની ગતિ છે એવો કોઈ આત્માનો સ્વભાવ નથી કે નારકીગતિ રૂપે થાય, પણ પર્યાયમાં એ ભાવ છે. સમજાણું કાંઈ ?

દ્રવ્ય, ગુણ ને પર્યાય. નારકીની ગતિ જે છે, એવો કોઈ ગુણ નથી કે નારકીની ગતિ પણે જીવ થાય, પણ નારકીની ગતિ પણે થવું, એવો એની પર્યાયનો ધર્મ છે. આહાહા ! સમજાણું કાંઈ ? હવે આ નારક, પર્યાયનો ધર્મ છે ને ગુણનો ધર્મ નથી શું આ ? બાપુ વસ્તુ એવી ઝીણી છે. એણે તત્ત્વને સમજવા માટે પ્રયત્ન કર્યો નથી, એમ ને એમ આંધળી દોડે, સંસારનાં કામમાં ઘૂંચાઈને અમે આ કર્યાં, અમે રળ્યાં ને આ કર્યાં ને, એ બધા મિથ્યાત્વના સેવન છે, અને ત્યાગ થઈને આવે, તો એને આ ક્રિયા હું કરું છું, આ મારી ક્રિયા દયાની ને, દાનની ને ભક્તિની, એ વિકલ્પ છે, એનો એ જીવ પર્યાયમાં કર્તા છે, ગુણ નથી.

તત્ત્વતઃ એટલે પરમાર્થે તેવો નથી. નારકીપણું કે મનુષ્યપણું. પછી નીચે લેશે. કર્મોપાધિ વિનાને સ્વયં થતો નથી. તત્ત્વતઃ પરમાર્થે એવો નથી. વ્યવહારે તે હો, પર્યાયમાં છે, હો, એટલે પર્યાયમાં નરકગતિની યોગ્યતાથી, પર્યાયમાં છે, એનો એ સ્વભાવ નથી. આહાહા ! તત્ત્વતઃ જીવની મનુષ્ય આદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે. હવે આ મનુષ્યપણું ઉપાડયું, મનુષ્ય તો જડ છે આ તો, પણ અંદર મનુષ્યગતિની યોગ્યતા જે છે એ કર્મના નિમિતની ઉપાધિ, 'છે' પોતાની યોગ્યતાથી. આહા ! મનુષ્યપણું એ છે, એ કલંક છે કહે છે. એ આત્માનો સ્વભાવ નથી. એ મનુષ્યપણું એની પર્યાયમાં, અવસ્થામાં થવાને લાયક છે, એ કર્મના નિમિત્તની ઉપાધિથી, એટલે, ઉપાધિ એટલે, પોતાના ભાવની નિમિત્તાધીન થવાથી. આહાહા !

મનુષ્ય કર્મમાં પણ છે, તે કર્મ નિવૃત્ત થતાં, નિવૃત્ત થતી જાય છે. મનુષ્ય ગતિ આદિ જે છે યોગ્યતા, એ આત્માના સ્વભાવનું ભાન થતાં, એ છૂટી જાય છે. સિદ્ધ થતાં એ રહેતું નથી. વાસ્તવમાં એ પર્યાયો જીવની નથી, એમ અર્થ છે. ત્યારે પરમાર્થે

કેવો છે ભગવાન આત્મા? કે અનંત, અનંત ધી, છે ને સામે? છેલ્લું પદ છે, અનંત, અનંત ધી શક્તિ. આત્મા તો અનંત, અનંત, જ્ઞાનની શક્તિ એ તત્ત્વ છે. આહાહા! જ્ઞાન સમજણ સ્વરૂપ, એ અનંત, અનંત ધી, બુદ્ધિ, બુદ્ધિ એટલે જ્ઞાન આંહિ લેવું છે. અનંત, અનંત જ્ઞાન શક્તિવાળો આત્મા છે. આ..હા.. એ રાગવાળો કહેવો ને નારકીગતિ કહેવું એ બધી, પર્યાયની યોગ્યતાથી, નિમિત્ત આધીન થયેલી દશાથી છે. આહાહા! સમજાણું કાંઈ? તેવો તે કેવી રીતે જાણી શકાય?

ભગવાન આત્મા, અનંત, અનંત, બેહદ, જ્ઞાનની શક્તિવાળું જ તત્વ છે ઈ. કેમ ઓળખાય? કે સ્વસંવેદ્ય. એ અંતરમાં, સ્વ નામ પોતાના જ્ઞાનથી સમ, પ્રત્યક્ષ, વેદી શકાય એવી એ ચીજ છે. ભારે, સમજાણું કાંઈ? ત્યારે એને ધર્મ થાય. શું કહ્યું ઈ? સ્વસંવેદ્ય છે. આત્મા વસ્તુ, ઈન્દ્રિયથી જણાય એવો નથી, ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહીં. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં આવ્યું છે ને? પહેલા બોલમાં. ભગવાન આત્મા, ભાવઈન્દ્રિયથી જાણે, એ આત્મા નહીં. આહાહા! જડઈન્દ્રિય તો નિમિત્ત છે, પણ ભાવઈન્દ્રિયથી જે ક્ષયોપક્ષમ વિકાસ, એક, એક વિષયને જાણવાની યોગ્યતા, એવી ભાવઈન્દ્રિયથી પણ, આત્મા જાણી શકાય કે ભાવઈન્દ્રિયથી જાણે એ આત્મા, એમ નથી. અરે, ભારે વાત, સમજાણું કાંઈ? અહિંયા આત્મા સર્વજ્ઞ, પરમેશ્વરે, વીતરાગે કહ્યો જે આત્મા એ સિવાય અજ્ઞાનીઓએ કહ્યો આત્મા, એ આત્મા નહીં. અહિં તો તીર્થંકરદેવ, પરમેશ્વર પરમાત્મા, એમણે જે કહ્યો આત્મા, આહા, એ આત્મા ઈન્દ્રિયથી જાણે એવો એ આત્મા નથી કહે છે. આહાહા! સ્વસંવેદન છે ને? બીજી રીતે કહીએ તો એ ભાવઈન્દ્રિયના ક્ષયોપક્ષમથી જેટલું જાણવાનું થાય એ આત્માનું જ્ઞાન નહીં. આહાહા! એવી વાત છે. સમજાણું કાંઈ?

સ્વસંવેદ્ય કીધું ને? અલિંગગ્રહણમાં પણ એમ લીધું છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે, એ આ વાત છે. આહાહા! અરે, એની પોતાની ચીજું જ, કોઈ દિ' જાણી નહીં. મરીને એમ ને એમ ઢોર ને માણસ, કાગડા ને કૂતરા. સમજાણું કાંઈ? આ બધા પૈસાવાળા, બૈસાવાળા બધા કાગડા, કૂતરામાં જવાના હોં. આહાહા! જેને કાંઈ ધર્મ શું ચીજ છે, એ સાંભળ્યું નથી, અને સાંભળે તો, એ બેઠું નથી અંદરમાં, આહા, એય, સોહનલાલજી, ઐસી વાત છે. આહા! કેમકે આત્મા વસ્તુ જે છે, એ ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહીં, ગજબ વાત છે. આહાહા! ઈન્દ્રિયથી જણાય એવો તો નથી, પણ ઈન્દ્રિયથી જાણે, એ આત્મા નહીં. આહાહા! કોઈ ગજબ વાત છે. એ તો સ્વસંવેદનથી જણાય એવો આત્મા છે. આહા! આત્મવસ્તુ એ તત્ત્વ પ્રભુ છે. એ કહે છે

કે, એ તો સ્વસંવેદ્ય છે. પોતાના જ્ઞાનમાં, સ્વભાવથી પ્રત્યક્ષ વેદાય, અનુભવાય, એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? કહો, પરમેશ્વરનું આવું કથન છે સ્વરૂપનું. લોકોને કાંઈ ખબર પડે નહીં. ઓઘે, ઓઘે હાલે એમનું ધર્મને બહાને, આ દયા પાળીને, વ્રત પાળ્યા ને ભક્તિ કર્યાને, કહે છે કે ઈન્દ્રિયદ્વારા, ભાવઈન્દ્રિય દ્વારા, આત્મા જણાય એવો નથી, એ તો સ્વસંવેદ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? શાંતિભાઈ, આવી વાતું ઝીણી બહુ ભાઈ. આહાહા!

નિરુપાધિકરૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. એ તો ઉપાધિ વિનાની ચીજ છે. ત્યારે કહે ઉસમેં રાગ - દ્વેષ, પુણ્ય પાપ ભાવ હોતા હૈ ને? હોય છે ને? એ હોય છે, એ પર્યાયમાં, ઉપાધિ, નિમિત્તના તાબે થયેલી દશા છે. એનો કોઇ ગુણ નથી, ઉપાધિ થવો, રાગ થવો. સમજાણું કાંઈ? ઓલા પંચાણુમાં આવ્યું છે ને ભાઈ, ૯૫મી ગાથા. દરેક દ્રવ્યમાં ભોક્તાગુણ છે. ઈ ભોક્તાગુણ નિર્મળપણે પરિણમે તે ભોક્તાગુણ છે. ઈ ભોક્તાગુણ, રાગને ભોગવે, એવો ગુણ નથી એમાં. આત્મામાં એ ભોક્તાગુણ છે, પણ એ ભોક્તાગુણ, દ્રવ્યમાં ને ગુણમાં ને પર્યાયમાં વ્યાપે છે, ત્યારે એ ભોક્તાગુણની પરિણતી શાંતિને વેદે, શાંતિને ભોગવે, એવો એનો ગુણ છે. આહાહા! આ રાગ - દ્વેષને વેદે અને કરે, એવો કોઈ ગુણ નથી. અજ્ઞાનીને એકલી પર્યાયબુદ્ધિથી, રાગનું કરવું ને ભોગવવું એ મિથ્યાત્વભાવમાં જાય છે. જ્ઞાનીને, આહા. સ્વસ્વભાવનું વેદન, દ્રવ્યના સ્વભાવને સ્વ, પોતાથી વેદે એ પોતાનું સ્વરૂપ છે, પણ સાથે જ્ઞાનીને પણ રાગનું કરવું ને ભોગવવું છે, એ ગુણ નથી, પણ એ પર્યાયની સ્થિતિમાં એવો ગુણ થાય છે, એ જ્ઞાની જાણે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ બહુ ધારવું આમાં મગજને, વેપારીવાળાને તો આ ધંધા, લીધા ને દીધા. એમાં બહુ મગજ (ચાલે). બાપુ, આ મારગ વીતરાગનો, અલૌકિક માર્ગ છે. હેં? આહા. સવારે આવ્યું નો'તું? કીધું, ગુણ છે એ દ્રવ્યરૂપી ગુણ, ગુણરૂપી ગુણને પર્યાયમાં ગુણ એ ત્રણમાં વ્યાપે છે. એ પર્યાય કઈ? નિર્મળ. ૪૭ શક્તિમાં એ લીધું છે ને? વિકાર નથી લીધો ત્યાં, શક્તિનું વર્ણન છે ને? જીવતર શક્તિ, ચિતિ શક્તિ, દૃશિ, જ્ઞાન, સુખશક્તિ. એ સુખશક્તિ એ દ્રવ્ય સુખરૂપ, ગુણ સુખરૂપ, પર્યાય સુખરૂપ એવો એનો ગુણ છે. એ તે સ્વસંવેધથી જણાય એવો એનો ગુણ છે. પોતાના આનંદના વેદનથી જણાય એવો એ આત્મા છે. રાગને, દ્વેષને, વિષય કષાયના વિકલ્પો હોય છે, પણ એ કોઈ ગુણની દશા નથી. એ વર્તમાન પર્યાયમાં દોષની દશા છે. એ દોષનું કરવાપણું ને ભોગવવાપણું, એ પર્યાય દ્રષ્ટિમાં પર્યાયમાં છે. આહાહા! એ પર્યાય શું? ને દ્રવ્ય શું? ને હવે આ તે કોઈ દિ', એ તો દયા પાળે - ઇચ્છામિ પડિક્કમીયું, ઈરિયા, વહિયાએ,

વિરાહણાએ મંગલજી આવે છે કે નહીં? ઈચ્છામિ કીયા નહીં? સામાયિક કિયા હૈ? સામાયિક, સામાયિકમાં આતે હૈ ન પાઠમેં, ઈચ્છામિ, પડિકમ્મું, ઈરિયાવહિયાએ, વિરાહણાએ, તસ્સઉતરી કરણેણં, ખબર ન મળે અર્થની કાંઈ? આહા અરે! કહેતે હૈં કે આ જીવ તો સ્વસંવેદ્ય છે. આહાહા! એ એનો ગુણ છે. આનંદનું વેદવું અને પોતાથી વેદવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

વિકારને વેદવું એનો ગુણ નથી. પણ જેને દ્રવ્ય સ્વભાવના વેદનનું ભાન થયું છે, એને પર્યાયમાં રાગનું પરિણમવું, ને ભોગવવું એ પર્યાયમાં છે, એમ જાણે છે. મારો કોઈ ગુણ નથી કે હું વિકાર કરું ને વિકાર ઇ ભોગવું. આહા! પણ પર્યાયમાં નબળાઈને લઈને, રાગપણે પરિણમે છે, દુઃખપણે પરિણમે છે, એ પર્યાયનો ધર્મ છે. પર્યાયનો અશુદ્ધ ધર્મ એનો છે ને ઈ. એ (સમયસાર) છઠ્ઠી ગાથામાં આવે છે. અશુદ્ધ ધર્મ પણ એણે ધારી રાખ્યો ને છઠ્ઠી ગાથા. વાત તો બહુ અલૌકિક, પણ વાત એવી છે. આહાહા! અહિંયા તો કર્તા ગુણ છે જીવનો, પણ એ કર્તા ગુણ શું કરે? કર્તા ગુણ છે એ કર્તા દ્રવ્ય, કર્તા ગુણ, કર્તા પર્યાય. જેમ સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય, એમ કર્તા દ્રવ્ય, કર્તા ગુણ, કર્તા પર્યાય, પણ એ કર્તા પર્યાય કેવી? નિર્વિકારી પર્યાયની કર્તા પર્યાય તેવી, સમજાણું કાંઈ? એ આંહિ નિર્વિકારી પર્યાય દ્વારા વેદાય એવો એ જીવ છે એમ કહે છે.

પોપટભાઈ, બહુ ફેરફાર, એણે મનુષ્યના ભવમાં, જો આ ચૈતન્યને આ રીતે ન સમજ્યો તો થઈ રહ્યું, એળે અવતાર, ઢોર જેવા, મરીને ઢોર થવાના, પશુને કાગડા. આહાહા! એય, આહા ન્યાં કાંઈ સફારશ કામ આવે એવું નથી. ન્યાં લાલા પેઠા થાય એવું નથી શું કીધું ? .... કાંઇ છે તો ખરું? (શ્રોતા : લાલા ચોકડી) લવઠવ ... લવઠવ, લવઠવ, લવવું એટલે બોલવું અને ઠવવું જેની સાથે વાત કરેને, એને મોટપ આપીને વાત કરે એને લવઠવ કહેવાય. શું ભાઈ, કાઠિયાવાડમાં લવઠવ કહેતે હૈ, તમારે શું કહેતે હૈ? લવઠવ કીધું ને? (શ્રોતા : લાલા ચોકડી) લાલા ચોકડી બસ એજ. વાતમાં આમ કંઈ બીજાને મોટપ આપે ને બીજાથી મોટપ લઉં, એવી એ શૈલી એની લવઠવની. ન્યાં લવઠવ હાલે એવી નથી ન્યાં અંદર. આહા! કહે છે કે એ સ્વસંવેદ્ય છે. આહા એ ભગવાનના કારણે જણાય આત્મા એવો નથી. આહાહા! ગુરૂને કારણે જણાય એવો આત્મા નથી. એ દશા કષાયની મંદતાના શુભભાવ, એનાથી જણાય એવો આત્મા નથી. આહાહા! સમજાણું કાંઈ? એ દાન - દયા ને ભક્તિ - પૂજા ને વ્રતને તપના ભાવ, એ રાગ છે, વિકલ્પ છે, એનાથી આત્મા જણાય, એવો આત્મા નથી, એમ કહે છે અહિં. આહાહા! અરે, એની ખબરુંય ન મળે કે શું છે અને કેમ થાય છે? આહાહા!

કહે છે કે એ તો સ્વસંવેદન, નિરૂપાધિકરૂપ જ વસ્તુનો સ્વભાવ છે. આહાહા! એનો અર્થ તો એ આવ્યો ને? સવારમાં કીધું. આ ગુણમય, કે આનંદ દ્રવ્ય, આનંદ ગુણ, આનંદ પર્યાય, એ આનંદનો વિસ્તાર છે. એનો અર્થ એ થયો, કે આનંદની દશાના પરિણમનમાં, એના દ્રવ્યને, દ્રવ્યના લક્ષે એનું પરિણમન થાય છે. કષાયની મંદતા ને નિમિત્ત, એ તો એનામાં અભાવ છે. આહાહા! વહેવારથી નિશ્ચય થાય, એ અભાવ છે કહે છે. નિમિત્તથી આહિં કાંઈ સમ્યગ્દર્શન ને ધર્મની પર્યાય થાય, એ પણ એમાં અભાવ છે. એનો ભાવ તો પોતાના આનંદ છે, વસ્તુમાં, ગુણમાં ને પર્યાયમાં. તો એ આનંદગુણને લક્ષે, આનંદની પરિણતી જે થાય, એને ધર્મ કહીએ. આહાહા! સમજાણું? એને આનંદની પરિણતીને માટે, આનંદ દ્રવ્ય ને આનંદ ગુણનો આશ્રય જોઈએ, પણ એ આનંદની પરિણતી માટે, રાગની મંદતા ને નિમિત્તનો આશ્રય જોઈએ (શ્રોતા : નહીં) વસ્તુમાં એ શક્ય હૈ નહીં. આહાહા!

(સમયસાર) ૧૦૭ ગાથામાં તો ગજબ કર્યુ છે આ, સવારે આવ્યું'તું ને? બહુ સારું. આહાહા! સંતો એ જગતને ઉદ્ધારીને, ઊંચો લીધો છે. આહાહા! ભાઈ! તું ક્યાં છો? એ તું રાગમાં નહીં, શરીરમાં નહીં, વાણીમાં નહી, કર્મમાં નહીં. આહાહા! તું છો, એ તો આનંદ ને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છો. તો એ જે ભરેલું તત્ત્વ છે ત્યાં નજર કર્યે, તે દશા આવે એવી છે. સમજાણું કાંઈ? ગોવિંદજી આવી વાત છે. વહેવાર સે હોતા હૈ ને નિમિત્ત સે હોતા હૈ, ઐસા રહતે નહિં ને? તો એકાંત હો જાતા હૈ? પ્રભુ, આમ તું કહે એ ખરું તારી દ્રષ્ટિએ, વસ્તુ તો ઐસી હૈ. ભગવાને એવું કહ્યું છે, વસ્તુ એવી છે. તારે જો શાંતિ અને રાગરહિત દશા ધર્મની, જેનાથી જનમ મરણનો નાશ થાય, એ દશા જોઈતી હોય તો, એ દશા, દ્રવ્યને ગુણમાં શક્તિરૂપે છે. દ્રવ્યમાં શક્તિરૂપે ને ગુણમાં શક્તિરૂપે. આહાહા! એથી તને દ્રવ્યનો આશ્રય કરતાં, વસ્તુનો આશ્રય કરતાં, ગુણનો આશ્રય એમાં આવી ગયો ભેગો, એ પર્યાયમાં વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સંવેદનજ્ઞાન, વીતરાગી ચારિત્રનો અંશ થાય, એ ધર્મ છે, એને રાગની મંદતા ને નિમિત્તની અપેક્ષા હોય તો આ થાય, એમ નથી. એને તો ત્રિકાળી ભરેલું દ્રવ્ય ને ગુણ ભરેલું છે, એ છે તો આ થાય, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આહા! આવી વ્યાખ્યા કેવી કરી માળે બાપુ! મારગ તો વીતરાગનો. વસ્તુનો સ્વભાવ એવો છે. એમ ન કહ્યું રાગથી વેદવું, એ વસ્તુનો સ્વભાવ નથી. રાગને ભોગવવો, એ જડને ભોગવવો, એ તો આત્મામાં છે જ નહીં.

શરીરને કે સ્ત્રીને કે સ્ત્રીના શરીરને કે લક્ષ્મીને, કે દાળ, ભાત ને ભોગવવા એ તો આત્મામાં અજ્ઞાનભાવેય નથી, એ તો પરવસ્તુ છે, પણ અંતરના રાગ અને દ્વેષ,

પુણ્યને પાપના વિકલ્પોને વેદવું, ભોગવવું, એવો કોઈ ગુણ નથી. માટે ગુણ અને દ્રવ્યની દ્રષ્ટિ વિના, જે કંઈ રાગ ને દ્વેષનું વેદવું થાય કે કરવું થાય એ બધું મિથ્યાત્વમાં જાય છે. આહાહા! સુજાનમલજી, ઐસી બાત હૈ, નિર્ણય તો કરવો ને, નિર્ણય તો કરે ને આ, આહા! આમાં એકાંત જ છે આ. સમજાય છે કાંઈ? આત્મામાં, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, એ મોક્ષનો મારગ છે, તો એ પર્યાય છે, તો એનોએ ગુણ છે ને દ્રવ્યમાં પણ એ છે. એ શક્તિ દ્રવ્યમાં છે, એ ગુણમાં છે પર્યાયમાં આવી છે. એ શક્તિ રાગમાં નથી. આ શક્તિ નિમિત્તમાં નથી કે જેથી ત્યાંથી આવે. શાંતિભાઈ, આહાહા! એ તો સ્વસંવેદન. આહાહા! એ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. આહા નિરુપાધિક રૂપ. કર્માદિનો વિનાશ થતાં અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપે પરિણીત આત્મા, પહેલો તો સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, શરૂઆતની ધર્મ દશામાં, વસ્તુના સ્વભાવનો આશ્રય લઈને, જે દશા થાય એ અલ્પ સ્વસંવેદનની, અલ્પ આનંદને શાંતિની વેદનની દશા, પણ અનંતાનંત જ્ઞાન શક્તિરૂપે પરિણીત આત્મા. આહાહા! સ્વસંવેદનથી જ વેદી શકાય છે. એ પૂરણ કેવળજ્ઞાન ને પૂરણ આનંદની દશા સ્વસંવેદન થીજ વેદી શકાય છે. આહાહા! નીચે પણ સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાન એવી જે ધર્મ દશા એ પોતાના સ્વસ્વભાવથી જ વેદી શકાય છે. આહાહા! આવું ઝીણું એટલે બિચારા ન પકડી શકે ને પછી હાલી નીકળ્યા. આ ભક્તિમાં ધર્મ થાય ને પૂજામાં ધર્મ થાય. આ વ્રત પાળીએ તો ધર્મ. એ તો વ્રત બધા વિકલ્પ છે. આહા વિકલ્પ છે એવો કોઈ ગુણ નથી કે જે ગુણનું પરિણમન વિકલ્પ આવે. હેં? આહાહા! અપવાસ કરવાને એ બધો વિકલ્પ છે. રાગ છે એ એવો કોઈ ગુણ નથી કે પર્યાયમાં એ રાગ આવે. આહાહા! તો એની દ્રષ્ટિ, દ્રવ્યને ગુણ ઉપર નથી. એને તો આ અપવાસ કરું ને આ વ્રત પાળું એવી દ્રષ્ટિ, પર ઉપર છે. આહાહા! એય આવી વાત છે. એને સ્વસંવેદન ધર્મ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

અહિંયા તો એમ કહે છે કે આ દેહને ઈન્દ્રિયો જે નિમિત્ત છે જડ, એ તો એક બાજુ રાખો, પણ ભાવેન્દ્રિયનો ક્ષયોપક્ષમ જે છે એ દ્વારા જે પર પદાર્થનું જ્ઞાન થાય, એ પણ જ્ઞાન નહીં. એ આવી ગયું છે પહેલું આમાં આહાહા! સમજાણું કાંઈ? જડ ઈન્દ્રિયો નિમિત્ત, ભાવ ઈન્દ્રિય નિમિત્ત, એમ તો અવ્યક્તમાંય કહ્યું છે ને? ક્ષયોપક્ષમથી જાણે તે જીવનો સ્વભાવ નથી. અવ્યક્તમાં કહ્યું છે. વાત ઓહોહો! ચારે બાજુથી વાત લો, એક ઉભી થાય છે સત્‌ની હેં? કહે છે, કે આહિં જ્ઞાનનો વિકાસ, જે પર્યાયમાં છે ને, એ વિકાસથી જેટલું પર પદાર્થનું જાણવું થાય, એ જ્ઞાન નહીં. એ સમ્યગ્જ્ઞાન નહીં. એનો અર્થ એ કે ઈન્દ્રિયથી જે જાણવામાં અવાય એટલું, એ બધું મિથ્યાજ્ઞાન છે. જેમાં સ્વ

આત્મા ન આવ્યો ને એકલું પરનું જ્ઞાન, એ તો ઈન્દ્રિય દ્વારા થયું. આહાહા! અને એમાં એને મોટપ સેવવી, કે અમને ઘણું જ્ઞાન છે ને, ઘણો ઉઘાડ છે. આહાહા! એ તો મિથ્યાત્વભાવ છે.

આંહિ તો કહે છે, કે અનંત, અનંત જ્ઞાન શક્તિરૂપે આત્મા ભગવાન એ પોતે શક્તિ જે છે એ દ્રવ્યમાં છે, ગુણમાં છે, એનો જ્યાં સ્વીકાર થયો. આહાહા! ત્યારે પર્યાયમાં આવ્યું. એક બીજી વાત થઈ પાછી, કે ઈ જે 'છે' અનંતગુણ, અનંત આનંદ આદિ ઈ 'છે' એવું જ્યારે જ્ઞાનમાં આવ્યું ને ભાન થયું ત્યારે એ 'છે', દ્રવ્યમાં 'છે' ગુણમાં 'છે' ને પર્યાયમાં 'છે' એ આવ્યું. સમજાણું કાંઈ? (શ્રોતાઃ જ્ઞાન થયું ત્યારે પર્યાયમાં આવ્યું) ત્યારે, ત્યારે ઓલું પ્રતીતમાં આવ્યું, ' તું એ નથી. એને છે ક્યાં આવ્યું' તું. પર્યાયમાં વસ્તુ જે છે એ તો આવી દ્રષ્ટિમાં આવી નથી. એને 'છે' ક્યાં આવ્યું? એને તો ઈ પર્યાય 'છે' ને રાગ 'છે' ને નિમિત્ત છે બસ એ આવ્યું. આહાહા! હેં? આહાહા! લોકોને આકરું લાગે હોં. સોનગઢવાળાએ સમકિત મોઘું કર્યુ એમ કહે છે માળા. પણ વસ્તુ જ આવી છે ત્યાં શું? (શ્રોતાઃ ઈ તો હોય એવી જ કહે. સોઘું મોઘું શું?) સોંઘું મોંઘુ શું? આહાહા! સમજાણું કાંઈ? અનંતાનંત જ્ઞાન શક્તિરૂપ ભગવાન આત્મા એવી જેને અંતરમાં સ્વીકાર થયો, એની દ્રષ્ટિ, નિમિત્ત, રાગ ને પર્યાયબુધ્ધિ ઉપરથી ઉડી ગઈ. આહા! એવો આત્મા સ્વસંવેદનથી જ વેદી શકાય છે. જોયું? આહાહા! પુસ્તક મળ્યું ને હવે! હતું નહિં અત્યાર સુધી, નવરંગભાઈએ આપી દીધું. તમે આપ્યું'તું ને નવરંગભાઈને હવે લઈ જજો ત્યાં, આ પણ વાંચે. આવ્યો છે તે, આહા. (silent છે.)કહે છે ભગવાન આત્મામાં જે આ શક્તિ લ્યો, સર્વજ્ઞશક્તિ છે ને આત્મામાં. એ સર્વજ્ઞશક્તિ તે દ્રવ્ય, સર્વજ્ઞ શક્તિ તે ગુણ અને સર્વજ્ઞ શક્તિ પર્યાયમાં પરિણમે પહેલી પર્યાયમાં સર્વજ્ઞ શક્તિનું પૂર્ણરૂપ ન પરિણમે, પ્રતીતમાં સમ્યગ્દર્શનમાં, વેદનમાં, આ સર્વજ્ઞ દ્રવ્ય, સર્વજ્ઞ ગુણ ને સર્વજ્ઞની એ જાતની શ્રદ્ધામાં સર્વજ્ઞપણું પ્રગટયું. જ્ઞાનમાં પ્રગટયું કે આ સર્વજ્ઞ હું છું, સમજાય છે કાંઈ? એટલું તો એને વેદન એ સમયે પોતાનું વેદવાનો જે ગુણ હતો, એ ગુણ આહિં આવીને પરિણમ્યો એટલે સ્વસંવેદનમાં આવી ગ્યો ઈ. આહાહા! ઝીણું બહુ ભાઈ આમાં. (શ્રોતાઃ સમજવા જેવું છે) હેં? મારગ તો આ છે ભાઈ. અરે, ચોર્યાશીના અવતાર, રખડી રખડી ને દુઃખી છે ઈ, સુખી એ માને ભલે પણ દુઃખી છે, આનંદનો સ્વભાવ એને અંતરમાં ભર્યો આનંદ, એ આનંદદશામાં ન આવે, ત્યારે દુઃખદ દશા જે એનામાં નથી, એવી પર્યાયબુદ્ધિએ, દુઃખદશાને વેદે છે. સમજાણું કાંઈ? અરેરે...

સંસાર અવસ્થામાં તે કર્મોપાધિથી નિર્માયેલો હોવાથી, તેનાથી વિપરીત પરિણતીનો અનુભવ થાય છે. બે વાત કરી, એક તો ભગવાન આત્મા, દ્રવ્યને ગુણમાં જે

આનંદ ને જ્ઞાન પડ્યું છે, એનો જ્યારે સ્વસંવેદન દ્વારા એનો સ્વીકાર થયો. સ્વસંવેદ્ય જ્ઞાનની પ્રત્યક્ષ દ્વારા, એનો હૈયાતિની 'છે આવડો મોટો ભગવાન' એવી જે પર્યાયમાં પ્રતીતિ અને જ્ઞાન થયું, એનાથી પોતે વેદાણો. પણ અનાદિથી એ ભાન નથી કે શું થાય છે કહે છે. કર્મ ઉપાધિથી નિર્મિત્ત. કર્મના નિમિત્ત ને આધીન થયેલી વિકારી દશા. એ તેનાથી વિપરીત એટલે સ્વભાવથી વિપરીત, એ પરિણતીનો અનુભવ થાય છે. અજ્ઞાનીને શેનો અનુભવ છે ? એ સ્ત્રીનો, શરીરનો, દાળ ભાતનો, પૈસાનો, બંગલાનો છે ? એ તો જડ, પર છે. આત્માનો છે ? કે આત્મા સુધી તો ગયો નથી. આહાહા ! હેં ? એને રાગ અને દ્વેષનાં દુઃખની દાવાનળની તૃષ્ણા, એનો એને અનુભવ છે અરે, આવું કેવું. એ ઈ.. ?

કોનાથી વિપરીત કીધું ? (શ્રોતાઃ સ્વભાવથી) સ્વસંવેદન વેદી શકાય છે. એનાથી આ વિપરીત. સંસારદશામાં અનાદિકાળથી એને શુભ અને અશુભ રાગનું વેદન છે, કે દ્વેષનું વેદન છે, કે વિષયની વાસનાની કલ્પનાઓનું વેદન છે. એ સ્વભાવના વેદનથી વિપરીત વેદન છે. સમજાણું કાંઈ ? એ બિચારા દુઃખને વેદે છે એમ કહે છે આંહિ. આ બધા શેઠિયાઓ, અબજોપતિ, મોટા રાજાઓ આ દેવો, હેં ? દુઃખને વેદે છે. કેમ કે આત્મા આનંદસ્વરૂપ એવી જે શક્તિનો ભંડાર એને તો એણે ખોલ્યો નથી. એમાં તો એનો સ્વીકાર નથી. ફક્ત સ્વીકાર વર્તમાન દશાનો, રાગનો ને પુણ્યનો, આનો ને આનો. આહાહા ! એના વેદનમાં દુઃખની દશા છે એને. સમજાય છે કાંઈ ? એ કર્મના નિમિત્તથી પણ કર્મથી નહીં હો. હા. એનામાં એ ઈશ્વર પર્યાયની શક્તિ છે, પર્યાયમાં હોં ઈ. કે રાગ, નિમિત્ત ને આધીન થઈને વિકારને વેદે. આહાહા ! સમજાણું કાંઈ ? એ વિપરીત પરિણતીનો અનુભવ છે. આહાહા !

જેમાં પરમાત્મા સ્વરૂપે ભગવાન બિરાજમાન છે એમાં તો અતીન્દ્રિય આનંદ અને શાંત, શાંત, શાંત રસ પડયો છે. તે શાંત રસને આનંદ, દ્રવ્યમાં છે, ગુણમાં છે, એનો સ્વીકાર થતાં પર્યાયમાં છે. અને એ સ્વીકાર નથી ત્યારે પર્યાયમાં રાગ ને દ્વેષનું દુઃખનું વેદન છે. ભજનમાંય આવે છે ને 'એક સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે'. એક સુખીયા જગતમાં, સંત, દુરિજન દુઃખીયા રે. આહાહા ! ચૈતન ભગવાન આનંદનો નાથ પ્રભુ ! જેણે ત્યાં નજર નાંખીને જેણે આનંદને વેદયો. એ સમકિતી જગતમાં સુખી છે. સમજાય છે કાંઈ ? આહાહા ! 'એક સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે,' આહાહા ! 'જેણે ભગવાન આત્મામાં આનંદના નાથને શોધીને, ગોતીને, પર્યાયમાં પ્રગટ કર્યો નથી'. આહાહા ! એ બધા પ્રાણી દુઃખી છે. પોપટભાઈ, હેં ? દુઃખી છે ને, પણ છ છોકરા, બે કરોડ રૂપિયા, દસ, દસ લાખની પેદાશો હોય તોય દુઃખીયા ? આહાહા ! કહો બાબુભાઈ,

આહાહા ! ભાઈ, શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તી તે ક્યાં તારી છે ? એ ચીજમાં તો તું અભાવરૂપે છો. અને એ ચીજ તારામાં અભાવ સ્વભાવે છે. આહાહા ! હવે તારામાં ભાવરૂપ જે છે, એ તો આનંદને શાંતિને એ સુખરૂપ એ, ભાવરૂપ છે. હવે એ ભાવનો જો આશ્રય લીધો, તો તો આનંદ ને શાંતિની પર્યાય આવે, એનું વેદન છે. એનો આશ્રય ન લીધો અને નિમિત્તનો આશ્રય લઈને વિકાર ઉત્પન્ન કર્યો તો એ વિકાર દુ:ખનું વેદન છે. આહાહા ! એ પતરવેલીયા ખાતો હોય હેં ? શું કહેવાય એ અળવીના પાંદડાના નથી થાતા પતરવેલીયા. ચણાનો લોટ નાંખીને કરે છે ને આમ પાંદડા ચોળીને ને પછી તેલમાં તળે ને, મેસુબના કટકા ઉપાડતો હોય ને એના ભેગો આ ખાતો હોય. કહે છે કે દુ:ખી છો, સાંભળને હવે, એ (એની) એનું વેદન નથી તને. વેદનમાં એના તરફના લક્ષે જે પ્રીતિ ઉપજી આહા આ ઠીક, એવા રાગનું, દુ:ખનું વેદન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

'સર્વજ્ઞનો મારગ ભાઈ અલૌકિક છે.' હેં ? સર્વજ્ઞનો ધર્મ સુશર્મ જાણી ... શ્રીમદે સોળ વરસમાં કહ્યું હતું ને ? શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વરસમાં. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્મ જાણી, આરાધ આરાધ પરભાવ જાણી.' મોક્ષશાસ્ત્ર, મોક્ષમાળામાં છે. આહા કહે છે જેને ભગવાન આત્મામાં શક્તિઓને ગુણ જે પડયા છે. ધ્રુવ અને દ્રવ્ય. ધ્રુવ, એમાં અનંત આનંદને શાંતિ પડી છે એનો જેણે આશ્રય લીધો, એને તો પર્યાયમાં સ્વસંવેદન આનંદનું વેદન છે અને એનો જેણે આશ્રય ન લીધો અને નિમિત્ત ને રાગનો આશ્રય લઈને જે વેદન કરે છે એ બધું રાગનું, દ્વેષનું દુ:ખનું વેદન છે.

કહ્યું ને કર્મોપાધિથી નિર્માયેલો, નિર્માણ, રચાયેલો, હોવાથી તેનાથી તેના એટલે સ્વભાવથી વિપરીત પરિણમનનો અનુભવ થાય છે. આહાહા ! તેવો સ્વસંવેદન આત્મા ભલે હો, પણ તે કેટલો કાળ ? એમ પ્રશ્ન કરે છે. આહાહા ! સર્વદા તો નહીં હોય. કારણ કે પાછળથી તેના રૂપનો નાશ થાય છે. આવી શંકાનો પરિહાર કરે છે. શંકા કરે શંકા. એની અચળ સ્થિતિ છે. સમજાણું ? છે ને નવમું પદ. 'સ્વસંવેદ્યોઅચલસ્થિતિ'. છેલ્લું પદ છે. આહાહા ! ભાઈ, આ તો વીતરાગ મારગ છે બાપુ ! આ કોઈ હાલી દુવાલીનાં કથન નથી હેં ? એને માટે કેટલી તૈયારી જોઈએ ? આહાહા ! એક રાજ દરબારમાં જાય તોય કેવી સભ્યતાથી, કેવાં કપડાંથી, કેવી શૈલીથી જાય. આહા મૂરખાઓમાં જાવું હોય તોય, બધો રાજદરબાર મૂરખાઈથી ભરેલો છે. આ તો ત્રણલોકના નાથ કેવળી પરમાત્મા. આહાહા ! એના કહેણમાં જાવું હોય ને, એનાં કહેણ કબુલવા હોય, તૈયારી ઘણી જોઈશે એને .. હેં ? આહાહા !

કહે છે, કે એ આત્માની અચળ સ્થિતિ છે. તું કહે છે કે એ તો આત્માનું

વેદન, સ્વથી થાય એ કેટલો કાળ રહે? એમ કહે છે. સદાય તો ન રહે. અરે સાંભળને! આ..હા.. એ 'અનંતાઅનંત ધી શક્તિના' સ્વભાવના કારણે, તે અચળ સ્થિતિવાળો છે. ભગવાન આત્મા, જ્ઞાનશક્તિવાળો, અનંતાઅનંત શક્તિ, એનો સ્વભાવ જ અનંતાઅનંત જ્ઞાનનો સ્વભાવ એવી શક્તિવાળો તે અનાદિઅનંત ત્રિકાળ છે. અને એ ત્રિકાળી તત્ત્વનો આશ્રય લઈને વેદન થાય એ કાયમ રહેશે. આ દુ:ખનું વેદન નહીં રહે કાયમ, એ ક્ષણે ક્ષણે બદલતું જશે. આહાહા! સમજાણું કાંઈ?

ધી શક્તિના સ્વભાવને અચળ સ્થિતિવાળો છે. એ પછી જરીક ખુલાસો કર્યો કે યોગ અને સાંખ્યમતવાળાઓ મુક્તિના વિષયમાં આત્માની તેની મુક્તિથી પ્રચ્યુતિનો સંભવ માન્યો છે. મુક્તિ થઈને પછી નાશ થાય છે. અવતાર ધારણ કરેને આવે છે ને? અથવા મુક્ત થાય એટલે જ્ઞાનનો નાશ થાય. જ્ઞાન રહે તો ઉપાધિ છે એમ કહે છે, એ એમ નથી. વસ્તુ જ્ઞાન સ્વભાવ, શક્તિ જ્ઞાન ભાવ, એનું વેદન આવે એ જ્ઞાન ભાવનું શાંત વેદન, એ અચળ સ્થિતિ છે માટે એ વેદન પણ અચળ થઈ જાય. આહાહા! આવી વ્યાખ્યા કેવી હશે? આ પોપટભાઈ!

આહા! વીતરાગનો દરબાર છે આ તો. વીતરાગી ભાવનું વેદન, એને આત્મા કહે છે. આહાહા! જેને એકલા રાગને, દ્વેષને, સંકલ્પ, વિકલ્પ, વિકારનું વેદન, એ આત્મા નહીં. આહાહા! દુ:ખનો આ વેદવાવાળો, એ જીવ નહીં. અલિંગગ્રહણમાં આવે છે ને એ બધું. આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. બારમો બોલ આવે છે. વીસ, કેટલા, બોલ કેટલા છે? વીસ છે ને? આ બારમો છે. અલિંગગ્રહણ ભગવાન આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આહાહા! શું કહે છે આ? ઈન્દ્રિયના વિષયને રાગને વેદે અને આત્માનું વેદન ન હોય એ જડ છે એમ કહે છે. શાંતિભાઈ, આવો મારગ ભારે ભાઈ (શ્રોતા: ભગવાનની કોલેજ છે આ) ભગવાનની નિશાળ છે બાપુ. એને નવી રીતે શીખવું પડશે. કહે છે યોગને સાંખ્યમતવાળાઓ મુક્તિના વિષયમાં આત્માની ચ્યુતિ માને છે, એટલે પતન માને છે, એનાથી ભ્રષ્ટ થઈ જાય છે ને જ્ઞાન મરી જાય. તેમના સંબંધી પ્રમેયકમલમાર્તણ્ડ એ પછી ગ્રંથ કીધું ને ન્યાયે. ન્યાયકુમુદચંદ્રમાં મોક્ષ ઉપાસ, વિચાર પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવ્યું છે. એ ગ્રંથ છે બે જોવાનાં, ઈ તો ઠીક.

નરનારકાદિ જે પર્યાયોને જીવ ધારણ કરે છે, તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે બસ. અમે દશા શ્રીમાળી વાણિયા, અમે વીસા શ્રીમાળી વાણિયા, અમે ખત્રી, અમે બ્રાહ્મણ, મૂંઢ છો કહે છે. આહાહા! સમજાણું? જે ગતિની જે પર્યાય મળી, એ પોતે માને છે. આ..હા.. અરે, એણે પોતાની દયા ન કરી એણે. પોતાની જ દયા, એટલે

કે જે અનંત આનંદ ને જ્ઞાનનું સ્વરૂપ છે, જીવતી જ્યોત અંદર, એનો સ્વીકાર ન કરીને, હું રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પવાળો છું, એણે પોતાની દયા ન પાળી. પોતાનું જે જીવન જેવડું છે તેવડું ન માનતાં રાગવાળું જીવન, દ્વેષવાળો જીવનવાળો છું, એ આત્માની હિંસા કરી એણે. એટલે કે 'છે' એને 'નથી' એણે કર્યો. આહાહા! સમજાણું કાંઈ? બાયડી, છોકરા, કુટુંબ પરિવાર, પાંચ, સાત, પચાસ લાખની પેદાશું હોય, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા હોય, બંગલા ૪૦ - ૪૦ લાખના, અમે સુખી છીએ, ભગવાન! તેં આત્માની હિંસા કરી. જેમાં આનંદ છે એને તે નકાર કર્યો અને જેમાં આનંદ નથી, એમાંથી આનંદ થાય, એમ તેં માન્યું (શ્રોતા : હિંસા કરી) હેં? (શ્રોતા : ભગવાનની હિંસા કરી) આહાહા!

એ કીધું, નરનારક પર્યાયને જીવ ધારણ કરે છે, વસ્તુમાં નથી, પર્યાયમાં છે. તે પર્યાયરૂપ અજ્ઞાની પોતાને માને છે. વાસ્તવમાં જીવ તે પર્યાયરૂપ નથી, પણ તે સ્વાનુભવગમ્ય. આહાહા! આનંદવાળો, જ્ઞાનવાળો, શાંતિવાળો. આહાહા! સ્વાનુભવગમ્ય, શાશ્વત છે. અચળ સ્થિતિવંત છે પ્રભુ, નિત્યાનંદ છે, ધ્રુવઆનંદ છે. આહાહા! એનું વેદન પછી ધ્રુવના આનંદનું વેદન પણ કાયમ ટકી શકે છે. મોક્ષમાં કાયમ રહે ને પછી એ કાંઈ ફરે નહીં, કહે છે ઈ, અચળવસ્તુ છે ને એનો અનુભવ પૂરણ થયો એમને એમ રહેશે. જેમ દ્રવ્ય શાશ્વત, ગુણ શાશ્વત એમ પર્યાય શાશ્વત થઈ ગઈ હવે. આહાહા! સમજાણું કાંઈ? ત્યાંથી આ શાશ્વત અનંતાનંત જ્ઞાન વીર્યમય છે. પોતે અનંતઅનંત જ્ઞાન ને વીર્યમય છે. આપણે સવારમાં આવ્યું'તું નહિં? વીર્ય આત્મા, વીર્ય ગુણ, વીર્ય પર્યાય. આપણે વીર્ય આવ્યું'તું આમાં. ઓલામાં પુરૂષાર્થ લીધું. ગુજરાતીમાં, પુરૂષાર્થ વાપર્યું ગુજરાતીમાં. આ હિન્દીમાં વીર્ય વાપર્યું. ઠીક એમ કે, વીર્ય ગુણ છે ખરો ને, પુરૂષાર્થ ગુણ જૂદો પાડયો નથી. વીર્યને જ પુરૂષાર્થ કીધો. આહાહા! એ વીર્ય જે પુરૂષાર્થ આત્મામાં ગુણ છે, ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, એવો જે વીર્યગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે ને પર્યાયમાં છે. કોને? જેણે દ્રવ્યને ગુણની નિત્યતા સ્વીકારી તેને. સમજાણું કાંઈ?

એ હમણાં આવ્યું'તું ઓલા વિદ્યાનંદને આપ્યું ને ઉપાધ્યાયપદ, એટલે એને એને બહુ, ઘણાં માણસો. ઘરે, ઘરે હવે દીક્ષા, લોકો લ્યે, એમ કરો હવે. જેમ ઘરે, ઘરે પંડિતોને માન આપો એમ હતું પહેલાં આ હવે કહે કે ઘરે, ઘરે દીક્ષાનું આ કરો, કેમ કે માણસો, વંશ છોકરો ન હોય તો, કો'કનો લઈને પણ વંશ રાખે છે. ખોળે બેસાડે છે ને કોકને એમ, ઘરે ઘરે દીક્ષાનું કહો. અરે પ્રભુ! પણ દીક્ષા કોને કહેવી બાપુ, ભાઈ. સમજાણું કાંઈ? આહા દીક્ષાની શીક્ષાઓ બહુ મોટી છે ભાઈ. 'શીક્ષા' હો, 'શિક્ષા' નહીં. શું કીધું? આ શિક્ષાને, શીક્ષા.. શીક્ષા તો દંડ છે. હેં? અને એની 'શિક્ષા' એટલે સમજણ

આહાહા એ દીક્ષાના સ્વરૂપને સમજ્યા નથી એને 'શીક્ષા' છે, દંડ છે. આહાહા! બાપુ, ભગવાન! તારી મોટપનો પાર નથી. એની મોટપને હાથમાં આવી નહીં. અને ચારિત્રને સમક્તિ છે એમ માની લીધા. આહાહા! સમજાણું કાંઈ?

મોટો ભગવાન પરમાનંદ સ્વરૂપે અનંત અનંત શક્તિનો પિંડ છે. એની વેદનમાં, પ્રતીતમાં અનુભવમાં આવ્યું નહીં, આ..હા.. અને દીક્ષા ચારિત્ર્ય થઈ ગયું. ભાઈ! એમ નહીં થાય. એમાં છેતરાઈ જઈશ. અને પાછો આવો કાળ મળવો મુશ્કેલ છે. ભાઈ! આહાહા! પહેલું સમ્યક્ ચીજ શું છે એને તો સમજ. પહેલું તો એ કરવાનું છે. હેં? ભરત ચક્રવર્તીને ઘેરે ૯૬ હજાર સ્ત્રી હતી. ૯૬ કરોડ પાયદળ હતું. ૯૬ કરોડ ગામ હતાં, છતાં સમ્યગ્દર્શનનો અંદર, હું પૂર્ણાનંદનો નાથ, અખંડાનંદ, શુધ્ધ ચૈતન્ય છું એવી અનુભવની દ્રષ્ટિ હતી. ૯૬ હાજર સ્ત્રી એને ઘેરે રહી. રાજપાટમાં બેઠા ઈન્દ્ર જેના મિત્રો હતાં. ભરત ચક્રવર્તી, ઋષભદેવનાં પુત્ર. જેને ઈન્દ્રો મિત્રો. 'કોઈ મારા નથી. હું ક્યાંય નથી. આહાહા! એ સિંહાસનમાં હું નથી. ઈન્દ્રોના મિત્રોમાં હું નથી.' હું વિકલ્પમાં નથી. આહાહા! હું તો મારા શાંત દ્રવ્ય ગુણ ને પર્યાય નિર્મળ એમાં છું. આહાહા! સમજાણું કાંઈ?

શાશ્વત, અનંતાનંત જ્ઞાન, વીર્યમય છે. મુક્ત અવસ્થામાં તેની સ્થિતિ અચળ છે. મુક્તદશા થતાં એની સ્થિતિ અચળ થઈ જાય છે. એટલે શું કહ્યું? કે જે દ્રવ્યને ગુણ અચળ છે, એવું એનું વેદન જ્યાં અંદર પૂરણ થઈ ગયું, એ પણ હવે અચળ, કાયમ રહેશે. આહાહા! આ તો ઘડીકમાં મોટો રાજાને, ઘડીકમાં નરક. અરરર આંહિ મોટો રાજા બ્રહ્મદત્ત ચક્રવર્તી, જેને ઘેરે ૩૨ હજાર રાજા ચામર ઢાળતા જેને ૧૬ હજાર દેવો જેની સેવા કરતા. આહા જેને હીરા રતનના શું કહેવાય? આ પલંગ, પલંગ પલંગ હોય. હીરા રતનના પલંગમાં ઢોલિયામાં સૂતો હતો. એ મરીને, દેહ છૂટયો, સાતમી નરકે ગયો છે અત્યારે, સાતમી નરક છે, એ 'રવરવ' નરક છે, ત્યાં અત્યારે છે, હજી તો થોડાં વર્ષ થયા હજી તો અસંખ્ય અંસખ્ય અબજો વરસ રહેવાનો છે. આહાહા! સાતસે વર્ષનો ચક્રવર્તી, સાતસેમાં બાળપણમાં ક્યાં હતો ચક્રવર્તી. એ થોડું પદ રહ્યું ૭૦૦ વર્ષમાં. એમાં ૩૩ સાગરની સ્થિતિ 'રવરવ' નરકમાં, સાતમી નરકે. આહાહા! જેમાં એક શ્વાસમાં પલ્યોપમનું કેટલું, એ અમારા ધનજીભાઈને કહેશે.

**શ્રોતા:** ૧૧ લાખ ૫૬ હજાર ૯૭૫ પલ્યોપમનું દુ:ખ.

**ગુરુદેવ:** ૧૧ હજાર ૯૭૫ પલ્યોપમ. એ મોહનલાલજી. દુ:ખી બધા. આવ્યું'તું ને. યાદ કરતે હૈ. ૭૦૦ હોતે હૈ ને ૭૦૦? વો બ્રહ્મદત્ત ચક્રવર્તી હુઆને. ૭૦૦ વર્ષ રહે થે, ચક્રવર્તી, તો ૭૦૦ વર્ષમેં એક શ્વાસ. એક શ્વાસ...

એક શ્વાસ કા ફળમેં કેટલા કીધાં? ૧૧ લાખ ૫૬ હજાર પલ્યોયમનું દુ:ખ. પલ્યોપમ નામ એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય, ઐસા ૧૧ લાખ પલ્યોપમ. ઓહોહો સમજાણું કાંઈ?

એક શ્વાસને બધું સુખ કલ્પનાનું એના ફળમાં સાતમી નરકે રવરવ નરકે છે. એ ઢોલીયેથી જે આમ આમ દેહ છૂટયો, એવો હેઠે. લોઢાના તોલ વાળો ગોળો પાણી ઉપર મૂકો તો હેઠે જાય, ફડાક હેઠે જાય? એમ મહા પાપ મિથ્યાત્વના અજ્ઞાનના કરેલા. આહાહા! એ ચોરાસી લાખના અવતારનો ઊંડો સાતમી નરકે ગ્યો. આહિં જુઓ તો દેવસેવા કરે. આહા જેની એક રાણીનું હજાર દેવ સેવા કરે .. સ્વામી રતન થાય છે ને સ્ત્રી રતન? બીજી રાણી ૯૬ હજાર .. આહાહા! અરેરે .. એને એક શ્વાસમાં સુખની કલ્પના વેદી આ, એના ફળમાં ૧૧ લાખ પલ્યોપમનું દુ:ખ. પોપટભાઈ આવી વાતું બાપુ ભારે આ તે કામ. આહિં તો જરીક કાંઈક ઠીક મળે, એમાં તો હલવાય હલવાય જાય. આહા, મારું શું થશે? હું ક્યાં જઈશ? મારા ઉતારા ક્યાં થશે? ખબરુંય ન મળે એને. આ..હા.. કહે છે જેને આ આત્મા પૂર્ણાનંદનો નાથ, એની અનુભવ સ્થિતિ, સ્વસંવેદન દશા પ્રગટી અને પૂરણ થઈ તો કાયમ અચળ રહેશે. જેવો દ્રવ્ય અચળ, ગુણ અચળ એવી દશા અચળ રહેશે. આહાહા! ત્યાંથી મુક્તિથી કદી પણ પતન થતું નથી. જે મુક્ત થયા પછી, કદી ફરીથી સંસારમાં આવતો નથી. યોગ અને સાંખ્યમતવાળાની માન્યતા તેનાથી વિપરીત છે. એ સાંખ્યવાળા આમ ફરીને ન્યાંથી આવે હેઠે ઉતરે.

અરે, ચણા જે શેકાયા, એ ફરીને ઉગે? આ ચણા નથી આવતા. ચણા ખબર છે? દાળિયા હોતા હૈ. ચણા, શેકી નાખે, ભૂંજી નાંખે પછી ફરીને ઉગે? (શ્રોતા: ન ઉગે) એમ એકવાર અજ્ઞાનને રાગ - દ્વેષનો નાશ કરી દીધો, અને આનંદની દશા જ્યાં પૂરણ પ્રગટ થઈ, ફરીને અવતાર ન હોય એને..

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૧૮

## શ્લોક – ૮, ૯ અને ૧૦

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૨૮.૧૨.૭૪**

**नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् ।**
**तिर्यंचं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा ।। ८ ।।**

**नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।**
**अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितः ।।९।।**

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂંઢ,
પશુદેહે સ્થિતને પશુ, [1]સુરદેહે સ્થિત સુર; ।। ૮ ।।

નરક-તને[2] નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત ધી[3]-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ।। ૯ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. સુર - દેવ.   ૨. તન - શરીર   ૩. ધી - બુદ્ધિ; જ્ઞાન

આત્માનું સ્વરૂપ અનંત આનંદ ને અનંત જ્ઞાન છે. એને માનતો નથી અને આ શરીર જે હું છું. એમ માને છે. આ દેહ જડ આહાહા! જાણનારો જુદો છતાં એનાથી જુદી ચીજ છે, એને એ પોતાની માને છે, આ મૂર્ખાઈ અનાદિની છે. એમ કહે છે. આહાહા! કહો પોપટભાઈ! આહાહા! છે?

બહિરાત્મા પહેલો શબ્દ છે. બહિઃ એટલે કે ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, શરીર, વાણી, મનથી ભિન્ન છે અને એ કર્મથી પણ જુદો છે અંદર. ખરેખર તો આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ પણ એક વિકલ્પ ને આકુળતાના વિકારી ભાવ છે, એનાથી ભગવાન આત્મા અંદર જુદી ચીજ છે. સમજાણું કાંઈ? એ આત્માનું આવું સ્વરૂપ છે એમ કોઈ દિ' એણે જાણ્યું, માન્યું નથી. આહાહા! કહે છે કે, એ બહિરાત્મા, નર, નારકાદિ પર્યાય, નર એટલે આ મનુષ્ય, નારકી એટલે નીચે ગતિ છે નારકીની. આ માંસ ને દારૂ ને અબ્રહ્મ સેવે છે એ મરીને નરકે જાય છે. નીચે નરક યોનિ છે, ત્યાં અનંતવાર ઉપજ્યો છે. પોતે ચીજ શું છે, એના ભાન વિના, સમ્યગ્દર્શન વિના કહો કે સમ્યગ્દર્શનમાં એનો વિષય જે પૂર્ણાનંદ પ્રભુ, એની અસ્તિના ભાન વિના, એની હયાતિના ભાન વિના. આહાહા!

એણે આ શરીરને પોતાનું માન્યું કારણ કે, છે તો ચીજ ખરી, હવે જેવી રીતે છે એ રીતે ખ્યાલમાં ન આવી, ત્યારે જે એમાં નથી એ ચીજ હું છું એવું પોતાનું અસ્તિત્વ ત્યાં સ્વીકાર્યુ. ન્યાય સમજાય છે કાંઈ? પોતે આત્મા તો અનંત આનંદ અને અનંત જ્ઞાન છે. આવો, આવો, આમેય તમારી સીટ પર કોઈ નહોતું. સવારે નહોતા આવ્યા? સ્વાધ્યાય હતો. હેં? આ દેહમાં રહેલું તત્ત્વ, જેને ચૈતન્ય કહીએ, જીવ કહીએ, આત્મા કહીએ, એ તો અનંત આનંદ ને અનંત શક્તિ વીર્યની અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. આહાહા! એ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. જ્ઞાનનો આનંદ અને જ્ઞાનનું સુખ એથી ભરેલો એ આત્મ તત્ત્વ છે. એની જેને અનાદિથી ખબર નથી, એ આ શરીર તે હું એમ એ માને છે. શરીર નિરોગી તો કહે હું નિરોગી, શરીર રોગી તો કહે હું રોગી. સોહનલાલજી! કંઈક પૈસા થ્યા, ૫-૨૫ લાખ તો કહે હું પૈસાવાળો. નિર્ધન હોય ત્યારે કહે અરે હું તો નિર્ધન. એ બધી અજ્ઞાનદશાએ માનેલી ભ્રમની, ભ્રમણાની વાતું છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

કહે છે કે નર નારકી, નર, નામ આ મનુષ્ય હોં. આ દેહ છે એ જડ છે. આ તો, આ તો માટી છે, આ કાંઈ આત્મા નથી. આહાહા! એમ નરકનું શરીર છે નારકીનું એ જડ છે, એમ સ્વર્ગનું દેવ છે, એ પણ શરીર જડ છે, અને તિર્યંચ તો દેખાય છે,

હાથી, ઘોડા, પ્રાણી, શરીર છે એ તો માટી, જડ છે. પણ પોતાનું હોવાપણું જે રીતે છે એ રીતે સત્તાના સ્વીકારમાં આવ્યો નહિં એટલે પોતાનું હોવાપણું ક્યાંક તો માનવું પડે એને. ન્યાય સમજાય છે ? જે રીતે અને જે સ્વરૂપે ભગવાન આત્મા, આ પોતે આત્મા ભગવાન હોં. ભગવાન થઈ ગયા એ ભગવાનમાં રહ્યાં. એ જે રીતે આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અતીન્દ્રિય સુખના ભંડારથી ભરેલો પ્રભુ છે. આહાહા ! અરે કે'દિ એણે સાંભળ્યુંય નો હોય. સમજાણું કાંઈ ?

એવા હયાતિવંત, સત્તાવંત હોવાપણે જે રીતે આત્મા છે, તે રીતના અજ્ઞાનને લઈને, આ હું છું, એમ ન માનતાં શરીર, વાણી, ક્રિયા, આ હાલું છું, બોલું છું એ બધી મારી ક્રિયા છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ ? આહાહા ! ૧૧૯ શ્લોકમાં તો આવે છે ને ? સવારમાં સજ્ઝાય આવી ગઈ છે, કે આ શરીરથી જે આ ઉપદેશ ચાલે છે એ તો વાણીનો જડનો છે, અને જે વિકલ્પ ઉઠયો છે, એ રાગ છે. કહે છે કે જે કોઈ પ્રાણી ઉપદેશમાં હું પરને ઉપદેશું છું, એ હું છું. કેમ કે વાણી છે એ જડ છે, વાણી તો જડ, અવાજ છે આ ક્યાં ચૈતન્ય છે ? અને અંદર વિકલ્પ ઉઠયો છે રાગ, એ વિકારભાવ છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા ! એ વિકાર અને ઉપદેશની ક્રિયા હું એ કરું છું. આહાહા ! શાંતિભાઈ, ઝીણી વાત છે ભગવાન. આ તો બીજી વાત છે.

અનાદિકાળથી હેં ? તીર્થંકર, પરમેશ્વર, વીતરાગ કેવળજ્ઞાની પ્રભુએ જે આત્મા કહ્યો, એની એને ખબર નથી, એટલે નર, નારકાદિ પર્યાયોને જ પોતાની સાચી અવસ્થા માને છે. છે ? આ કથા નથી કાંઈ. આ શબ્દોમાં તો કેટલું ભરેલું છે એમાં, સમજાણું કાંઈ ? પ્રભુ ચૈતન્ય, દ્રવ્યનો સ્વભાવ ઈ કહેશે હમણાં, એને ભૂલીને અનાદિ અજ્ઞાનીઓ, દેવ હો, નારકી હો, ઢોર હો, શેઠીયા હો, અબજોપતિ એ બધા અજ્ઞાની અનાદિથી આમ માની રહ્યા છે, કે શરીર તે હું છું. ઉપદેશમાં તો ત્યાં સુધી ભાઇ લીધું કે પાગલ છે. એય વિકલ્પ ને વાણી હું છું તો એ મિથ્યાત્વનું પાગલપણું છે. સમજાણું કાંઈ ? પણ મિથ્યાત્વનું પાગલપણું ન હોય, વસ્તુનું ભાન હોય, હું તો ચૈતન્ય છું. છતાં ઉપદેશનો વિકલ્પ જે ઉઠે છે, કહે છે. આહાહા ! એ ચારિત્ર દોષનું પાગલપણું છે. આહાહા ! આ તો મિથ્યાત્વનું પાગલપણું અત્યારે તો પોપટભાઈ સમજાય છે કાંઈ ? આહાહા !

દેહ દેવળમાં ચૈતન્ય ભગવાન, ભિન્ન તત્ત્વ પડયું છે, જેનામાં પુણ્ય ને પાપ ના વિકલ્પ ને રાગની લાગણી પણ જેમાં નથી, એવો ચૈતન્યબિંબ પ્રભુ છે અંદર. આહાહા ! એની જેને ખબરું નથી, એ શરીરાદિની દશાને પોતાની અવસ્થા માને છે. હું જુવાન છું. હું વૃધ્ધ થઈ ગયો, હું બાળ છું, હું સ્ત્રી છું, હું પુરૂષ છું. પોપટભાઈ ! બહુ કામ

આવું આકરું. એનું હોવાપણું તો ચૈતન્ય ભગવાન, અનંત આનંદ નો સંપન્ન છે, એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ, સિદ્ધસ્વરૂપ છે. જે સિદ્ધ ભગવાન થયા, ક્યાંથી થયા ? એ દશા કાંઈ બહારથી આવે છે ? અંદરમાં આત્માના સ્વભાવમાં પૂર્ણાનંદને પૂરણશુદ્ધતા પડી છે. આહાહા ! એનું અંતરમાં ભાન કરીને એકાગ્ર થઈને એ સિધ્ધ પર્યાયની પ્રાપ્તિ વસ્તુમાં છે એમાંથી આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. જે એમાં છે એમાંથી આવે છે. એને એમ ન જાણતાં. આહાહા !

આ શરીરની અવસ્થા, રાગની અવસ્થા એ વાળો હું છું એ બધો ભ્રમ ને અજ્ઞાન છે. એને પરમાત્મા બહિરાત્મા, મિથ્યાદ્રષ્ટિ, ચારગતિમાં રખડવાના ભાવવાળો છે. આહાહા ! સમજાણું કાંઈ ? પોપટભાઈ ! શું કરવું ? આ બધાં ૬ છોકરા, પૈસા, કરોડો રૂપિયા (શ્રોતા : છોકરા, છોકરામાં પૈસા, પૈસામાં) પૈસા પૈસામાં (શ્રોતા : એ તો અનુભવ થઈ ગયા પછી) એ તો અનુભવ થઈ ગ્યો'તોને. આહાહા ! પ્રભુ ! તું કોણ છો ભાઈ તને ખબર નથી. તારી જાતની, જાતને તે ભાત પાડયા વિના જે તારામાં નથી એવી કજાત આ શરીર, વાણી, મન, પુણ્ય ને પાપના ભાવ એ તારી જાતના નહિ. આહાહા ! એ તો ભિન્ન જાતની ચીજ છે ભગવાન ! એને હું આ શરીર મારું, શરીરથી કામ કરું, ૨૪ કલાક શ્રમ લઉં છું ધંધામાં દેહનો, બરાબર સદુપયોગ કરું છું જડનો. અરે ! ભગવાન એ શરીર જડ છે એનો ઉપયોગ તું શું કરશે ? આહાહા ! એ શરીરની ક્રિયા હું કરી શકું છું. એ શરીરની અવસ્થા જ હું છું. એમ અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે. આહાહા ! છે ?

આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી ભિન્ન છે. દેહ આ માટીની આ અવસ્થાઓ એનાથી પ્રભુ અંદર આત્માની વાસ્તવિક ચીજ તો આનાથી જુદી છે. સમજાણું કાંઈ ? ઘીનો ઘડો હોય ઘડો પણ એ ઘડાથી ઘી તો જુદી ચીજ છે કે બેય એક છે ? એમ આ માટીનો ઘડો છે આ. પ્રભુ ચૈતન્ય સ્વરૂપે આનંદ કંદ છે એ ચીજ આ દેહના ઘડાથી ભિન્ન છે અંદર. કોને સાંભળવાની ગરજ ક્યાં છે ? મરી ગ્યો અનાદિ કાળથી, વાસ્તવિક ચૈતન્યના ભાન વિના ચોરાશીના અવતારમાં રખડતો રઝળતો કોઈ ક્યાંય શરણ નથી. જ્યાં શરણ છે તેને ઓળખ્યો નથી. આહાહા ! કહે છે, આત્મા વાસ્તવિક સ્વરૂપે તેનાથી દેહની ક્રિયા આ હાલવું, ચાલવું, બોલવું આ બધું એનાથી તો જુદો છે. આ તો જડ છે. કર્મ ઉપાધિ થી રહિત છે. ભગવાન સ્વરૂપે અંદર છે. એ જડ કર્મ છે એ તો એનામાં અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો ભાવ છે. એમ આત્મા આત્માના ભાવે છે. તે કર્મના ભાવથી રહિત છે. આહાહા ! કેમ બેસે માણસને ? આહાહા ! ધરમ કરો ધરમ કરો પણ શું ધરમ

? કોણ કરે એ ? અને ધરમ કેમ થાય ? સમજાણું કાંઈ ?

કહે છે કર્મ ઉપાધિથી રહિત ચૈતન્ય દળ શુદ્ધ. આહાહા ! પાણીનો કળશો હોય છે એ કળશાથી પાણી ભિતર ભિન્ન છે. એ કળશો ને પાણી એક છે ? એમ ચૈતન્ય રસ આત્મા સમજણનો પિંડ પ્રભુ, ચૈતન્ય રસ આત્મા અને આ દેહના રજકણોથી તો તદ્દન ભિન્ન છે. આહાહા ! મોહનલાલજી ! ક્યારે ભિન્ન છે ? અત્યારે. આહાહા ! એ માન્યુ નથી એમ કહે છે. આહાહા ! (આયુષ્ય પુરુ થાય ત્યારે,) હેં ? આયુષ્ય પુરું થાય, એ તો દેહ છૂટે, દેહ ભિન્ન છે એ છુટો પડીને વયો જાય છે એ મરવા વખતે દેહ છુટતા હેં હેં કે જાવ. પણ એથી દેહ અને આત્મા એક છે અત્યારે ? અને તેથી તે કહે છે મરતેય પણ વખતે એ જીવ ગ્યો. શરીર ગ્યું એમ કહે છે ? પણ એ પાછો થ્યો. પાછો બીજો અવતાર જડશે ક્યાંક મરીને. આહાહા ! અરેરે, જાતને જાણ્યા વિના આ જડની જાતને પોતાની માની, એનો અહંકાર કરી, જે કર્મની ઉપાધિથી રહિત પ્રભુ અંદર છે. આહાહા ! શુધ્ધ છે. પવિત્ર છે. ભગવાન આત્મા તો આનંદ સ્વરૂપ છે, જ્ઞાનની મૂર્તિ છે, પવિત્રતાનો પિંડ છે. એ શુધ્ધ છે. આહાહા ! પુણ્યને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ, પુણ્ય એ અશુધ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એનો જે ભાવ એ પાપ રૂપી અશુધ્ધતા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્યરૂપી અશુધ્ધતા છે. આહાહા ! બેય અશુધ્ધતાથી પ્રભુ ભિન્ન છે. એમાં ધંધા આદિમાં તો કાંઈ સુઝ્યું નહોતું, એય મોહનલાલજી !

રળો, રળો ૨-૫, ૫૦ લાખ થ્યા. ધૂળ થઈ એટલે કે ઓહોહો ! જાણે અમે કમાણા. એ પોપટભાઈ ? આહાહા ! આ છે ને મલુકચંદભાઈ ? એ નઈ જાડા બેઠાં ? એના દિકરા છે મુંબઈમાં. નામ સાંભળ્યું છે ? પૂનમચંદ મલુકચંદ. આ જાડા બેઠાને પાછળ. પૂનમચંદ મલુકચંદ, ૪-૫ કરોડ રૂપિયા છે એમની પાસે. આમના દિકરા પાસે, મુંબઈમાં મોટા ૨૨ - ૨૨ માળના મકાન કરે છે. પૂનમચંદ મલુકચંદ. આ મલુકચંદભાઈ, એનો હક્ક નહિં પણ હો ત્યાં, ઓલામાં ત્યાં (શ્રોતાઃ હક્ક કર્યો છે એક દ્રવ્ય બીજા દ્રવ્ય વચ્ચે) આહાહા ! હવે કોનો હક્ક ? ભાઈ, કઈ ચીજમાં તું છો કે તારો હક્ક ત્યાં લાગુ પડે ? સમજાય છે કાંઈ ?

આંહિ કહે છે કે ભગવાન અંદર દેહની અવસ્થાને હું માને પણ તું એ નહિ ભાઈ. આહાહા ! તારાથી જુદી ચીજ પડે તે તારી નહીં. બરાબર છે ? લોજિકથી તો છે આ તો જુદું પડી જાય છે. નારકીમાં આહાહા ! અને ખરેખર તો કરમ પણ જુદા પડી જાય છે અને ખરેખર તો પુણ્ય ને પાપના મેલ ભાવ પણ જુદા પડી જાય છે. આહાહા ! 'જુદા પડે તે તું નહિં. અને તું તે જુદા પડે એમાં આવ્યો નથી'. અરેરે મૂળની ખબર ન મળે અને

બધું હાંક્યે રાખે છે. દુનિયાના ડાહ્યા ને દુનિયાના ડહાપણ ને પોપટભાઈ. હસમુખભાઈ બહુ ડાહ્યા કહેવાય છે તમારે એમના દિકરા ડાહ્યા છે. આ આપણાં નહિં? આ અક્ષર નહિં? શું કહેવાય મશીન એના મોટા દિકરા ત્યાં ઈટાલી ને? ઈટાલી ગ્યા'તાં, ૬ છોકરા, કરોડોપતિ, એક છોકરો ગ્યાં'તા એના ૨૦,૦૦૦ ખરચ્યા, ૨૯ હજારનો સંચો આવ્યો છે ને ૧૯ હજારના પાઈપને મહેનત એણે કરી છે હોં આ હસમુખભાઈએ. આપણને ખબરેય નહી. આહાહા! ઈ કહેવું ને એણે લાવ્યો એ ય વહેવારની વાતું છે, એ ચીજ એ કાળે પોતે અહીંયા આવવાની હતી. સમજાય છે કાંઈ? કેમ કે એ જડની ચીજમાં એ ક્રિયાવર્તી નામની શક્તિ છે, કે જેને લઈને રૂપાતંર થઈ બદલતી થઈ ને જ્યાં જવું હોય ત્યાં જાય છે. આહાહા! ભારે કામ ભાઈ!

આંહિ કહે છે ભગવાન તો શુદ્ધ સ્વરૂપ છે ને પ્રભુ! ચેતનરૂપ છે ને ઈ તો. ચૈતનમય છે. ચૈતન્યવાળો એમ નહીં. જાણગમય, જાણગમય. જેમ સાકર, ગળપણમય. ગળપણવાળી એમેય ભેદ પડી જાય છે, પણ સાકર ગળપણમય એમ ભગવાન આત્મા ચૈતનવાળો એમ નહીં, ચૈતનમય, સમજાણું કાંઈ? આવી વાતું. આ કથા આવી ધરમકથા. ઓલા કહે કે દયા પાળો, વ્રત કરો, અપ્પા કરો, આ મંદિર કરો. તમારા ભભુતભાઈએ મંદિર કરાવ્યું છે ને? આહોં. બેંગલોર ત્યાં આવવાના છીએ ને ૧૬ દિ' રહેવાના છીએ. ચૈત્ર સુદ તેરસનું મૂરત. આંહિ આવી ગ્યા છે. અમારી પાસે આંહી આવી ગ્યા છે, પોતે. ભભુતભાઈ આવી ગ્યા છે. પહેલા વિનંતી કરવા આવ્યા'તાને એ લોકો, ત્યારે એમને બુખાર આવ્યો હતો. જુગરાજજી આવ્યા. આહાહા! ત્યાં બધા વિનંતી કરવા ત્યારે એમને તાવ આવી ગ્યો એનો ભાઈ આવ્યો તો નાનો, પછી પોતે આવી ગ્યા. ફરી આવી ગ્યા. ભભુતમલ ૮ લાખ મૂક્યા છે આમાં મંદિરમાં, ૪ લાખ જુગરાજજી એ. જુગરાજજી સ્થાનકવાસી હતા ને બેય દિગંબર ભેગું ૧૨ લાખમાં બેનું, અહીંથી જવાનું છે ને ચૈત્ર સુદ ૧૩ નું ત્યાં મૂરત છે. ૧૬ દિ' ત્યાં રહેવાનું છે. ઈ આંહી કહે છે કે એ ૮ લાખ મેં ખરચ્યા એ તો જડ છે, મંદિર મેં બનાવ્યું એ તો પર વસ્તુ છે, પરવસ્તુને કોણ બનાવે ને કોણ વેંચે? ભારે ગજબ વાતું છે બાપુ આવી. સમજાણું કાંઈ?

કેમ કે એ તો ચૈતનમય વસ્તુ છે. આત્માતો ચૈતનમય છે. એ એ જડમય નથી. જડ થી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? ટંકોત્કીર્ણ એક જ્ઞાતા. આહાહા! આમ જેવી ચીજ છે એવો અંદર શાશ્વત વસ્તુ છે પોતે, એક જ્ઞાતા દ્રષ્ટા છે. જાણનાર દેખનાર ભગવાન જગતની આંખ્યું છે. જગત એ જ્ઞેય છે ભગવાન આત્મા તેનો જ્ઞાતા જાણનાર છે. જ્ઞેયથી જ્ઞાતા તે ચીજ ભિન્ન છે. 'જ્ઞાતા જ્ઞેયમાં નથી, જ્ઞેય જ્ઞાતામાં નથી'. આહાહા..

આવું તે કયું ધર્મધ્યાન. ધરમ બાપુ તને ખબર નથી ધરમની ભાઈ. એ આત્મા શું ચીજ છે? એ આ રીતે જાણી શકાય. અંદર જાણનાર દેખનાર એ આત્મા છે. ઈ એકરૂપ છે એમ કહેવું છે. આહિં એ કહ્યું ને? એક જ્ઞાતા દ્રષ્ટા છે, અભેદ છે, એટલે શું કહ્યું? વસ્તુ છે અનંતઆનંદ, અનંતશાંતિ આદિ સ્વચ્છતા, શુદ્ધતા ચૈતનમય એમાં એ વસ્તુ ને વસ્તુની શક્તિઓ જ્ઞાન, આનંદ એવોય ભેદ નથી. આહાહા! અભેદ વસ્તુ છે. સાકરમાં ગળપણ ને સફેદાઈથી સાકર એકરૂપ છે. સાકરમાં ગળપણને સફેદાઈથી સાકર એકરૂપ છે, એમ ભગવાન આત્મા, આનંદ ને જ્ઞાનમયથી એકરૂપ છે. કોક દિ' સાંભળ્યું હોય, મોહનલાલજી!

એટલું બધું સારું ન હોય કોઈ દિ' પણ ક્યાં જગતની મજૂરી આડે નવરાશ ક્યાં છે, નવરો ક્યાં થ્યો છે? નહીં? બાબુભાઈ મજૂરી મજૂરી અમે તો કહીએ મોટી મજૂરી. મોટા મજૂરો આ બધા કરોડોપતિઓ ને અબજોપતિઓ આ ૨૪ કલાકમાં ૧૦ કલાક મહેનતું કરે. આમ કરો, આમ કરો. આમ લાવો, કેટલાં પૈસા ખરચ્યા, આવક કેટલી થઈ? ઉઘરાણી કેટલી છે? મૂડી કેટલી બાકી છે? આવા વિકલ્પની જાળું કરી જીવને ચૈતનને એણે મારી નાખ્યો. એટલે શું? કે જે રીતે ચૈતન્ય છે જ્ઞાનમય, શુદ્ધમય અભેદ એ રીતે એનું જીવવું એટલે ટકવું છે. એવું ટકવું ન માનતાં આ રાગને શરીરની ક્રિયા હું કરું એથી હું ટકી રહ્યો છું તો એ ટકતા તત્ત્વનો નકાર કર્યો એજ એની હિંસા છે. ટકતા, ભાષા સમજાય છે? ગુજરાતીની? ટકતું ટકે છે જે હૈ. આ તો જુદી જાત છે બાપુ. દુનિયાની કથા કરે દયા પાળે ને વ્રત પાળેને ઝટ દઈને સમજાય. આમાં કાંઈ છે નહીં, સમજાણું? આહાહા!

આંહી તો કહે છે એ દ્રષ્ટા ને જ્ઞાતા અભેદ ચીજ, સત્તા મહાપ્રભુ એનો સ્વીકાર નહીં કરતાં દેહની ક્રિયા એ હું, રાગ તે હું એના સ્વીકાર માં આ પરમાનંદની મૂર્તિ ચૈતન્યનું ટકવું જે હૈયાતિ છે એનો એણે નકાર કર્યો બસ નકાર કર્યો એ જ હિંસા. આહાહા! છે એ નહીં, નથી તે હું, વાત સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાતું બાપુ. આ તો લોજિકથી તો વાત ચાલે છે પણ હવે સમજવું તો એને (પડશે). વસ્તુ છે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમય, આનંદમય, શાંતમય, વીતરાગ સ્વરૂપે બિરાજમાન એવા તત્ત્વનો જે હૈયાતિ વાળું ચીજ એ હું નહિં એટલે કે એવડો હું નહિં એટલે કે એનું જે જીવન આવું પૂરણ છે એ નહિં, એ જ હિંસા છે. એ જ મિથ્યાત્વના ભાવની જીવે અંદરની હિંસા કરી એણે. આહાહા! પરની હિંસા કોણ કરી શકે? પરની દયા કોણ પાળી શકે? બાપુ એ વાતો ઝીણી ભાઈ, સમજાણું કાંઈ? એવા જીવને એણે અભેદ છે એને ન માન્યો. આહાહા!

અનંત જ્ઞાન અનંત વીર્યથી યુક્ત છે, અનંત જાણવું જેનું સ્વરૂપ છે. જાણવું

જેનું સ્વરૂપ છે, એ સ્વરૂપની હદ નથી. જાણવું જેનો સ્વભાવ છે એ સ્વભાવની મર્યાદા નથી. જેનું જાણવું સ્વભાવથી અનંત છે. આહાહા! અને અનંતવીર્ય એ પૂર્ણાનંદની અનંત શક્તિઓને ટકાવી રાખીને પૂરણ શુધ્ધની રચના કરે એવું અનંત વીર્યનો નાથ આત્મા છે. આહાહા! સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર, તીર્થંકર દેવ, ત્રિલોકનાથ એણે કેવળજ્ઞાનમાં આ આત્માની ચીજની આટલી મોટપ જોઈ છે. સમજાણું કાંઈ? એને અને અચળ સ્થિતિરૂપ છે. અચળ સ્થિતિ ધ્રુવપણું છે, તે કદિ ટળતું નથી. નિત્યાનંદ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ, નિત્યજ્ઞાન સ્વરૂપી પ્રભુ એનો એના સ્વરૂપમાંથી ટળવું. કોઈ દિ' થતું નથી. આહાહા! આવી વાત છે.

હવે અમારે ધર્મ સમજવો, પણ એ ધર્મ આમ થાય. ધર્મ કરનારો ધર્મ કરવો છે, તે દશામાં, પર્યાયમાં, અવસ્થામાં, પણ કરનારું એ તત્ત્વ કેવડું ને કેટલું છે એની સમજ વિના ધર્મ ક્યાં કરીશ તું? આહાહા! કહે છે કે અચળ સ્થિતિરૂપ આવું ભેદજ્ઞાન તેને હોતું નથી. કોને? કે જેને આ શરીરની અવસ્થા તે હું, આ ભાષા ચાલે છે તે હું. એવી જેની શ્રદ્ધા છે એને એનાથી ભિન્ન મારું અનંત જ્ઞાનમય તત્ત્વ છે એવો વિવેકને ભેદજ્ઞાન એને છે નહિં. ધ્યાન રાખજો ભાઈ આ તો શબ્દે શબ્દ તોળીને આવતા હોય છે.

આહાહા! જે આ શરીરને, વાણીને, મનને પોતાના માને, એ અવસ્થા દશા મારી છે એમ માને, એને એ દશાથી ભિન્ન અનંત જ્ઞાન દર્શન વાળું તત્ત્વ એને ભેદજ્ઞાનથી જાણવામાં આવતું નથી. એ એને જ પોતાનું માની રહ્યો છે. આહાહા! કહો ગૌતમભાઈ મુંબઈમાં તો ઝપાટા વાગતા હોય, મોટરું હાલતી હોય, કુતરાની જેમ ભોંકતા હોય, એ આમ કરો, એ આમ કરો, ઘોડાની જેમ દોડવું હેં? ગધેડાની માફક. આહાહા! મોહમયી નગરી કીધી છે ને? હેં? આહાહા! વાત સાચી છે, શ્રીમદે કહ્યું છે ને મોહમયી નગરી છે. આહાહા! મોહમયી, મોહમયી, રાગ, રાગ, રાગ દ્વેષ એમાં જ તપતો રહ્યો છે આ જીવ. ઓહોહો! ભગવાન આત્મા સર્વજ્ઞ, પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકર દેવે કહ્યો જાણ્યો અને કહ્યો એની એને ખબર ન મળે, જગતના ડહાપણની વાતું કરે. દૈવનો દિકરો ઉતર્યો જાણે! આનું આમ થાયને આનું આમ થાય ને હેં? આહાહા!

પણ તું કોણ છો? ક્યાં છો? કેમ છો? ખબર છે? એને નથી ખબર હેં? આનો દિકરો ને આ મારી મા ને આનો હું બાપ, ને આ મારી બાયડી ને એનો હું ધણી, ને આ મારા મકાન ને એનો હું સ્વામી. આ મારા પૈસા ને એ મારા રળેલા એ હું. આહાહા! પ્રભુ ભૂલ્યો છે ભીંત ભૂલ્યો છે હોં! નીકળવું જોઈએ બહાર ને એને ઠેકાણે ભીતમાં પડયો છે. આમ રસ્તો આમ ભાળ્યો ને આમ ભાગ્યો ત્યાં ભીંત આવી આડી. આહાહા!

ચૈતન્ય ભગવાન શાંતનો સાગર છે, પૂરણ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એને શરીર ને વાણીની અવસ્થાને પોતાની માનનાર એનાથી ભિન્ન ન માન્યો. એનાથી એ તે જ હું છું એમ માન્યું. આહાહા! તેથી તે સંસારમાં પર પદાર્થોમાં સંસારના પર પદાર્થો. શરીર, વાણી, કરમ, બાયડી, છોકરા, કુટુંબ એ બધું પર છે એના ક્યાં હતા એ? આહાહા! તથા મનુષ્ય આદિ પર્યાયોમાં, મનુષ્ય આદિ શરીરની દશાઓમાં આત્મબુધ્ધિ કરે છે. તેને આત્મા માને છે લ્યો. હેં? આહાહા! જીવ જે જે ગતિમાં જાય છે, જીવ જે જે ગતિમાં જાય છે, મનુષ્યગતિમાં, નારકીગતિમાં, પશુગતિ આ ઘોડા ગાય અને સ્વર્ગગતિ તે તે ગતિને અનુરૂપ જુદો જુદો સ્વાંગ ધારણ કરે છે. આહાહા! હેં? મનુષ્યનો સ્વાંગ આ દેહ જડ આવો, નારકીનું શરીર આમ કુબડું, રોગી, દુ:ખી, નારકી જ્યાં મરીને અહીં રાજા માજા હોય ને મોટા કરોડોપતિ માણસો ને રાજા મરીને ત્યાં પાર્લામેન્ટ ભરાય છે નરકમાં, સમજાણું કાંઈ?

લોઢાનો ગોળો ભારે હોય અને પાણી ઉપર મૂકો તો ક્યાં જાય? એમ જેણે આત્માના ભાન વિના મોટા પાપ કર્યાં હોય છે, હિંસા, માંસ, દારૂ, શિકાર એવા લંપટીઓ એવા મરીને હેઠે નરકમાં જાય છે. એ નરકની ગતિમાં જાય ત્યારે હું નારક છું એમ માને છે અજ્ઞાની. આહાહા! મનુષ્યની ગતિમાં આવ્યો ત્યારે કે હું મનુષ્ય છું એમ માને છે. દેવ ગતિમાં ગયો ત્યારે કે હું દેવ છું એમ માને છે, આહાહા! છે? એ ગતિને અનુરૂપ એટલે તે ગતિને યોગ્ય જુદા જુદા વેષ ધારણ કરે છે. આ સ્વાંગ તો અચેતન છે. શરીર વાણી મન બધા અચેતન ભેખ છે. એ કાંઈ ચેતનનો ભેખ નથી. આહાહા! જડ છે. આ તો બધાં જડ છે. ક્ષણિક છે. ક્ષણે ક્ષણે પલટતી ચીજ આત્માના સબંધ વિનાની ચીજ છે આ તો. આહાહા!

તે વેષને ધારણ કરનાર જીવ તેનાથી ભિન્ન, શાશ્વત, જ્ઞાન સ્વરૂપ ચેતન દ્રવ્ય છે. આહાહા! અજ્ઞાનીને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન નથી તેથી તે બાહ્ય વેષને જીવ માનીને તે પ્રમાણે વર્તાવ કરે છે. આ મોક્ષ મારગમાં છે. આ પેરેગ્રાફ છે ને? મોક્ષ મારગ ટોડરમલનું. લખાણ છે ટોડરમલનું મોક્ષ માર્ગ પ્રકાશક પુસ્તક છે, સોહનલાલજી? મોક્ષ માર્ગ પ્રકાશક જોયું છે? નામ સાંભળ્યું ન હોય મોક્ષ માર્ગ પ્રકાશક ટોડરમલજીનું છે. ટોડરમલજી થઈ ગયા. બહુ સરસ પુસ્તક એમનું મોક્ષ માર્ગ પ્રકાશક. ગૃહસ્થી હતાં. બહુ સૂક્ષ્મ બુધ્ધિ શાસ્ત્રોમાંથી દોહીને દોહન કરીને બનાવ્યું છે. એનો આધાર આપે છે. અમૂર્તિક પ્રદેશોનો પૂંજ પ્રસિધ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક, કહે છે કે આ તો ભગવાન આત્મા તો અમૂર્ત છે. એમાં વર્ણ, ગંધ, રસ સ્પર્શ નથી. અમૂર્તિક પ્રદેશ અસંખ્ય પ્રદેશ છે એ. સાંકળી હોયને સોનાની સાંકળી એ સાંકળીના જે મકોડા હોય ને મકોડા. હજાર મકોડાની સાંકળી,

આ સાંકળી સમજતે હેં? શું તમારે કહે? (ચેન) સાંકળ અમારે તો કહે છે. એ હજાર મકોડાની એમ આત્મામાં અસંખ્ય પ્રદેશે આત્મા છે. જેમ હજાર મકોડાની આખી સાંકળી અને મકોડો મકોડો એક એક ભિન્ન એમ ભગવાનમાં અસંખ્ય પ્રદેશ છે. આત્મામાં અંદર. એક અહિંયા એક રજકણ મૂકો રજકણ તો પણ આખિર નો ટુકડો છેલ્લો આંહી મૂકો એટલી જગ્યાઓને ત્યાં પ્રદેશ કહે છે. આંહિ બીજો પ્રદેશ, ત્રીજો પ્રદેશ, ચોથો એવા અસંખ્ય પ્રદેશ (વાળો) આત્મા છે, અસંખ્ય પ્રદેશ દેશવાળો એ આત્મા છે એમ કહે છે. આહા રે. એય સાંભળ્યું ન હોય.

ઈ કહે છે અમૂર્તિક પ્રદેશોનો પૂંજ, શ્રીમદ્માં આવે છે, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યધન, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યધન મારે આંહી અટકવું છે. એ તો બધી ખબર છે ને. પછી. આહાહા! શુદ્ધ છે ભગવાન આત્મા, બુદ્ધ છે જ્ઞાનની મૂર્તિ છે, ને ચૈતન્યધન છે, એ પ્રદેશ છે સમજાણું કાંઈ? આત્મસિદ્ધિ જોઈ છે? ભાઇ, નહિં? શ્રીમદ્ રાજચંદ્રની આત્મસિદ્ધિ નહિં? જોઈ નથી? ગુજરાતી છે એમાંથી હિંદી કરી છે. એ ૩૫ સાલ પહેલાં ૯૫ માં એનું વ્યાખ્યાન થયું છે, ગુજરાતીમાં બહુ સરસ છે. ૯૫ માં રાજકોટ ચોમાસું હતું ને ત્યારે ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. મોહનલાલ ગાંધી નહિ? તે દિ' કસ્તુરબા ઓલો દેસાઈ અને એની ભેગો હતો ને ઓલો, મહાદેવ દેસાઈ, બધાં આવી ગ્યા છે. ૯૫ ની વાત છે. આ ૩૫ વરસ પહેલાં, ૩૬ વરસ એ વખતેનું વ્યાખ્યાન છે. લખેલું બહુ સરસ છે પાંચેક હજાર, છ હજાર પુસ્તકો છપાવ્યા, થોડાંક પડયા છે. એ આત્મસિદ્ધિના, આત્મસિદ્ધિ બનાવી છે શ્રીમદ્ રાજચંદ્રએ, ૧૪૨ શ્લોક, એમાં આ શ્લોક આ છે.

**''શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ધન, સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ''**

શુદ્ધ છે ભગવાન આત્મા પવિત્રનો પિંડ છે ભાઈ. એમાં મેલ નથી. આહાહા! પાણીમાં મેલ હોય એ પાણી નહીં. પાણીમાં કાદવ ને મેલ દેખાય એ પાણી નહીં. પાણી તો નિર્મળ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ નિર્મળ છે અને બુદ્ધ છે, જ્ઞાન સ્વરૂપ છે, ચૈતન્યધન છે. ધન નામ અસંખ્ય પ્રદેશનો પિંડ છે. આ પ્રદેશ કીધા ઈ, એ એય સાંભળ્યું ન હોય. જે ભગવાન નારાયણ. અસંખ્ય પ્રદેશ શું ને આ માળો શું બોલે છે? તત્ત્વની વાતું જ આખી ગુમ થઈ ગઈ અને થોથાં ઉપરના રહી ગયાં. આ ક્રિયા ને આ ક્રિયાને આ ક્રિયા. આહાહા! કહે છે કે અસંખ્ય પ્રદેશોનો પૂંજ પ્રસિદ્ધ પ્રસિદ્ધ છે. આત્મા આવો એ પ્રસિદ્ધ છે, જ્ઞાનાદિ ગુણોનો ધારક, જાણવું, આનંદ આદિ શક્તિનો ધારનાર. આહાહા! અનાદિ નિધન અન્ આદિ અનિધન એમ શબ્દ લેવો. અન્ આદિ અનિધન,

આદિ નહિ, નિધન એટલે મૃત્યું નહિ. અંત નહિ અનાદિ અનિધન. નિધન નામ અંત. અનિધન આદિ વિનાનો અંત વિનાનો, સમજાણું કાંઈ?

એક માણસ આવ્યો તો વેપારી મોટો હતો. ૨૦-૨૫ લાખનો આસામી હશે દુકાન કરવી હશે. આવ્યો હતો. અહીંતો ઘણાં આવે છે ને જુવાન બુવાન. એટલે એને એટલું પૂછ્યું મેં કીધું આ શરીર આયુષ્ય ગણાય ૨૦, ૩૦, ૫૦, ૬૦, ૭૦ એ શરીરના કે આત્માનાં? કે મને કાંઈ ખબર નથી. ઓય માડી, ૨૫ લાખનો આસામી મોટો ધંધો દુકાન કરવા જાય છે જામનગરમાં, અહીં આવ્યો'તો. આવે તો ખરા ને, બધા આવે. કીધું આ શરીરનું આયુષ્ય કહેવાય, સ્થિતિ કહેવાય છે. ૬૦ વરસનો, ૭૦ વરસનો ઈ શરીરનું કે આત્માનું? આત્મા તો અનાદિ અનંત છે શરીરની સ્થિતિની વાતું હાલે છે. આ તો કે ૫૦ વરસનો, ૬૦ વરસનો, ૭૦ ધૂળનો. પણ દુનિયા, રળવા ને ભોગ આડે નવરો ક્યાં છે એ ? શું ચીજ છે એને સમજવા માટે ક્યાં નવરાશ મળે છે. મરવા આડે જીવવાની નવરાશ ક્યાં મળે છે એને? આહાહા! કહે છે કે અનાદિ નિધન. વસ્તુ પોતે આત્મા છે. આહાહા! તત્ત્વ છે. પદાર્થ છે. વસ્તુ છે. વસ્તુ એટલે? જેમાં જ્ઞાન દર્શન આનંદ આદિ અનંત ગુણો વસેલા છે. આહાહા! વસ્તુ છે. વસ્તુ એટલે? આ વાસ્તુ જે છે ને શેમાં ઝાડ ઉપર કે મકાનમાં? એમ આ વસ્તુ પ્રભુ છે.

વસ્તુ એટલે જ્ઞાન, આનંદ, શાંતિ સ્વચ્છતા પ્રભુતા કર્તૃત્વતા ભોક્તા એવા એવા અનંતા ગુણો જે સ્વભાવ શક્તિ એમાં વસેલી છે. માટે તેને વસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિસામો છે વચનનો. બોલવામાં વચમાં આવેને કોક, કોકને હોય ને વાક્ય એવા, સમજાય છે? એક છોકરો કહેતો હતો ૫ - ૬ વરસનો મુંબઈમાં ક્યાંક કે મહારાજ સમજાય છે, સમજાય છે ઈ કયાં છે? સાંભળવા આવ્યો હશે. એમાં વારંવાર આવેને. વાક્યનો વિસામો છે એ સમજાય છે? તો એમ કહે કે સમજ્યો નથી અનંત કાળમાં કોઈદિ'. સમજાણું કાંઈ? સાધુ થયો, ક્રિયાકાંડ કર્યા, પંચમહાવ્રત પાળ્યા એ બધી જડની ક્રિયા ને રાગની ક્રિયા એ આત્માની નહિં. આહાહા!

ચૈતન્યધન ભગવાન આત્મા પરથી તદ્દન જુદો. આહાહા! એ આત્માને વસ્તુ કહે છે. તથા હવે આ આવ્યું. આ મૂર્તિક, આત્મા અમૂર્તિક ત્યારે આ મૂર્તિક, દેખાય છે ને આ વર્ણ, ગંધવાળું જડવાળું દેખાય છે આ તો. મૂર્તિક પુદ્ગલ દ્રવ્યોનો પિંડ, જડ, રૂપી, પુદ્ગલોનો પિંડ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ રહિત. બેયમાં પ્રસિદ્ધ મૂક્યું. આહાહા. ઓલામાં હતેં ને ભાઈ. પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક. આ પ્રસિદ્ધ જ્ઞાનાદિ રહિત, પ્રસિદ્ધ એટલે આમાં જ્ઞાન ક્યાં છે આમાં, છે જ્ઞાન આમાં? આ તો જડ છે. નવીન જ જેનો સંયોગ થયો

છે. બીજી ગતિમાંથી આવ્યો ત્યારે આ શરીરનો નવીન સંયોગ થયો છે. બીજી ગતિમાંથી આવ્યો ને અહિંયા ? ત્યારે આત્માને જૂનું શરીર છૂટી ગ્યું. આ બીજો સંયોગ નવો થયો આનો. આહાહા ! હજી પુનર્જન્મ છે ને રખડે છે, એનાય ઠેકાણા નથી, માન્યતાના, લ્યો ત્યારે કે પુનર્જન્મ. લ્યો માનીલે નહીં. પણ વસ્તુ છે એ, અનાદિ અનંત વસ્તુ છો, એ નવા નવા શરીરના સંયોગો ધારણ કરીને, ધારણ નામ સંબંધમાં આવીને ચોરાશીમાં રખડે છે. સમજાણું કાંઈ ?

એ કહે છે. નવીન જ જેનો સંયોગ થયો એટલે શું કહે છે ? કે અંદર આત્મા જે છે, એમાં કાંઈ જ્ઞાન, દર્શન, આનંદ નવીન નથી. એ તો વસ્તુ, વસ્તુમય છે પણ આ શરીરનો તો નવો સંયોગ થયો છે. માતાના પેટમાં આવ્યો, ઓલા ભવમાંથી, સમજાણું કાંઈ ? વીર્યનું બિંદુ ને ઋતુનું બિંદુ બેય ભેગા થઈ ગયા ને, આમ આવી ગયો, બીજામાંથી આવીને, આહાહા ! એનું શાસ્ત્રમાં બધું લખાણ છે. સાત દિ' એ આ થાય, પહેલા બિંદુ આવે, પછી સાત દિ' રહે જરા હલકુ થાય, પછી આ થાય, આ થાય, મહિને પછી આ અવયવો જરી થાય, એમ કરતાં કરતાં ૯ મહિને, શરીર ૯ મહિને અવતાર થાય આ દેહનો, ત્યારે એને એમ કે હું જન્મ્યો, પણ તું જન્મ્યો ત્યાં તો નવો સંયોગ થ્યો છે શરીરનો, શરીરની ઉત્પત્તિ થઈ સંયોગમાં. તારી ઉત્પત્તિ છે એમાં ? એ ક્યાં ખબર છે. એમને એમ આંધળે આંધળું. અનાદિથી ચૈતન્યની જાતને જાણ્યા વિના અંધો અંધ પલાય, આંધળો દેખાડે ને આંધળો હાલે. પડે ખાડામાં, એમ ચૈતન્યના ભાન વિના અને કરાવનારા પણ એ કહે કે આ કરો, આ કરો, આ કરો પણ ચૈતન્ય કોણ છે તું ? એના જ્ઞાન વિના એ અંધારા, અંધારામાં રખડી રહ્યો છે. આહાહા !

નવીન જ જેનો સંયોગ થયો છે એવા શરીરાદિ, શરીર, વાણી, મન, પુદ્‌ગલ કે જે પોતાનાથી પર છે. એ બંનેના સંયોગ રૂપ અનેક પ્રકારના નાના એટલે અનેક, અનેક પ્રકારના મનુષ્ય, તિર્યંચ આદિ પર્યાય થાય. કીડી, મકોડા, હાથી આ બધા જુઓને શરીર એવા થાય નવા નવા. આત્મા તો છે એ છે અનાદિનો, ભાન ન મળે એટલે ભ્રમણામાં પાપ નવા બાંધીને આવા શરીર નવા નવા કરતો આવે છે. આહાહા ! દ્રવ્ય લિંગી સાધુએ અનંત વાર થયો. નગ્ન મુનિ, પંચ મહાવ્રતધારી. પણ એ પંચમહાવ્રત તો વિકલ્પ છે, રાગ છે, આશ્રવ છે એને એણે ધર્મ માન્યો છે. એવા ભેખ અનંતવાર ધારણ કર્યા. ત્યાં તો એવું આચાર્ય કહે છે કે એવા દ્રવ્યલિંગ એટલી વાર ધારણ કર્યા કે એવા દ્રવ્યલિંગી મુનિ મરીને દરેક ક્ષેત્રમાં અનંત વાર જન્મ્યો ને મર્યો છો બાપુ. આહાહા !

તેં કોઈ ક્ષેત્ર બાકી રાખ્યું નથી. ચૌદ બ્રહ્માંડમાં બધે એક, એક, ક્ષેત્રે

અનંતી વાર અવતર્યો ને અનંતવાર મર્યો છે. એ ભ્રમણા મિથ્યાત્વને લઈને, આહાહા! જે ચીજ છે એના ભાન વિના જ્યાં ત્યાં માની બેઠો. આહાહા! દયાની પર્યાય. દયાના ભાવ આવ્યા તો કે મેં ધર્મ કર્યો, એ દયાનો ભાવ તો રાગ છે. આહાહા! રાગ છે તે હિંસા છે. એ ઈ. પોતાના સ્વરૂપનું અસ્તિત્વ જે છે પૂર્ણાનંદ એમાં ય રાગ છે એ તો શાંતિને હણે છે. આહાહા! એને પોતાનું સ્વરૂપ માન્યું, પુદ્ગલ દ્રવ્યોને પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિ રહિત એમ નથી પોતાનાથી પર છે એ બન્નેના સંયોગરૂપ અનેક પ્રકારના સંયોગાદિ છે. એ પર્યાયોમાં મૂઢ જીવ અહમ્ બુદ્ધિ ધારી રહ્યો છે. આમ અહમ્ જોઈએ અંદર, પૂર્ણાનંદ સ્વરૂપે અહમ્ ત્યાં જોઈએ, એને ઠેકાણે અહીંયા અહમ્ માની રહ્યો છે. સ્વપર નો ભેદ કરી શકતો નથી. રાગને શરીર બેય જુદી ચીજ છે, ભગવાન ભિન્ન ચીજ છે, ભગવાન એટલે આત્મા. ભગવાન તરીકે બોલાવ્યો છે આચાર્યોએ (સમયસાર) ૭૨ ગાથામાં નહિ? ભગવાન ૭૨. ભગવાન આત્મા, આહાહા! પામરને પ્રભુ તરીકે બોલાવ્યો, એને રૂચે નહી, ૭૨ ગાથામાં એમ આવે છે. સમયસાર, ભગવાન આત્મા. આહાહા!

પુણ્યને પાપના ભાવ એ અશુચિ છે. પુણ્ય, શુભ, અશુભભાવ એ અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ આવે છે એમાં. ઘણીવાર કહેવાણું છે. આહીંતો હવે ૪૦ વરસ થયા હવે આંહી ૪૦મું વરસ હાલે છે આ ફાગણ વદ ત્રીજે ૪૦ પૂરા થશે આંહિ. આહાહા! સમયસાર ૧૭ વાર વંચાઈ ગયું છે. ત્યાં કહ્યું છે, પ્રભુ તું કોણ છો? શરીર, વાણી, મન તો તું નહિં, પણ અંદર શુભ, અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો વિકલ્પ ઉઠે એ પણ અશુચિ છે, મેલ છે. અને આ રળવાનો, ભોગનો, કમાવાનો, વ્યાજનો જે ભાવ અંદર પાપ, એ પાપ ભાવ પણ મેલ છે, એ અશુચિ છે. ત્યારે ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ લીધું છે. હેં? અરેરે, શું કરે?

એક જણાને ભગવાન કહેતા તો કહે, ભગવાન આત્મા? ભાઈસાબ, અમે તો પામર છીએ. હવે સાંભળને. ભગવાન થાશે એ ભગવાનપણું આવશે કયાંથી? સિદ્ધ થયાને ભગવાન, નમો સિદ્ધાણં. એ ક્યાંથી સિદ્ધ થ્યા? બહારથી થ્યા છે? સમજાણું કાંઈ? આ ૬૪ પહોરી પીપરમાં તીખાશ ભરી છે. લીંડી પીપર, એ છોટી પીપર, નહિં હૈ? છોટી પીપર, કદમેં છોટી દિખતી હૈ ઓર રંગમે કાળી દિખતી હૈ પણ અંદરમેં ચોસઠ પહોરી તીખાશ ચરપરાય પડી હૈ. ઘૂંટતે હૈ ને? ઘૂંટે તો બહાર આવે. ચોસઠ પહોરી ક્યાંથી આવે છે? પથ્થરમાંથી આવે છે? અંદર છે એટલી નાની કદે નાની, રંગે કાળી છતાં એમાં ચોસઠ પહોરી, ચોસઠ પહોરી સમજાય છે? આ ચોસઠ પૈસાનો રૂપિયો કરતાને અત્યાર સુધી તો. હવે તમારે સો પૈસાનો રૂપિયો થ્યો. એમ ચોસઠ પહોરે ઘૂંટે ત્યારે એની

તીખાશ જે અંદર છે ને એ બહાર આવે. એમાં છે. એટલામાં ચોસઠ પહોરી રૂપિયે રૂપિયો કહો પૂરો ચરપરાએ, ચરપરા એટલે તીખો રસ છે. અને લીલો રંગ છે અંદર. આહાહા!

એમ ભગવાન આત્મામાં પૂરેપૂરું આનંદને જ્ઞાન ભર્યું છે. આરે કેમ બેસે? સમજાણું કાંઈ? ચોસઠ પહોરી કીધું ને? ચોસઠ પહોરી એટલે પૈસા સોળ આના રૂપિયો, એમાં પૂરું ભર્યું છે એક રસ. એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ પડયો છે ભાઈ, એને ખબર નથી, આહાહા! એ આત્માને ને આ શરીરને બે ને એક માને છે. એમ કહે છે. છે ને? સ્વ પરનો ભેદ કરી શકતો નથી. જે પર્યાય પામ્યો હોય, પર્યાય એટલે શરીર તેને જ પોતાપણે માને છે. એ સ્ત્રીનું શરીર પામ્યો તો કે હું સ્ત્રી, પાવૈયા હીજડાના શરીર મળે આ હીજડા થાય છે ને પાવૈયા તો કહે અમે હીજડા, બાપા પાવૈયા. આહાહા! બાળકનું શરીર મળ્યું, અમે બાળક છીએ. બાપુ એ તો શરીરની દશા છે ભાઈ. એ તારી ચીજ નહિ. તું એવો નહિ. તારામાં એ નહિ, એમાં એ નહિ, એમાં તું નહિ. સમજાય છે કાંઈ? આહાહા!

તે પોતાના છતાં, એ પર્યાયમાં પણ, જે જ્ઞાનાદિ ગુણો છે, શરીરની પર્યાય જ્યાં જ્યાં ભલે હોય, ત્યાં જ્ઞાનાદિ ગુણો તે તો પોતાના ગુણ છે. અને રાગાદિ જે છે પુણ્ય - પાપના વિકલ્પ ઉઠે છે, દયા - દાન - વ્રત , કામ ક્રોધ આ રળવું કમાવું, દુકાને બેસીને થડે આમ કરો, આમ કરો એ બધો રાગ પાપ રાગ છે. ધીરુ ભાઈ? થાતું હશે, ઈ? એ કહે છે ને જુઓને રાગ દ્વેષ આદિ પોતાને કર્મ નિમિત્તથી ઉપાધિભાવ છે, પુણ્ય - પાપનો ભાવ એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. કર્મના સંગે ઉત્પન્ન થયેલી મલિન દશા છે એ. આહાહા! વળી વર્ણાદિ છે આ વર્ણ શરીરનો રંગ આદિ અને પરમાણુનું પલટાવું નાના પ્રકારે થયા કરે, આ રોગ થાય, રૂપાળું થાય, જીર્ણ થાય એ સર્વ પુદ્‌ગલની અવસ્થાઓ છે જડની, પરંતુ તે સર્વને આધીન પોતાનું સ્વરૂપ જાણે છે. જ્ઞાને હું, રાગે હું, શરીરની અવસ્થાય હું. ખીચડો કર્યો છે કહે છે. સમજાણું કાંઈ? આ ટોડરમલજી.

પરંતુ તે સર્વને આધીન પોતાનું સ્વરૂપ જાણે તેને સ્વભાવ પરભાવનો વિવેક થઈ શકતો નથી. એટલે સ્વભાવ, સ્વભાવ સ્વનામ પોતાનો આનંદને જ્ઞાનભાવ અને પરભાવ પુણ્ય પાપના ભાવ ને શરીરાદિના પરભાવ બેનો વિવેક કરતો નથી, કેમકે પરને પોતાનું માન્યું એટલે પરથી જુદાનું જ્ઞાન કરતો નથી. આહાહા! આ બધા મોટા એમ. એ. **(M. A.)** ભણેલા હોય. એલ. એલ. બી. **(L.L.B.)**ના પૂછડાં વળગાડયા હોય એ ભૂલ્યા હશે? એલ. એલ. બી. **(L.L.B.)** અને એમ. એ. **(M. A.)**ની કાંઈ કિંમત રહી નથી હવે. આહાહા!

કહે છે કે આવી ચીજ જે છે ને જ્યાં જ્યાં પર્યાય શરીરને પામે ત્યાં ત્યાં

શરીરની અવસ્થા પુદ્‌ગલની, રોગાદિ થાય જડની, બોલવું થાય એ જડનું અને પોતે ભગવાન જ્ઞાનાનંદ તો ભિન્ન છે. છતાં જ્ઞાન સ્વભાવ ને દયા દાનના વિકલ્પને અને દેહની અવસ્થાને ત્રણેને પોતાની માને છે. આહાહા! આનું નામ મિથ્યાદ્રષ્ટિ જીવ. જેની દ્રષ્ટિ અસત્ય ને જૂઠી છે એ આમ માને છે, અને જૂઠાનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. આહાહા! સમજાણું કાંઈ?

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા, પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે હવે, ઈ જરી લે છે, શું કહે છે? કે આ દેહાદિને પોતાનો માન્યો, એવું જ બાયડી, છોકરાં, કુટુંબનો જે દેહ છે એ દેહ પણ એનો આત્માનો છે એમ એ માને છે. આહાહા! જુઓ. સ્વદેહમાં જેમ આવો અધ્યવસાય, અધ્યવસાય એટલે નિર્ણય કરે છે એમ બહિરાત્મા પરદેહમાં પણ એવો અધ્યવસાય કરે છે. આ આનું શરીર, આ બાયડીનું શરીર, આ છોકરાનું શરીર, આ તૂટી ગયું શરીર, એ શરીરને જ આત્મા માને છે. આહાહા! કારણ કે એને ઓળખાણ તો આખે શરીરની છે. એનો આત્મા જે છે એનું તો જ્ઞાનમાં ભાન નથી એને, આહાહા! સમજાણું કાંઈ? એ ૧૦ મી ગાથા છે.

**स्वदेहे एवमध्यवसायं कुर्वाणो बहिरात्मा परदेहे कथंभूतं करोतीत्याह -**

**स्वदेहसदृशं दृष्ट्वा परदेहम्चेतनम् ।**
**परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ।। १० ।।**

**નિજ શરીર સમ દેખીને પરજીવયુક્ત શરીર,**
**માને તેને આત્મા, બહિરાતમ મૂઢ જીવ. ।।૧૦।।**

**टीका : व्यापार - व्याहाराकारादिना स्वदेहसध्शं परदेहं दृष्ट्वा । कथम्भूतं? परात्मनाधिष्ठितं कर्मवशात्स्वीकृतं अचेतनं चेतनेन संगतं । मूढो बहिरात्मा परत्वेन परात्मत्वेन अध्यवस्यति ।। १० ।।**

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે -

**અન્વયાર્થ :** (मूढः) અજ્ઞાની બહિરાત્મા, (परमात्माधिष्ठितं) બીજાના આત્મા સાથે રહેલા (अचेतनं) અચેતન - ચેતનારહિત (परदेहं) બીજાના શરીરને, (स्वदेहसदृशं) પોતાના શરીર સમાન (दृष्ट्वा) જોઈને (परत्वेन) બીજાના આત્મારૂપે (अध्यवस्यति) માને છે.

**ટીકા:** વ્યાપાર, વ્યાહાર (વાણી, વચન) આકારાદિવડે પરદેહને પોતાના દેહ સમાન જોઈને- કેવો (જોઈને)? કર્મવશાત્ બીજાના આત્માથી અધિષ્ઠિત - સ્વીકૃત અચેતન (પરના દેહને) ચેતનાયુક્ત જોઈને બહિરાત્મા તેને (દેહને) પરપણારૂપ - અર્થાત્ પરના આત્મારૂપે માને છે.

**ભાવાર્થ:** અજ્ઞાની બહિરાત્મા, જેવી રીતે પોતાના શરીરને પોતાનો આત્મા માને છે તેવી રીતે બીજાના (સ્ત્રી - પુત્ર - મિત્રાદિકના) અચેતન શરીરને તેમનો (સ્ત્રી - પુત્ર - મિત્રાદિકનો આત્મા) માને છે.

વિશેષ

જેમ પોતાના શરીરનો નાશ થતાં, બહિરાત્મા પોતાનો નાશ સમજે છે, તેમ સ્ત્રી-પુત્ર-મિત્રાદિના શરીરનો નાશ થતાં તે તેમના આત્માનો નાશ સમજે છે એમ તે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ - આત્મકલ્પના - કરી દુઃખી થાય છે, અને બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે. ૧૦

**णियदेहसरित्थं पिच्छिऊण परविग्गहं पयत्तेण ।**
**अच्चेयणं पि गहियं साइज्ज परमभाएण ।। ९ ।। - मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।**

**स्वशरीरमिबान्विध्य पराङ्गच्युतचेतनम् ।**
**परमात्मानमज्ञानी परबुध्धयाऽध्यवस्यति ।।३२ - १५।। - ज्ञानार्णवे, शुभचन्द्रः।**

---

આહાહા! **અન્વયાર્થ** લઈએ પહેલો

અજ્ઞાની, બહિરાત્મા, મૂંઢની વ્યાખ્યા, પરઆત્મબુધ્ધિ બીજાના આત્મા સાથે રહેલું અચેતન, ચેતના રહિત, બીજાના શરીરને, પોતાના શરીર સમાન જોઈને, પોતાના શરીર સમાન બીજાનું જોઈને, આ શરીર મારું એમ ઈ શરીર પણ એનું આત્માનું, એમ આત્માને શરીરને જ આત્મા માને છે. આહાહા! વાત તો સાચી. આ બાયડી છોકરાને ઓળખે છે તો શરીરને જ ઓળખે છે ને? એનો આત્મા શું છે ક્યાં? હેં મોહનલાલજી આત્માની કાંઈ (ખબર નથી), કોણ છે અંદર? આવું આ શરીર, આ મારી બાયડી ને આ મારો છોકરો, આ મારા મકાન આહાહા! એનો આત્મા પોતાના શરીરને જેમ પોતે પોતાને માને છે એમ, બીજાના શરીરને પણ એ આત્મા જ માને છે, એ એનું શરીર છે. એ એનું આત્માનું છે. આહાહા! આ તો બહુ સારી સમજાય એવી વાત છે આ ગૌતમભાઈ. માળો પણ ગૂંચાઈ ગ્યો છે ને? આહાહા! બીજાના આત્મા રૂપે માને છે ઈ બીજાનો આત્મા એમ ઈ શરીર એનું છે એ બીજાનો આત્મા ઈ શરીર આહાહા!

એનો ભગવાન આત્મા અંદર ભિન્ન છે, શરીર તો અંદર એક ખોળીયું, જુદી ચીજ છે આ તો. મ્યાન અને તરવાર બે જુદી ચીજ છે, શરીર તો મ્યાન છે, અને તરવાર ભગવાન અંદર રહેલો ભિન્ન ચીજ છે, પણ મ્યાનને દેખીને માને છે કે એ તરવાર

છે. સમજાણું કાંઈ? આહાહા! શરીર, વાણી, મનની દશા જે પોતાની માને ઈ એને આત્મા માને છે, એમ પરના શરીરને જ આત્મા, બાયડીનું, છોકરાઓનું, કુટુંબનું અરે નોકરોનું બધા આત્મા એ એમ છે ઈ. આહાહા! અજ્ઞાની બહિરાત્મા.

**ટીકા :** વ્યાપાર, વહેવાર, વાણી, વચન આકારાદિ વડે પર દેહને પરનો વ્યાપાર દેહાદિનો અને પોતાના દેહ સમાન જોઈને, કેવો જોઈને? કર્મવશાત્ બીજાના આત્માથી અધિષ્ઠિત સ્વીકૃત અચેતન ચેતનાયુક્ત જોઈને, ચેતના યુક્ત જોઈને આ સચેત વનસ્પતિ નથી કહેતા? સચેત વનસ્પતિ, વનસ્પતિ જડ શરીર છે ને ઓલો ચેતન તો ભિન્ન ચીજ છે. આમ છે ને?

**।।પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૧૯

## શ્લોક – ૧૦, ૧૧ અને ૧૨

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૯.૧૨.૭૪**

स्वदेहे एवमध्यवसायं कुर्वाणो बहिरात्मा परदेहे कथंभूतं करोतीत्याह -

**स्वदेहसदृशं दृष्ट्वा परदेहम्चेतनम् ।**
**परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ।। १० ।।**

નિજ શરીર સમ દેખીને પરજીવયુક્ત શરીર,
માને તેને આતમા, બહિરાતમ મૂઢ જીવ. ।। ૧૦ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

સમાધિતંત્ર, શેઠ ગ્યા ? ક્યાં ? મુંબઈ..

**વિશેષ**

જેમ પોતાના શરીરનો નાશ થતાં બહિરાત્મા પોતાનો નાશ સમજે છે.

આ તો શરીર, પર, જડ છે, એનો નાશ થતાં અજ્ઞાની મારો નાશ થયો, એમ અજ્ઞાની માને છે. કેમ કે શરીરથી જુદી ચીજ છું, આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ એની તેને ખબર નથી. એ શરીરના નાશ ટાણે અરે હવે હું જાઉં છું, મરી જાઉં છું, એમ અજ્ઞાની શરીરના નાશને પોતાનો નાશ માને છે. તેમ સ્ત્રી, પુત્ર, મિત્રાદિક ના શરીરનો નાશ થતાં તે તેમના આત્માનો નાશ સમજે છે. હું, શરીર નાશ થતાં એ આત્મા મરી ગયો એમ માને છે. પોતાને ય એમ માને છે અને પરને માટે (પણ એમ માને છે). એમ તે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ એટલે આત્મકલ્પના કરી દુ:ખી થાય છે. કઈ રીતે દુ:ખી થાય છે ? કહે છે.

આ શરીરમાં આત્મબુદ્ધિ, કલ્પના કરી દુ:ખી થાય છે. આહાહા ! એમ બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાને કારણે દુ:ખી થાય એમ માને છે. જોયું ? પોતાને શરીર (તે) હું, શરીરમાં થતી દશા (તે) હું એમ માની ને આત્મબુદ્ધિની કલ્પના પરમાં કરીને દુ:ખી થાય છે, એમ બીજાઓ જીવ પણ શરીરની પ્રતિકુળતાને લઈને દુ:ખી છે. એમ અજ્ઞાની માને છે. આહાહા ! સમજાય છે કાંઈ ? દુ:ખી, પ્રતિકૂળતાને લઈને નથી. પોતાના સ્વરૂપના અભાનને લઈને, અંદર અજ્ઞાનને રાગ દ્વેષ ને લઈને દુ:ખી છે, એમ ન માનતાં, શરીરની પીડામાં મને પીડા થઈ, શરીરના રોગે, રોગ મને આવ્યો, શરીરનો નાશ થતાં, હું નાશ થઈ ગ્યો. એમ બહિરાત્મા માને છે. એટલે કે બહિર ચીજ જે એનામાં નથી એને પોતાની માને છે. તેથી એમાં આત્મબુદ્ધિ કલ્પના, કરીને દુ:ખી થાય છે અને બીજાઓ કુટુંબીઓને પણ એમ ઈ માને છે.

સ્ત્રી, પુત્ર છે ને ? સ્ત્રી, પુત્ર, મિત્ર આદિના શરીરનો નાશ થતાં એ પણ શરીરની પ્રતિકૂળતાને કારણે દુ:ખી થાય એમ માને છે. પણ એમાં આત્મબુદ્ધિ કલ્પી છે માટે દુ:ખી થાય છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ ? જ્યાં જેમ શરીરને પોતાનું માન્યું જેથી શરીરમાં પ્રતિકૂળતા થતાં એણે આત્મબુદ્ધિ કલ્પી છે, કે આ હું છું. એવી આત્મબુદ્ધિ કલ્પનાથી તે દુ:ખી છે. શરીરની પ્રતિકૂળતાથી નહિ. એ તો જ્ઞેય છે. પણ ભાનમાં એમ છે કે આ હું છું, એથી એને આત્મબુદ્ધિ કલ્પના કરી અને શરીરમાં આમ થ્યું એમ કરીને પોતે દુ:ખી થાય. એમ સ્ત્રી, પુત્રને પણ એમ માને છે. એને શરીરની પ્રતિકૂળતા છે માટે દુ:ખી થાય છે. આહાહા ! કો' સમજાણું કાંઈ ? એમ નથી. એ પર વસ્તુને (પોતાની માની), પોતાની ચીજને ન જાણતાં, પરને પોતાની માની છે. આત્મબુદ્ધિ કરી માટે દુ:ખી થાય છે. સમજાણું કાંઈ ? ભારે ઝીણી વાતું ભાઈ ! કહે છે બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાને દુ:ખી એમ ઈ માને છે. અજ્ઞાની હોં, અગીયાર ગાથા.

एवंविधाध्यवसायात्किं भवतीत्याह–

**स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् ।**
**वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ।। ११ ।।**

વિભ્રમ પુત્ર - રમાદિગત[1] આત્મ[2] - અજ્ઞને થાય.
દેહોમાં છે જેહને આતમ - અધ્યવસાય[3]. ।। ૧૧ ।।

**टीका : विभ्रमो विपर्यासः पुंसां वर्तते । किं विशिष्टानां? अविदितात्मनां अपरिज्ञातात्मस्वरूपाणां । केन कृत्वाऽसौ वर्तते? स्वपराध्यवसायेन । क्व? देहेषु । कथम्भूतो विभ्रमः? पुत्रभार्यादिगोचरः परमार्थतोऽनात्मीयमनुपकारकमपि पुत्रभार्या धनधान्यादिकमात्मीयमुपकारकं च मन्यते। तत्सम्पतौ संतोषं तद्वियोगे च महासन्तापमात्मवधादिकं च करोति ।। ११ ।।**

**અન્વયાર્થ:** (अविदितात्मनां पुंसां) આત્માના સ્વરૂપથી અજ્ઞાત પુરુષોને, (देहेषु) શરીરોમાં (स्वपराध्यसायेन) પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે (पुत्रभार्यादिगोचरः) પુત્ર - સ્ત્રી - આદિકના વિષયમાં (विभम्रः वर्तते) વિભ્રમ વર્તે છે.

**ટીકા:** પુરુષોને વિભ્રમ અર્થાત્ વિપર્યાસ (મિથ્યાજ્ઞાન) વર્તે છે. કેવા પુરુષોને ? આત્માથી અજાણ - આત્મસ્વરૂપને નહિ જાણનારા - પુરુષોને. શાથી કરીને તે (વિભ્રમ) વર્તે છે ? સ્વ - પરના અધ્યવસાયથી. (વિભ્રમ) ક્યાં થાય છે ? શરીરો વિષે. કેવો વિભ્રમ થાય છે ? પુત્ર - ભાર્યાદિ વિષયક (વિભ્રમ થાય છે.) - પરમાર્થે (વાસ્તવમાં) પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ આત્મીય (પોતાનાં) તેમજ ઉપકારક નહિ હોવા છતાં, તે (વિભ્રમિત પુરુષ) તેમને આત્મીય તથા ઉપકારક માને છે, તેમની સંપત્તિમાં (આબાદીમાં) તે સંતોષ તથા તેના વિયોગમાં મહાસંતાપ અને આત્મવધાદિક કરે છે.

**ભાવાર્થ:** જે પુરુષોને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી, તેઓ પોતાના શરીરમાં પોતાના આત્માની અને પરના શરીરમાં પરના આત્માની કલ્પના કરી, સ્ત્રી - પુત્રાદિકના વિષયમાં વિભ્રાન્ત રહે છે - અર્થાત્ પોતાના શરીરની સાથે સ્ત્રી-પુત્રાદિકના શરીર - સંબંધને જ પોતાના આત્માનો સંબંધ માને છે.

બહિરાત્મા સ્ત્રી - પુત્ર - મિત્રાદિ અનાત્મીય અર્થાત્ પર હોવા છતાં તેમને આત્મીય માને છે અને પોતાને અનુપકારક હોવા છતાં તેમને ઉપકારક માની તેમની રક્ષાનો પ્રયત્ન કરે છે, તેમના સંયોગાદિમાં સુખી થાય છે અને તેમના વિયોગાદિમાં મહાસંતાપ માને છે અને આત્મવધ પણ કરે છે.

---

सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं ।
सुयदाराईविसए मणुयाणं वड्ढए मोहो ।। १० ।। मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः ।

૧. રમા : સ્ત્રી ૨. આત્મ - અજ્ઞ : આત્માને નહિ જાણનાર ૩. આતમ - અધ્યવસાય : આત્માની માન્યતા

**વિશેષ**

''...... શરીરનો સંયોગ થવા અને છૂટવાની અપેક્ષાએ જન્મ-મરણ હોય છે તેને પોતાનાં જન્મ-મરણ માની 'હું ઉપજ્યો, હું મરીશ' એમ માને છે. વળી શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે, જેમકે જેનાથી શરીર નીપજ્યું તેને પોતાનાં માતા-પિતા માને છે, શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે, શરીરવડે નીપજ્યાં તેને પોતાનાં દીકરા-દીકરી માને છે, શરીરને જે ઉપકારક છે તેને પોતાનો મિત્ર માને છે તથા શરીરનું બૂરું કરે તેને પોતાનો શત્રુ માને છે, ઇત્યાદિરૂપ તેની માન્યતા હોય છે. ઘણું શું કહીએ? હરકોઇ પ્રકારવડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે...... ''[૪]

''..... વળી જેમ કોઇ બહાવરો બેઠો હતો ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી માણસ, ઘોડા અને ધનાદિક આવી ઉતર્યાં; તે સર્વને આ બહાવરો પોતાનાં જાણવા લાગ્યો, પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઇ આવે, કોઇ જાય અને કોઇ અનેક અવસ્થારૂપ પરિણમે-એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે. એ પ્રમાણે આ જીવ જ્યાં પર્યાય (શરીર) ધારણ કરે છે ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી પુત્ર, ઘોડા અને ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે તેને આ જીવ પોતાનાં જાણે છે, પણ એ તો પોતપોતાને આધીન કોઇ આવે, કોઇ જાય તથા કોઇ અનેક અવસ્થારૂપ પરિણમે-એમ તેની પરાધીન ક્રિયા હોય છે, તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.''[૫] **૧૧**

---

આમાં ક્યાં છે આમાં? આમાં એ નાખ્યું નથી નહીં? ગુજરાતી, આપણે તો અત્યારે થઈ ગ્યું છે આનું. આમાં નાખ્યું નથી ઠીક હેં? બીજી વાર થાશે ત્યારે. પુરૂષોને વિભ્રમ વિપર્યાસ કેમ વર્તે છે? આત્માને વિભ્રમ વિપર્યાસ વિપરીત બુધ્ધિ કેમ વર્તે છે? એનો ખુલાસો, કેવા પુરુષોને? એ વિભ્રમ બુધ્ધિ થાય છે એ કેવા પુરુષોને? આત્માથી અજાણ, ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી, આનંદ સ્વરૂપી છે એના અજાણને, એને નહિ જાણનારને, એવા પુરુષોને મિથ્યાજ્ઞાન વર્તે છે. આહાહા! એટલે કે ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાનાનંદ છે એના જે અજાણ છે એને શરીર હું છું એમ વિભ્રમ થાય છે. કહો પોપટભાઈ! આહાહા! શાથી કરીને? કે સ્વ પરના અધ્યવસાયથી. આત્માને શરીર બે એક છે એવા માનનારને. આહાહા! બહુ વાત ટૂંકી છે પણ, હેં? મુદ્દાની છે.

શરીર અને આત્મા સ્વ અને પર સ્વ જ્ઞાયક સ્વરૂપ અને પર રાગ અને

---

૪. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ - પૃ. ૮૫. ૫. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ - પૃ. ૫૪.

શરીર સ્વરૂપ એ બેના એકપણાના અધ્યવસાયની બુધ્ધિને લઈને એને વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા! અહીં એમ નથી કહ્યું કે દર્શનમોહના કરમને લઈને વિભ્રમ થાય છે. હેં? આહાહા! ખરેખર તો દર્શનમોહનો જે ઉદય છે જડની દશા છે અને આ મિથ્યાત્વ છે એ ચૈતન્યની વિપરીત માન્યતા છે. બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? એટલે કે દર્શનમોહને લઈને મિથ્યાત્વ થાય, એ વાત સાચી નથી. એ શરીરને પોતાનું માને છે, સ્વ પરની એકતા માને છે, એ માન્યતાને લઈને એને દુઃખ થાય છે. વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા! હવે આવી વાત આવે ત્યાં લોકો એમ કહે નહીં. કરમને લઈને ભ્રમણા થાય, દર્શનમોહને લઈને ભ્રમણા થાય એ એની માન્યતા તદ્દન જૂઠી છે. પરને એકત્વ માનનાર છે. તેથી તેને આવી બુદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

શરીરો વિષે કેવો વિભ્રમ થાય છે? પુત્ર ભાર્યાદિ વિષયક, સ્ત્રી, કુટુંબ પરિવાર વિષયક. એટલે પર ઉપર એનું લક્ષ છે ને, એ કારણે એને વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા! પરમાર્થે પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ પોતામાં તેનો ઉપકાર નહીં હોવાં છતાં, આહા, શરીર વિષે વિભ્રમ કેમ થાય છે? કે પુત્ર સ્ત્રી આદિ વિષય પર છે એનો વિભ્રમનો એ પરમાર્થે પુત્ર સ્ત્રી આદિને પોતાના માને છે. તેમજ ઉપકાર નહીં હોવાથી, એનો ઉપકાર આંહી નથી. આહાહા! છતાં વિભ્રિત તેમને આત્મ ઉપકારી માને છે. આ બધા મારા ઉપકારી છે. મારા શરીરના પોષક છે, શરીરના રક્ષક છે. આહાહા! ઈ શરીર છે ઈ હું છું અને એ શરીરના આ બધાં રક્ષકો છે. એમ એનો ઉપકાર માનીને વિભ્રમ ઉત્પન્ન કરે છે, કો સમજાણું કાંઈ? બાળકને મોટા કરે મા બાપ, એને ભણાવે, એને વેપારને રસ્તે ચડાવે. એમ નથી કરતાં? ના ના કાંઈ કરતાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

પરદ્રવ્યની કંઈ પણ પર્યાયને એ કરે છે, મેં એને ઉપકાર કર્યો, મોટા કર્યાં એટલે વૃધ્ધાવસ્થાએ અમને અમારી સેવા તો એણે કરવી જોઈએ ને? એ પોપટભાઈ! માને છે કે નહિ એમ? હેં? આખી દુનિયા ભ્રમ(માં) પડી છે આમાં, આહા, અમે આને પાળી પોષીને મોટા કર્યાં, પાપથી પૈસા પેદા કર્યા'તાં એને માટે ખર્ચ્યા, પરણાવ્યા. હવે એને ભ્રમ થઈ જાય છે કે ઉપકાર અમે એને કર્યો એ અમને કરશે? આવો અજ્ઞાની ને ભ્રમ થાય છે. સમજાણું કાંઈ? એમ નહિ હોય? કાંતિભાઈ? એ વિભ્રમ તથા ઉપકારક માને, તેમની સંપત્તિમાં એટલે શું? અજ્ઞાની પોતાનો સ્વભાવ ને પરભાવ બેની ભિન્નતાના ભાન વિના, બેની એકતા બુદ્ધિથી, અધ્યવસાયથી એ દુઃખી થાય છે. છતાં એ એમ માને છે કે એ સ્ત્રી કુટુંબની આબાદી રહે, એની પાસે લક્ષ્મી રહે, સંપદા રહે, સારે ધંધે ચડે, પેદા કરે એની આબાદીમાં તે સંતોષ માને છે. કહો, કેમ છોકરાં રળે સરખા કારખાના

કરીને. નહીં ? ૫-૫ લાખ પેદા કરે, રસ્તા ગોતી કાઢે બુદ્ધિથી, એની સંપદા આ હોય એમ માનીને કહે છે ને ?

આબાદી એની છે આબાદી રહે. એની સ્ત્રી, એ પોતે, એની સંપદા, એની આબરૂ એના કારખાનાં, હેં ? એ કારખાના નો'તા તો બીજો વેપાર આહાહા ! એની સંપત્તિ નામ હૈયાતિમાં તે સંતોષ અને તથા તેના વિયોગમાં સદા સંતાપ. આહાહા ! અને આત્મવધાદિ કરે છે. આત્માનો વધ કરે છે. પોતે પોતાનો વધ કરે છે. આહાહા ! પણ કુદરતે તો એમ થાય કે નહિં ? છોકરાઓ હોય સારા બધી સારી સ્થિતિમાં હોય તે સુખી માણસો કહેવાય. નહિં ? (શ્રોતાઃ આરામથી રહી શકાયને) હેં ? આરામથી રહી શકે. જુઓ આમ પૈસા છતાં દુઃખી આ. એના ભાઈની વાત કરે છે. આરામ કોને કહેવો ? એ તો ધૂળ છે. આહા, આહા ભાઈ તને ખબર નથી. આરામ તો આતમરામમાં આરામ છે. આહાહા ! આહા સવારે હતાં આ દાસ, સવારે, નો'તા ? બપોરે આવ્યા. સમજાણું કાંઈ ? આહાહા !

પોતાને સુખ થાય, ક્યારે ? કે સુખ સ્વરૂપ આત્મા છે. ભગવાન આત્મામાં આનંદ છે. એના ગુણમાં આનંદ છે. એવા આનંદનો ભાવ એ મારામાં છે. એમ માનનારને પર્યાયમાં આનંદ થાય. આહાહા ! સમજાણું કાંઈ ? પણ પરના લક્ષ્મી ને સંપદાને દેખીને આબાદી માને અને એનાથી ખુશી થાય એ તો મિથ્યાત્વને સેવે છે. ધર્મ નહીં. ઝીણી વાતો બહુ ભાઈ, વીતરાગનો મારગ, સર્વજ્ઞનો મારગ બહુ ઝીણો છે. સમજાણું કાંઈ ? પોતા સિવાય શરીર, વાણી, રાગને પોતાના માને, એની કલ્પનાથી દુઃખી છે એમ બીજાને પણ એની સંપદાને અનુકૂળ રહે તો ઠીક એમ વિભ્રમ કરીને એ પણ દુઃખી થાય છે, એની સંપદા લુંટાઈ જાય છે, છોકરાં નિર્ધન થઈ જાય, બાયડી મરી જાય, એકલાં શરીરમાં ક્ષય રોગ લાગુ પડે, હાય હાય બિચારા દુઃખી છે એમ કહે પણ એ એની અનુકૂળતાએ એને સુખ લાગે છે એ પોતાની કલ્પનાથી લાગે છે. અને એની પ્રતિકૂળતા થાય તો દુઃખી છે ઇ પોતાની કલ્પનાથી માને છે ઇ. આહાહા ! ભારે !

શરીરની સાથે સ્ત્રી પુત્રના શરીરના સંબંધને, શરીરના સંબંધને, આત્માને સંબંધની તો ખબર નથી. આહાહા ! આ મારી દિકરી, આ મારો દિકરો, આ મારો, આ મારી બાયડી એના શરીરને જુએ છે ને ? આત્મા અંદર છે એને કે'દિ જોયો. આહાહા ! એની પ્રતિકૂળતા દેખીને એને દુઃખ થાય છે, ઈ શરીરની. સમજાણું કાંઈ ? કેમ કે પોતે પણ પરમાં આત્મા કલ્પ્યો છે એવા એ પણ આત્મા પરરૂપ શરીરમાં જેને માને છે. પોતાની પેઠે પરને માને છે. સ્ત્રી પુત્રાદિના સંબંધને પોતાના આત્માનો સંબંધ માને છે.

બહિરાત્મા, બહિરાત્માની વ્યાખ્યા આ છે, કે પહેલા આવી ગ્યું છે. ખરેખર તો શરીર, વાણી, મન એ બાહ્ય છે, બહિર છે એને પોતાના માને. રાગ, દ્વેષ ને દયા દાનના ભાવ થાય એ પણ બહિર છે. બહાર છે. અંતરનું સ્વરૂપ નથી એને પોતાના માને, એ સિવાય ખરેખર તો બહિઃતત્વ કહ્યું'તું તમને નહીં માથે? (શ્રોતા : જી હાં ૩૮ મી ગાથા) (સમયસાર) ૩૮ મી ગાથા હં? 'જીવાદિ બહિતત્વમ્ હેયમ્' કીધું. જો આ કહ્યું, ૩૮ ગાથા આવી છે ને આ બાજુ. જીવ આદિ બહિઃતત્ત્વની વ્યાખ્યા કે જીવનું ધ્રુવ સ્વરૂપ છે એને છોડીને એની એક સમયની જે અવસ્થા છે એ બહિઃતત્ત્વ છે. આહાહા! રાગ, શરીર, વાણી, કુટુંબ એ તો બહિઃતત્ત્વ છે. આહાહા! પણ ભગવાન સ્વરૂપી ધ્રુવ ચૈતન્ય, પૂર્ણાનંદ પ્રભુ, એવા અંતરતત્ત્વની અંતર સ્વભાવની અપેક્ષાએ એક સમયની દશાને પણ બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહાહા!

એ બહિઃતત્ત્વને અંતરતત્ત્વ માને છે કે આ હું છું. સમજાય છે કાંઈ? પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ તો બાહ્ય પૃથક્ બહિઃતત્ત્વ છે. રાગાદિ પણ પર્યાયમાં બહિઃતત્ત્વ છે. આહાહા! પણ આત્માની એક સમયની પર્યાય વ્યક્ત છે. અનંત ગુણની પ્રગટ એક સમયની અવસ્થા જે છે વ્યક્ત તે પણ ખરેખર અંતરઆત્મા પૂર્ણાનંદનો નાથ પૂરણ સ્વરૂપ ભગવાન એની અપેક્ષાએ તે એક સમયની પર્યાય પણ બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહાહા! જગતને 'બહિતત્ત્વં હેયમ્'. એમાં આવ્યું છે ને? તે વાંચ્યું'તું ત્યાં, વાંચ્યું'તું ને? કલકત્તામાં વાંચ્યું'તું એણે ૩૮ મી ગાથા. સભા સભા ખુશી ખુશી થઈ ગઈ. જો આ ૧૬ વરસનો છોકરો છે. તમારે કેટલા થ્યા ? ૬ ને ૧? આમ એકસઠને આ સોળ.૩૮ મી ગાથા વાંચી'તી એણે ત્યાં સભામાં કલકત્તા. એણે પછી બતાવ્યું'તું મને. 'બહિતત્ત્વં હેયં. આ..હા.. અંતરતત્ત્વં ઉપાદેયં'. એવા એક પદના બે શબ્દ છે. છે ને ? ૩૮ ગાથા, જેને પોતાની પર્યાયના અંશમાં પોતે માન્યું છે તો બીજાના અંશને એના અંશમાં એ આત્મા છે ને શરીરમાં આત્મા છે એમ એણે માન્યું છે. સમજાણું કાંઈ?

બીજાના આત્મામાં પણ પર્યાયમાં જ્ઞાનનો ક્ષયોપક્ષમ દેખીને એ આત્મા છે એમ માને છે. આહાહા! (શ્રોતા : ક્યાંથી ક્યાં લઈ જાય છે) હેં? એ તો આવી ગ્યું છે ને પહેલું નહિં? ઈન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે, એ ગાથા આવી ગઈ છે. ઈન્દ્રિયના મુખ્ય આ પાંચ ઈન્દ્રિયો અરે ખંડ ખંડ ઈન્દ્રિયો, એ દ્વારા બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે એ દ્વારા અંતરનું નથી થતું. હેં? આહાહા! એમ વર્તમાન પર્યાયમાં જે કંઈ ૧૧ અંગનું શાસ્ત્રનું ભણતર, ૯ પૂર્વનું ભણતર એ બહિઃતત્ત્વ છે. કેમ કે ઈન્દ્રિયો દ્વારા એ જાતનો વિકાસ છે. આત્મા દ્વારા નથી. આહાહા! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું બાપુ.

આત્માની વાત. વીતરાગ તત્ત્વ, એમાં દિગંબર તત્ત્વ, દિગંબર એટલે કે રાગની લાગણી વિનાનો ભગવાન એવો આત્મા, હેં? આહાહા!

પ્રભુ આત્મામાં કહે છે પોતાની પર્યાયમાં જ્યાં જ્ઞાનનો કાંઈક ક્ષયોપશમ વધ્યો, એટલે એને એમ થઈ ગ્યું કે હું વધ્યો. ઈ પર્યાયને જ આત્મા માની છે. સમજાણું કાંઈ? એણે બાહ્ય તત્ત્વને જ આત્મા માન્યો છે. આહાહા. અંતરતત્ત્વ પૂર્ણાનંદ સ્વભાવ અંત:તત્ત્વ એ આવે છે ને ભાઈ નહિં નિયમસારમાં? કઇ? ૪ થી ગાથા નહી? બહિ:તત્ત્વને અંત:તત્ત્વ એને માને એ વહેવાર સમક્તિ છે. બે ભેગા થ્યા ને? શું કહ્યું? નિયમસારમાં આવે છે ને ૯ તત્ત્વો. અથવા અંત:તત્ત્વ પરમાત્મા અને બહિ:તત્ત્વ પર્યાયાદિ. બે ને માને એ હજી વહેવાર સમક્તિ એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? અંતરઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે ને આંહી? આહાહા! તત્ત્વો બહિર્તત્ત્વ અને અંત:તત્ત્વ રૂપ પરમાત્મતત્ત્વ એવા બે ભેદો વાળા છે. આહાહા! અંત:તત્ત્વ પરમાત્મ સ્વરૂપ પોતાનું અને બહિ:તત્ત્વ પર્યાયાદિ, એ બહિ:તત્ત્વ પર્યાયાદિ આશ્રવ ઈત્યાદિ. ફરીથી અંત:તત્વ પરમાત્મા. બેને માનવા એનું નામ હજી વિકલ્પ ને વહેવાર સમક્તિ છે. આહાહા! કે કોને? જેને અંત:તત્ત્વ જે શુધ્ધ ચિદાનંદ ધ્રુવ પ્રભુ, એની જેને દ્રષ્ટિ થઈ છે, અંતરતત્ત્વની દ્રષ્ટિ થઈ છે એને પરમાત્મ સ્વરૂપની દ્રષ્ટિ થઈ છે એને નિશ્ચય સમક્તિ છે. એને એ પરમાત્મ તત્ત્વ અને બહિ:તત્ત્વ બેની શ્રદ્ધા કરે એ વિકલ્પ અને વહેવાર છે. આહાહા સમજાણું કાંઈ? શાંતિભાઈ આવી વસ્તુ છે. આવી તો ઝીણી બહુ. ભાગ્યશાળી ભાઈ આ તો સાંભળે એના એવી વાત છે. આહાહા!

પ્રભુ મોટો અંતર પરમાત્મા પૂર્ણાનંદનો નાથ. અંત:તત્ત્વતો પરમાત્મ સ્વરૂપી જ અંત:તત્ત્વ છે. આહાહા! એવા અંત:તત્ત્વનો એકનો અનુભવ દ્રષ્ટિ એનું નામ નિશ્ચય સમ્યક્દર્શન છે. અને એની સાથે અંત:તત્ત્વ અને બહિ:તત્ત્વ પર્યાયાદિની માન્યતાનો ભાવ એ વિકલ્પ છે. રાગ છે. આહાહા! એકલાને માનવું તે નિર્વિકલ્પ સમકિત છે. આહાહા! અને એકલા ભેગો બેકલાને માનવું એ શુભ રાગ છે, એ વહેવાર સમક્તિ છે. એ વાસ્તવિક સમક્તિ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ કહ્યું ને? બહિ:તત્ત્વ અને અંત:તત્ત્વ રૂપ પરમાત્મ તત્ત્વનું અથવા જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધને મોક્ષ હોવાને લીધે સાત પ્રકારના છે. એવી જે શ્રધ્ધા તે વહેવાર સમક્તિ છે. સાચું સમક્તિ નહિ. આહાહા! સત્ય સમક્તિ નહિ. ગજબ વાત છે. ભગવાન આત્મા પૂરણ પૂરણ પૂરણ ગુણે પૂરણ દ્રવ્યે સ્વભાવે એવી એની અંતરમાં, અંતરતત્ત્વમાં જ્યાં દ્રષ્ટિ પડી ત્યારે એકલું નિશ્ચય સમક્તિ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ જે એકલા

અંતઃતત્ત્વને છોડી દઈને આ છે ને રાગાદિ ને પર્યાય છે. એમ બેયને માને એક હારે. આહાહા ! એકલો છોડી દઈને બેકલા હારે એને માને કહે છે આહાહા ! ગજબ વાત છે. તો પણ એ વહેવાર સમક્તિ એટલે સમક્તિ નહિ એમ. હેં ? આહાહા ! કઈ વાત કરે છે ?

પૂરણ આનંદ પ્રભુ જેની શક્તિનું સામર્થ્ય અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત વિભુતા, અનંત પ્રમેયતા, અનંત પ્રમાણતા આહાહા ! એવી અનંત શક્તિઓનો એકરૂપ અંતઃતત્ત્વ, એમાં દ્રષ્ટિ જવી કારણ કે તેમાં સમ્યગ્દર્શન શ્રદ્ધા ત્રિકાળ પડી છે એમાં, સમજાણું કાંઈ ? એમાં દ્રષ્ટિ પડતાં આહાહા ! એનો એવો ધ્રુવ નિત્ય સ્વભાવ પરમાત્મ સ્વરૂપ એનો અંતરમાં પર્યાયમાં સ્વીકાર થતાં એને નિશ્ચય સાચી દ્રષ્ટિ સમ્યગ્દ્રષ્ટિ, સાચું તત્વ એને દ્રષ્ટિમાં આવ્યું. આહાહા ! બાબુભાઈ બહુ વાતું આકરી જગતને લાગે. બાહ્યથી માની બેઠાં કે આ દેવ ગુરૂ ધર્મની શ્રદ્ધા એ સમક્તિ. હવે કરો વ્રત. ધૂળેય નથી હવે સાંભળને. આહાહા ! સમજાણું કાંઈ ? જયંતિભાઈ ? સામાયિક ને કર્યા હશે કે નહિ ? કર્યા છે. આહાહા ! ક્યાં સામાયિક હતી ભાઈ ? અરે અંતઃતત્ત્વ વીતરાગ મૂર્તિ એકરૂપ વસ્તુ એને પડખે ચડયા વિના, રાગને પર્યાયને પડખે ઉભો રહીને જે કાંઈ કરે એ બધું મિથ્યાત્વની ક્રિયા છે. હેં ? આહાહા ! આ તો જરી વળી આ યાદ આવ્યું. અહિં બહિરનો અર્થ એકલા બાયડી છોકરા એમ નહિં. આહાહા !

પથારો બધો હોયને આમ બધો. ગુંદાલામાં એક ફેર ગયેલા ને ત્યાં એક કાઠી છે, ત્યાં કાઠી અને કાંઈ હશે ૨૦ - ૨૫ હજારની ઉપજ એ વખતે હોં ! ૭૨ - ૭૩ માં બે ત્રણ રાણીઓ હતી. પછી કોકે પૂછયું કે બાપા રાણી કેટલી તમારે ? કહે મને ખબર નથી કામદારને પૂછો. છે ને ઓલા ગૃહસ્થ માણસને જે કંઈ આપે. ૨૫ હજારની ઉપજ તે'દિ તો બહુ કહેવાતીને, હવે તો સાધારણ છે. ગરાસની હોય ઉપજ વળી કહે કે ભલે એની ૬૦ વરસની ઉંમર હોય રોટલો તો મળશે સરખો, કહો હવે, બે ત્રણ ઈ રાણીઓ રાખતા. એને પૂછે નીકળે બચારા. નીચે ઉતરે ને પગે લાગે. મહારાજ. કંઈ ખબર ન મળે. રાણીઓ કેટલી ? એટલી એને આંકડાનીય ખબર ન મળે. (શ્રોતા : રાજા કે'નું નામ ?) હેં ? (શ્રોતા : રાજા કે'નું નામ ?) આ મૂર્ખ નું નામ રાજા. કામદારને પૂછો. એમ કહે, આરે આવું.

એમ આને પૂછો અલ્યા તું કોણ છો ? ક્યાં છો ? કે મને કાંઈ ખબર નથી, એવો એ મૂરખ છે. ચીમનભાઈ ! કથન શું આવ્યું ? સમજાણું કાંઈ ? આહાહા ! એલા તું ક્યાં છો ? કોણ છો ? કેમ છે ? મને કાંઈ ખબર નથી. આહાહા ! ઓલાને રાણીઓની ખબર નથી. આને ઘરની ખબર નથી. આહાહા ! પ્રભુ ચૈતન્ય મૂર્તિ મહા અતીન્દ્રિય

આનંદના સાગરનો છલોછલ ભરેલો પદાર્થ. એવા પદાર્થ કોણ છે તે મને ખબર નથી. આહાહા! એવા અંત:તત્ત્વના અજાણ અજ્ઞાનીઓ બહિ:તત્ત્વને પોતાનું માનીને વિભ્રમ નામ મિથ્યાત્વ ને ઉત્પન્ન કરે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

છેલ્લો પેરેગ્રાફ છે ને? બહિરાત્મા, હેં? સ્ત્રી, પુત્ર, મિત્રાદિ અનાત્મીય, પર હોવા છતાં, છે ને? આહાહા! અજ્ઞાની મૂંઢ જીવ સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ અથવા એક સમયની પર્યાય તે અણાત્મા છે નિશ્ચયથી, તો આત્મા તો એને કહે છે નિશ્ચય ત્રિકાળ આનંદ કંદ પ્રભુ, વસ્તુ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન તેને આત્મા કહે છે. આહાહા! એવા આત્માને આત્મા તરીકે ન માનતા, ન જાણતાં બહિ:તત્ત્વ તે હું છું. આહાહા! પર્યાયની દશા એ ખરેખર એ પણ વહેવાર આત્મા છે. વહેવાર આત્મા એટલે ૧૧ અંગનું જ્ઞાન થ્યું હોય, ૯ પૂર્વનું લબ્ધિનું જ્ઞાન થ્યું હોય, આહાહા! વિભંગ થ્યું હોય, ૮ દ્વિપ ને ૮ સમુદ્ર જાણે એ પર્યાય પણ અણાત્મા છે. હેં? સમજાણું કાંઈ? એને મિથ્યાદ્રષ્ટિ હું આ છું, આવડો હું છું, એમ માનનાર મિથ્યાત્વ ઉભું કરે છે. આહાહા! તેમને આત્મીય માને છે જોયું? અને પોતાને અનુપકાર હોવા છતાં. આહાહા! ખરેખર તો બાહ્યને લક્ષે થતો ક્ષયોપક્ષમ ભાવ આહાહા! એ પણ બહિ:તત્ત્વ છે ઈન્દ્રિયોથી જે કંઈ જ્ઞાન થયું એ બધું બહિ:તત્ત્વ છે. આહાહા! એમાં જેની આત્મબુધ્ધિ છે એ ઉપકાર થયો નથી છતાં એણે મને ઉપકાર કર્યો. આહાહા! સમજાણું કાંઈ? તેમનો ઉપકાર માની એનો અનુપકાર હોવા છતાં આહાહા! કુંદકુંદાચાર્ય, એનું તત્ત્વ. સમજાણું કાંઈ? આત્મા જેવા ઊંડાણ ભર્યાં છે.

ભગવાન સ્વરૂપ આત્મા પૂરણ, એની ભીતર આત્મા જેને કહીએ નિશ્ચય આત્મા ઇ આત્મા છે. ઇ ૩૮ ગાથામાં આવે છે ને? એ આત્માને આત્મા તરીકે ન જાણતાં, એક સમય ના પરતરફના વલણના ક્ષયોપશમ ભાવ, ઈ તો ક્યાંક કહ્યું'તું ને? ક્ષયોપશમ ભાવ ઈ આત્મા નથી. કહ્યું'તું ને ૪૯ મી ગાથા, અરસ, અરૂપ, અગંધ. ક્ષયોપક્ષમ ભાવથી જાણે એ નહિ, આહાહા! એના તરફના વલણથી જે જાણે એ આત્મા નહિ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પર્યાય બુદ્ધિ ઓલાને કહે છે, આહાહા! એને દિશા પલટવા માટે ઘણું જોર જોઈએ ભાઇ. સમજાણું કાંઈ? તેમની રક્ષાનો પ્રયત્ન કરે છે. આહાહા! રાગને રાખવાનો, સ્ત્રી પુત્રનો રાખવાનો. આહાહા! અને બાહ્યકૃતના ક્ષયોપશમ જ્ઞાનને રાખવાનો પ્રયત્ન કરે છે. (શ્રોતા : ગંભીરવાત છે) હેં? (શ્રોતા : ગંભીર વાત છે) આહાહા! તેમના સંયોગ આદિમાં સુખી થાય છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, અનુકૂળ શરીર, ઠીક સંયોગ, અને બાહ્ય ઈન્દ્રિયથી થતાં જ્ઞાન એ પણ સંયોગી જ્ઞાન છે. રાગ જેમ સંયોગી ભાવ છે. રાગ સંયોગી કીધો છે ને? એમ આ ય ઈન્દ્રિય દ્વારા થતું જ્ઞાન એ સંયોગી જ્ઞાન. કારણ

કે એ ટકતું નથી. નાશ થઈ જશે. આત્મા એનાથી રહિત થઈ જશે. આહાહા! એવા જ્ઞાનમાં જ્ઞાનને રક્ષા ને પ્રયત્ન કરે છે. આહાહા! તેમના સંયોગમાં સુખી થાય છે. તેમના વિયોગાદિમાં મહાસંતાપ માને છે. અને આત્મવધ પણ કરે છે. પોતાને વધ કરે છે. આહાહા!

## વિશેષ

શરીરનો સંયોગ થવા અને છૂટવાની અપેક્ષાએ જન્મ મરણ હોય છે તેને પોતાના જન્મ મરણ માની હું જન્મ્યો, મારા જન્મનો આ દિવસ છે. આહાહા! જન્મ જયંતિ કરે છે ને? આ અમારા જન્મનો, તારો છે? તારો જન્મ છે એ તો શરીરનો થ્યો આહા. એ જન્મ ને પોતાનો જન્મ માને છે. આહાહા! હું ઉપજયો, હું મરીશ, એમ માને છે, વળી શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે. શરીરની અપેક્ષાએ મારો સંબંધ છે. એમાં આત્માને સંબંધ છે? મરી જાય તો એ શરીરમાં અરેરે મારો ભાઈ મરી ગ્યો. મારો બાપ, એનો આત્મા મરીને ક્યાં ગ્યો એને પોકારે છે કોઈ ? કે આ બાપા મરી ગ્યા, ક્યાં ગ્યા હશે? પાપ કરીને ગ્યો તો નરકમાં ગ્યો હશે. બીજે ક્યાં જાય? બહુ પાપ ન કર્યા હોય તો ઢોરમાં જાય. ઘણાં તો ઢોરમાં જવાના. પશુ, પશુ. ઈ પૂછે છે ને કે મારા બાપા ક્યાં ગ્યા હશે? મારા બાપની સગવડતાની સગવડતા ગઈ એને એ રોવે છે. સમજાણું કાંઈ? અથવા ભાઈ હારે હોય ને ભાઈની સગવડતા જે હતી એ ગઈ એને એ રોવે છે. ભાઈ મરીને ક્યાં ગયો એનો આત્મા? કોણ રોવે છે? આહાહા!

કહે છે એ પોતે શરીરને ઉપજતા હું ઉપજ્યો, શરીર જતાં હું માને શરીરની જ અપેક્ષા એ અન્ય જીવોથી સંબંધ માને છે જોયું? જેમકે જેનાથી શરીર નીપજ્યું તેને પોતાના માતા પિતા માને છે. આત્માને માતા પિતા કેવા? અરે આ તો બધો સંસાર ઉડાડી દેવો પડે. પોપટભાઈ (શ્રોતા : ઉડેલો છે) અહિં બાપુજી બાપુજી કરે. છ - છ છોકરા બેઠા હોય ને અંદરમાં, દુકાને પેદાશ હોય ૫૦, ૬૦, ૭૦ હજારની. આહાહા! એની આબાદી એ આબાદી છે એમ માને. ગજબ વાતું છે આ તો બાપુ અને એના અભાવે એ દુઃખી થાય છે, શરીરની કલ્પનાથી એ પોતે દુઃખ માને. આહાહા! એ આ રીતે દુઃખી થાય એમ માને. પોતે એ રીતે માને છે ને? શરીર માતા પિતાથી શરીર ઉપજયું એમ માને છે. શરીરને રમાડે તેને રમણી માને છે. આ માટી, જડ, ધૂળ એને સ્ત્રી રમણી, રમણી કહેવાય છે ને? આને રમાડે ભોગની વિષયમાં. આહાહા! ભગવાન તો ભિન્ન રહી ગ્યો અંદર. શરીરની હારે રમે એને પોતાની રમણી માને છે. આહાહા! પ્રવચનસારમાં આવે છે ને? રમણી હારે દીક્ષા જ્યારે લેવી હોય છે ને પોતાનું ભાન થ્યું છે કે હું તો ચૈતન્ય છું. હું જ્ઞાયક આનંદ છું, હવે મારે આનંદને સાધવા માટે વનવાસ જવું છે. આહાહા!

રમણીને કહે છે કે, હે આ શરીરને રમાડનારી રમણી, એમ પાઠ છે. પ્રવચનસારના ત્રીજા ભાગમાં, શરીરને રમાડનારી રમણી, તું મને રમણ કરાવી શક્તી નથી. શરીરનું રમણ છે. હું હવે મારી અનાદિ આનંદ, આનંદ રૂપી અનુભૂતિ રમણી એની પાસે જાઉં છું. આહાહા! અતીન્દ્રિય આનંદનું જ્યાં ભાન થયું છે. સમ્યગ્દર્શન જ્ઞાનમાં. આહાહા! એ હવે અતીન્દ્રિય આનંદની રમણીમાં રમવા માટે કહે છે. હે સ્ત્રી! મને રજા આપ. આહાહા! અમારી અનાદિ આનંદ અનુભૂતિની રમણી એની પાસે જાવું છે. આહાહા! એને પ્રગટ ઉગ્ર કરવા માટે મારો પ્રયત્ન છે. સમજાણું કાંઈ?

એમ અજ્ઞાની પોતાના શરીરને ઉપજાવનાર ને માતા પિતા, શરીરને રમાડે એને રમણી માને. શરીર વડે નિપજ્યા એને પોતાના દીકરા દીકરી માને. આ મારા દીકરા છે. એ શરીર તો નિમિત્ત હતું. થયા છે તો એને કારણે, એનો જન્મનો કાળ શરીરનો એનાથી થ્યા છે. એનો આત્માને એના શરીરના રજકણો એને કારણે ત્યાં થ્યા છે. આ મારા દીકરા, આ કહેલ કુટુંબ, એમ કહે છે ને? કાઠિયાવાડમાં એમ કહે. આ મૂરખ છો મોટો કહે છે. બહિરાત્મા છો. આહાહા! જે ચીજ તારામાં નથી તેને તારી માને છે અને એનાથી તું રાજીપામાં રમે છે આહાહા! વિભ્રમ છે. મિથ્યાત્વ છે. મિથ્યાત્વ કોને કહેવું લોકોને ખબર નથી. આ તો આ જરી આપણા દેવ, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ન માનવા. અને સાચા દેવ માનવા એ સમક્તિ છે. ધૂળેય નથી સાંભળને. આહાહા! આહિંતો કહે છે, શરીરને રમાડનારીને રમણી માને, શરીર વડે નીપજ્યા ને દીકરા દીકરી માને, શરીરને જે ઉપકારક તેને પોતાનો મિત્ર માને, શરીરને ઉપકારક, દુઃખને કાળે આવીને ઉભો રહે મિત્ર આદિ, કોને? આને. ભાઈ મિત્ર છે ને એ તો કામ જ કરે ને. મિત્ર તો દુઃખ ટાળવામાં મદદગાર થાય. શેના દુઃખ પણ બાપા. કોના? શરીરના દુઃખને માટે અનુકૂળ લાગે એને મિત્ર માને. કહો નાના છોકરાઓને મિત્ર બહુ હોય, ન બને પછી કટ્ટી કરે. મેળ ન કરે. આ તે જ્ઞાન સાચું. કટ્ટી જ છે, પર હારે સંબંધ હતો ક્યાં?

એ તો બીજો પદાર્થ આત્મા છે. એ એને ઉપકારી માનીને પોતાનો મિત્ર માને. શરીરનું બૂરું કરે તેને પોતાનો શત્રુ માને, આહાહા! શરીર પર ઘા મારે, વીંછી કરડાવે, ગોદા મારે, આ મારો શત્રુ છે, (શ્રોતા : બધી ભ્રમણાઓ છે) હેં? ભ્રમણાઓ છે. આહાહા! અરે એને કે દિ' આત્મા હાથ આવે? હેં? અહીં સમાધિનો અધિકાર છે ને? એ બધી અસમાધિ છે. શરીરનું બૂરું કરે શત્રુ ઈત્યાદિ તેની માન્યતા હોય છે. આવી માન્યતા અજ્ઞાનીની, બધી કરતો હોય સામાયિક, પોહાને પડિકમણા અજ્ઞાનમાં છે બધા. સામાયિકે નથી ને પડિકમણાએ નથી અને પોહાએ નથી. આહાહા! મિથ્યાત્વને ઘૂંટે છે

બરાબર છે આ ? ઘણું શું કહીએ ? હર કોઈ પ્રકાર વડે પોતાને અને શરીરને તે એક જ રૂપ માને છે. છે ને ઈ ? મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃ. ૮૫ એમાંથી લીધું, નીચે છે. એમાંથી લીધું. હજી બીજો ભાગ આવ્યો ૫૪ પાનાનો.

વળી જેમ કોઈ બહાવરો બેઠો હતો. એક ગાંડો માણસ બહાર જઈને ક્યાંક બેઠો હતો. ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી માણસ આવ્યા. ૧૦ વાગ્યાનું ટાણું થ્યું. સાડા દસ વાગ્યાનું અને કોઈ નીકળ્યું, ન્યાં જાને નાખ્યું પડાવ, હાથી હોય, ઘોડા હોય, રથ હોય, ગાડા હોય ત્યાં ને ક્યાંક પાણી છે નદીનું ને પીશું ને આંઈયા આપણે ખાઈશું ને ભેગા જરા. એ માણસ ને ઘોડા, ધનાદિ આવી ઉતર્યા, ઘરેણાં દાગીના આદિ હોય, લ્યો ને તે સર્વને આ બહાવરો પોતાના જાણવા લાગ્યો. નદીને કાંઠે ગ્યો. એક મોટો પથરો હોય એમ બેઠો. એમાં દસ સાડા દસ નો ટાઈમ. હાથી આવ્યા, ઘોડા આવ્યા, રાજા નીકળ્યો હોય ને પડાવ હોય. હા જો મારો રાજા આવ્યો, જો મારો હાથી આવ્યો, જો મારો આ આવ્યો. આહાહા ! એ વાત સિદ્ધાંત ઉતારશે. એ તો હજી પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઈ આવે ને કોઈ જાય. એમ પડાવ નાખે ને કોઈ જરૂર પડે ને બીજે ગામ લઈ જાય કેટલાક અને કોઈ અનેક અવસ્થા રૂપે પરિણમે. એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન માની, જાણી મહા ખેદ ખિન્ન થાય, આહાહા ! કેમ વયા જાવ છો ? અમારે ત્યાં આવ્યા છો ને ? અમારા છો ને ?

એ પ્રમાણે આ જીવ જ્યાં શરીર ધારણ કરે છે ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર આવ્યો, મરી ને ક્યાંકથી આવ્યો ? થોરમાંથી આવ્યો હોય. છોકરો મરીને થોરમાંથી આવ્યો હોય, પોતે મરીને ઢોરમાંથી આવ્યો હોય. ઠીક આરે રે ભારે ભાઈ, પુત્ર, ઘોડા, ધનાદિ આવીને સ્વયં પ્રાપ્ત થાય છે. જોયું ? આવીને સ્વયં પ્રાપ્ત થાય છે. તેને કારણે એના પરિણમનથી ત્યાં આવ્યા છે. તારે કારણે આવ્યા નથી. તારા થઈને એ આવ્યા નથી. તારા થઈને રહ્યાં (શ્રોતા : નથી) આવી વાત છે. આ જેમ કોઈ આવે, આહાહા ! એ તો પોતપોતાના આધીન કોઈ આવે, જન્મે, એમ આવે કે પૈસા આવે, કોઈ જાય, મરી જાય કોક ને લક્ષ્મી જાય. આહાહા ! એ બધી પરની ચીજો આવે ને જાય છે. તારે એની હારે સંબંધ છે નહિ. પણ અજ્ઞાનીને નહિ, નહિ, નહિ. અરેરે ! અમારો દીકરો ગ્યો, અરે અમારું જીવન ગ્યું. એકે કાંઈક અહિં લખ્યું તું નહિ ? ઓલા કાપડીયાએ, કરશન કાપડીયા, શું કહેવાય મૂળચંદ કાપડીયા. દીકરો એક જ હતો ને, મરી ગ્યો પછી. આ એવી કંઈક ભાષા અહિં છપાણી મારું બધું ગ્યું પછી બીજાને લીધો છે ને ? ખોળે લીધો છે. ડાહ્યાભાઈને ખબર છે. આહાહા ! મરી જાય તો અરેરે ! આજ મારું બધું લુટાણું એકનો એક દીકરો હોય

૨૦ વરસનો. અને પતિ પણ જ્યારે પત્ની મરતી હોય ત્યારે એમ માને કે આહા અમારું ઘર ગ્યુ. ઘર માને છે ને ? હેં ? અને પત્ની પણ પતિ મરે ત્યારે કહે, હવે અમે દુ:ખી, એ મરી ગ્યા. હાય હાય નિરાધાર થઈ ગ્યા. કોણ પતિ ને કોણ પત્ની ? હવે કોઈ સબંધ ન મળે પરને. આહાહા !

એ અજ્ઞાનથી ઉભો કરેલો સંબંધ અજ્ઞાનથી તૂટી જાય છે એમાં શું ? કોઈ આવે, કોઈ જાય, કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે. કોઈ જન્મે, કોઈ મરે અને હયાતિમાં અનેરી અવસ્થા કરે. એ રહે ત્યાં અનેક અવસ્થા થાય એ બધી પરને લઈને છે, તારે લઈને ક્યાં હતી ? આહાહા ! એમ તેની પરાધીન ક્રિયા હોય છે. આહાહા ! તેને પોતાને આધીન માની આ જીવ ખેદ ખિન્ન, અંતરમાં બળતા રહે. અંતરમાં બળે. હેં ? કોઈ નવા જન્મે, નવા પૈસા આવે, નવા એટલે નવા આમ ભેગા, હોય એમાંથી કોઈ મરે, હોય એમાંથી કોઈ જાય, હોય એમાંથી કોઈ અનેરી અવસ્થા, વર્તમાન રહીને થાય. એ બધાને મારે લઈને થાય છે, મારી છે બધી. આહાહા ! તેને પોતાને આધીન માની આ જીવ ખેદ ખિન્ન થાય છે. આહાહા ! એવા પ્રકારના વિભ્રમ થી શું થાય છે ? આવી ભ્રમણા કરવાથી શું થાય છે ? આહાહા !

**एवंविधविभ्रामाच्च किं भवतीत्याह -**

★ **अविधासंज्ञितस्तस्मात्संस्कारो जायते द्दढ : ।**
**येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ।। १२ ।।**
**આ ભ્રમથી અજ્ઞાનમય દ્રઢ જામે સંસ્કાર;**
**અન્ય ભવે પણ દેહને આત્મા ગણે ગમાર. ।। ૧૨ ।।**

**टीका** : तस्माद्विभ्रमाद्वहिरात्मनि संस्कारो वासना द्दढोऽविचलो जायते । किन्नामा ? अविधासंज्ञितः अविधा संज्ञाऽस्य संजातेति ''तारकादिभ्य इतच्'' येन संस्कारेण कृत्वालोकोऽविवेकिजनः । अंगमेव च शरीरमेव । स्वं आत्मानं । पुनरपि जन्मान्तरेऽपि । अभिमन्यते ।। १२ ।।

**અન્વયાર્થ:** (तस्मात) એ વિભ્રમથી (अविधासंज्ञितः) અવિદ્યા નામનો (संस्कारः) સંસ્કાર (द्दढः) દ્રઢ-મજબૂત (जायते) થાય છે, (येन) જે કારણથી (लोकः) અજ્ઞાની જીવ (पुनः अपि) જન્માન્તરમાં પણ (अंगम् एव) શરીરને જ (स्वं अभिमन्यते) આત્મા માને છે.

**ટીકા:** તે વિભ્રમથી બહિરાત્મામાં સંસ્કાર એટલે વાસના દ્રઢ-અવિચલ થાય છે. કયા નામનો (સંસ્કાર) ? અવિદ્યા નામનો (સંસ્કાર) - અવિદ્યા સંજ્ઞા જેની છે તે - જે સંસ્કારને

★ मिच्छाणाणे सुरओ मिच्छाभावेण भाविओ संतो ।
मोहोदयेण पुणरवि अंगं सम्मण्णए मणुओ ।। ११ ।। - मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः ।

લીધે અવિવેકી (અજ્ઞાની) જન અંગને જ એટલે શરીરને જ ફરીથી પણ, અર્થાત્ અન્ય જન્મમાં પણ પોતાનો આત્મા માને છે.

**ભાવાર્થ:** આ જીવને અજ્ઞાનજનિત અવિદ્યા સંસ્કાર અનાદિકાળથી છે, સ્ત્રી - પુત્રાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવાથી આ સંસ્કાર દૃઢ થાય છે અને તેને લીધે અન્ય જન્મમાં પણ જીવ શરીરને જ આત્મા માને છે.

અનાદિ અજ્ઞાનતાના કારણે આ જીવને જે પર્યાય (શરીર) પ્રાપ્ત થાય છે તેને તે પોતાનો આત્મા સમજી લે છે અને તેનો આવો અજ્ઞાનાત્મક સંસ્કાર જન્મ - જન્માન્તરોમાં પણ બન્યો રહેવાથી તે દૃઢ થતો જાય છે. જેમ રસ્સીના ઘસારાથી કૂવાના પત્થરમાં કાપો વધુ ને વધુ ઊંડો પડતો જાય છે, તેમ અવિદ્યાના સંસ્કારો પણ અજ્ઞાની જીવમાં વધુ ને વધુ ઊંડા ઉતરતા જાય છે.

અવિદ્યાના સંસ્કારોથી પ્રેરાઈ આ જીવ શરીરાદિ પર પદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે છે. પોતાને પરનો કર્તા - ભોક્તા માને છે, પર પ્રત્યે અહંકાર - મમકાર બુદ્ધિ ને એકતાબુદ્ધિ કરે છે. આ કારણથી તેને રાગ - દ્વેષ થાય છે અને રાગ - દ્વેષથી તેનું સંસાર-ચક્ર ચાલુ જ રહે છે. ૧૨.

---

એનો અર્થ **અન્વયાર્થ** લઈએ. એ વિભ્રમથી અવિદ્યા નામનો સંસ્કાર મજબૂત થાય છે. મિથ્યાત્વના સંસ્કાર દ્રઢ થાય છે. એ કારણે અજ્ઞાની જીવ જન્માંતરમાં પણ આ સંસ્કાર લઈને મરીને જાય ત્યાં એ શરીર ને જ પાછું પોતાનું માને. આહાહા! આહાહા! પોતે ચૈતન્યમૂર્તિ છે. જ્ઞાયક સ્વભાવ છે. એની એને અસ્તિની ખબર નથી. તેથી જ્યાં આ મારા મારા માનીને સંસ્કાર દ્રઢ કર્યા એ મરીને આંખ મિંચાણી જ્યાં બીજે જન્મયો ને એ સંસ્કાર હતા, આ શરીર મારું, આ શરીરના ઉપજાવનારા માતા પિતા મારા, આ શરીરને રમાડનારી સ્ત્રી મારી, આ શરીરને દુઃખ દેનારા શત્રુ એ મને શત્રુ છે, મારા શત્રુ છે. અને ઉપકાર શરીરને હોય તે મારા મિત્ર છે. એમ અજ્ઞાનીના સંસ્કાર ત્યાં પણ પાછા કામ કરે. તે વિભ્રમથી બહિરાત્મામાં સંસ્કાર એટલે વાસના દ્રઢ થાય છે. આહાહા! અવિકળ થાય છે. એવા સંસ્કાર પડે કે ખસે નહી પછી ઈ શરીર જ હું, વાણી હું, કરમ હું, રાગ હું, આ મારા મિત્રો, માતા પિતા, આ મારા મિત્રો, આ મારા શત્રુ, આહાહા.. એવા મિથ્યાત્વના સંસ્કાર લઈને બીજે જન્મે ત્યાં પાછા એ સંસ્કારથી પરને પોતાનું માને. આહાહા!

કયા નામનો સંસ્કાર? એટલો સાધારણ લીધું છે ને ટીકામાં, અવિદ્યા

નામનો સંસ્કાર, અજ્ઞાન. અવિદ્યા સંજ્ઞા જેની છે તે અજ્ઞાન. આ અવિદ્યાનું નામ અજ્ઞાન. જે સંસ્કારને લીધે અવિવેકી અજ્ઞાની જન અંગને જ એટલે શરીરને જ ફરીથી પણ અન્ય જન્મમાં પણ પોતાનો આત્મા શરીરને માને છે. એ હું. આ દેખાય એ હું. દેખનારો કોણ છે એની તો ખબર ન મળે. મારા જ્ઞાનમાં જેનું અસ્તિત્વ દેખાય છે અને તે જાણનારા ટકી રહ્યા છે એથી હું છુ. આવું બધું તો ભાઈ જાય ત્યારે, જંગલમાં જાય ને બાવો થાય ત્યારે નહિં ? ઓલો કહેતો તો અમારે છે ને ? કરસન નારદ કે આવુ બધું તો અમે જંગલમાં જઈએ તો થાય, બધામાં રહીને માને, આવું મનાય ? ક્યાં છો પણ બધામાં, તેં માન્યું છે કે હું બધામાં છું. તું બધામાં છો નહિ. તું તારામાં છો. આહાહા ! હિંમતભાઈ ? આહાહા !

આહા ! તારે સાચી શ્રદ્ધા જોઈતી હોય તો જ્યાં હશે ત્યાંથી મળશેને ? બાયડી, છોકરા, કુટુંબ, દેવ, ગુરૂ, શાસ્ત્રમાં તારી શ્રદ્ધા છે ન્યાં છે શ્રદ્ધા ? સમજાણું કાંઈ ? સત્ય શ્રદ્ધા એ તો તારા દ્રવ્ય ગુણમાં છે. સત્વ રૂપે શ્રદ્ધા એ તારા ગુણમાં છે. સત્ રૂપે શ્રદ્ધા તે દ્રવ્યમાં છે એને અંદરમાં શોધ તો સત્ શ્રદ્ધા થાશે. સમજાણું કાંઈ ? તો વિભ્રમ ટળે ને ભ્રમણા જાય ને ભગવાન જાગે. આહાહા ! બીજેથી સમ્યક્ શ્રદ્ધા ક્યાંયથી ને આહીં થઈ ને, આહીં છે ને, આવશે. આહા ! આહીં તો એમ કહે છે કે દેવ, ગુરૂ ને શાસ્ત્ર જે છે એ પર પદાર્થ છે. અને પરને મારા માનવા એ ભ્રમ છે. હેં ? પર છે ઈ. આહાહા ! જેવા સત્‌ના જે સંસ્કાર લઈને જન્મે તો એ સંસ્કારથી આમ ભવિષ્યમાં એ પોતાને માને પાછો.

વિશેષ કહેશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૨૦

## શ્લોક – ૧૨, ૧૩ અને ૧૪

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૩૦.૧૨.૭૪**

एवंविधविभ्रामाच्च किं भवतीत्याह -

**अविधासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः ।**
**येन लोकोऽङ्गमेव स्वं पुनराप्यभिमन्यते ।।१२ ।।**

**આ ભ્રમથી અજ્ઞાનમય દૃઢ જામે સંસ્કાર;**
**અન્ય ભવે પણ દેહને આત્મા ગણે ગમાર. ।। ૧૨ ।।**

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૧૨ મી ગાથાનો ભાવાર્થ સમાધિતંત્ર

આ જીવને અજ્ઞાન જનિત અવિદ્યા રૂપ સંસ્કાર, એટલે કે ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ આનંદ છું એના ભાન વિના બાહ્ય શરીર, સ્ત્રી, પુત્ર, આદિ મારા છે. અને હું એનો છું. ક્યાંક એનું અસ્તિત્વ તો કબુલ કરવું પડે ને ? પોતે સચ્ચિદાનંદ શુદ્ધ .. કેમ આજ

છોકરાઓ નથી આવ્યા ? ગયા ? ગયા હશે.

પ્રકાશમાં હેં ! વાગ્યું ? કોને ? એક છોકરાને. અચ્છા અવિદ્યા રૂપ સંસ્કાર, જે ચીજ એનામાં નથી, એની નથી એને પોતાની માને. શરીર, વાણી, મન આ બધું હું છું. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ મારા બધા અંગો છે. શરીર જેમ અંગ છે ને એનું, એમ આ બધા અંગ અંગી તો છે મારા. એમ માનીને અવિદ્યા, અજ્ઞાનને સેવે છે. જુઓ આખો માન્યતા ઉપર ફેર છે એની વાતની લોકોને ખબર પડતી નથી. બહારના આચરણ, ક્રિયા ને એનો ત્યાગને એને માને, મૂળ ગાંઠ જે છે એ તદ્દન ઊંધી છે. આહાહા ! રાગની ક્રિયા છે એ પણ મારી છે ને હું કરું છું એ અજ્ઞાન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ શરીરમાં કાંઈ રોગ થાય તો એને એમ કે મને થયો છે માને. હેં ? આહાહા ! એમ સ્ત્રી પુત્રાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે કે એ હું છું. એ મારા છે ને એ હું છું. અહમ્ મમ્ આહાહા ! આ સંસ્કાર દ્રઢ થાય છે. એ અજ્ઞાનમાં સંસ્કાર પાકા થાય છે. તેને લીધે અન્ય જન્મમાં પણ જીવશરીરને જ આત્મા માને છે. જ્યાં જાય ત્યાં ઈ જ મળે છે પછી શરીર જ્યારે આ આ આ આ આ સંવર નિર્જરા ક્યાં છે ? આહાહા ! એ આવી ગયું આમાં મોક્ષ પ્રાભૃતમાં એ આવી ગયું.

કુંદકુંદાચાર્ય એ આવી ગયું અંદર આહાહા ! શરીરમાં કંઈ થતા મને થયું છે. રોગ થતાં મને રોગ થયો છે. આહાહા ! આ મૂંઢ દશા, અજ્ઞાન દશા એના સંસ્કાર દ્રઢ થવાથી ફરીને જ્યાં જનમશે ત્યાં પાછું ઈ શરીરને જ માનશે. આ શરીર એજ હું છું. આહાહા ! (અજ્ઞાની માને તે શૂરો ) આહાહા ! અનાદિ અજ્ઞાનતા ને કારણે આ જીવને જે શરીર પ્રાપ્ત થાય તેને તે પોતાનો આત્મા સમજી લે છે. ઈ જ હું છું. બીજું કોણ છે આ ? આહાહા ! અને તેનો આવો અજ્ઞાનાત્મક સંસ્કાર જનમ જન્માંતરો માં પણ બની રહેવાથી એનો એ બની રહે છે, દ્રઢ થતો જાય છે. જેમ રસ્સીના ઘસારાથી, રસ્સીના ઘસારાથી. આ કૂવામાં આવે છે ને ? નિશાળમાં આવે છે. નિશાળમાં આવતું એ. રસ્સીના ઘસારાથી કૂવાના પથ્થરમાં કાપો વધુ ને વધુ ઊંડો પડતો જાય છે. એમ અજ્ઞાનના સંસ્કારો પણ અજ્ઞાની જીવમાં વધું ને વધુ ઊંડા ઉતરતા જાય છે. આહાહા ! અને મરવા ટાણે પણ એ જાતના સંસ્કાર, એ સંસ્કારમાં અસમાધિથી મરીને જાય પર ગતિમાં રખડવા બાપુ ! આહાહા !

અવિદ્યાના સંસ્કારોથી પ્રેરાઈ આ જીવ શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર પરપદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે છે. પોતાને પરનો કર્તા ભોક્તા માને એ વધારે લીધું. આહીં શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એનો હું કર્તા છું અને એ ક્રિયાનો ભોક્તા હું છું. એવો પર તરફથી અહમ્ અને મમ્ એ હું, એ મારા, એમ એ હું, એ મારા. એવી બુદ્ધિને

એક્તા બુદ્ધિ કરે છે. અહંકાર, મમકાર બુદ્ધિને એકતા બુદ્ધિ કરે છે. એ લીધું, અહીં આ કારણથી તેને રાગ દ્વેષ થાય છે. આહાહા! રાગ દ્વેષથી તેનું સંસાર ચક્ર ચાલુ રહે છે એવી વાત છે. આહા. માણસ મરીને પશુ, પશુ મરીને નારકીને, નારકી મરીને ઢોર, ઢોર મરીને એકેન્દ્રિય ને. આહાહા! જે ચીજ છે જ્ઞાતા દ્રષ્ટા એને પોતાની ન માનતા એ માને તો તો પરથી ઉદાસ થઈ જાય ને! પણ આ ઉદાસ નથી. પ્રેરક છે પરનો હેં? આહાહા!

મારી પ્રેરણાથી દેહની ક્રિયા થાય છે. મારી પ્રેરણાથી, હું બહુ ધ્યાન રાખું છું તો શરીરમાં નિરોગતા રહે છે. સમજાણું કાંઈ? એક ડોહો હતો. આમ હાલતો હળવે હળવે. શરીર નિરોગી આમ. મેં કીધું આ શું કરે છે? પછી મેં પૂછયું નહિ. પણ બીજાએ પૂછયું. ત્રિભોવન વિઠ્ઠલ લાઠી ત્રિભોવન ભાઈના બાપ હતાં વિઠ્ઠલભાઈ. તમે નહિં જોયા હોય એમણે પૂછયું ડોસાને. શરીર બહુ સારૂં. મેં કીધું આને કંઈ શ્વાસ નથી, કફમાં, રોગ નથી અને રોગનો રોગ નથી અને આ આમ કેમ હાલે છે? ત્યારે કોકે પૂછયું એને એમ કે મને એમ કે કોકે પૂછયું કે એમ હળવે હળવે હાલતાં શરીરને ઠીક રહે. હતું શરીર નિરોગી. ત્રિભુવન વિઠ્ઠલ. કાપડની દુકાન હતી ને વચમાં બજારમાં. બજારમાં રતિલાલ ત્રિભોવન નહિં રતિલાલનાં ફુઆ. આ મરી ગયો ને, અહિં રહ્યો હતો ભાઈ કેમ કે શરીરમાં હળવે હળવે હાલું તો શ્વાસનું દબાણ ન થાય. આહાહા! તો આયુષ્ય વધે. એટલે ટૂટે નહિં. આ રે, આ રે મારી નાંખ્યા. એ વખતે તો એમ કહેવાતું હોં કે શ્વાસ જેમ ઓછા લેવાય તેમ આયુષ્ય વધે. કીધું ભાઈ નારકીનો શ્વાસ બહુ છે તે દિ'ની વાત છે આ તો ૭૧ (એકોતેર) ની વાત છે. નારકીને શ્વાસ તો બહુ છે છતાં મરતાં નથી. તેત્રીશ તેત્રીશ (૩૩ - ૩૩) સાગર હોય છે. આહાહા! આને ધમણ હોય છે. અને મૂંઝવણ મૂંઝવણ મૂંઝવણ ક્યાંય શ્વાસ લેવાય નહિ. એવી દશા. એવા એવા તો અસંખ્ય ભવ. આ તો અસંખ્ય વર્ષનો એક પલ્યોપમ. એવા એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એવા તેત્રીસ તેત્રીસ સાગરો અનંત વાર રહ્યો છે. આહાહા! તેમાં શ્વાસનો પાર નથી કીધું તો શ્વાસને લઈને તો તેત્રીસ સાગર રહે છે. શ્વાસ તો બહુ હાલે છે એને. સમજાણું કાંઈ?

પણ શરીરના શાતાશીળીયા એવા હોય છે ને હેં?એ બધુ ન્યાં જ એનું ધ્યાન હોય છે શરીરમાં જ, આમ રાખવું, એ શરીરની એકત્વ બુદ્ધિના લખ્ખણ છે ઈ બધા, મિથ્યાત્વના. સમજાણું કાંઈ? એ બધા તો મરીને જવાના ઢોરમાં. ઢોર થવાના. ઢોર મરીને નરકે જશે. નિરાંતે જશે તેમાં વચમાં ઘણો કાળ રહશે અહીં. આહાહા! અરે તું કોણ? ભાઈ! તને ખબર નથી બાપુ. કહે છે એનું સંસાર ચક્ર ચાલુ જ રહે છે. છે ને? છેલ્લો શબ્દ છે આહાહા! એવી રીતે માનીને તે શું કરે છે? તેરમી (૧૩) ગાથા.

**एवमभिमन्यमानश्चासौ किं करोतीत्याह –**

**देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।**
**स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनं ।। १३ ।।**

દેહબુદ્ધિ જન આત્મને કરે દેહસંયુક્ત,
આત્મબુદ્ધિ જન આત્મને તનથી કરે વિમુક્ત. ।। ૧૩ ।।

**टीका : देहे स्वबुद्धिरात्मबुद्धिरार्बहित्मा किं करोति? आत्मानं युनक्ति सम्बद्धं करोति दीर्धसंसारिणं करोतीत्यर्थः । केन? एतेन देहेन । निश्चयात् परमार्थेन । स्वात्मन्येव जीवस्वरूपे एव आत्मधीरन्तरात्मा। निश्चयाद्वियोजयति असम्बद्धं करोति देहिनं ।।१३ ।।**

એવી રીતે માનીને તે શું કરે છે? તે કહે છેઃ-

**અન્વયાર્થઃ** (देहे स्वबुद्धिः) શરીરમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા (निश्चयात्) નિશ્ચયથી (आत्मानं) પોતાના આત્માને (एतेन) તેની સાથે-શરીરની સાથે (युनक्ति) જોડે છે-સંબંધ કરે છે, અર્થાત્ બંનેને એકરૂપ માને છે, પરંતુ (स्वात्मनि एव आत्माधिः) પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ કરનાર અંતરાત્મા (देहिनं) પોતાના આત્માને (तस्मात् ) તેનાથી-શરીરથી (वियोजयति) પૃથક્-અલગ કરે છે.

**ટીકાઃ** શરીરમાં[1] સ્વબુદ્ધિ - આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા શું કરે છે? તે (પોતાના) આત્માને (શરીર સાથે) જોડે છે - (તેની સાથે) સંબંધ કરે છે; તેને દીર્ઘ સંસારી કરે છે - એવો અર્થ છે. કોની સાથે (જોડે છે)? નિશ્ચયથી એટલે નક્કી તે શરીર સાથે (જોડે છે); પણ આત્મામાં જ એટલે જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા નિશ્ચયથી તેને (આત્માને) તેનાથી (શરીરથી) પૃથક્ (અલગ) કરે છે - (શરીર સાથે) અસંબંધ કરે છે.

**ભાવાર્થઃ** અજ્ઞાની બહિરાત્મા પોતાના શરીરમાં સ્વ - બુદ્ધિ - આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ શરીર અને આત્માને એકરૂપ માને છે, જ્યારે જ્ઞાની અંતરાત્મા પોતાના આત્માને શરીરથી ભિન્ન સમજે છે.

## વિશેષ

''...... આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે, પણ શરીર તો કર્મોદય આધીન કોઇ વેળા કૃશ થાય, કોઇ વેળા સ્થૂલ થાય, કોઇ વેળા નષ્ટ થાય અને કોઇ વેળા નવીન ઊપજે, ઇત્યાદિ ચરિત્ર થાય છે. એ

૧. પાટણ-જૈન ભંડારની પ્રત આધારે 'સમાધિશતકની' ટીકાના અનુવાદમાં શ્રીયુત મણિલાલ નાભુભાઇ ત્રિવેદીએ નીચે પ્રમાણે લખ્યું છેઃ-'બહિરાત્માને દેહને વિષે જ આત્મબુધ્ધિ છે, ને તે આત્માને પરમાનંદ ન પામવા દેતાં, દેહમાં જ બાંધી રાખે છે, અર્થાત્ દીર્ઘ સંસારતાપમાં પાડે છે....'

પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં આ જીવ[1] તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે.....'' [2]

દેહાધ્યાસથી મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા શરીરને જ આત્મા માનતો હોવાથી તેને નવાં નવાં શરીરનો સંબંધ થતો રહે છે અને તેથી તે અનંતકાલ સુધી આ ગહન સંસારવનમાં ભટકતો ફરે છે તથા સંસારના તીવ્ર તાપથી સદા બળતો રહે છે.

અન્તરાત્માને શરીરાદિમાં આત્મબુદ્ધિ (મમત્વબુદ્ધિ) હોતી નથી; પણ તેને પોતાના જ્ઞાન - દર્શનસ્વરૂપ આત્મામાં જ આત્મબુદ્ધિ હોય છે; તેથી તે શરીરને, પોતાના ચૈતન્યસ્વરૂપથી ભિન્ન, પુદ્‌ગલનો પિંડ સમજે છે. ભેદ - જ્ઞાનના બળે તે ધ્યાનદ્વારા -સ્વરૂપલીનતા દ્વારા પોતાના આત્માને શરીરાદિના બંધનથી સર્વથા પૃથક્ કરે છે અને સદાને માટે મુક્ત થઇ જાય છે.

આવી રીતે દૃષ્ટિફેરને લીધે બહિરાત્મા પર સાથે એકતાબુદ્ધિ કરી સંસારમાં રખડે છે, જ્યારે અંતરાત્મા પર સાથેનો સંબંધ તોડી તથા સ્વ સાથે સંબંધ જોડી અંતે સંસારનાં દુ:ખોથી સર્વથા મુક્ત થાય છે.

અનાદિ કાલથી શરીરને આત્મા માનવાની ભૂલ જીવે પોતે જ પોતાની અજ્ઞાનતાથી કરી છે અને આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે.

શરીરાદિમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુ:ખ આત્મજ્ઞાનથી જ શાન્ત થાય છે.[3] ૧૩

---

**ટીકા** : શરીરમાં સ્વબુદ્ધિ અહીં ક્યાંક લખ્યું છે હેં? એકડો. પાટણ જૈન ભંડારની પ્રત આધારે સમાધિ શતકની ટીકાના મૂળ અનુવાદમાં શ્રીયુત મણીલાલ નભુભાઈ ત્રિવેદીએ નીચે પ્રમાણે લખ્યું છે. બહિરાત્માને દેહ ને વિષે જ આત્મબુદ્ધિ છે. ને તે આત્માને પરમાનંદ ન પામવા દેતાં આહા! એમ લખ્યું છે. આહાહા! ભગવાન આત્મામાં પરમ અતીન્દ્રિય આનંદ છે એને ન પામવા દેતાં આ અહીં અટકીને ઉભો છે બધો. આહાહા! દેહના આચરણનો દેહની ક્રિયામાં રોકાઈ જઈ અને પરમાનંદનું પામવું થતું નથી. છે? એટલે અસમાધિ થાય છે એમ કહે છે. આહાહા! દેહના રજકણની બુદ્ધિ અને એ મારો એની સંભાળ એકલી અસમાધિ ઉત્પન્ન થાય છે એમ કહે છે. એ અસમાધિ છે. આહાહા! પોપટભાઈ, આહાહા! દેહમાં જ બાંધી રાખે છે. શું કહે છે? આત્માને પરમાનંદ ન પામવા દેતાં એટલે કે શરીર, વાણી, મન એની ક્રિયામાં પોતે રોકાતા આ હું છું અને આનું

---

૨. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ.૨૪ ૩. જુઓ 'સમાધિતંત્ર' શ્લોક ૪૧.

મારે ધ્યાન રાખવું જોઈએ, એવી આત્મબુદ્ધિથી તે આત્માના પરમાનંદને પામવા દેતો નથી. આહાહા! દેહમાં જ બાંધી રાખે છે, એમ કહે છે. દીર્ઘ સંસાર તાપમાં પાડે છે, દીર્ઘ સંસાર તાપ. ઓહોહો! બહુ ગજબ વાત હતી.

બ્રહ્મદત્ત ચક્રવર્તી. સોળ હજાર દેવો સેવા કરે, બત્રીશ હજાર રાજા ચામર ઢાળે, એક સ્ત્રી એક હજાર દેવો સેવા કરે, એટલી સ્ત્રીરતન. ત્યાં આમ હીરાના ઓલે સૂતો તો ઢોલિયો, હીરાના ઢોલિયો હોં. એક એક હીરો કરોડનો એવો આખો ઢોલિયો. સાતસો વર્ષનું આયુષ્ય પુરૂ થયું. મરીને તેત્રીસ નારકે ગયો. ૩૩ સાગર (શ્રોતા : સાતમી નારકે અહિં સાતમી ને ત્યાં તેત્રીસ) હેં! આહાહા! તેત્રીસ ભાઈએ કીધું ને અગ્યાર લાખ પલ્યોયમ. એક શ્વાસમાં એક શ્વાસ એટલામાં અનુકૂળ માન્યું શરીરને એમાં અગિયાર લાખ પલ્યોયમનું દુ:ખ ત્યાં છે. ગજબ છે ને? આહાહા! અગિયાર લાખ પલ્યોયમ કોને કહે? બહુ તીવ્રતા દેહમાં ને, માનમાં ને, માનમાં. શાતા શીળીયા જેને કહે છે. ઓહોહો! પરમાં શરીરમાં શાતાના સ્વભાવવાળા એ અનુકૂળતાના સ્વભાવવાળા. આહાહા! એને એક શ્વાસનું દુ:ખ આંહિ, શ્વાસનું સુખ આંહી, એના ફળમાં અગિયાર (લાખ) પલ્યોયમનું દુ:ખ, પલ્યોપમ કીધું સમજાણું? આહાહા! એક પલ્યના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વરસ જાય. એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વરસ જાય, એવો એક પલ્યોયમ, એવા દસ ક્રોડાક્રોડી પલ્યોયમ, એવા તેત્રીસ સાગર, આહા પડયો છે ત્યાં નરકમાં, રવ રવ નરકે પડયો છે. આહાહા!

ભગવાન ચૈતન્ય દેહ મારો છે. આનંદ દેહ મારો છે એને ભૂલીને હેં? આનંદ શરીર એ હું છું, એમ ન માનતાં દેહના દુ:ખે દુ:ખી, સુખે સુખી એમ માન્યતાથી એને ચાર ગતિમાં રખડવું પડે છે. આહાહા! ભલે ત્યાગી હોય, સાધુ થ્યો પણ અંદરમાંએ રાગની ક્રિયા ખરેખર એ કાર્મણ શરીર છે. એ કાર્મણનું ફળ છે એને પોતાનો માની ત્યાં રોકાઈ ગ્યો છે. આહાહા! એથી એને ચૈતન્ય દેહને રાગથી ભિન્ન એનું ભાન નહિ હોવાથી આમાં હું છું એમ માન્યતાથી ચાર ગતિમાં ભવોના ચક્રો કરે છે અનાદિથી. આહાહા! પોતાના આત્માને શરીરમાં સ્વબુદ્ધિ આત્મબુદ્ધિ કરનાર બહિરઆત્મા. બહિ છે ને બહાર, રાગ એ બાહ્ય છે, શરીર બાહ્ય છે, વાણી બાહ્ય છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, મકાન આદિ રૂપ સ્થિતિ પૈસા થવા પણ એ બધી બાહ્ય ચીજ. આહાહા! એ બાહ્ય ચીજમાં શરીર સાથે જોડે છે, પાઠ ઈ છે ને? જુઓને સ્વબુદ્ધિ યુનક્તિ છે ને? યુનક્તિ, યુનક્તિ એટલે જોડે છે. જે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એમાં ન જોડાતાં, રાગ ને શરીરની ક્રિયામાં જોડાઈને એકાકાર થઈ ગ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? યુનક્તિ શબ્દ છે ને?

બન્નેને એકરૂપ માને છે. આહાહા! તેને દીર્ઘ સંસારી કહે છે. આહાહા! શરીર, વાણી, મન એનો આત્મા ત્યાં આમ જોડાય છે, કહે છે જે એમાં જણાણો છે છતાં એમાં જોડાઈને એકત્વ બુદ્ધિ માનીને. આહાહા! બહુ ટૂંકામાં ન્યાય આપ્યા છે. દીર્ઘ સંસાર ચારગતિ માં રખડવાનો દીર્ઘ સંસાર ઉભો કરે છે. ઓહોહો! એવો અર્થ છે. કોની સાથે જોડે છે?

નિશ્ચયથી એટલે નક્કી તે શરીર સાથે પણ આત્મામાં શરીર સાથે જોડે છે. એમ કહ્યું. સવારે ઉઠે એકદમ આંખ્યું, આંખ્યું ચોળી, એ બધું એમ બધું પછી પીપડા બીપડા કાઢે એ પછી દાંત કાઢે, દાતણ કરે, મોઢું સાફ કરે ને મોઢું સાફ કરે, પછી ચા પીવે, પછી ખાખરો ખાય હારે, હેં? આહા! શેઠ ખાખરો કહે છે ને? શું કહે છે? સવારમાં હેં? ખાખરો ખાય, એમાં વળી કેરીનું ટાણું હોય તો કેરીના ચીરીયા ભેગા. ખાખરા હારે ખાય. આહાહા! શું કરે છે આ? ત્યાં જોડાઈ ગયો છે. એમ કહેવું છે હેં? અને પછી વળી ટકીયા પાડે પછી ત્યાં થોડા આને ખબર છે ને. આની કોરના વાળ આમ ઉતારે ને આની કોરના વાળ આમ ઉતારે. પછી આમ અરીસામાં આમ કરીને જોવે ચાંદલો કરવા. એ ગાંડો છે પાગલ હેં? આહાહા! હમણાં તો આવી રીતે કરે છે. એ કોળી હતો ને? કોણ હતું? કોળી હતો ને? અહીં કામ કરતો તો એ. હરિજન હેં? હરિજન હતો? ચમાર હા. આ કામ કરતો ને પહેલેથી. પાંચ વરસ કામ કર્યું. અહીં બેસી રહેતો. મગજ ખસી ગયું 'તું. મનો હરિજન, હરિજન હતો. આને જ્યારથી આ કર્યુ ને ત્યારથી કામ કરતો એ છેક સુધી. કામ કાંઈ ન હોય તો બેસી રહે. નવરા થાય તો ભોંય પર બેઠા હોય. એમ આખો દિ' કંઈ કામ ન હોય ને તો બેસે જરી. પછી મગજ ફરી ગયું. માણસ લાવ્યા'તા પગે લગાડવા. જુઓ આ દશા આહાહા! આ તો બહારથી મગજ ફરી ગયું છે. ઓલું અંતર મગજ ફરી ગયું છે અનાદિથી. આહાહા!

શરીરમાં શાતાએ સુખી માને, શરીરમાં અશાતાએ દુ:ખી માને. એ બધું આવી ગયું છે ને? આંહી છે આંહી. શરીર નું જાડા પણું તે પણ હું વસ્ત્રનો દાખલો આપશે ને એમાં પાતળા પણું તે હું, રૂપાળા પણું, ગોરાપણું તે હું. ઘઉંવર્ણો રંગ શરીરનો તે કે હું. હું કાળો છું. આહાહા! ભાઈ તારું અસ્તિત્વ ક્યાં છે? તું ભૂલ્યો. ભીંતને ભૂલ્યો. બાપુ એવી ચીજમાંથી નીકળી જવું જોઈએ અને ભગવાન આત્મામાં વાસ થવો જોઈએ. (વાહ રે વાહ) શરીર, વાણી, મનના સંગમાંથી છૂટીને આત્મા આનંદ સ્વરૂપમાં પ્રભુ. તારો વાસ જોઈએ. તારી ચીજમાં તારો વાસ જોઈએ. એ મૂકી દઈને પરના વાસમાં વસે. આહાહા! કહે છે એ ચાર ગતિમાં શરીર સાથે જોડીને શરીરો કર્યા જ કરે. હવે સવળો. પણ આત્મામાં જ એટલે જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા. શું થ્યું? લોહી નીકળે છે? હેં? કંઈ વાગી ગયું. પડી ગયા? પડી ગયા. હં, સમજાણું? ભગવાન આત્મા રાગથી રહિત છે. આત્મામાં છે ને?

શરીરના કોઈ પણ પર્યાયની ક્રિયાથી તદ્દન અત્યંત અભાવ છે. અરે એ તો ઠીક પણ રાગનો વિકલ્પ જે છે. એનાથી પણ અત્યંત અભાવ સ્વભાવ સ્વરૂપ છે ભગવાન. આહાહા!

પરદ્રવ્યના અભાવ સ્વભાવ સ્વરૂપ તો છે પણ એ રાગના ભાવથી પણ અભાવ સ્વભાવ સ્વરૂપ છે. આહાહા! ત્યાં એની દ્રષ્ટિ હોવી જોઈએ એમ કહે છે. બહુ કામ આકરું પણ! આહા! કહે છે ભાઈ જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો છે ને? ઓલું પરસ્વરૂપમાં આત્મબુદ્ધિવાળો આહાહા! અંતરઆત્મા નિશ્ચયથી તેને તેનાથી પૃથક્ કરે છે. આહાહા! અંતરઆત્મા ને ઓલો બહિરઆત્મા. વસ્તુમાં રાગ ને, શરીર આદિ વાણી આદિ નથી, નથી એની હારે જોડાણ કરે છે. તે સંસારમાં રળે છે. રખડે છે. આહાહા! અને આત્મામાં અંતર સ્વરૂપમાં જે અંતરાત્મામાં જોડે છે જીવને એમ કહ્યુંને. શરીર સાથે અસંબંધ કરે છે. અસ્તિ નાસ્તિ કર્યું. પેલો શરીર અને રાગ સાથે સંબંધ કરે છે.

સંબંધ આ આત્માના ચૈતન્યની સ્વરૂપની દ્રષ્ટિથી શરીર સાથે અસંબંધ રાખે છે. આહાહા! નાળિયેરનો ગોળો જેમ છૂટો અંદર રહે ભલે એ કાચલીમાં પડયો દેખાય પણ છે કાચલીથી છૂટો, એમ શરીરમાં હોય આત્મા છતાંય રાગને શરીરથી જુદું તત્ત્વ છે. આહાહા! એવી રીતે આત્માને વાસ રાખે છે આત્માનો તેને અંતરાત્મા કહે છે. આહાહા! આવી કોઈ ક્રિયા કરે તો અંતરાત્મા એમ નથી કહ્યું. હેં? વ્રત પાળેને, ભક્તિ કરે ને, પૂજા કરે ને તો એ અંતરાત્મા છે. આહાહા! એ વિકલ્પ ને રાગ અને શરીર ને મન ને વાણી બધાથી ભિન્ન પડીને. આહાહા! જેનો આત્મા આત્મામાં દ્રષ્ટિથી વસે છે. આહાહા! એ અંતરાત્મા શરીરનો સંબંધ છોડી દીધો છે. અને ભવિષ્યમાં પણ એને શરીર મળશે નહિ. આહાહા! અજ્ઞાની બહિરઆત્મા પોતાના શરીરમાં સ્વબુદ્ધિ આત્મબુદ્ધિ કરે છે.

**ભાવાર્થ** : શરીર અને આત્માને એકરૂપ માને છે. ત્યારે જ્ઞાની અંતરાત્મા શરીરને એકરૂપ, શરીરને પોતાનું અંગ જાણી અંગિત જાણી, આમેય નથી કહેતા આ અમારા અંગિત માણસો. ખાનગી વાત કરવી હોય તો એને અમે કરીએ અંગિતને. ધૂળેય નથી એ અંગિત હવે. સાંભળને સારા. આહાહા! તારા અંગ તો જ્ઞાન દર્શન અંગી તો તું છો એમાં અંગ જો હોય તો જ્ઞાન દર્શન આનંદ એ તારા અંગ છે. હેં? આહાહા! એને છોડીને, પોતાનું અંગ શરીરને જાણીને. આહાહા! પોતાને અને શરીરને એકરૂપ માને છે. પણ શરીર તો કર્મ ઉદય આધીન કોઈ વેળા કૃશ થાય, કર્મના ઉદય પ્રમાણે કોઈ વખતે રોગ થઈ જાય. પાતળું પડી જાય. આહાહા! કોઈ વેળા સ્થૂળ થઈ જાય. કોઈ વેળા નષ્ટ થઈ જાય એવું બને, કોઈ વેળા નવીન ઉપજે. ઈત્યાદિ ચરિત્ર થાય, એ જાતના આચરણો શરીરમાં થાય. આહાહા! એ પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં, ઈ પરાધીન થાય છે ને? શરીર કૃશ નબળું એ

ક્યાં એને આધીન છે ?

આ જીવ તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે. મોક્ષ મારગમાં કહ્યું. પાનું ચોપન (૫૪) માં છે ને ? દેહાધ્યાસથી મિથ્યાદ્રષ્ટિ બહિરાત્મા દેહના અધ્યાસથી છૂટે દેહ, આવે છે ને ? દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ, નહિં ભોક્તા તું તેહનો એ જ ધર્મનો મર્મ. આ દેહાધ્યાસ થી મિથ્યાદ્રષ્ટિ બહિરાત્મા શરીરને જ આત્મા માનતો હોવાથી તેને નવા નવા શરીરનો સંબંધ થતો રહે છે. તેથી તે અનંત કાળ સુધી આ દહન સંસાર વનમાં. આહાહા ! લાખો ઝાડ હોય થડે થડમાં વચ્ચે આંતરોય થોડો હોય. એમાં જોરથી પવન હીંચાણો હોય, નીકળવું શી રીતે એમાંથી. આહાહા ! એમ આ ચોર્યાશીના અવતારમાં શરીરમાં ઘુંચાઈ ગ્યો છે. સંસાર મોટો વન અનેક શરીરની ઉત્પત્તિના ચક્ર માં પોતે ઘુંચાઈ ગ્યો છે. સંસાર એક જાતનું ચારિત્ર તાપ છે. તેને નવા નવા સબંધ થાય છે. અને તેથી તે અનંત કાળ સુધી દહન વનમાં ભમે છે. આમ એ સંસારના તીવ્ર તાપથી સદા બળતો રહે છે. ખેદખિન્ન આકુળતા, આકુળતા, આકુળતા.

ભગવાન સ્વરૂપ, શાંત સ્વરૂપ, શાંત અકષાય સ્વરૂપ, અકષાય દ્રવ્ય, અકષાય ગુણ, ને અકષાય પર્યાય, આહાહા ! એને પોતાનો નહિ માનતા આ શાંત શાંત શાંત અકષાય સ્વભાવ એ જ મારામાં વિસ્તાર તરીકે પડયો છે. રાગાદિ શરીર હું છું અને એમ એણે માન્યું નથી. આહા ! ભલે ધર્મનું નામ આપે અને ક્રિયા કરે. પણ એ બધી અજ્ઞાનની ક્રિયાઓ છે કહે છે. આહાહા ! અંતરાત્માને શરીરાદિમાં બહુ વાત હતી ને એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ હોતી નથી. શરીરમાં, વાણીમાં, મનમાં, રાગમાં, એ મારા છે. એનાથી એ પૃથક્ થઈ ગ્યો છે. આહાહા ! પણ તેને પોતાના જ્ઞાન દર્શન સ્વરૂપ આત્મામાં આત્મબુદ્ધિ હોય છે અહીં ક્રિયા આવી લ્યો. શરીરને અંગ પોતાનું માને છે અજ્ઞાની, ત્યારે આને પોતાના અંગી એવો આત્માના જ્ઞાન દર્શન એના અંગ એને માને છે. આહાહા !

પહેલું સમ્યગ્દર્શન ધર્મની ક્રિયામાં પહેલું પ્રધાન તો એ છે એને મૂકી દઈને બીજી વાતું કરે. આહાહા ! એનો સંસાર નહિ ટળે. કોઈ સ્વર્ગાદિ મળે તો એની શું કિંમત છે ? તેથી તે શરીરને પોતાના ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન પુદ્‌ગલનો પિંડ સમજે છે. આહા ! પ્રવચનસારમાં આવ્યું છે ને ? શરીરનો હું કર્તા નથી. શરીરનો નિયોજક યોજના કરનારો હું નથી, કે આનું આમ રાખું ને આમ રહે ને. આહાહા ! શરીરનો હું અનુમોદન નથી. શરીર થતી ક્રિયામાં મારું કારણ નથી. વાણી આદિ થતી ક્રિયામાં મારું કારણ નથી. ત્યારે નિમિત્ત કારણ તો છે ને ? એ કારણ જ નથી. આહાહા ! છે ? શરીરાદિને, પુદ્‌ગલનો પિંડ

સમજે છે. શરીરને સદુપયોગ લગાડવું. એમ કહે છે કોઈ ભાઈ આવ્યા'તા ને? હેં? ઢેબરભાઈ. શરીરને સદુપયોગ, સદુપયોગ શું છે ભાઈ? શરીરથી સારા કામ કરવા. બીજાને શરીરથી કરે? આહા! તેથી શરીરને પોતાના ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન પુદ્‌ગલનો પિંડ ભેદજ્ઞાનના બળે, એ ધ્યાન દ્વારા, સ્વરૂપ લીનતા દ્વારા પોતાના આત્માને, શરીર, વાણી, રાગથી બંધનથી સર્વથા પૃથક કરે છે. આહાહા! અને સદાને માટે મુક્ત થઈ જાય છે. ઓલો સંસાર ચક્રમાં વધી જાય છે રખડવા, આ મુક્ત થઈ જાય છે. પર સાથે સંબંધ તોડી, સ્વ સાથે સંબંધ જોડી અંતે સંસારના દુઃખોથી સર્વથા મુક્ત થાય છે. ગાથાના બેય ભાવ લીધા.

અનાદિ કાળથી શરીરને આત્મા માનવાથી ભૂલ જીવે પોતેજ પોતાની અજ્ઞાનતાથી કરી છે પાછી. સમજાણું? કર્મે કરાવી છે એમ નથી. એમ કહે છે. અર્થ બેયનો એટલો છે ત્યાં, ને આત્મ જ્ઞાનવડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે. આમ બે વાત છે. બેય સિદ્ધ છે. અનાદિ કાળથી શરીરને, વાણી, મન એને પોતાના માનવાની ભૂલ જીવે પોતે પોતાની, અજ્ઞાનતાથી, કર્મથી નહિ. ઓહોહો! કર્મનો ઉદય અને રાગ વચ્ચે તો અત્યંત અભાવ છે હેં? કર્મને લઈને રાગ નથી. આહાહા! આ રાગ અને આત્માના સ્વભાવ વચ્ચે પણ અત્યંત અભાવ છે. ભલે એની પર્યાયમાં છે તો અસ્તિ છે એની પણ સમજાણું કાંઈ? પણ એ રાગને ને સ્વભાવ શુધ્ધ ચૈતન્યઘનને બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? એ રીતે ધર્મી જાણતો, અનુભવતો. આહાહા! આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે. ઈ ભૂલ છે, ઈ તો ક્રિયા કરે ને, વ્રત કરે ને, તપ કરે ને, સુધરી શકે એમ નથી. આહાહા! બહુ આવી વાતું. શરીરાદિમાં આતમબુદ્ધિરૂપ વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી શાંત થઈ, થાય છે. સમાધિતંત્ર એકતાળીશ (૪૧) મો શ્લોક આવશે આગળ, એની વાત લીધી. હેઠે છે ને એકતાળીસમાં.

શરીરોમાં આત્માનો સંબંધ જોડનાર બહિરઆત્મા નિંદનીય વ્યાપાર ને બતાવીને તેનો નિંદનીય વ્યાપારને બતાવીને આચાર્ય ખેદ પ્રગટ કરે છે. આહાહા!

**देहेष्वात्मानं योजयतश्च बहिरात्मनो दुर्विलसितोपदर्शनपूर्वकमाचार्योऽनुशयं कुर्वन्नाह –**

**देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।**
**सम्पत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत् ।।१४।।**

દેહે આતમબુદ્ધિથી સુત - દારા[૧] કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા! આ જગત હણાય. ।। ૧૪ ।।

૧. દારા - સ્ત્રી

**टीका : जाता: प्रवृत्ता: । का: ? पुत्रभार्यादिकल्पना: । क्व ? देहेषु । क्या ? आत्मधिया । क्व आत्मधी: ? देहेष्व । अयमर्थ: – पुत्रादिदेहं जीवत्वेन प्रतिपघमानस्य मत्पुत्रो भार्येतिकल्पना विकल्पा जायन्ते । ताभिश्चानात्मनीयाभिरनुपकारिणीभिश्च सम्पत्तिं पुत्रभार्यादिविभूत्यतिशयं आत्मानो मन्यते जगत्कर्तृ हा हतं नष्टं स्वस्वरूप - परिज्ञानाद् बहिर्भूतं जगत् बहिरात्मा प्राणिगण: ।।१४।।**

**અન્વયાર્થ:** (देहेषु) શરીરોમાં (आत्मधिया) આત્મબુદ્ધિના કારણે (पुत्रभार्यादिकल्पना:) મારો પુત્ર, મારી સ્ત્રી, ઇત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. (हा) ખેદ છે કે (जगत्) બહિરાત્મ-સ્વરૂપ પ્રાણીગણ (ताभि:) એ કલ્પનાઓના કારણે (सम्पत्तिम्) સ્ત્રી-પુત્રાદિની સમૃદ્ધિને (आत्मन:) પોતાની સમૃદ્ધિ (मन्यते) માને છે. એવી રીતે આ જગત્ (हतं) હણાઇ રહ્યું છે.

**ટીકા:** ઉત્પન્ન થઇ-પ્રવર્તી. શું (પ્રવર્તી) ? પુત્ર - સ્ત્રી આદિ સંબંધી કલ્પનાઓ. શાને વિષે ? શરીરો વિષે. કયા કારણે ? આત્મબુદ્ધિના કારણે. શામાં આત્મબુદ્ધિ ? શરીરોમાં જ. અર્થ એ છે કે-પુત્ર વગેરેના દેહને જીવરૂપે માનનારને, મારો પુત્ર, સ્ત્રી, એવી કલ્પનાઓ - વિકલ્પો થાય છે. અનાત્મરૂપ અને અનુપકારક એવી તે કલ્પનાઓથી પુત્ર - ભાર્યાદિરૂપ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપત્તિને જગત પોતાની માને છે. અરે ! સ્વસ્વરૂપના પરિજ્ઞાનથી બહિર્ભૂત (રહિત) બહિરાત્મારૂપ જગત - પ્રાણીગણ - હણાઇ રહ્યું છે.

**ભાવાર્થ:** દેહમાં આત્મબુદ્ધિના કારણે આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત બહિરાત્માઓ સ્ત્રી પુત્રાદિ સંબંધોમાં મારાપણાની કલ્પનાઓ કરે છે અને તેમની સમૃદ્ધિને પોતાની સમૃદ્ધિ માને છે. આમ આ જગત હણાઇ રહ્યું છે - એ ખેદની વાત છે.

જ્યાં સુધી જીવને શરીરમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને પોતાના નિરાકુલ નિજાનન્દરસનો સ્વાદ આવતો નથી અને પોતાની અનંતચતુષ્ટયરૂપ સમ્પત્તિથી અજ્ઞાત રહે છે. તે સ્ત્રી - પુત્ર - ધન - ધન્યાદિ બાહ્ય સમ્પત્તિઓને પોતાની માની તેનાં સંયોગ - વિયોગમાં હર્ષ - વિષાદ કરે છે. તેના ફલસ્વરૂપ તેનું સંસાર - પરિભ્રમણ ચાલુ રહે છે. તેથી આચાર્ય ખેદ દર્શાવતાં કહે છે કે, ''હાય ! આ જગત્ માર્યુ ગયું ! ઠગાઇ ગયું ! તેને પોતાનું કંઇ પણ ભાન રહ્યું નહિં !''

## વિશેષ

''......વળી કોઇ વખતે કોઇ પ્રકારે પોતાની ઇચ્છાનુસાર પરિણમતા જોઇ આ જીવ એ શરીર - પુત્રાદિકમાં અહંકાર-મમકાર કરે છે અને એ જ બુદ્ધિથી તેને ઉપજાવવાની, વધારવાની તથા રક્ષા કરવાની ચિંતાવડે નિરંતર વ્યાકુળ રહે છે, નાના પ્રકારનાં દુ:ખ વેઠીને પણ તેમનું ભલું ઇચ્છે છે......''[૫]

૫. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ - પૃ.૫૫

"…..મિથ્યાદર્શન વડે આ જીવ કોઇ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં તેને પણ પોતાની માને છે. પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, ઘોડા, મંદિર (મકાન) અને નોકર-ચાકરાદિ જે પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે, સદાકાળ પોતાને આધીન નથી - એમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર[૬] કરે છે, પુત્રાદિકમાં 'આ છે તે હું જ છું' એવી પણ કોઇ વેળા ભ્રમબુદ્ધિ થાય છે. મિથ્યાદર્શનથી શરીરાદિકનું સ્વરૂપ પણ અન્યથા જ ભાસે છે……"[૭] **૧૪**

---

હા, હત્ જગત, અરેરે જગત હણાઈ રહ્યું છે આચાર્ય કહે છે હાહા.. હા આ જગત અરેરે! પોતાની જાતને, રાગથી ને, પરથી ભિન્ન ન માનતાં, રાગને, શરીરને વાણીની ક્રિયા એક માનતા. અરેરે.. આચાર્ય કહે છે હા. હતં જગતઃ જગત હણાઈ રહ્યું છે. આહાહા!

**ટીકાઃ** ઉત્પન્ન થઈ પ્રવર્તી. શું પ્રવર્તી? પુત્ર સ્ત્રી આદિ સંબંધી કલ્પનાઓ શાને? કલ્પનાઓ. શાને વિષે? શરીરો વિશે? કયા કારણે? આત્મબુધ્ધિને કારણે. આહાહા! શામાં? શામાં આત્મબુધ્ધિ? શરીરોમાં જ. અર્થ એ છે કે પુત્ર વગેરેના દેહને જીવરૂપે માનનારને. આહાહા! એ મારો દીકરો, મારી સ્ત્રી, મારી દીકરી. આહાહા! એના શરીર ને જાણે છે હોં. અજ્ઞાની એને દેહ રૂપે માની, જીવને, દેહને જીવ રૂપે માનનારને મારો પુત્ર કેળવણી બહુ પામે તો કહે આ મારો દીકરો છે. એનું એને માન. આહાહા! દીકરી બહુ ભણી હોય એમ. એ. ને એલ.એલ.બી. ને એનું એને માન. આહાહા! આ મારા શરીર કેવા વધ્યા છે એને આત્મબુધ્ધિના કારણે, શામાં આત્મબુધ્ધિ કરે છે? શરીરમાં. મારો પુત્ર, સ્ત્રી એવી કલ્પનાઓ, વિકલ્પો કરે છે. આહાહા! એમાં મારા પાઠશાળાઓ, મારા મંદિરો, અમારા ઘરો, અમારા શિષ્યો, અમારો સંઘ. આહાહા! અનાત્મરૂપ અને અનુપકાર એવી તે કલ્પનાઓથી, ઈ કલ્પના છે ઈ અનાત્મરૂપ છે જડ, રાગ અનુપકારક છે ઈ આત્માને કંઈ ઉપકાર કરનારી નથી. એવી તે કલ્પનાઓથી આહાહા! પુત્ર ભાર્યાદિ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપતિને પુત્ર, સ્ત્રી, આઠ આઠ છોકરા હોય, દીકરીયું હોય, જમાઈ હોય, લગ્નનો પ્રસંગ હોય, અને બેઠા હોય ભેગા ઓ હો જાણે કે ચક્રવર્તી બેઠો હોય જાણે.

આ બધી મારી સંપદા, આ મારી બધી. આહાહા! ભાઈ તું ક્યાં ગ્યો? તારામાંથી ખસીને તેં ક્યાં તારું માન્યું છે. આહાહા! જે તત્ત્વનો તારામાં અભાવ છે, તે તત્વનો મારામાં ભાવ છે. આહાહા! એમ વિપરીત બુધ્ધિથી એ કલ્પનાઓ અનાત્મરૂપ,

---

૬. वपु गृहं धनं दाराः पुत्रा मित्राणि शत्रवः ।
सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते ॥ ८ ॥ **(ઇષ્ટોપદેશ)**

૭. **મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ - પૃ. ૮૫**

અનુપકારક, એ ઉપકારક છે એ વિકલ્પ છે ? એવી તે કલ્પનાઓથી પુત્ર ભાર્યાદિ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપત્તિને દેખો અહીં સંપત્તિ કીધી. જગત પોતાની માને છે. અરે ! સ્વસ્વરૂપના પરિજ્ઞાનથી બહિર્ભૂત રાગના વિકલ્પને શરીરાદિની ક્રિયાઓ તે અવસ્થાઓ તે શરીર તેનાથી ભિન્ન એવો ભગવાન. આહાહા ! સ્વરૂપના પરિજ્ઞાનથી રહિત થઈ બહિરાત્મરૂપ જગત પ્રાણીગણ હણાઈ રહ્યું છે એમ.

જગત હણાઈ રહ્યું છે એટલે પ્રાણીગણ એમ અર્થ કર્યો અરેરે.. પ્રાણીઓના સમૂહ હણાઈ રહ્યા છે. અંતરભેદ છે. પોતાની સંપદાને ભૂલીને બહારની સંપદાઓનાં સંબંધમાં હું છું. આહાહા ! અરેરે જગત હણાઈ ગયું છે. જુઓ કરૂણા, હેં ? આહાહા ! પાઠ છે ને જુઓ. હા હત્તં જગત. આહાહા ! અરેરે જગત એટલે પ્રાણીગણ કહ્યાને. જગત બીજી શું ચીજ છે ? પ્રાણીઓના ટોળા હણાઈ રહ્યા છે. ભાઈ, આહાહા ! દેહમાં આત્મબુદ્ધિના કારણે આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત બહિરાત્માઓ બહિર વસ્તુને પોતાની માનનારાઓ બહિરાત્મા, મૂંઢ, મિથ્યાદ્રષ્ટિ એ સ્ત્રી, પુત્રાદિ સંબંધીમાં મારાપણાની કલ્પના કરે છે. અને તેમની સમૃદ્ધિને છોકરા રૂપાળા હોય, દીકરીયું રૂપાળી હોય, બાયડી રૂપાળી હોય, મકાન સારા હોય, પૈસા ઠીક હોય. આહાહા ! એમની સમૃધ્ધિને એ એની સમૃદ્ધિ શરીરની, વાણીની, પૈસાની, પોતાની સમૃદ્ધિ માને છે. અરેરે ! આ જગત હણાઈ રહ્યું છે. બહુ સમાધિની વાત છે ને આ તો. અસમાધિથી હણાઈ રહ્યા છે. સમાધિ ને અસમાધિ બેયની વાત કરી. આહાહા ! પરવસ્તુના પ્રેમમાં આકુળતામાં અરે ! જગત હણાઈ રહ્યું છે.

પોતાનો ભગવાન આત્મા જેની સાથે પ્રેમ અને એકત્વ થવું જોઈએ એને છોડી દઈને અરે ! આ જગત હણાઈ રહ્યું છે. એ ખેદની વાત છે બહુ. આહાહા ! ભાઈ તમે શું કરવા ખેદ કરો છો ? કે ભાઈ એ વિકલ્પ આવે છે. આહા ! કરુણાનો. કરુણા ઉપજે જોઈ. નથી આવતું ? શ્રીમદ્‌માં નથી આવતું ? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા. શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' એ કરુણા એ અકષાય છે કે વિકલ્પ છે ? આવે જરા. કોઈ ક્રિયા જડ થઈ રહયા. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં ધરમ માનીને લોકો ચોંટયા છે. કોઈ શુષ્ક જ્ઞાની જ્ઞાનની વાતું કરે પણ રાગથી ભિન્ન આત્માને જાણે નહિ. આહાહા ! કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ. માને મારગ મોક્ષનો. આ બેય માં મોક્ષનો મારગ છે. એમ માને છે. કરુણા ઉપજે જોઈ. આહાહા ! જ્યાં સુધી જીવને શરીરમાં આત્મબુદ્ધિ રહે છે. ત્યાં સુધી તેને પોતાના નિરાકુળ નિજાનંદનો સ્વાદ આવતો નથી. એક ન્યાય તો એમ કહ્યો કે આત્માના આનંદનો સ્વાદ નથી તો ક્યાંક એનો સ્વાદ રોકાઈ ગયો છે. એમ કહે છે. આહાહા ! રાગનો સ્વાદ એને આવે છે. પર જડ નો

તો સ્વાદ નથી. એને પોતાના માનવાના મિથ્યાત્વ ભાવનો એને સ્વાદ આવે છે. એને આત્માના આનંદના સ્વાદ નો અભાવ છે. આહાહા!

કહે છે કે બહિરાત્મપણાનું સ્વરૂપ શું? બાહ્ય પોતાના માને એ વાત રહી પણ કેમ? કહે છે. આહાહા! એ ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ. આહાહા! આનંદનો જેને અંતરના સ્વાદનો અભાવ છે. એ આ બધી અસમાધિના સ્વાદને અનુભવે છે. સમાધિ, અસમાધિ કહે છે ને? સમજાણું કાંઈ? જ્યાં સુધી એને પરમાં પોતાપણાની બુદ્ધિ છે, ત્યાં સુધી તેને પોતાના નિરાકુળ નિજાત્મસ્વરૂપ રસનો સ્વાદ આવતો નથી. આહાહા! અને પોતાની અનંત ચતુષ્ટય સંપત્તિથી અજ્ઞાત રહે છે. પરને પોતાના માનવામાં રોકાયેલો આકુળતાવાળો વેદે છે. નિજાનંદના સ્વરૂપનો એને સ્વાદ નથી, એથી એને અનંતચતુષ્ટય જે ભગવાન આત્મા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, સ્વચ્છતા સ્વભાવ એનું અજ્ઞાન છે. પોતાનું સ્વરૂપ બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય મુખ્ય. અનંત ચતુષ્ટયનું સ્વરૂપ શું? એનો એ અજ્ઞાન છે. અજ્ઞાત છે. આહાહા!

મારી હયાતિ અને હું, એ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય તે હું. એનો અજ્ઞાની અજ્ઞાત હોવાથી. આહાહા! એવા અનંતચતુષ્ટય સ્વરૂપ ભગવાન આત્માને ન જાણવાથી, તે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન ધાન્ય આદિ બાહ્ય સંપત્તિઓને અંતર સંપત્તિઓને ન જાણવાથી. અનંત જ્ઞાન સ્વભાવ છે ને? સ્વભાવ છે એની હદ શી? મર્યાદા શી? અપૂર્ણતા શી? આહાહા! એવું આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન એવા અનંત ચતુષ્ટય સ્વરૂપ આત્મા તેનો અનાદિ અજ્ઞાની અજ્ઞાત છે. આહાહા! સમજાણું કાંઈ? અને બાહ્ય સંપત્તિને પોતાની માને છે. આહાહા! આવી ચીજ અંદર છે. એની એને ખબર નથી. એથી પોતાની સંપત્તિનો અજ્ઞાત અને પર સંપત્તિમાં હું પણું માનીને બેઠો છે એ તો. આહાહા!

બાહ્ય સંપત્તિઓને પોતાની માની તેના સંયોગ - વિયોગમાં હર્ષ વિષાદ કરે છે. અનુકૂળ સંયોગ હોય તો હરખ, પ્રતિકૂળ સંયોગ હોય તો દ્વેષ, એ તો બધી બાહ્ય સંપદા છે એ કાંઈ તારી નથી. આહાહા! સુખી છીએ હમણાં. છોકરાઓ કામે ધંધે લાગી ગયા છે. અમારી ઉંમર સાઈઠ (૬૦) વરસની થઈ પણ એ પચ્ચીસ પચ્ચીસ વરસના છોકરાઓ વહેલા કમાવે પૈસા. વેપાર ધંધે ચડી ગયા છે. અમે સુખી છીએ એમ કહે છે ને એ. હેં? કહે છે? છોકરાઓ કામે લાગી ગયા છે. બે ત્રણ છોકરાઓ કામે લાગ્યા. એક બે છે નાના પણ ભણે છે. બધું હાલે છે હેં? એ હમણાં બે વરસ. પેલા હમણાં કહેતા ને ભાઈ નહિ. આ મરી ગયો ને છોકરો. આ રમણિક સૂરત એનો મામો કહેતા તો મેં કહ્યું આ

છોકરો કોણ છે ? કહે વીસેક વરસનો છે પણ વરસ બે વરસ માં તૈયાર થઈ જશે, દુકાન ધંધે એમ કહે. વરસ બે વરસે તૈયાર થઈ જશે. માળે શું તૈયાર થઈ જશે એમાં.

ઓલા બેંતાલીસ વરસનો મરી ગયોને. અમારે ફાવાભાઈનો દીકરો. ફાવાભાઈની દીકરીનો દીકરો. આહાહા ! મેં કહ્યું આમ શું બોલે છે આ. હેં ? એમાં કેટલી ? આમ પચીસ ત્રીસ લાખ રૂપિયા છોકરા પાસે. મનહર, મનહર એની બેનનો દીકરો બેંતાલીસ વરસનો કાંઈ રોગ નહિ હોં દાક્તર કળી શક્યા નહિ. આઠ દિ' થયાને. ન્યુમોનિયા, ન્યુમોનિયા કીધું પણ એ કાંઈ કળી શક્યા નહિ. છૂટી ગયો દેહ. ઈ બોલતો તો. ત્યાં એણે જવાબ જ એવો આપ્યો. આ છોકરો તૈયાર છે આ બેસે છે ને દુકાને. એ વરસ બે વરસે આ દુકાન શરૂ થઈ જશે દુકાન (સમાધાન કરવાની રીત હો) કો પોપટભાઈ આમ હાલે છે કે નહિ ? એમ જ હાલે છે. હેં ? આહાહા ! સંયોગ વિયોગમાં હર્ષ વિષાદ કરે છે. આહાહા ! કાંઈક પચાસ વર્ષે દીકરો આવ્યો ભાઈ. નામ રાખ્યું નહિંતર અમારે વંશ જાત, દસ લાખની મૂડી લઈ જાત કોક. દેરનો દીકરો લઈ જાત. આ છોકરો થયો તો હવે તો હો હો બાયડીયું ને બહુ હોય એવું. આ આપણે આ મૂડી દસ લાખની ને છોકરો કોઈ નહિ ને દેરના દીકરા છે આ હક્ક તો એને લાગુ પડશે. આ તો પચાસ પંચ્ચાવન વરસ થઈ ગયા છે. કહે છે. આહાહા !

અરે ભગવાન ઈ લક્ષ્મી ક્યાં તારી બાપુ, તું ક્યાં ? આહાહા ! કોક લઈ જશે ને અને કોક ને નહિ રહે. અને આ દીકરો છે ને રહેશે. શું માંડ્યું છે આ ? આહાહા ! કર્મ જાળ માંડી છે તેં. જેમ માછલા જેમ પકડાય છે ને શું કહેવાય ઈ ? જાળમાં. એમ આ અજ્ઞાનની જાળ. આહાહા ! પકડાઈ ગયો છે. ભાઈ તું તારી મેળા એ પકડાઈ ગયો છે. ભાઈ, આહાહા ! કહે છે અરેરે આવા ફળ સ્વરૂપ તેના ફળસ્વરૂપ તેનું સંસાર પરિભ્રમણ ચાલુ રહે છે. તેથી આચાર્ય ખેદ દર્શાવતાં કહે છે આ ! આ જગત માર્યુ ગયું છે. આહાહા ! પ્રાણીગણ માર્યા ગયા છે બચારા. આહાહા ! ઠગાઈ ગયું છે. તેને પોતાનું કાંઈ પણ ભાન રહ્યું નહિ. અરેરે હું શું કરીશ ? હું ક્યાં જઈશ ? હું ક્યાં છું ને ક્યાં જઈશ ? કાંઈ ભાન ન મળે આવાને આવા ભણતરમાં. આહાહા ! ચકરાવો, ચકરાવો, એક શરીર જાય ને બીજું મળે. બીજું ટળે ને ત્રીજું મળે. આહાહા ! અરસ પરસ હોય છે ને ?

જેટલા પાણી ભરાય ને એટલા ઠલવાય. રેંટ, રેંટ, આહાહા ! એમ એક શરીરાદિનો સંયોગ જાય. મૂઢ છે. ચૈતન્યની તો ખબર નથી. બીજું શરીરનો ભરાવો આવે. આ ખાલી થાય ને ઓલો આવે. આ ખાલી થાય ને ઓલો આવે. આહાહા ! ભગવાનને સંયોગ વિયોગ થયા કરે છે. આહાહા એ કાંઈ પણ ભાન રહ્યું નથી. આહાહા !

કોઈ વખત કોઈ પ્રકારે પોતાની ઈચ્છા અનુસાર પરિણમતા જોઈ આ જીવ શરીર પુત્રાદિમાં અહંકાર મમકાર કરે છે. પોતાના ધાર્યા પ્રમાણે છોકરાઓ હાલે તો કહે જો બાપુ કેવા અમારા છોકરા છે. અમારી આજ્ઞા પાળે છે. હેં? ઈચ્છાનુસાર પરિણમતા જોઈ આ જીવ શરીરમાં, જોયું અમારા છે. અમે કેળવ્યા છે કેટલા વખત અને એજ બુધ્ધિથી તેને ઉપજાવવાની, એ જ બુધ્ધિથી તેને ઉપજાવવાની, વધારવાની ને રક્ષા કરવાની ચિંતા વડે નિરંતર વ્યાકુળ રહે છે. અનેક પ્રકારના દુઃખ વેઠીને પણ તેમનું ભલું ઈચ્છે. આહાહા! દુકાને મેલા લૂગડાં પહેરી પેલા હોય કડિયા બડિયા કાંઈ ધંધો કરે? આ મજુરી કરી કરીને મરી જાય છે.

વિશેષ કહેશે.........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન - ૨૧

## શ્લોક - ૧૪ અને ૧૫

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૩૧.૧૨.૭૪**

देहेष्वात्मानं योजयतश्च बहिरात्मनो दुर्विलसितोपदर्शनपूर्वकमाचार्योऽनुशयं कुर्वन्नाह –

**देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।**
**सम्पत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत् ।।१४।।**

દેહે આતમબુદ્ધિથી સુત - દારા[૧] કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા ! આ જગત હણાય. ।। ૧૪ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

શરીરાદિનું તો આવી ગયું છે. પણ આ પુત્ર, સ્ત્રી, ધન, લક્ષ્મી અને ધાન્ય અનાજ અને કોઠાર ભર્યા હોય. ખેત છે, ખેતી ઘરે હોય તો અનાજ ખૂબ પાકે એ અમારા છે. અમારા ઘઉં છે. અમારો બાજરો છે. અમારી ખેતી છે. અમારી જમીન છે. એમ

---

૧. દારા - સ્ત્રી

અજ્ઞાની જે એની ચીજ નથી એને પોતાની માને એ મિથ્યાદર્શન ઊંધી શ્રધ્ધાનું પરિણામ છે ઈ. ભાઈ ત્યારે આવું બધુ છોડે તો માન્યું કહેવાય એમ કહેને. છોડેલું પડયું જ છે. છોડવું 'તું કે' દિ આ ચૈતન્ય સ્વરૂપ હું પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ છું એવી જેને સ્વભાવની દ્રષ્ટિનું ભાન નથી એ આ પુણ્ય ને પાપના કારણે મળેલી સામગ્રી એ મારી છે. હાથી, રાજા હોય તો હાથી આદિ હોય. અમારા હથિયાર છે. અમારા ઘોડા, અમારા મકાન, અમારા બાપદાદાથી દુકાનો દસ છે. ઘર, મકાનમાં ભાડે આપીએ છીએ, એ બધા અમારા છે એમ અજ્ઞાની માને છે. મિથ્યાશ્રદ્ધા મહાપાપ. જેનું પાયખાના કરતાં પણ અનંતગણું પાપ છે આનું મિથ્યાત્વનું. સમજાણું કાંઈ? આહાહા! નોકર, ચાકર, આદિ સારા નોકર મળ્યા હોય. ચાકરો શાન રાખી લે. આ તો અમારા અમારા ઓલ્યા એ બધા અમારા છે. અમારા છે. આ ઘાટી બાટી મળે ને ત્યાં. હેં? રસોઈયા મળે એ અમારો છે. આ ઘાટી અમારો છે. આહા! ક્યાંથી આવ્યો તારો? આહાહા !

વિપરીત માન્યતા ને કારણે જે ચીજ એનામાં નથી અને બહારથી આવી છે. એને પણ એ પોતાના માને છે. આહાહા! પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે. એમ કહે છે. છે? સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, હાથી, ઘોડા નોકર પ્રત્યક્ષ ભિન્ન છે. જુદી ચીજ છે. એ ક્યાં એમાં અહીંયા આવી ગઈ છે? આહાહા! સદાકાળ પોતાને આધીને નથી. એ બધી ચીજો એને આધીન છે કાંઈ? કોઈ વખતે એનું માને એ નહિ વિખરાઈ જાય. બાયડીય નિર્ગુણી થઈ જાય. આહાહા! સમજાણું? ક્યાંક આમ દિશાએ નીકળ્યાને તે એની બાયડીને ઓલો વઢતો હશે થોડું એની બાયડી કહે છે. બોલતો નહિ વધારે, નહિંતર એનું ફળ બીજું આવશે. એમ બોલતી'તી. આહાહા! વધારે અમને બાયડીઓને છંછેડવી નહિ તમારે, ઈજ્જત સાચવજો. નહિતર એનું બેઉનું અંતર વધી જાશે, હાય હાય, અરે ત્યાં રાજાની રાણી હતી એક ગામમાં એ નામ નથી આપતા. એ રાણીને દરબાર રાજાએ આમ જરી પજવવા માંડી થોડું સાધારણ દબાવવા માંડી. રાણી કહે દરબાર અમે રાણી ઘરાણાની દીકરી છીએ. ગરાસની. જેમ તેમ કહેશો નહીં એના ધણીને રાજાને કહે. આહાહા! નહિતર અમે નાગણી છીએ. કાળી નાગણી. અમે ડંખશું તો મુશ્કેલ પડશે તમને. હાય, હાય. ઓલો રાજા કહે. ન્યાં થ્યું'તુ. આહાહા!

સદાકાળ પોતાને આધીન નથી એનું માને ત્યારે પણ એ એને આધીન નથી. એ તો એને ઠીક લાગે તો માને, ઠીક ન લાગે તો ન માને. ભાઈ, અમે ક્યાં કહીએ છીએ માનો. આહાહા! એમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર કરે. અરે! પણ શું

દીકરાં તો મારા છે ને ? આહાહા ! આ છે તે હું જ છું એવી પણ કોઈ વેળા ભ્રમબુધ્ધિ થાય છે. ઓલું થાય ને આ કોઈ માણસ મરી ગયો હોય ને જાય, પોતે નવરો ન થયો, ને જાણેને તે હું જ છું ને તુ. જાને તું. શું કહેવાય ઈ ? હેં ? આભડવા. એમ કહે છે. છોકરાને. જાને તું જાને તું, છોકરાને આરે મુર્ખાઈ તે પણ ઓછી છે કાંઈ. આહાહા ! કેમ હશે નરોત્તમભાઈ ? બરાબર હશે ? આહાહા ! એવી પણ કોઈ વેળા ભ્રમ બુદ્ધિ થાય છે. મિથ્યાશ્રદ્ધાથી શરીરાદિનું સ્વરૂપ પણ અન્યથા જ ભાસે છે. એ શરીર પણ અમારા અમે, ધ્યાન રાખીએ તો રહે, આમ છે તેમ છે આ.હા. એ બધા મિથ્યાદર્શન આવે છે ને ? એ મોક્ષમાર્ગપ્રકાશક એમાં પાનું ૮૫ ચાલે છે. એમાં આવ્યું એમાં આવ્યું છે.

હવે કહેલા અર્થનો ઉપસંહાર કરીને આત્મામાં અંતરાત્માનો અનુપ્રવેશ દર્શાવતાં કહે છે. ૧૫

**इदानीमुक्तमर्थमुपसंहृत्यात्मन्यन्तरात्मनोऽनुप्रवेशं दर्शयन्नाह -**

**मूलं संसारदु:खस्य देह एवात्मधीस्तत: ।**
**त्यकत्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रिय: ।। १५ ।।**

ભવદુ:ખોનું મૂળ છે દેહાતમધી જેહ;
છોડી રૂદ્ધેન્દ્રિય[2] બની, અંતરમાંહી પ્રવેશ. ।। ૧૫ ।।

**टीका : मूलं कारणं । कस्य? संसारदु:खस्य । काऽसौ? देहएवात्मधी: । देह: काय: स एवात्म इति धी: । यत एवं ततस्तस्मात्कारणात् । एनां देहएवात्मबद्धिं त्यक्त्वा अन्त: प्रविशेत् आत्मानि आत्मबुद्धिं कुर्यात् अन्तरात्मा भवेदित्यर्थ: । कथं भूत: सन्? बहिरव्यापृतेन्द्रिय: बहिर्बाह्यविषयेषु अव्यापृतान्यप्रवृत्तानीन्द्रियाणि यस्य ।। १५ ।।**

હવે કહેલા અર્થનો ઉપસંહાર કરીને આત્મામાં અન્તરાત્માનો અનુપ્રવેશ દર્શાવતાં કહે છે:-

**અન્વયાર્થ :** (देहे) શરીરમાં (आत्मधी: एव) આત્મબુદ્ધિ હોવી તે જ (संसारदु:खस्य) સંસારનાં દુ:ખનું (मूलं) કારણ છે (तत:) તેથી (एनां) તેને-શરીરમાં આત્મબુદ્ધિને - (त्यक्त्वा) છોડીને તથા (बहि: अव्यापृतेन्द्रिय:) બાહ્ય વિષયોમાં ઈન્દ્રિયોની પ્રવૃત્તિને રોકીને (अन्त:) અંતરંગમાં-આત્મામાં (प्रविशेत्) પ્રવેશ કરવો.

**ટીકા :** મૂલ એટલે કારણ, કોનું ? સંસારદુ:ખનું તે (કારણ) કયું ? દેહમાં જ આત્મબુદ્ધિ અર્થાત્ દેહ-કાય તે જ આત્મા એવી બુદ્ધિ (માન્યતા) તે. તે કારણને લીધે તેનો, એટલે

૨. રૂદ્ધેન્દ્રિય - રોકેલી ઇન્દ્રિયોવાળો

દેહમાં જ આત્મબુદ્ધિનો, ત્યાગ કરીને અંતરમાં પ્રવેશ કરવો - આત્મામાં આત્મબુદ્ધિ કરવી - અંતરાત્મા થવું - એવો અર્થ છે. કેવો થઇને ? બાહ્યમાં અવ્યાપૃત ઇન્દ્રિયોવાળો થઇને - અર્થાત્ બાહ્ય વિષયોમાં જેની ઇન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઇ છે (રોકાઇ ગઇ છે - અટકી ગઇ છે) તેવો થઇને.

**ભાવાર્થ :** શરીરમાં આત્મબુદ્ધિ થવી એ જ સંસારનું મૂળ (એક જ સાચું) કારણ છે, માટે તેને છોડીને તથા ઇન્દ્રિયોની બાહ્ય વિષયોમાં થતી પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો, અર્થાત્ પર તરફથી હઠીને સ્વસન્મુખ થવું.

સંસારમાં જેટલાં દુ:ખ છે તે બધાં શરીરમાં એકતાબુદ્ધિનાં કારણે જ હોય છે. જ્યાં સુધી જીવને બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી આત્માની સાથે શરીરનો સંબંધ રહ્યા કરે છે અને તેથી તેને સંસારમાં ઘોર દુ:ખ ભોગવવાં પડે છે.

જ્યારે જીવને શરીરાદિ પર પદાર્થો તરફનો મમત્વભાવ છૂટી જાય છે ત્યારે તેને બાહ્ય પદાર્થોમાં અહંકાર-મમકારબુદ્ધિ હોતી નથી. તે પરથી મુખ મોડી સ્વસન્મુખ ઢળે છે અને આત્મિક આનંદ અનુભવે છે; તેથી ગ્રન્થકારે સમસ્ત દુ:ખોનું મૂળ કારણ જે શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી, અન્તરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે, જેથી તે ઘોર સાંસારિક દુ:ખોથી છૂટકારો પામી સાચા નિરાકુલ સુખની પ્રાપ્તિ કરે.

## વિશેષ

‘‘..... આ જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે, તેથી તે પોતાને અને શરીરને એકરૂપ જાણી પ્રવર્તે છે. આ શરીરમાં પોતાને રુચે એવી ઇષ્ટ અવસ્થા થાય છે તેમાં રાગ કરે છે તથા પોતાને અણરુચતી એવી અનિષ્ટ અવસ્થામાં દ્વેષ કરે છે. શરીરની ઇષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્ય પદાર્થોમાં રાગ કરે છે તથા તેના ઘાતક પદાર્થોમાં દ્વેષ કરે છે ...... કોઇ બાહ્ય પદાર્થ શરીરની અવસ્થાના કારણરૂપ નથી, છતાં તેમાં પણ તે રાગદ્વેષ કરે છે.’’ [૩]

‘‘ પોતાનો સ્વભાવ તો દૃષ્ટા - જ્ઞાતા છે. હવે પોતે કેવળ દેખવાવાળો - જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને તે દેખે - જાણે છે તેમાં ઇષ્ટ - અનિષ્ટપણું માને છે અને તેથી રાગી - દ્વેષી થાય છે. કોઇના સદ્ભાવને તથા કોઇના અભાવને ઇચ્છે

૩. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ - પૃ. ૯૪-૯૫

૪. કોઇ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિં ગુણનો કરે,
તેથી બધાયે દ્રવ્યનિજ સ્વભાવથી ઉપજે ખરે. (શ્રી સમયસાર - ગુ. આવૃત્તિ ગાથા ૩૭૨)

છે, પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી, કારણકે કોઇ દ્રવ્ય કોઇ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,[૪] પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે; માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.

વળી કદાચિત્ પોતે ઇચ્છે તેમ જ પદાર્થ પરિણમે તો પણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમ્યો નથી, પણ જેમ ચાલતા ગાડાને ધકેલી બાળક એમ માને કે, આ ગાડાને હું ચલાવું છું - એ પ્રમાણે તે અસત્ય માને છે.[૫].....

માટે શરીરાદિ મારાં છે અને તેની ક્રિયા હું કરી શકું છું એવી શરીરમાં આત્મબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે. તેનો ત્યાગ કરી 'આત્મા એ જ મારો છે' - એવી આત્મામાં આત્મબુદ્ધિરૂપ જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરી અંતરાત્મા થવા, આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે. **૧૫**

---

અહાહા ! એ અર્થમાં આવી જાય છે, અન્વયાર્થ.

**ટીકા** : મૂળ કારણ એટલે ? મૂળ કારણ એટલે ? મૂળ એટલે શું ? કે સંસારનું દુઃખ, છે ને, મૂળ એટલે કારણ કોનું ? મૂળ એટલે કારણ કોનું ? સંસાર દુઃખનું કારણ. શું ? દેહમાં આત્મબુદ્ધિ. દેહ કાય તે આત્મા એવી બુદ્ધિ એ મહાસંસારના દુઃખનું રઝળવાનું કારણ છે. આહાહા ! નિગોદ ને નરક દેહ માટી, જડ, ધૂળ અજીવ જગતના આ તો અજીવ તત્ત્વ છે. આહિં એનું શું છે જડનું આહાહા ! એ એમાં આત્મબુદ્ધિ તે સંસારમાં રખડવાનું કારણ છે. તે કારણ ને લીધે તેનું એટલે કે દેહમાંજ આત્મબુદ્ધિનો ત્યાગ કરીને માટે ધર્મી જીવ. આહાહા ! અંતરમાં પ્રવેશ કરવો. ભાઈ, ક્યાં ગયા ઓલા ? શરીરાદિ મારા નથી, પુત્રો મારા નથી, હું તો આત્મા છું, આનંદ સ્વરૂપ છું એમાં પ્રવેશ કરવો આહાહા ! કો એનું નામ ધરમ છે. આત્મબુદ્ધિ કરવી અંતરાત્મા થવું. એવો એનો અર્થ છે. જ્ઞાયક સ્વભાવે બિરાજમાન આત્મા એ હું, એમ આત્મસન્મુખ થઈને આત્માને પોતાનો માનવો. શરીરાદિનું મારાપણું છોડી દેવું. શરીરનું મારા પણું છોડીને પછી. બાહ્ય ચીજ ક્યાં રહી ત્યાં. સમજાણું કાંઈ ?

કેવો થઈને ? બાહ્યમાં અવ્યાપૃત્ત ઈન્દ્રિય ઈન્દ્રિયોવાળો થઈને અર્થાત્ બાહ્ય વિષયોમાં જેની ઈન્દ્રિયો અવ્યાપૃત્ત અપ્રવૃત્ત થઈ છે. શું કહે છે ? કે આ ઈન્દ્રિયો છે ને એ દ્વારા જે બાહ્યમાં પ્રવૃત્તિનું લક્ષ જાય છે. તે બધુ મિથ્યાદર્શન. એ મારા માનીને કરે એ મિથ્યાદર્શન છે. આહાહા ! આ પર વસ્તુ બધી એના દ્વારા બાહ્ય પદાર્થ ને જાણતાં એનું

---

૫. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ - પૃ. ૯૨

લક્ષ ત્યાં રહે છે. આહાહા! એથી ઈન્દ્રિયાતીત ચીજ છે એને ભૂલી જાય છે કે જેને હવે ઈન્દ્રિય દ્વારા જાણવાનું છે. આહાહા! એને છોડી દઈને. આવી વાત છે ઝીણી ભાઈ. આહાહા! ઈન્દ્રિયોનું બાહ્ય વિષયોમાં ઇન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઈ છે, રોકાઈ ગઈ છે, અટકી ગઈ છે તેવો થઇને આહાહા! ઈન્દ્રિયો દ્વારા પરને જોવું જાણવું અને જાણતાં આ મારા એમ માનવું એ બધું મિથ્યાદર્શન અજ્ઞાન પાપ છે. એને છોડી દઈને અંતર ચિદાનંદ સ્વરૂપમાં પ્રવેશ કરીને એટલે અંતરાત્માની દ્રષ્ટિ કરીને. છે તો સાદી ભાષા છે. સવારનું જરી ઝીણું અત્યારે તો આ બધી સાદી ભાષા છે.

**ભાવાર્થ**ઃ શરીરમાં આત્મબુદ્ધિ થવી એ જ સંસારનું મૂળ કારણ છે. લ્યો. આહાહા! સવારથી તે સાંજ સુધી શરીરને આ ને આ ને આ ને આ કર્યા જ કરે છે. આ મિથ્યાત્વના લખ્ખણ છે બધા આહાહા! સમજાણું કાંઈ? શરીરની અનુકૂળતા પ્રતિકૂળતામાં એની બુદ્ધિ ત્યાં રોકાઈ ગઈ. (સાચી વાત છે) ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ એનો અનાદર કરીને, આ બધી શરીરની ચેષ્ટાઓમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ? ઈન્દ્રિયોની બાહ્ય વિષયોમાં થતી પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો. એટલે પર તરફથી હટીને સ્વસન્મુખ થવું. બહુ ભારે વાત છે ભાઈ! આહાહા! ઝીણી વાતું બહુ આકરી. પર તરફથી હટીને સ્વસન્મુખ જાવું. લ્યો ઈ શું પણ છે? આહાહા! જે ચીજ છે પ્રભુ આત્મા સચ્ચિદાનંદ શાશ્વત જ્ઞાન ને આનંદ ને આહાહા! એના તરફ અંતરાત્મા થવું હોય, એ એના તરફ જાવું, બહિરાત્માનો ત્યાગ કરીને એમ કહ્યું ને? સમજાણું કાંઈ?

અંતરાત્મામાં અંતર વસ્તુ ચૈતન્યમૂર્તિ ત્યાં એને દ્રષ્ટિ લગાડવી એમ કહે છે. આહાહા! શરીર ઉપરથી લક્ષ છોડી દઈ અને અંતરમાં જાવું એનો અર્થ કે રાગ ઉપરથી પણ લક્ષ છોડી દઈ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રાગ છે. આ બંધના કારણ છે. એના ઉપરથી પણ લક્ષ છોડી દઈ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં દ્રષ્ટિ કરવી. એ એણે આત્મામાં પ્રવેશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા! બહુ વાતું. સ્વસન્મુખ થવું પોતાના સ્વભાવથી વિમુખ છે, તે પર સન્મુખ છે. એ પરસન્મુખથી વિમુખ થઈને. આહાહા! ચૈતન્ય ભગવાન એની સન્મુખ થવું આ ધર્મની દ્રષ્ટિ છે. આહાહા! આ ક્રિયાથી આ શરીર થાય આમ થાય ને એનાથી આ થાય ને. એ બધો મિથ્યાત્વ ભાવ છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય, સ્વાહા, પૂજા કરતા ન બોલે? એ તો જડ ને દ્રવ્ય, એ દ્રવ્ય ને છોડતા હું સ્વાહા કરતા હું એ તો જડની ક્રિયા એ તો પરદ્રવ્યની. આહાહા! એ પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને સ્વદ્રવ્યના સ્વભાવ સન્મુખ થવું આહાહા!

સંસારમાં જેટલા દુ:ખ છે તે બધા શરીરમાં એકતાબુદ્ધિને કારણે છે. હેં ? આહાહા ! જરીક તાવ આવે ૪ ને ૬ ડીગ્રી ત્યાં સળવળાટ થઈ જાય આ આમ થઈ ગયું શું છે પણ હવે ? અરે એ તો જડમાં આવ્યો ? તને ક્યાં તાવ આવ્યો છે ? આત્માને તાવ આવે ? બુખાર, શરીર કા હૈ એ તો ? આહાહા ! ઘણી ગરમી માથે ચડી ગઈ છે. માથે ગરમી ચડી છે, ત્યારે શું કરવું છે ? પાણીના પોતા મૂકો ટાઢા ટાઢા, લાવો પાણી, પોપટભાઈ, કરે છે કે નહિં હેં ? એમાં કોલન વોટર નાંખી લાવે એટલે ઝાઝા ઠંડા થાય. આહાહા ! જેટલા શરીરાદિ તરફના દુ:ખ છે. એ બધા શરીરમાં એકતાબુદ્ધિના કારણે છે. કારણ કે એમાં એકતાબુદ્ધિ એટલે પરની હારે એકતાબુદ્ધિ છે. એનો સંયોગ અને વિયોગ થતાં એને રાગ અને દ્વેષ થયા વિના રહેશે નહિ. આહાહા ! જ્યાં સુધી જીવને બાહ્યપદાર્થમાં આત્મબુદ્ધિ રહે છે. ત્યાં સુધી આત્માની સાથે શરીરનો સબંધ રહ્યા કરે છે. આહાહા ! તેથી તેને સંસારમાં ઘોર દુ:ખ ભોગવવા પડે છે. આહાહા !

આંહીં મોટો રાજા ને શેઠિયો હોય પણ એ મરીને નરકમાં નિગોદમાં જાય. અહીંથી જેવો ગયો એવો ત્યાં. આહાહા ! કારણ કે આત્મા જડથી જુદોનું અનુભવ ભાન તો નથી. સમજાણું કાંઈ ? અને પુણ્યાદિના પરિણામ પણ એવા હોય નહિ, પાપના પરિણામના જોરમાં પડયો હોવાથી, આહાહા ! કહે છે તેને બાહ્ય પદાર્થોમાં આહાહા ! શરીરાદિ પર પદાર્થો તરફનો મમત્વભાવ છૂટી જાય છે. જીવને, ઓલ્યો ન છૂટે ત્યાં સંસારના ઘોર દુ:ખ ભોગવવા પડે. ત્યારે તેને બાહ્ય પદાર્થ માં અહંકાર મમકાર બુદ્ધિ હોતી નથી. તે પરથી મુખ મોડી પરથી દ્રષ્ટિને છોડી એટલે મુખ મોડી એમ, સ્વસન્મુખ ઢળે છે. આહાહા ! હું જ્યાં છું. ત્યાં એ જાય છે. એમ કહે છે. હું ચૈતન્યમૂર્તિ આત્મા છું, ત્યાં એ દ્રષ્ટિ જાય છે. ભારે કામ આકરું, કાંઈક સામાયિક કરે ને, પોહા કરે ને, પડિકમણા કરે એ કાંઈક કરે છે કે નહિં સામાયિક ક્યાં હતી ? અજ્ઞાનીને સામાયિક કેવી ? આહાહા ! જે અંદર વિકલ્પ ઉઠે છે. આ કરું એ પણ વિકાર ને વિભાવ ને પર છે. આહાહા ! એનાથી એની સન્મુખની દ્રષ્ટિ છે તેને સ્વસન્મુખ કરવી. આહાહા ! આવી વાત છે. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા ! આત્મિક આનંદ અનુભવે છે. ઓલું દુ:ખ હતું ને એમાં તો, એ દેહાદિ ને મારા માનીને ચારગતિના દુ:ખને વેદે ને અનુભવે છે ત્યારે દેહ રહિત હું છું. આહાહા ! મારી ચીજ છે, એમાં તો પુણ્ય પાપના ભાવેય નથી આહાહા ! એવા આનંદ સ્વરૂપનો અનુભવ થતાં, એને પોતાના માનતાં એને અતીન્દ્રિય આનંદ આવે છે.

જુઓ છે ? આત્મિક આનંદ અનુભવે છે. આહાહા ! વારંવાર સ્વસન્મુખ થતાં અને પરસન્મુખથી વિમુખ થતાં એને આત્માના અંદર પ્રવેશ થતાં અતીન્દ્રિય આનંદ

આવે છે, એને સમ્યગ્દર્શન ને એને ધરમ કહીએ. આહાહા! હેં? આવો મોંઘો ધર્મ. મોંઘો એ જ્યાં છે ત્યાંથી થાય કે ન હોય ત્યાંથી થાય? આહાહા! તેથી ગ્રંથકારે સમસ્ત દુઃખોનું મૂળ કારણ શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી અંતરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે. જેથી તે ઘોર સંસારી દુઃખોથી છુટકારો પામી, સાચા નિરાકુળ સુખની પ્રાપ્તિ કરે છે. આહાહા! બહુ ટૂંકું વર્ણવ્યું છે. અને શરીર, વાણી, મન આમ આહીં એક કોર ભગવાન આત્મા. જેણે શરીર, વાણી, મનને પોતાના માન્યા એ માન્યતાને કારણે મિથ્યાત્વમાં એ પ્રવીણ થઈ ચોરાશીના અવતારમાં દુઃખી થઈને રઝળશે, અને જેણે પર તરફની સન્મુખતા ને પોતાનું માનવું છોડી દઈ અને આત્મા તરફની દ્રષ્ટિ થતાં ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. એ આનંદસ્વરૂપમાં પોતાપણું અનુભવતાં એને વર્તમાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા! એનું નામ ધર્મ છે.

આ દયા, દાનને, વ્રતને, ભક્તિ ને પૂજા ને તપસ્યા ને ઈ વિકલ્પ છે, એ તો બધો રાગ છે. આહા .. એ પરસન્મુખની ક્રિયાનો રાગ, 'પર દવ્વાઓ દુગ્ગઈ' આહાહા! એ પરદ્રવ્ય તરફના વલણનો ભાવ એ ચૈતન્યની દુર્ગતિ છે. આહાહા! 'સ્વ દવ્વાઓ સુગ્ગઈ'. ચૈતન્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ એની સન્મુખ થઈને એની એકતા કરવી. એ ચૈતન્યની ગતિ ને તે મોક્ષની ગતિનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

બે, પાંચ, દસ લાખ ખર્ચે તો ધર્મ થઈ જાય એમ નથી, એમ કહે છે. હમણાં આ બેંગલોર હેં? (શ્રોતા : બે પાંચ ખરચે ન થાય તો કેટલાં ખરચે થાય) આ અબજો ખર્ચે તો ય ધર્મ ન થાય. અબજો ખરચે એ તો જડ છે એના કયાં હતા? કે એણે ખરચ્યાં? આહાહા! કદાચિત એના પ્રત્યે તીવ્ર મમતા બાયડી, છોકરા, કુટુંબ સાટું રાખવાની હોય એમાં મમતા મંદ કરીને કંઈક દેવાનો ભાવ થાય તો એ પણ પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી. એ પુણ્ય બંધનનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી અંતરાત્મા થવાની પ્રેરણા કરી છે.

તેથી તે ઘોર સંસારી દુઃખોથી છૂટકારો પામી, દિશા ફેરવી છે. ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ નો નાથ આત્મા છે. એને છોડીને શરીર, વાણી, મન ને રાગમાં પોતાપણું માનવું એ મિથ્યાદર્શન ને ચારગતિમાં રખડવાની ખાણ છે. આહાહા! એની દ્રષ્ટિ છોડી દઈને સ્વસન્મુખની દ્રષ્ટિ કરવી, આહાહા! કો પ્રવિણભાઈ? આવી વાતું બહુ ગંભીર કેટલાક તમારા અમે કહે ધરમ કરીએ એને તમે નથી માનતા, આ ધર્મ બીજો નવો કાઢયો, નવો નથી ભાઈ, તને ખબર નથી. આહાહા! આ સામાયિક કર્યાને, પોહા કર્યાને, પડિકમણા કર્યાને ઈ તો બધો વિકલ્પ છે. ભક્તિ કરીને જાત્રા કાઢીને, ૧૦ - ૨૦ લાખ

ખર્ચ્યા તો એ તો બધો રાગ મંદરાગ છે. એ તો પરસન્મુખની ક્રિયા બંધનું કારણ છે. આહાહા!

ભગવાન આત્મા સ્વ ચૈતન્ય જેનું ચૈતન્ય શરીર છે. જેનું ચૈતન્ય ને આનંદ સર્વસ્વ છે. એવા આત્માની દ્રષ્ટિ કરવી, અનુભવ કરવો એ સાચા નિરાકુળ સુખની પ્રાપ્તિનું કારણ છે. આહાહા! એમ પ્રેરણા આચાર્યે કરી છે. આહાહા!

**વિશેષ**

મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. ભાઈ આ જીવને પર્યાયમાં અહમ્‌બુદ્ધિ થાય છે. પર્યાય એટલે શરીર તેથી તે પોતાને અને શરીરને એકરૂપ જાણીને પ્રવર્તે છે. આ શરીરમાં પોતાને રુચે એવી ઈષ્ટ અવસ્થા થાય નિરોગ અવસ્થા, સુંવાળી અવસ્થા સ્નાન કરીને આમ બરાબર હરખાય જરા આહાહા! તેમાં તે રાગ કરે છે. પોતાને અણરુચતી એવી અનિષ્ટ અવસ્થામાં દ્વેષ કરે છે. રોગાદિ આવે તો મારે પ્રહાર કરે, એ એમાં દ્વેષ કરે છે.

શરીરની ઈષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્યપદાર્થમાં રાગ કરે છે. આ છે મોક્ષમારગમાં ઈ અહીંયા ઈષ્ટ અવસ્થામાં રુચિ કરે છે, અનિષ્ટમાં દ્વેષ એક વાત. હવે શરીરની ઈષ્ટ અવસ્થામાં કારણભૂત બાહ્યપદાર્થ છે એ પદાર્થમાં રાગ કરે છે. અને જે ઈષ્ટ અનિષ્ટ ના કારણભૂત બીજા પદાર્થ એને કોઈ ઘાત કરે એના ઉપર દ્વેષ કરે છે. હેં? આ ટોડરમલનું લખેલ છે. કોઈ બાહ્યપદાર્થ શરીરની અવસ્થા ના કારણરૂપ નથી. આહાહા! છતાં તેમાં પણ તે રાગ દ્વેષ કરે છે.

પોતાનો સ્વભાવ તો દ્રષ્ટા જ્ઞાતા છે. આહાહા! પોતાનું સ્વરૂપ અને સ્વભાવ તો જાણવું દેખવું છે. એનો સ્વભાવ તો શરીર ને, વાણી ને રાગ એ કાંઈ એનો સ્વભાવ નથી. આહાહા! હવે પોતે કેવળ દેખવાવાળો અને જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થને તે દેખે જાણે છે. તેમાં ઈષ્ટ, અનિષ્ટ પણું માને છે. અને તેથી રાગી, દ્વેષી, થાય છે. કોઈના સદ્‌ભાવને બાહ્ય પદાર્થ ને કોઈની હૈયાતિ ને ઈચ્છે છે કે આ હોય તો ઠીક, અને કોઈના અભાવ ને ઈચ્છે છે. પ્રતિકૂળતા ન હોય તો ઠીક, આ તો અજ્ઞાન છે કહે છે. આહાહા! પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો નથી. બાહ્યપદાર્થની હૈયાતી આ અનુકૂળ હોય તો ટકે એવો ભાવ કરે અને પ્રતિકૂળતા આવે તો આ મરી જાય દુશ્મનો તો, આ બાયડી આવી છે ને ફલાણું છે ને, છોકરાનેય મારી નાંખે. આહાહા!

કહે છે કે બાહ્યપદાર્થના સદ્‌ભાવની અનુકૂળતા ને અને અસદ્‌ભાવની પ્રતિકૂળતાને છોડવા માંગે પણ એ કાંઈ એના આધીન નથી. એ સદ્‌ભાવ અભાવ કર્યો

થતો નથી. કારણ કે 'કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને કર્તા છે જ નહિ'. લ્યો આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. આત્મા શરીરનો કર્તા નથી. પ્રતિકૂળ દુશ્મન આવે એને છોડવાનો કર્તા નથી, સજ્જનો આવે એને રાખવાનો કર્તા નથી. આહાહા! આ તો સાધુ થાય તો આવું થાતું હશે નહીં? તમારે રમણીકલાલ એમ કહે છે જમવા, જમવા ગયોને? શું કહેવાય બીજું ઘડિયા ઘડિયા ઘડિયાવાળો ઈ કહે આ બધુ મહારાજ કે જ્યારે જંગલમાં જાય ત્યારે આવું થાય, પણ જંગલમાં જ છો. અહિં ક્યાં ઘરમાં પેસી ગયો છે? આહાહા!

રાગમાં તું નથી, શરીરમાં તું નથી, મકાનમાં તું નથી, પછી હવે તું છો ક્યાં? આહાહા! પૈસાના મકાનના ઘેરામાં પડયો પણ તું ત્યાં નથી, એનાથી જુદો જ છે, જંગલ જ છે એને તો. આહાહા! કારણ કે ત્યાં લીટી કરી છે, 'કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને કર્તા છે જ નહિ', લ્યો, ઓલા પંડિત કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કર્તા ન માને એ દિગંબર જૈન નહિં, લ્યો. આહા હવે આંહી તો આ વાત કોણ કરે ભાઈ? ટોડરમલને એ કયાં માને છે? એ માને નહિં એ તો બધા. કહ્યું તું ને? ૮૩ ની સાલમાં શેઠ આવ્યા દામનગર, દામોદર શેઠ, પૈસા એની પાસે ૧૦ લાખ એય પહેલાના પૈસા. કીધું આ કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી એમ ટોડરમલ કહે છે. આવે છે ને આમાં એ વસ્તુ નથી જે સમયે જે પર્યાય થાય તેનું નામ કાળલબ્ધિ, એ સમયે ભાવ નો ભાવ થાય એનું નામ ભાવ, ભવિતવ્યતા. પણ એનું જ્ઞાન ક્યારે થાય? કે સ્વની દ્રષ્ટિ કરે તો. આહાહા!

અને આમાં તો આમ કીધું છે ને. ટોડરમલ કેવળી થઈ ગયો? એમ બોલ્યા. પૈસાની ખુમારી ને એને અભિમાન ઘણું. ટોડરમલ કેવળી થઈ ગયો? કીધું ત્યારે તમે કેવળી થઈ ગયા, એવું કયાં કહેવું છે. અહીંયા લખેલું આહાહા! આ બાજુમાં પૈસા એની પાસે હતા, દસ લાખ તે દિ સીત્તેર, સાઈઠ સીત્તેર વર્ષ પહેલા ૪૦ હજારની ઉપજ હતી ગામ. હતું બહુ મોટું. દસ હજારની ઉપજ. રાજા હતા. પણ રાજા જ હોય પરમાં ઘૂંચી ગયેલા. લ્યો. આહાહા! ધર્મને નામે પણ અમે માનીએ તે ધર્મ. આહાહા! મૂર્તિ નહોતા માનતા એ, કેસ ચાલ્યો તો, બોટાદમાં ભાવનગરમાં કોર્ટમાં કેસ ચાલ્યો તો. ત્યાં એણે એ સાક્ષી આપી કે શાસ્ત્રમાં મૂર્તિ ક્યાંય છે નહિં. મૂર્તિ, બૂર્તિ નથી એમ મોટો કેસ ચાલ્યો તો બોટાદમાં, બોટાદવાળા પૈસાવાળા હતા ને? એ ત્યાં આ બાજુમાં આવી ગયા ત્યારે એણે ... ... હવે શેના તમારા? આ બાજુ આવ્યા છીએ સંપ્રદાયમાં હોય ત્યાં સુધી તમારા કહેવાય. તમારા રાગે ચાલતું હોય. બેય ભાવનગરવાળા હતા. કોર્ટમાં હોં. કોર્ટમાં આણે કહ્યું મૂર્તિ પૂજા શાસ્ત્રમાં નથી. ન્યાં બધું કહ્યું. ઓલાને ક્યા ભાન હોય એને? આહાહા! સ્થાનકવાસી હતાં ને મૂર્તિ માને નહિ.

મૂર્તિ પૂજાનો અર્થ શું ? કે જે ભગવાનની પ્રતિમા છે એવી હોય એની બહુમાન ને પૂજા કરે શુભ ભાવ થાય. એવી વસ્તુ શાસ્ત્રમાં છે પણ એ માને નહિ, સમજાણું કાંઈ ? એ તો ત્યાં સુધી કહેતાં કે મિથ્યાદ્રષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિ ને માને. સમક્તિ થયા પછી મૂર્તિને ન માને એમ કહેતાં. ત્યારે મેં એને એમ કહ્યું કે સમક્તિ થયા પછી જ નિક્ષેપની મૂર્તિ સાચી એને હોય છે. મિથ્યાત્વમાં નિક્ષેપ ને જ્ઞાનનું કાંઈ ભાન એને હોતું નથી. સમ્યગ્દર્શન થયા પછી, આત્માનું ભાન થયા પછી નિક્ષેપ જે વિષય છે જ્ઞેયના એનો એક સ્થાપના નય છે. એ સમ્યગ્દ્રષ્ટિ ને જ સ્થાપના નિક્ષેપનું જ્ઞાન હોય છે. (વાહ રે વાહ પ્રભુ) સમજાણું કાંઈ ? એને ઉડાડવું છે મેં કીધું નરમ હતાં, બોલે નહિ વધુ આહાહા !

આત્માનું ભાન થતાં જ્ઞાનના બે પ્રકાર નય પડી જાય છે. નિશ્ચય અને વહેવાર. એ વહેવાર નય જ્ઞેયના ચાર ભેદ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ, એ સ્થાપના નિક્ષેપ ખરેખર જ્ઞાનીને જ હોય છે, વહેવાર, પણ છે એ શુભભાવ, પુણ્ય, ધર્મ નહિ. પણ એવો વહેવાર ધરમીને પણ પૂરણ વીતરાગ ભાવ ન હોય ત્યારે આવ્યા વિના રહે નહિં એને ના પાડે કે આવું ન હોય, મૂંઢ, મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ ? આવી વાત છે ભાઈ. ચેતનજી ! પછી કીધું ભાઈ નિક્ષેપ તો કે ત્યારે હોય જ્યારે નય પ્રગટે તો એનો વિષય જ્ઞેય છે એના ભાગ પડે. અહીં જ્ઞાનમાં ભાગ પડે બે નિશ્ચય અને વહેવાર, ત્યારે સામે નિક્ષેપના ચાર ભાગ પડે. એને સ્થાપના નિક્ષેપ વહેવારે માન્ય હોય છે, હેં ? તે દિ' આ તો '૮૩ ની વાત છે. ૩૧ ને ૧૮, ૪૯ વરસ થઈ ગયા. ૪૯ વરસ.

અરે ! આગ્રહ જગતને મારી નાંખે છે, પક્ષપાત. આંહી તો કહે છે કે ઈ છે તો રાગ. મૂર્તિપૂજાનો, ભક્તિનો છે તો રાગ, પણ એ વહેવારનો રાગ આત્મજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી વીતરાગ ન હોય તો એવો વહેવાર આવ્યા વિના રહેતો નથી. સમજ મેં આયા ? આહાહા ! આ તો અમારે ૮૩, ૭૬ થયાં ૭૬ની સાલમાં, ૨૪ ને ૩૧ કેટલા થયા ? ૫૫ વર્ષ. આહાહા ! એ જેને બાહ્યબુદ્ધિ છે. કહે છે હજી એ બાહ્યબુદ્ધિમાં શુભભાવ પણ હોય છે. છે એ શુભ એ ભગવાનની ભક્તિ ને પૂજાથી કોઈ ધર્મ થઈ જાય, સંવર, નિર્જરા થઈ જાય. એમ નથી. સમ્મેદશિખરની લાખ જાત્રા કરે કે શેત્રુંજયની કરે તેને ધર્મ થઈ જાય એ વાતમાં માલ નથી. પણ જ્યાં સુધી વીતરાગ આત્મા ન થાય અને આત્માનું ભાન થયું છતાં અંદર સ્થિર થઈ શકે નહિ, ત્યારે આવો શુભ ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ ?

અને એ રીતે જો ન માને તો દ્રષ્ટિ મિથ્યાત્વ છે. કીધું આ કંઈ પક્ષમાં આવી ગયા વાડામાં માટે અમે આમાં રહેશું હવે, એવું છે નહિં કીધું. એ કાંઈ દબાતા'તા

કાંઈ બોલે નહિં કાંઈક જો બોલીએ તો મુહપતિ છોડી દેશે, વયા જાશે. અહીં કંઈ વાડામાં આવી ગયા. માટે પકડાઈ ગયા ને ત્યાં. એ છે નહિં ને અમને તો સત્ય હોય તે સત્ય છે. સમજાણું કાંઈ? આહાહા! આંહી કહે છે શરીરનો પોતાનો સ્વભાવ તો દ્રષ્ટા, જ્ઞાતા, આહાહા! કોઈના સદ્ભાવને કોઈનો અભાવ ઇચ્છે પણ કોઈ દ્રવ્યનો કોઈ દ્રવ્યનો કર્તા હર્તા? આહાહા! ઈ મૂર્તિને સ્થાપવી ને લાવવી એનો કર્તા આત્મા નથી. પણ હોય છે ત્યારે તેની સામું દ્રષ્ટિ કરે છે. એને શુભભાવ થાય છે. તો પુણ્ય થાય છે. હેં! આરે ભારે આકરૂં કામ મંદિર સ્થાપી શકે નહિ. એમ કહે છે લ્યો?

આ કરી શકે નહિ એમ કહે છે ઈ આવું મોટું મકાન છે, કેવા અક્ષરો ને હેં (ચારિત્ર) ઘણું ને કર્યુ ત્યારે થયું છે કે નહિ? પોપટભાઈ? હેં ઈટાલીથી મશીન આવ્યું ત્યારે અક્ષરો થયા બધા. કહે છે એ ખોટી વાત છે. એ તો અક્ષરો ન્યાં થવાના હતા, ત્યારે મશીન આવ્યું એને નિમિત્ત કહેવામાં મશીનને આહાહા! એક એક અક્ષર જે પડયો છે. અંદર અનંતા રજકણ ના સ્કંધની તે પર્યાય નામ અવસ્થા છે. એ અવસ્થા મશીનથી થાય એમ છે નહિં? હિંમતભાઈએ બહુ મહેનત કરી છે ને અક્ષરો માટે ને નથી કરી? લ્યો હજી આ હેઠે લખવાના છે એ ઈ લખે છે. આ અક્ષરો કરે છે ને? શું કહેવાય? ચીત્ર ચીત્ર આ શું છે? હેં? ચીત્રનો પરિચય ભાઈ, આ ઝીણું બાપુ બહુ વાત ભાઈ. તે તે અક્ષરોના રચનાને કાળે આત્મા ભલે એને વિકલ્પથી નિમિત્ત હોય, પણ એ એનાથી રજકણની રચના થાય એમ છે નહિ. (કરવું બધું ને) કરવું બધુ નહિ, થવું બધું, કરવાને બદલે 'થવું બધું ને જાણવું પૂરું'. આહાહા! કેમ હશે? ભારે આકરી વાત છે. સાધારણને તો આ વેપાર ને ધમાલ ને આ જરી ન બે ઘડી ફૂરસદ મળે, સાંભળવા જાય, જય નારાયણ પછી ૨૩ કલાક ન્યાં. અરે એને આવી વાત સાંભળતા બેસે નહિ અંદરમાં કાંઈ. શું કહે છે? આખો'દિ આ હાથ હલવે, બોલે અને કહે કે પરદ્રવ્યનું કરી શકાય નહિ. એય? હેં? પોતે બોલે ને કહે હું બોલતો નથી, પણ પોતે બોલતો નથી, સાંભળને! એ તો જડની ભાષા છે આ. આહાહા! સમજાણું કાંઈ?

પર તરફની ક્રિયાનો પક્ષધાત થઈ ગયો છે આતો. આરે આવી વાત. સમજાણું કાંઈ? આંહી કહે છે અજ્ઞાની એમ માને છે કે હું આને કરું છું, મકાન બનાવું છું, મકાન કરું છું, દીકરા બાયડી છોકરાને હું પાળું છું. આજીવિકા કરીને બીજાને કેળવણી આપું છું છોકરાઓને, એ બધું પરના કર્તાપણાની માન્યતા તેને ભગવાન મિથ્યાદર્શન કહે છે. અજ્ઞાન સંસારના દુ:ખના ઊંડા ખાડામાં જનારા છે ઈ બધા. સમજાણું કાંઈ? કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા છે જ નહિં, લ્યો, સમયસારની ગાથા આવી ૧૭૨ ત્રણસો

(૩૭૨) 'કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ્ નહિ ગુણનો કરે', ગુણ શબ્દે પર્યાય છે હો 'તેથી બધાયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઉપજે ખરે' આહાહા! સમજાણું કાંઈ? કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ્ નહિં ગુણનો કરે, કોઈ ચીજ બીજી ચીજની અવસ્થાને ઉપજાવે એ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બનતું નથી. આત્મા શરીરને હલાવે કે આત્મા ભાષા બોલે એ ત્રણ કાળમાં થતું નથી. મોહનલાલજી, આ બધા હુશિયાર છે ને બધા વેપારના ધંધા હુશિયાર કરતા નથી? ધૂળેય કરતા નથી સાંભળને. આહાહા!

અમે પરની દયા પાળી શકીએ છીએ, મૂઢ છો, પરના કાર્ય તું કરી શકે છે? પરની દયાનું? તને તો વિકલ્પ આવે રાગ, પણ એથી પરની દયા પાળી શકે છે. એ કર્તાપણું માનનારો મૂંઢ ને મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ? બીજા તત્ત્વને પોતાનું તત્ત્વ માને, બીજાના કાર્યને પોતાનું માને મિથ્યાદર્શન શલ્ય છે, અજ્ઞાનનું મહાપાપ છે. આહાહા! કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહિં. સમજાણું કાંઈ? કેમ કે પ્રત્યેક પદાર્થો વર્તમાન અવસ્થાના કાર્યને કરી શકે છે, ઈ પોતાથી કરે છે. એનું કાર્ય બીજો કરે ત્રણ કાળમાં છે નહિ, આહાહા! ભારે કામ. આ બધી પાંજરાપોળ કરવી એનું શું હશે? પારેવાને જાર નાખવી, પારેવા, કહ્યુંને પારેવા એ તો એ કાળે બનવાની ક્રિયા બને, આત્મા કરી શકતો નથી. આવી વાત કરે કોણ? કેમ કે ભગવાન આત્મા તો જ્ઞાન ને દર્શન જ્ઞાતાદ્રષ્ટાના સ્વભાવથી ભરેલો છે. પરનું કરે એવું કર્તાપણું સ્વરૂપમાં છે નહિ. આહાહા! ભારે આકરૂં કામ. આવું મોટું કરવુંને વળી કહે કર્તા નથી. (શ્રોતા : તે ઘડિએ ઈ માને છે ને!) ગાંડી દુનિયા માને, માનવું હોય તો, આહાહા! એ તો એને કારણે પરમાણુઓ રજકણો પુદ્ગલો પોતાના પરાવર્તનની પર્યાયના કાળે તે ક્ષેત્રે આવી ને પરાવર્તન એનું પુદ્ગલનું થયું છે. આત્મા એને કરે, આ મકાનને આત્મા કરે એમ માનવું મહામિથ્યાત્વ નું પાપ છે! ભારે કામ ભાઈ, આ દુનિયાથી ઊંધુ ભારે.

ઈ કહ્યું ને જુઓને, કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને કર્તા છે જ નહિ પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. આહાહા! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પોઈન્ટ રજકણ તે તે કાળે તેની વર્તમાન અવસ્થા પણે તે તે દ્રવ્ય પરિણમે છે. બીજો એને પરિણમાવે તો થાય એ વાત વસ્તુના સત્વની અંદર છે નહિ, એમ માને તે મૂંઢ ને મિથ્યાદ્રષ્ટિ તે જૈન નથી. એને જૈન ધરમની ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ ૩૭૨ ગાથા છે. બહુ સારી છે, જુઓને કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ્ નહિ ગુણનો કરે એ પર્યાય એક તત્ત્વ બીજા તત્ત્વની અવસ્થા ને ત્રણ કાળમાં કરી શકે નહિં, કેમ કે તે તે પદાર્થ વર્તમાન પોતે તે ક્ષણે પોતાની અવસ્થાનો ઉત્પાદ્ કરે એમાં બીજો

કહે કે મેં કર્યો આહાહા! સમજાણું કાંઈ? બહુ કામ. હવે આ ચશ્મા છે. ઈ હેઠે હોય ને આમ પહેર્યા કર્યા તો કર્તા નથી એમ કહે છે. કોણ ઉપાડે? ભાઈ તને ખબર નથી. જો કીધું ને? સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવ રૂપ પરિણમે છે. એ વખતે આ પરમાણુ જે છે એને ક્ષેત્રાંતર થવાની ક્રિયાવર્તી શક્તિને કારણે પોતે પોતાથી ક્ષેત્રાંતર થાય છે. આંગળીથી ક્ષેત્રાંતર થયું ને આત્માથી થયું. આહાહા! ભારે વાતું ભાઈ. એવું હશે?

આ ઈ પ્લેનમાં આવતા'તા ને ઊઠીને આવતા આમ કર્યુ ને આમ કર્યુ. એવું આવતા મુંબઈ? ૧૫૦૦ પગાર હતો માસિક, બ્રહ્મચારી હતા. પ્લેનમાં થા ૧૫૦૦ રૂપિયા માસિક પગાર બ્રહ્મચારી. લાખોપતિ બ્રહ્મચારી બાળ બ્રહ્મચારી છોડી દીયા. નોકરી છોડી દીયા. નોકરી દો વરસ થી છોડી દીયા હેં? એ તો ક્યાં હવે ધૂળમાં નોકરો કરે ને એમાં ૧૫૦૦ મહિનાના આવે. એ તો ધૂળ છે. આહાહા! અને એનાથી મારો નભાવ થાય શરીરનો, પરના જડ ને કારણે આનો નભાવ થાય એ પર વસ્તુનો કર્તા આને માને એ પણ મૂંઢ જીવ છે. હું આ શરીર ને બરાબર જાળવીને રાખું તો શરીર રહે એ પરનો કર્તા મૂંઢ મિથ્યાદ્રષ્ટિ છે.

એને જૈન ધરમ એટલે વસ્તુના સ્વભાવની ખબર નથી. આહાહા. સમજાણું કાંઈ? આવું છે ભાઈ, દુનિયાથી ઊંધું છે. દુનિયા આખી ઊંધી છે. એનાથી આ ઊંધુ છે. આહાહા! કહે છે એનો અર્થ કર્યો છે સર્વ દ્રવ્યો, બધા પદાર્થો રજકણ હો કે આત્મા હો. બીજા છ દ્રવ્યો છે. ભગવાને તો જોયેલા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ, ભગવાન કેવળી પરમાત્મા એ તો છ દ્રવ્ય જોયા છે. સંખ્યાએ અનંત જાતિ એ છ, આત્મા છે ને એ અનંત છે. રજકણો અનંત છે. કાળાણુ અસંખ્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક એક એની સંખ્યાએ અનંત છે. પણ જાતિ છ. આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અર્ધમાસ્તિ, આકાશ, કાળ. એ દરેક પોત પોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. આહાહા! ગળે ઉતરવું ભારે જગતને. એમ તે' દિ કહ્યું'તું ને ભાઈએ નહોતા અહિં ક્યાં આ ઓલા? તમારા લીબંડીવાળા ચીમનલાલ ચકુ હેં? હતાને ૮૭માં કહે લ્યો આ અમે કર્યુ એમ કીધું. અરે શું કહો છો કીધું તમે ઈ એમાં શું થયું? એમાં આત્મામાં શું થયું ને આમા શું થયું તમને ખબર છે આત્માની? આહાહા! તે દિ'ની વાત ૮૭ ની હોં! કેટલા વરસ થયા? એકત્રીસ ને ૪૧ ને ૨ હેં? હા ઈ એણે કહ્યું લ્યો આ અમે.

ભાઈ તું જો, તને એવું કહ્યું કે ભઈ એક માણસ હતો શેઠિયો એ નાસ્તિક હતો, કાંઈ માનતો નહોતો એને ૬૦ વરસે દીકરો થયો. લડકા. એટલે રાજાને ગામમાં ઓલું આવેને વધાઈ દેવા. શું કહેવાય તમારે ઈ આંગડીયું લઈને આંગડીયું એ રાજા

આવ્યો. રાજા એ છોકરાને જોયો તાજો જન્મેલો એ કહે કે મને તો આને કાપીને કટકા કરીને ખાવાનું મન થાય છે. આ દાખલો આપ્યો તો મેં તે દિ. પછી ઓલો કહે જેનો દીકરો હતો ઈ, એ અરર, એકદમ પછી કહે, તમે તો પાપમાં માનતા નથી. કે નહિં નહિં નહિં, આહાર ન થાય પણ ન થાય શું ? આ ભૂખ લાગી છે ને ખાધા વિના આવ્યોં છું. ને દૂધ પીધા વિના આવ્યો છું ઈ આને ચોળીને ખાઈશને તો ભૂખ મટી જશે, દુઃખ મટી જશે. તમે કહો છો પાપ થાય ને હું કહું છું દુઃખ મટી જશે એનાથી, ભૂખ લાગી છે. આના કટકા ચોળા કરીને તેલમાં ભૂખ મટી જશે. તમે કહો કે પાપ થશે. આમાં કોઈ પાપ હોય તો ત્યાં દુઃખ નથી ભાઈ એ તને ખબર નથી એ ત્રિરાશીની.

એ એ શાતાના ઉદય વિના એને અંદરમાં પચે નહિ. એ તો શાતાને કારણે આ થયું છે, એ મારું કાપું એ પાપનો ભાવ તો તારાથી ભિન્ન છે. એ ભાવને કારણે તો તારે ચાર ગતિમાં આગળ રખડવું પડશે. અત્યારે જે આ થયું ભૂખ મટી ગઈ છે. એ પાપ કર્યું અને માંસ ખાધું માટે મટી ગઈ છે, એમ નથી. એ જઠરના શાતાના ઉદયને લઈને ત્યાં તને શાતા દેખાય છે. મટી ગયું દુઃખ. એ દુઃખ કાપ્યું ને ખાધું માટે દુઃખ મટયું એમ છે નહિ. એની ત્રિરાશી કરવી પડશે કીધું. એક તો એ આવ્યું કેમ ? કે પૂર્વના પુણ્યને લઈને. મટયું કેમ કે પુણ્યની શાતાને લઈને થયું. કરવાનો ભાવ કેમ ? કે પાપ આહાહા ! એ પાપથી દુઃખ, દુઃખ મટે એ માન્યતા ભ્રમણા અજ્ઞાનીની છે. મોહનલાલજી આ તો બીજી જાતની વાતું છે. આ નિશાળ બીજી છે આ.

આ તો કેવળજ્ઞાનની નિશાળ છે. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર દેવ આહાહા ! જેને ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં દેખાય એવા અરિહંત પરમેશ્વરની વાણીમાં આ આવ્યું છે. કે કોઈ તત્ત્વ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા ! આમ હાથ કર્યો લ્યો એ એમ થયો કેમ કે એ તો એના રજકણની અવસ્થા ક્ષેત્રાંતર થવાની માટે થઈ છે, કાંઈ વિકલ્પ કર્યો માટે આમ થયું છે એમ નથી. બાપુ તને ખબર નથી. તને દ્રવ્યની પૃથકતાના ભાનની ખબર નથી. પૃથકદ્રવ્ય, પૃથકદ્રવ્યને કાંઈ કરે એ વસ્તુના સ્વભાવ માં ત્રણકાળમાં છે નહિં. સમજાણું કાંઈ ? છે માથે ? કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ. એ તો ગાથા છે ૩૭૨ મી સમયસારમાં. પણ સર્વ દ્રવ્યો પોત પોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. આહાહા ! ઘડાનો કરનાર કુંભાર નથી. ઈ દાખલો છે ત્યાં ૩૭૨. અમે તો ઘડાનો કરનાર કુંભાર દેખતાં નથી ભગવાન એમ કહે છે. ઘડાનો કરનાર કુંભાર અમે તો દેખતા નથી. કેમ ? કે પરમાણુ ની અવસ્થા ઘડા રૂપે થઈ એનો કર્તા તો એના પરમાણુ છે. આહાહા ! એ કુંભાર એને ઘડા રૂપે કરે ઈ તો અમે જોતાં

નથી કહે છે. ભારે આકરી વાતું!

ટૂંકી વાતમાં પણ કયાં એની વિપરીત માન્યતા છે. એની એને ખબર નથી અને માન્યતા વિપરીતની ખબર વિના એ સામાયિક કરેને, પોહા કરે ને, પડિકમણા કરે, રાગની મંદતા મિથ્યાત્વના સાથે સેવન કરે છે. સમજાણું કાંઈ? સર્વદ્રવ્યો, સર્વદ્રવ્યો છે ને શબ્દ? બધા આત્માઓ, બધા રજકણો, પોત પોતાના સ્વભાવ રૂપે પર્યાયના સ્વભાવ રૂપે થાય છે. માત્ર આ જીવ વ્યર્થ કષાય ભાવ કરી વ્યાકુળ થાય છે. અજ્ઞાનભાવ કરી વ્યાકુળ થાય છે મેં કર્યુ આ મેં કર્યુ આ. 'હું કરું હું કરું, એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ એટલે ગાડું, ગાડીમાં કૂતરું નીચે હોય ગાડું તો બળદથી હાલતું હોય પણ એને ઓલું કૂતરું નીચે હોય ને મારાથી હાલે છે. આ એમ 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

મેં આ વેપાર કર્યો, મેં આ થડે બેસીને બરાબર દુકાન જાળવી માટે પાંચ લાખ પેદા થયા. મેં બરાબર નોકરોને સાંએ રાખીને કર્યું નહિતર પેદા થાય એમ નહોતું. કેમ હશે આમાં? કહે છે ભાઈ તને ખબર નથી બાપા. પ્રભુ તું જાણતો નથી. ભાઈ, તારો સ્વભાવ તો જાણવા દેખવાનો છે. અને જાણવા દેખવાના સ્વભાવ ઉપરાંત તું પરનો કર્તા થાય એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે. આહાહા! વળી કદાચિત પોતે ઈચ્છે તેમ પદાર્થ પરિણમે (કદાચિત) કોઈ વખતે તો પણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમતો નથી. આહાહા! આ આંગળા આમ છે જુઓ. આમ રોટલીના કટકા કરવા વખતે ઈચ્છા હતી તો થયા. પણ ઈ ક્યાં તારી ઈચ્છાથી થયાં છે? ઈ કટકા રોટલીના થયા, એ હાથથી થયા એમેય નથી કેમ કે હાથના પરમાણુની પર્યાય હાથમાં થઈ અને કટકા થવાની પર્યાય એ રોટલીમાં થઈ. અને આરે હવે આવું તે ક્યાંથી? ભારે ભ્રમ ભાઈ. ત્યારે શું આ બધા પાગલ હશે અત્યારે આ? પાગલની મોટી ઈસ્પિતાલ છે. આહાહા! હેં? આહાહા!

આંહિ ઈ કહે છે પ્રભુ, કે કોઈ પ્રત્યેક પદાર્થ એમાં એક એક દ્રવ્યમાં ઉત્પાદ વ્યય ને ધ્રુવ એવી એક શક્તિ છે. આહાહા! તેથી તે તે પદાર્થમાં તે ક્ષણે તે પર્યાય નું તે ઉત્પન્ન થવું એ એના પદાર્થ ને કારણે છે. આહાહા! આ તે ગળે શી રીતે ઉતરે?

મોટા રેલના મોટા કાઢે છે ને નથી કાઢતા? નથી કાઢતા, શું કહ્યું, મોટા ડુંગરા તોડેને રેલ હેઠેથી કાઢે. અત્યારે નથી આવતું, રસ્તામાં નથી આવતું, ભોયરું, મોટું. અરે ભગવાન સાંભળને પ્રભુ, ભાઈ તું ક્યાં છો? અને તત્ત્વ કેટલા છે. એ તત્ત્વો દ્રવ્યો જે

છે એનું નામ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે 'જે ક્ષણે ક્ષણે દ્રવતિ ઈતિ દ્રવ્ય', પાણીમાં જેમ તરંગ ઉઠે છે. એમ દરેક પદાર્થમાં જડ હોય કે ચૈતન. ભગવાને તો છ દ્રવ્ય જોયા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ ને પુદ્‌ગલ. એ છ દ્રવ્ય અનંત સંખ્યાએ છે. એ અનંત સંખ્યાએ વર્તમાનમાં પોતાની અવસ્થાથી તે થઈ રહ્યાં છે. આહાહા! ઉત્પાદ પોતાની અવસ્થાથી, વ્યય પોતાની અવસ્થાથી ધ્રુવ, પોતાના એ અવસ્થાથી. આહાહા!

આ અહંકાર ગળે, મિથ્યાત્વ આવું ટળે અને અહંકાર આને હું કરું છું. આહાહા! વળી કદાચિત પરિણમે એની ઈચ્છા પ્રમાણે પણ તે પોતાનો પરિણામ્યો એ તે તારો કર્યો, થયું નથી ત્યાં, તે થવાનો કાળ હતો માટે થયું છે. આપણે આવી ગયું છે જન્મક્ષણ. દરેક પદાર્થમાં જે પર્યાય છે તે તેની ઉત્પત્તિનો કાળ છે. જન્મક્ષણ કીધી. કાલે આવ્યું તું ને? પહેલા આવી ગયું છે. દરેક આ રજકણ છે, આ આત્મા છે. એની જે અવસ્થા થાય છે તે તેના જન્મક્ષણ ઉત્પત્તિ નો એનો કાળ છે. આહાહા! ભારે.

તેની ઉત્પત્તિના કાળે તે પર્યાય ઉત્પન્ન થાય છે. પરને લઈને થાય છે. મોટી મિથ્યા ભ્રમ દશા છે ઈ. આહાહા! સમજાણું કાંઈ? પણ જેમ ચાલતા ગાડાને ધક્કેથી બાળક જો હાલ્યું આ બાળક જેમ માને કે આ ગાડાને હું ચલાવું છું એ પ્રમાણે તે અસત્ય માને છે. ગાડું, બાળક ધક્કો મારે ને, જાણે મારાથી ધક્કો આવ્યો, એ એની મેળે હાલ્યું છે. બાપા, એની પર્યાય ક્રિયાવર્તી શક્તિ જડમાં છે કે જેથી એને કારણે ગતિ આ કહે મેં કરેલી ગતિ, એમ અજ્ઞાની જડ ને ચૈતન્ય એની વર્તમાન દશાપણે તે પરિણમે ત્યારે કહે. આ જો મેં પરિણમાવ્યા મારી ઈચ્છાથી એમ થયું, એને અહીંયા મિથ્યાદર્શન શલ્ય કહે છે. એને છોડીને અંતરમાં દ્રષ્ટિમાં આવ, આત્મા જ્ઞાતા દ્રષ્ટાને જાણ તો જ્ઞાતા દ્રષ્ટા પરનું કરે નહિ એવી દ્રષ્ટિ થતાં તેને સમ્યગદર્શન થાય.

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૨૨

## શ્લોક – ૧૫ અને ૧૬

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૧.૦૧.૭૫**

इदानीमुक्तमर्थमुपसंहृत्यात्मन्यन्तरात्मनोऽनुप्रवेशं दर्शयन्नाह -

**मूलं संसारदु:खस्य देह एवात्मधीस्तत: ।**
**त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रिय: ।। १५ ।।**

ભવદુ:ખોનું મૂળ છે દેહાતમધી જેહ;
છોડી રૂદ્ધેન્દ્રિય[1] બની, અંતરમાંહી પ્રવેશ. ।। ૧૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

ત્રીજો પેરેગ્રાફ. કહે છે કે અનાદિથી આત્મા ચાર ગતિમાં રખડે છે ને દુ:ખી છે, એ કેમ રખડે છે ને દુ:ખી છે? આ અવતાર ધારણ કરે છે ને આ બધાં? માણસના ને મરીને ઢોરના, ને નારકીના ને દેવના ને એવા અનંતાશરીર અનંતકાળથી

---

૧. રૂદ્ધેન્દ્રિય - રોકેલી ઇન્દ્રિયોવાળો

કરે છે, એનું કારણ ? પોપટભાઈ ! આ બધાં પૈસાવાળાને બધાં દુ:ખી છે હોં એમ ને સમજતા કે સુખી છે. (શ્રોતા : સુખી હોત તો અહીં આવત શું કરવા ?) ઈ પૈસામાં જડ ધૂળ છે.

આબરુ બહારની જડ ને ધૂળ છે. આ શરીર પોતે જડ ને ધૂળ છે. કહે છે કે આ આત્મા જે દેહમાં ભિન્ન સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકનું જ્ઞાન, એ ભગવાનની વાણીમાં એ આવ્યું ને ગ્રંથ રચ્યો. તેમ આ શાસ્ત્ર ખરેખર છે, સંતોનું રચેલું પણ પૂર્વના સર્વજ્ઞોનો અનુવાદ કરેલો. કહે છે કે આ ચારગતિમાં અનંતકાળથી પરિભ્રમણ કરે છે, અને ઈ દુ:ખી છે. એમાં આત્મામાં અંતર આનંદ સ્વરૂપ છે, એની એને ખબર નથી. નટુભાઈ ! આત્મામાં આનંદ છે ને પૈસામાં ને બાયડીમાં આનંદ છે ઈ માને છે એ ભ્રમણા મૂંઢ છે. એમ કહે છે. (શ્રોતા : ભગવાન તો એમ જ કહે છે) ભગવાન તો વસ્તુ જેમ છે, એમ કહે છે. શું કહે છે ? જુઓ, માટે શરીરાદિ મારા છે. અજ્ઞાની અનાદિકાળથી આ દેહથી ભિન્ન ચૈતન્ય આનંદ સ્વરૂપ છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર દેવે પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને પછી ઈચ્છા વિનાની વાણી નીકળી, એ વાણીમાં આ સ્વરૂપ આવ્યું છે, કે અનાદિથી શરીર મારા, આ શરીર મારા, આ તો જડ માટી ધૂળ છે. અંદરમાં પુણ્ય પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એ ભાવ પણ વિકારને રાગને વિકાર છે, ઝીણી વાત છે પ્રભુ ! એ વિકાર ને શરીર વિનાની ચીજ અંદર છે.

સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના ભરપૂર ભાવથી ભરેલો પદાર્થ છે. એવા આત્માને ન માનતાં શરીર એ મારું, બાયડી મારી, છોકરા મારા, મકાન મારા. લક્ષ્મી મારી, આબરુ મારી એવા મૂંઢ જીવો પર વસ્તુને પોતાની માનીને તેમ જ એની ક્રિયા હું કરી શકું છું. ઝીણી વાત છે જરી. આ શરીર છે ઈ જડ છે. અજીવ માટી. આ એને આમ હલાવી શકું છું. બોલું છું. હું બોલી શકું છું. હું આ દાળ, ભાત, રોટલા ખાઈ શકું છું. એ બધી જડની ક્રિયા છે. આહાહા ! છતાં એ માને છે કે એ મારી ક્રિયા છે. આહાહા !

મોહનલાલજી ! આ જડની ક્રિયા હશે ? આ બધું આ, ક્યાં ભાન ન મળે. એમ ને એમ ધંધા કરવા મજૂરીને અને કાંઈક પુણ્ય હોય પૂર્વના, તો પૈસા મળે ને ઈ પૈસાના પાછા અભિમાન. અમે પૈસાવાળાને અમે ધૂળવાળા. આહાહા ! ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર દેવનો હુકમ ને આજ્ઞાને આદેશ છે. આહાહા !

ભાઈ ! તું શરીર ને મારા માની અને શરીરની જેટલી ક્રિયા થાય, ઈ મારી ક્રિયા છે, એમ માનનારા તે વિપરીત શ્રદ્ધાવાળા, મિથ્યાદર્શન જૂઠ્ઠા શ્રદ્ધાને સેવે છે. આ તો

સાદી ભાષા છે. આમાં તો કાંઈ બહુ, સમજાય છે કે નહિ ?

શરીર મારા, સ્ત્રી મારી, મકાન અમારા, લક્ષ્મી અમારી, હવે એ તો જડ છે બધું. તારા ક્યાંથી આવ્યા ? તારા હોય ઈ જુદાં રહે નહિ, જુદાં હોય ઈ તારા થાય નહિ. આહાહા ! કો પોપટભાઈ ! સાચું હશે આ ? (શ્રોતા : અનુભવ ઘણો થઈ ગયો.) આ થઈ ગયો ને અનુભવ. આહાહા !

આ શરીર વાણીની ક્રિયા હું કરી શકું છું. એમ, માનનારા અજીવની ક્રિયા મારાથી થાય છે. એ પ્રાણી મૂંઢ જીવ છે, શું નામ ? દીનુભાઇ શું ? અનુભાઈ, તમારે હતું ને કાંઈક કોની દીકરી ? કોના લગ્ન હતાં ને ? હેં ? વિનુભાઇ ? આહાહા ! આનાથી નાના ભાઈની દીકરી, આહાહા ! આ તો માટી જડ છે. શરીર અજીવ છે. માતાના પેટમાં એ ભવથી જ્યારે આવ્યો ત્યારે તો આ શરીર નહોતું. એનો એક લોહીનો બિંદુ એક વીર્યનો બિંદુ એમાં જીવ આવ્યો એમાંથી ખોરાક ખાતાં, એમાંથી આ શરીર બની ગયું આવડું મોટું. એ તો જડ છે. અજ્ઞાની એ શરીરની ક્રિયાને, આ શરીર મારું છે, એમ માને છે એ મૂંઢ છે. મિથ્યાદ્રષ્ટિ છે. જૂઠી શ્રદ્ધાનો સેવનાર છે. આહાહા ! સમજાણું કાંઈ ? કહે છે એની ક્રિયા હું કરી શકું છું. આહાહા !

આ મકાનો બધા બાંધે છે. માને છે કે નહિ અમે કરીએ છીએ, માને છે કે નહિ ? એય ? બાવીસ, બાવીસ માળના મકાન નથી કરતાં ? મુંબઈમાં, ઈ આનો દીકરો છે. પૂનમચંદ, પૂનમચંદ મલુકચંદ મોટાં પાંચ કરોડ રૂપિયા છે નહિ ? આ મલુકચંદના દિકરા. આ તમારા હિંમતભાઈ છે ને આ, એનો ભત્રીજો. માને નહિં એનું હોં આનું પાંચ કરોડ નગદ છે, એની પાસે. આહાહા ! આવે અહીં પણ એને, પૈસા, પૈસા, પૈસા ધૂળ, ધૂળને ધૂળ. આહાહા ! (શ્રોતા : એના વિના શાખ ન હાલે) એના વિના શાખ હાલે છે. છોકરાની શાખ નાના છોકરાને મળે છે, ક્યાં ? છોકરા પાસે પૈસા તો નથી ? એ તો જે ચીજ, આ લોકો નથી કહેતા કે, ખાનારનું દાણે દાણે નામ છે. સાંભળ્યું છે ? ભાઈ, નટુભાઈ, હેં ? ઈ પાછા સાંભળે એટલું પણ, એનો નિર્ણય (કાંઈ નહિ). ખાનારનું દાણે દાણે નામ છે એમ કહેવાય છે. એનો અર્થ શું ?

ભગવાન એને એમ કહે છે કે જે રજકણો અહીં આવવાના છે એ આવશે જ. એના ખેંચ્યા નહીં આવે. એની ઈચ્છાથી નહિ આવે. આહાહા ! દાણામાં નામ લખ્યું છે અંદર ? તમારે ક્યા કહતે હૈ ? એય ક્યાં ગયાં એય પંડિતજી ? ક્યા કહતે હૈ તમારે ? ખાનહારકા નામ દાને દાને પે. ખાનારનું નામ એમ કહે છે. એનો અર્થ એમ એટલો છે.

ભગવાન, એ રજકણો જે પરમાણું માટી છે ને ઈ આંહિ, આવવાના ઈ આવવાના, નહિ આવવાના ઈ નહિ આવવાના. ઈ તારે કારણે આવે ને. તારે કારણે જાય એ વસ્તુ છે નહિ? ભારે કામ આકરું! સમજાણું કાંઈ? એ રજકણોના કામ હું કરું છું. અને એ શરીરની ક્રિયા મારી છે. આ પૈસાને બીજાને દઈ શકું છું. પૈસા બીજાથી લઈ શકું છું. એવી જે પરની ક્રિયા એને અજ્ઞાની પોતાના કર્તા તરીકે માને છે. આહાહા!

એવી શરીરમાં આત્મબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે. આહાહા! એનું અજ્ઞાન, એનું નામ મિથ્યા ચેતના છે. જૂઠું જ્ઞાન છે. સમજાણું કાંઈ? છે? (છે.) (શ્રોતા : અજ્ઞાન ચેતના એટલે શું?) અજ્ઞાનચેતના એટલે મૂંઢચેતના એની ચેતના જૂઠી છે. એ જૂઠામાં ચેતાઈ ગયો છે. કહો, આ મારા છોકરાને, આ મારી આબરુને, આ મારા મકાનને, આ મારું શરીરને મૂંઢ કહે છે કે એનું જ્ઞાન મૂંઢમાં મૂંઝાઈ ગયું છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું આવી છે.

આત્મા તેનો ત્યાગ કરી હવે જ્યારે ધરમી થવું હોય, આહાહા! ત્યારે, ઈ ક્રિયા મારાથી થાય છે, એવી જે માન્યતા છે એને છોડી દઈ, આહાહા! આત્મા એજ મારો છે. આ આત્મા સચેતન જ્ઞાનાનંદ સ્વરૂપ છે. શુદ્ધ જ્ઞાન ને આનંદનો સાગર છે અંદર, આહાહા!

એ આત્મા તે હું છું. હું શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, રાગ નહિ, દ્વેષ નહિ, આહાહા! એવું જ્યારે અંદરમાં માને, અને એવું માનીને આત્માને એવો જાણે, ત્યારે એને ધરમ થાય. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ પૂજા કરીને, હેં? (શ્રોતા : દાન દયાથી ધરમ ન થાય) દાન દયાના પરિણામ હોય એ પુણ્ય છે. ધરમ નથી લો. આ પાંચ લાખ ખરચ્યા. આ તમારે બાર લાખ ખર્ચ્યા છે ને તમારે ત્યાં આ જવાના છે ને ત્યાં અમે શું કહેવાય? બેંગલોર, ડાહ્યાભાઈ! ભભૂતમલ દેરાવાસી છે, શ્વેતાબંર, એણે આઠ લાખ ખર્ચ્યા છે. અને એક જુગરાજજી સ્થાનકવાસી, બેઉ કરોડપતિઓ છે. આ વળી કહે છે મારા જાણીતા છે. ને ભભૂતમલ પાસે ૨ કરોડ છે. ઈ એના જાણીતા છે ને બે કરોડ હશે ને ઓલા જુગરાજજી પાસે એક કરોડ હશે. બે મળીને બાર લાખનું મંદિર દિગંબર મંદિર બેંગલોરમાં થયું છે. ત્યા જઈએ છીએ. ચૈત્ર સુદ તેરસનું ત્યાં ભગવાનની પ્રતિષ્ઠાનું મુર્હુત છે. ત્યાં જવાના છીએને? એ પૈસા મારા ને મેં ખર્ચ્યા. આહાહા! કહે છે એ મિથ્યાબુદ્ધિ છે. કહે છે પૈસા ક્યાં તારા છે, એ તો જડના છે. બહુ આકરી વાત ભાઈ!

જગતને સત્ય મળ્યું નથી. એ તો આમ કાંઈ દેરાસર કરીએને પાંચ, દસ

લાખ ખરચીએ ને ધરમ થઈ જાય. ધૂળમાંય ધરમ નથી સાંભળને એ પરની ચીજને હું રચું છું. એવી જે માન્યતા છે તે મિથ્યાશ્રદ્ધાને મિથ્યાજ્ઞાન ને મૂંઢતા છે. આહાહા! એ આંહિ કહે છે.

એ શરીરમાં, વાણીમાં, મનમાં, કર્મમાં, રાગમાં, દ્વેષમાં, બાયડીમાં, છોકરામાં આ મારા અને એની ક્રિયા તે હું કરી શકું છું. એવો જે મિથ્યાત્વ ભાવ ઈ જેને છોડવો છે, આ નહિં, એ હું નહિં, જે હું હોઉં એ મારાથી જુદાં રહી શકે નહિ અને જુદાં રહે તે મારા હોઈ શકે નહિ કહો, એનો અજ્ઞાનનો ત્યાગ કરી, આ અજ્ઞાનનો ત્યાગ કર્યો બાયડી છોકરાનો ત્યાગ કર્યો એ તો અનંતવાર કર્યો. સમજાણું કાંઈ?

**મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવેક ઉપજાયો,**

મુનિવ્રત અનંતવાર સાધુ થયો. કુટુંબ, કબીલા, દુકાન , છોડી પણ અંદરમાં આ મારી ક્રિયા, રાગની ને આ ક્રિયા મારી એ મિથ્યાત્વ છોડયું નહિ એણે. મુનિ નામ શું? નાગા થઈને ફરે, જંગલમાં રહે પણ આત્મા અંદર વસ્તુ છે, શરીરની ક્રિયાથી રહિત અને દયા, દાન, વ્રતના ભાવ થાય એ પણ રાગ છે. કહ્યું ને આ, મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવેક ઉપજાયો.

મુનિના વ્રત લીધાં, પંચ મહાવ્રત પાળ્યા, એ તો પુણ્ય છે. આરે એ આત્માનો સ્વભાવ નથી. એને લઈને સ્વર્ગમાં જાય. ધૂળમાં ઉંચે. આ માખી ઉડીને જાય ને ત્યાં ઉપર. નટુભાઈ વાત એવી છે ભાઈ, કેમ આજ તમે હેઠે બેઠા? માખી ઉપર જાય છે કે નહિં? એટલે ઉપર ગઇ તો ઉંચે થઈ ગઈ? એમ એવા દયા દાન ભક્તિના ભાવ કરે, પુણ્ય બાંધે, મુનિ થઈને ત્યાગે પછી ઊંચે સ્વર્ગમાં જાય, સમજાણું કાંઈ?

કહ્યું તું ને એકવાર 'દ્રવ્ય સંયમસે ગ્રીવેક પાયો, ફેર પીછો પટક્યો.' એ શબ્દ છે. સજ્જાયમાળા આવે છે ને ચાર, એમાં આ શબ્દ છે. દુકાન ઉપર હું તો આ વાંચતો ને, પૂર્વના સંસ્કાર હતાં ને નાની ઉંમરથી? સજ્જાયમાળામાં આ આવ્યું છે. ૬૪ - ૬૫ની સાલની વાત છે. સજઝાય માળા આવે છે. એક એક સજઝાયમાં બસે અઢીસે સજઝાય આવે છે. એવી ચાર સજઝાયમાળા. એ દુકાન ઉપર મંગાવેલી તે'દિ હોં ૬૫ની સાલ. એમાં વાંચીને આ આવ્યું કે આ શું?

કે દ્રવ્ય સંયમસે ગ્રૈવેક્ય પાયો, ફેર પીછો પટક્યો. બહારની ક્રિયાકાંડના પુણ્યભાવને લઈને સ્વર્ગમાં ગયો. ૯ મી ગ્રૈવેયક છે. આ પુરુષના આકારે આ જગત છે. આમ માણસ ઉભો હોય, આમ કેડ દઈને એવું આ જગત છે. ચૌદ બ્રહ્માંડ, એની અંદર ગળાનું સ્થાન હોય છે. ગળાનું એને ગ્રૈવેયક કહેવાય. એ ગ્રૈવેયકમાં પાથડા હોય છે

સ્વર્ગના. ત્યાં પણ અનંતવાર જઈ આવ્યો છે. સાધુ થઈ, ત્યાગી થઈ, પુણ્યના પરિણામ કરી, પણ ધર્મ એણે કર્યો નથી. આહાહા! ધર્મ કોઈ ચીજ બીજી છે. બાપુ! એ પુણ્ય, દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, એમ શબ્દ છે અંદર મોહનલાલજી, આ તો દુકાન ઉપર પણ હું તો. વાંચતો, ત્યાં ભગત કહેવાતો નાની ઉંમરમાં, ભગત કહેતા ચાર સજઝાયમાળા છે. એક એકના બસ્સો, અઢીસો શ્લોક છે. અહિં ચારેય છે. પુસ્તક ઈ ચારેય છે. એમાં બે વાત આવી, ત્યારે ખટક લઈ લીધી એકવાર આ એક આવ્યું નવું, ગ્રૈવેયકે. ક્રિયાકાંડ કરી અને સંયમ પાળીને ગયો તોય સંસાર નાશ ન થયો. સંસારમાં ફેર પીછો પટક્યો. પાછો આવીને માણસ થઈને ઢોર થઈને નરકમાં ગયો કે આ શું? ઈ વખતે કાંઈ ખબર નહિં પણ આમ પણ આ છે શું? આ કહે છે તે.

દ્રવ્ય સંયમ લીધું ને નવમી ગ્રૈવેયક ગયો. ગળાના સ્થાનમાં. વૈમાનિક પાથડા છે. અને અનંતવાર ત્યાં ઉપજ્યો. આહાહા! છતાં ભવ ઘટયો નહિ, કેમ કે, એણે જન્મ મરણના નાશનો ઉપાય એ રાગની ક્રિયા પણ મારી નહિ. હું તો ચિદાનંદ, જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ છું. આહાહા!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવે જે આત્મા ને કહ્યો એ આત્માતો આનંદને જ્ઞાન સ્વરૂપ છે. એમાં પુણ્ય ને પાપના રાગ ઈ એના સ્વરૂપમાં નથી. આહાહા! એવા સ્વરૂપના ભાન વિના આ કહ્યું ને આ મુનિવ્રત ધાર. મુનિવ્રત લીધાં અનંતબૈર ગ્રીવેક ઉપજાયો. પણ આતમ જ્ઞાન બીન લેશ સુખ ન પાયો. એ મુનિવ્રત પંચમહાવ્રત છે. એ પણ રાગ ને દુઃખ છે. આહાહા! જગતને ક્યાં બેસે?

સાંભળ્યું નહિ કોઈ દિ'. એ વિકલ્પ ઉઠે છે ને કે આ દયા પાળો, આ પાળો, આ પાળો, એ બધો રાગ છે. એ રાગ છે એ દુઃખ છે. એમ કહ્યું છે જુઓ.

મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવેક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બીના લેશ સુખ ન પાયો, ત્યારે એ પંચ મહાવ્રતના પરિણામ પણ આસ્ત્રવ ને દુઃખ છે. તમારા અવ્રતના પાપને હિંસા તો દુઃખ છે. આહાહા! પણ વ્રતના પરિણામ હું આ કરું, આ કરું, એ વિકલ્પ ને રાગ અને દુઃખ છે. તો કહે છે કે, મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવેક ઉપજાયો, પણ આતમજ્ઞાન. આહાહા! પણ એ રાગની ક્રિયાથી પાર ચિદાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે. એનો એણે જ્ઞાનને સ્વાદ લીધો નહીં. આહાહા! એ શું હશે? સ્વાદ આવતો હશે? સ્વાદ તો આ દૂધપાકનો ને લાડવાનો, એમ કહે છે લોકો તો, આ વાતુ કરે છે હેં? એનો સ્વાદ કે'દિ આવે છે એને. આ દૂધપાક ને લાડવાનો એ તો જડ છે. ઈ તો એના ઉપર લક્ષ કરીને

આ ઠીક છે. એવો રાગ કરે છે ઈ રાગનો એને સ્વાદ આવે છે. મોહનલાલજી, પૈસાનો નહીં હોં આ મોસંબી ખાયને આમ એનો નહીં એ તો જડ છે. અજીવ છે. આત્મા તો અરૂપી ચૈતન્ય છે. એ અજીવને શી રીતે ખાય ? પણ અજીવ ઉપર લક્ષ કરીને આ ઠીક છે એવો જે રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો સ્વાદ લે છે ઈ. આહાહા ! હસુભાઈ ! આ તમારા પૈસાની મજા ઈ રાગની મજા છે એમ કહે છે. હેં ? પણ એને બેસતુ હશે ઈ ? ... ... હેં ?

આ ઓળખો છો એમને ? મુંબઈ આ પોપટભાઈના દિકરા. બે કરોડ રૂપિયા છે એની પાસે. હા. હા. અમને તો લોકો વાત કરે ત્યારે ખબર પડે ને બે કરોડ રૂપિયા છે એની પાસે છ છોકરા છે, કરોડ હોં, કરોડોની વાતું છે. આંહિ પણ ધૂળ છે હવે કરોડ, ઈ પૈસામાં મજા મુંબઈ રહે છે. આપણે આંઈ મકાન છે. ભાઈ એ આ જમીન લીધી હોં મોહનલાલ ભાઈએ. એમની લીધેલી છે. ૩૬,૦૦૦ ની જમીન લીધી એક મકાન છે અહિંયા અને ૩૬,૦૦૦ ની જમીન લીધી. છ છોકરા છે, વારાફરતી મજૂરી કાંઈ કરે ને થોડી આંઈ આવે. આહાહા ! જગતને મારી નાખ્યા કહે છે. ભગવાન આત્મા રાગ ને શરીરની ક્રિયા વિનાનો આત્મા. આહાહા !

પુણ્ય ને પાપના ભાવ જે વિકારી છે. આહાહા ! એનાથી પ્રભુ આત્માનું સ્વરૂપ તો નિર્વિકારી આનંદ અંદર છે. એવા આનંદના નાથને અંદર નિહાળ્યો નહિ. અને રાગ ને પુણ્યની ક્રિયાઓ કરી, સ્વર્ગમાં જાય પણ પછી પાછો પટકીને ચાર ગતિમાં રખડશે ઈ. સમજાણું કાંઈ ? આરે આવી વાતો આકરી ભાઈ રે ! આ તો સોનગઢના પાદરમાં કહે છે. વાડામાં જાય તો રહેવા ન દે. આહાહા ! અરે, કહે છે, બાપુ મારગ તો આ છે ભાઈ, તેં ગમે ઈ માન્યો પણ, ચૈતન્ય ભગવાન અંદર એ દેહની ક્રિયા કરનારો નથી. એ રાગની ક્રિયા કરનારુંય એનું સ્વરૂપ નથી. આહાહા ! એ તો જ્ઞાન સચ્ચિદાનંદ જ્ઞાન ને આનંદનો કંદ છે. આહાહા !

સોળ વરસનો છોકરો. આત્માને ક્યાં વરસ છે ? વરસ આને છે કે આત્માને ? આને વરસ છે આત્મા તો અનાદિ અનંત છે. મેં કીધું તું એક માણસ આવ્યો તો પચ્ચીસ લાખ લઈને આહિં તો ઘણા આવેને, એક છોકરો હતો, આંઈ દુકાન કરવી'તી એને, જામનગર નવી, એ આવ્યો દર્શન કરવા, કેટલાકને હજી એવું મહારાજના દર્શન કરી પછી આપણે દુકાન સારી હાલે ફલાણું હાલે એવું બધું, માનતા હોય ઘણાંની એવી, પછી આવ્યો અહિંયા, પછી મેં એને પૂછયું કીધું કે આ શરીરનું આ આયુષ્ય કહેવાય છે ને પચાસ, સાઈઠ, સિત્તેર ઈ કોનું ? શરીરનું કે આત્માનું ? કહે અમને કાંઈ ખબર પડતી નથી. ઈ જામનગર દુકાન કરવા આવ્યો'તો. દશા શ્રીમાળી છોકરો હતો. પાંત્રીસ, ચાલીસ વરસનો.

એટલું જ પૂછ્યું. જૈન હતો. કીધું આ, પચાસ વરસ, સાઈઠ વરસ, કહેવાય છે શરીરના, તે આ શરીરના કહેવાય છે કે આત્માના ? ઈ મને કહે આપણને કાંઈ ખબર પડતી નથી.

આ દુનિયાના ડાહ્યા, આ દુનિયાના ડાહ્યા દીકરા. પણ, આ આયુષ્ય છે એ તો શરીરનું છે. આત્મા તો અનાદિ અનંત છે, છે ? આત્મા નવો છે ? ઉપજે છે ? મરે છે ? શરીર ઉપજે ને શરીર મરે. આત્મા તો અનાદિ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અવિનાશી આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ છે. એને એને કાળ હોઈ શકે નહિ. આહાહા ! એ ખબરું ન મળે આ ધંધાના પાવરધા ધંધામાં ઘૂંચી ગયા પાપમાં, આહાહા ! હું અંદર કોણ છું આ ? શ્રીમદે ન કહ્યું ? શ્રીમદ્‌માં આવે છે ને ? સોળ વર્ષની ઉંમરે આવે છે. શ્રીમદ્‌ને તો જાતિ સ્મરણ થયું'તું ને જાતિ સ્મરણ પૂર્વભવનું સોળ વર્ષની ઉંમરે, એ તો એમ કહે છે આ 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?' ૧૬ વર્ષે ભાઈ, છે ને બોટાદ તે'દિ બોલ્યા'તા, છે ને ? ધ્યાન છે. આ આત્મસિદ્ધિ વાંચેલા છે કીધું. કાંઈ આપણે નહોતું આવ્યું બોલ્યા'તાં 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ? એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંતતત્વો અનુભવ્યા.' સોળ વર્ષે કહે છે. હું કોણ છું ? ક્યાંથી થયો ? હું તો આત્મા છું. ક્યાંથી થયો ? થાય ક્યાંથી ? છુંને. હું કોણ છું ? ક્યાંથી થયો ? અનાદિનો છું. શું સ્વરૂપ છે મારું ખરું ? ખરું સ્વરૂપ શરીરે નહિ, વાણી નહિ, પુણ્ય પાપના ભાવ એય હું નહિ. મારું ખરું સ્વરૂપ એ નહિ, મારું ખરું સ્વરૂપ તો આ સચ્ચિદાનંદ, આનંદનો નાથ, જ્ઞાન સ્વભાવના સાગરમાં પડેલો એવો તે હું આત્મા છું. આહાહા ! કેમ બેસે ? એમ કહે છે. કોઈ દિ' મહેનત કરી નથી. દરકાર કરી નથી. આહાહા ! સમજાણું કાંઈ ? કોના સંબંધે વળગણા છે ? શરીરને વાણીને, માનને, રાગને લઈને માને છે કે મારા છે. આ રાખું કે એ પરહરું ? સોળ વર્ષે કહે છે. એ શરીર અને રાગ એને રાખું કે શરીર અને રાગ ને છોડું ?

એનો વિચાર વિવેકપૂર્વક, રાગને દયા દાનની ક્રિયાના પરિણામ પણ રાગને વિકાર છે. એ આત્માનું સ્વરૂપ ને આત્માનો સ્વભાવ નથી એમ જ્યારે રાગ ને દેહની ક્રિયાથી આત્માને ભિન્ન જાણ્યું હું તો જ્ઞાનાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છું. આહાહા ! ત્યારે તેને સમ્યગ્દર્શનની દશા થાય છે. સમજાણું કાંઈ ?

સમ્યક્ નામ સાચી પ્રતીતિ, સાચું દર્શન. એટલે કે હું તો જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય પ્રજ્ઞાનો પૂંજ છું. જેમ ધોકળું હોય છે ને ધોકળું. ધોકળું સમજતે હૈ ને, ગઠડી, રૂ કી ગઠડી. એમ આત્મા જ્ઞાનની ગઠડી છે ભાઈ, પણ, કેમ બેસે ? કોઈ દિ'. એ જ્ઞાનની ગાંઠ છે, એ જ્ઞાનને આનંદની ગાંઠડી છે, પૂંજ છે. આહાહા ! એવું જ્યારે જેને અંતરના આત્માના

જ્ઞાનને ઢંઢોળીને ભાન થયું ત્યારે કહે છે કે હું તો આત્મા જાણનાર દેખનાર છું. એ રાગની દયા, દાનની, ક્રિયા એ પણ મારી છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? તો પછી આ શરીરને વાણી, મન ને ધૂળ ધમાહા, આ વેપાર ને ધંધા એ બધાં અમારા થડે બેસીએ તો બરાબર સાચવીએ ઘરાકને. મોહનલાલજી તમે તો મૂકી દીધું હવે સ્ટીલનો ધંધો. સ્ટીલનો ધંધો હતો ને મોટો? મોટો ધંધો હતો ને હવે મૂકી દીધુ ઈ. પૈસા થ્યા એટલે આંઈ તો કહે છે. આહાહા! બાપુ! ધંધા કોણ કરે ભાઈ, તને ખબર નથી એ શરીરની ક્રિયા કોણ કરે? ઈ તો જડ કરે, તો પછી પૈસા દેવા લેવા, ને માલ લેવો દેવો, ઈ કરે કોણ? એ તો જડની ક્રિયા પરની ક્રિયા પ્રભુ! તને ખબર નથી. આહાહા!

એ હસમુખભાઈ! આહાહા! લાદીમાં આ બધાં ઓલા નાંખે ને શું કહેવાય, તમારે? છાંટા શું કહેવાય? એ વસ્તુ હોય છે ને આરસમાં જુદી જુદી નહિં, કપચી મેં જોઈ છે જામનગરમાં જોઈ છે. પેલો વઢવાણવાળો છે ને એક તમારો મોટો, ત્યાં દૂધ પીવા ગ્યા'તા ત્યાં લાદી નીકળી, ભિન્ન ભિન્ન પથરા પડયાતા, ત્યાં આવા છાંટા ને, ત્યાં ગૃહસ્થ છે વઢવાણવાળો દશાશ્રીમાળી વાણિયો ત્યાં જોયું'તું બધું નાખે બધા એની ભાત પડે એની, ભાત ઈ ક્રિયા આત્મા કરી શકતો નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ! આહાહા! ભગવાન તું જ્ઞાન સ્વરૂપ છો એની સત્તા, આપણે સવારમાં આવ્યુ તું ઘણું. આત્મા પોતાના ધ્રુવ સ્વરૂપમાં અને એની સત્તાના ઉત્પાદ્ વ્યયની, પર્યાયના સત્તામાં એ તો છે.

ઉત્પાદ્, વ્યયને ધ્રુવ યુક્તં સત્. નવી અવસ્થા થવી, જૂની અવસ્થા જવી, નિત્યપણે રહેવું. એવું જે જીવનું સ્વરૂપ એ એની સત્તામાં જીવ છે. એ સત્તાને ઓળંગીને પરની સત્તાના શરીરને, વાણીને, મનની સત્તામાં પ્રવેશ કરે ને એની ક્રિયા કરે, ત્રણ કાળ, ત્રણ લોકમાં એ વાત બધી જૂઠી છે. સમજાણું કાંઈ? શું હશે. એ અમરતલાલ? આ બધાં ધંધા તમે કરો ને ન્યાં શું કહે? કાપડમાં છે. કાપડ છે. ઠીક. આ તારો કાકો બેઠો છેટો આહાહા! ઈ કહે છે કે કાપડનો તાકો આમ ફેરવવો કે મૂકવો ઈ આત્માની ક્રિયા નથી.

એલચીના કોથળા, મુંબઈમાં જોયેલાને મોટી વખારો એલચીના ગોદામ. ભરેલા છે જોયેલા બધે કેસર દેવા ગયેલા ને લેવા ગયેલાને જોઈ છે ગયેલાને ઓગણસિત્તેરમાં છેલ્લા ગયેલા ઓગણસિત્તેર - સિત્તેરમાં દીક્ષા થઈ એક જ વખતે ને ગોદામ જુઓ તો આમ પચ્ચી પચ્ચી એક ગુણ, બે ગુણ, ત્રણ ગુણ, મજૂરો એવી રીતે ચડે, મજૂરો, નટુભાઈ, એક ગુણ આંઈ રાખેને, પછી આંઈ પગ મૂકીને બે ગુણ ત્યાં રાખે. એમ કરીને ત્રણ ગુણ, ચાર ગુણ પચાસ, પચાસ, પચાસ, ગુણી ત્યાં, મોટા ગોદામ એલચીના, કેસરના ડબ્બાના બધાં જોયા છે ને, મુંબઈ ઘણી વાર ગયેલા. ધૂળમાંય કાંઈ નથી કરી શકતો. ઈ તો બધી

જડની ક્રિયાઓ છે. આહાહા!

મૂઢ જીવ જેને પોતાના માને તેને હું કરી શકું છું. ઈ પોતાના માને છે માટે કરી શકું છું. કહે છે જેને આવું અજ્ઞાન અનાદિનું છે, એને જો સુખી થવું હોય, એટલે ધરમ કરવો હોય, ધરમ કરવો એટલે સુખી થવું. ધરમ એટલે કોઈ એવું નથી કે, ક્રિયા કરીએ ને સુખ ન થાય.

આત્માના આનંદ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, ને રમણતા કરે ઈ ધરમ, અને એ ધરમ આનંદનો અનુભવ થાય. આહાહા! અતીન્દ્રિય આનંદનો અનુભવ તેને ધરમ કહે છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ આ તો બહારની ક્રિયા કરીને ધરમ થઈ ગયા. કાંઈ વ્રત પાળ્યા, ને દયા, દાન, ને પૂજા કરી, ધરમ ધૂળેય નથી. સમજાણું કાંઈ? ધૂળેય નથી એટલે સારું પુણ્યેય નથી. એમ કહેવું છે. સારું પુણ્ય તો આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા! હું એક રાગની ક્રિયાના કણને પણ કરી શકતો નથી. હું તો જાણનાર, આખું જગત જ્ઞેય છે. હું જ્ઞાન છું. જગત દશ્ય છે, હું દષ્ટા છું. સમજાણું કાંઈ? એમ જ્યારે પરના કર્તાપણાનું અભિમાન ને પર મારાનું અજ્ઞાન છોડે, ઈ આવ્યું જુઓ, ૧૫મી છે ને? હેં? હા હા ૩૧ પાનું, આત્મા એ જ મારો છે. આહાહા!

શરીર, વાણી, મનની ક્રિયા જડની છે. કર્મ જડ અંદર છે. ઈ જડનું અસ્તિત્વ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, બંગલા મકાન ઈ બધાં પર પદાર્થ છે. એ હું નહિ, એ મારામાં નહિ, હું એમાં નહિ, એ મારામાં નહિ, હું એમાં નહિ. આહાહા!

હું જે છું એ તો જ્ઞાનને આનંદનું સ્વરૂપ મારું છે. આવું જ્યારે આત્મજ્ઞાન ને આત્મદષ્ટિ કરે. છે? જુઓ, આત્મા, એમાં એવી આત્મામાં આત્મબુદ્ધિ રૂપ જ્ઞાયક સ્વરૂપ ભાવનું અવલંબન કરી, જ્ઞાપક થઈ ગયું છે જરી જ્ઞાયક સ્વભાવનું અવલંબન કરી, એમ જોઈએ, ઝીણી વાત. ભગવાન એ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય જ્યોત છે. જ્ઞાનનો પૂંજ છે. ચૈતન્ય બિંબ છે. એવા જાણગ સ્વભાવનું સ્વરૂપ છે એનું ઈ જાણગ સ્વભાવને પકડી અને આ હું છું એમ અનુભવ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન રૂપી ધરમ થાય. આહાહા! ઈ ક્યાંકથી લાવ્યો તો ઈ અમારે વજુભાઈ કહે છે. એ વજુભાઈ, કહેતા'તા ને તમે કે આ છોકરો ક્યાંકથી આપણા મંડળમાંથી મરીને આવ્યો લાગે છે. શું કહે છે આ અત્યારે આવું? આપણા વજુભાઈ છે ને, તે દિ' હતા અને પાછા તે ઘણાં લાખોપતિ. આ એના બાપા બેઠા, મોટા બાપા ભણેલા. હિન્દી .. એને એક ફેરેમેં પૂછ્યું'તું ભાઈ તારે પરણવું કહે પરણવું નથી મારે, પછી આ કહ્યું કે એના બાપ કરે એ ખરું હવે. પરણવું નથી તો શું

કરશો ત્યારે ? પછી એના બે ભાઈ છે. ક્યાં ગયો ઓલો એય અશ્વિન, અશ્વિન અહિં બેઠો છે, એનો નાનો ભાઈ છે. બે ભાઈઓ છે. મેં એને પૂછયું ભાઈ નહિ પરણે, લગ્ન નહિ કરે કીધું, એવા સંસ્કાર લાગે છે. અમે પૈસા આપશું દુકાનમાંથી, ભાઈ આંઈ રહે, અમે રળશું ને આપશું, પછી એકવાર બીજી વાર પૂછયું, રળવાની મારે જરૂર નથી, પૈસા અમારી પાસે બહુ છે, બાપા પાસે આહાહા ! અરે ભગવાન, આત્મા બાપુ, કોણ છે ભાઈ તને ખબર નથી.

એ પૈસા જડની ચીજ એને કમાવું ને રળવું ને, આપવું પરને, એ ચીજ, વસ્તુમાં આત્મામાં નથી ભાઈ, આહાહા ! એ એને ખબર નથી, મારી જાતમાં કઈ જાત છે, અને આ રાગાદિ કજાત છે. અને શરીરાદિ તો અજીવ જાત છે, આ તો સમજાવ્યું છે ને ? આ તો સાદી ભાષાની વાત છે. મારી જાત તો, સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, અને રાગાદિ, વિકાર પુણ્ય પાપના, દયા, દાનના ભાવ એ પણ વિકાર ને કજાત છે. એ મારી જાતના નહિ, કારણ કે જેનાથી બંધન પડે પુણ્યનું એ મારી જાત નહિ અને પાપના ભાવ થાય અંદર હિંસા, જૂઠું, ચોરી વિષય, ભોગ વાસના, કામ, ક્રોધ માન અંદર તે હું નહિ. એ તો ઝેરના પ્યાલા રાગના છે. આહાહા ! બાપુ, ધરમ ઝીણી વાત છે, ભગવાન.

લોકોએ ધરમ મનાવી દીધો છે બહારમાં. આ દેરાસર કરવા ને પૂજા, ભક્તિ કરવી ને એ ધરમ છે ભાઈ, એમ નથી, એવું તો અનંતવાર કર્યુ છે, પણ હું એક ચૈતન્યમૂર્તિ, દેહને રાગના પરિણામથી મારી ચીજ અંદર ભિન્ન છે. આહાહા !

એના ભાન વિના એણે ચોર્યાશીના અવતાર, કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું. જ્યાં અનંતવાર જનમ્યો ને અનંતવાર મર્યો ન હોય ? આહાહા ! આ ચૌદ બ્રહ્માંડના ક્ષેત્રમાં એણે આત્માના જ્ઞાન વિના સ્વરૂપના અનુભવ વિના એટલે સમ્યગ્દર્શન વિના, સમ્યગ્દર્શન એવું નથી કે, દેવ, ગુરૂ શાસ્ત્રની શ્રદ્ધા કરીને, સમક્તિ એમ નથી, તેમ નવ તત્વની શ્રદ્ધા કરીએ, ભેદવાળી તો સમક્તિ એમ નથી. આહાહા ! જુઓ ઈ કીધું ને અહીંયા ? જ્ઞાયક સ્વભાવનું અવલંબન આહાહા ! કે હું એક ત્રિકાળ ચૈતન્યમૂર્તિ, ધ્રુવસ્વરૂપ છું. અવિનાશી છું. અણ ઉત્પન્ન છું. અવિનાશી છું. ઉત્પન્ન નથી, નાશ નથી, અને મારા સ્વભાવથી ભરેલો આત્મા છું. આહાહા ! સમજાણું કાંઈ ? કે સમજાણું કાંઈ એ આ હજી વિસામાનું વાક્ય છે. ઘણી છાપ પડી છે બહાર. એક છોકરો કહેતો'તો. નાનો હતો પાંચ, છ વર્ષનો. બાપા કહે સમજાય છે, સમજાય છે. એ મહારાજ કે'દિ આવશે કહે ? ઓલું ઘણીવાર આવે ને ? સમજાય છે ? એ તો વિસામાનું વાક્ય છે. અને વાતે સાચી. સાચી સમજણ વિના વિસામો મળે એવો નથી. ખોટી સમજણમાં તો થાક લાગીને દુ:ખી થયો છે ઈ. પોપટભાઈ ! આહાહા !

મોટાને નિવૃત્તી લેવી ને નાનાને કામ કરવું એમ હશે ? આ મોટા નાના કોને કહેવા ભગવાન ? ક્યારે શરીર છૂટી જશે. આહાહા ! કેવા અત્યારે સાંભળીએ છીએ. પચ્ચીસ પચ્ચીસ વર્ષના. ચાલીશ વર્ષના, કાંઈક થયું. આમ, થયું શું કહેવાય ? તમારા, હાર્ડનું, આહાહા ! હમણાં નહી ? રાજકોટની વાત કરીને ભાઈ એ નહિં લાલભાઈના સાઢુ, લાલચંદભાઈના નહિં હેં ? લાલચંદભાઈના દીકરાના સાઢુ, નાની ઉંમરમાં, આમ બાયડી ભાયડો, વાતો કરતાં'તા વાત, કાંઈ રોગ નહિ કાંઈ, બાયડી તો રાડ રાડ નાખી રાડ. પાડોશી આવ્યા. શું છે ? કાંઈ નહિં. એક ક્ષણમાં દેહ છૂટતાં વાર નહિ લાગે ભગવાન, આ તો પર ચીજ છે. ઈ તારી રાખી રહે નહિ, ને તારી સંભાળી રહે એમ છે નહિ. આહાહા ! આંહિ કહે છે. ભગવાન એકવાર એમ તો કર હવે, આવો મનુષ્યભવ મળ્યો, આહાહા ! એ ધૂળ ને રાગ ઈ તારી ચીજ નથી. એક હું જ્ઞાયક સ્વરૂપ છું. ચૈતન્ય બિંબ છું. આહાહા !

એવા જ્ઞાયક સ્વરૂપનું અવલંબન કરી, છે ? સિદ્ધાંત ઝીણા છે, પણ વસ્તુ તો સત્ય આ છે. હેં ? આહાહા ! અત્યારે તો બહારમાં ધમાલમાં ધરમ મનાવી દીધો છે. હેં ? આહાહા ! જીવે અનંતવાર એવું તો કર્યુ છે. પણ એ રાગની ક્રિયાને દેહની ક્રિયાથી પાર ચૈતન્ય જ્યોત છે. જ્ઞાન સ્વભાવી આનંદની મૂર્તિ પ્રભુ છે એનું અવલંબન લઈ આહાહા ! અંતર આત્મા થવા. છે ? આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ સમાધિશતકના કર્તા પૂજ્યપાદસ્વામિ મુનિ છે. દિગંબર મુનિ, સંત જંગલમાં રહેતા. જૈન દર્શનમાં સાધુ તો જંગલમાં રહેતા. તદ્દન નગ્ન, વસ્ત્રનો ધાગોય નહિ. અને આનંદની દશામાં ઝૂલતા એમાં કોઈ વિકલ્પ આવ્યો તો આ શાસ્ત્ર રચાઈ ગયા. આહાહા ! સમજાણું કાંઈ ?

એ પૂજ્યપાદસ્વામી એટલે જેના પાદ એટલે પગ, ઈન્દ્રો, દેવો પૂજતાં, એ પૂજ્યપાદસ્વામી. ૩૦૦ વર્ષ સંવત પછી ૩૦૦ વર્ષ લગભગ થયા. આહાહા ! કહે છે, માં આચાર્યે શું કહ્યું ? ભાઈ, તું શરીર, વાણી, મનને રાગમાં તું છો ઈ છોડી દે ને પ્રભુ. એમાં તું નથી. જ્યાં તું છો ત્યાં તે નથી, રાગની ક્રિયામાં તે આત્મા નથી. આહાહા ! ભારે આકરું કામ અને આત્મામાં એ રાગની ક્રિયા નથી. આહાહા ! ભાઈ ! તું જ્યાં છો, એ આનંદ ને જ્ઞાનમાં છો. એમાં એ રાગની ક્રિયાનો અભાવ છે.

એવું આત્માના જ્ઞાન સ્વભાવનું અવલંબન લઈ અંતરઆત્મા. આહાહા ! બહિર આત્માપણું છોડી દે. બહિર એટલે આ કે રાગ તે હું શરીર તે હું એની ક્રિયા તે હું. એ આત્મામાં જે નથી, એવી બાહ્ય ચીજને પોતાની માનવી એનું નામ બહિરઆત્મા. એનું નામ મૂંઢ આત્મા. આહાહા !

બહિરઆત્મા, અંતરઆત્મા, અને પરમાત્મા. એવી ત્રણ દશા એમાં આ બહિરઆત્મા એટલે ભગવાન આત્મા અંદર આનંદનો કંદ પ્રભુ એમાં જે રાગ નથી, શરીર નથી, વાણી નથી, કર્મ નથી, બાયડી છોકરા એમાં નથી, છતાં એને મારા માનવા, એનું નામ બહિરઆત્મા, રખડનારો આત્મા, ચોર્યાશીના અવતારના અવતાર કરનારો આત્મા. સમજાણું કાંઈ? આહાહા!

હવે કહે છે ભાઈ એ બહિરઆત્મપણું છોડી દે ને! તારે સુખી થવું હોય, ધરમી થવું હોય, જનમ મરણના દુઃખથી છૂટવું હોય, આહાહા! તો પ્રભુ, ચૈતન્યની ખાણ છે આત્મા, એનું અવલંબન લેને! આહાહા! ભારે કામ છે. એનું અવલંબન લઈને અતંરઆત્મા થવા આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે. સમજાણું કાંઈ?

હવે અંતરઆત્મા, આત્મામાં આત્મબુદ્ધિ કરતો ભગવાન આત્મા. ચૈતન્યના સ્વભાવના હૈયાતિવાળો પ્રભુ, એમ અંતર આત્મા વસ્તુ જે અંતર છે તેને જ આત્મા અનુભવતો આહાહા! આ ધરમ! આવો ધરમ અલબ્ધ પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા એવાં લાભથી સંતોષ પામી. શું કહે છે? ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ, આનંદ સ્વરૂપ એમ અનુભવ કરીને, અનંતકાળમાં જેને સુખનો સંતોષ. સંતોષ એટલે આ અંદર શાંતિનો અનુભવ આનંદનો સંતોષનો અનુભવ કોઈ દિ' હતો નહિ અનંતકાળમાં. ધરમી જીવને એવો અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સંતોષને સ્વાદ આવે છે. આહાહા! કઈ વાતો આવી હશે? કોઈ કહેતા કે આ તો બધું નિશ્ચયની વાતુ ને ઉંચાની વાતું પણ, સાંભળ તો ખરો હવે, નિશ્ચયનું સાચું છે એજ સાચું છે. બધાં તારા વહેવાર ફહેવારના પોટલાં બધાં થોથા છે આહાહા! હેં?

આકરૂં લાગે નવા માણસને. પ્રભુ, અંદર સત્ સત્ છે. જ્ઞાનને આનંદનો સાગર એમ છે. અનાદિ અનંત એવો ઈ છે. એવા સ્વભાવનું અવલંબન લઈ, પર મારા ને હું એનો એવા ભાવને છોડી દઈ, અનંતકાળમાં અલબ્ધ, આહાહા!

આત્મા આનંદ અને અતીન્દ્રિય શાંત સ્વરૂપ છે. એને સમ્યગ્દર્શન દ્વારા અંતરઆત્માને અવલંબીને અલબ્ધ, અનંતકાળમાં નહિં થયેલા એવા આનંદનો સંતોષ આવે છે. અતીન્દ્રિય આનંદની મજા, લહેર આવે છે અંદરમાંથી, એને પરમાત્મા ધરમ કહે છે. એને પરમાત્મા સમ્યગ્દ્રષ્ટિ અને અંતર આત્મા કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ન્યાં તો મુંબઈમાં તો કાંઈ આવું બધું ઝીણું. આવીએ ત્યાં પણ દસ દસ હજાર માણસ આવે આવું બધું માંડે, તો જરા જાડી વાતું કરવી પડે. આહાહા! હમણાં

આંહિ જાવું છે ને આંહિ ? ભોપાલ. મહા વદ ૩નું છે મુર્હુત. લાખ માણસ આવવાનું છે. એમ કહે છે. પચાસ હજાર તો થવાનું જ છે. આ મહાવદ ૩નું મુર્હુત છે. પચાસ હજાર માણસ ભેગુ થવાનું છે. મંદિરની પ્રતિષ્ઠા છે ને. એ લોકો આવ્યા માગણી કરવા. અરે પ્રભુ ! મારગ તો બીજા ભાઈ ! આહાહા !

એ દેરાસર ને એ ભક્તિ ને હો, પણ એ બધો શુભ ભાવ છે. ધર્મ નહિ. આહાહા ! ધરમ એટલે આત્માના આનંદના સ્વભાવનો સ્વાદ આવવો. આહાહા ! એટલે અંતર જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એના સંતોષની જરી શાંતિ આવવી. આહાહા !

ત્રિકાળ સ્વરૂપને આશ્રયે અવલંબે શાંતિ આવે. એ કોઈ દયા, દાનના વિકલ્પને આશ્રયે શાંતિ ન આવે. સમજાણું કાંઈ ? આવો મારગ કાંઈ ભગવાને કીધો હશે ? આ શું કહે છે ? આહાહા ! બાપુ ! તેં સાંભળ્યો નથી ભાઈ, તારા ધરમની કળાની રીત તેં જાણી નથી. સમજાણું કાંઈ ? કહે છે જેને અંતરઆત્મામાં આત્મબુદ્ધિ કરતો. આહાહા ! આત્મબુદ્ધિ કરતો એમ કહ્યું છે ને ? એ કરે.

હું શુદ્ધ ચૈતન્ય છું. જ્ઞાન સ્વભાવી વસ્તુ છું. એવો અંતરઆત્માને આત્મબુદ્ધિ અંદર કરતો અલબ્ધ સમ લાભથી સંતોષ. જુઓ આ વાણિયાને લાભ સવાયા નથી લખતાં બારણે ? એ ધૂળનોય લાભ નથી ત્યાં હવે, ન્યાં ક્યાં લાભ હતો ? આહાહા ! મોહનલાલજી બારણામાં લખે ને લાભ સવાયા. લાભ લખે. બાપુ ! લાભ એ નહિ ભગવાન ! તને ખબર નથી. લાભ તો ચૈતન્ય સ્વભાવ આનંદનો નાથ. એને અવલંબીને જે આનંદ આવે એને લાભ કહે છે. કો અનુભાઈ પણ ન્યાં ક્યાં અંદર ? આહાહા ! પણ મારું મારું એકબીજા ઓલો રળતો હોય ૫૦ હજાર તો કહે આપણે ૬૦ હજાર રળીએ તો મોટા કહેવાઈએ બીજા કહે લાખ રળીએ. એ ધૂળેય નથી હવે ન્યાં સાંભળને, એ લાભ નથી એ નુકશાન છે ત્યાં. આહાહા !

સંતોષ પામી કાંઈ ઈચ્છા આદિ મારી ચીજ જ નથીને. આહાહા ! ઈચ્છાના અભાવ સ્વભાવ સ્વરૂપ હું આત્મા એમ આત્માની દ્રષ્ટિ કરતાં એને આત્મામાં આનંદનો અનંતકાળમાં લાભ નહિ થયેલો, એવો લાભ થાય, ત્યારે તે સમક્તિદ્રષ્ટિ ને ત્યારે ધરમી કહેવાય. સમજાણું કાંઈ ? આહાહા ! પોતાની બહિરઆત્મ અવસ્થાનું સ્મરણ કરી ખેદ કરે છે. અરેરે ! મેં શું કર્યું અત્યાર સુધી ? હું મારી જાતને ભૂલી અને મેં આ શું કર્યું આ ? એમ ખેદ કરે છે, એ ગાથા લેશે. ૧૬ છે ને ૧૬ ?

**अन्तरात्मा आत्मन्यात्मबुद्धि कुर्वाणोऽलब्धलाभात्संतुष्ट आत्मीयां बहिरात्मावस्थामनुस्मृत्य विषादं कुर्वन्नाह-**

**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।**

**तान् प्रपधाऽहमिति मां पुरा वेद न तत्त्वतः ।। १६ ।।**

અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત,

ઇન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિં 'હું' તત્ત્વ. ।। ૧૬ ।।

**टीका : मत्त आत्मस्वरूपात् । च्युत्वा व्यावृत्य। अहं पतितः अत्यासक्त्या प्रवृत्तः । क्व? विषयेषु । कैः कृत्वा? इन्द्रियद्वारैः इन्द्रियमुखैः । ततस्तान् विषयान् प्रपघ ममोपकारका एते इत्यतिगृह्यानुसृत्य । मां आत्मानं । न वेद न ज्ञातवान् । कथं? अहमित्युल्लेखेन अहमेवाहं न शरीरादिकमित्येवं तत्त्वतो न ज्ञातवानित्यर्थः । कदा? पुरा पूर्व अनादिकाले ।। १६ ।।**

અંતરાત્મા આત્મામાં આત્મબુદ્ધિ કરતો, અલબ્ધ (પૂર્વે નહિં પ્રાપ્ત થયેલા એવા) લાભથી સંતોષ પામી, પોતાની બહિરાત્માવસ્થાનું સ્મરણ કરીને વિષાદ (ખેદ) કરે છે. તે કહે છેઃ-

**અન્વયાર્થ :** (अहं) હું (पुरा) અનાદિકાલથી (मत्तः) આત્મસ્વરૂપથી (च्युत्वा) ચ્યુત થઈને (इन्द्रियद्वारैः) ઈન્દ્રિયોદ્વારા (विषयेषु) વિષયોમાં (पतितः) પતિત થયો, (ततः) તેથી (तान्) તે વિષયોને (प्रपध) પ્રાપ્ત કરી (तत्त्वतः) વાસ્તવમાં (मां) મને - પોતાને (आहं इति न वेद ) હું તે જ છું - આત્મા છું એમ મેં ઓળખ્યો નહિં.

**ટીકા :** મારાથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત થઈ - પાછો હઠી, હું પતિત થયો અર્થાત્ અતિ આસક્તિથી પ્રવર્ત્યો. ક્યાં (પ્રવર્ત્યો) ? વિષયોમાં. કોના દ્વારા ? ઈન્દ્રિયોરૂપ દ્વારોથી -ઈન્દ્રિય - મુખેથી. પછી તે વિષયોને પ્રાપ્ત કરીને, તે મારા ઉપકારક છે એમ સમજી તેને અતિપણે ગ્રહી - અનુસરી મેં પોતાને આત્માને - ઓળખ્યો નહિં - જાણ્યો નહિં. કેવા પ્રકારે (ન જાણ્યો) ? 'હું' એવા ઉલ્લેખથી હું જ પોતે (આત્મા) છું, શરીરાદિરૂપ નથી. એમ તત્ત્વતઃ (વાસ્તવમાં) મેં જાણ્યું નહિં - એવો અર્થ છે. ક્યારે ? પૂર્વે - અનાદિકાલે.

**ભાવાર્થ :** અંતરાત્મા વિચાર કરે છે કે, 'હું' અનાદિકાલથી આત્મસ્વરૂપને ચૂકી ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો; તેમાં આત્મબુદ્ધિ કરી મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિં.

જ્યાંસુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપનું યથાર્થ પરિજ્ઞાન હોતું નથી ત્યાં સુધી તે પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ બાહ્ય ઇન્દ્રિયોના વિષયોને પોતાને સુખદાયક

- ઉપકારક સમજી તેમાં અતિ આસક્ત રહે છે - તેમાં આત્મબુદ્ધિ કરે છે, પણ જ્યારે તેને ચૈતન્ય અને પર જડ પદાર્થોનું ઇન્દ્રિયોના વિષયોનું ભેદવિજ્ઞાન થાય છે અને પોતાનાં નિરાકુલ ચિદાનંદ - સુધારસનો સ્વાદ આવે છે ત્યારે તેને બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા - બૂરા લાગતા નથી, ફક્ત તેઓ તેને જ્ઞેયરૂપ ભાસે છે. આ કારણથી અંતરાત્મા પહેલાં બહિરાત્માવસ્થામાં વિષય - ભોગોને સુખરૂપ માની સેવતો હતો તે હવે ભોગવેલા વિષયોની બાબતમાં વિચાર કરવા લાગે છે કે, અરે ! અજ્ઞાનતાથી ઈન્દ્રિયોના વિષયમાં ફસાઇ મેં મારું ચૈતન્યસ્વરૂપ ઓળખ્યું નહિં ! ૧૬

---

**એનો અર્થ અન્વયાર્થ** : ધર્માત્મા, આનંદ અને જ્ઞાન સ્વભાવી આત્માનું અવલંબન લઈ અને જે આનંદનો લાભ અલભ્ય નહિ મળેલો મળ્યો. એ એમ વિચારે છે. હું અનાદિ કાળથી આત્મ સ્વરૂપથી ચ્યુત થઈને છે ? અરે, હું ખસી ગયો મારા સ્વરૂપથી અનાદિકાળથી. મારી જાતને મેં ન જાણી, એમ ઓરતો કરે છે. ગયા કાળનો આહાહા ! હું અનાદિકાળથી આત્મ સ્વરૂપથી મત્તઃ મત્તઃ છે ને પોતાનું સ્વરૂપ એનાથી ચ્યુત થઈ ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં પતિત થયો. આહાહા !

આ જડ ઈન્દ્રિયો, પાંચ આ અને અંદર ભાવેન્દ્રિય ખંડખંડ ઈન્દ્રિય એક એક વિષયને જાણે, એવો જ્ઞાનનો ભાવ, એવા, ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં, પર વિષયમાં પતિત થયો. આહાહા ! મેં મારા આત્માનો વિષય ન બનાવ્યો અનંતકાળમાં. આ ઈન્દ્રિયો દ્વારા પર પદાર્થને વિષય બનાવીને હું મારા સ્વરૂપથી પતિત થઈ ગયો છું હસમુખભાઈ ! આવી વાતું છે. આહાહા ! ભારે ! આહાહા !

આ પૂજ્યપાદસ્વામીનું સમાધિતંત્ર છે આ. હું અનાદિકાળથી આત્મસ્વરૂપ મત્તઃ એટલે મારાથી ચ્યુત થઈને ઈન્દ્રિયો દ્વારા પાંચ ઈન્દ્રિયો આ અને ભાવેન્દ્રિય અંદર. ભાવ ઈન્દ્રિય એટલે એક એક ઈન્દ્રિયનું જ્ઞાન એક એક વિષયને જાણો ઈ. એ દ્વારા વિષયોમાં પતિત થયો. બહારના વિષયમાં હું સ્વરૂપમાંથી ખસીને પતીત થઈ ગયો. તેથી તે વિષયોને પ્રાપ્ત કરી, વાસ્તવમાં મને પોતાને, અહં ઈતિ (ન) વેદ હું તે છું આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ. અહં ઈતિ ન વેદ. પાંચ ઈન્દ્રિયો દ્વારા પર પદાર્થમાં મસ્ત થઈને. આહાહા !

ઈન્દ્રિયાતીત પ્રભુ ચૈતન્ય અણીન્દ્રિય સ્વરૂપ એને મેં ઓળખ્યો નહિં, જેને ઓળખવો'તો એને ઓળખ્યો નહિં. જગતના બધાં ડહાપણ કર્યા. એલ.એલ.બી. ને એમ.એ. ના પૂંછડા વળગાડયા મોટા પાંચ, પાંચ હજારના પગાર દસ દસ હજારના પગાર

માસિક એને જાણે થઈ ગયા મોટા, અરે ! મેં ન વેદયો. આહા ! 'અહં ઈતિ ન વેદ'. હું કોણ છું ? એનું મેં જ્ઞાન ન કર્યુ. હું તે જ છું. આત્મા છું. એમ મેં ઓળખ્યો નહિ. આહાહા ! આ વાત રહી ગઈ એની. બધું કર્યું બીજું દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ગુણ સ્મરણ, ભગવાનનું નામ સ્મરણ. એ બધો વિકલ્પ ને રાગ છે. આહાહા !

હું એ પાંચ ઈન્દ્રિયના પર તરફના વલણમાં રોકાતો, મેં મારી ચીજને જાણી નહિ. ઈન્દ્રિયોથી તો પર પદાર્થ જણાય. ઈન્દ્રિયથી સ્વ પદાર્થ જણાય ? સમજાય છે કાંઈ ? અલિંગગ્રહણમાં આવે છે. ઈન્દ્રિયો દ્વારા આત્મા જાણતો નથી. ઈન્દ્રિય દ્વારા જાણે ઈ આત્મા નહિ. આહાહા ! ગજબ વાત છે. ૨૦ બોલ છે. ઈન્દ્રિય આ પાંચ ઈન્દ્રિય દ્વારા પરને જાણે છે ઈ. સ્વને જાણતો નથી. અને ઈન્દ્રિય દ્વારા પરને જાણતો નથી, પોતાને, અને ઈન્દ્રિય દ્વારા પોતે જણાય એવો નથી, સમજાણું કાંઈ ? આહાહા !

આ પાંચ આ જડ અને અંદર ભાવઈન્દ્રિય એ દ્વારા આત્મા જણાય એવો નથી. અણીન્દ્રિય પરમાત્મા પોતે, ભગવાન સ્વરૂપે આત્મા છે. એને કેમ બેસે ? અંદર ભગવાન સ્વરૂપ જ છે એનું. જો એનું સ્વરૂપ ભગવાન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાન થઈને આવશે ક્યાંથી ? બરાબર, નટુભાઈ ?

પીપરનો દાખલો આપે છે ને, પીપર નહિ ? લીંડીપીપર છોટી પીપર પીપર પીપર પીપર હોય છે ને આ લીંડીપીપર.

।।પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન - ૨૩

## શ્લોક - ૧૬ અને ૧૭

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૨.૦૧.૭૫**

अन्तरात्मा आत्मन्यात्मबुद्धि कुर्वाणोऽलब्धलाभात्संतुष्ट आत्मीयां बहिरात्मावस्थामनुस्मृत्य विषादं कुर्वन्नाह-

**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।**
**तान् प्रपधाऽहमिति मां पुरा वेद न तत्त्वतः ।। १६ ।।**

અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત,
ઈન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિં હું તત્ત્વ. ।। ૧૬ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

સમાધિતંત્ર - ૧૬મી ગાથાની ટીકા. આત્મા શુધ્ધ ચૈતન્ય, પૂરણ આનંદ સ્વરૂપ હોવા છતાં એના અજાણપણે મેં કેમ કાળ ગાળ્યો ? એ વાત વિચારે છે. ભાન થયું ત્યારે વિચારે છે કે અરે, મેં મારા આત્માને, પરના પ્રેમમાં ફસાઇ ને હું મારી ચીજને ઓળખી ન શક્યો, ઇ કહે છે જુઓ, મારાથી આત્મ સ્વરૂપથી ચ્યુત થઇને આનંદ અને જ્ઞાન સ્વરૂપ, શુધ્ધ સ્વરૂપ એવું હોવાં છતાં એનાથી ભ્રષ્ટ થઇ, એટલે કે સ્વરૂપ શુધ્ધ

ચૈતન્ય છે, એનાથી પાછો હઠી હું પતિત થયો, એટલે કે મેં અતિ આસક્તિથી રાગ ને દ્વેષ અને પરપદાર્થમાં હું પ્રવર્ત્યો. સમજાણું કાંઈ ? ગ્યા તમારા ? બહાર ગયા.

આ પુસ્તક છે ત્યાં તમારે સુમનભાઈ ? (શ્રોતા : વાંચ્યું નથી) નથી વાંચ્યું, ઠીક, પણ પુસ્તક છે ને એ ક્યાંથી લઈ ગયા છે ? લઈ ગયા હશે અહિંયાથી, ઈ રામજીભાઈના દીકરા છે. મુંબઈમાં એસો કંપની છે ને ? એમાં નોકરી છે, આઠ હજારનો પગાર છે, માસિક આઠ હજાર. પછી બચે કેટલું ઈ જુદી વાત છે પણ એ રામજીભાઈ કહે છે ઘણીવાર બચે કેટલું ઈ જાણે ? અમેરિકામાં જાય, દસ, દસ હજારના પગાર, પણ પગારમાં વધે કેટલું એમાં ? આહાહા !

અહીંયા તો કહે છે, અરે, મેં મારી ચીજ ને શુદ્ધસ્વરૂપે આનંદસ્વરૂપે બિરાજમાન હોવાં છતાં મેં એનાથી ચ્યુત થઈને આહાહા ! પાછો હઠીને, ન્યાં ન જતાં એમાંથી પાછો હઠીને, ન્યાંથી ખસી જઈને, આહાહા ! હું પતિત થયો. સ્વરૂપના શુદ્ધસ્વરૂપથી ખસી ગયો. આહાહા ! બહુ સાદી ભાષા વાપરી છે. હેં ? અને અતિ આસક્તિથી પ્રવર્ત્યો. ક્યાં ? ક્યાં પ્રવર્ત્યો ? ક્યાંથી ખસ્યો ? ને ક્યાં પ્રવર્ત્યો ?

સ્વરૂપ શુદ્ધઆનંદમાંથી ખસી ગયો હું અનંતકાળમાં. આહાહા ! મારું જ્યાં ચૈતન્ય ધામ, શુદ્ધ આનંદકંદ છે, એમાંથી ખસી ગયો અને મેં પરમાં આસક્તિથી પ્રવર્ત્યો. એ કોણ ? વિષયોમાં પાંચ ઈન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધ, ને સ્પર્શ એમાં મારી આસક્તિ ગઈ. આહાહા ! કોના દ્વારા ? ઈન્દ્રિયો દ્વારા.

ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદ સ્વરૂપની સ્થિતિથી પતિત થયેલો પાછો હઠેલો એ ઈન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ, આ તો એ લીધું 'જે ઈન્દ્રિય જીણીતાને', એ શૈલીને વિસ્તારી છે, એને અહિં વિસ્તારી છે, આહાહા ! વિષયોમાં ઈન્દ્રિયો દ્વારા, પાંચ ઈન્દ્રિયોદ્વારા આમ બાહ્ય ઈન્દ્રિયો ને મુખેથી પહેલામાંય એમ હતું, ઈન્દ્રિયોદ્વારા ગાથામાં આવ્યું'તું, પછી ટીકામાં મુખેથી કર્યું, પહેલા આવ્યુ'તું, પહેલા આવ્યું'તું, અણીન્દ્રિય મારી ચીજ, જે ઈન્દ્રિયથી જણાય નહિં. પુણ્યના પાપના વિકલ્પથી પણ જણાય નહિ, એવી એ મારી ચીજ છે, પણ એ ચીજ ઉપરથી ખસી ગયો હું અનાદિથી, આહાહા ! અને આમ પ્રવર્ત્યો આમ આંહિથી ખસ્યો ને આમ પ્રવર્ત્યો.

પાંચ ઈન્દ્રિયના વિષયોમાં, વિષય શબ્દે એકલો સ્ત્રીનો વિષય એમ નથી આંહિ, કાનનો વિષય શ્રવણનો, આંખનો વિષય રૂપનો, ગંધનો વિષય રસનો, સ્પર્શનો, એ બધાં પાંચે ઈન્દ્રિયોના વિષયો તરફ મારો ઝુકાવ થઈ ગયો. આહાહા ! એ પછી તે

વિષયોને પ્રાપ્ત કરીને તે મારા ઉપકારક છે. આહાહા ! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એવી ચીજોને પ્રાપ્ત કરીને, અણીન્દ્રિય ચીજથી હઠી જઈને ઈન્દ્રિયના વિષયોને પ્રાપ્ત કરીને એ મારા ઉપકારી છે, મને મદદગાર છે, મને સહાયક છે, મારા, મારા પ્રેમના એ પસંદવાળા એ જીવો છે. આહાહા !

આ શરીર એ પણ પ્રેમના પ્રસંગમાં મૂઢ મિથ્યાદષ્ટિ એમાં રોકાઈ ગયો છે એમ કહે છે. આહાહા ! અને બાહ્યના વિષયમાં મારા ઉપકારક છે, એમ સમજી અતિપણે ગ્રહી એટલેકે તેને અનુસરીને મેં પોતાને આત્માને ઓળખ્યો નહિ. સ્ત્રી, કુટુંબ પરિવાર, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, પૈસો, મકાન આદિ પાંચઈન્દ્રિયના વિષયના ઝુકાવમાંથી મેં મારી ચીજને ન જાણી. સમજાણું કાંઈ ? કહે છે કે ઓળખ્યો નહિ. મેં મારી ચીજ જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એને મેં ઓળખ્યો નહિ, જાણ્યો નહિ, કેવા પ્રકારે ? હું ઉલ્લેખથી હું જ પોતે છું. શું કહે છે ઈ ? હું એવું જ્યાંથી અવાજ, વિકલ્પ ઉઠે છે, એ ચીજ આનંદનો નાથ પ્રભુ છે. આહાહા !

'હું', આ 'હું', એ ચૈતન્યધામ, એ ચૈતન્યસ્થળ, એ આનંદસ્થળની સત્તામાંથી 'હું' એમ ઊઠે છે કહે છે. આહાહા ! 'હું' જ પોતે છું ઈ, 'હું' જાણનાર દેખનાર આનંદસ્વરૂપ એ 'હું' પોતે છું, એમ ન ઓળખ્યો. આહાહા ! આ તો સાદી ભાષા અત્યારે. સવારે જરીક ઝીણું છે થોડું ? થોડું હવે ક્યાં સુધી ઝીણું રાખવું છે ? રામજીભાઈ ! એમ કહે છે કેટલીક વાર. ક્યાં સુધી ઝીણુ રાખવું હવે કહે. હેં ? (શ્રોતા : ઝીણું ઝીણું કરતાં રહી જાય અમારે માટે) આ નવા માણસ આવે એને બેસે નહિ, ઝટ દઈને. આહાહા ! આ શું વાતું કરે છે ? ધર્મની પર્યાય ઉત્પન્ન કરવી ઈ પર્યાય શું હશે ? ધર્મી વસ્તુ, આનંદકંદનો ધામ એ શું હશે ? એની પરમસત્તા, આનંદસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની હોવાપણું છે, આહાહા ! એ 'હું' એમ ન થતાં ત્યાંથી ખસી ગયો હું. આહાહા ! શરીરાદિ રૂપ નથી. શું કીધું ?

'હું' જે આમ અવાજ આવે છે વિકલ્પ, એની પાછળ ચૈતન્ય મૂર્તિ એ 'હું' છું. આહા ! એમાંથી ખસીને 'હું' શરીરાદિ રૂપ નથી, એમ મેં અનુભવ નિર્ણય ન કર્યો, કહે છે. શરીર નહિ, વાણી નહિ, મન નહિ, આ એના ઈન્દ્રિયોથી દેખાતા પદાર્થો એનું જે અસ્તિત્વ એ હું નહિ. આહાહા ! 'હું' એવું અણીન્દ્રિયથી, અણીન્દ્રિય વસ્તુનું હોવાપણું જે છે, એને મેં ન જાણ્યું, અને જે શરીરાદિ મારા નથી, વાણી નથી, રાગ નથી, દેહ નથી, એનાથી હું નથી, એ જેને ઉપકારીક માન્યા હતાં કે આ બધાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, બધાં મારા, છોકરા પરિવાર હરખાઈને મને ઉપકારક છે કારણકે વૃદ્ધાવસ્થા થાય તો આપણે એને મોટાં કર્યા, ઈ આપણને રાખશે, હેં ? સુમનભાઈ ! ત્યાં આગળ તમે તો, અહીં રહેતા

નથી, ને તમે તો ન્યાં, માળે આ.

કહે છે કે, જે ચીજો આત્માથી ભિન્ન છે, એ ઉપકારક નથી, છતાં એને ઉપકારક માની છે, આ એની ભૂલ છે કહે છે. આહાહા! હેં? શરીરાદિ એમ તત્ત્વતઃ મેં જાણ્યું નહિ. 'હું' જ્ઞાનાનંદ, અસ્તિત્વતત્ત્વ એ 'હું', અને વિકલ્પથી માંડી ને શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ કાંઈ હું નહિ, એમ મેં અનંતકાળમાં, એક સેકંડ પણ જાણ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા! એમ તત્ત્વતઃ મેં જાણ્યું નહિ. આમ તો શાસ્ત્ર ભણ્યો, એમાં બધું આવ્યું'તું. આહાહા! પણ પરમાર્થે ભગવાન આત્મા જ્ઞાનપૂંજ પ્રભુ છે, આત્મા તો અતીન્દ્રિય આનંદનો પૂંજ છે. પ્રભુ આત્મા તો અનંતી શક્તિઓના પ્રભુત્વનો પૂંજ છે, પરમેશ્વર છે. આહાહા! ભગવાન આત્મા, અનંત શક્તિના ઈશ્વરથી ભરેલો ઈશ્વરતઃ, છે ઈશ્વર છે, પોતે ઈશ્વર છે એમ કહે છે. આહાહા!

એવા ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્મા, એના ઉપર નજર ન કરી એ 'હું' એમ મેં ન જાણ્યું. એ 'હું' એમ મેં ન ઓળખ્યું. એ 'હું' એને મેં ન માન્યો. આહાહા! અને શરીરાદિ હું નથી એમ તત્ત્વતઃ પરમાર્થે, પરમાર્થે એમ ન મેં જાણ્યું એમ કહે છે. ધારણામાં તો લીધી 'તી વાત એણે. આહાહા! (શ્રોતા : અંદરથી એણે ન જાણ્યું).

ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ એમાં જઈને આ 'હું' ને આ રાગાદિ, શરીર 'હું' નહિ એમ મેં ન જાણ્યું એવો અર્થ છે. ક્યારે? પૂર્વે અનાદિકાળમાં, અનંત અનંત ભવોને અનાદિ કાળની આ સ્થિતિ મેં રાખી અંદર, સમ્યક્ થયા પછી એમ વિચારે છે કે, મેં અનાદિથી આ કર્યું, અંતરઆત્મા વિચાર કરે છે.

**ભાવાર્થ:** અંતર આત્મા એટલે કે હું જ્ઞાન ને આનંદરૂપ છું. એવી વસ્તુ એ અંતઃ અંતઃ એને જેણે ઓળખ્યો ને અનુભવ્યો. આહાહા! એવો જે અંતરઆત્મા એ વિચાર કરે છે. હું અનાદિકાળથી આત્મસ્વરૂપને ચૂકી ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો, તેમાં આત્મબુદ્ધિ કરી, એ બધાં હું છું એમ માની મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ. લ્યો પોપટભાઈ! આ લાદીના ધંધામાં રોકાઈને હું કોણ છું એ ન જાણ્યું. હેં? જ્યાં કાંઈક પાંચ, પચાસ હજાર પેદા થાય, લાખ બે લાખ પેદા થાય, આહાહા! આપણે કાંઈક કમાણા, ઈ આપણને હવે સગવડતારૂપ થયું, પૈસા, કુટુંબો, એમ માનીને કહે છે કે મેં મારી ચીજને ભૂલી ગયો, પૈસા હોય તો ધૂળ એ આહાહા! (શ્રોતા : મકાન લેવાય, જમીન લેવાય બધુંય થાય) જમીન, પૈસા ઈ બધું એ થવાનું હોય ઈ થાય બહારથી. લ્યો, બહુ સાદી ભાષા છે.

હું અનાદિકાળથી આત્મસ્વરૂપને ચૂકી, મારી જાત આનંદ અને જ્ઞાનની

છે, તેને ભૂલી આહાહા! ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો, તેમાં આત્મબુધ્ધિ કરી, મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ. આહાહા! જ્યાં સુધી જીવને પોતાના અસલી ચૈતન્ય સ્વરૂપનું જોયું? અસલી ચૈતન્યસ્વરૂપ, આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ છે, એ કાંઈ ચૈતન્યનું સ્વરૂપ નથી, સમજાણું કાંઈ?

રાત્રે તો એમ કહ્યું'તું ભાઈ, હતાંને નહિ? કે જેમ પુણ્ય ને પાપના ભાવ સંયોગી છે, ઈ આત્માની ચીજ નથી, એમ પાંચ ઈન્દ્રિય તરફના વલણવાળું જે જ્ઞાન, એ પરસત્તાવલંબી કહો કે પરભાવ કહો. રાતે વાત થઈ હતી. આહાહા! જેવા શુભ - અશુભ ભાવ પર છે, એ આત્મસ્વરૂપ નથી, અસલી ચૈતન્યની જાત નથી એ. આહાહા! એમ ઈન્દ્રિયો તરફના વલણથી થતું જાણપણું, એ પરસત્તાવલંબી કહ્યું છે, પરસત્તાવલંબી કહો કે પરભાવ કહો. આહાહા!

આ શરીર, વાણીથી તો એ સંયોગી પર છે, પણ એની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ ઉઠે ઈ સંયોગી ચીજ છે, સ્વભાવિક ચીજ નથી. આહાહા! એમ જે પાંચ ઈન્દ્રિયના વલણમાં આહાહા! શાસ્ત્રનું જ્ઞાન કર્યું, ૧૧ અંગ ભણ્યો, ૯ પૂર્વની લબ્ધિ પ્રગટી, પણ એ બી પરસત્તા, પરના હોવાપણાના અવલંબે પ્રગટેલું છે, આહાહા! વાત તો બહુ, હવે એને એણે જ્ઞાન માન્યું કે હું જ્ઞાનમાં કાંઈક વધ્યો. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

પરસત્તાવલંબી કહો કે પરભાવ, ખરેખર એ વસ્તુ પોતાની ચીજ નથી. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની ખાણ, નિધાન છે, એને સ્પર્શીને જે અંદરમાં આનંદ ને જ્ઞાન આવે એને એ પોતાની ચીજ કહેવાય છે. આહાહા!

**આંધળો કહે સલવાણા કંઈક ચઢયા કંઈક પાળા.**

આંધળાની કહેવત આવે છે કોઈ, કર્યું હશે કોઈએ, આંધળો કહે સલવાણા કંઈક ચઢયા, કંઈક પાળા. એટલે જેલમાં ઊંટને પૂર્યા'તા ને ભેગા કોઈ માણસને પૂર્યા'તા ગુનેગાર તરીકે, ઊંટ, ઊંટ, ઊંટ સમજે? ઊંટ ને માણસ તે બે માણસ વળી ઊંટ દસ - વીસ હશે અંદર જેલમાં તે બે વળી ઊંટ ઉપર બેસીને રહ્યા જાણે અમે ઊંચા થયા છીએ, આહાહા! પણ એ બધાં જેલમાં છે, જેલ સમજતે હૈ ને?

આંધળો કહે સલવાણા કંઈક ચઢયા કંઈક પાળા. પાળા એટલે હેઠે રહ્યાં. ઊંટ ને માણસ ને કોક ઊંટ ઉપર બેઠાં અંદર પણ, બહારતો જેલમાં તાળા માર્યા છે. આહાહા! એમ કોઈક સ્ત્રી, કુટુંબ પરિવાર પુણ્ય ને પાપના ભાવને પોતાના માનીને

જેલમાં પડયા છે, કોઈ શાસ્ત્રના જાણપણા કરીને માને કે મને જ્ઞાન થયું, એ પણ અંદરમાં ઊંટની ઉપર બેઠા જેલમાં છે, સમજાણું કાંઈ ?

ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે છે. આહાહા ! સત્‌જ્ઞાન ને આનંદનો નાથ પોતે છે, એમાં એનું, એનું સ્પર્શ કરીને જે અંતરમાં જ્ઞાન સ્વસંવેદન આવવું જોઈએ એને ભૂલી ગયો. આહાહા ! એ પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ, આહાહા ! જ્યાં સુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપ એમ આંહિ કહેવું છે. અસલ સ્વરૂપ શ્રીમદ્‌માં આવ્યું નો'તું, હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? શું આ બહુ પુણ્યકેરા આવે છે ને ?

**બહુ, પુણ્યકેરા પૂંજથી, શુભ દેહ માનવનો મળ્યો.**
**તોયે અરે ભવચક્રનો આંટો નહિં એકે ટળ્યો.**
**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?**
**શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો,**
**વધવાપણું સંસારનું એ નરદેહને હારી જવો,**

વધવાપણું સંસારનું નરદેહ સોળ વર્ષે કહે છે, ભાઈ ! મોહનલાલજી સોળ વર્ષની ઉંમરે, શ્રીમદ્‌ને જાતિસ્મરણ હતું ને નાની ઉંમરે, નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહોહો ! એનો વિચાર નહીં અહો, એક પળ પણ તમને હવો ! આહાહા ! આવો વિચાર પણ તેં કોઈ દિ' કર્યો નથી. આહાહા ! (શ્રોતા : સ્વચ્છંદમાં રહી જાય ને એટલે ક્યાંથી કરે) આ ઈ જ કહે છે ને પુણ્ય હેય છે. આહાહા ! કો મનહરભાઈ, બહારનાં ધૂંચવાડામાં પડીને મરી ગયા બાપુ !

મારી ચીજ અંદર, સચ્ચિદાનંદ સ્વરૂપ, શાશ્વત જ્ઞાન અને આનંદનો પૂંજ કંદ, આહાહા ! એને મેં ન જાણ્યો, એને મેં ન ઓળખ્યો. મારી ઈશ્વરતાની પ્રભુતાને મેં પ્રભુતા તરીકે ન જાણી. આહાહા ! અને જે ચીજમાં હું નથી, એને હું મારા ઉપકારી, મને મેં માન્યા. આહાહા ! ઈન્દ્રિયો સારી હોય તો ઉપકાર થાય, શરીર હોય તો ઠીક થાય, આહાહા ! જુઓને સંસારમાં તો કહે, શું કહેવાય ફર્નીચર ગોઠવે છે ને કાંઈ અને દવા માટે કપાટ ભર્યા હોય, ઈ દવામાં અનેક જાતની દવાઓ છેવટે આ શું કહેવાય ? રેકર્ડ એની ઓલી હોયને રેકર્ડ ના કટકા, વીંછીં બીંછી કરડયો હોય એના ઉપર કામ આવે એવા સંઘરે, આ ગજબ કરે છે, શું કરે છે આ. આહાહા ! આ જોઈતી, જોઈતી (જુદી જુદી) દવાઓ સવારે ઉઠે તો આ, બપોરે આ, સૂતા વખતે આ, એ બધી ઈન્દ્રિયના વિષયોની

બહારની સામગ્રી એને મેળવવા ને રાખવામાં રોકાઈ ગયો હું, આહાહા! મારી જાતને મેં જાણી નહીં. આહાહા!

વર વિનાની જાન જોડી દીધી. વર સમજતે હૈ ન? દુલ્હા દુલ્હા કહતે હૈ ને ?આહાહા! મારી ચીજ મૂળ વસ્તુ છે. અખંડ, આનંદનો નાથ, પ્રભુ, પૂરણતાથી પરમેશ્વર શક્તિથી ભરેલો, એને મેં ન જાણ્યો, એને મૂકીને બધી જાણપણાની વાતો, બધી બહારની કરી. આહાહા! ઈ વર મૂકીને જાન જોડી દીધી. ઈ જાન ન કહેવાય હોં. જાન તો વર હોય તો કહેવાય, નહિ તો માણસના ટોળા કહેવાય. ભાઈ! અરે મારો વર, આત્મા ભગવાન શુદ્ધાશુદ્ધ ચૈતન્યઘન, એવા અસલી સ્વરૂપને તો મેં ન જાણ્યું, અનંત કાળમાં અને જે મારી ચીજમાં નથી, એવી નકલી પુણ્ય પાપના ભાવને ને એના ફળને મેં મારા માન્યા. સમજાણું કાંઈ ? આહાહા!

બાહ્ય ઈન્દ્રિયોના વિષયોને પોતાને, સુખદાયક ગોઠવી રાખ્યું બધું આમ આ કરડે તો આ લાવો, આ હોય તો આ લાવો. ઓલી ઊંઘવાની દવા તો આ. ઊંઘવા વખતે ઊંઘની ગોળીયું, ન ઊંઘ આવે ત્યારે પ્રવૃત્તિઓ બધી, નહિં હસમુખભાઈ! એવું ઘણાં વાણિયાને ઊંઘ ન આવેને, ધૂળેય નથી ઈ ટેવ પડી જાય પછી આ સમૂળગો આ ફેંફસા બેફસા બધાં ઓલા થઈ જાય, પોંચા, ને ફાટી જાય પછી, હાય હાય, બહુ દવાઓ કરી, હવે ફેંફસાં પોંચા થઈ ગયા, પહોળા થઈ ગયા એમ નથી કાંઈક કહેતા ? લોકો કહે છે ફેંફસા બે પહોળા થઈ ગયા છે. આહાહા! કહે છે કે ઈ ચીજો જે છે, એની અનુકૂળતા રાખવા, મેં મને ઉપકારી માનીને, એ બધા સુખદાયક છે. આહાહા! આ ઈન્દ્રિઓ જડ અને એનો વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર આહાહા! ભાઈ! સ્ત્રી હોય તો નાગા ભૂખ્યા જાળવે, એમ કહે છે. માણસ ચાળીશ - પચાસ વર્ષે પરણે, ત્યારે કહે પણ અત્યારે ભાઈ, બીજા સગાવહાલા ગમે એ હોય, પણ નાગાભૂખ્યા ઈ સ્ત્રી પાલવે પણ કહે છે, એય ઈ પચાસ વર્ષે પરણે છે ને ? કોઈ ત્રેપન વરસે, સાંઈઠ સુધી પરણે છે અત્યારે, આહાહા! અરે કહે છે કે એવા પાંચ ઈન્દ્રિયોના વિષયોને સુખદાયક, ઉપકારક સમજી આસક્તિ રહે છે. આહાહા! તેમાં આત્મબુદ્ધિ કરે છે. પણ જ્યારે તેને ચૈતન્યના અને પર જડ પદાર્થના ઈન્દ્રિયોના વિષયોનું ભેદવિજ્ઞાન થાય છે. આહાહા!

એ ચૈતન્યની, ઈન્દ્રિયો જે આ છે એ 'હું' નહિં અને ઈન્દ્રિયથી દેખાતા પદાર્થો એ પણ 'હું' નહિ, આહાહા! એમ જ્યારે પરથી ભેદ નામ, જુદાપણાંનું જ્ઞાન થાય છે અને પોતાના નિરાકુળ, આહાહા! ન્યાય આપે, વધારે એમ કે પોતાને પરથી રાગથી, પર છું એવું ભેદજ્ઞાન થાય ત્યારે એને થાય શું ? આહાહા! પોતાના નિરાકુળ, ચિદાનંદ

સુધારસનો સ્વાદ આવે. આહાહા ! જે પોતાનો આનંદ જ્ઞાનસ્વભાવ એને ભૂલીને વિષયોમાં તન્મય થઈને દુઃખને વેદતો હતો, પરને એકપણે માની, પોતાના શુદ્ધ સ્વભાવ અને પુણ્ય પાપના વિભાવને પુણ્ય પાપના ફળ તરીકે મળેલી સામગ્રી, એને જે મારાપણે માનતો, ત્યારે એ રાગથી દુઃખી હતો, એને રાગનો સ્વાદ હતો, ઝેરનો, આહાહા ! સમજાણું કાંઈ ?

પણ જ્યારે રાગ અને પરથી ભિન્ન મારી ચીજ છે, 'હું' તો ચૈતન્યસ્વરૂપ છું, એવું જ્યારે રાગ ને બહારની સામગ્રીથી ભિન્ન આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે, આહાહા ! એને પોતાના નિરાકુળ, આકુળતા વિનાનો, ચિદાનંદ જ્ઞાનનો આનંદ એ સુધારસ એ અમૃતનો રસ, એનો સ્વાદ આવે છે. આહાહા ! ભારે ભાષા ગોઠવી છે ને બહુ ઠીક, સારની. આનંદસ્વરૂપ છે ને ભગવાન તો, આત્મા અમૃતસ્વરૂપ છે. અમૃતનો સાગર છે. ઈ એને પણ કેમ બેસે, કોઈ દિ' નમૂનો જોયો નથી, કોની હારે મિંઢવે ઈ. હેં ? આહાહા !

કહે છે કે પ્રભુ, ભગવાન અંતરમાં તું અનંત અણીન્દ્રિય અમૃતનાં રસથી ભરેલો એ તત્ત્વ છે. અરે કેમ બેસે ? એવા અમૃતરસના ભરેલા પ્રભુને, પોતે જ્યારે અંતરમાં ઓળખ્યો, પરથી ભિન્ન પડીને પોતાના અસ્તિત્વનો અનુભવ કર્યો ત્યારે એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા ! કો મહારાજ આ શું કહે છે ?

જેવો સિદ્ધનો આનંદ છે, પરમાત્મા જે અરિહંત ને સિદ્ધ, અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત છે ને પરમાત્મા ? અરિહંત છે એ શરીર સહિત છે, ને સિદ્ધ છે એ શરીર રહિત છે. નમો સિદ્ધાણં, એને જે અતીન્દ્રિય આનંદની પૂરણતાનો સ્વાદ ને અનુભવ છે આહાહા ! એ મારી જાતનો, રાગ ને પુણ્ય ને શરીર ને વાણીથી 'હું' ભિન્ન છું. મારી ચીજમાં એ રાગ નથી, મારી ચીજમાં તો જ્ઞાન ને આનંદ. 'હું' તો એક જાણનાર, દેખનાર જ્ઞાતા. આનંદના નાથનું સ્વરૂપ મારું આ છે. આહાહા ! એવું જ્યારે પરથી ભિન્ન પડી અને સમ્યગ્દર્શન જ્યારે થાય છે, ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન, પગથિયું, આહાહા ! ત્યારે એને રાગના સ્વાદથી ભિન્ન પડી અને ભગવાન આનંદનો સ્વાદ છે, એમ અનુભવી એને સુધારસ અમૃતના પ્યાલા પીવે છે ઈ. આહાહા !

**એ સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા રે.**

'એક સુખિયા જગતમાં રે સંત દુરિજન દુઃખિયા,' રાગ અને શરીરને મનને વાણીના વિષયોથી પર એવા ચૈતન્યનું ભાન થતાં જે ચૈતન્યનો આનંદ આવે એ પ્રાણી જગતમાં સુખી છે, કો પોપટભાઈ ! આ તમારા પૈસા આટલા કરોડો છે. છ-છ છોકરા છે. પણ કામ આવે ને છ ? ઈ કહેતા'તા અમારે હીરાભાઈ કહેતા'તા ચાર ઉપાડવા

કામ આવે, એક મોઢાં આગળ અગ્નિની દોણી લઈને હાલે અને એક પાછળ કૂવો લઈ ને હાલે. આહાહા ! અમારે હીરાભાઈને છ છોકરા છે ને ? આ હીરાભાઈને. આ હીરાભાઈ નહિં. સાત છે હવે. આપણા હીરાભાઈ નહિં, આ મકાનમાં રહ્યા'તાં ને ત્યાં (શ્રોતા : સ્ટાર બંગલો) અમે સવાત્રણ વરસ. જોયું છે, ભાઈ ત્યાં આ ઈ બંગલો. એનું નામ શું છે ? એ ત્યાંજ બેસતા'તાં ખોળામાં બેસતા'તા, ત્યાં રામજીભાઈનાં .. ખોળામાં બેસતા નહિં ત્યાં ૯૧ - ૯૨માં, ખબર છે. આહાહા ! એનું નામ શું પેલું, સ્ટાર ઓફ ઈન્ડિયા અમે અહિં આવ્યાને તે પહેલાં ત્યારે જરીક દુસરા મકાન, હૈ સ્ટાર ઓફ ઈન્ડિયા ઉસકા નામ. ઉસમેં હમ તીન બરસ રહે. એ મકાન તો અભિ હુઆ ૯૪મેં. સ્વાધ્યાય મંદિર હૈં ને, ૯૪ માં હુઆ ત્યાં સંવત ૯૪ આહાહા ! સમજાણું કાંઈ ? 'સ્ટાર ઓફ ઈન્ડિયા હિન્દુસ્તાનનો ચળકતો તારો'. ત્યાં રામજીભાઈ આવતાં સુમનભાઈ બેસે ત્યાં ખોળામાં બેસતાં, ૯૧ - ૯૨ - ૯૩ ની વાત છે ને, ખબર છે ને ? આહાહા !

કહે છે કે ભગવાન આત્મા આનંદનું અતીન્દ્રિય આનંદનું ધામ સ્થળ છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ પાકે એવું એ સ્થળ છે. ખેતર કેવા એવા હોય છે ને કોઈ કે જેમાં ચોખા પાકે. કેટલાક ખેતર એવાં હોય કે જેમાં કળથી પાકે. કળથી સમજતે હૈં ? વો કળથી હોતી હેં. જે જમીનમાં કળથી પાકે, ઈ જમીનમાં ચોખા ન પાકે સારા. શું આ તમારે આ વાસાવાડ, અમારે એ વખતે વાસાવડ નહોતાં શું કહેવાય ? કૂલ્ફા, કૂલ્ફાના ચોખા હતાં. અમારે પાલેજની વાત છે ને ? કૂલ્ફાના ચોખા હતાં. બહુ જ ઝીણાં, પાતળાં, ઊંચા. પાલેજમાં માણસ ત્રીસ હતું. અમારે ત્યાં એક રસોડે જમતાં પણ ઊંચી ચીજ બધી, તે વખતની વાત છે, પાંસઠ વર્ષ પહેલાંની વાત કૂલ્ફાના ચોખા, એ કૂલ્ફાના ચોખા જ્યાં કળથી થાય, એ ખેતરે ન પાકે. આહાહા ! એ રાગ ને પુણ્ય ને પાપના ખેતરમાં આનંદ ન પાકે, ઈ શરીર અને ઈન્દ્રિયના વિષયો ને પૈસામાં આનંદ ન પાકે, એ બધી કળથી પાકનાર એ બધાં ખેતર છે હેં ? આકુળતા, આકુળતા, આકુળતા, બાપુ .. આહાહા !

આ ભગવાન અસંખ્ય પ્રદેશી, ચૈતન્યઘન, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આનંદ અતીન્દ્રિય પ્રગટ કર્યો એ અતીન્દ્રિય આનંદનું સ્થળ ભગવાન છે. એ ખેતર તારું અતીન્દ્રિય આનંદ પાકે એવું ખેતર છે. આહાહા ! પુણ્ય પાપ પાકે ઈ એનું ખેતર નથી. એ તો અદ્ધરથી, પર્યાયમાં અદ્ધરથી બનાવે છે. પુણ્ય પાપના ભાવ બને, એવો કોઈ દ્રવ્યને ગુણમાં (શક્તિ) ગુણ નથી. આહાહા ! એની એક સમયની પર્યાયમાં એ નિમિત્તાધીન થઈને અધર્મ અને રાગદ્વેષને મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે, ઈ પર્યાય દૃષ્ટિમાં છે. વસ્તુ ને વસ્તુના સ્વભાવમાં ને ભાવમાં રાગ - દ્વેષ ઉત્પન્ન થાય એવું એ સ્થળ જ નથી, એવો કોઈ

ગુણ નથી અંદર. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા, અંદર વસ્તુ, રાગના પુણ્યના પાપના વિકલ્પોથી ભિન્ન પડતાં એ ચૈતન્ય ધામમાં એનું સત્તા, સ્થળ છે, એ સત્તા સ્થળમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહાહા! એને ભેદજ્ઞાન, રાગથી ભિન્ન પડતાં એને ઈ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા! સમજાણું કાંઈ? એને ધર્મ ને સમકિત કહે છે. આહાહા ! બાકી બધાં ભિખારા! (એ દ્વારા એણે આત્માને જાણ્યો) ઓહોહો! આ તો અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ છે આત્મા. કણિયો એનો જરી નમૂનો આવ્યો અંદરથી, કે આ આત્માતો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહાહા! અરે 'હું' તો આનંદને ક્યાં ગોત'તો ને ક્યાં રહ્યો આનંદ? આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

શરીર, વાણી, મન, લક્ષ્મી એ બધી ચીજો તો ઈન્દ્રિયોનો વિષય છે. તેથી તેના વિષય તરફ ઝૂકતાં એને દુ:ખ જ થાય છે. એનો આનંદ ત્યાં લૂંટાય છે. આહાહા! એ પર તરફના પ્રેમમાં ઝૂકતાં સ્વતરફનું અતીન્દ્રિય આનંદનું ત્યાં ખૂન થાય છે આહાહા! આવું તો સાંભળવું કો'ક દિ' મળે એવું છે ને ભાઈ! આહાહા!

આ તો ત્રણલોકના નાથ, તીર્થંકરની આ તો વાણી છે. પરમેશ્વર સર્વજ્ઞદેવ જેને તીન કાળ, ત્રણકાળનું જ્ઞાન, એણે આ વાત કહી, ભાઈ! તું તારી વસ્તુની સ્થિતિથી ખસી જઈને ચ્યુત થઈને, પાંચ ઈન્દ્રિયોના વિષયોના વલણમાં આસક્તિ કરીને સુખ માને છે! બાપુ! ત્યાં તારી શાંતિ ને આનંદનું ત્યાં ખૂન થાયછે. આહાહા!

એ પરમાત્મા પોતે આનંદ સ્વરૂપ, એને રાગ અને વિકલ્પને મનથી ભિન્ન પાડીને, ભિન્ન છે, પણ ભિન્ન પાડીને પોતે, ભિન્ન છે એમ કોઈ દિ' જાણ્યું નહોતું, આહાહા! રામજીભાઈ, આ પૈસામાં બૈસામાં સુખ હશે કે નહિં? આ બધાં તમારા સુખી કહે છે ને જેંતીભાઈને! પૈસાવાળા છે હેં? પણ આ તો ન્યાયનો વિષય છે. આમાં ક્યાંય અમારી ને તમારી વાત કહી છે. હેં? ન્યાય એટલે 'ની' ધાતુ છે ત્યાં. 'ની' ધાતુ, એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેમ જ્ઞાનને દોરી જવું, એનું નામ ન્યાય. ન્યાય છે ને ન્યાય એટલે 'ની' ધાતુ. ભગવાન આત્મા, આહાહા! પૂર્ણાનંદનો નાથ, પરમાત્મા પોતે એના તરફ ઝૂકતાં, પર તરફ ઝૂકતાં તેની દશાનું ખૂન થતું હતું. આહાહા! એને ભગવાન આત્મા તરફ વાળતાં એને અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ આવે, એ સિદ્ધની જાતનો આવે, જે સિદ્ધ ભગવાનને આનંદ છે, ભલે એને પૂરણ છે ને અહિં થોડો, નમૂનો તો એ છે. આહાહા!

આરે આવી વાતું છે? આ તો ધર્મ કરો, ધર્મ કરો, પછી સુખ થાશે, ભવિષ્યમાં દેવલોક મળશે, ત્યાં ઈંદ્ર - ઈન્દ્રાણીઓ થશે. ને પછી ત્યાંથી મરીને રાજા થશે. આ ધર્મ આવો હોય? (શ્રોતા : પણ આવે છે ને પછી દીક્ષા લેશે) પછી દીક્ષા લેશે. કંઈ દીક્ષા ભાન ન મળે, ક્યાં દીક્ષા હતી? દખ્યા છે. આહાહા!

જેને અતીન્દ્રિય આનંદનાં સ્વભાવનું સ્વરૂપથી ભરેલો પ્રભુ, એનું હોવાપણું, રાગની આકુળતાથી, અને તેના બાહ્ય પદાર્થોથી ભિન્ન એવો ભગવાનને જ્યારે જાણ્યો આત્માએ આહાહા! ત્યારે ચિદાનંદ, સુધારસનો સ્વાદ આવે. આહાહા! ત્યારે જ્ઞાનાનંદના અમૃતનો સ્વાદ આવે. આહાહા! કહો ત્યારે તેને બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા - બૂરા લાગતા નથી. ધર્મીને આત્માના અનુભવની દૃષ્ટિથી, સમ્યગ્દષ્ટિથી આત્માના આનંદના સ્વાદ આગળ, બાહ્ય પદાર્થોમાં સુખ છે એ બધું ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહાહા! ત્યારે તેને બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો આ પૈસા, બાયડી, અનુકૂળ, ઈ ભલા ને નિર્ધનતા ને દરિદ્રતા, વાંઝીયાપણું, વાંઢાપણું ઈ ખરાબ, એ વાત ઊડી જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા બૂરા લાગતા નથી, ફક્ત તેઓ તેને જ્ઞેયરૂપ ભાસે છે. શરીર, ઈન્દ્રિયો, સ્ત્રી, કુટુંબ પરિવાર એ મારા જ્ઞાનમાં જણાવા લાયક જ્ઞેય છે, એ મારી ચીજ નથી, તેમ એ સારી નરસી નથી. (શ્રોતા : આટલો મોટો ફેર પડી જાય છે) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર એ વાંધા બધા ઓલા લોકોને કે આ સોનગઢવાળો કાનજીસ્વામી સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને માને છે, માટે આપણે ખોટું ઠરાવો ખોટું. હમણાં આવ્યું'તું ભોપાલમાં ભોપાલનો કોણ? રાજમલ પવૈયા, પવૈયા, રાજમલ પવૈયા ઈ ગાયન આવ્યું'તું કે ત્યાં કાનજીસ્વામી એમ માને છે સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ એનું તમારે ઉડાડવા હાટુ વાતું આ બધી વાતું કરવી છે ક્હે છે? ગાયન આવ્યું છે આમાં, મોટું ગાયન, ઈ અહિંના પ્રેમી છે. અહિં આવે છે ને પંક્તિ છે કવિ. તો તો પછી ભગવાન ને અરિહંતને માને એ પણ ખોટું ઠરાવો તમારે? ઈ માને ઈ ખોટું એમ કરવું છે તમારે? ખૂબ લખ્યું છે.

આહીં તો કહે છે ભાઈ! રાગને અને તેને બહુ વિસ્તાર લીધો છે કે ભઈ અનંતાનુબંધી જે પ્રકૃતિ છે કષાયની, એ ખરેખર તો ચારિત્રમોહની પ્રકૃતિ છે, એ છતાં, કાંઈક અંશે ચારિત્ર ન આવે તો, ગયું ને હતું એમાં ફેર શું પડયો? સમજાણું કાંઈ? એ કષાય થાય છે, ચાર પ્રકારના. એક અનંતાનુબંધી, એક અપ્રત્યાખ્યાની, એક પ્રત્યાખ્યાની અને એક સંજ્વલન એવા ચાર અને એકેકના પાછા ચાર ભેદ, ક્રોધ, માન, માયા અને

લોભ સમજાણું કાંઈ?

એમાં પ્રથમ અજ્ઞાનમાં રાગથી મને લાભ, છે પુણ્ય એ મારી ચીજ છે, પુણ્યના ફળમાં હું છું, એ મેં ઉપરાજેલા ફળમાં મને સ્વાદ આવે છે, એમ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ મૂઢ છે ત્યાં સુધી એને મિથ્યાત્વ પણ છે, અને સ્વરૂપનો અંશે સ્થિરતા ત્યાં નથી, અનંતાનુબંધીને લઈને, આહાહા! અને જ્યારે આત્મા આનંદનો નાથ ભગવાન શરીરથી રાગથી ભિન્ન છે, એવી પોતાની સત્તાનો સમભાવ કરી, ત્યારે તેને સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાનો અંશ પ્રગટે છે. હેં? હવે ઈ બધા ઓલા ના પાડે છે, પણ ઓલા મખ્ખનલાલજી છે, ઈ માને, ઈ માને એક, માને પણ પાછા પડખાં બીજા ન માને. આંહિ કહે છે, ભગવાન આ તો તારા ઘરની વાતું છે. ભાઈ! આ કોઈ પક્ષની ને વાડાની નથી, તું કોણ છો અંદર? આહાહા! તું કોઈ પદાર્થ, ચીજ છે કે નહિ? અને છે તો કાયમનું એનું સ્વરૂપ શું છે? કાયમનું, ઈ કાયમનું એનું સ્વરૂપ પ્રભુ એ જ્ઞાનને આનંદ એનું કાયમનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એ આ પુણ્ય પાપના ભાવ ને એના ફળ એ કાંઈ તારી ચીજ નથી, તારી હોય તો જુદી પડે નહિ, આહાહા! કહે છે કે અજ્ઞાનમાં પોતાની જાતને ભૂલીને ન્યાંથી ખસી ગયો હતો, ચ્યુત થયો હતો, એથી પાંચે ઈન્દ્રિયના વિષયોના વલણમાં ઝૂકાવ હતો, તેથી તેને આકુળતા ને દુઃખનું વેદન હતું, અનુભવ, આકુળતાનો અનુભવ, પરનો નહિ, આનંદનો નહિ, આહાહા! એને દુઃખનું, આકુળતાનું વેદન હતું.

આ પૈસાવાળા હો કે, રાજા હો, કે શેઠીયા હો. બધાં દુઃખી આકુળતાના વેદનારા છે કહે છે, પણ જ્યારે એ આકુળતાથી પાર, ભિન્ન મારી ચીજ છે અંદર. હું એક સચ્ચિદાનંદ સ્વરૂપ, પૂર્ણાનંદનો નાથ આહાહા! મારી પ્રભુતા એની પાસે અજ્ઞાન અને રાગ - દ્વેષ ન ટકે. સમજાણું કાંઈ? એવી પ્રભુતાની અંતરમાં સ્વસંવેદન કરીને પ્રતીત થઈ. આહાહા! ત્યારે એને બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરેથી ખસી જાય છે. જ્ઞેયરૂપ ભાસે છે, જે મારા ઉપકારીરૂપ ભાસતા, એને જાણવા લાયક એવી ભાસે છે. હસમુખભાઈ! આવી વાતું છે ભાઈ! આહાહા! આ કારણથી અંતરઆત્મા, આ કારણથી અંતરસ્વરૂપ, અંતરઆત્મા, આનંદ ને જ્ઞાન સ્વભાવી વસ્તુને જાણનાર, અનુભવનાર એવો જે અંતરઆત્મા, બહિરાત્મ અવસ્થામાં વિષય ભોગોને સુખરૂપ માનીને સેવતો હતો.

મિથ્યાત્વ અવસ્થામાં, ભાન વિના એ વિષય ભોગો પાંચ ઈન્દ્રિયના સુખ છે એમ માનીને સેવતો હતો, તે હવે ભોગોથી વિષયોની બાબતમાં વિચાર કરવા લાગે

છે. આહાહા! અરે, અજ્ઞાનતાથી ઈન્દ્રિયોના વિષયોમાં ફસાઇ મારા સ્વરૂપના અભાનથી, અજ્ઞાનથી, મારી જાતથી વિરૂધ્ધ, ભાનથી આહાહા! અજ્ઞાનથી ઈન્દ્રિયોના વિષયમાં ફસાઈ મેં મારું ચૈતન્યરૂપ ઓળખ્યું નહિ. આહાહા! સમજાણું કાંઈ? બહુ સારા સાદા શબ્દો છે.

હવે આત્માને જાણવાનો ઉપાય બતાવતાં કહે છે. એને જાણવાનો, ઓળખવાનો, જે સ્વરૂપે પ્રભુ આત્મા છે તેને જાણીને વેદવાનો શું ઉપાય છે?

**अथात्मनो ज्ञप्तावुपायं दर्शयन्नाह**

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः**
**एष योगः समासेन प्रदीपः परमात्मन ।। १७ ।।**

બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો દ્યોતક[1] છે આ યોગ. ।।૧૭।।

**टीका : एवं वक्ष्यमाणन्यायेन । बहिर्वाचं पुत्रभार्याधनधान्यादिलक्षणान्बहिरर्थवाचकशब्दान् । त्यक्त्वा । अशेषतः साकल्येन । पश्चात् अन्तर्वाचं अहं प्रतिपादकः, प्रतिपाधः, सुखी, दुःखी, चेतनो वेत्यादिलक्षणमन्तर्जल्पं त्यजेदशेषतः । एष बहिरन्तर्जल्पत्यागलक्षणः योगः स्वरूपे चित्तनिरोधलक्षणः समाधिः । प्रदीपः स्वरूपप्रकाशकः कस्य? परमात्मनः । कथं? समासेन संक्षेपेण झटिति परमात्मस्वरूपप्रकाशक इत्यर्थः ।। १७ ।।**

હવે આત્માને જાણવાનો ઉપાય બતાવતાં કહે છેઃ -

અન્વયાર્થ : (एवं) આગળના શ્લોકમાં કહેવામાં આવતી વિધિ અનુસાર (बहिर्वाचं) બાહ્ય અર્થવાચક વચન - પ્રવૃત્તિનો (त्यक्त्वा) ત્યાગ કરીને (अन्तः) અંતરંગ વચન પ્રવૃત્તિને પણ (अशेषतः) સંપૂર્ણપણે (त्यजेत्) તજવી (एषः) આ (योगः) યોગ અર્થાત્ સમાધિ (समासेन) ટૂંકામાં (परमात्मनः) પરમાત્મસ્વરૂપનો (प्रदीपः) પ્રકાશક દીવો છે.

**ટીકા** : એવી રીતે અર્થાત્ આગળ કહેવામાં આવતા ન્યાયથી, બાહ્ય વચન - અર્થાત્ પુત્ર -સ્ત્રી - ધન - ધાન્યાદિરૂપ બાહ્યાર્થ વાચક શબ્દોને, અશેષપણે એટલે સંપૂર્ણપણે તજીને, પછી અંતરંગ વચનને - અર્થાત્ હું પ્રતિપાદક (ગુરુ), હું પ્રતિપાદ્ય (શિષ્ય), સુખી, દુઃખી, ચેતન, ઇત્યાદિરૂપ અંતર્જલ્પનો પૂર્ણપણે ત્યાગ કરવો. એ બહિર્જલ્પ - અંતર્જલ્પના ત્યાગ - સ્વરૂપ યોગ - અર્થાત્ સ્વરૂપમાં ચિત્તનિરોધલક્ષણ સમાધિ - પ્રદીપ અર્થાત્ સ્વરૂપપ્રકાશક છે. કોનો? પરમાત્માનો. કેવી રીતે? સમાસથી એટલે સંક્ષેપથી શીઘ્રપણે

૧. દ્યોતક - પ્રકાશ કરનાર

તે પરમાત્મસ્વરૂપનો પ્રકાશક છે એવો અર્થ છે.

**ભાવાર્થ :** બાહ્ય વચન - પ્રવૃત્તના વિકલ્પો તેમ જ અંતરંગ વિકલ્પોનો સર્વથા ત્યાગ કરીને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું તે યોગ છે સમાધિ છે. આ યોગ જ પરમાત્માનો પ્રકાશક પ્રદીપ છે.

'સ્ત્રી, પુત્ર, ધન, ધાન્યાદિ મારાં છે' એવો મિથ્યા પ્રલાપ તે બાહ્ય વચન - વ્યાપાર - બહિર્જલ્પ છે અને 'હું સુખી, હું દુ:ખી, હું રંક, હું રાય, હું ગુરુ, હું શિષ્ય' ઈત્યાદિ અંતરંગ વચન - પ્રવૃત્તિ તે અંતર્જલ્પ છે. તે બંને બહિરંગ અને અંતરંગ વચન - પ્રવૃત્તિને છોડી આત્મસ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી તે યોગ અથવા સમાધિ છે. આ યોગ જ પરમાત્મસ્વરૂપને પ્રકાશવા માટે દીપક સમાન છે.

આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે, કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે, તે યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે.

જે સમયે આત્મા આ બાહ્ય - અભ્યંતર સંકલ્પ - વિકલ્પોનો પરિત્યાગ કરે છે તે સમયે તે ઈન્દ્રિયોની પ્રવૃત્તિથી હઠી નિજ સ્વરૂપમાં લીન થઈ જાય છે અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે.

## વિશેષ

'હું સિદ્ધ સમાન છું, હું કેવલજ્ઞાનમય છું, વગેરે' - એવા વિકલ્પો મનમાં કર્યા કરે અને ઉપયોગને શુદ્ધાત્મસ્વરૂપમાં ન જોડે તો તે કલ્પના - જાળ છે. તેમાં જ ફસાઈ રહે તો શુદ્ધ સ્વાત્માનો અનુભવ થાય નહિ, કારણ કે આવું અતંર્જલ્પન આત્માનુભવમાં બાધક છે. જ્યાં સુધી અંતર્જલ્પનરૂપ અંતરંગ પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સવિકલ્પ દશા છે. અતીન્દ્રિય જ્ઞાન - સ્વરૂપમાં ઉપયોગને જોડવા માટે જ્ઞાની સવિકલ્પ દશાનો ત્યાગ કરે છે. નિર્વિકલ્પ દશામાં જ - સમાધિમાં જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. તેથી ગ્રન્થકારે અંતર્જલ્પરૂપ સવિકલ્પ દશાનો પણ પૂર્ણપણે ત્યાગ કરવાનું સૂચવ્યું છે.

'અંતરંગમાં જે વચન - વ્યાપારવાળી અનેક પ્રકારની કલ્પના - જાળ છે તે આત્માને દુ:ખનું મૂલ કારણ છે. તેનો નાશ થતાં હિતકારી પરમ પદની પ્રાપ્તિ થાય છે.[૨]

૨. જુઓ પ્રસ્તુત ગ્રન્થનો શ્લોક ૮૫.

આહાહા! એવી રીતે, **ટીકા** જ લઈએ કારણ કે બબ્બે, ત્રણ, ત્રણ વાર આવ્યું. લખ્યું છે ને એવી રીતે આગળ કહેવામાં આવતાં ન્યાયથી બાહ્ય વચનને પુત્ર, સ્ત્રી, ધનધાન્યાદિ, બાહ્ય, બાહ્યાર્થ વાચક શબ્દોને એમ. શબ્દો આ પુત્રધન એનાથી અશેષપણે એટલે સંપૂર્ણ પણે તજીને, પર તરફને છોડીને પણ એના શબ્દો આ સ્ત્રી, આ કુટુંબ એવા વિકલ્પને છોડી દઈને, આહાહા! પછી અંતરંગ વચનને હું, પ્રતિપાદક ગુરૂ છું. આહાહા! હું એક જગતને સમજાવનારો છું. એવો જે વિકલ્પ છે, સમાધિ છે ને અહિંયા? સમાધિ કહી છે ને? લોગસ્સ નહિ કિયા તમે લોગસ્સ ચોથા સામાયિકમાં લોગસ્સ, ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે, જિણે, રળવાનું કીધું છે. પેલું એ સામાયિકમાં પાઠ આવે છે, પહેલો નમોઅરિહંતાણં. બીજો તિક્ખુતો, ત્રીજો ઈરિયાસમિતિ, ચોથો કાઉસ્સગ, પાંચમો લોગસ્સ સમજાણું? તેમાં સમાહિવરમુત્તમં દિન્તુ એમ કહેવું છે આંહિ તો, એ લોગ્ગસ માં આવે છે. દિગંબરમાંય આવે છે પણ પ્રચલિત નથી. શ્વેતાંબરમાં સામાયિક દરરોજ કરે ને બાહ્યની આ ક્રિયાકાંડમાં એમાં માને કે મેં આ કર્યું, એ સામાયિકે નથી ને પોહાય (પૌષધ) નથી. આહાહા! ભાઈ? તારી ચીજ ને જાણ્યા વિના સમતા નો લાભ ક્યાંથી આવે?

**સમતા** એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર
**સમતા** એટલે કે વીતરાગી પરિણામ
**સમતા** એટલે કે જૈન શાસન
**સમતા** એટલે કે આત્માના અનુભવની દશા.

સમજાણું કાંઈ? એવા પ્રતિપાદય છું. આહાહા! હું એક સમજાવનાર છું અને આ પ્રતિપાદ્ય શિષ્ય તે સમજવાને લાયક છે, એ વિકલ્પ પણ છોડી દે ક્હે છે. સમજાણું કાંઈ?

સુખી દુ:ખી હું પૈસે ટકે, આ કુટુંબે સુખી છું પણ, અણ આબરુ અને અણઆબરુ એ હું દુ:ખી છું વગેરે આહાહા! એવા સુખી દુ:ખી ચેતન ઈત્યાદિ રૂપ અંતર્જલ્પનો હું સુખી છું, દુ:ખી છું એવું ચેતન ઈત્યાદિ રૂપ અંતર્જલ્પનો પૂર્ણપણે ત્યાગ કરવો. આહાહા! એને સમાધિ અને સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય? એ વાત કરે છે.

શબ્દો જે છે બતાવનારા સ્ત્રી કુટુંબ, એને ઈ શબ્દોને છોડી દે. પછી અંતર્જલ્પમાં વિકલ્પ હું બીજાને ઉપદેશ કરી શકું છું, એવો જે વિકલ્પ છે, એને છોડી દે, અને મારા વિકલ્પથી સમજાવવાથી આ શિષ્યો સમજશે, એ પણ વિકલ્પ છે એક. આહાહા!

ભાઈ! એવા બહિર્જલ્પ ને અંતર્જલ્પના ત્યાગ સ્વરૂપ યોગ, રાગ અને વાણીને શરીરના ત્યાગ સ્વરૂપ, યોગ, અંતર સ્વરૂપમાં જોડાણ કરવું, એ યોગ પ્રદીપ યોગ રૂપી દીવો થયો અંદર. આહાહા! સમજાણું કાંઈ? સ્વરૂપમાં સ્થિત નિરોધ, લક્ષણ સમાધિ. જોયું? એ સમાધિ થઈ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. વ્યાધિ - શરીર, ઉપાધિ - આ ધંધા આદિ, આધિ - મન વચનના આ અંદર વિકલ્પો ઊઠે તે, આધિ, વ્યાધિ, ઉપાધિ, ત્રણથી રહિત તે સમાધિ.

એ વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન - ૨૪

## શ્લોક - ૧૭

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૩.૦૧.૭૫**

**अथात्मनो ज्ञप्तावुपायं दर्शयन्नाह**

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः**
**एष योगः समासेन प्रदीपः परमात्मन ।। १७ ।।**

બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો દ્યોતક[1] છે આ યોગ. ૧૭

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૧૭મી ગાથા, સમાધિતંત્ર. સમાધિતંત્ર એટલે આત્મા ને અંતરમાં શાંતિ અને સમાધિ આનંદ આવે એને અહિંયા સમાધિતંત્ર કહે છે. ઝીણી વાત છે. પ્રભુ !

આત્મા છે આ અંદર, એ સચ્ચિદાનંદ સત્, શાશ્વત જ્ઞાનને આનંદનો એ

---

૧. દ્યોતક - પ્રકાશ કરનાર

ભંડાર છે આત્મા. એને પ્રાપ્ત કરવા માટે એનો ઉપાય શું કહે છે. આહાહા ! આ તો ઠેઠની વાત છે અત્યારે તો. ભાવાર્થ છે ને ?

**શ્રોતા :** ટીકાની - બે લીટી બાકી છે.

**ગુરુદેવ :** ટીકાની ? એ તો ઠીક હવે. એ કોનો ? પરમાત્માનો. ત્યાં સુધી આવ્યું'તુંને કેવી રીતે ? સમાસથી એટલે સંક્ષેપથી શીઘ્રપણે તે પરમાત્મસ્વરૂપનો પ્રકાશક છે. એવો અર્થ છે. એ તો આવી ગઈ છે વાત. ભાવ આવી ગયો છે. પ્રદીપ આવી ગયો'તો ને ? સ્વરૂપમાં સ્થિત નિરોધ લક્ષણ સમાધિ તે પ્રદીપ છે. ઝીણી વાત છે જરી.

આત્મામાં પર વસ્તુ મારી છે, એ દૃષ્ટિ પહેલી છૂટી જવી જોઈએ અને આ શરીર પણ આત્માનું નથી, આત્મા તો આનંદસ્વરૂપ, શુદ્ધ, નિરંજન, આનંદકંદ છે, એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવા માટે આહાહા ! ઝીણું છે માળું. ત્યાં કહે છે કે એણે પરને પોતાના માનવા એ તો છોડી દેવું, પણ બાહ્ય વચન પ્રવૃત્તિના વિકલ્પો ઈ ખુલાસો કરશે. તેમ જ અંતરંગ વિકલ્પોમાં સર્વથા ત્યાગ કરી, ચૈતન્ય સ્વરૂપ આત્મા, જ્ઞાન સ્વરૂપ બ્રહ્મ પરમાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા ! એવા ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્ર થવું તે યોગ છે, તે સમાધિ છે, અને એ આ યોગ જ પરમાત્માનો પ્રકાશ પ્રદીપ છે. આહાહા ! આ યોગ પરમાત્મા પોતે ચિદાનંદ સ્વરૂપ છે. એનો આ અંતરમાં એકાગ્રતા એ એને પ્રકાશનો દીવો છે.

ભારે ! કેટલા દેરાસર કરવા ને કેટલા અપવાસ કરવાથી આ પ્રાપ્ત થાય, ભાઈ ! કહે છે એ તો ક્રિયા છે, એનાથી પ્રાપ્ત થાય નહિં. આહાહા ! હવે એનો ખુલાસો કરે છે. વચનને આ સ્ત્રી, પુત્ર, ધન નામ - આ લક્ષ્મી ધૂળ અને ધાન્ય, અનાજ એ મારા છે, એવો મિથ્યા પ્રલાપ બોલવું, આહાહા ! એ બાહ્ય વચન વેપાર છે, આ સ્ત્રી મારી, પુત્ર મારા, પૈસા મારા, લક્ષ્મી મારી, મકાન મારા, નોકર મારા એ બધો બાહ્ય વચનનો પ્રલાપ છે, એના કોઈ છે નહિ, છતાં એ વચન દ્વારા એવું બોલે છે એ છોડી દેવું જોઈએ.

જેને આત્મામાં પ્રભુ આત્મા એનો જેણે મેળ કરવો હોય, આત્મા શાંત અતીન્દ્રિય આનંદમૂર્તિ છે, એને જેણે, સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવો હોય તો એણે આ બહિ:જલ્પ પહેલા છોડી દેવા જોઈએ. આહાહા ! અને હું સુખી છું એવો જે વિકલ્પ એ પણ એણે અંતરમાંથી છોડી દેવો જોઈએ. આ પૈસે, ટકે આબરુ એ હું સુખી છું એવો જે કલ્પના અંદરનો વિકલ્પ એ જૂઠો છે. આહાહા ! હું દુ:ખી છું, નિર્ધનપણું, વાંઢાપણું, વાંઝિયાપણું કંઈ બહારની સગવડતા મને નથી માટે દુ:ખી છું એ પણ એક વિકલ્પ જૂઠો છે. આહા !

હું રંક છું, હું રંક ગરીબ છું ભાઈ ! એ વસ્તુનો વિકલ્પ છે. એ છોડી દે. હું રાજા છું. એ આત્મામાં એવું ક્યાં છે ? હું ગુરુ છું અને હું શિષ્ય છું, એવો અંતરંગમાં

વિકલ્પ વૃત્તિ ઊઠે છે, એને પણ છોડીને અંતરમાં જાય પછી આત્માનું ભાન થાય. આહાહા!

કહો, આ ક્યાં કરવાનું, બહારનું તો ક્યાંય આવ્યું નહિ, શું કરે પણ? શરીર, વાણી, મન જ જ્યાં એના નથી, એ તો પર જડ છે આતો. આહાહા! બહિરજલ્પ અને અંતર્જલ્પનો ત્યાગ તે સ્વરૂપનો યોગ એટલે સમાધિ અને શાંતિનું કારણ છે. સમ્યગ્દર્શન આ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ હું ઈત્યાદિ, અંતરંગ વચન પ્રવૃત્તિ તે અંતર્જલ્પ, અંતર્જલ્પ. હું સુખી છું, દુઃખી છું, આમ છે, તેમ છે એવી અંતરંગમાં વૃત્તિ જે રાગની વિકલ્પની ઊઠે, આહાહા! એ પણ દુઃખરૂપ છે. તે બંન્ને બહિરંગ ને અંતરંગ વચન પ્રવૃત્તિને છોડી આત્મ સ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી, ભગવાન આત્મા આનંદનું ધામ છે ઈ. સહજાત્મ સ્વરૂપ છે. આહાહા! નિરંજન શુદ્ધ નિરાકાર આનંદનો નાથ પ્રભુ છે અંદર. એમાં બહિર અને અંતરંગની વિકલ્પની જાળ છોડીને, આ એની રીત છે. આહાહા !

અંતર ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન અને આનંદની ઝળહળ જ્યોતિ એવો ભગવાન આત્મા આહાહા! એમાં યોગ એટલે સમાધિ લગાવવી. આહાહા ! ભારે વાત ભાઈ! એ ચૈતન્ય સ્વરૂપ આત્મા એમાં જોડાણ કરવું, એકાગ્ર થવું. પરના વિકલ્પની, વૃત્તિને છોડીને ત્યારે એને આત્માનો અંદર સમાધિ, શાંતિ એવો યોગ પ્રગટ થાય. આહાહા!

બહુ આવો મારગ ભાઈ. આટલા વ્રત પાળીએ, દયા પાળીએ કેટલા અપવાસ કરીએ બાપુ એ બધાં વિકલ્પો છે. ભાઈ! તને ખબર નથી. એ વિકલ્પ નામ બધી રાગની લાગણીઓ છે. એ તો છોડ પણ અહીંયા અંતરમાં હું આહાહા! સુખી છું, દુઃખી છું. એવી મનની જાળ મનમાં જોડાયેલા સંકલ્પ વિકલ્પની જાળ. આહાહા! એનાથી પાર પ્રભુ અંદર છે. એમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી તે યોગ.

યોગ એટલે કે અંતરમાં જોડાણ થવું ચૈતન્યમાં, એ સમાધિ, ઓલા અન્યમતિ સમાધિ કહે છે કે હું આમ કરું, ને કપડાં આમ એ જડ છે. આહાહા! અહીંયા તો આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત અંદર સમાધિ છે. ઉપાધિ એટલે આ ધંધાના આદિ, કહો પોપટભાઈ! આ છોકરાને આ બાયડીયું ને આ પરણાવ્યાં પહોંચાડ્યા બધાં હારા થ્યાં. પૈસા અમારે નહોતા ને પ્રગટ થ્યાં ને, એ બધી ઉપાધિ. વ્યાધિ આ શરીરમાં રોગ આદિ વ્યાધિ છે, આધિ અંદર સંકલ્પ વિકલ્પ થવા એ આધિ, એનાથી રહિત થવું એ સમાધિ. લોગસ્સમાં આવે છે, એ તો લોગસ્સમાં નથી આવતું? સમાહિ વર મુત્તમં દિન્તુ. કર્યું છે કે નહિ. લોગસ્સ? (કર્યું પણ યાદ ક્યાં છે ?) એ હવે યાદ રહ્યું છે હજી હવે. પોપટભાઈએ તો કર્યું'તું. લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિથ્થયરે જિણે, એવંમએ, અભિથુઆ, વિહુય રયમલા,

પહિણ જરમરણા, ચઉવિસંપિ જિણવરા. ...

એ તો ન સમજાય ત્યાં સુધી તો એમ જ હોય ને. ભાઈ, આહાહા ! ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ, સત્ નામ શાશ્વત, ચિદ્નામ જ્ઞાન, આનંદ નામ સુખ અંદર ભર્યું છે. એવો સચ્ચિદાનંદ પ્રભુ અંદર એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવો હોય આહાહા ! એને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, હજી તો આ એની વાત છે ભાઈ! તો એણે આ અંતર્જલ્પના વિકલ્પો હું આવો છું, ને તેવો છું, આવો છું ને તેવો છું. આહાહા એમાં શરીરને કાંઈ થતાં ફેરફાર અંદર રહ્યા કરે એ તો મોટી ગરબડ. આહાહા! બાહ્યમાં કાંઈ ફેરફાર થાય, સ્વજન મળે ને જાય, પાંચ પચાસ લાખ આવે ને કોઈ ખૂટી જાય કોઈ ૨,૫,૧૦ લાખ અને સંકલ્પ વિકલ્પ કરે એ તો બહુ સ્થૂળ પાપ એ તો ત્યાગ કર. બાપુ! તારી દૃષ્ટિમાંથી તેને છોડી દે. આહાહા !

તારો ભગવાન અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ આત્મા એને સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એને આત્મા કહે છે કે જે આહાહા ! બહિરજલ્પ પ્રલાપ એ પ્રલાપ છે, કહે છે. આ મારી સ્ત્રી ને મારું મકાન પ્રલાપ, ગાંડો, મૂર્ખ, ગાંડાપણે પ્રલાપ કરે છે. ગાંડા સમજતે હૈ ? પાગલ. સમજાય છે કાંઈ ? ઈ નહોતું આવ્યું ? પ્રલાપ શબ્દ આવ્યો'તો ને ત્યાં હેં ? મિથ્યા પ્રલાપ છે ને ? પહેલી લીટીમાં છે. જૂઠો પ્રલાપ આહાહા ! આ મારી બાયડી, આ મારા છોકરા ને આ મારા આ મારા! અરે એ ધૂળેય નથી કાંઇ સાંભળને માળા આહાહા! એ જે એના નથી એને મારા વાણી દ્વારા પ્રલાપ હેં ? પાગલ આવશે ? આવશે. આંઈ તો નિશાળ બીજી છે ને ભાઈ! જગતથી જુદી જાત છે આ. આહાહા! ભાઈ એ આત્મા અંદર છે, એ શુદ્ધ, ચિદાનંદ, નિરંજન, નિરાકાર, આનંદનો ધામ પ્રભુ છે. આહાહા! એને પ્રાપ્ત કરવા માટે, એને પર પદાર્થ મારા એવી માન્યતા તો છોડ, પણ પર પદાર્થ મારા એવો પ્રલાપ, ભાષા છોડ કહે છે. આહાહા !

આ પૈસા પેદા કરવામાં માલ મહેનત નહિં પડી હોય નહિ પોપટભાઈ, એ તો એમાં કાંઈ મહેનતથી મળતા નથી, મરી જાય તોય, એ તો પૂર્વના પુણ્ય પડ્યા હોય, એ પુણ્ય ને પાક થવાનો, ખરવાનો કાળ આવે, એટલે સોગઠી ગોઠવાઈ જાય ત્યાં ને પછી થાણામાં ને ક્યાં મુંબઈમાં કે પૈસામાં ને પછી ત્યાંથી બે, પાંચ લાખ પેદા થાય, ત્યારે એમ માને કે મેં બહુ વ્યવસ્થાથી, ચતુરાઈથી, વ્યવસ્થિત રીતે કામ કર્યું, એટલે મળ્યા એ હસુભાઈ! આંઈ તો દુનિયાથી જુદી જાત છે ભાઈ આહાહા ! આચાર્યે શાંતિથી વાત કરી છે. કેવી ?

ભગવાન, એ પર વસ્તુ મારી, એવો પ્રલાપ તું કરે તો એ મૂર્ખાઈ છે કહે છે. આહાહા! અને અંતરમાં પણ હું સુખી છું. પૈસાએ, સ્ત્રીએ, કુટુંબે, પરિવારે, મકાને

એવી કલ્પના છોડી દે ભાઈ, એનાથી સુખી નથી. આહાહા! તેમ મને ૨૫ રૂપિયા પેદા કરવા હોય તો મુશ્કેલ પડે છે. હું દુ:ખી છું એ વૃત્તિ છોડી દે ભાઈ આહાહા! એ કલ્પનાની જાળમાં શાંતિ નહિ મળે, એમાં આત્મા નહિ મળે. આહાહા! કો' ગિરધરભાઈ, આત્મા નહિ મળે બાપુ, ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદની ગાંઠડી છે ઈ.

અતીન્દ્રિય સુખનો સાગર આત્મા છે. આહાહા! એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવા માટે. આહાહા! એ સમ્યગ્દર્શન જ યોગ છે. એ બેય જલ્પ છોડી દે અને આ યોગ જ પરમાત્મ સ્વરૂપ અંદર પરમ આત્મસ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમઆનંદનું ધામ, સ્વરૂપ એને પ્રકાશવા માટે દીપક સમાન છે, આ દીવો છે, આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે.

ભગવાન આત્મામાં જોડાણ કરવું ને આવા સંકલ્પ-વિકલ્પને છોડવા એવા ચૈતન્ય ભગવાન શુદ્ધ, આનંદનો નાથ, પ્રભુ એમાં જોડાણ કરવું અંદર એને દીવો કીધો છે. પ્રદીપ કીધોને? પ્રદીપ આહાહા! કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે, દીવો આમ પ્રગટે એ પોતાના સ્વરૂપને પ્રકાશે છે, ઝળહળ ચૈતન્ય દીવો, તેમ યોગ અંતર્જલ્પની વિકલ્પની વૃત્તિઓ અને બાહ્યજલ્પની વાણીના પ્રલાપો આહાહા! છોડી દઈને ભગવાન આત્માના સન્મુખ થતાં જે દશા, સમ્યગ્દર્શન જ્ઞાનની પ્રગટે એને દીવો કહે છે.

આંઈ તો છેલ્લા નંબરની વાત છે. છેલ્લું એટલે આત્મા કેમ પ્રાપ્ત થાય એની વાત છે. આહાહા! આ કર્યું, આ કર્યું, દયાઓ પાળી, વ્રત પાળ્યા, ભગવાનની ભક્તિ કરી ને દેરાસર બનાવ્યા ને પૂજાઉં કરીને એનાથી આત્મા પ્રાપ્ત થાય એમ નથી. આહાહા!

ત્યાં તો તમારે બાર લાખનું મંદિર છે. ઈ વખતે ત્યાં હશે કે નહિ આ? હોય ને ઈ તો હોય ને ન્યાં, મોઢા આગળ હોય એ ન્યાં પણ હશે ને? ઈ હો ઈ એને કારણે થયેલું છે. અને બનાવનારનો ભાવ શુભ હો, રાગની મંદતાનો પુણ્ય હો, ધર્મ નહિ, આહાહા! (શ્રોતા : ધર્મ નહિ તો પછી બનાવવા શું કરવા?) ઈ બનાવે છે કોણ? ઈ તો રજકણને કારણે બની જાય છે. આ રામજીભાઈએ બનાવ્યું છે આ? (વજુભાઈએ બનાવ્યું છે.) ના, લોકો એમ કહે છે કે રામજીભાઈએ બહુ ધ્યાન આપ્યું છે. અહિંયા વજુભાઈ હતા નહિ, કેટલીક વખત, ને રામજીભાઈ સદાય હતાં અહીં. આજે સવારના વાત નીકળી હતી. એ ઈ! સુમનભાઈને મૂકીને અહીં પડ્યા છે ઈ, સુમનભાઈ એને મૂકીને ન્યાં પડ્યા છે. પણ આઠ હજારનો પગાર મહિને મળે. ઈ આંઈ કોણ આપે અહીં. હેં? વર્ષના લાખ રૂપિયા, એક મહિનાનો આઠ હજારનો પગાર વળી અમલદાર થઈ ગયા શું કહેવાય એ? ઓફિસર થઈ ગયા. (મેનેજર) અરે ધૂળમાંય નથી કાંઈ હવે. આહાહા! એ આઠ હજાર

મળવા એ ધૂળ છે અને એ પૂર્વના પુણ્યને લઈને મળે, એ પુણ્ય મારા માનવા એ પણ ભ્રમણા ને મિથ્યાત્વ છે.

ભાઈ, આંહી તો રીત જુદી જાતની છે. આહાહાહા. હેં ? આહાહા ! એઈ મનહર સમજાય છે આ ? ઓલા પૈસા બૈસામાં ક્યાંય ધૂળેય નથી એમ કહે છે. (ઈ તો સારું ધૂળ નથી. સોનું છે.) સોનું શું ? એ ધૂળ છે. સોનું એ પુદ્‌ગલ છે. કસ્તુરી પુદ્‌ગલ, વિષ્ટા પુદ્‌ગલ, સોનું પુદ્‌ગલ, અને હીરા ને માણેકના દાગીના એ પુદ્‌ગલ છે. આહાહા ! ભગવાન તું એમાં નથી, એ તારામાં નથી. એમાં તું નથી. પ્રભુ ! આહાહા ! ભાઈ ! તને તારી પ્રભુતાની ખબર પડી નથી, તું ક્યાં ? કેમ છો ? અને કેમ પ્રાપ્ત થાય ? ભાઈ તેં એની રીત જાણી નથી. આહાહા ! ક્યા માર્ગે જતાં એ મળે ? અને કેવો માર્ગ છોડે એ મળે ? આહાહા ! ભાઈ એમ પ્રભુ કહે છે.

પરમાત્મા, સર્વજ્ઞદેવ, ત્રિલોકનાથ ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન, સર્વજ્ઞપદ હતું એવું પ્રગટ્યું હતું. આહાહા ! આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ સ્વરૂપ છે, સર્વજ્ઞ શક્તિનું તત્ત્વ ઈ છે. આહાહા ! એનું જેણે પર તરફના ભાવનો મારું છે એ ભાવ છોડી દઈ અને એના તરફના વિકલ્પો જે છે, વૃત્તિઓની લાગણી, રાગની આ મારા ને હું તેનો, આ હું. હું શુદ્ધ છું ને બુદ્ધ છું ને સર્વજ્ઞ છું. એવો પણ એક વિકલ્પ જે છે. આહાહા ! એ પણ દુઃખદાયક છે. આકુળતા છે, આવી વાત છે ભાઈ, કહો પોપટભાઈ ! આહાહા ! કારણકે દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે. તેમ, યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે, આહાહા ! હજી વાત જેણે સાંભળી નથી, એને કે'દી વિચારમાં આવે, અને કે'દિ એ વિકલ્પ મૂકીને અંતરમાં જાય.

કહો કાંતિભાઈ ? કાંતિભાઈએ કંઈ બતાવ્યું'તું ને ? પ્લેનમાં પંદરસોનો પગાર હતો, દોઢ હજાર માસિક, પ્લેનમાં પંદરસોનો, બાલબ્રહ્મચારી, લાખોપતિ છે, નોકરી છોડી દીધી. અઢારહજાર બાર મહિને, હવે ધૂળમાં શું છે. હવે (શ્રોતાઃ પહેલા વખાણ કર્યા) વખાણ ? એ તો થોડું બતાવ્યું. લોકોને એમ થાય કે ઓ હો હો ! પ્લેનમાં બેસતા ત્યારે આવતા ત્યાં મુંબઈ. હવે નોકરી છોડીને બે વર્ષથી, પહેલાં ના આવતાં ? સૌની સાથે શીખલોકો હોય છે ને ત્યાંનાં ઓલ્યા હાંકનારા કોણ ?

હેં ? પાઈલોટ એક ફેરે ન્યાં લઈ ગ્યા'તા અંદર કહે ભઇ ખબર છે ? ઈ ઓલા હલાવનારા હતાં. સરદાર અંદર, ઓહોહો ! હાલે ને અંદર શું કહેવાય તમારે પ્લેન, પ્લેન અંદર હલાવે ને બે બે હજાર ત્રણ ત્રણ હજારનો પગારવાળા નહિ ? પાંચ હજારનો પગાર સરદાર હોય ને અંદર હતા ને ? અમે ગ્યા'તાને અંદર જોવા. પ્લેનમાં

અંદર લઈ ગ્યા'તા, અંદર સંચા પાસે. આહાહા! એ સંચો કોણ હલવે કહે છે? (શ્રોતા : જેને આવડે ઈ હલવે) આવડત આવડત પાસે રહી ગઈ, હાલવું હાલવા પાસે રહી ગયું. આહાહા ! ભાઈ એ પરમાણુનો પિંડ છે ઈ પ્લેન, એની જે સમયની જે પર્યાય, ઊંચે આમ ઉડવાની છે ઈ એને કારણે થાય છે, એય પેટ્રોલ ફેટ્રોલ ઈ સુમનભાઈનું ગયું. પેટ્રોલમાં છે ને એ ઓલા શું કહેવાય? એસો (કંપની) હવે તો સરકારે લઈ લીધી પહેલા તો જુદી કંપની હતી ને? હવે થોડું આપે છે ને કંઈ આ? ૨૫ ટકા કાંઈ એવું સાંભળ્યું'તું કો'ક કહેતું તું, પોણોસો ટકા સરકાર લે અને ૨૫ ટકા એને આપે. આહાહા !

અરેરે! હેરાન હેરાનના રસ્તા છે બધાં. અરે આંઈ તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ તારે તને તારું, તને તારું સ્વરૂપ છે. એને પ્રાપ્ત કરવું હોય, એણે તો અંતર ને બહિરના પ્રલાપને અંતર્જલ્પના વિકલ્પો છોડી દેવા પડશે. ત્યારે એ અંતરમાં જતાં એને આનંદની દશા એકાગ્રતામાં પ્રગટ થાય એ એને યોગ અને સમાધિ અને એને દીવો કહે છે કે જે દીવા વડે આત્મા પ્રાપ્ત થાય, આત્મા જણાય. આહાહા! આવી વાતો ભારે. ઓલામાં તો એમ કહે એકેન્દ્રિની દયા પાળો, આમ કરો. આવી વાતું તો કોઈએ સાંભળી ન હોય. એ હસમુખભાઈ! આ તમારા બનેવી ને કહે છે જોબાળિયા છે ને, ઈયેતે શાંતિભાઈ? શાંતિભાઈ બધા જોબાળિયા છે ને આહાહા ! કાલે આવ્યું'તું ત્રણનું તમારું, કાંપનો કાગળ આવ્યો તો કે શાંતિભાઈના ઘરે ઉતારો રાખવો કે ચંપક ડગલીને ન્યાં રાખવો કે રસિકને ન્યાં રાખવો એવો કાગળ આવ્યો'તો ચંદુભાઈ ઉપર. હવે કીધું થાય ઈ થાય ત્યાં. ત્યાં બેઠા હશે ભેગા થઈને કમિટિ મિટિંગ ભરી ચાર'દિ રહેવાના છે ને આહાહા! પ્રભુ તું ક્યાં છો? તું કેમ પ્રાપ્ત થાય? આહાહા!

કહે છે તું તો સત્, શાશ્વત, નિત્ય, ધ્રુવ, આનંદ ને જ્ઞાનનો ગાંઠડો છો! આહાહા! એમાં એને મળવું હોય, પ્રાપ્ત કરવો હોય તો, તો જે વિકલ્પોની લાગણીઓ છે એ આકુળતા છે. આહાહા! એને પણ છોડવું પડશે, આ એની મારગની રીત છે. સમજાણું કાંઈ?

અંતરના મારગમાં જવા એને વિકલ્પની લાગણીઓ વિઘન કરે છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે અંદરમાં આ યોગ, અંદર બિરાજેલો નિજ આત્મા, નિરંજન, શુદ્ધ, ચિદાનંદ, આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે, દરેક આત્મા બિરાજમાન અંદર છે. આહાહા! કહો દિલીપ! હેં? આ તારા બાપા પૈસા ને બધું કરે છે એમાં નથી ક્યાંય સુખ, છોકરો ભાગ્યશાળી છે. આહાહા! કહે છે ભાઈ, વસ્તુ છો કે નહિં તું? છો કે નહિ? છું. શું વસ્તુ છો? કે એમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતાગુણો જેમાં વસેલા છે એ હું વસ્તુ છું. એ વસ્તુને પ્રાપ્ત કરવા માટે પ્રભુ તારો મારગ

આ છે. ભાઈ! આહાહા!

કોઈ કહેકે ભાઈ ભગવાનની ભક્તિ કરતાં ને ગુરુની ભક્તિ કરતાં મળશે તો હરામ મળે તો, કારણકે એ પરદ્રવ્ય તરફના વલણવાળો વિકલ્પ આવે ખરો પણ એ અંતરઆત્માને પ્રાપ્ત કરવા માટે કામનો નથી. (શ્રોતા: તો પછી નજીકનો વિકલ્પ ક્યો હોય?) બિલકુલ નજીકમાં એકેય વિકલ્પ નથી એનો, એ ચેતનજી, આહાહા! અરે, એણે આત્મા અંદર આનંદનો નાથ, જ્ઞાનની જ્યોતિ, ઝળહળ જ્યોતિ બળે છે. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર છે. ચૈતન્યના, ચૈતન્યના જ્ઞાનના પ્રકાશનું નૂરનું પૂર છે ઈ. અરેરે, ક્યાં જોયો એણે? એણે! ક્યાં એને મેળવવાનો પ્રયત્ન કર્યો એણે?

આ બહારના ધમાહા, ધૂળ ધમાહા, ઠો થઈને હાલી જશે બધું. આહાહા! કહે છે, ભગવાન આત્મા નિજ આત્માના સ્વરૂપને એ પુણ્ય ને પાપની ભાવની વૃત્તિઓ છે, વિકલ્પ છે. એનું લક્ષ છોડી દઈને, જ્યાં ચૈતન્ય સ્વરૂપમાં લક્ષ જમાવવું છે, એને અહીંયા યોગ, એને આંહી સમકિત સમાધિ કહે છે. લો ભાઈ એ આવ્યું સમાધિના બોલ, ૧૦ બોલ આવે છે ને ? એમાં સમકિત સમાધિ કીધી છે. સમાધિના દસ બોલ છે ને અંદર બોલતા'તા ઇ શરૂ કર્યું'તું તે દિ' ઈઠ્યોતેર (૭૮) બોટાદમાં ચિત્તસમાધિ હુએ દસ બોલે. દશાંગ સૂત્રમાં આવે છે. ૭૮. કેટલા વર્ષ થયા? ૨૨ ને ૫૨-૫૩ થયા. બોટાદમાં પહેલું મૂક્યું 'તું પણ લોકો કહે આ વળી શું કીધું? કીધું ચિત્ત સમાધિ હુએ દસ બોલે. પહેલી તો સમ્યગ્દર્શન સમાધિ છે. આહાહા! સમજાણું કાંઈ? બોટાદમાં તો સભા મોટી ૩૦૦, ૩૨૫ ઘર હજાર પંદરસો માણસ આવે, અપાસરામાં ન માય, પછી બારીમાં વ્યાખ્યાન હાલતું હોય, બારીની સાંખે, શેરીમાં માણસ બેસતા. આ તો ૧૯૭૯ - ૧૯૭૮ની વાત છે, લોકોનો પ્રેમ બહુ હતોને, નામ પ્રસિદ્ધ હતું ને અમારું એમાંય તે સંપ્રદાયમાં. આહાહા! એમાં કહ્યું શરૂઆત કરી આ કીધું ભાઈ! આત્માને સમાધિ નામ શાંતિ એ પહેલે તો સમ્યગ્દર્શનથી પ્રાપ્ત થાય છે. આહાહા! ચિત્ત સમાધિ હુએ દસ બોલે. એ દશાંગસૂત્ર છે, શ્વેતાંબરનું, ૩૨ સૂત્ર છે ને? ૪૫? એમાં દશાંગસૂત્ર છે એમાં આખું અધ્યયન છે.

લોકોને પણ બહારની પ્રવૃત્તિ ને ક્રિયાકાંડ આડે નવરા ક્યાં ? આ તો આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા ! દયાને દાનને વ્રતને તપને એ તો બધુ વિકલ્પની લાગણી છે, શુભ - ભાવ છે, એ પુણ્ય બંધનું કારણ છે, આત્માને પ્રાપ્ત કરવાનું એ કારણ નથી. આહાહા! એ આંઈ કહે છે. પરમાત્મ સ્વરૂપને પ્રકાશવા માટે દીપક સમાન છે. આચાર્યે યોગને પ્રદીપ કહ્યો એને જેમ દીવો નિશ્ચયથી સ્વરૂપને પ્રકાશે છે તેમ યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપ, જે સમયે આત્મા, જે કાળે આ આત્મા

આ બાહ્ય અભ્યંતર સંકલ્પ વિકલ્પોનો પરિત્યાગ કરે છે, તે જ સમયે તે ઈન્દ્રિયોની પ્રવૃત્તિથી હટી, નિજ સ્વરૂપમાં લીન થઈ જાય છે. આહાહા ! ભારે વાતું. સમજાણું કાંઈ ? અને પોતાના શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ કરે છે. આત્મા આનંદને અતીન્દ્રિય સુખની ગાંગડી છે, એ અંતરમાં એકાગ્ર થાય ત્યારે એનો સ્વાદ લે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ, આ દુનિયાના જે વિષય ભોગના સ્વાદ એ બધા રાગના સ્વાદ, આકુળતાના સ્વાદ. એ મોહનલાલજી આ એલચીના વેપારના વિકલ્પો ને બધા દુઃખોના સ્વાદ એમ કહે છે. એય ઈ તમારા પગારમાં આઠ હજારના ઢીંકણું ને વિકલ્પ આવે ને તે દુઃખરૂપ છે. આહાહા ! આંઈ તો હજી વધારે લેશે. હું સિદ્ધ સમાન છું. આહાહા !

**સિદ્ધ સમાન સદા પદ મેરો.**
**ચેતનરૂપ અનુપ (અરૂપ) અમૂરત.**

બનારસીદાસ, દિગંબરમાં એક બનારસીદાસ કવિ થઈ ગયા. બહુ, પહેલા બહુ કામી હતાં, ભોગી, યુવાન અવસ્થા, વ્યભિચારી બહુ ને બહુ રૂપાળું શરીર એમાંથી એને સત્‌સમાગમ મળ્યું, ને પછી આત્મભાન થયું, પછી બધા એ વ્યાભિચારના પુસ્તકો લખેલા એ ગંગામાં બોળી દીધાં ફોટો આવે છે આમ, ઈ પોતે કહે છે આ,

**''ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધસમાન સદા પદ મેરો**
**મોહ મહાતમ આતમ અંગ, કિયો, પર સંગ મહાતમ ઘેરો.''**

પણ મેં મારા સ્વરૂપના ભાન વિના, પરમાં મોહને લઈને મોહ મહાતમ, પરના મોહનું મને મહાતમ આવ્યું, મોહ મહાતમ આતમ અંગ. આત્માના અંગમાં કેવો ઘેરો ? આહાહા ! કિયો પરસંગ મેં પરનો સંગ કર્યો, રાગનો પુણ્યનો, દયાનો, દાનનો આહાહા ! કિયો પરસંગ આતમ મહાતમ ઘેરો હવે કહે છે.

**જ્ઞાન કળા ઊપજી અબ મોકૂં. કહું ગુણું આગમ આગમ કેરો. જ્ઞાન કળા ઊપજી અબ મોકૂં. કહું ગુણું નાટક આગમ કેરો. જાસુ પ્રસાદ સધૈ શિવ મારગ વેગે મિટૈ ઘટવાસ વસૈરો**
આહાહા !

**ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો**

હું એક ચૈતન્યરૂપ અરૂપી જ્ઞાનમાં ધનનો પિંડ આહાહા !

**ચેતનરૂપ અનુપ અમૂરત;**

અનુપ જેને કોઈ ઉપમા દઈ શકે નહિ, આહાહા ! અને અમૂર્ત જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, અંદર વસ્તુમાં ક્યાં છે ?

**ચેતનરૂપ અનુપ અમૂરત; સિદ્ધ સમાન સદા પદ મેરો.**

સિદ્ધ ભગવાન જે થયા, નમો સિદ્ધાણં. એવું જ મારું સ્વરૂપ છે. આહાહા!

**મોહ મહાતમ આતમ અંગ, કિયો પર સંગ મહાતમ ઘેરૌ.**

પણ પર વસ્તુના મોહ કરી, વિકલ્પ ઉઠાવી અને તમ અંધકારનો ઘેરો મેં ઉત્પન્ન કર્યો. આહાહા! 'જ્ઞાન કળા ઊપજી અબ મોકૂં' હું એક રાગને વિકલ્પ વિનાની ચીજ છું. મારા સ્વરૂપમાં આનંદને જ્ઞાનનું નૂરનું પૂર પડ્યું છે. આહાહા !

**જ્ઞાનકળા ઊપજી અબ મોકૂં કહુ ગુણું નાટક આગમ કેરો.**

એ આગમ સમયસાર નાટકનું હું વર્ણન કરીશ. નાટક તરીકે વર્ણન કરીશ.

**જાસુ પ્રસાદ સધૈ શિવ મારગ.**

અંતરના સ્વરૂપના સાધન દ્વારા રાગને વિકલ્પથી રહિત થઈને અનુભવ દ્વારા સાધે શિવ મારગ, મોક્ષનો મારગ વેગે મીટે, આ શરીરમાં ચમનથી રહેવું, આ હાડકાં ને ચામડાં વેગે મિટે ઘટ વાસ વસેરો, આ શરીરમાં વસવું, છૂટીને એકલો સિદ્ધ થશે. કહો પોપટભાઈ! આંઈ તો કમાણી આ છે? આહાહા!

હું એક સિદ્ધ સમાન છું, જેવો સિદ્ધ પરમાત્મા છે, એવો જ હું છું, પણ એવો વિકલ્પ કરવો, અંદર, વૃત્તિ ઉઠાવવી એ પણ દુઃખરૂપ છે કહે છે. આહાહા સમજાણું કાંઈ ? હું કેવળજ્ઞાનમય છું. એકલો, કેવળ, કેવળ, એકલું જ્ઞાન સ્વરૂપ ચૈતન્યઘન, એવી વૃત્તિ ઉઠવી એ પણ વિકલ્પને રાગ છે ઉઠાવવી, વસ્તુ તો વસ્તુ છે. આહાહા! સમજાણું કાંઈ? વગેરે. એવા વિકલ્પો મનમાં કર્યા કરે, આ મન છે કાંઈ? એના સંગમાં આવા વિકલ્પો કર્યા કરે, હું શુદ્ધ છું. ચૈતન્ય છું અને ઉપયોગને શુદ્ધસ્વરૂપમાં ન જોડે, એ જ્ઞાનના પરિણામને ત્રિકાળમાં ન જોડે. આહાહા! આવી વાતને આવો ધર્મ ભારે ભઈ. આ કઈ જાતનો ધર્મ? બાપુ! એ આત્માનો ધર્મ આ છે. સમજાણું કાંઈ? આહાહા! એવા વિકલ્પો મનમાં કર્યા કરે ને ઉપયોગને શુદ્ધસ્વરૂપમાં ન જોડે તો તે પણ કલ્પનાની જાળ છે, એ પણ એક કલ્પનાની જાળ છે, બાયડી, છોકરાને ધૂળ, ધમાહા તો ક્યાંય રહી ગયા, પણ ઈ ચીજ છે. એમ મનના સંગે, હું સિદ્ધ સ્વરૂપ જેવો છું, કેવળ જ્ઞાનમય છું, દ્રવ્યે સિદ્ધ સમાન, ગુણે કેવળ જ્ઞાનમય શુદ્ધ ચૈતન્ય પૂરણ છું, એવો જે મનના સંગે વૃત્તિ, રાગ ઉઠે છે, એ પણ કલ્પના જાળ છે. આહાહા! તેમાં જ ફસાઈ રહે, હું આવો છું, આવો છું, આવો છું, એ રાગની વૃત્તિ છે, વિકલ્પ છે, એમાં જો ફસાઈ રહે તો શુદ્ધ સ્વભાવ, આત્માનો અનુભવ થાય નહિ. આહાહા!

ભગવાન ચૈતન્ય આનંદ સ્વરૂપ એનો આવા વિકલ્પની જાળમાં કલ્પના જાળમાં રોકાવાથી, અટકવાથી, શુદ્ધ, ચૈતન્યનો અનુભવ ન થાય. આહાહા ! બહુ આકરું. આ ઓલા તો એમ કહે જરી બધા દેશ સેવા કરો તો તમે તરી જશો. જુઓને દેશ સેવા હાટું મરી જાય છે ને ? શું કરે છે ઈ કહેવાય છે ને ? શહિદ. ઘણું સાંભળ્યું છે ને ? આહાહા !

આંઈ તો કહે છે કે દેવ અને ગુરુ પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત થયેલા એની તું સેવા ને ભક્તિ કર, તોય પણ વિકલ્પને રાગ છે કારણ કે પરદ્રવ્ય તરફના વલણવાળી વૃત્તિ છે, એ તો ઠીક પણ, તું જેવો છો, આહાહા ! એવો જે મન દ્વારા વિકલ્પ ઉઠાય, એ કલ્પના જાળ છે. આહાહા ! હેં ? આ લોકોને તીખી લાગે ને ! સોનગઢવાળા કહે માળા નિશ્ચયની વાતું કરે છે. સોનગઢ ! મોહનલાલજી એવું કહેતા'ને લોકો, આહાહા ! બાપુ ! મારગ તો આ છે, હોં. નિશ્ચય એટલે સાચી, વહેવારની એટલે આરોપિત, ઉપચારિત આહા ! એની શ્રદ્ધા તો કરે ઈ.

એના જ્ઞાન ઉપર તો વાત લે કે વસ્તુ તો આ વિકલ્પ વિનાની છે. સમજાણું કાંઈ ? આહાહા ! આત્માનો અનુભવ થાય નહિ, કારણ આવું અંતર્જલ્પન અને આત્મ અનુભવમાં બાધક છે. આહાહા ! હું આવો છું, છે એવો છે, કેવળજ્ઞાનમય છું, સિદ્ધ સ્વરૂપ છું, પવિત્ર છું, આનંદનું ધામ છું, મારું સ્થળ શાંતિની ઉત્પત્તિ કરનારું છે. આહાહા ! એવો જો વિકલ્પની જાળમાં અટકી જાય તો, એની પાછળ પડ્યું છે પ્રભુનું સ્વરૂપ પોતાનું, એને નહિ અનુભવી શકે. આહાહા ! સમ્યગ્દર્શન નહિ પામી શકે એમ કહે છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આ તો હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે ને વ્રતને ને ચારિત્રને સાધુ થઈ ગયા. હેં ? એકડા વિનાના મીંડા છે બધા. આહાહા ! કહે છે ભાઈ ! તારી ચીજ છે ને અંદર ઈ પવિત્ર છે, સિદ્ધ સમાન છે, શુદ્ધ છે, એકલો જ્ઞાનપિંડ છે, પણ એને પણ મન દ્વારા, મનના સંગે એકલી વિકલ્પની કલ્પનામાં જો રોકાઈ જઈશ, અંદર નહિ જવાય. કહો સમજાણું કાંઈ ?

આવું અંતર્જલ્પન આત્માનુભવમાં બાધક છે. આહાહા ! આત્મા આનંદનો અનુભવ કરવામાં આ કલ્પના જાળ બાધક છે. સમજાણું કાંઈ ? જ્યાં સુધી અંતર્જલ્પ રૂપ અંતરંગ પ્રવૃત્તિ છે, જ્યાં સુધી આત્મા કેવળજ્ઞાન સિદ્ધ સમાનાદિ છે, પણ ઈ છે એની કલ્પનાની વૃત્તિમાં જ્યાં સુધી રોકાય છે, આહાહા ! ત્યાં સુધી સવિકલ્પદશા છે, ઈ તો રાગવાળી દશા છે, આત્મા રાગવાળો નથી. આહાહા !

આત્મા નિરંજન, નિરાકાર, વીતરાગ મૂર્તિ છે. ભાઈ ! આવું તે ? સમજાણું કાંઈ ? એનું હોવાપણું ચૈતન્યનું આત્માનું હોવાપણું તો એકદમ પવિત્ર ને શુદ્ધ આનંદકંદ

પ્રભુ છે, એની કહે છે કે મનના સંગે પણ કલ્પનામાં આવો, આવો, આવો એમાં રોકાવું તે અંતર જવામાં વિઘ્નરૂપ છે. આહાહા! એ સાધક નથી. કહો ચેતનજી! એ વિકલ્પ નજીકનો સાધક ખરો કે નહિ ? ભાઈ ! તારા ઘર એવા મોંઘા છે અને, એવા તારા ઘર સરળ છે કે જેને આવા વિકલ્પની જાળની પણ મદદની જરૂર નથી. અરે! એને હવે ક્યાં પહોચવું, હજી બહારમાં સલવાણાં હેં? આ મારા ને આ તારા ને આહાહા!

શરીરમાં જરીક પ્રતિકૂળતા થાય ત્યાં શાતા શીળીયા, શાતા શીળીયા, આહાહા! શાતા શીળીયા સમજાય છે? શાતાને લેવાના સ્વભાવવાળા, અનુકૂળતાને લેવાના ભાવવાળા એને શાતા શીળીયા કહે છે. આહા! જરીક શરીરમાં કાંઈક થાય આહાહા! હવે એવાને આમાં જાવું, નો જઈ શકે, એને આત્માના આવા વિકલ્પમાં જાવું, એ ન જઈ શકે. બહારમાં અટક્યો છે, ઈ આંઈ ક્યાં જાય? આહાહા! અને આવા વિકલ્પમાં અટક્યો એ અંતર અનુભવ કરી શકે નહિ. આહાહા! આવો ધર્મ કેવો પણ આ? જૈન ધર્મ આવો હશે? પણ અમે તો કહે કે ૫૦ વર્ષમાં, કોઈ દિ' ૬૦ વર્ષમાં સાંભળ્યું નથી. લીલોતરી ન ખાવી, રાતે ચોવિહાર કરવો, બ્રહ્મચર્ય પાળવું. એવું સાંભળ્યું' તું બધું હેં? ૬ પરબીએ બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, ચૌદશ, પાખીના એ બ્રહ્મચર્ય પાળવા, ભગવાનના દર્શન કરવા, જાત્રા કરવી, ભાઈ! એ બધા શુભ વિકલ્પની જાત છે બાપા, શુભ રાગની વાત છે. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપમાં ઉપયોગને જોડવા માટે અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન ઈન્દ્રિયથી પાર છે, એવું જે જ્ઞાનનું સ્વરૂપ, એમાં ઉપયોગને જોડવા માટે જ્ઞાનની સવિકલ્પ દશાનો ત્યાગ કરે છે. આહાહા! કેટલો એ પુરુષાર્થ છે? એ પુરુષાર્થની કિંમત કેટલી છે? આહાહા! કે આવા વિકલ્પની લાગણીઓ છે, હું આવો છું ને તેવો છું, એને છોડીને અંતરના અનુભવમાં જાય, આહાહા! એ જ્ઞાની, વિકલ્પદશાનો ત્યાગ કરે છે, ત્યારે નિર્વિકલ્પદશામાં જ, રાગ વિનાની દશામાં જ, એટલે સમાધિમાં જ એટલે, શુદ્ધાત્માનો અનુભવ થાય છે. આહાહા! કહો આવું સ્વરૂપ છે.

તેથી, ગ્રંથકારે અંતર્જલ્પ સવિકલ્પદશાનું પણ પૂરણપણે ત્યાગ કરવાનું સૂચવ્યું છે. છે? અંતરંગમાં જે વચન વેપારવાળી અનેક પ્રકારની કલ્પનાજાળ છે. આહાહા! આ મારું ને તારું એ તો મૂક્યું કહે છે, પણ અંદર સ્વરૂપ છે, એની વિચારણામાં કલ્પના જાળ ઊભી થાય છે. આહાહા! તે આત્માને દુ:ખનું મૂળ કારણ છે. આહાહા! કેમ કે પ્રભુ શાંત, નિર્વિકારી, આનંદ, એમાં આવો વિકલ્પ ઉઠાવે, કે હું શુદ્ધ છું, આવો છું ને તેવો છું. આહાહા! એવી વિકલ્પની જાળ પણ પ્રભુ, એ દુ:ખરૂપ છે, આત્માના આનંદથી એ

ઊંધી દશા છે. આહાહા! કહે છે આ સભા મોટી! સમાજને કઠણ પડે પણ હવે લોકો ઈચ્છે છે સાંભળવાનું હોં. ચારેકોર ઇચ્છે, જુઓને, હમણાં કેટલા કાગળ આવે ચારેકોરથી આંઈ અમારો દિવસ રાખો, આંઈ અમારો દિવસ રાખો.

આહા બાપુ! આ જગતની જંજાળ ને જગતના વહેવારથી આ ચીજ જુદી છે, અરે અંતરનો આત્માનો જ્યાં વિકલ્પ આવો ને તેવો આહાહા! એ પણ મનુષ્યનો વહેવારની જાત છે, એ આત્માની જાત નહિ. આહાહા!

અંતરંગના વચન વેપારવાળી ઈ અંતર વિકલ્પ ઊઠે ને ઈ અંતર વચન વેપાર છે. હું આવો છું, હું આવો છું, આવો છું, તે દૃષ્ટિ આત્માને દુઃખનું મૂળ કારણ છે. આહાહા ! તેનો નાશ થતાં હિતકારી પરમપદની પ્રાપ્તિ થાય છે. ઈ પંચાશીમાં આવશે આગળ, આમાં છે. હવે, વળી અંતરંગ ને બર્હિરંગ વચન-પ્રવૃત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? એ હવે કહે છે. અઢાર - અઢાર

**कुतः पुनर्बहिरन्तर्वाचस्त्यागः कर्तव्य इत्याह -**

**★ यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।**
**जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ।। १८ ।।**

**टीका: रूपं शरीरादिरूपं यद् दश्यते इन्द्रियैः परिच्छिद्यते मया तदचेतनत्वात् उक्तमपि वचनं सर्वथा न जानाति । जानता च समं वचनव्यवहारो युक्तो नान्येनातिप्रसङ्गात् । यच्च जानद् रूपं चेतनमात्मस्वरूपं तन्न दश्यते इन्द्रियैर्न परिच्छिद्यते । यत एवं ततः केन सह ब्रवीम्यहम् ।। १८ ।।**

વળી અંતરંગ અને બહિરંગ વચન-પ્રવૃત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? તે કહે છેઃ-

અન્વયાર્થઃ (मया) મારાવડે (यत् रूपं) જે રૂપ-શરીરાદિરૂપી પદાર્થ (दश्यते) દેખાય છે (तत्) તે-અચેતન પદાર્થ (सर्वथा) સર્વથા (न जानाति) કોઇને જાણતો નથી અને (जानत् रूपं) જે જાણવાવાળો ચૈતન્યરૂપ આત્મા છે તે (न दश्यते) દેખાતો નથી (ततः) તો (अहं) હું (केन) કોની સાથે (ब्रवीमि) બોલું-વાતચીત કરું?

**ટીકા**ઃ રૂપ એટલે શરીરાદિરૂપ જે દેખાય છે અર્થાત્ ઇન્દ્રિયોદ્વારા મારાથી જણાય છે, તે અચેતન (જડ) હોવાથી (મારા) બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી; જે જાણતો હોય (સમજતો હોય) તેની સાથે વચન-વ્યવહાર યોગ્ય છે; બીજાની સાથે (વચન વ્યવહાર) યોગ્ય નથી કારણકે અતિ પ્રસંગ આવે છે, અને જે રૂપ અર્થાત્ ચેતન-આત્મસ્વરૂપ-જાણે

---

**★ जं मया दिस्सदे रूवं ते ण जाणादि सव्वहा ।**
**जाणगं दिस्सदे णे तं तम्हा जंपेमि केण हं ।।२९।। (मोक्षप्राभृते-श्रीकुन्दकुन्दाचार्यः)**

છે તે તો ઇન્દ્રિયોદ્વારા દેખાતું નથી-જણાતું નથી; જો એમ છે તો હું કોની સાથે બોલું?

**ભાવાર્થ:** જે શરીરાદિરૂપી પદાર્થો ઇન્દ્રિયોથી દેખાય છે તે અચેતન હોવાથી બોલેલું વચન સર્વથા જાણતા નથી-સમજતા નથી અને જેનામાં જાણવાની શક્તિ છે તે ચૈતન્યસ્વરૂપ આત્મા અરૂપી હોવાથી ઇન્દ્રિયોદ્વારા દેખાતો નથી; તેથી અંતરાત્મા વિચારે છે કે 'કોઇની સાથે બોલવું યા વચન-વ્યવહારની પ્રવૃત્તિ કરવી તે નિરર્થક છે, કારણ જે પરનું જાણવાવાળું ચૈતન્ય-દ્રવ્ય છે તે તો મને દેખાતું નથી અને ઇન્દ્રિયોદ્વારા જે રૂપી શરીરાદિક જડ પદાર્થો દેખાય છે તે ચેતનારહિત હોવાથી કાંઇપણ જાણતા નથી; તો હું કોની સાથે વાત કરું? કોઇની પણ સાથે વાતચીત કરવાનું બનતું નથી, માટે હવે તો મારે મારા સ્વરૂપમાં રહેવું એ યોગ્ય છે, પરંતુ બોલવાનો વિકલ્પ (રાગ) કરવો તે યોગ્ય નથી'.

આ શ્લોકમાં આચાર્યે વિભાવ-ભાવરૂપ બાહ્ય વિકલ્પ-જાળથી છૂટવા માટે એક ઉત્તમ ઉપાય દર્શાવ્યો છે.

## વિશેષ

કોઇની સાથે બોલવું એ વ્યવહાર કથન છે. નિશ્ચયનયની દૃષ્ટિએ કોઇ જીવ બોલી શક્તો જ નથી. જે વાણી નીકળે છે તે ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલોનું વચનરૂપ પરિણમન છે. તે આત્માનું કાર્ય નથી. તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ (ઇચ્છા) નિમિત્તમાત્ર છે. વિકલ્પ અને વાણી એ બંનેમાં નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે. વિકલ્પના કારણે વાણી નીકળે છે એમ નથી અને વાણી નીકળી એટલે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી, તેથી તે એમ માને છે કે, મેં બોલવાની ઈચ્છા કરી એટલે વાણી નીકળી, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં એ સત્ય નથી. ભાષાવર્ગણાનું વાણીરૂપે પરિણમન તેના કારણે છે, સ્વતંત્ર છે; ઈચ્છાથી તે નિરપેક્ષ છે; છતાં હું બોલું છું એમ માનવામાં તે જીવ અને અજીવ તત્ત્વોની એકતા-બુદ્ધિ કરે છે. આવી ઊંધી માન્યતાને લીધે તેને અનંત સંસારના કારણભૂત અનંતાનુબંધી કષાય થયા વગર રહેતો નથી.

જ્ઞાનીને અસ્થિરતાના કારણે બોલવાનો વિકલ્પ આવે, પણ સ્વભાવની દૃષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે, કારણકે તે જાણે છે કે વિકલ્પ એ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે તેનાથી ભિન્ન છે.

માટે કોઇની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે. આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતારૂપ મૌન સેવે છે તેને જ સાચી વચન-ગુપ્તિ છે. આવી

વચન-ગુપ્તિથી અંતર્બાહ્ય વચન-પ્રવૃત્તિનો સ્વયં નાશ થાય છે. ૧૮

---

આહાહા ! ઈ મોક્ષપ્રાભૃતની પણ આ ગાથા છે. નીચે છે ને ?

**जं मया दिस्सदे रूवं ते ण जाणादि सव्वहा ।**

**जाणगं दिस्सदे णे तं तम्हा जंपेमि केण हं ।।२९।।** **(मोक्षप्राभृते-श्रीकुन्दकुन्दाचार्यः)**

**ટીકા :** રૂપ એટલે શરીરાદિ રૂપ. જે દેખાય છે આ શરીર વાણી આ ધૂળ બધી દેખાય છે. એ ઈન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે તો અચેતન, જડ હોવાથી, મારા બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી. આ શરીર, માટી જડ, વાણી જડ, એને હું કહું તો ઈ મારા વચનને જાણતાં નથી. આહાહા ! ભગવાન અંદર જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, એને તો હું દેખતો નથી. મારા આત્માને પણ એ તો દેખતા નથી ને એ તો વાણી જડ ને દેખે છે. આહાહા !

'યન્મયા' મેં જે ઈન્દ્રિયો દ્વારા મારાથી જણાય તે તો અચેતન જડ હોવાથી મારા બોલેલા વચનને સર્વથા સર્વથા જાણતા નથી. આ જાણે, આ જાણે, આ તો માટી જડ છે. આહાહા ! એમ કહીને હું કોની હારે બોલું હવે ? એમ વચન પ્રવૃત્તિનો ત્યાગ કરાવીને અંદરમાં આહાહા ! સમજાણું કાંઈ ? વચનને પણ સર્વથા જાણતો નથી. જે જાણતો હોય તેની સાથે વચન વહેવાર યોગ્ય છે. જાણતો હોય એની હારે વચન વહેવાર પણ ઓલો શરીર વાણી આ દેખાય એ તો આ જાણતો નથી આહાહા !

બીજાની સાથે વચન વહેવાર યોગ્ય નથી. કારણકે અતિ પ્રસંગ આવે છે. જડની હારે પ્રસંગ તું કર તો જડ તો જાણતા નથી. અતિ પ્રસંગ આવે છે. એમ કહે છે જાણનારો છે ઈ તો અંદર છે, એ તે દેખાતો નથી. આહાહા ! ત્યાં વચનની પ્રવૃત્તિ છોડાવવાનો એક પ્રયોગ છે આ, આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! અને જે રૂપ ચેતનને આત્મ સ્વરૂપ જાણે છે, ચેતન આત્મ સ્વરૂપ જાણે છે તે તો ઈન્દ્રિયો દ્વારા દેખાતું નથી. ઈ આત્મા અંદર છે. આ ઈન્દ્રિયો આંખો દ્વારા તો દેખાતો નથી અને દેખાય છે એ તો જડ છે, કોની હારે હું બોલું એ કહે છે એમ. સમજાણું કાંઈ ?

આવો મારગ ભાઈ ! ઝીણો સુમનભાઈ તો ઈ બોલે છે ને ? ના, બોલે ઈ બીજો, ઈ વાણી, આત્મા બોલે નહિ, બોલે તે આત્મા નહિ. આ ધ્વનિ જડ છે. ભારે કામ, જો એમ છે તો હું કોની સાથે બોલું ? એમ કહે છે. ત્યારે જે આ ઈન્દ્રિયોથી જણાય છે જે ચીજ એ જડ છે અને એ જે અંદર છે એ તો ઈન્દ્રિયથી જણાય નહિં કોની હારે બોલું ? એમ કહી વચનની પ્રવૃત્તિ અટકે છે.

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ. ।।**

# પ્રવચન – ૨૫

## શ્લોક – ૧૮

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૪.૦૧.૭૫**

कुतः पुनर्बहिरन्तर्वाचस्त्यागः कर्तव्य इत्याह -

**यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।**
**जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ।। १८ ।।**

**રૂપ મને દેખાય જે, સમજે નહિં કંઇ વાત;**
**સમજે તે દેખાય નહિં, બોલું કોની સાથ ? ।। ૧૮ ।।**

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

જે અનાદિકાળથી પરવસ્તુને મારી અને હું એનો, એમ બે ની એકતા માનીને પરની પ્રવૃત્તિ મારાથી થાય છે એમ એ અજ્ઞાની માને છે. શરીરની વાણીની આ પરપદાર્થો સ્ત્રી, કુટુંબ, વેપાર ધંધો એ પરપદાર્થ, પરપદાર્થમાં આત્માનું હોવાપણાનો અભાવ છે. જેમાં આત્માના સ્વભાવનું પરમાં હોવાપણું નથી, એનું એ કાંઈ કરી શકતો નથી. એમ માનીને જ્યારે અંતર ઉતરવા માગે છે આત્મામાં ત્યારે કહે છે કે પરવસ્તુ તે હું

નહિં, તે મારી નહિં.

અંદરમાં પુણ્યપાપના ભાવ થાય એ વિકાર છે, વિકલ્પ છે, ઝેર છે. એનાથી પણ હું તો ભિન્ન છું, અને મારું સ્વરૂપ જે આનંદને શાંતિ એમાં એકાગ્ર થવા માટે હું બીજાને સમજાવું એ શી રીતે ? કહે છે વાણી જડ છે. આહાહા ! અને જેને હું સમજાવવા માંગુ એ તો ઈન્દ્રિયદ્વારા શરીરાદિ દેખાય છે. ઈન્દ્રિયદ્વારા શરીરાદિ દેખાય છે એ તો જડ છે, એ જડ તો કાંઈ સમજતાં નથી, અને જે અંદર આત્મા છે એ ઈન્દ્રિયદ્વારા જણાય એવો નથી. મોહનલાલજી, ન્યાય લોજીકથી તો વાત હાલે છે. આહાહા ! તો પછી કહે છે કે ભાવાર્થ છે ને ?

**ભાવાર્થ** ૧૮મી ગાથાનો. જે શરીરાદિ પદાર્થોરૂપી ઈન્દ્રિયોથી દેખાય છે, આ શરીર, વાણી, આ શરીરો સ્ત્રી કુટુંબના, ત્યાં મકાનો એ બધા ઈન્દ્રિયદ્વારા જડપદાર્થનું અસ્તિત્વ ઈન્દ્રિયદ્વારા જણાય છે, તે અચેતન હોવાથી એ તો બધા અચેતન છે આ, બોલેલું વચન સર્વથા જાણતા નથી, શરીર જાણે છે કાંઈ ? શેઠ, આ સમાધિતંત્રનો અધિકાર હાલે છે, ઝીણો છે થોડોક, સમજાણું ? પોપટભાઈ !

જેને આત્માની સમાધિ એટલે કે સમ્યગ્દર્શન. લોગસ્સમાં આવે છે કહ્યું તું ને ? શ્વેતાંબરમાં તો આવે છે, આમાંય આવે છે, લોગસ્સમાં 'સમાહિ વર મુત્તમં દિન્તુ', લોગસ્સના પાઠમાં આવે છે. 'એવંમએ અભિથુઆ, વિહુય રયમળા પહીણ જરમરણા ચઉવીસંપિ જિણવરા' એમ તિત્થયરા આવે છે ને ? તિત્થયરા મેં પસીયંતુ સમાહિ વર મુત્તમં દિન્તુ' ઈ શું છે ઈ ? તમે તો કાંઈ કર્યું નથી સામાયિક, પડિકમણા ને તેથી શું થયું. આહાહા ! આંહિ તો અમે દસ વરસની ઉંમરથી, હવે પંચ્યાસી થયા, પોણોસો વરસથી બધી આ છે. આહાહા ! જેને અર્થની ખબર નથી એને આ શું બોલું છું એની ખબર ન મળે. 'સમાહિ વર મુત્તમં દિન્તુ' એવો શબ્દ આવે છે. હે ભગવાન ! આ તો ઉદ્દેશીને વાત કરે છે, દેતું નથી કોઈ, ભગવાન કાંઈ આપી નથી દેતાં, ભગવાન તો પરવસ્તુ છે, પણ પોતાની જે ઝંખના છે 'સમાહિ વર મુત્તમં દિંન્તુ.' પ્રભુ, ઉત્તમ સમાહિ વર પ્રધાન ફળ મને સમાધિ આપો. આહાહા ! એટલે એના અર્થની ખબર ન હોય તો તો કાંઈ સમજે નહિં.

કહ્યું'તું ને એક ફેરે લીંબડીમાં નાના મોટા અપાસરા છે, આ લીંબડી, લીંબડી. લીંબડી છે ને ? ઝાલાવાડ ઝાલાવાડમાં, ત્યાં એક બાઈ હતી, તે બધા સામાયિક કરેને સામાયિક તો શું કહેવાય ઈ ? ઘડી બેસે બચારાને ખબર કાંઈ ન મળે અને એમાં દશાશ્રીમાળીની બાઈ હતી, વાણિયા બે પ્રકારનાં છે ને ? દશાશ્રીમાળી ને વિશાશ્રીમાળી. તો વિશાશ્રીમાળી સાથે જરી વિરોધ થયો હશે અને બાઈ બેઠી હતી ને એમાં લોગસ્સ

બોલતી હતી, એમાં વિહુય રયમળા આવ્યું, એનો અર્થ એણે એ કર્યો કે વિહા રોઈ મર્યા, અહિયાં સમજતે હૈ ? દો હૈ વાણિયા એક દશાશ્રીમાળી, એક વિશાશ્રીમાળી, એક ઓશવાળ અમારે એ બાજુ ઓછા છે, પણ અહિં વધારે દશાશ્રીમાળી એટલે ઈ કહે વિહા રોઈ મર્યા. ઓલ્યા કહે આપણી તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી ? આપણે અહીં દશાશ્રીમાળી ને વિશાશ્રીમાળી ને મેળ નથી પણ આ પાઠમાં ક્યાંથી આવ્યું આવું ? પોપટભાઈ ! મોઢે તો કર્યુ હશે, અર્થ નહિં. આહાહા !

જુઓ તો ખરા આ શું કહે છે આમાં ? કે આતો એમાં એવું નીકળ્યું કે હે પરમાત્મા, હે સિદ્ધ ભગવાન, વિહુય રયમળા વિ વિશેષે હોઈ હોઇ એટલે ધોઈ, પ્રભુ આપે તો કર્મરૂપી રજને ધોઈ નાંખી છે, કાઢી નાંખી છે, વિહુય - વિશેષે ધોઈ, જેમ પંખણી ધૂળ ચોંટી હોય ને આમ ખંખેરે ને ખરી જાય તેમ આ પરમાત્મા વિહુય વિશેષે ધોઈ કર્મરૂપી રજકણ ઝીણી ધૂળ જે છે, આઠ કરમ, એને આપે ટાળ્યા છે, વિહુય ટાળ્યા છે રય - રજ અને મળ, મળ એટલે શુભ-અશુભભાવ. ભાવ તે મેલ છે, દયા, દાન, વ્રત ભક્તિનાં ભાવ એ શુભ ભાવરૂપી મેલ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના, એ પાપરૂપી મેલ છે, તો એમાં એ આવ્યું કે વિહુય રયમળા.

પ્રભુ, આપે ટાળ્યા છે કર્મરૂપી રજકણને અને શુભ-અશુભ ભાવરૂપી મેલને આપે ટાળ્યા છે, પણ ઈ અર્થની ક્યાં ખબર ? આંહિ તો ગડિયા હાંકે જાવા અને સામાયિક થઈ બે ઘડી, પૂરી થઈને હાલો. શું કીધું ? અરે ભગવાન ! બાપુ, મારગડાં જુદા ભાઈ. આહાહા ! કહે છે કે એવી દેહની ક્રિયાઓને અંદરમાં શુભરાગ થાય, એનાથી પણ આત્મા તો જુદી ચીજ છે, કેમકે શુભરાગ છે એ આશ્રવ છે, નવ તત્વ છે ને ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધને મોક્ષ. તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઉઠે છે એ પુણ્યઆશ્રવ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ - વાસના એ ભાવ છે એ પાપ આશ્રવ છે, પણ બેય છે આશ્રવ. આશ્રવ એટલે વહાણમાં જેમ છિદ્ર પડયું હોય અને નદીમાં મૂકો તો પાણી અંદર ગરકે, એમ એ પુણ્ય - પાપના ભાવ તે આશ્રવરૂપી છિદ્ર છે, એનાથી નવા કર્મ આવે છે, ધર્મ નહિં. આહાહા ! તો કહે છે કે એવા પુણ્ય - પાપના ભાવ આશ્રવ છે અને શરીરાદિ આ જડ માટી છે અજીવ છે, એનાથી હું જુદો છું એમ મેં જાણ્યું છે. સમજાણું કાંઈ ? પણ હવે મારે અંતરમાં ઉતરવા માટે આ જેને હું દેખું છું એ તો જડ છે, હું કોની હારે બોલું ? જડ તો સમજતા નથી. ઈ આવ્યું ને ?

અચેતન હોવાથી બોલેલું વચન સર્વથા જાણતાં નથી. આ કથા નથી કે ઝટ એક શબ્દમાં સમજાઇ જાય, ભાવકથા ધર્મ પ્રભુની કથા છે. ત્રિલોકનાથ વીતરાગ,

સર્વજ્ઞપરમેશ્વર તીર્થંકરદેવ એની વાણીમાં આત્માને સમ્યગ્દર્શન એટલે સમાધિ, સમ્યગ્દર્શન એટલે ચિત્ત સમાધિ હુએ દસ બોલે, આત્માને શાંતિ વળે, ધર્મ થાય એનું નામ ધર્મ. રાગથી ભિન્ન અને હું આનંદ ને જ્ઞાનના સ્વભાવથી અભિન્ન એવી અંતરમાં દ્રષ્ટિ થવી એને અંતરમાં સમાધિ નામ શાંતિ થાય એને આનંદનાં સ્વભાવના સુખનું વેદન થાય. આહાહા!

અતીન્દ્રિય સુખ એ સમાહિ. અતીન્દ્રિય આત્માનો જે આનંદ, આત્મા અતીન્દ્રિયઆનંદ અને અતીન્દ્રિયજ્ઞાનથી ભર્યો પડયો પૂરું તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ છે આત્મા. એમાં અનંત, બેહદ જ્ઞાન, બેહદ આનંદ, અનંતશાંતિ એટલે ચારિત્ર. વીતરાગતા ને સ્વચ્છતા ને પ્રભુતા એવી અનંત શક્તિઓની મર્યાદા વિનાના સામર્થ્યવાળી શક્તિનો એ ભંડાર છે. આહાહા! ભાઈ ઓલાને ભંડારી કહો છો ને તમે તમારા મિત્રને કેવા? ભભૂતલાલ એ ભંડારી છે ને? એનો અર્થ ભંડારી છે ને? ભંડારી એ ભંડારા, ફંડારા નહિં. આ ભંડાર છે આહાહા! કહે છે પ્રભુ, એકવાર સાંભળને પ્રભુ. તારી ચીજમાં તો વસ્તુ છે ને? અસ્તિ છે ને? હયાતિવાળો પદાર્થ છે ને? તો હયાતિવાળા પદાર્થમાં છે શું? એમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આહાહા! એવી એવી અનંત શક્તિ ગુણ સત્ત્વ સ્વભાવ ભરેલો પદાર્થ છે. આહાહા! એને મારે અનુભવવો છે હવે કહેછે એટલે અનુભવને માટે હું પરની હારે બોલવા જાઉં તો વિકલ્પ ઉઠે એમ કહે છે. આહાહા! અને તે જેને હું સમજાવવા માંગુ છું એ તો મને ઈન્દ્રિયોદ્વારા જડ દેખાય છે એ તો કાંઈ સમજતાં નથી ઈ કહે છે જોયું? સર્વથા જાણતાં નથી. સમજતાં નથી અને જેનામાં જાણવાની શક્તિ છે, અંદર જાણવાની જેની શક્તિ છે. આહાહા! જેની ભૂમિકામાં જાણવાનો સ્વભાવ છે એવો જે આ ભગવાન આત્મા. આહાહા! એ જાણવાના સ્વભાવવાળી શક્તિથી ચેતન સ્વરૂપ આત્મા અરૂપી હોવાથી એ તો અરૂપી છે. ભગવાન આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી આહાહા! એ ઈન્દ્રિયોદ્વારા દેખાતો નથી. આહાહા! આ ઈન્દ્રિયોદ્વારા જણાય, એની ઈન્દ્રિયો દ્વારા તો આ જડને રૂપી દેહ જણાય. આહાહા! તેથી અંતરાત્મા વિચારે છે, અંતરાત્મા. આહાહા!

હું શુધ્ધ, આનંદધન ,અતીન્દ્રિય આનંદની મૂર્તિ છું. આહાહા! હું એ પુણ્યને પાપના વિકલ્પો, રાગ અને શરીરાદિ મારામાં નથી. જે મારામાં આ છે એમ માને એ બહિરાત્મા છે. બહિરાત્મા એટલે? જે આત્મામાં નથી એવી જે પુણ્ય ને પાપની વૃત્તિઓ અને શરીર એ બહિર છે અને બહિર છે એ મારા છે એ માનનાર ને બહિરાત્મા મિથ્યાદ્રષ્ટિ મૂંઢ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ક્યાં ગયું? હેં?

અહિં ત્રણ પ્રકારની વ્યાખ્યા આવી છે ને? એમાં આ અંતરાત્માની વાત

ચાલે છે. આત્માની ત્રણ દશા હોય છે. એક બહિરઆત્મદશા, એક અંતરઆત્મદશા, એક પરમાત્મદશા. બહિરઆત્મદશા એટલે શું ? કે જે પ્રભુ, આત્મા આનંદ ને જ્ઞાનના સ્વભાવથી છલોછલ સ્વભાવથી ભર્યો છે, એને પોતાનું ન માનતાં, એનામાંથી નીકળી જાય એવા પુણ્યને પાપભાવ અને એનાથી વેગળા શરીર, વાણી ને કર્મ એ પર ચીજ બહિર છે, આત્માના સ્વભાવમાં નથી તે બહિર ચીજને મારી માને તે બહિરાત્મા કહેવામાં આવે છે, એ મિથ્યાદ્રષ્ટિ મૂઢ. આહાહા ! સમજાણું કાંઈ ? બહિર જે ચૈતન્યના સ્વભાવમાં નથી, શરીર, વાણી, કર્મ આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેહ અને પુણ્ય - પાપના ભાવ એ સ્વભાવમાં નથી, એ સ્વભાવ પોતાનો સ્વ પોતાનો ભાવ, આનંદ ને જ્ઞાનનો ભાવ એમાં એ પુણ્ય ને પાપને, શરીર, વાણી, મન નથી, સ્ત્રી, કુટુંબ એમાં નથી, એ નથી એમાં એને પોતાના માને એ બહિરઆત્મા, મિથ્યાદ્રષ્ટિ, મૂરખ આત્મા છે. ક્યાં ગયા બધા તારા ? આવ્યા કે નહિં ? બધા આવી ગયા, મોડું થયું થોડું, કહો સમજાણું કાંઈ ? આહાહા !

અંતરાત્મા હવે, બહિરાત્માની વ્યાખ્યા કરી. અંતરઆત્મા એટલે સમ્યક્દ્રષ્ટિ જીવ એટલે ધર્મની પહેલી સીઢીવાળો, ધર્મની પહેલી શ્રેણીવાળો. ઈ શું માને ? શું જાણે ? કે હું તો પુણ્યને પાપના વિકલ્પથી ભિન્ન છું, કેમકે પુણ્યને પાપની બે વૃત્તિઓ છે એ આશ્રવ છે, મારું તત્ત્વ તો જ્ઞાયક, આનંદને શુધ્ધ છે, માટે હું એ આશ્રવ તત્ત્વથી ભિન્ન છું. અને શરીર, વાણી તો અજીવ છે, એનાથી તો ભિન્ન છું જ. આહાહા ! સમજાણું કાંઈ ? આરે આવી વાતું ધર્મ કથા. એમાં કાંઈ કરો. આ કરો, વ્રત કરો, અપ્પાસ કરો, જાત્રા કરો, ઈ તો સમજાય, શું સમજવું છે એમાં હવે ? અનાદિકાળનું અજ્ઞાની એ માન્યું છે કે હું આહારને છોડું, તે આહાર તેં ગ્રહ્યો છે તે છોડે ? આહાર તો જડ ચીજ, અસ્તિ એ તો જડનું હોવાપણું છે, ઈ જડના હોવાપણામાં, તારો તો અભાવ છે અને તારામાં એ જડનો અભાવ છે, તો પછી જડને છોડું એ ક્યાંથી આવ્યું ? આહાહા !

અજ્ઞાની એમ માને છે કે આ જડ છે, આહાર આ છોડું છું, આ રસ છોડું છું એવી પરચીજ જે અસ્તિત્વ ધરાવે છે એને કારણે, એ આમાં નથી, છતાં આને છોડું છું એ એનો ધણી થાય છે એ મિથ્યાદ્રષ્ટિ છે એમ કહે છે. આહાહા ! ત્યારે અંતરઆત્મા એ ચીજ જાય અને આવે એ એને કારણે છે મારે કારણે નહિં. મારામાં જે કાંઈ પુણ્યને પાપના વિકલ્પની વૃત્તિઓ થાય તે ચીજ મારું સ્વરૂપ જે શુધ્ધ ચૈતન્યઘન છે એમાં એ નથી, તેથી તે હું નથી. એમાં ઓલું નથી તેથી તે હું નથી. આહાહા ! ભારે આકરી વાત. પોપટભાઈ ! આ બધાં ૬ છોકરાં ને આ પૈસા ને એ તમારા નહિ ? એનામાં છે. આહાહા !

અંતરાત્મા એટલે પહેલા બહિરાત્માની વાત કરી. અંતરાત્મા, અંતર

અંદરમાં જે વસ્તુ છે જે પુણ્ય ને પાપના રાગ વિનાની ચીજ છે એને એ પોતાની અનુભવે અને માને છે છતાં હજી અસ્થિરતાના એને રાગ - દ્વેષના ભાવ છે તેથી તેને પરમાત્મા ન કહેતાં તેને અંતરઆત્મા કહેવામાં આવે છે, અને પરમાત્મા ? અરિહંત અને સિદ્ધ પરમાત્મા. એ તો પૂરણ આનંદ અને પૂરણજ્ઞાનની દશાને પ્રાપ્ત થયા એને હવે અસ્થિરતાના રાગ - દ્વેષે નથી અને અપૂર્ણતા પણ નથી, એવી પૂર્ણ દશાને પ્રાપ્ત થાય તેને પરમાત્મા કહેવામાં આવે છે.

કોઈ જગતનો કર્તા છે, માટે પરમાત્મા છે એમ નથી. સમજાણું કાંઈ ? પોતાનું પરમ સ્વરૂપ જ્ઞાનને, શાંતિને, આનંદથી, શાંતિ શબ્દે ચારિત્ર વીતરાગતા, આનંદ શબ્દે સુખ એનાથી પૂરણ ભર્યો છું એવી પ્રતીતિ અને અનુભવ થયો એ અંતરાત્મા, પણ પરમાત્માને તો તે પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે, અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન સમજાણું કાંઈ ? અરિહંત ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, સીમંધર ભગવાન વર્તમાનમાં બિરાજે છે મહાવિદેહમાં અરિહંતપદે, છે એને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે અને શરીર રહિત થઈ જશે ત્યારે સિદ્ધ થશે.

આ ચોવીસ તીર્થંકરો છે એ તો શરીર રહિત થઈ અને સિદ્ધ થયા છે અત્યારે, અત્યારે અરિહંત નથી, નમો સિદ્ધાણંમાં એ છે, અને સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, એ નમો અરિહંતાણંમાં છે, એ પરમાત્મપદને પામેલા છે. આહાહા ! એ પોતાનું જે પરમસ્વરૂપ હતું શક્તિરૂપે, એને વ્યક્તરૂપે પ્રગટ કરીને પૂર્ણાનંદની દશા અને પૂરણજ્ઞાનને પ્રાપ્ત થાય એને પરમાત્મા કહે છે. એમાંથી આ અંતરઆત્માની વાત છે હવે. હેં ? જેણે ભગવાનઆત્મા પૂર્ણાનંદનોનાથ મારી ભૂમિકામાં મારા હોવાપણામાં મારી સત્તામાં પૂરણજ્ઞાન પૂરણ શાંતિથી ભરેલી મારી સત્તા છે. હું એ પુણ્યપાપની દયા, દાન, વ્રત કે ભક્તિના વિકલ્પ જે ઉઠે છે એનાથી હું ભિન્ન છું. આહાહા !

એમ જેણે આત્માને રાગથી ભિન્ન કરીને આત્માના સત્તાના શુધ્ધ સ્વભાવને અનુભવ્યો અને જાણ્યો છે એને અંતરઆત્મા ધર્મી કહેવામાં આવે છે. આહાહા ! એ અંતરઆત્મા વિચારે છે. છે ? કે કોની સાથે બોલું ? આહાહા ! કોઈની સાથે બોલવું કે વચન વહેવારની પ્રવૃત્તિ કરવી તે તો નિરર્થક છે. કહો. આહાહા ! હવે એમાં ધંધા વેપારની તો ક્યાં વાતું રહી. એ તો એને કારણે પરમાણુઓ અજીવ તત્ત્વ છે. પૈસો, દાણો, મકાન એ એને કારણે આવે, એને કારણે જાય અને એને કારણે ટકે એમાં આત્માનો કાંઈ અધિકાર નથી. આહાહા ! એમ અંતરઆત્મા પોતાના સ્વરૂપને જ્ઞાતા દૃષ્ટાના ભાવથી અનુભવતો એમ વિચારે છે. આ તો બોલવુંય બંધ કરીને, ધ્યાનમાં જાવું માટે કહે છે.

આહાહા ! કે જે પરનું, તેથી અંતરઆત્મા વિચારે છે કે વચન વહેવારની પ્રવૃત્તિ કરવી એ નિરર્થક છે.

હજી એનો ખુલાસો આવશે હોં. કારણકે જે પરનું જાણવાવાળું ચૈતન્ય દ્રવ્ય છે તે તો મને દેખાતું નથી. આહાહા ! બાપુ આ તો મારગ અંતરનાં છે. એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનાં આ મારગ હોય એવો મારગ બીજે ક્યાંય ત્રણકાળમાં ક્યાંય ન હોય. આહાહા ! કહે છે અને ઈન્દ્રિયોદ્વારા જે રૂપી શરીરાદિ જડ પદાર્થ દેખાય છે તે ચેતના રહિત હોવાથી, એમાં ચેતના નથી આમાં જડમાં, ચેતનાવાળો તો આત્મા ભિન્ન છે. આ તો જડ છે, માટી છે, વાણી જડ માટી છે. આહાહા ! કાંઈ પણ જાણતા નથી. ચેતના વિનાના આ હોવાથી જાણતા નથી તો હું કોની સાથે વાત કરું ? મૌનવ્રત થઈને ધ્યાનમાં રહેવાની આ એક કળા છે. આહાહા ! કહો ભાઈ હવે આવી વાતું. જાડી ને એમાં હવે પણ ત્યાં રૂપિયા મળે ને ? રૂપિયા મળે છે ? મમતા મળે. ઈ પૈસા તો અહિં ક્યાં ગરી ગ્યા ? પૈસા એ મારા એવી મમતા એને મળે છે, માને છે કે મને પૈસા મળ્યા ઊંધુ માને છે. આહાહા !

ધર્મી જીવ ભગવાનઆત્મા ચૈતન્યના હોવાપણાથી ભરેલો તે હું કોની સાથે બોલું ? પછી આવશે કે બોલવું એ કાંઈ આત્માની ક્રિયા નથી પણ ઓલો વિકલ્પ છે ને એને તોડવા માટે વાત છે. આહાહા ! હું બોલતાં એને સમજાવતાં સામી ચીજ તો જડ છે ઈ તો નહિં સમજે કાંઈ, અને અંદરમાં ચેતન છે એ તો દેખાતો નથી, ત્યારે હું કોની હારે બોલું ? આહાહા ! ત્યારે કોઈ એમાં પ્રશ્ન કરે કે આવું બોલે ને વળી વાતું પાછી બોલવાની કરે, આ સંપ્રદાયમાં પ્રશ્ન ચાલતાં.

બાપુ, ઉપદેશની શૈલી આવે ત્યારે એવી આવે સમજાણું કાંઈ ? પણ છતાં એનો નિર્ધાર એ છે કે બોલવું એ મારી ક્રિયા નથી અને બોલવું એ મારું નિરર્થક જાય છે. જડ જાણે નહિં અને ચેતન જાણે તે દેખાય નહિં. આહાહા ! માળો આવો ઉપદેશ ! હું કોની સાથે વાત કરું ? કોઈની પણ સાથે વાતચીત કરવાનું બનતું નથી. માટે હવે તો મારે મારા સ્વરૂપમાં રહેવું એ યોગ્ય છે. બોલવાની ભાષા પણ મારી નહિં અને વિકલ્પ ઉઠે કે બોલું એ વિકલ્પ પણ મારી ચીજ નહિં. આહાહા ! સમ્યગ્દ્રષ્ટિ જીવ, અંતરઆત્મા જીવ આમ જાણે ને આમ માને છે. સમજાણું કાંઈ ? આરે.

આ એક જણો આવતો ભાઈ, અમારે અમે સહેલો ધર્મ માનતાં ને તમે કરી નાંખ્યો મોંઘો. એક જણો એવો આવ્યો. બાપુ ધર્મ તો છે એ છે ભાઈ, તને ધર્મની ખબર નથી, એ ભગવાનની પૂજા કરીને, જાત્રા કરીને થઈ ગ્યો ધર્મ. ભાઈ એમ નથી બાપુ. એ પૂજા જાત્રામાં જે દેહની ક્રિયા એ તો જડની છે, એમાં બહુમાનનો ભાવ આવે તો

શુભરાગ પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે મારે બીજા હારે બોલવાનો વિકલ્પ કરવો તે યોગ્ય નથી. આંહી હજુ લાવવું છે, બોલવાનો વિકલ્પ ઉઠે છે એ રાગ છે. આહાહા! કેવળી પરમાત્મા જે વાણી આવે એને રાગ નથી. ભગવાન જે અરિહંત પરમાત્મા એને તો વીતરાગ થયા પછી કેવળજ્ઞાન થાય અને એને વાણી નીકળવાનો એને રાગ ન હોય. વાણી સ્વતંત્ર નીકળે છે. કેવળીને એમ નથી કે આને હું સમજાવું, માટે બોલું એવું છે એને? એ તો જડ, જડની ભાષા છે એને કારણે નીકળે છે પોતે.

કેવળી પોતે જાણે છે કે આ કાળે વાણી નીકળશે, આ કાળે આ માણસને સમજણ પડશે એને કારણે, એ બધું જાણે છે. આહાહા! પણ છદ્‌મસ્થને હજી પૂરણ દશા પ્રાપ્ત થઈ નથી તેથી તેને બોલવાનો જે વિકલ્પ આવે એ હું શું કરવા આમ કરું છું? કારણકે એમાં મને લાભ નથી, એમ એને લાભ નથી. ઓલો અંદર ન જણાય એને આત્મા હું કરવા માંગુ છું એ જણાતો નથી. આહાહા! મારગ ભારે ભાઈ આવો. આહાહા! આ શ્લોકમાં આચાર્ય ને વિભાવભાવરૂપ બાહ્ય વિકલ્પ જાળથી છૂટવા માટે. શું કીધું ઈ? એ વિભાવ છે. હું બીજાને સમજાવું એવી જે વૃત્તિ ઉઠે છે ને એ વિકલ્પ છે, વિભાવ છે, રાગ છે, દુઃખ છે. આહાહા! ભાઈ વીંછી કરડે, સર્પ કરડે તો દુઃખ થાય, છોકરો મરી જાય બે વરસના લગ્નવાળો પરણીને તરત તો દુઃખ થાય. આ દુઃખ ક્યાંથી આવ્યું? કહે છે. ભાઈ તને ખબર નથી એ વિકલ્પ ઉઠે સમજાવવાનો, એ રાગ છે, એ આકુળતા છે. આહાહા! એ દુઃખ છે, ધીમેથી સમજવાની ચીજ છે બાપુ આ તો. આહાહા!

કહે છે આ શ્લોકમાં આચાર્યે વિભાવભાવ એ વિકલ્પ ઉઠે છે. સમજાવવાનો એ વિભાવભાવ છે, એ સ્વભાવભાવ નથી. આહાહા! ચૈતન્યના સ્વભાવમાં જ્ઞાતાદ્રષ્ટા અને આનંદ સ્વરૂપ, એનાથી એ વૃત્તિ વિકલ્પ ઉઠે એ તો આનંદથી ઉલટી દશાવાળો દુઃખરૂપ ભાવ છે. એને વિકલ્પજાળ થી છૂટવા માટે શિષ્યને ઉપાય બતાવ્યો છે.

## વિશેષ

કોઈની સાથે બોલવું એ વહેવારનું કથન છે. હવે ખુલાસો કરે છે. નિશ્ચયનયથી નયની દ્રષ્ટિએ કોઈ જીવ બોલી શક્તો નથી, વાણી આત્મા કરી શક્તો નથી. આહાહા! કેમકે વાણીનો ધ્વનિ એ જડની દશા છે, ભાષાનો ધ્વનિ છે એ, એ ભાષાનો ધ્વનિ આત્મા કરી ન શકે. આરે આ ભારે વાત. આ મોટા મોટા પથરા તોડે, ડુંગરા તોડેને રેલું કાઢે હેઠેથી, નથી નીકળતી રેલું, રસ્તામાં આવે છે ને? ક્યાંક આવે છે ઉપર શું નામ છે? એ બધું કર્યું છે કોણે? માણસે કર્યું છે કે નહિં? હેં? ધૂળેય કર્યું નથી. એ તો જડની અવસ્થા ભગવાન તને ખબર નથી. ભાઈ, ઈ જડના રજકણોની અવસ્થાનો તે

પ્રકારનો કાળ છે, તેથી તે રજકાણની અવસ્થા તે ક્ષણે એમ ઉપજી છે. આહાહા! આવું ભારે ભાઈ આ તો, દુનિયાથી તો વિરુધ્ધ છે બધું. કહો મોહનલાલજી આ એલચીની કોથળીયું લાવે ક્યાંથી? મુંબઈની બહારથી લાવે ક્યાંથી? ઓલામાં, ગોદામમાં આત્મા લાવે કે નહિં? કહે છે કે આ બોલવું છે ને બોલવું? અવાજ છે ને? આ રેકોર્ડમાં ઉતરે છે ને? તે આત્મા ઉતરે એમાં? આ તો જડ છે. આહાહા! જડનો જે ધ્વનિ એ આત્મા બોલે એમ કહેવું એ વહેવારનું કથન છે.

નિશ્ચયનયથી, નિશ્ચયનયની દ્રષ્ટિએ, સાચી દ્રષ્ટિથી નિશ્ચય એટલે સાચી દ્રષ્ટિ, કોઈ જીવ બોલી શક્તોજ નથી. આહાહા! કહો મેં આને એક કલાક ધોધમાર સમજાવ્યો ભાષણ આપ્યું. ભગવાન શાંત થાને, એ ભાષાની પર્યાય તો જડની છે ને! હેં? આહાહા! એ આ પરમાણુની દશા છે ભાઈ. તું તો જ્ઞાતા દ્રષ્ટાના સ્વભાવવાળું તત્ત્વ, એ ભાષાની પર્યાયમાં ક્યાં તે તું છે? બહુ ઝીણું કામ. જે વાણી નીકળે છે તે ભાષા વર્ગણારૂપ પુદ્‌ગલોનું વચનરૂપ પરિણમન છે. આહાહા! વચન વર્ગણા, વર્ગણા એટલે સમૂહ, ભાષાના પરમાણુનો સમૂહ, એમાંથી ભાષા ઉઠે છે, આત્માથી નહિં, આત્મા તો અરૂપી છે, ભાષા તો રૂપી છે. આહાહા!

ક્યાં એને મિથ્યાશલ્ય લાગે છે એની એને ખબર નથી. ભાષા હું કરું, બરાબર ભાષા બોલું, એક કલાક ભાષણને, ત્રુટક પડયા વિના ભાષા બોલું, અરે ભગવાન સુન તો સહિ પ્રભુ. ભાષા તો જડ છે, પરમાણુની દશા છે અજીવ રજકણની એ પર્યાય છે. આહાહા! એને આત્મા કરી શકે? કે આવો આત્મા પાંગળો? ભાઈ, પરને માટે પાંગળો છે, પરને નહિં કરવા માટે પાંગળો છે. પોતાના સ્વરૂપની રચના કરીને સ્થિર થવાને માટે પુરુષાર્થી છે. આહાહા! જગતથી બહુ ઊંધુ વિરુદ્ધ હોં? હેં. આહાહા! તે આત્માનું કાર્ય નથી. ભાષાની દશા છે એ તો અજીવ રજકણની દશા છે, અજીવની દશા એ આત્માનું કાર્ય નથી. આવું સાંભળ્યુંય નહિં હોય ભાઈ, મોહનલાલજી. એક તો ધંધામાં ઘૂંચાયેલા, ધંધામાંથી ઘૂંચીને, જ્યાં સાંભળવા જાય ત્યાં આમ કરો, આમ કરો, આમ કરો. પરની દયાઉં પાળો.

આંહિ કહે છે કે પરની દયા આત્મા પાળી શકતો નથી, કેમકે પરના જીવને શરીરના સંયોગે રહેવું એ એના પર્યાયને કારણે છે, તું એનો વિકલ્પ કર્યો માટે દયા પળે ન્યાં, પરદ્રવ્યની અવસ્થાનું અસ્તિત્વ તારા લઈને રહે. ભારે આકરી વાતું બાપા! આ તો બધું ઉડાવીને અંતરમાં. આહાહા! કહે છે એ કાર્ય મારું નથી. ધર્મી સમ્યગ્દ્રષ્ટિ અંતરઆત્મા જ્ઞાનસ્વરૂપે બિરાજમાન એના ભાનવાળો એમ જાણે ને માને છે કે રજકણની,

ભાષાની આ ધ્વનિ ઉઠે છે એ કાર્ય મારું નથી. કહો પછી આ શું તમારા તેલમાં સુધારાને કરોને, આ બધી કરે ને સુમનભાઈ કરે છે એમ લોકો કહે છે. એસોમાં શું કહેવાય ઈ? (રીફાઈનરી) હેં? શું કહેવાય ઇ આઠ હજારનો પગાર મફત આપતા હશે કાંઈ? એમને એમ કાંઈ કરતા હશે ત્યારે ને? આઠ હજારનો પગાર મળે છે આને મહિનાનો શેમાં ઈ તમારે શું કહેવાય? એસો. એસો ને ઉડતો ઘોડો. ઈ હતું હવે તો નહોતું કહે છે આ તો પહેલાનું જાણ્યાની વાત કરી. એસો ની કંપની છે ને? એને હવે તો સરકારે લઈ લીધી. એસોની કંપની પણ એમાં છે. આહાહા! ઈ તેલ સાફ કરવામાં છે. તેલ સાફ કરવું કહેવાય એને? શું કહેવાય (રીફાઈનરી) આ એવું અમારી ભાષામાં છે, તમારી ભાષામાં જુદું હોય, ગુજરાતી ભાષા. આહાહા!

ભગવાન તો એમ કહે છે, ત્રણલોકના નાથ, સર્વજ્ઞ પરમેશ્વર કે ભાષાની પર્યાય થાય એ આત્મા કરે નહિં, તું કોનું કર બાપુ. ભાઈ, ''હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે,'' કૂતરો, ગાડું હોય ને મોટું દેશમાં, હેઠે કૂતરો હોયને એને અડે ને મારાથી હાલે એમ માને. હાલ્યા, એ પોપટભાઈ, એમ દુકાને બેસે, થડે હરખાઈનો ને પાંચ - પાંચ, દસ - દસ હજારનો વકરો થાયને, આ બધું મારાથી આ થાય છે, કૂતરા જેવો છે એ કહે છે, આંહિ તો ભાઈ, વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે છ દ્રવ્ય જોયાં, જાતિએ છ દ્રવ્ય, આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા છે અને તે પણ આત્મા અનંત, પરમાણુ અનંત, કાલાણુ અસંખ્ય, ધર્મ, અધર્મ, આકાશ એક એક. એ પ્રત્યેક દ્રવ્યની પર્યાયનો કરનારો તે તે દ્રવ્ય છે.

એની પર્યાય બીજો કરે કે એની પર્યાય કાર્ય વિનાનું એ દ્રવ્ય થયું એમ હોઈ શકે (નહિં). આહાહા! ભારે આકરા ભાઈ પલાખાં આકરા. કહે છે ઈ ભાષા વર્ગણા વચનરૂપ તે કાર્ય મારું નથી. તે કાર્યમાં અજ્ઞાનદશામાં જીવને બોલવાનો વિકલ્પ ઈચ્છા બોલવામાં ભાષાની દશામાં અજ્ઞાનીની ઈચ્છા તે ફક્ત નિમિત્ત, નિમિત્તનો અર્થ એનાથી થાય એમ નહિં. આહાહા! છે? અજ્ઞાનદશામાં જીવને બોલવાનો વિકલ્પ, ઈચ્છા, નિમિત્તમાત્ર છે. આહાહા! એ ૧૦૦મી ગાથામાં આવ્યું છે ને ભાઈ? ૧૦૦માં જરી આની હારે મેળ વાળુ છે કે પરવસ્તુની જે ક્રિયા શરીર, વાણી, મનની થાય એમાં નિમિત્ત કોણ? ઉપાદાન તો એનાથી થાય, પણ એમાં નિમિત્ત કોણ? કે અજ્ઞાનીનો જે યોગ ને રાગનો કર્તા થાય તે તે યોગ ને રાગ તેને નિમિત્ત કહેવાય. ભારે વાતું ભાઈ.

ફરીને, ૧૦૦ મી ગાથા છે સમયસારની ૧૦૦. કે જે આ શરીર, વાણી આ પરવસ્તુ એનું અસ્તિત્વ છે, હયાતિ તેને કાળે તે પર્યાય થાય, એ આત્મા તો ન કરે,

થાય તો એ જડની પર્યાય જડથી, પણ એમાં નિમિત્ત કોણ? કે નિમિત્ત જે કોઈ રાગને જોગના કંપનનો કરનારો જે અજ્ઞાની એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! એ ત્યાં અજ્ઞાની લીધો છે ને ત્યાં? ઝીણું પડે પણ બાપુ, મારગ તો આ છે. હેં? આહાહા! અરે ભાઈ, ભગવાન પરમાત્મા એ ''કેવળી પન્નતો ધમ્મો'' મંગળિકમાં દરરોજ બોલે, અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, સાહુ મંગલમ્, કેવળી પન્નતો ધમ્મો, પણ કેને? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પન્નતો ધમ્મોશરણં. ઈ શરણ શું છે ભાઈ? એ રાગ અને જોગ જે કંપે છે ન્યાં ઈ એનોય કર્તા ન થાય અને એનો જ્ઞાતા રહે અને તેના જ્ઞાનમાં જે ક્રિયા જડમાં થાય તે આ જ્ઞાનમાં આમ નિમિત્ત થાય.

અજ્ઞાનીની એ જડની ક્રિયામાં એનો જોગ ને ઈચ્છા નિમિત્ત થાય. કેમ? કે જોગનું કંપન ને ઈચ્છાનો કર્તા થાય છે માટે. તે જ્ઞાતાને દ્રષ્ટા રહી શકતો નથી માટે. ન્યાયથી સમજાય છે? આહાહા! હસમુખભાઈ, બધું ઝીણું છે હોં આ તમારે. માંડ માંડ સમજવું પડશે સુખી થવું. આ દુ:ખી થવાના ગોદા ખાઈને મરી ગ્યો. આહાહા! એ પૈસા બે પાંચ કરોડ આવેને ધૂળ કરોડ આવેને તો સુખી છે, દુ:ખી છે મોટા. સમજાણું કાંઈ? અને એ પૈસાના ધણી અમે છીએ એ માનનારા ભેંસના જેમ ધણી પાડા, એમ જડના ધણી જડ છે. અહિં તો એવી વાત છે ભાઈ! અહિં તો માખણ બાખણ નથી કાંઈ. આહાહા! માખણે મોંઘુ થઈ ગયું છે. આહાહા!

કહે છે જે પરના કાર્ય, પર જીવ બચે છે ને એને કારણે, એના આયુષ્યને કારણે, આને વિકલ્પ આવ્યો કે આને બચાવું, પણ ઈ વિકલ્પ કાંઈ એને બચાવી શક્તો નથી, એક વાત, ત્યારે તે બચવાનું કાર્ય જે ન્યાં થ્યું, એમાં અજ્ઞાનીનાં વિકલ્પને નિમિત્ત કહેવાય. કેમ? કે એ વિકલ્પનો કર્તા થાય છે. જ્ઞાતાદ્રષ્ટા રહેતો નથી માટે. આહાહા! અને ધર્મી જીવ એને વિકલ્પ થાય, એને એ જાણે છે કર્તા થતો નથી. આહાહા! રાગ છે તે વિકલ્પ છે, વિભાવ છે, સમ્યગ્દ્રષ્ટિ ધર્મીજીવ એનો રચનારો થતો નથી, પણ એનો જાણનારો રહે છે, એથી મિથ્યાદ્રષ્ટિ રાગ ને જોગના કંપનનો કર્તા, તે પરના કાર્યકાળમાં તે કાર્ય તો ત્યાં થાય એને કાળે, પણ આ રાગને કંપનનો કર્તા ને એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓલા પથરામાં આમ રંગ છાંટે ને તમારા ભાઈના દિકરાના દિકરા શું કહેવાય? લાદી હેં? ઝીણી ઝીણી છાંટે છે ને? કહે છે કે એ ક્રિયા તો જડની જડમાં થાય છે એને જડને કાળે કાર્યકાળ એ પરમાણુને એ રીતે આમ પડવાનો કાર્યકાળ છે, એને કારણે એ થાય છે. હવે એ કાર્યકાળ તો એનાથી છે, પણ એને નિમિત્ત કોને કહેવું એમાં? કે જે

કોઈ વિકલ્પ ઉઠાવે છે અને એ વિકલ્પનો કર્તા થાય છે, એ કર્તા થનારો એ કાર્યકાળમાં નિમિત્ત તરીકે, ઉપસ્થિત તરીકે કહેવામાં આવે છે. આહાહા!

આટલું બધું શીખવું? ત્યારે ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ હું તો જ્ઞાનને દર્શનને આનંદ સ્વરૂપ છું. એ વિકલ્પ જે ઉઠયો પરના કાર્યકાળ વખતે એ વિકલ્પ પણ મારું કર્તવ્ય નથી. હા! મારા સ્વપરપ્રકાશક જ્ઞાનની દશામાં એ વિકલ્પને ઈ ક્રિયાકાળ એનો છે, એ મારા જ્ઞાનમાં નિમિત્ત થાય છે. મારા જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે એનાં કાર્યમાં હું નિમિત્ત થાઉં છું. (એમ નથી) આહાહા! બહુ ઝીણું પડે હોં? આવું મુંબઈમાં ઝીણું પડે ન્યાં દસ - દસ હજાર માણસ ભેગા થાય એમાં કાંઈક કે જાડી વાત થાય, ઓલું થાય પણ બેંગલોરમાં એવું નહિં નીકળે હોં પાછું ધ્યાન રાખજો. ત્યાં તો જરીક દાખલા આવે, ઓલું આવે દસ દસ હજાર માણસ આહાહા! અહીં ભોપાલ જાવું છે ત્યાં ૫૦ હજાર માણસ ભેગા થવાના છે. મહા વદ ત્રીજ. મોટું મંદિર, ૫૦ હજાર, કોઈ તો લાખ કહેતુ 'તુ. ત્યાં ભગવાનનું કુંડલપુર છે ને? ભગવાન મહાવીરનું ત્યાં એ ગજરથ, ત્યાં એ જોવા, માણસો ન્યાં જાય જોવા.

અહિં તો જેને સમજવાની ગરજ હોય એ આવે, તો પણ કહે ૫૦ હજાર આવશે લ્યો. મહા વદ ત્રીજ. હવે એમાં આવી વાત નીકળે. તો પણ અમુક અમુક શૈલીએ વાત તો આવી જ આવે છે, પણ અમુક શૈલીએ વાંચવું એ દ્રષ્ટાંત મેળવીને એમ કરીને સમજાવે. આહાહા! કહે છે એ કાર્યમાં અજ્ઞાનદશામાં જીવનો બોલવાનો વિકલ્પ છે તે નિમિત્ત છે. માળુ અહિં બધું ઓલુ નાંખ્યું છે. બધું ૧૦૦મી ગાથાનું. ૧૦૦મી ગાથાનો મેળ રાખ્યો છે હેં? ત્યાં સાંભળતાને? બધું સાંભળ્યું 'તું કેમકે આ વ્યાખ્યાન સાંભળ્યા પછી આ ટીકા કરી છે. સાંભળ્યું 'તું. કંઈક ભણ્યા હતાં નહિ ભાઈ? શું છોટાભાઈ, એમ. બી. (બી. એ ઓનર્સ) બહુ છેલ્લા આ ને આ બનાવી આ ટીકા.

શું કીધું આ? આ શરીર છે ને જુઓ આ આ હાલે છે? આ મોઢું આમ હાલે છે એ આનું કાર્ય છે કોનું? આ જડનું. એ કાર્ય તો તેના સ્વકાળે, એ રજકણની પર્યાય તેના જન્મક્ષણે એટલે ઉત્પત્તિના કાળે તે ભાષા આમ થાય છે. એ કાર્ય આત્મા તો કરે નહિં પણ અજ્ઞાની આત્મા જે રાગના વિકલ્પની રચના કરનારો હું છું એવું જે જ્ઞાન, રાગનો કર્તા થાય તે આ કાર્યકાળમાં તેને નિમિત્ત કહેવામાં આવે છે, કારણકે એની દ્રષ્ટિ પર ઉપર છે. આહાહા! ધર્મીને એ જ્ઞાનીની દ્રષ્ટિ ચૈતન્યસ્વભાવ ઉપર છે. સમ્યગ્દ્રષ્ટિ હજી ચોથે ગુણસ્થાન હોં? આહાહા! અહીં તો ચોથાની ખબર ન મળે અને બધાં સાધુ થઈને બેઠાં, વ્રત લઈને સાધુ, ધૂળેય નથી ક્યાંય. આહાહા!

કહે છે જેને અંદર આત્માનું જ્ઞાન થયું, જ્ઞાનની અપેક્ષાએ આત્મજ્ઞાન,

શ્રધ્ધાની અપેક્ષાએ સમકિત. એ સમ્યગ્દર્શનના ભાનમાં જીવ ધર્મી, એને રાગ થાય ? કે એને નથી થતો, એનો એ જાણનાર થાય છે, આ રાગ છે એમ જાણે છે, મારામાં નહિં મારામાં તો સ્વને પરના જ્ઞાનની ઉત્પત્તિ તે હું, રાગની ઉત્પત્તિ તે હું નહિં. આહાહા! આવું ભેદજ્ઞાન, આવું સ્વરૂપ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર સિવાય આવી વહેંચણી ક્યાંય છે નહિં. સમજાણું કાંઈ ? ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં ગયા હતાં કુંદકુંદઆચાર્ય, આ બધી વાણી કુંદકુંદઆચાર્યની છે, ટીકા આચાર્યએ બીજાએ કરી. ૧૦૦મી (ગાથા) છે ને આમ કુંદકુંદઆચાર્યની આ ટીકાકાર આ અમૃતચંદ્રઆચાર્ય. ટીકાકાર સમયસાર, પ્રવચનસાર, નિયમસાર ત્રણેયની ઓલું આ શું કહેવાય ? પંચાસ્તિકાય, નિયમસારની ટીકાકાર એ પદમ્‌મલદેવ છે ટીકા કરનાર હોં.

મૂળ સંસ્કૃત શ્લોક આ એમનું છે, ઈ એમ કહે છે કે શાસ્ત્રની રચનાના કાળે, પરમાણુની પર્યાયનો કાર્યકાળ હતો તે થયું એમાં નિમિત્ત અમે નથી. આહાહા! એમાં નિમિત્તતો રાગને કંપનનો કર્તા થાય તે કાર્યના કાળમાં હું નિમિત્ત છું એમ માને. આહાહા! ગજબ વાત છે ને. હું નિમિત્તેય નથી. એ કાળે જે વિકલ્પ જરી ઉઠયો પણ એ કાર્યકાળ તો અક્ષરની પર્યાયોનું એ રીતે રચવું હોવાનું થવું હતું, એમાં ઈચ્છા નિમિત્ત કહેવી ઈ અજ્ઞાનીની ઈચ્છા નિમિત્ત કહેવી. આહાહા! જ્ઞાની ને તો ઈચ્છા અને એ કાર્ય એના જ્ઞાનમાં આમ નિમિત્ત થાય છે. ઝીણી વાત છે ભગવાન. આહાહા! બાપુ તારી લીલા અલૌકિક છે. આહાહા! જેણે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એવું જ્યાં અનુભવ્યું, ને જાણ્યું સમ્યગ્દર્શનમાં, એને એ અક્ષરને રચવું એ કાર્ય તો મારું નહિં પણ એ કાર્યમાં નિમિત્તરૂપે વિકલ્પને જોગને કહેવો એ હું નહિં, જોગને વિકલ્પ હું નથી, હું તો એનો જાણનાર છું. આહાહા! બાપુ, મારગડા જુદા પ્રભુનાં છે.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકરદેવ મારગની રીતું બહુ ઝીણી ભાઈ, અરે એને સમજ્યા વિના, અનંતકાળથી રખડે છે દુઃખી થઈ. હેં ? થોડો કાળ મનુષ્યમાં આવે, ૨૫, ૫૦ ૬૦ વરસ રહે, એમાં મરીને જાય ઢોરમાં, ને નરકમાં. આહાહા! બાપુ તારા રખડવાના દિવસો એ તે રોઈને તો દુઃખ સહન કર્યા પણ દેખનારને રૂદન આવ્યા એવા તારા દુઃખ હતા ભાઈ! એ તને ખબર નથી. ભૂલી ગ્યો માળો. હેં ? આહાહા! જુઓ ગુલાબચંદભાઈએ ન્યાય મૂક્યો છે ને ? એ બોલવાનો જે વિકલ્પ તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ નિમિત્તમાત્ર છે. આ એનો અર્થ છે. આ એટલો અર્થ કર્યો એ આનો અર્થ કર્યો કે જડના કાર્ય તો જડને કારણે થાય.

પરના આત્માના કાર્યની પર્યાય પણ એને કારણે થાય. તે કાળે ઈચ્છા

એને નિમિત્ત કહેવાય, કોની ? કે અજ્ઞાનીની ઈચ્છા. અજ્ઞાની ઈચ્છાનો કર્તા થાય છે એટલે ઈચ્છા મારી છે એમ માની છે, એ ઈચ્છાવાળો જીવ એની ઈચ્છા એ કાર્યના વખતે નિમિત્ત કહેવાય. પણ ઈચ્છા મારા સ્વરૂપમાં જ નથી એવો જે સમ્યગ્દ્રષ્ટિ જીવ. આહાહા ! મારામાં તો ઈચ્છાને મારું જ્ઞાન થાય એવું સ્વપરપ્રકાશક જ્ઞાન છું, એવા જ્ઞાનીને એ ઈચ્છા, જ્ઞાનમાં આમ જાણવામાં નિમિત્ત થાય, પણ ઈચ્છામાં ઈ છે, પરને નિમિત્ત થાય. એ નહિં. સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને ? આહાહા !

બાપુ એણે સત્યના ઘર જોયાં નથી હજી, હેં ? અને એમ ને એમ હાંક્યે રાખે છે વીતરાગના નામે. આહાહા ! ભગવાન દયા પાળવાનું કહે છે, ભગવાન વ્રત પાળવાનું કહે છે, ભગવાન પૂજાભક્તિનું કહે છે. ભાઈ, સાંભળને બાપુ. ભાઈ એ તો અંદર વિકલ્પ આવે એને જણાવે છે, એ કરવા જેવું છે ને કર્તવ્ય છે એમ નથી બતાવતા. આહાહા ! કર્તવ્ય તરીકે તો જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું કે રાગ આવે એને જાણવાના કાર્યમાં રહેવું. રાગના કાર્યમાં ન જાવું, પરના કાર્યમાં તો નિમિત્તરૂપે પણ ન જાવું. સુમનભાઇ ! આહાહા ! આવો મારગ છે બાપુ.

વિકલ્પ અને વાણી બંન્નેમાં નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે. વિકલ્પનાં કારણે વાણી નીકળે છે એમ નથી, અને વાણી નીકળી માટે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાની ને આ જાતની સમજણ નથી. આહાહા ! તેથી તે એમ માને કે મેં બોલવાની ઈચ્છા કરી એટલે વાણી નીકળી, પરંતુ તાત્વિક દ્રષ્ટિ વિચારથી એ સત્ય નથી. ભાષા વર્ગણાનું વાણીરૂપે પરિણમન તે તે પરમાણુને ભાષાપણે થવાનો કાળ તેને કારણે તે સ્વતંત્ર છે. ઈચ્છાથી તે નિરપેક્ષ છે, વાણીનું નીકળવું એ ઈચ્છાની સાપેક્ષ છે માટે વાણી નીકળે છે એમ નથી. આહાહા !

વિશેષ કહેશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૨૬

## શ્લોક – ૧૮ અને ૧૯

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૫.૦૧.૭૫**

कुतः पुनर्बहिरन्तर्वाचस्त्यागः कर्तव्य इत्याह -

**यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।**
**जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ।। १८ ।।**

**રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;**
**સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ? ।।૧૮ ।।**

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

ગાથા અઢાર ચાલે છે, સમાધિતંત્ર છે આ. આત્માને શાંતિ કઈ રીતે પ્રાપ્ત થાય? શાંતિ કહો, સમાધિ કહો, ધર્મ કહો કે મોક્ષનો મારગ કહો. તો કહે છે કે પરથી ભિન્ન છું એવું ભાન તો છે, પણ હવે હું કોની હારે બોલું? મૌન કરીને અંતરમાં લીન થવાની રીત કહે છે. આહાહા! હું કોની હારે બોલું? જે બોલું, તે સામે સાંભળનારો

તો જડ છે. શરીર ઈન્દ્રિયથી દેખાતા શરીરને, એ તો જાણતા નથી. આહા. જાણનારો છે ઈ ઈન્દ્રિયથી દેખાતો નથી. આહા.

અંતરમાં લીન થવાની એક આ રીત છે, અને અહીં આવ્યું છે આમાં ભાષા વર્ગણાનું વાણીરૂપે પરિણમન. જે ભાષા છે આ જડ, એની દશા, ભાષાની સ્વતંત્ર થાય છે. આ તો ગુજરાતી છે. સમજાય છે કાંઈ ? વાણીની પરિણમનદશા, તેને કારણે ભાષાની અવસ્થા છે, એ ઈ આત્માની ઈચ્છાની અપેક્ષા વિના. આહાહા ! કેમ કે પરમાણુઓમાં તે સમયમાં ભાષા થવાની ઉત્પત્તિનો એનો કાળ છે એથી એ થાય છે. આહાહા. બહુ. ઈચ્છાથી તે નિરપેક્ષ છે. આહાહા ! મેળવ્યું છે ને ? ઈચ્છા થાય, એથી ભાષાની પર્યાય થાય, એમ નથી. આહાહા ! ભાષાની અવસ્થા એ પરમાણુઓનો સમૂહ, ભાષા થવાને લાયક એની પર્યાયમાં એ ભાષા થાય છે, એને આ ઈચ્છાની અપેક્ષા છે, ઈચ્છા થઈ બોલવાની માટે ભાષાની પર્યાય થાય છે, એમ નથી. આહાહા ! સમજાય છે કાંઈ ? છતાં હું બોલું છું. હું બોલું છું આહાહા !

કીધું 'તું ને એકવાર. એક આ અમદાવાદના માણસ આવ્યા'તા, એક પંદર દિ' રહ્યા, સાંભળ્યું બધું, પછી કો'ક પાસે ગયા, એણે પ્રશ્ન કર્યો, મહારાજ, આ બોલે છે કોણ ? આંહિ ભાષા સાંભળી ગયા (હતા) કે બોલવું - ભાષા આત્મા કરતો નથી, એટલે ત્યાં એણે એ પૂછયું કે આ ભાષા કોણ બોલે છે ? ત્યારે કહે છે, સાંભળ. આ કોણ બોલે ? તારો બાપ બોલે છે આ ? સુમનભાઈ. (શ્રોતાઃ ઈ તો આચાર્ય) આચાર્ય. અરે, ભગવાન ! બાપુ ! આહાહા ! આચાર્ય નામ ધરાવનારા હોં, ઓલો પંદર દિ' આહિં સાંભળ્યુ કે. ભાષા આત્મા કરતો નથી, ભાષા સ્વતંત્ર છે, ત્યારે મેં આ જરી પૂછયું એટલે ઓલાએ આવો જવાબ આપ્યો સાધુએ, કે કોણ બોલે છે ? આ તારો બાપ બોલે છે ? તું નથી બોલતો ? અરે, ભગવાન ! બાપુ મરી જઈશ હોં. એ આહિં બધું હાલશે. (શ્રોતા : પુણ્ય હોય ત્યાં સુધી ) હેં ? (શ્રોતાઃ અહિંયા પુણ્ય હોય ત્યાં સુધી) આહાહા ! ભાઈ !

એ જડની પરમાણુઓ તત્ત્વ છે, અજીવ તત્ત્વ અને અજીવ તત્ત્વની વર્ગણાના ૨૩ ભાગ પ્રકાર છે, એમાં જે રજકણોનો સમૂહ - વર્ગણા એટલે રજકણોનો સમૂહ, તેમાં ભાષા થવાની લાયકાત હોય તે ભાષાપણે થાય, તે સમયનો એને ભાષા પર્યાયરૂપે થવાનો તેનો ઉત્પત્તિકાળ છે. આહાહા ! એ આત્મા ઈચ્છા કરી માટે બોલાય છે, એમ નથી. આહાહા ! આવી વાત છે. મોહનલાલજી, ભારે વાત ભાઈ આવી. આહા ! હું બોલું છું એમ માનવામાં તે જીવ અને અજીવ તત્વોની એકતાબુધ્ધિ કરે છે, કેમ કે જીવ એ ભાષાની પર્યાયથી ભિન્ન છે અને ભાષાની પર્યાય છે, એ જીવથી, ઈચ્છાથી ભિન્ન છે.

આહા. એ હું બોલું છું, એવી જે માન્યતા છે એ જડ ને ચૈતન્યની એકતાબુધ્ધિની માન્યતા છે. આહાહા!

કહો, હસુભાઈ, ત્યારે આ બધા વેપાર-બેપાર કરે છે, તે હું નહિં? (શ્રોતાઃ અભિમાન) અભિમાન લ્યો. આહાહા! ભાષાની સમયની પર્યાય, આહિં ઈચ્છા થાય ત્યારે થાય, છતાં એ ભાષાની પર્યાય, ઈચ્છાને લઈને થઈ નથી. આહાહા! ઈચ્છાનો કાળ અને ભાષા થવાની પરમાણુની પર્યાયનો કાળ, એક સમય છે. છતાં ઈચ્છા છે તો ભાષાની પર્યાય થઈ (એમ નથી) આહા. ગજબ વાતું છે. એક તત્ત્વને બીજા તત્ત્વની હારે ભેળસેળ કરી દીધી છે, જડનું તત્ત્વ એ મારાથી થાય, એમ જીવને, જડની એકતાબુધ્ધિ, તે મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા.!

આ તો હું શરીરને આમ રાખી શકું. દવા કરીને, સંભાળ કરીને, નાહી ધોઈને સાફ રાખું, સાબુથી આમ રાખું. (શ્રોતા : બધી વાત ઉડી જાય છે) હેં? બધી વાત ઉડી જાય છે. ભગવાન! એ જડની પર્યાયનો કાળ છે, તે પ્રકારે જડમાં થાય છે. હું આને આમ કરું છું શરીરને. આહાહા! એ જીવ અને જડ અજીવ તત્ત્વની એકતાબુધ્ધિ છે, એ મહા મિથ્યાત્વ છે. એ અનંત સંસારમાં ઉત્પત્તિનું કારણ છે. આહા. આવી વાત. વીતરાગ સિવાય એ સર્વજ્ઞ પરમાત્મા. અનંત તત્ત્વો છે ને? એક જ તત્ત્વ હોય તો તો આ પ્રશ્ન ઉઠે નહિં, અનંત તત્ત્વો છે, તો અનંત તત્ત્વોની પૃથકતા એક એક સમયમાં પૃથકતાથી કામ ચાલે છે, એને ઠેકાણે આત્મા આમ ઈચ્છા કરું છું માટે આમ બોલું છું. કહે છે એ ભાષાની દશા અને આત્માની દશા બેને એણે એક કરી. આહાહા! તત્ત્વની શ્રધ્ધાથી એને વિપરીત માન્યતા થઈ. આવી ઊંધી માન્યતાને લીધે તેને અનંત સંસારનાં કારણભૂત આહાહા! અનંતાનુબંધી કષાય થયા વગર રહેતો નથી. અનંત સંસારનું કારણ એવો મિથ્યાત્વ ભાવ અને અનંતાનુબંધી એક હારે હોય છે. આહા. સમજાણું કાંઈ?

હું આત્મા, ઈચ્છા કરું, એ પણ મિથ્યાત્વ ભાવ છે. એમ ઈચ્છા, વિકારી દશા, ભગવાન આત્મા નિર્દોષ છે, નિર્મળ છે, સ્વભાવવાન. એવો નિર્દોષ સ્વભાવવાન એને એ રાગ મારું કર્તવ્ય છે તો, સ્વભાવ શુધ્ધનું, રાગ કર્તવ્ય એમ માનનારા, આખા શુધ્ધ સ્વરૂપને તેણે અશુધ્ધ માન્યો. આહાહા! સૂક્ષ્મ વાત છે ભાઈ! સમજાણું કાંઈ? અને એ ઈચ્છાને કાળે ભાષાની દશા થઈ, એ કાળે થઈ કેમ ત્યારે? ઈચ્છા થઈને ભાષા થઈ કેમ? એ ઈચ્છા ને કાળે, બાપુ! તને ખબર નથી. પરમાણુઓમાં વર્ગણા જે જડની છે. સમૂહ વર્ગ, વર્ગ નથી કહેતા, એકડીયા, બગડીયા ને વર્ગ કહે છે ને વર્ગ? નિશાળમાં પહેલો વર્ગ, બીજો વર્ગ, ત્રીજો વર્ગ. વર્ગ એટલે ઘણા છોકરાઓ એનો સમૂહ તેને વર્ગ

કહે, એમ ઘણા રજકણોનો સમૂહ એને વર્ગણા કહે. ઘણી વર્ગની, ઘણા વર્ગનો સમૂહ તેને વર્ગણા કહીએ છીએ. સમજાણું કાંઈ ? એ ભાષા વર્ગણા હું કરું છું, એ અનંત સંસારનાં કારણભૂત મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાય થયા વગર એને રહેતો નથી આહા ! ઘણું એને ધીરજ કરવી પડશે.

જ્ઞાનીને અસ્થિરતાને કારણે બોલવાનો વિકલ્પ આવે. ધર્મીને બોલવાનો વિકલ્પ-વૃત્તિ ઉઠે, પણ સ્વભાવની દ્રષ્ટિએ તેના અભિપ્રાયમાં, એના અભિપ્રાયમાં શ્રધ્ધાની અપેક્ષાએ, તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે. કેમ ? કે ધર્મીની દ્રષ્ટિ, દ્રવ્ય સ્વભાવ ઉપર હોય છે. આહાહા. ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વભાવ એના ઉપર દ્રષ્ટિ હોવાથી રાગના પરિણમનનો એ કર્તા થતો નથી. આહાહા ! ભારે ભાઇ, અને જેને જ્ઞાયક સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી, સ્વભાવ સન્મુખની જેને દ્રષ્ટિ નથી, એને રાગની સન્મુખની દ્રષ્ટિ હોવાથી તે રાગનો, અજ્ઞાનભાવે કર્તા માને છે. બહુ ઝીણું ભાઈ આવ્યું. આવું સ્વરૂપ ? ઓલા તો કહે કે દયા પાળો, આ કરો, આ છોડો, આહાર છોડો, પાણી છોડો, રસ છોડો, કહે છે કે ઈ જડની ચીજ છોડી, મેં છોડી, એમ માનનારા, મારા અધિકારની વાત હતી છોડવાની, એ જડનો સ્વામી થયો. ચૈતન ને જડની એને એકતાબુધ્ધિ થઈ. પંડિતજી ? આવી વાતું. આહાહા ! ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જાણનાર - દેખનાર. તેના સ્વભાવમાં પરની પર્યાય થાય એમાં નિમિત્ત થવું એ પણ એનો સ્વભાવ નથી, એનું કરવું તો નથી પણ એમાં નિમિત્તકર્તા થવું, એ પણ એનો સ્વભાવ નથી. આહાહા ! પ્રવીણભાઈ, બહુ ઝીણી વાતું ભાઈ ! આહા. ઈ તો આહિં તો હાલે આહીં તો હવે કેમ કે આહાહા !

રાગનો વિકલ્પ છે એ વિકાર છે, વિભાવ છે, દુ:ખ છે, એના ઉપર જેની દ્રષ્ટિ છે, એ રાગવાળો માનીને, રાગમાં 'હું' પરિણમન કર્તા 'હું' છું એમ માને. સમજાણું કાંઈ ? કહો. સવારમાં આવ્યું'તું ને કે, દ્રવ્યમાં, જે પર્યાય થાય, એ, એ દ્રવ્ય એનો કર્તા થાય, પર્યાયનો સબંધ આંહી છે, એમ આવ્યું'તું ને ? આમ નહિં. આહા ! એ પર્યાય જે અવસ્થા થાય, એનો દ્રવ્ય કર્તા છે, એટલે દ્રવ્ય હારે આમ સબંધ છે, પર્યાયનો આમ સંબંધ નથી, પરની પર્યાય હારે, એનું કર્તાપણું કે આ પર્યાય પરથી કર્તા થાય એવો સબંધ નથી. આહાહા ! આ તો ભગવાનના મારગનો અંત, છેલ્લો અંત છે, સંસારનો અંત લાવવો હોય એને. આહાહા !

કહો હીરાભાઈ ! શું આ બધા વેપાર કરોને તમે મોટા મોટા શું કહેવાય ? શું કહેવાય ? ગૌહાટી. (શ્રોતા: નિમક) હેં ? (શ્રોતા: નિમક) નિમક, પણ ત્યાં તો કાજુને દ્રાક્ષનો ધંધો છે, અમે ગ્યાં'તા ને ત્યાં કાજુ ને દ્રાક્ષ. અમે ગ્યાં'તા ગૌહાટી નહિ ? ગૌહાટી

નથી કલકત્તાની બાજુ, ત્યાંના ગૃહસ્થ, બહુ પૈસાવાળા, ઉસકા અપના ધંધા બડા હૈ. કલકત્તે ગયે થે. તો ત્યાં હમ ગયે થે. કાજુ અને દ્રાક્ષ. ન્યાં અમે ઉતર્યા ત્યાં દેવા આવ્યા'તા. અને જ્યાં ગયા ત્યાં દેવા આવ્યા'તા, લ્યો. તો એ ધંધો કરી શકે કે નહિ? નરમ માણસ હતા, દસ-પાંચ, દસ મિનિટ બેઠો દુકાને પગલા, કર્યાને ત્યાં દસ હજાર રૂપિયા મૂક્યા, પણ કોના? એ ગરબડ હાલી, પોતાની દુકાને બેસે. કલકત્તાથી ગૌહાટી દૂર છે ને? ગૌહાટી. આહાહા! ભગવાન! એ દરાખ ને કાજુ ને રૂપિયા, એ તો જડ ચીજ છે, જડની પર્યાય, યહાં સે યહાં જાના. ઉસકા કર્તા આત્મા નહિં, આવી વાત સાંભળી નહિં હોય મોહનલાલજી, પણ ભાગ્યશાળી હવે, આવી ગયા આમાં. આહાહા વાતું એવી બધી આવે. શું કહીએ? આહાહા!

આ ભેદજ્ઞાનની વાતું છે. એક તત્ત્વ દૂસરા તત્ત્વસે ભેદરૂપ, ભિન્નરૂપ હૈ તો ભિન્ન હૈ વો દૂસરા તત્ત્વકા ક્યા કરે? આહા.. યહાં તો ઈચ્છા પણ ભગવાન - આશ્રવ તત્ત્વ, સ્વભાવ તત્ત્વથી, એ આશ્રવ તત્ત્વ ભિન્ન હૈ, આહાહા! તો જ્ઞાયક તત્ત્વ, એ વિકારી આશ્રવ તત્ત્વ તો દો ભિન્ન હૈ. ભિન્ન કા ક્યા કરે? આહાહા! ગજબ વાત છે ભાઈ! કેમ? કેમ? કે જ્ઞાયક સ્વભાવ હૈ ઉસકી દ્રષ્ટિ તો જ્ઞાયક ઉપર હૈ. આહાહા! રાગ હોતા હૈ. કહ્યું ને? ધર્મી કો અસ્થિરતાકે કારણે, બોલવાનો વિકલ્પ આતે હૈ, આવે છે. આહાહા! પણ સ્વભાવની દ્રષ્ટિએ, ધર્મીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોય છે, જ્ઞાયક સ્વભાવ, ચૈતન સ્વભાવ, જાણગ સ્વભાવનું અસ્તિત્વ તે 'હું' છું. રાગ એ 'હું' નહીં. આહાહા! રાગ તત્ત્વ, આશ્રવ તત્ત્વ, આત્મા - જ્ઞાયક તત્ત્વ. નવ તત્ત્વ હૈ ને મોહનલાલજી? જીવ, અજીવ, પુણ્ય, પાપ,આશ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ. આહા. નવે તત્વની પણ ખબર ન મળે. જયંતિભાઈ. આવી વાતું છે ભાઇ. આહાહા!

કહે છે કે ઈ આ વિકલ્પ જે ઉઠયો એ આશ્રવ તત્ત્વ હૈ, તો જ્ઞાની, એ આશ્રવ તત્ત્વનો કર્તા થતો નથી. આહાહા! ક્યોંકિ, મૈં તો જ્ઞાયક સ્વભાવ હું, જાણગ સ્વભાવ અને આશ્રવ સ્વભાવ બેય ભિન્ન હૈ. આહાહા! સમજાણું કાંઈ? સ્વભાવની દ્રષ્ટિએ, જાણગ સ્વભાવ જ્ઞાયક સ્વભાવ એવી ધર્મીની દ્રષ્ટિ ત્યાં હોય છે. આહાહા! એ દ્રષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે. ભગવાન આત્મા જાણગ સ્વભાવ સ્વરૂપે, એના બોલવાનો વિકલ્પ એ સ્વરૂપે નથી. આહાહા! એ તો એનું કુરૂપ છે, એ કુરૂપની વૃત્તિ મારા સ્વરૂપની નહીં. આહાહા! હસમુખભાઈ, બહુ ઝીણી વાતો બહુ આહાહા.

કારણ કે તે જાણે છે કે, વિકલ્પ એ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી.

આહાહા. આહિં તો બોલવાનો વિકલ્પ ઉઠયો કે, દયા - દાન - વ્રત - ભક્તિ - પૂજા એનો વિકલ્પ વૃત્તિ ઉઠી, એ જ્ઞાયક સ્વભાવ એની દ્રષ્ટિ હોવાથી તે વિકલ્પનું તત્ત્વ મારા સ્વભાવમાં નથી. આહાહા! સમજાય છે કાંઈ? તે તેનાથી ભિન્ન છે. ધર્મી જીવ એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ એટલે કે જે સ્વરૂપ જ્ઞાયક છે પૂરણ, એની જેને સ્વસન્મુખથી પ્રતીત થઈ છે એવો જીવ. આહાહા! સ્વસન્મુખતામાં તો જ્ઞાયકભાવ છે અને રાગ તો વિમુખપણામાં છે. આહાહા! તેથી તે ધર્મીએ એનું સ્વરૂપ નહીં હોવાથી, તે મારું સ્વરૂપ છે, એમ માનતો નથી. આહાહા! એ દયાનો વિકલ્પ, ભગવાનનો વિકલ્પ પણ મારો માનતો નથી. એ કઈ ચીજને મારી માને? આહાહા! પોપટભાઈ, આ મારા દીકરા, આ મારા બાપ ને. અરે, આત્માને દીકરા અને બાપ કેવાં ભાઈ! ઝીણી વાતું બહુ આવી. આ મારું શરીર આ મારા કરમ, મેં કરમ બાંધ્યા, એ મારે ભોગવવા પડશે, પણ કર્મ જ તારા નથી, સાંભળને! આહાહા! શ્રીપાલજી, શ્રીપાલજી એ તો શ્રીપાલ હૈ. 'શ્રી' નામ સ્વરૂપની લક્ષ્મીનો પાળનાર હૈ આત્મા આહાહા!

ભગવાન ચૈતન સ્વભાવી પ્રભુ આત્મા, એ સ્વભાવવાન અને સ્વભાવ દ્રષ્ટિવાન, સ્વભાવવાળો કે સ્વભાવ દ્રષ્ટિવાળો. સમજાય છે કાંઈ? એ રાગને શું કરે? તો રાગને કરે નહીં ને ભાષાની પર્યાયને કરે? આહાહા! શેઠ, આ બીડીયું, બીડીયું, કાંઈ કરે નહીં, એમ કહે છે જુઓ. કાનપુરમાં જાઓ તો કેટલા રૂપિયા આવે દરરોજ, પચ્ચીસ હજાર, પચાસ હજાર, એ ઉઘરાણી કરવા જાય ને ત્યાં, હું તો જાતો સવારમાં... લાવ, લાવ કેટલા રૂપિયા છે આ શું છે આ? ભગવાન, એકવાર સુન તો સહી પ્રભુ. હેં? આહાહા! એ ચૈતનના સ્વભાવની જાત વિનાનો વિકલ્પ છે. આહા. અને વિકલ્પની જાત વિનાના એ જડની દશા, કારણ કે વિકલ્પની જાત આશ્રવની છે, અને પૈસો જવો, આવવાની જાત, અજીવની છે, આહાહા. આવું ભેદજ્ઞાન, જડથી અને વિકલ્પથી ભિન્ન થવું, ત્યારે તેને 'હું' પૂરણ જ્ઞાયક સ્વભાવ છું, એવા જ્ઞેયમાં જ્ઞાયકનું ભાન થતાં તેને સાચી પ્રતીતિ આવે છે. સમજાણું કાંઈ?

હવે આમાં વાદ - વિવાદ કરવા જાય તે જડ, કોણ કહેતો'તો હમણાં કોઈ આ, આ ભાઈ કહેતા'તા જીણાવાળા ભાઈ, આ જીણાવાળા હૈ ને ભાઈ, ઓ ઓ ત્યાં હૈ ને ભાઈ જીણાવાળો કોણ, ઓલો. કુલશીતભાઈ, એને કહેતો'તો ઈ તો અમારે એક ત્યાં થા, બેરિસ્ટર, નહિં શું કહેવાય ભાઈ એને. (શ્રોતાઃ સોલીસીટર) હેં? સોલીસીટર. ચીમનલાલ ચકુ સોલીસીટર, ૯૭માં અહિંયા આવ્યા હતા ૯૭ માં, ૩૪ વરસ હુઆ અહિં મહિનો એક રહી ગયા, પછી કીધું ભાઈ, જડકી અવસ્થા આત્મા કર શકતે નહીં વો

ક્યા ? ઐસે હુઆ થા હો, ત્યાં ઈ પંડિત એમ કહે છે ઈ બંસીધરજી, અરે, ભગવાન! ઐસા હોવામાં અંદરમેં ક્યા હુઆ, એ તેરે ખબર હૈ ? તું આત્મા હૈ, ખબર હૈ તેરે કો ? તો આત્મા તો જ્ઞાન સ્વરૂપ હૈ, તો વો સમય ભી જ્ઞાનકી પર્યાય ઉસમેં હોતી હૈ, અને વો જડકી પર્યાય જડમેં હોતી હૈ. આહાહા! એવું જ અહિંયા કહ્યું તું તે દિ' ૯૭માં અહિંયા, એક સોલીસીટર આવ્યા હતા કે, જડકા, પરકા કર્તા, લો કિયા, ભાઈ, એમાં ત્રિરાશી છે કીધું, ત્રિરાશી એટલે ? જે આમ હુઆ ઉસકા નિમિત્ત કર્મ હે, વો અપને ઉપાદાનસે ઐસા હુઆ હૈ ને, આત્માકી પર્યાય અપને સે હુઈ હૈ આહાહા!

પર્યાય કે કાળમેં ઐસા હુઆ, પણ પર્યાય સે ઐસા હુઆ, ઐસા નહિં, સમજમેં આયા ? ૯૭માં છે ને તમારા ? ચીમનલાલ ચકુ તમે બોલ્યાને, અરે ભગવાન આહાહા! આ તો ગાંડા, પાગલ કહે હોં માણસો. અમે આખો દિ' આ કરીએ, આમ કરીએ, આમ. ભાઈ! એ આમ થવા કાળમાં, તું આત્મા જાણે છો ? કે આત્માની પર્યાય અંદર આ થઈ, અને એ કાળે જડની આમ થઈ એ મારી પર્યાયથી થઈ, એમ તેં ક્યાંથી જાણ્યું ? સમજાય છે કાંઈ ? શેઠ બધી આવી વાતો બહુ ઝીણી હો. પણ આંહી થાય. હવે બહાર નીકળે તો આવું ઝીણું ન મંગાય. આહાહા! આ તો હળવે હળવે, ધીમે ધીમે અંતરની ભેદજ્ઞાનની વાતો છે ભાઈ!

કહે છે જ્ઞાનીને વિકલ્પનો નિષેધ વર્તે છે, કોઈની સાથે વચન કરવો તે દોષ છે, કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે, આહાહા! બીજાને સમજાવવાને માટે વૃત્તિ ઉઠાવવી એ દોષ છે. આહાહા! કો સુજાનમલજી, (શ્રોતાઃ હવે આ કોઈ બોલવાની વાત નહીં) મારગ તો એવો છે ભાઈ! મારગની રીત જાણ્યા વિના એ અનંતકાળથી ગોથાં ખાય છે. આહાહા! અરે! કોઈ શરણ નથી બાહ્યમાં, એ શરણનો નાથ પ્રભુ, એ તો જ્ઞાનાનંદ સ્વભાવી, જ્ઞાતા દ્રષ્ટા, એ સ્વભાવમાં, રાગનો કરવાનો અવકાશ ક્યાં ? પરનો કરવા તો દૂર રહી ગઈ વાત. સમજાય છે કાંઈ ? કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો, હો, પણ હૈ દોષ, આહાહા. આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતારૂપ મૌન સેવે, આવી સમજણપૂર્વક. આમ તો અમે મૌન રહીએ છીએ તો સમજ્યો એ કે અમે ભાષા નથી બોલતો માટે નથી થાતી. ભાષા બોલું તો થાય છે. એ તો અજ્ઞાન છે. એ અજ્ઞાનનું મૌનપણું અજ્ઞાનમાં છે. આહાહા! સમજાણું કાંઈ ?

આવી સમજણપૂર્વક, આવી એટલે, હું એક જ્ઞાયક સ્વભાવ છું, બોલવાનો વિકલ્પ છે એ દોષરૂપ છે, એનું રચવું એ મારી જાતનો સ્વભાવ નથી, અને તે દોષ હોવાથી ભાષાની દશા થઈ એમેય નથી. આહાહા! પ્રવીણભાઈ, તે આ બધા લોઢાના

ધંધા કરો ને તમે, હિમંતભાઈ નથી આવ્યા ? (શ્રોતાઃ મુંબઈ ગયા) મુંબઈ ગયા ? અત્યારે શું થયું ? ત્યાં કંઈ થયું ? (શ્રોતાઃ કામકાજ) કામકાજ ઠીક. ધંધાનું ઠીક આહાહા ! આવી સમજણપૂર્વક એટલે ભાષાની પર્યાયનો હું કર્તા નથી, એ જડની પર્યાય, જડ કાળે થાય. વિકલ્પ પણ વિકલ્પને કાળે, મારી સમજણમાં તેનું જ્ઞાન હોય, પણ એ મારી ચીજ છે, એમ જેને જ્ઞાનમાં નથી, આવા સમજણપૂર્વક, જે મૌન રહે, એનું મૌનપણું સાચું, પણ આ સમજણ વિના અમે મૌન છીએ.

બાર મહિના કાશીમાં ઓલું નથી કરતા ? અન્યમતિમાં કરે છે. રણછોડજી એ કર્યું'તું જામનગરમાં ને બહારમાં વર્ષ મૌન રાખે. એમાં શું ? ધૂળનું ભાન તો નથી. કે આ શું છે ને મૌન. આ નથી બોલાતી ભાષા એ કેમ નથી બોલાતી એ જડની પર્યાયે નથી, મેં મૌન રહ્યો, માટે બોલાતું નથી. આહાહા ! તેને સાચી વચનગુપ્તિ છે, જેને વાણીની પર્યાય, એને કાળે થાય, ઈચ્છા થાય તો સ્વભાવમાં દોષ છે, અને સ્વભાવ સ્વરૂપ જે જ્ઞાતા, તેનો એ દોષ, તે કર્તવ્ય નથી, ગુણનું કર્તવ્ય દોષ હોય ? આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ અને રાગ તે ઈચ્છા તે દોષ ને દુઃખ સ્વરૂપ એ આનંદ સ્વરૂપ, દુઃખને રચે ? (શ્રોતાઃ ન રચે) આહાહા. બહુ ઝીણી વાતું હો હસુભાઈ, એને સમજવું પડશે ભાઈ ! અરે, જેને જનમ મરણના માથે ભવકાળ અનંતાભવ ઉભા છે ભાઈ, પર ને સ્વની એકતાબુધ્ધિએ, પરનો સંયોગ ભવનો નહીં છૂટે. શું કીધું ? રાગ અને પરની, આત્માની એકતાબુધ્ધિએ કે આહિં એકતા છે, તે સંયોગ નહીં છૂટે એનો ભવનો અભાવ નહીં થાય હેં ? આહાહા ! એને આ સમજણ અંતરમાં કરવી પડશે ભાઈ ! કરવી પડશે એટલે વેઠથી એમ નહીં. (શ્રોતાઃ સમજપૂર્વકની) હેં ?

સમજણ એનો સહજ સ્વભાવ છે ભાઈ, તું ચૈતન છો, તારામાં, તારા પાકમાં પાકે તો જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, શ્રધ્ધાની પર્યાય, શાંતિની પર્યાય એ તારો ખેતરનો પાક છે. આહાહા ! એ રાગાદિનો વિકલ્પ પ્રભુ, તારા ખેતરનો પાક છે ? એ તો અધ્ધરથી કાંટા ઉઠયા છે. આહાહા ! પર્યાયમાં આહાહા ! એવી વચનગુપ્તિથી અંતરમાં એ વચન પ્રવૃત્તિનો સ્વયં નાશ થાય છે. આવો જેનો વિકલ્પ અને પર એવું મારું સ્વરૂપ નથી, એવી જેને અંતરસ્વભાવ દ્રષ્ટિ થઈ છે, એને વચનગુપ્તિ અંતરમાં થાય છે. સમજાણું કાંઈ ? એવી રીતે બાહ્ય વિકલ્પોનો પરિત્યાગ કરીને અભ્યતંર વિકલ્પોને છોડાવતાં કહે છે હવે. આહાહા !

પૂજ્યપાદ સ્વામી સંત હતા. દેવો જેના પગ પૂજતા. એ આતમ ભગવાન

પાસે ગયા હતા, જેમ કુંદકુંદ આચાર્ય સવંત ૪૯માં આ પછી ૨૦૦-૩૦૦ વર્ષ પછી સીમંધર ભગવાન બિરાજતે હૈં ત્યાં ગયે થે, ત્યાં સે આ સંસ્કાર આયા હૈ, ઓગણીસ

**एवं बहिर्विकल्पं परित्यज्यान्तर्विकल्पं परित्याजयन्नह -**

**यत्परैः प्रतिपाघोऽहं यत्परान् प्रतिपादये ।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ।। १९ ।।**

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા[1], હું તો છું અવિકલ્પ. ।। ૧૯ ।।

**टीका : परैरूपाध्यायादिभिरहं यत्प्रतिपाघः परान् शिष्यादीनहं यत्प्रतिपादये तत्सर्वं मे उन्मत्तचेष्टितं मोहवशादुन्मत्तस्येवाखिलं विकल्पजालात्मकं विजृम्भितमित्यर्थः । कुत एतत्? यदहं निर्विकल्पको यघस्मादहमात्मा निर्विकल्पक एतैर्वचनविकल्पैरग्राह्यः ।। १९ ।।**

એવી રીતે બાહ્ય વિકલ્પોનો પરિત્યાગ કરીને આભ્યન્તર વિકલ્પોને છોડાવતાં કહે છેઃ-

**અન્વયાર્થઃ** (अहं) હું (परैः) બીજાઓથી-અધ્યાપકાદિથી (यत् प्रतिपाद्यः) જે કાંઈ શીખવવા યોગ્ય છું તથા (परान्) બીજાઓને શિષ્યાદિકને (यत् प्रतिपादये) હું જે કાંઈ શીખવું (तत्) તે (मे) મારી (उन्मत्तचेष्टितं) ઉન્મત્ત **(પાગલ)** ચેષ્ટા છે; (यद् अहं) કારણકે (વાસ્તવમાં) હું (निर्विकल्पकः) નિર્વિકલ્પક અર્થાત્ વચન-વિકલ્પોથી અગ્રાહ્ય છું.

**ટીકાઃ** પર વડે અર્થાત્ ઉપાધ્યાયાદિ વડે મને જે શીખવાડવામાં આવે છે અને બીજાઓને-શિષ્યો વગેરેને હું જે શીખવું છું તે બધી મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે - મોહવશાત્ ઉન્મત્તના (પાગલના) જેવી જ તે બધી વિકલ્પજાલરૂપ ચેષ્ટા પ્રવર્તે છે, એવો અર્થ છે. શાથી તે (ઉન્મત્ત ચેષ્ટા) છે ? કારણકે હું (આત્મા) તો નિર્વિકલ્પક અર્થાત્ વચન વિકલ્પોથી અગ્રાહ્ય છું.

**ભાવાર્થઃ** અધ્યાપકાદિ મને શીખવે છે તથા હું શિષ્યાદિ બીજાઓને શીખવું છું-એવો વિકલ્પ કરું તે મારું ઉન્મત્તપણું-પાગલપણું છે, કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ તો નિર્વિકલ્પ છે અર્થાત્ બધા વિકલ્પોથી હું અગ્રાહ્ય છું - પર છું.

આત્માનો સ્વભાવ તો જ્ઞાતા-દ્રષ્ટા છે. કોઈને શીખવવું યા તેનું ભલું-બૂરું કરવું એ વાસ્તવમાં આત્માનો સ્વભાવ નથી, કારણ કે 'કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્તા

૧. ઉન્મત્તતા - ઉન્માદપણુ

છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિણમે છે' એમ વિચારી સમ્યગ્દષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે.

**વિશેષ**

વિકલ્પો દૂર કરી પરમાત્મતત્ત્વમાં લીન થવા માટે ઉપદેશ આપતાં શ્રી અમિતગતિ આચાર્ય કહે છે કે -

''સંસારરૂપી ભયાનક જંગલમાં પટકવાના હેતુભૂત સર્વ વિકલ્પોને દૂર કરીને તારા આત્માને સર્વથી (દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી) ભિન્ન અનુભવ કરતાં તું પરમાત્મતત્ત્વમાં લીન થઇ જઇશ.''[૨]

## ઉન્મત્તતા સંબંધી સ્પષ્ટતા

ઉન્મત્તતા બે પ્રકારની છે - એક શ્રદ્ધા અપેક્ષાએ અને બીજી ચારિત્ર અપેક્ષાએ.

(૧) શ્રી તત્ત્વાર્થસૂત્રમાં[૩] જે ઉન્મત્તતા દર્શાવી છે તે શ્રદ્ધા અપેક્ષાએ છે. મિથ્યાદષ્ટિ સત્ અને અસત્નો ભેદ જાણતો નથી. તે ઉન્મત્ત પુરુષની માફક પોતાની રુચિ અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરા પીને ઉન્મત્ત થયેલો પુરુષ માતા - પત્નીનો ભેદ જાણતો નહિ હોવાથી કદી માતાને પત્ની અને પત્નીને માતા કહે છે અને કોઇ વખત તે પત્નીને પત્ની અને માતાને માતા પણ કહે છે, છતાં તે ઠીક સમજીને તેમ કહે છે એમ નથી. તેવી રીતે મિથ્યાદષ્ટિને પણ વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી તેના વિકલ્પો મિથ્યા માન્યતાના કારણે ઉન્મત્ત પુરુષના જેવા હોય છે.

(૨) પ્રસ્તુત શ્લોકમાં જે ઉન્મત્તતા દર્શાવી છે તે અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ છે, શ્રદ્ધા અપેક્ષાએ નથી; કેમકે જ્ઞાનીને પણ અસ્થિરતાના કારણે તેવા વિકલ્પો ઉઠે છે, પણ અભિપ્રાયમાં તેને તેનો આદર નથી. જ્યાં સુધી વિકલ્પ ઊઠે ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાતું નથી. તેથી આચાર્યે વિકલ્પ તોડીને આત્મસ્વરૂપમાં લીન થવા માટે નિર્દેશ કર્યો છે; અને અંતરાત્માની ભૂમિકાના વિકલ્પોને ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્તપણું કહ્યું છે. ૧૯

---

૨. सर्वं निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपातहेतुम् ।
 विविक्तमात्मानमवेक्ष्यमाणो, निलीयसे त्वं परमात्मतत्त्वे ।।२९।। (સામાયિક પાઠ)

૩. તત્ત્વાર્થ સૂત્ર - અ. ૧ સૂત્ર ૩૨.

**ટીકા :** પર વડે, ઉપાધ્યાય વડે મને જે શીખવવામાં આવે છે. છે ? આહાહા ! પર વડે એટલે પર એટલે ઉપાધ્યાય, આચાર્ય, સાધુ આદિ વડે. મને જે શીખવવામાં આવે છે એમ કેમ કીધું કે ઉપાધ્યાયનો યોગ છે. સાધુ તો સ્વરૂપને સાધે. સ્વરૂપ, સાધુનું ખરું સ્વરૂપ છે, એ ઉપદેશેય કરતા નથી, એ એમ વાત છે. ઉપદેશનો અધિકાર ઉપાધ્યાયનો છે, આચાર્યનો અધિકાર શિક્ષા, દીક્ષા દેવાનો છે. આહા ! કહે છે ઉપાધ્યાય આદિ વડે મને જે શીખવવામાં આવે છે અને બીજાઓને શિષ્યો વગેરેને હું શીખવું છું આહાહા ! તે બધી મારી પાગલ ચેષ્ટા છે. જુઓ મોહનલાલજી, પાગલ આવ્યું પાગલ. આપણે ગાંડા કહે છે ને ? પાગલ. આહાહા ! પર વડે મને શીખવવામાં આવે છે અને હું શિષ્યને શીખવું છું. આહાહા ! એ આહાહા ! તે બધી મારી ઉન્મત્ત ચેષ્ટા છે. પાઠમાં ઈ છે. પાઠમાં છે ને ? **उन्मतचेष्टितं** આહાહા !

આનંદ સ્વરૂપ ભગવાન, જ્ઞાન સ્વરૂપી આત્મા એને આ વિકલ્પ ઉઠે કે હું પરથી સમજું, કે હું પરને સમજાવું, એ વિકલ્પ છે, પાગલ છે, કહે છે. આહાહા ! આચાર્ય પોતે કહે છે. જોયું ? આહાહા ! મારા શુધ્ધ આનંદ સ્વરૂપમાં એ વિકલ્પનો તો અભાવ છે. એવા અભાવ સ્વભાવમાંથી, આ વિકલ્પ ઉઠયો આહાહા ! એ તો કહે છે કે પરને આધીન થઈને, એ તો ઉન્મત્ત ચેષ્ટા છે. આહાહા ! પાગલ જેમ ચેષ્ટા કરે ને ? હેં ? વાંદરો હોય ને વાંદરો, બેઠો બંદર. બેઠો હોય તો આમ કર્યા જ કરે, એ ચેષ્ટા સામે એટલી વખત થાય છે ને ? આ વાંદરો છે ને બંદર (એક્શન) કર્યા જ કરે. અમારે ત્યાં વાંદરા બહુ ગુજરાતમાં પાલેજમાં બહુ વાંદરા, જંગલમાં અને ફતેહપુરમાં પણ ઘણાં વાંદરા, ભાઈ. એ બેઠા બેઠા આમ આમ કરે અને એમાં ય ઓલો દારૂ પીધો હોય એણે હેં ? તો જોઈ લો એનું ચેષ્ટા. એમાં જો એને ભૂત વળગ્યો હોય. (શ્રોતા :વીંછી કરડયો હોય) શાસ્ત્રમાં લેખ છે હોં બધા અને એને જો વીંછી કરડયો હોય આહાહા ! પછી જુઓ એ પાગલ વાંદરો. એમ ભગવાન આત્મા ! એક તો શરીરને મારા માનીને મિથ્યાત્વનું પાગલપણું. એમાં એ વિકલ્પ જે રાગ ઉઠે એને મારાપણે માનીને પાગલપણું આહાહા ! એમાં વિપરીત માન્યતાનું જોરનો દારૂ આવ્યો ભેગો, પાગલપણું વધી ગયું કહે છે આહાહા !

આહીં તો મુનિ પોતે કહે છે અને છે ઈ સંત આચાર્ય, આનંદકંદમાં રહેનારા, આહાહા ! અમને પણ, પરને સમજાવવાનો વિકલ્પ ઉઠે છે. આહાહા ! અને અમારા વડેરાઓ, ગુરુઓ, અમને સમજાવામાં બેસે ને અમે સમજીએ. આ શું કહે છે ? કેમકે બીજા મને સમજાવે તો મને સમજાય એ વાત પાગલ છે. એય ! એને સમજવાની દશા તો, એના ગુણમાંથી એના કારણે આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? અને ‘હું’ બીજાને સમજાવું એવો વિકલ્પ, કહે છે કે એ જ્ઞાની પણ એની, જ્ઞાનની દશાથી સમજે છે, એને ઠેકાણે હું

એને સમજાવું. એના પર્યાયથી એ એના આશ્રયથી એ સમજે. અને હું એને સમજાવું એ વિકલ્પ અસ્થિરતાનો પાગલ જેવો છે કહે છે. આહાહા! મિથ્યાત્વનો તો એ વિકલ્પ પાગલ છે, પણ આ અસ્થિરતાનો આવો વિકલ્પ પણ. આહાહા! હદ કરી છે ને સમાધિને. પ્રભુ વિકલ્પ પણ છોડ ને ઠર અંદર આહાહા! ભાઈ, તારી ચીજમાં એ વિકલ્પનું થવું એ પણ દોષકારી છે, પણ તીર્થંકરગોત્ર બંધાય ને?

શ્રીમદ્‌માં એક આવ્યું'તું વાક્ય, ભાઈ, સમજાવામાં આવે, એ જીવ સમજે તો તીર્થંકરગોત્ર બાંધે, એમ આવે છે? એક છે, આ બાજુ પાને છે, પણ ગોત્ર બાંધે ને? હેં! આહાહા! પાછળના ભાગમાં છે. એક પણ જીવને સાચી સમજણ સમજાવે તો તીર્થંકર ગોત્ર બાંધે, ઓલો ખુશી થઈ જાય. આહાહા. તીર્થંકરગોત્ર બાંધે, પણ એ વિકલ્પ છે, એજ દોષ ને પાગલપણું છે. આહાહા! એનાથી તીર્થંકરગોત્ર બંધાય, એ તો જડની પર્યાય છે. અને એ જડની પર્યાયનો ઉદય તો કેવળ થાશે ત્યારે થાશે. આહા. આમાં તને લાભ શો થયો એમાં? સમજાણું કાંઈ? આહાહા!

એ વિકલ્પ કહો, ભાન સહિતમાં, એનાથી તો પુણ્ય પ્રકૃતિ બંધાય છે. અત્યારે તીર્થંકર કુળમાં ગયો તો એ. પહેલી નરકે ગ્યો એ તો જડની પર્યાય બંધાવામાં નિમિત્ત થયું અને જડની પર્યાયનો જ્યારે ઉદય કાળ આવશે એનો ત્યારે, તો સંયોગની પર્યાય જે ઘટશે એ પણ ઉપાદાનમાં એની મેળે થાશે, ત્યારે આ નિમિત્ત કહેવાશે. આહાહા! એમાં તને લાભ શો? ષોડશ કારણ ભાવના આવે છે કે નહિં? (શ્રોતાઃ દર્શન વિશુધ્ધિ ભાવના ભાય સોલહ તીર્થંકર પદ પાય) પદ પાય દર્શનવિશુધ્ધિ ભાવના ભાય ષોડશ શું પછી? સોલહ તીર્થંકર પદ પાય પરમગુરૂ હોય. એય શ્રીચંદજી, આ શ્રીચંદજી બહુ બોલે છે. આહાહા! માળે આ કઈ જાતની વાત પણ? દુનિયાની હારે મેળ ન ખાય એવી વાતો છે. કહે છે જે ભાવ સમજાવાનો ઉઠે અને એનાથી તીર્થંકર ગોત્ર બંધાય ઈ એ દોષ છે કહે છે. તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ દોષ છે, કંઈ ધર્મથી બંધાય? આત્માનો ધર્મ જે વીતરાગીદશા એનાથી કરમ બંધાય? રાગથી બંધાય એ તો અધર્મ છે. આહાહા!

૮૫ ની સાલ હતી. પોષ મહિનો હતો, ૮૫, કેટલા વરસ થયા? ૪૫, ૪૬ હેં? બોટાદમાં હતા બોટાદમાં ત્યારે તમે હતા ને? વ્યાખ્યાન ચાલતું'તું માણસો બહુ. ઘણું ભરાય, પ્રસિધ્ધિ બહુ હતી ને સંપ્રદાયમાં? હજાર, પંદરસો માણસ. એમાં કહ્યું. કીધું જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ ધર્મ નહીં, છેતાલીસ વરસ પહેલા સંપ્રદાયમાં. સભા મોટી હતી, શેઠિયાઓ બધા લાખોપતિ બેઠા હતા, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિં, 'ધર્મથી બંધન નહિં ને, બંધન પડે જે ભાવથી, તે ધર્મ નહિં'. બે વાત

કરી'તી. અને 'જે વ્રતનો ભાવ છે પંચમહાવ્રત ને બાર વ્રતનો ભાવ એ આશ્રવ છે'. સભા તો બોલે નહીં કાંઈ, સાંભળે. પણ એક ભાઈ હતા અમારા ગુરૂભાઈ જોડે શું ભૂલી ગયા ? એનું નામ શું ? હેં ? (શ્રોતાઃ જગજીવન) હેં ? જગજીવનજી. એ આ સાંભળીને વોસરે વોસરે, ઉઠયો, ભાગ્યો. વોસરે, વોસરે સમજતે હૈં ? કે આ વાત ને આ શ્રધ્ધા, અમારે જોઈતી નથી. ઓહ ! અરે, પણ એને કોણ સાંભળે ? એ શું બોલ્યા એની ખબર ન હોય સભાને, હું સમજ્યો, કે આને રૂચ્યું નહીં, ગોઠયું નહીં, અને એના ગુરૂભાઈને કહેશે. કે જોવો, મેં તો આમ કર્યું હતું ત્યાં, પછી વ્યાખ્યાન પૂરું થયું, પછી મેં કીધું તમારે ન ગોઠયું તો બેસી રહેવું'તું ને ? હેં ? ઉઠીને ભાગ્યા શું કરવા ? વોસરે વોસરે એટલે શું થઈ ગયું કીધું તમે. કીધું એટલે તમને વાત સારી, સાચી, વાત બેઠી છે એમ થઈ ગયું ? એ બિચારા બીવે એનાથી બીવે મૂળચંદજીને બતાવવા સારુ, એ આમ કહેતા હતા, ત્યારે મેં આમ કર્યું. ઠીક ભાઈ આહાહા !

અહીંયા તો કહે છે કે પંચમહાવ્રતના વિકલ્પ છે, સાધુના જે અઠ્ઠાવીસ મૂળગુણ દિગંબરમાં કહેવાય છે, શ્વેતાબંરમાં બીજી જાત છે, એ મૂળગુણના વિકલ્પ પણ દોષરૂપ છે. હેં ? આહાહા ! પણ જેને અંતર આત્મામાં, નિશ્ચય સમ્યગ્દર્શન સહિત સાધુપદ પ્રગટયું હોય છે, એને એવા ભાવો ભૂમિકામાં હોય છે, પણ છતાં એ ભાવ, ગુણસ્વરૂપ ભગવાન આત્માને મદદ કરતા નથી, પણ વિરૂધ્ધ ભાવથી, તેને તો બંધન પડે છે. આહાહા ! વ્રતના ભાવને તો આશ્રવ કહ્યો છે તત્ત્વાર્થ સૂત્રમાં, તત્ત્વાર્થસૂત્ર. વ્રત એ તો પુણ્ય આશ્રવ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા ! વ્રત ઉઠે છે, અહિંસા, સત્ય, દત્ત બ્રહ્મચર્યનો વિકલ્પ, ધર્મી જીવને તે વિકલ્પનો કર્તા નથી થતો, છતાં હોય છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ શિષ્યોને હું શીખવું છું એ બધી મારી પાગલ ચેષ્ટા છે, મોહવશાત્ ઉન્મત્તતા. આહા. રાગની હોં, અસ્થિરતાની વાત છે.

મોહ એટલે મિથ્યાત્વ નહીં, રાગ પણ એક મોહ છે ને ? એટલે પર તરફનું એ રાગનું સાવધાનપણું છે, સ્વતરફનું નહિં. આહાહા ! એટલો એ વિકલ્પ જે કરવો, થવો, એમાં પર તરફની સાવધાની છે. આહાહા ! ભગવાન, મોક્ષપાહુડમાં તો કુંદકુંદઆચાર્ય કહે છે કે 'પરદવ્વાઓ દુગ્ગઈ' પરદ્રવ્ય તરફના વલણવાળી જે વૃત્તિ ઉઠી છે એ ચૈતન્યની ગતિ ને ચૈતન્યની જાત નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? એ વિકાર છે, હો. પૂરણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એવો વિકલ્પ આવે, વહેવાર હોય ખરો, છે દોષરૂપ. ઓહોહો. આવો મારગ વીતરાગનો. એ મોહવશાત્ પાગલપણા જેવી જ તે બધી વિકલ્પજાળની ચેષ્ટા પ્રવર્તે છે. આહાહા !

હું મને શીખવે મારા ગુરૂ તો મને, જ્ઞાન થાય, એવો જે વિકલ્પ ઉઠયો છે, આહાહા! વીતરાગ મારગ બાપુ આહાહા! અંતર સ્વભાવ જ્ઞાયક ચૈતન્યમાં દ્રષ્ટિ થવી એટલે સાવધાનપણે ઠરવું, એ એની ક્રિયા સાવધાનીની છે, એમાંથી ખસીને આવો વિકલ્પ થાય, હોય, દોષરૂપ છે. આહાહા! એ ચેષ્ટા બધી વિકલ્પ જાળરૂપ ચેષ્ટા. વિકલ્પની જાળ એવો અર્થ છે, શાથી તે ઉન્મત્ત ચેષ્ટા છે? કારણ કે હું તો નિર્વિકલ્પ, વચન, વિકલ્પથી અગ્રાહ્ય છું. ગુરૂના વચનોથી હું ગ્રાહ્ય નથી, એમ બીજાને ગ્રાહ્યપણું આ વચન દ્વારા એનો આત્મા નથી. આહાહા!

ઉપદેશ થાય અને એનાથી સામાને જ્ઞાન થાય, એ ઉપદેશથી એને જ્ઞાન થાય, એવો આત્મા નથી કહે છે. આહાહા! કારણ કે હું તો નિર્વિકલ્પ, વચન, વિકલ્પોથી અગ્રાહ્ય છું. ગુરૂ મને શીખવે તો એ વચનના વિકલ્પથી હું ગ્રાહ્ય નથી, એમ હું, બીજાને શીખવું, એવો વચન, વિકલ્પ એનાથી એનો આત્મા પણ ગ્રાહ્ય નથી. આવી વાત છે. વાદ કરવાથી પાર ન આવે. તીર્થંકરે એમ ઉપદેશ કર્યો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી આવતું આઠમામાં? તીર્થંકર, ગણધરોએ, એ ઉપદેશ કર્યો, ઉપકાર કર્યો, હું પણ એ ઉપકારની વાત કરીશ, મોક્ષમાર્ગ પ્રકાશક, આઠમો અધ્યાય. પહેલા શરૂઆતમાં બધું આવે છે. એ નિમિત્તનાં કથનો, એ કાળે તે થયું, એ સમજાવે છે. આહાહા!

**ભાવાર્થ** : અધ્યાપકાદિ, અધ્યાપક એટલે ઉપાધ્યાય, એ મને શીખવે છે. હું શિષ્યાદિ બીજાઓને શીખવું છું એવો વિકલ્પ કરું, તે મારું ઉન્મત્તપણું, પાગલપણું છે. ઓહો! દિગંબર સંતોની વીતરાગતાના મારગડા કેવા છે જુઓને. આહાહા! હેં? અરેરે, એ ઉપદેશ ને કાળે વિકલ્પ થાય, એ તો પરમાં સાવધાની જાય, મારી સાવધાની ચૂકાઈ જાય છે એટલી આહા. જેટલી મારા સ્વરૂપમાં, સન્મુખતામાં સ્વભાવ સાવધાની છે એટલી ધર્મની દશા મારી છે. આહાહા. જેટલે સ્વભાવનો આશ્રય હોવા છતાં, વિશેષ આશ્રયને છોડી દઈ અને પરના આશ્રયમાં જે વિકલ્પ, રાગ ઉઠે છે, એ બંધનું કારણ છે, પાગલપણું, આંહિ તો આચાર્ય કહે પાગલપણું. આહાહા! ગજબ કરી છે ને? અંતર આનંદમાં સમાવા માટે આ વિકલ્પને ઝેર કહીને આહાહા! છોડાવે છે. શિષ્યાદિ બીજાઓને શીખવું છું, એવો વિકલ્પ કરું તે મારું પાગલપણું છે. આહાહા! કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ તો નિર્વિકલ્પ છે. બધા વિકલ્પોથી હું અગ્રાહ્ય છું . આહા. એ વાણીથી પણ હું જણાઉં નહિં અને વાણી સાંભળતાં જે વિકલ્પ ઉઠયો એનાથી જણાઉં નહીં, એવી તો ચીજ છે મારી. આહાહા! સમજાણું કાંઈ? પર છું, વિકલ્પ ને વાણીથી પર છું, આત્માનો સ્વભાવ તો જ્ઞાતા - દ્રષ્ટા છે, એ તો જાણનાર - દેખનાર, કોઈને શીખવવું કે તેનું ભલું, બૂરું કરવું એ

વાસ્તવમાં આત્માનો સ્વભાવ નથી કારણ કે 'કોઈ દ્રવ્ય, અન્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહીં, પણ સર્વ દ્રવ્યો પોત પાતાના સ્વભાવે પરિણમે છે'. આહાહા! એમ વિચારી સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે.

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૨૭

## શ્લોક – ૧૯ અને ૨૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૬.૦૧.૭૫**

एवं बहिर्विकल्पं परित्यज्यान्तर्विकल्पं परित्याजयन्नह -

**यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये ।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ।। १९ ।।**

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા[1], હું તો છું અવિકલ્પ. ।। ૧૯ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

એનું **વિશેષ**, વિકલ્પો દૂર કરી, પરમાત્મપદમાં લીન થવા માટે ઉપદેશ આપતા શ્રી અમિતગતિ આચાર્ય કહે છે, અહિંયા તો પરદ્રવ્યની કોઈ પર્યાય કરી શક્તો નથી, અને પરને સમજાવવાને માટે જે વિકલ્પ ઉઠે છે, એ નુકશાનકારક છે. આહાહા! અને તે વિકલ્પથી વાણી 'હું' કરી શકું છું, એ તો મિથ્યાત્વભાવ છે, પણ વિકલ્પને કરી

---

૧. ઉન્મત્તતા - ઉન્માદપણું

શકું છું, એ પણ મિથ્યાત્વભાવ છે. વિકલ્પની અસ્થિરતા થાય એ દોષ છે, મિથ્યાત્વભાવ નહિ? ધર્મી પોતાના અંતરાત્મામાં રહેવા માટે આમ વિચાર કરે છે, અને ઉપદેશ એમ આપ્યો એમ કહ્યું ને!

સંસારરૂપી ભયાનક જંગલમાં આહાહા! ચોર્યાશીના અવતાર સંસાર, ભયાનક જંગલ, ભયાનક જંગલ, ક્યાં જઈને અવતરશે? વિકલ્પને કારણે સંસારમાં ક્યાં જઈને અજ્ઞાની, અહિં જ્ઞાનીને તો ખબર છે કે વિકલ્પ છે, એ દોષ છે. સમજાણું કાંઈ? આહાહા! બાયડી, પુત્રી, કુટુંબ, પરિવાર, ધંધો એ મારા છે અને હું એ કરી શકું છું, એવો જે વિકલ્પ, તો ત્યાં સંસાર માનીને અપરાધ છે, મિથ્યાત્વરૂપી અંધકારમાં પડયો. આહાહા! ચોર્યાશીના ભયંકર જંગલમાં પટકશે એ મિથ્યાત્વભાવ, પણ વિકલ્પ જે છે જરી અસ્થિરતાનો આહાહા! એ પણ સંસારને પ્રાપ્ત કરશે, ભવ પ્રાપ્ત કરાવશે, ચાહે તો તીર્થંકરગોત્રનો વિકલ્પ હો, ઈ ભવ જ કરાવશે. આહાહા!

તીર્થંકરગોત્ર નો વિકલ્પ પણ બે ભવ કરાવે, સ્વર્ગનો અને પછી છેલ્લો. બે ભવ તો ઓછામાં ઓછા કરે. ઓહોહો! અહિંયા તો સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્મામાં સ્થિર થવા માટે એમ વિચારે છે કે પરને હું કાંઈ કરી દઉં કે પરથી લઉં, એવો જે વિકલ્પ એ તો મિથ્યાત્વ છે, પણ અસ્થિરતાનો જે વિકલ્પ છે એ પણ સંસારમાં ભવ કરાવે છે. આહાહા! દૂર કરીને, માટે વિકલ્પને દૂર કરી, આહાહા! તારા આત્માને સર્વથી ભિન્ન અનુભવ કરતાં, એને સમ્યગ્દ્રષ્ટિ ને આત્માને રાગથી, વિકલ્પથી, ભિન્ન કરતાં, તું પરમાત્મ તત્ત્વમાં લીન થઈ જઈશ. આહાહા!

બાહ્ય તરફના ઝૂકતા વિકલ્પો એ રાગની લાગણી એ સંસારમાં ભવ ને, એ પોતે સંસાર છે, વિકલ્પ છે એ શુભ છે એ સંસાર છે અને ભવનું એ કારણ છે. ઓહો! તો હું આત્મા, આનંદને જ્ઞાનસ્વરૂપ છું, એમ વિકલ્પોને છોડી દઈને. આહાહા! ભિન્ન અનુભવ કરતાં, જડ કર્મ, શરીર, વાણી અને ભાવકર્મ, વિકલ્પ શુભ, અશુભ એનાથી ભિન્ન અનુભવ કરતાં, તું પરમાત્મ તત્ત્વમાં લીન થઈ જઈશ. પરમ સ્વરૂપ ભગવાન આત્મા વિકલ્પને છોડી દઈશ તો સ્વરૂપમાં લીન થઈશ, તને આનંદનો લાભ થશે અને પરમ સ્વરૂપની સ્થિરતા તને પ્રાપ્ત થશે. આહાહા! ભારે વાત ભાઈ! અહિં તો ભગવાને આમ કહ્યું'તું ને, ભગવાને આમ કહ્યું છે, સ્ત્રી ને છૂટ આપીને ...

અરે! ક્યાં ક્યાં વાતું તુ, ભગવાનને નામે ચઢાવે છે ભાઈ, યજ્ઞ થતાં'તા બહુ, ભગવાને રોક્યા. (પરપદાર્થ ને કોણ રોકે?) પરિણમનને રોકે. ભાઈ, ભગવાનનો

ઉપદેશ એમ નહોતો, એનો ઉપદેશ, એમાં વાણીમાં એમ હતું કે, તું તે પરપદાર્થથી ભિન્ન છે માટે, પર આવ્યું ને માથે આવી ગ્યું ને! 'સર્વ દ્રવ્યો પોત પોતાના સ્વભાવે પરિણમે છે'. આહાહા! એમ ભગવાનનો ઉપદેશ હતો.

દરેક વસ્તુ તેને કાળે, પોતાના સ્વભાવ એટલે પછી રાગરૂપ હો કે શુભરૂપ હો એના સ્વભાવરૂપે પરિણમે છે એમ વિચારી સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા અંતરનાં વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે. સમજાય છે કાંઈ? આવું વીતરાગ મારગના સ્વરૂપમાં હતું, વીરે એમ વર્ણવ્યું હતું. આહાહા! પ્રભુ! તું પરથી ભિન્ન છો, પરની ચિંતા તો નિરર્થક, તને નુકશાન કરનારી છે, પણ બીજાને માટે હું ધર્મ સમજાવું, પમાડું એવો જે વિકલ્પ પણ પ્રભુ, એ નુકશાન કરશે. આહાહા! માટે તારું હિત કરવું હોય તો આહાહા! સુખી થવું હોય તો, ધર્મના પંથે પડવું હોય તો આહાહા! એ શુભ વિકલ્પો જે છે, બીજાને સમજાવવાના કે બીજાથી સમજવાના, એ પણ વિકલ્પને છોડી, પ્રભુ સ્વરૂપ તારું આનંદમય છે ને? આહાહા!

જ્ઞાન ને દર્શનને આનંદ એવી તારી ચીજ છે એમાં કારણ કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેવા વિકલ્પ દ્વારા તો અટકાયત થઈ જાય છે. આહાહા! એને છોડી સ્વરૂપમાં પરમાત્મ સ્વરૂપ, મહાપ્રભુ, પરમસ્વરૂપ, શુધ્ધ, નિત્ય, નિત્યાનંદ પ્રભુ, એવા પરમ સ્વરૂપમાં લીન થાય છે વિકલ્પને છોડી. આહાહા! આવો ઉપદેશ છે ભગવાનનો. આચાર્ય એમ કહે છે હેં? તત્ત્વમાં લીન થઈ જશે. **ઉન્મત્તતાના સબંધી સ્પષ્ટતા** - અહિં ઉન્મત્તતા કહી છે ને? કે બીજાને ઉપદેશ કરું એવો વિકલ્પ હોં? વાણીનો ધણી ભલે ન થાય, વિકલ્પનો ધણી ભલે ન થાય, પણ વિકલ્પ આવે ને અને બીજાથી હું સમજું એવો જે વિકલ્પ છે, એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વની ઉન્મત્તતા છે. આહાહા!

ગજબ વાતો છે ભાઈ! એ ઉન્મત્તતા એ બીજાને સમજાવું, એ મારાથી સમજે ને બોલું તો સમજે એ નહિં, પણ ફક્ત વિકલ્પ આવે છે, એ અસ્થિરતાની ઉન્મત્તતા છે. સમજાણું કાંઈ? એ ઉન્મત્તતા બે પ્રકારની, એક શ્રધ્ધા અપેક્ષાએ, એક ચારિત્ર અપેક્ષાએ. તત્વાર્થ સૂત્રમાં જે ઉન્મત્તતા બતાવી છે, તત્વાર્થ સૂત્રમાં, છેલ્લા સૂત્રમાં ૩૨મું છે, એમાં ઉન્મત્તતા બતાવી છે, તે શ્રધ્ધા અપેક્ષાએ છે. મિથ્યાદ્રષ્ટિ સત્ અસત્‌નો ભેદ જાણતો નથી. મિથ્યા શ્રધ્ધાવંત મારું સત્ સ્વરૂપ ચિદાનંદ છે અને રાગ આદિ પર વસ્તુ અસત્ છે, મારામાં નથી. આહાહા!

એ સ્ત્રી, કુટુંબ, પરિવાર તો ક્યાંય રહી ગયા, આહા! પર એને અને

આત્માને કાંઈ સબંધ નથી, પણ આત્મામાં થતા વિકલ્પો આહાહા! એ વિકલ્પ નિશ્ચયથી સત્ નથી, સત્ એવો ભગવાન આત્માનું એ સ્વરૂપ નથી. એ અજ્ઞાની સત્ અને અસત્ ના ભેદને પૃથકતાને જાણતા નથી. આહાહા! તે ઉન્મત્ત પુરુષની માફક, પોતાની રૂચિ અનુસાર વસ્તુને સમજે છે. એ તો પરમાં મારા માનું છું, એ તો આસક્તિ છે એમ માને છે. આસક્તિ એ નહિં, આસક્તિ તો પરને પોતાનું ન માને, છતાં અસ્થિરતાનો ભાવ આવે એનું નામ આસક્તિ. આહાહા! બહુ એણે માંડી વાળવું પડશે. હેં? (શ્રોતા: બહુ નહિં બધું જ માંડી વાળવું પડશે). આહાહા!

ભાઈ, તારી ચીજ, અંદર સ્વરૂપ, વીતરાગમૂર્તિએ બિરાજમાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, એમાં પરને પોતાના માનવા, રાગને પોતાનો માનવો, શરીરને પોતાનું માનવું, સ્ત્રી, કુટુંબ, પરિવાર જે તદ્દન ભિન્ન એને કારણે આવ્યા, એને કારણે જાય અને એને કારણે ટક્યા છે. આહાહા! સમજાણું કાંઈ? એને પાગલનું દ્રષ્ટાંત નથી આપ્યું? આપ્યું'તું ને. એક પાગલ હતો, તે નદી બહાર, ગામ બહાર નીકળ્યો. પથરો બથરો હશે મોટો ને બેઠો થોડી વાર. આમ, ત્યાં આવ્યા રાજાને સેના, રાજા ને રાણી, હાથી ને ઘોડા ને આવ્યા. આ મારા, આ મારા, મારા અરે પણ ક્યાં છે? શું છે આ? દસ હજારનું ગામ હશે ને નદીનું પાણી એટલે હારું હોય જરીક, ખાઈને પીને બે કલાક જરી વિસામો લેવો હોય, પછી ચાર વાગે જોડી દયે, જોડી દયે પાછું. એમાં ઓલો ગાંડો બેઠો તો, તો કહે જુઓ આ મારો રાજા આવ્યો, આ રાણી મારી, આ છોકરા, આ નોકર છે, ચાકર છે, આ હાથી છે આ. એમ આ આત્મા જ્યાં આવ્યો ત્યાં શરીર આવ્યું, બાયડી આવી, છોકરા આવ્યા, પૈસા આવ્યા તો કહે આ મારા, પણ ક્યાં હતાં તારા? એ તો પરચીજ એને કારણે આવી છે. આહાહા! મલુકચંદ ભાઈ! ભારે કરી.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં દાખલો આપ્યો છે. આહાહા! પાગલ બેઠો નદીને કાંઠે, ત્યાં નદીના પાણી ભાળી ને તેના ઉતરી ખાવા આરે ભાઈ! એમ જ્યાં જનમ્યો, ત્યાં શરીર મારું, મોટો થયો તો કે બાયડી મારી, અને છોકરો થ્યો તો એ છોકરાં મારા, એ તો લશ્કર એને કારણે આવ્યું છે, કાંઈ તારે કારણે નથી આવ્યું. ભારે કામ ભાઈ આવું આકરું. આહાહા! વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથનો હુકમ છે. આહાહા! એ ચીજ તો એને કારણે ત્યાં આવી છે, અને એને કારણે વર્તમાન પરિણમીને રહી છે, તારે કારણે આવી નથી અને તારે કારણે તે પરિણમતી નથી. આહાહા! એની મુદ્દત થઈ, બે વાગ્યા, ત્રણ વાગ્યા, તો એ હાલવા માંડ્યા ઓલા, ત્યાં ગાંડો કહે છે કે અલ્યા કેમ જાઓ છે? હાથી હાલવા માંડયા તો કહે કેમ જાઓ છો પૂછયા વિના, ઓલા કે માળો ગાંડો લાગે છે

આ. હેં ? આહાહા ! એમ મુદ્દત જ્યાં પૂરી થાય ત્યાં સ્ત્રી મરે, દીકરો મરે, બાયડી મરે, છોકરાં મરે. એ તો એની મુદ્દતે ત્યાં આવ્યા'તા ને મુદ્દત લઇને આવ્યા'તા ને મુદ્દત લઈને ચાલ્યા જાય છે. આહાહા ! પોપટભાઈ ! ભારે આકરું. હેં ? આહાહા !

આવા કરોડો રૂપિયા, બંગલા ને છ, છ છોકરાઓ, બાપુજી, બાપુજી કરે. આ બધું આવ્યું છે, નવું નથી આવ્યું. આહાહા ! માળો તો પાગલ કહે છે મિથ્યાદ્રષ્ટિ આ પાગલ હોં. મારા જ હોય એ આવે ને ભાઈ મારી પાસે. એ મારા અંગીતો છે તો એમ કહે છે ને, આ મારા અંગીત માણસો છે, ધૂળેય નથી અંગી, તારા અંગી હોય એ જુદા રહે ? આહાહા ! તારા અંગી તો જ્ઞાન, દર્શન ને ચારિત્ર, એ તારા અંગી. આહાહા ! હેં ? એને ઠેકાણે, કુટુંબ ને મિત્રો સારા મળે, તો અમારા અંગીત માણસો, અમારું હીતના ઈચ્છનારા છે, અમારે દુઃખ, દુઃખને કાળે આવી પહોંચે મદદ કરવા, ધૂળેય નથી આવતા સાંભળને. આવે તો એને કારણે આવે, એમાં તારું દુઃખ ઈ ક્યાં મટાડે ? આહાહા ! હેં ? આહાહા !

એ મિથ્યાદ્રષ્ટિ સત્‌ને અને અસત્‌નો ભેદ જાણતો નથી. ઉન્મત્ત પુરુષની, ગાંડાની માફક, પોતાની રૂચિ અનુસાર વસ્તુને સમજે. જેમ મદિરા પીને ઉન્મત્ત થયેલો પુરુષ, દારૂ પીને ગાંડો થયેલો પુરુષ, માતા, પત્નીનો ભેદ જાણતો નથી, દારૂના ઘેનમાં, આ મારી મા છે, આ મારી પત્ની એમ જાણતો (નથી). સ્ત્રીનો વેષ જાણે છે. આહાહા ! કદી માતાને પત્ની અને પત્નીને માતા પણ કહે દારૂના ઘેનમાં. આહાહા ! કપડાં સરખા દેખીને હેં ? આહા !

એ બોટાદમાં બન્યું'તું. એક મોઢ હતો, મોઢ છોકરો, એ એને નવી માં હતા, નવી મા, એણે લૂગડાં પહેરેલા એની નવી માં એ, એની સ્ત્રીના. સ્ત્રી ગયેલી ધોવા, લૂગડાં લઈને ધોવા ગઈ અને એની માં હતી, નવી માં અને એણે સ્ત્રીના લૂગડાં પહેરીને સૂતી'તી. એમાં આને વિષયની વાસના આવી. ત્યાં ઝાપટું માર્યું ઝટ, એની મા સમજી ગઈ, બેટા, વહુ ના'વા ગ્યા છે, ઓલા લૂગડાં સ્ત્રીના પહેરેલા, એની બાયડીના એટલે એને એમ થયું કે આ છે મારી, જગાડવા ગ્યા, ઓલી સમજી ગઈ. બેટા, વહુ ગ્યા છે ના'વા અરે, આ શું થયું ? હેં ? વૃત્તિ અટકી ગઇ ફાટ દઇને.

હેં ? એમ જગતના પ્રાણી, જે જગતની ચીજ છે, એને હરખાઈ જરી આવે એટલે મારાં, ઈ ચીજ કહે છે બાપુ, હું તો મારા કારણે આવી છું, તુ શું કરવા મથે છે. આહા ! એમ જેને ભાન થાય, એને પરની વૃત્તિ મારા છે, એ વૃત્તિ અટકી જાય છે ફટ દઈને. ચાહે તો શરીર સુંદર હો કે વાણી હો. આહાહા ! એ મકાન ને પૈસાના પથારા હોય

આહા ! પણ એ તો પર છે, પ્રભુ, મારી નહિં ચીજ એ, મારામાં નહિં, એ એમાં 'હું' નહિં, એ મારામાં નહિં. આહાહા !

આવી દ્રષ્ટિ થતાં એને પરને મારાપણાના ઉન્મત્તપણાનું, ગાંડપણ નાશ થઈ જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? રૂચિ અનુસાર વસ્તુને સમજે. મદિરામાં માતા અને પત્નીનો ભેદ જાણતો નથી, એની મા હતી નવી, પણ લૂગડાં પત્નીના પહેરેલાં એટલે આ પત્ની છે એમ થઈ ગ્યું એને. આહા ! ઓલી બાઈ પણ ખાનદાન. ભાઈ, વહુ ગ્યા છે ના'વા. આહાહા ! આંઈ કહે છે કે, પરવસ્તુને તું માને છે, પણ ભગવાન એમ કહે છે કે એ તો એને કારણે પરિણમીને આવી છે. તું કેમ માનીને બેઠો, મારી છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ધર્મ દ્રષ્ટિ બાપુ, આકરી છે. એમાં સામયિક કર્યાને, પોહા કર્યાને પડિક્કમણા કર્યાને, ધર્મ થઈ ગ્યો, ધૂળેય ધર્મ નથી, મિથ્યાત્વ ત્યાં પોષાય છે. આહાહા ! શરીરની ક્રિયા, રજકણો, એને કારણે આવ્યા છે, એની ક્રિયા થતાં, એ મારી થાય છે, અને હું એને કરું છું. આહાહા ! મિથ્યાદ્રષ્ટિનો ઉન્મત્તભાવ છે, ગાંડપણાનો, પાગલ છે. સમજાણું કાંઈ ? અને કોઈ વખતે પત્ની ને પત્ની અને માતાને માતા કહે તો પણ, એ ગાંડપણાથી કહે છે, મદિરાના ઘેનમાં કહે છે, એની સાચી વાત નથી. આહાહા ! છતાં તે ઠીક સમજીને તેમ કહે છે એમ નથી. આહાહા ! એવી રીતે મિથ્યાદ્રષ્ટિને, દ્રષ્ટિ જેની વિપરીત છે, એ વસ્તુ સ્વરૂપનું યથાર્થજ્ઞાન નહિં હોવાથી. આહાહા !

જુઓને, સવારમાં આવ્યું'તું દરેક દ્રવ્યની પર્યાય છે, એમાંથી આવે છે. આહાહા ! અને નથી ને થાય છે, તો પણ, એ અન્વયના સબંધથી થાય છે. અન્વય દ્રવ્યના ને એની શક્તિ કહો. ત્રણ વાત લીધી, દ્રવ્ય, ગુણ ને પર્યાય. હેં ? દ્રવ્યની અન્વય શક્તિ વડે એ પોતે વ્યતિરેકો, અન્વય શક્તિને પામે છે, આહાહા ! એ પર્યાય નવી થાય એ એના ગુણને પામે છે. અને ગુણ તો દ્રવ્યમાં, દ્રવ્ય છે. આહાહા ! હવે, એને કઈ સમયની પર્યાય તારાથી, પરની થાય ? હેં ? અને તારી ઈ પર્યાય કયે સમયે પરથી થાય ? આહાહા ! આવી મૂળ વાતની ખબર ન મળે. આ તત્ત્વની સત્‌ના સ્વરૂપની ખબર ન મળે અને ઈ ધર્મ કરે, અમે ધર્મ કરીએ છીએ. આહાહા ! પૈસા દે તો પૈસાનું અભિમાન, પૈસા અમારા અમે ખરચીએ છીએ, મિથ્યાદ્રષ્ટિની ઉન્મત્તતા, ગાંડપણ, ઘેલછા છે. હેં ? આવું હશે ? આહાહા ! હેં ?

અમારા મકાન, અમે આપીએ છીએ જાઓ, ધર્મમાં, ધર્મમાં, ધર્મશાળામાં. હે ભગવાન ! પણ મકાન જ ક્યાં તારા છે ? આહાહા ! અને હું આપું છું આને દાનમાં, જા

એ મિથ્યાત્વની ઘેલછા છે. હવે તેવી રીતે વસ્તુનું યથાર્થ જ્ઞાન, વિકલ્પો, મિથ્યા માન્યતા ને કારણે, ઉન્મત્ત પુરુષના જેવા હોય છે. આહાહા! પ્રસ્તુત શ્લોકમાં ચાલતા શ્લોકમાં ૧૯મા શ્લોકમાં જે ઉન્મત્તતા દર્શાવી છે, તે અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ છે. પરને માનવાની અપેક્ષાએ, એ નથી. આહાહા! હવે સ્ત્રીને તો અર્ધાંગના કહે છે જગત. અર્ધું અંગ એ, ને અર્ધું ઇ, એમ હશે? અમારા ઘરેથી, એમ નથી કહેતા? કોણ છે? અમારે ઘરેથી, અમારે ઘરેથી એટલે શું? આહાહા! હેં? એ માન્યતા તો મિથ્યાત્વની ઘેલછા છે. કહે છે. આહાહા!

ન્યાં જે કહેવા માંગે છે, એ સમ્યગ્દ્રષ્ટિને, પરની માન્યતાનો તો, મિથ્યાત્વનો નાશ થયો છે, સ્વ સ્વરૂપે 'હું' છું, એમાં બીજી ચીજ, કોઈ મારી નથી, મારી છે તે મારામાં પરિપૂર્ણ છે. આહાહા! એવી દ્રષ્ટિવંતને પણ, આ જે ઉપદેશ દેવાનો જે વિકલ્પ છે, એને ઉન્મત્ત, ચારિત્રદોષની અપેક્ષાએ કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? શ્રધ્ધા અપેક્ષાએ નહિં. આમાં જે કીધું એ શ્રધ્ધા અપેક્ષાએ નહિં, એ તો વિકલ્પ ઉઠયો, એટલી વાત છે અસ્થિરતાની. પણ એને 'હું' સમજાવી શકું છું, એ વાત તો દ્રષ્ટિમાં છે નહિં, તેમ પોતે સાંભળવામાં વિકલ્પ છે છતાંય, એ સાંભળું છું, ત્યાંથી મારી જ્ઞાનદશા આવે છે, થાય છે, એમ નથી. આહાહા!

મારી જ્ઞાનનો પર્યાયનો પ્રવાહ તો અંતરમાં દ્રષ્ટિ મારી છે, જ્યાં વસ્તુ છે, ત્યાંથી આવે છે. આહા! એથી એને વિકલ્પની શ્રધ્ધાનો દોષ નથી. છે? આહાહા! ગણધર પણ સાંભળે છે. આહાહા! પણ એ સાંભળવામાં જે વિકલ્પ છે આહાહા! એના એને ભાનમાં છે કે આ વિકલ્પ છે, ને આ સાંભળું છું, માટે અંદરની ગુણની નિર્વિકારી પર્યાય થાય છે, એમ નથી અમે માનતા. આહાહા! ભારે વાત ભાઈ! એની દ્રષ્ટિમાં તો આ જે કાંઈ પર્યાય પ્રવહે નિર્મળ, એ દ્રવ્યથી, દ્રવ્યની મારી દ્રષ્ટિ છે. વસ્તુની મહાસત્તાની મને શ્રધ્ધા ને પ્રતીત થઈ છે. સ્વસન્મુખમાં, એમાંથી આવશે, એથી એ વિકલ્પ, સાંભળવાનો, એ મિથ્યાત્વ નથી. આહાહા! સમજાણું કાંઈ? આ આવી વાતો ભારે હેં! હા હોં, હા હોં, અત્યારે તો.

કહે છે કે ઈ સમ્યગ્દર્શનમાં પણ આવો જે વિકલ્પ ઉઠે, એ ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? સ્ત્રીના વિષય વખતે પણ સમકિતીને જે વિકલ્પ ઉઠયો છે તે એને દુઃખરૂપ ભાસે છે, આમાં મને મજા પડે છે એવી દ્રષ્ટિ તો ગઈ છે. આહાહા! મજા તો મારા આનંદસ્વરૂપમાં આવું છું ત્યારે મને મજા પડે છે, એવી ધર્મીને દ્રષ્ટિ હોવાથી, વિષયના ભોગકાળમાં પણ વૃત્તિ જે ઉઠી છે, એમાં મજા છે, એવું એ માનતો નથી આહાહા!

તેથી તે શ્રધ્ધાના ઉન્મત્તપણાનો દોષ નથી. આહાહા ! પણ અસ્થિરતાના, ચારિત્રનો દોષ છે. આહાહા ! શ્રધ્ધાદોષ અને ચારિત્રદોષ વચ્ચે મોટો આંતરો છે. સમજાણું કાંઈ ?

સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ છે, એ મારો છે, અને મને તેમાં મજા પડે છે, અથવા વિષયના કાળમાં, એ સ્ત્રીના શરીરના સંગથી, મને મજા પડે છે, એ મિથ્યાદ્રષ્ટિનો મિથ્યાત્વદોષ છે. આહાહા ! સમજાણું કાંઈ ? કાને પડયું કે આજ પાંચ લાખ પેદા થ્યા, સટ્ટામાં કે આ કાંઈ કહેતા હોય, મોટા ધંધા હોય તો થાય, એ સાંભળતા, એને હરખ આવે છે. આહા ! મને મળ્યા એ મિથ્યાત્વનો દોષ છે, પણ એ મળ્યા મને નથી, મારા પુણ્યને કારણે એ આવ્યા, એની જે વૃત્તિ ઉઠી, એની આસક્તિની મારા નહિં, ઈ એવી વૃત્તિ ઉઠી ઈ ચારિત્ર દોષ છે. આહાહા ! પોપટભાઈ ! આહાહા ! જ્ઞાનીને પણ અસ્થિરતાના કારણે તેવા વિકલ્પ ઉઠે છે, તેવી વૃત્તિ હોય છે, પણ અભિપ્રાયમાં, તેને, તેનો આદર નથી. આહાહા ! અરે આ મારી પુરુષાર્થની કમીને લઈને આ આવે આવ્યો. અભિપ્રાયમાં એનો આદર નથી. આહા ! ચાહે તો શુભ હો કે અશુભ હો. આ ધર્મદેશના, ભગવાનના ઘરની બાપુ આવી છે. આહાહા ! હેં ? આ વસ્તુ છે. અભિપ્રાયમાં તેને આદર નથી. આહાહા !

અશુભ ભાવ હો કે શુભ ભાવ હો, એ આશ્રવતત્ત્વ છે, એની જ્ઞાની ને એકતા નથી, એકતા નથી, પૃથકતા વર્તે છે. આહાહા ! આવો મારગ. પણ અભિમુખ, ત્યાં સુધી વિકલ્પ ઉઠે, ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાતું નથી. એવી જે વૃત્તિ ઉઠે, અસ્થિરતાની. આહાહા ! ત્યાં સુધી અંતરમાં નિર્વિકલ્પ આનંદની વેદનદશા થવી, એ થતી નથી, એટલું વિઘન કરે છે. હવે આંહી કહે છે કે, શુભ કરતાં કરતાં નિશ્ચય થાય, રાગ કરતાં કરતાં અરાગી દશા થાય, ઘણી વિપરીત માન્યતા હેં ? વહેવારથી નિશ્ચય થાય, એ ગોતે શાસ્ત્રમાંથી. આહાહા ! બાપુ ! એ તો વહેવાર ત્યાં હતો, કષાયની મંદતાનો તેનું લક્ષ છોડી દઈ, કોનું લક્ષ એણે છોડયું ? અને ક્યાં એ ગયો એ બતાવવા, ક્યાંક એમ કહ્યું હોય વહેવારથી આ. એ વહેવારનયના વચનો છે, જૂઠ્ઠી નયના વચન છે ઈ. આહા ! સમજાણું કાંઈ ? પણ અંદર ભગવાન આત્માને, સમ્યગ્દર્શન, જ્ઞાન ને, ચારિત્રનો જે લાભ થાય, એ તો અંતરમાંથી થાય છે. છે એમાંથી થાય છે ને ? નથી પર્યાય ને થઈ તો પણ તે ગુણ ને દ્રવ્યને સબંધે રાખીને થાય છે, એને છોડીને થતું નથી. આહાહા ! ભારે આવો ઉપદેશ ભઈ આવો. હેં ?

તેથી આચાર્યે વિકલ્પ તોડીને પૂજ્યપાદ સ્વામી, આચાર્ય, વીતરાગી સંત હતાં, આત્મ સ્વરૂપમાં લીન થવા માટે નિર્દેશ કર્યો છે, અને અંતરાત્માની ભૂમિકાના વિકલ્પોને ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્ત પણું કહ્યું છે. આહાહા ! અંતરાત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, એના ભાનની ભૂમિકામાં આહાહા ! એ વિકલ્પને ચારિત્રનું અપેક્ષાએ ઉન્મત્ત પણું કહ્યું

છે. સારો ખુલાસો કર્યો છે. સાધારણ માણસો પકડી શકે આ. આહાહા! શ્રીમદ્‌માંય આવે છે.

જ્ઞાની ને તે ઉન્મત્ત અવસ્થા, સ્વભાવ, તો પણ એનું ધ્યાન ત્યાં, એવી ભાષા આવે એ ચારિત્રની અપેક્ષાએ. પાઠ તો એવો હતો ને કોઈ વખતે આમાં હોય, બહારમાં એવું દેખાય છતાં એને અંતરમાં તો અંતરાત્મા તરફનું જ વલણ છે, એ છે શબ્દ, ખબર છે? કહ્યું છે આમાં, ઠીક આમ તો શ્રીમદ્‌ે ઘણું કહ્યું છે, પણ જરી આ બહારમાં રહી ગયું બધું. શ્વેતાંબર ને દિગંબરની ભિન્નતા રહી ગઈને જરી, એટલે લોકો પકડમાં, હવે એને છોડતા નથી એને. ભાઈ, આંહી તો મારગ જેવો વીતરાગતાનો કહ્યો એવો હોવો જોઈએ, હેં? આહાહા! ત્યાં તો એમ કહ્યું ને કે વસ્ત્રનો ધાગો રાખીને કે ટૂકડો રાખીને મુનિપણું માને 'નિગોદં ગચ્છઈ', નિગોદ જાશે. કેમકે એણે આખા નવેય તત્ત્વની વિપરીત દ્રષ્ટિ કરી નાંખી એમ કહ્યું. હવે એ વસ્ત્ર, પાત્ર, આટલા રાખવા, ને આટલા ધોવા, ને એને મુનિપણું. આહાહા! બહુ ભૂલ થઈ ગઈ પવૈયાજી! હવે તો શું કરે? હવે તો આવી ગ્યા, પહેલા મુખ્યપણે હતાં ન્યાં. આહાહા! એવો મારગ છે હોં, એવું વસ્તુનું સ્વરૂપ, આહાહા! સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે એ તો ચારિત્ર દોષ છે આને આંહિ બચાવ કરીને આ કહે, વસ્ત્ર, પાત્ર રાખવા, મૂર્છા ન રાખવી, કેમકે મૂર્છા, એ પરિગ્રહ કહ્યો છે. ભાઈ પ્રવચનસારમાં તો કહ્યું છે ભગવાન કુંદકુંદઆચાર્યે કે, પરની હિંસા, અહિંસામાં કદાચિત ભાવ ન હોય અને હિંસા થઈ, છતાં તો, એનો દોષ લાગે નહિં. અપ્રમત્તભાવ છે, પણ પરિગ્રહ તો એક કણ પણ, રાખે તો, પાપ બંધન છે એને, છે ને? આહાહા! એ પક્ષથી નથી કહ્યું, વસ્તુના સ્વરૂપમાં એ સ્થિતિ છે કે બાહ્ય પદાર્થને રાખવાની વૃત્તિ છે ત્યાં સુધી મુનિપણું નથી. આહાહા! અને બાહ્ય વસ્તુ છોડીને બેઠાં માટે મુનિપણું છે, એમેય નથી. ભારે વાત ભાઈ, હેં? આહાહા!

આ તો ભગવાન આત્મા, અંતર સ્વરૂપ આનંદનો જ્યાં અનુભવ છે, સમ્યક્ અનુભવ થયો છે, એનું સ્વસંવેદન જ્ઞાન થયું છે, સ્વને સન્મુખથીને, એને સ્વસન્મુખમાં સ્થિરતા થઈને, જે ચારિત્ર થાય, એને વિકલ્પ હોય તો, ૨૮ મૂળગુણનો હોય, એ ચારિત્ર દોષ, અને એની દશા હોય તો નગ્ન જ હોય, પણ એ નગ્નપણું અને વિકલ્પ છે, એ મુનિપણું છે, એમ નથી. આહાહા! ભારે વાત ભાઈ! ત્યાં તો કહ્યું છે, કે, ભાઈ જેનો આમાંજ આવશે આગળ કે, જેને બાહ્ય પરિગ્રહ ન હોય, એવો આગ્રહ, વેષનો, એ વેષનો આગ્રહ છે, તે પણ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? આવશે ગાથા આગળમાં, આગ્રહ હોય જેને કે આ હોય અથવા ન હોય, આ ન હોય, એવું નગ્નપણું તેનો આગ્રહ

હોય કે આનાથી મોક્ષ થશે એ આગ્રહ ખોટો છે, ઈ આગ્રહ છોડી દે. નગ્નપણું અને વિકલ્પ જે છે, પંચમહાવ્રતનો એ મોક્ષનું કારણ નથી. આહાહા! સમજાણું કાંઈ? છે અંદર હોં. ઈ ભાઈ કહેતા લાલન પંડિત લાલન લગાવતા. જુઓ, આમાં સમાધિશતકમાં એમ કહ્યું છે કે વેષનો આગ્રહ ન રાખવો કે નગ્ન જ પણું હોય, ૨૮ મૂળગુણ વિકલ્પ હોય, એવો આગ્રહ ન રાખવો, ગમે તે હોય, એમ નથી કહ્યું કીધું ત્યાં, સાંભળને. લાલન હતાં ને? તમારા ઘરમાં રહેતાં. આ ઈ એમ કહેતા, ખીચડો બહુ કરે ઈ. એ તો કહે છે કે એ નગ્નપણું અને વિકલ્પ જે છે વહેવારનો એ મુક્તિનું કારણ છે, એમ માને, એનો આગ્રહ છોડાવ્યો છે, પણ એથી નિમિત્ત બીજું હોય. સ્વરૂપની દ્રષ્ટિ અને ચારિત્ર અંદર પ્રગટયું અને એને વિકલ્પ મુનિપણા સિવાયનો, પંચમહાવ્રત સિવાયનો, બીજો હોય કે નગ્નપણાં સિવાય પણ હોય, એમ ન હોય એટલું સિધ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આમાં.

એ જ વિકલ્પાતીત (નિર્વિકલ્પ) સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે. આહાહા! ૨૦મી ગાથા. નિર્વિકલ્પ સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે. ૨૦.

**तदेव विकल्पातीतं स्वरूपं निरूपयन्नाह -**

**यदग्राह्यं न गृहणाति गृहीतं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम् ।। २० ।।**

ગ્રહે નહિં અગ્રાહ્યને, છોડે નહિં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેધ[૨]. ।।૨૦।।

**टीका : यत् शुद्धात्मस्वरूपं। अग्राह्यं कर्मोदयनिमित्तं क्रोधादिस्वरूपं। न गृहणाति आत्मस्वरूपतया न स्वीकरोति। गृहीतमनन्तज्ञानादिस्वरूपं। नैव मुञ्चति कदाचिन्न परित्यजति। तेन च स्वरूपेण सहितं शुद्धात्मस्वरूपं किं करोति? जानाति। किं विशिष्टं तत्?सर्वं चेतनमचेतनं वा वस्तु। कथं जानाति? सर्वथा द्रव्यपर्यायादिसर्वप्रकारेण। तदित्थम्भूतं स्वरूपं स्वसंवेधं स्वसंवेदनग्राह्यम् अहमात्मा अस्मि भवामि ।।२०।।**

શ્લોક ૨૦

તે જ વિકલ્પાતીત (નિર્વિકલ્પ) સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે :-

અન્વયાર્થ : (यत्) જે એટલે શુદ્ધ આત્મસ્વરૂપ (अग्राह्यं) અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિસ્વરૂપને (न गृहणाति) ગ્રહણ કરતું નથી અને (गृहितं अपि) ગ્રહણ કરેલાને અર્થાત્ અનંતજ્ઞાનાદિ ગુણોને (न मुञ्चति) છોડતું નથી તથા (सर्वं) સંપૂર્ણ પદાર્થોને (सर्वथा) સર્વ પ્રકારે એટલે દ્રવ્ય

૨. નિજવેધ - પોતાથી અનુભવવા યોગ્ય

- ગુણ - પર્યાયરૂપે (जानाति) જાણે છે, (तत् स्वसंवेद्य) તે પોતાના અનુભવમાં આવવા યોગ્ય ચૈતન્ય દ્રવ્ય (अहं अस्मि) હું છું.

**ટીકા** : જે એટલે શુદ્ધાત્મસ્વરૂપ છે, તે અગ્રાહ્યને અર્થાત્ કર્મોદય નિમિત્તે (થયેલા) ક્રોધાદિરૂપને ગ્રહતું નથી એટલે તેને આત્મસ્વરૂપપણે સ્વીકારતું નથી અને ગ્રહણ કરેલા અનન્તજ્ઞાનાદિ સ્વરૂપને છોડતું જ નથી એટલે ક્યારેય પણ તેનો પરિત્યાગ કરતું નથી. આવા સ્વરૂપવાળું શુદ્ધાત્મસ્વરૂપ શું કરે છે ? જાણે છે. શું જાણે છે ? સર્વ ચેતન યા અચેતન વસ્તુને (જાણે છે). કેવી રીતે જાણે છે ? તે સર્વથા અર્થાત્ દ્રવ્ય - પર્યાયાદિ સર્વ પ્રકારે (જાણે છે). તેથી આવું સ્વસંવેધ સ્વરૂપ એટલે સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું - આત્મા છું.

**ભાવાર્થ** : શુદ્ધાત્મા એ અનુભવગમ્ય ચૈતન્ય દ્રવ્ય છે. તે નહિ ગ્રહણ કરવા યોગ્ય રાગ - દ્વેષાદિને ગ્રહણ કરતું નથી, અને ગ્રહણ કરેલા આત્મિક ગુણોને - અનંતજ્ઞાનાદિ ગુણોને - છોડતું નથી. તે સંપૂર્ણ પદાર્થોને સર્વથા - દ્રવ્ય - ગુણ - પર્યાય સહિત - જાણે છે. 'જે નિજ ભાવને છોડતો નથી, કાંઈપણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે દેખે છે, તે હું છું - એમ જ્ઞાની ચિંતવે છે.' [૧]

## વિશેષ

આત્મા પર દ્રવ્યને જરા પણ ગ્રહતો નથી તથા છોડતો નથી કારણકે પર નિમિત્તના આશ્રયે થયેલા - પ્રાયોગિક ગુણના સામર્થ્યથી તેમજ સ્વાભાવિક - વૈસ્રસિક ગુણના સામર્થ્યથી આત્મા વડે પર દ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. [૩]

આત્માને પર દ્રવ્યનો ગ્રહણ - ત્યાગ કહેવો એ તો વ્યવહારનયનું કથનમાત્ર છે. નિશ્ચયનયે તો તે પર દ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કરી શક્તોજ નથી. જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે, ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે; તેને છોડવા પડતા નથી. અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે.

વળી આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય ત્યારે આત્માના જ્ઞાનગુણની પર્યાય પણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંત મહિમા છે કે તે અનંત દ્રવ્યોના અનંત ગુણોને અને તેમની ત્રિકાલવર્તી વિકારી - અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણ પણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે.[૪]

૩. જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવોજ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ – ગાથા ૪૦૬)

૪. જુઓ શ્રી પ્રવચનસાર ગાથા ૩૭,૩૮,૩૯,૪૧,૪૭,૪૮,૪૯,૫૧

જ્ઞાન પર પદાર્થોને જાણે છે - એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઇ જાય છે એવી જ્ઞાનની નિર્મળતા - સ્વચ્છતા છે.

વળી તે આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે અર્થાત્ પોતાના આત્માના જ અનુભવમાં આવે તેવું છે. ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્ય - ધ્વની પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી. જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવ - ગોચર છે. આત્મા પોતે જ તેને ઓળખી, અનુભવ કરી શકે.

એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યનાં તથા રાગાદિનાં ગ્રહણ - ત્યાગ નથી; તે સર્વજ્ઞ છે અને માત્ર સ્વાનુભવ-ગોચર છે. ૨૦

---

જે એટલે, આ શુધ્ધાત્મ સ્વરૂપ છે, શુધ્ધસ્વરૂપ, ચૈતન્યઘન, પ્રભુ નિર્મળાનંદનું, સહજ સ્વરૂપ છે આત્માનું, તે અગ્રાહ્ય ને કર્મોદય નિમિત્તે થયેલા ક્રોધાદિ રૂપને ગ્રહતું નથી. આહાહા ! કર્મના નિમિત્તે થયેલા રાગાદિ ભાવને ગ્રહતું નથી. આહાહા ! કો, રાગને જેણે ગ્રહ્યો નથી, એવું એ સ્વરૂપ છે, કહે છે, તો પર વસ્તુને ગ્રહી છે, તો છોડું છું એવું તો ત્યાં નથી ભાઈ. આહાહા ! એનો અર્થ એવો કરી નાંખે કોઈ, કે નગ્નપણું ન હોય, વિકલ્પ, પંચમહાવ્રતના ન હોય, વસ્ત્રનો વિકલ્પ હોય, વસ્ત્ર સહિત હોય તો પણ એને મુનિપણું આવે, હોય, એમ નથી. આહાહા ! ભારે વાતું, વસ્ત્ર છૂટી ગયા છે, નગ્નપણું થઈ ગયું છે, પંચમહાવ્રતના વિકલ્પ છે, માટે મુનિપણું છે, એમ નથી. સમજાણું કાંઈ ? કેમકે એણે રાગ ગ્રહ્યો જ નથી. આહાહા ! છોડે શું ? આહાહા ! શુધ્ધાત્મ ભગવાન પૂર્ણાનંદનો નાથ, જ્ઞાનનો, જ્ઞાનનો સાગર, ચૈતન્ય, જ્યાં જ્ઞાનની દશા જ ઉછળે છે, એના તરંગો જ્ઞાનની જાતના ઉઠે છે. આહાહા ! એવા ભગવાન આત્માએ, રાગને, પરને ગ્રહ્યું નથી. અગ્રાહ્ય છે. આહાહા !

કર્મોદય નિમિત્તે ક્રોધાદિરૂપને ગ્રહતું, એટલે તેને આત્મ સ્વરૂપે સ્વીકારતું નથી. શુધ્ધાત્મસ્વરૂપ છે એવું જ્યાં દ્રષ્ટિ ને સમ્યક્ થયું, એ કર્મના નિમિત્તે થતાં રાગાદિ એને આત્મસ્વરૂપપણે સ્વીકારતું નથી. કો, પંચમહાવ્રતના પરિણામ અને નગ્ન જડની અજીવની દશા, એને શુધ્ધ સ્વરૂપમાં સ્વીકારતો નથી, એ મારું નથી. સમજાણું કાંઈ ? આહાહા ! અને ગ્રહણ કરેલા અનંત જ્ઞાનાદિ સ્વરૂપને છોડતું નથી. આહાહા ! ભગવાન આત્મામાં અનંત જ્ઞાન સ્વભાવ, અન્વય શક્તિ ધ્રુવ, એવા અનંતજ્ઞાનને જે ગ્રહ્યું છે

એટલે અનંત જ્ઞાનમય છે, એને કોઈ દિ' છોડતું નથી. અગ્રાહ્યને ગ્રહતું નથી અને ગ્રહ્યું છે તેને છોડતું નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! આ આવો ઉપદેશ હશે આ? પણ લોકો હવે સાંભળે બાપુ! મારગ આવો છે ભાઈ! ચોર્યાશીના ભવભ્રમણમાં રખડી બાપુ દુ:ખી થ્યો છે, ભાઈ, મિથ્યાત્વને લઈને, નરકને નિગોદના ભવો કરી ને, અસહ્ય એવા દુ:ખોને સહ્યા છે, ભાઈ, તું ભૂલી ગ્યો. બહારના આ પથારા દેખી અને ભૂલી ગ્યો કે હું દુ:ખી હતો. હેં? આહાહા!

ક્યાંક શરીરથી, પૈસાથી, ઈન્દ્રિયોથી, ઈ ઠીકમાં, ભૂલી ગ્યો માળો. આહાહા! કહે છે કે, પણ એ જેને તું ઠીક કહો છો, તે ગ્રહ્યું નથી ને જીવે? આહાહા! અરે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને, ભગવાન શુધ્ધ સ્વરૂપે ગ્રહ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા! અને જે શુધ્ધ સ્વરૂપમાં, શુધ્ધ, જ્ઞાન, દર્શન, આનંદાદિ જે શક્તિઓ છે, એને કોઈ દિ' એણે છોડી નથી, ગુણીએ ગુણને છોડયા નથી. આહાહા! અને ગુણીએ રાગને પરવસ્તુને કોઈ દિ' ગ્રહી નથી. આહાહા! સમજાણું કાંઈ? છે ને? ગ્રહણ કરેલા અનંત જ્ઞાનાદિ સ્વરૂપને, ઓહોહો! વસ્તુ છે આત્મા, એ તો સ્વભાવવાન છે, પણ એનો સ્વભાવ અનંતજ્ઞાન, વર્તમાનમાં હો. જેનો જ્ઞાનસ્વભાવ, એને હદ શી? એને મર્યાદા શી? જેનો શ્રધ્ધા સ્વભાવ, એને હદ શી? જેનો આનંદ સ્વભાવ, એને મર્યાદા શી? આહાહા!

એવા આત્મામાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતદર્શન, અનંત સ્વચ્છતા, અનંત જીવતર શક્તિ વિગેરે, અનંતકર્તા, અનંતકર્મ એવી શક્તિઓ, એ જીવે છોડી નથી કોઈ દિ'. આહાહા! એ ગુણીએ, ગુણને છોડયા નથી અને એ ગુણીએ રાગને ગ્રહ્યા નથી. આહાહા! આવી વાતું છે ભગવાન. આહાહા! દાખલા ને દલીલ ને કથાઓ હોય ને તો હારું લાગે. હેં? આમ થ્યું ને રાવણે આમ કર્યું ને, ધ્યાન કર્યું ને, વિદ્યામાં લ્યો, હવે આ રામને કહ્યું મહારાજ, આ વિદ્યા સાધે છે, એવી વિદ્યા સાધે છે કે પછી સીતા નહિં મળે, રામ કહે છે કે એ વિદ્યા સાધવામાં ભગવાન પાસે બેઠો, એને અમે વિઘ્ન ન કરીએ. આહા. એક સીતા શું? એવી હજાર સીતા જાય, ન મળે, પણ અમે ન કરીએ, અમે તો પુરુષોત્તમ પુરુષ છીએ. આહાહા! સીતાને લેવા ગ્યા છે, ત્યારે ઓલો, વિદ્યા સાધે છે ભગવાન પાસે બેસીને, પેલા કહે સાહેબ, આ એવી વિદ્યા સાધે છે કે સીતા નહિં મળે પછી, એવી વિદ્યા સાધે છે ભાઈ! આહાહા!

જુઓ, પુરષોત્તમ પુરુષ, ધર્માત્મા, અંતરાત્મા છે ને? કોઈએ કહયું કે આમ કરે છે આ? અને તમે લેવા આવ્યા સીતા, વિદ્યાના સાધનમાં નહિં મળે. રામ કહે છે લાખ સીતા ન મળે, પણ કોઈની વિદ્યા સાધવામાં વિઘન કરીએ, અમારો સ્વભાવ

નથી હેં? આહાહા! જે થવાનું હશે તે થાશે. અંતે તો લક્ષ્મણ, વાસુદેવ છે ઈ, ગમે એ વિદ્યા એણે સાધી હોય પણ માર્યે જ છૂટકો એને, સીતા લીધે જ છૂટકો, એવી ખાતરી નથી એને? શાસ્ત્રથી સાંભળ્યું નથી એણે? કે વાસુદેવ પ્રતિવાસુદેવને મારે અને વાસુદેવ પ્રતિવાસુદેવનું રાજ્ય વાસુદેવને મળે, એ વાસુદેવ છે, હું બળદેવ છું આહાહા! બીજું ન થાય. આહાહા! જુઓ, એક અંતરાત્માની સ્થિરતા હેં?

વિકલ્પ આવ્યો છે, સીતા અહિં કેમ? લઈને કેમ આવ્યા? લઈને કેમ રાવણ લઈ ગ્યો? લીધે જ છૂટકો, છતાં આ વિઘન આવ્યું વચમાં, એને દૂર ન કર્યું. આહાહા! એ અમારી રીત હશે, એ પ્રમાણે લઈશું. હેં? લક્ષ્મણને રાવણ મારે છે, વિદ્યા, લક્ષ્મણ થઈ જાય છે અસાધ્ય. જુઓ, આ વિદ્યા અસાધ્ય, જુઓ, આ વસ્તુ. આહાહા! આવું અમે ત્યાં પાલેજમાં બોલતાં, પડિક્કમણું કરીએ ને પછી. આ તો ૬૪ - ૬૫ ની વાત છે. આવ્યાતા ત્યારે ત્રણ જણાને લક્ષ્મણ ને બોલે ઓલો (રાવણ) ઓલો રામ. આવ્યા'તા ત્યારે ત્રણ જણાને, જાશું એકાએક, માતા પાસે જઈશું, મરવા પડયા છે પ્રભુ, માતા, ભાઈ. માતાજી ખબરું પૂછશે, તેને શા, શા ઉત્તર દઈશું બંધવ, જાગને ઓ જી. બંધવ બોલ, બે એક વાર જી. એકવાર તો બોલ. ઈ ભાષા આમ ગોઠવી છે, પણ વાત તો એણે ત્યાં પાલેજમાં, પડિક્કમણું કરીએ ને ભાઈ, સજ્ઝાય બોલીએ પાઠ, આપણે ધર્મ કરીએ. એ પોપટભાઈ, દુકાન બંધ કરીને, પડિક્કમણું હોયને સાંજના, સાંજના (દુકાન) બંધ કરીને, પડિક્કમણું કરીએ ત્યારે બોલનારો હું, બીજું કોણ બોલે? બધાં સાંભળે બચારા, કંઠ પણ તે દિ' ઠીક હતો ને તો લોકોને. મુસલમાન કહે કાનજીભાઈ આ બોલો, લોટીયાની દુકાન હતી. આહાહા! અરે હું માતા પાસે એકલો જઈશ. પણ વાસુદેવ છે આ મારો ભાઈ, આ મરે નહિં કોઈ દિ', એમ અંદરમાં છે, પણ અસ્થિરતાના દોષને, ચારિત્રના કારણે, આ બધું ઊભું થાય છે. આહાહા. વાસુદેવ મરે નહિં કોઈથી. વાસુદેવ, પ્રતિવાસુદેવને મારે. રાજ્ય લીધે જ છૂટકો. શ્રદ્ધામાં તો છે, પણ ચારિત્રના દોષને કારણે આવા વિકલ્પ ઉઠયા છે. સમજાણું કાંઈ? છતાં કહે છે કે, વિકલ્પને સ્વભાવે ગ્રહ્યો નથી. હેં? આહાહા! હેં? આહાહા!

અને જે અનંત જ્ઞાનાદિ સ્વરૂપ, ભગવાન આત્માનું, એ છોડતો નથી, છોડયું નથી, એમ એણે અનુભવ કર્યો છે. આહા! મારી શક્તિનો સંહાર કોઈ કરી શકે, ત્રણકાળમાં નહિં. મારી શક્તિઓના સ્વભાવને મેં છોડ્યો નથી અને વિકલ્પને એ લક્ષ્મણ મારો ભાઈ કહું છું એ મેં ગ્રહ્યો નથી. આહાહા! સમજાણું કાંઈ? એ આ જ્ઞાનીની રીતું જુદી જાતની છે ભાઈ. હેં? દેખાય મિથ્યાદ્રષ્ટિ જે ક્રિયા કરે એવી, ક્રિયા લાગે એને આહાહા! કહે છે કે આત્મસ્વરૂપ પણે, રાગને ને શરીરને ને ભાઈને ને બાયડીને ગ્રહ્યા

નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! શું સમજ્યા આમાં ? ભાઇ, એ ચક્રદેવનો દીકરો. શું નામ કીધું ? અમર હેં ? અમરાવતી, ન્યાં આવું છે ન્યાં ? ઇ કહેતો તો ઇ. તે દિ' કહેતો તો ઇ કે આવું હાળું ન્યાં નથી. વાત સાચી બાપુ, આ તો વસ્તુ બીજી ભાઇ. આહાહા ! એ તપસીના દીકરાનો દીકરો. તપસીભાઇનો દીકરો ચક્રદેવ, એ એનો બાપ. ઇ કહેતો તો તે દિ' નહિં કે હાળુ, આવી વાત ક્યાંય નથી, સાંભળવા મળતું નથી. વાત સાચી ભાઇ. આહાહા !

કહે છે કે, પ્રભુ, ભગવાન આત્મા, જેમાં અનંતી શક્તિઓના સ્વભાવથી ભરેલો પ્રભુ, અનંત ગુણનો પિંડ, એકેક ગુણ, જે અપરિમિત, અનંત સત્ત્વના શક્તિવાળું ભગવાન આત્માએ જે ગ્રહ્યું છે, તે છોડયું નથી. એ ગ્રહ્યું છે તે છોડયું નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! ફાટ ફાટ થઈને અંદર ભગવાન જાગે, એવી છે આ તો વાતું હેં ? આહાહા ! તારાથી ન રહેવાય હવે છાનું ? એવો ભગવાન તું છો ને પ્રભુ ? આહાહા ! તારી શક્તિઓના પિંડ ને મેં છોડયો નથી, અને રાગને ને પર વસ્તુને, મેં ગ્રહી નથી. 'અગ્રાહ્યને ગ્રહી નથી અને ગ્રહણ છે તેને છોડી નથી'. ગજબ વાત છે. અસ્તિ, નાસ્તિ કરી છે. હેં ? અસ્તિ નાસ્તિ કરી ભાઈ. આહાહા !

ધર્મી આત્માને એ રીતે જાણે છે કે, સમ્યગ્દ્રષ્ટિ જીવ, સત્‌નો સાક્ષાત્ થયો છે, તે. જે તે સત્ દ્રષ્ટિવંત આહાહા ! સત્ છે ને એ, ગુણ ને દ્રવ્ય, એ સત્‌નું, જેને અંદર ભાન થયું છે આહા ! એ એમ માને છે કે મેં મારી સત્‌ની શક્તિઓ જે અનંત પડી છે, એને મેં કદી છોડી નથી. ગુણી ગુણને કેમ છોડે ? આહા ! અને એ ગુણી, જેમાં નથી, રાગ ને શરીર ને વાણીને પર, એ ગુણી કેમ ગ્રહે ? આહાહા ! સમજાણું કાંઈ ? એવો 'હું' આત્મા એમ કહે છે આ. છે ? એટલે ક્યારે પણ તેનો પરિત્યાગ કરતું નથી.

પોતાનું સ્વરૂપ શુધ્ધ છે, શુધ્ધ શક્તિઓ, આવા સ્વરૂપવાળું શુધ્ધાત્મ શું શું કરે છે ? ત્યારે કહે ગ્રહેલું છોડતો નથી અને નહિ ગ્રહેલું ગ્રહતો નથી. તો કરે છે શું ? આહાહા ! આ તો વીરના મારગ બાપા. એ કાયરના ત્યાં કામ નથી. હેં ? એ હીજડાના ત્યાં કામ નથી. લશ્કરમાં લડવા ગ્યોને, હીજડા ન્યાં જામનગરવાળા, પાછા ફર્યા. અહિં તો અંદર વીરના કામ છે અંદર. આહાહા ! કહે છે કે તે શું કરે છે ?

એ વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૨૮

## શ્લોક – ૨૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૭.૦૧.૭૫**

तदेव विकल्पातीतं स्वरूपं निरूपयन्नाह -

**यदग्राह्यं न गृहणाति गृहितं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ।। २० ।।**

ગ્રહે નહિં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય[૧]. ।।૨૦।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

આ સમાધિતંત્ર પૂજ્યપાદસ્વામી (૫૦૦) સીમંધર ભગવાન પાસે ગયે થે, જેમ કુંદકુંદ આચાર્ય ગયે થે, વૈસે આ ગયે થે. ઉસને આ સમાધિતંત્ર બનાયા હૈ, સમાધિશતક કહતે હૈ ને? સમાધિતંત્ર હૈ, ૨૦મી ગાથા ચલતી હૈ, ઉસકી **ટીકા** : થોડી

૧. નિજવેદ્ય - પોતાથી અનુભવવા યોગ્ય

ચાલી છે. જો આ શુદ્ધાત્મ સ્વરૂપ હૈ. ગુજરાતી હૈ, હિન્દી હૈ નવા બના હૈ ને. જો આ શુધ્ધાત્મા સ્વરૂપ હૈ વો અગ્રાહ્યને કર્મોદય નિમિત્તે હુઆ ક્રોધાદિરૂપને ગ્રહતું નથી, વો ભગવાન આત્મા શુધ્ધ સ્વરૂપ, દ્રવ્ય સ્વભાવ, એ કર્મના નિમિત્તે હોનેવાલા, શુભ અશુભભાવ વિકારી, ઉસકો સ્વભાવ ગ્રહતા નહિં, સ્વભાવમેં યહ હૈ નહિં આહાહા! સમજમેં આયા ?

જો સમ્યગ્દર્શન, જિસકા વિષય શુધ્ધ આત્મા, વો શુધ્ધ આત્મા, રાગાદિ કો ગ્રહતે નહિં ઔર અપની અનંત જ્ઞાન, દર્શન શક્તિ હૈ, ઉસકો કભી છોડતે નહિં આહાહા! હૈ? કર્મોદય નિમિત્તથી વિભાવ ભાવ, હૈ વો તો કર્મના નિમિત્તકા સંગે, વો અપનેસે હોતા હૈ, પણ સ્વભાવ કે સંગસે, પુણ્ય - પાપકા ભાવ હોતા નહિં, હોતા હૈ નિમિત્ત કે સંગ કરનેસે, આહા! શુભ ને અશુભભાવ, ક્રોધ શબ્દ ક્યોં કિયા કે, સ્વરૂપકી રૂચી છોડકર, જો વિકાર કી રૂચી કરતે હૈ, ઉસકો સ્વભાવ પ્રત્યે ક્રોધ હૈ, યે કર્તા કર્મમેં આયા હૈ સમયસાર, જરી સૂક્ષ્મ બાત હૈ, ભગવાન મૂળ ચીજ જ સમ્યગ્દર્શન, ક્યા ચીજ હૈ ઔર સમ્યગ્દર્શન કા વિષય ક્યા હૈ? ઉસકા આશ્રય લેનેકી ચીજ ક્યા હૈ? અને ઉસકા ચૈતન સ્વરૂપ ધ્રુવ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, એકરૂપ નિયમ ત્રિકાળ. આહાહા!

જો અગિયારમી ગાથામેં આયા હૈ સમયસાર. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठीहवदि जीवो**', સમયસાર કુંદકુંદ આચાર્ય અગિયારમી ગાથા કા પહેલા પદ - ભૂતાર્થ, એક સમયમેં આત્મા, સત્યાર્થ, ત્રિકાળ, ભૂતાર્થ ધ્રુવ, સ્વભાવ જો નિત્ય હૈ, ઉસકે આશ્રય સે, ઉસકે સન્મુખ હોને સે, ઔર નિમિત્ત ઔર રાગ ઔર પર્યાય કી દ્રષ્ટિ સે વિમુખ હોકર આહાહા! સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ. ધર્મકી પહેલી સીઢી, ધર્મકા પહેલા સોપાન. આહાહા! તો કહતે હૈ કિ વો ચીજ, જો સમ્યગ્દર્શન જિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ, યે ચીજ કૈસી હે? આહાહા! સૂક્ષ્મ હૈ ભગવાન. થોડી વાત. અત્યારે બહોત પ્રવૃત્તિ બાહર કી ચલતી હૈ, અને બાહરસે હોતા હૈ, ઐસા માન રખા હૈ, તો યે ચીજ ઐસી નહિં.

તો કહતે હૈ, કી સમ્યગ્દર્શન, વો ચીજ કોઈ, વિકલ્પસે પ્રાપ્ત હોતા હૈ આત્મા, નિમિત્ત સે હોતા હૈ, કે રાગસે હોતા હૈ, વહેવારસે, ઐસા હૈ નહિં, વો તો શુધ્ધ, ચૈતનધન પૂર્ણાનંદ, ઉસકા આશ્રય કરને સે, ઉસકી સન્મુખતા કરને સે, સમ્યગ્દર્શન હોતા હૈ, યે ત્રિકાળી એક નિયમ, સોઈ સમ્યગ્દર્શન કા જો વિષય, યે ચીજ કૈસી હૈ? કહતે હૈ કી અગ્રાહ્ય કર્મકા નિમિત્તસે, અપને મેં, અપને કારણ સે, પુણ્યને પાપકા ભાવ જો હૈ, યે વિકાર હૈ, યે વિકાર કો, કભી શુધ્ધ સ્વભાવે ગ્રહ્યા નહિં હૈ, હૈ પાઠ? 'અગ્રાહ્યં ન ગૃહણાતિ' આહાહા! જે ગ્રહવા લાયક નહિં, ભગવાન, શુધ્ધ ચૈતન સ્વરૂપ, પૂરણઆનંદ

અને જ્ઞાનસ્વરૂપ વો, રાગ કો ગ્રહને લાયક ચીજે નહિં, આહાહા! ઉસકા અર્થ કે વહેવાર કા જો ભાવ હૈ, રાગ, ઉસકો વો ગ્રહતે નહિં આહાહા! અગ્રાહ્યં હૈ ન? પહેલો શબ્દ હૈ **યત્ અગ્રાહ્યં** જો ભગવાન શુધ્ધ ચૈતન સ્વરૂપ, નિત્યાનંદ, જિસમેં અનંત, બેહદ જ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય ઐસી ઐસી અનંત શક્તિઓ, ગુણો, સ્વભાવો, જિસમેં સ્વભાવમેં, ઐસા સ્વભાવ પડા હૈ, આહા! ઐસી ચીજ, વો રાગ કો ગ્રહતી નહિં. આહાહા! સમજમેં આયા?

રાગ શબ્દે વહેવાર, જો દયા, દાન, વ્રત, ભક્તિ વહેવાર રત્નત્રયકા વિકલ્પ આતા હૈ. હોતા હૈ જબલગ વીતરાગ સ્વભાવ પૂરણ ન હો, તબલગ જ્ઞાની કો ભી ઐસા શુભભાવ આતા હૈ, પણ વો સ્વભાવે, ઉસકો, સ્વભાવ, વિભાવ ગ્રહ્યા નહિં આહાહા! ધર્મી જીવ તો યે ગ્રહ્યે બિના, પૃથક્ રખકર, ઉસકો જાનતે હૈ, આવી વાત ભારે કઠણ બાપુ, આહાહા! સમજમેં આયા?

શુધ્ધાત્મ સ્વરૂપ હૈ, વો અગ્રાહ્ય નામ, કર્મોદય, નિમિત્તસે વિકાર કા ગ્રહતા નહિં ઓહોહો! જો બારમી ગાથામાં કહા કે, સમ્યગ્દર્શન તો સ્વભાવ કે આશ્રય સે ઉત્પન્ન હુઆ વો અગિયારમીમેં કહા, બારમીમેં કહા, વહેવાર, આ જાના હુઆ પ્રયોજનવાન હૈ, રાગાદિ આતા હૈ, પણ વો જાના હુઆ પ્રયોજનવાન હૈ, આદરણીય, હૈ નહિં આહાહા! **यदात्वे प्रयोजनवान** ઐસા સંસ્કૃત મેં હૈ ૧૨મી ગાથા સંસ્કૃતમેં ઐસા હૈ. **यदात्वे** તે કાળે, યે રાગ આતા હૈ, જાનને લાયક હૈ, સ્વભાવ ઉસકો ગ્રહતે નહિં અર્થાત્ સ્વભાવ ગ્રહતે નહિં તો સ્વભાવ દ્રષ્ટિવાન સમકિતી ભી ઉસકો સ્વીકાર નહિં કરતે હૈ, આહા! સમજમેં આયા? ઐસી ચીજ હૈ શેઠ આહાહા! બહુ ચીજ બાપુ. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર મહાપ્રભુ ઉસકા આ હુકમ હૈ, આ આદેશ હૈ આહાહા!

ભગવાન! તેરી ચીજ ક્યા હૈ? યે તો શુદ્ધ, આનંદઘન, શુદ્ધ સ્વરૂપી, સ્વરૂપ તો આનંદઘન હૈ. આહાહા! ઐસા શુધ્ધ સ્વભાવી ભગવાન, યે બીચમેં રાગ, પરમાત્મા, જબલગ સર્વજ્ઞ ન હો, આત્મા તબલગ રાગ આતા હૈ, ભક્તિકા, દયાકા, દાનકા ભાવ આતા હૈ, પણ વો સ્વભાવ ઉસકો ગ્રહતે નહિં ઔર સ્વભાવકી દ્રષ્ટિવંત પણ, અપના માનતે નહિં, સ્વીકાર કરતે નહિં. આહાહા! જાનતે હૈ કિ 'હૈ'. સમજમેં આયા? આહાહા! ગ્રહતા નહિં અર્થાત્ ઉસકો આત્મસ્વરૂપપણે સ્વીકાર નહિં. આહાહા! આત્મસ્વરૂપ, યે શુધ્ધ ચૈતનઘન, આનંદકંદ જ્ઞાયક, ઐસા આત્મસ્વરૂપપણે વસ્તુ, રાગ આતા હૈ, ઉસકો ગ્રહતે નહિં, આત્મસ્વરૂપપણે સ્વીકારતે નહિં, શ્રીપાલજી, આવી વાત બહુ કઠણ જગતને. બહારમાં, એ વિકલ્પો ક્યા ચીજ હૈ? ઐસે સમ્યગ્દર્શન કરના વો

અપૂર્વ ચીજ હૈ ભાઈ. બાકી તો બહોત કીયા અનંતબૈર. સમજમેં આયા ? આહાહા !

કહતે હૈ કે, વસ્તુ જો હૈ સમ્યગ્દર્શન કા વિષય અથવા જિસકે આશ્રય સે સમ્યગ્દર્શન હોતા હૈ વો ચીજ, શુધ્ધાત્મા સ્વરૂપ, ઉસને રાગ કો કભી સ્વીકાર નહિં કીયા, અંતરમેં ગ્રહ્યા નહિં, આહાહા ! આત્મસ્વરૂપ એ રાગ કો સ્વીકાર નહિં કરતે હૈ કે, મૈં 'હું'. આહા ! ક્યોંકી વો રાગ કી ક્રિયા હૈ, વો આશ્રવકી ક્રિયા હૈ, રાગ આશ્રવ હૈ આહાહા ! અને ભગવાન આત્મા, આશ્રવ સે, જ્ઞાયકભાવ ભિન્ન હૈ. આહાહા ! સમજમેં આયા ? આ તો વાત ભગવાનકી અપૂર્વ વાત હૈ પ્રભુ, યે બહારસે પકડ લિયા હૈ, ને કે ઐસે, ઐસે નિમિત્ત સે હો જાતા હૈ ને, વહેવારસે હોતા હૈ ને, યે વસ્તુકા સ્વરૂપ હી ઐસા નહિં હૈ, એમ કહેતે હૈ અહિં તો આહાહા ! પોપટભાઈ ! આહા ! આ દાન કરે બહુ પાંચ પચાસ લાખના ભાઈ, એટલું તો ન કરે, પણ પાંચ, પચાસ હજારનાં ગણી ને કરે, પચાસ હજાર રૂપિયા આપ્યા તમે ત્યાં વઢવાણ, તો કહે બે કરોડ માંથી પચીસ લાખ આપી દે ? પણ આપે તો એમાં રાગની મંદતા કરે તો ઈ પુણ્ય શુભભાવ હૈ, આહાહા !

એ આત્મસ્વરૂપ જો દ્રષ્ટિ કા વિષય હૈ, યે આત્મસ્વરૂપે રાગકો ગ્રહ્યા નહિં. એ ગિરધરભાઈ, ગિરધરભાઈને નહોતા ન્યાં આપવા, પણ આતો, માંડ માંડ. વળી ભેગું થઈ ગયું પછી, બેઠાં'તા ત્યાં, વળી ૫૦ હજાર પોપટભાઈ અને ૫૦ હજાર કોણ ? તલકશીભાઈ. મકાન મંદિર હોતા હૈ ને ? ભગવાનનું દિગંબર મંદિર, ત્યાં તો કોઈ દિગંબર થા હિ નહિં ને કાઠિયાવાડમેં નયા મંદિર બનતા હૈ ને ? ત્રિસેક તો મંદિર બને હૈ. આ બન ગયા હૈ વો ભી ઉસકે કારણસે હો, યે પુદ્‌ગલ કી પર્યાય કિ રચના પુદ્‌ગલ કે કારણ સે પરાવર્તન હોકર બની હૈ, બનાનેવાલા એમ કહે કે, મૈં બનાયા, ઐસા હૈ નહિં, શુભભાવ હો, શુભભાવ હો સમજમેં આયા ?

પણ આંહિ તો કહતે હૈ આહાહા ! ભગવાન આત્મસ્વરૂપ હૈ, ઉસને આત્મસ્વરૂપ પણે, રાગ કો સ્વીકાર નહિં કરતે હૈ. આહાહા ! હૈ ? પાઠ કા અર્થ હૈ સંસ્કૃતમેં હૈ જુઓ **कर्मोदयनिमित्तं क्रोधादिस्वरुपं ! न ग्रहणाति आत्मस्वरुपतया न स्वीकरोति !** સંસ્કૃતમેં હૈ. ૨૦ - ૨૦ ગાથા. સમજમેં આયા ? અને ગ્રહણ કરેલા અનંત જ્ઞાનાદિ સ્વરૂપને છોડતું નહિં. આહાહા ! વસ્તુ જો આત્મા હૈ, વસ્તુ ક્યોં કહા ? ગોમટસારમેં કહા હૈ, કે વસ્તુ ક્યોં કહા ? કે ઉસમેં અનંત જ્ઞાન, અનંત દર્શન, આદિ શક્તિયાં વસતી હૈ, રહેતી હૈ માટે વસ્તુ કહતે હૈ, આ કંઇ વસ્તુ - જીસમેં અનંત શક્તિયાં વસી હૈ, ગોમટસારમેં હૈ, આહાહા ! આ વાસ્તુ કરતે હૈ ને વાસ્તુ ? આ મકાન કા. તો મકાન મેં વાસ્તુ કરતે હૈ, કે જંગલમેં ઝાડ ઉપર કરતે હૈ ? એમ વસ્તુ, ભગવાન આત્મા, નેમીચંદ સિધ્ધાંત ચક્રવર્તી, ગોમટસારકા

કરનેવાલા કહતે હૈ, વસ્તુ ક્યોં કહી ? ભગવાન આત્મા કો વસ્તુ ક્યોં કહી ? એમ રજકણ, પરમાણુ કો ભી વસ્તુ ક્યોં કહી ? કે જીસમેં અનંત ગુણ વસતે હૈ, રહતે હૈ, નિવાસ કરતે હૈ આહાહા ! સમજમેં આયા ? એ વસ્તુ હોં, તમારું મકાન, વસ્તુ નહિં. એ ઈયાં લઈ જવાના છે ને વાસ્તુમાં. કો સમજાણું કાંઈ ? આહાહા !

પ્રભુ, પણ કહેવાય, અત્યારે રામજીભાઈના દીકરાને, એમ કહે છે કે એક દિ' ત્યાં રહેવું, અમારા ચંદુભાઈ ન્યા રહેવા જશે હેં ? નવું મકાન બનાવ્યું છે, ક્યાં ? ગ્યા ? મકાન બનાવ્યું છે, કોણ બનાવે આ ? ગજબ વાત હૈ પ્રભુ. એ રજકણની પુદ્‌ગલ પર્યાય જો હૈ, વો ઉસકી જન્મક્ષણ હૈ, ૧૦૨ ગાથામાં આ ગયા હૈ, પ્રવચનસાર, પ્રવચનસાર મેં અમૃતચંદ્ર આચાર્ય મહારાજ સ્પષ્ટ કરતે હૈ કે યે પુદ્‌ગલ જો જડ હૈ, વો સમય ઉત્પન્ન હોને કા ક્ષણ હૈ, તો ઉસકા કાળે, ઉત્પન્ન, પર્યાય ઉત્પન્ન હોતી હૈ, પર કે કારણસે ઉત્પન્ન હોતી હૈ, ઐસા હૈ નહિં. આહાહા ! ઔર અંદર વિકલ્પ આતા હૈ રાગ, અશુભ કે શુભ કોઈ પણ. તો કહતે હૈ કે આત્મસ્વરૂપપણે સ્વીકાર નહિં ઉસકા, ક્યોંકી આત્મ સ્વભાવ નિત્યાનંદ, શુદ્ધ, ઉસમેં રાગ કા પ્રવેશ નહિં ઔર શુધ્ધ સ્વભાવ કા, રાગ કો પક્કડ નહિં. આહાહા ! અરે, આવી ચીજ હૈ, ભગવાન પૂર્ણાનંદ ઉસકી ખબર નહિં, અને ધર્મ હો જાતા હૈ. આહાહા !

અનાદિકાળસે ભ્રમમેં પડા, ને તત્ત્વકી બાત સુની નહિં, આહા ! ભારે ! કહતે હૈ, કે ગ્રહણ કર્યા હુઆ, અનંત જ્ઞાન, જ્ઞાન હૈ ને અંદર ? સ્વભાવ અનંત હૈ કેવલજ્ઞાન કિ પર્યાય જો હૈ, કેવલજ્ઞાન જો હૈ વો પર્યાય હૈ, કેવલજ્ઞાન ગુણ નહિં,અરિહંતકો જો કેવલજ્ઞાન હોતા હૈ, એ પર્યાય હૈ, ગુણ નહિં, ગુણ ઉત્પન્ન હોતા નહિં, ઉત્પન્ન હોતા હૈ એ પર્યાય ઉત્પન્ન હોતી હૈ, તો ઐસી કેવલજ્ઞાન કિ પર્યાય, ઐસી અનંત, અનંત પર્યાય, જ્ઞાન ગુણ મેં પડી હૈ. આહાહા ! જ્યારસે કેવલજ્ઞાન હોતા હૈ તો, અનંતકાળ, નયા, નયા ઉત્પન્ન હોતા હૈ, યે વો ને વો પર્યાય નહિં રહેતી, એક સમય, જો કેવલજ્ઞાન આયા, તો દુસરે સમય વો નહિં રહેતી, દુસરે સમય વ્યય હોકર, દુસરે સમય દુસરા કેવલજ્ઞાન કી પર્યાય, પર્યાય હૈ ને ? તો પર્યાય ઉત્પાદ વ્યયવાળી હોતી હૈ, ગુણ ઉત્પાદ વિના કા ધ્રુવ રહેતે હૈ આહાહા ! સમજમેં આયા ?

તો વો કેવલજ્ઞાન કી પર્યાય, એક સમયમેં, પૂર્ણ તીન કાળ, તીન લોકકો દેખતે હૈ, એમ કહેના વહેવાર કિ બાત હૈ, ઐસી પૂર્ણ પર્યાય, દુસરે સમય, તીસરે સમય, ચોથે સમય, અનંતકાળ તક, જ્યારસે કેવળજ્ઞાન હુઆ, નયી નયી કેવળજ્ઞાન અનંતકાળ રહેગા, તો ઐસી અનંતકાળ કિ જો પર્યાય, ઉસકા પિંડ જો જ્ઞાનગુણ હૈ આહાહા ! સમજમેં

આયા ? એ જ્ઞાનગુણે રાગકો પકડ નહિં કીયા કભી, એ અનંતજ્ઞાન સંપન્ન પ્રભુ આત્મા હૈ, એ જ્ઞાન અનંત, ઐસી શ્રધ્ધા અનંત, શ્રધ્ધા ગુણ કી જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ, ક્ષાયિક, ક્ષાયિક પણ વો ક્ષાયિક કી પર્યાય કી સમય એક હૈ, દુસરે સમય ક્યોં કી પર્યાય હૈ ને ? રહેતી હૈ ક્ષાયિક, સાદિઅનંત, પણ વો ને વો પર્યાય સાદિ અનંત રહેતી હૈ ઐસા નહિં. આહાહા ! સમજમેં આયા ?

દ્રવ્ય અને ગુણ અને પર્યાય કી ક્યા ચીજ હૈ, ઉસકા જ્ઞાન વિપરીત હો ગયા, અને ધર્મ હો જાતા હૈ, ઉસકો માનતે હૈ જગત અનાદિ, સે ક્યા કરે ? કહેતે હૈ કિ સમકિત કી ક્ષાયિક પર્યાય, આહાહા ! એ પર્યાય એ ક્ષાયિક સમકિત ભી પર્યાય હૈ. આહા ! એ ક્ષાયિક સમકિત પડતે નહિં, પણ ક્ષાયિક સમકિત કી પર્યાય હૈ એક સમય મેં એક, દુસરે સમયમેં દુસરી, તીસરે સમયમેં તીસરી ક્યોંકી ઉત્પાદ નયા નયા હોતા હૈ, ઐસી ક્ષાયિક સમકિત કી પર્યાય જો ઉત્પાદ અનંતી, ઐસા શ્રધ્ધાગુણ મેં અનંતી પર્યાય પડી હૈ. શ્રધ્ધાગુણ જો હૈ યે અનંતી પર્યાય પડી હૈ શ્રધ્ધા અનંત હૈ, જ્ઞાન અનંત હૈ, આનંદ અનંત હૈ, વીર્ય અનંત હૈ. આહાહા ! સમજમેં આયા ?

ઐસે અનંત જ્ઞાનાદિ, આદિ એટલે અનંત લિયા હૈ, અનંત શક્તિ હૈ ને ? અનંત શક્તિયાં જીવતર શક્તિ, ચિતિ શક્તિ, દશિ શક્તિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ ઐસિ ૪૭ શક્તિકો સમયસારમેં આખીરમેં લિયા હૈ, ઐસી ઐસી અનંત શક્તિયાં પ્રભુ આત્મામેં હૈ વો એક એક શક્તિ અનંત હૈ ઐસા અનંતાદિ શક્તિવાળા આત્મા અપની શક્તિ કો કભી છોડા નહિં, નિગોદમેં રહા પણ અનંત શક્તિ કો કભી છોડા નહિં. આહાહા ! નિગોદ અક્ષરમેં અનંતમેં ભાગે જીસકી પર્યાય કી વ્યક્તતા હૈ, નિગોદજીવને અક્ષર એટલે કેવળજ્ઞાન જીસકી અનંતમાભાગ કી પર્યાય ક્ષયોપક્ષમ વ્યક્ત હૈ પણ ઉસમેં જો ગુણ હૈ અનંત ઉસકા તો કભી ચ્યુત હુઆ હી નહિં. આહાહા ! સમજમેં આયા ?

આંહી કહતે હૈ અનંત જ્ઞાનાદિ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત સર્વજ્ઞ, અનંત સર્વદર્શિ એવી સ્વરૂપને એ છોડતે નહિં, ભગવાન આત્મા અનંત શક્તિ કો કભી છૂટયા હૈ, છૂટ હુઆ હૈ ઐસા હૈ નહિં. આહાહા ! સાતમી નરકમેં અનંતબૈર આયા ઉપજ્યા રવ રવ નરક તો કોઈ થા નહિં પણ અપની અનંત શક્તિસે ઉસે કુછ નહિં હુઆ હૈ સમજમેં આયા ?

પર્યાય મેં ફેર હૈ, વસ્તુ જો શક્તિઓ તો ઐસી ને ઐસી હૈ આહાહા ! તો

વો કહેતે હૈ અનંત જ્ઞાન આદિ સ્વરૂપ કા છોડતે નહિં, અર્થાત્ ક્યારે પણ ઉસકા પરિત્યાગ કરતે નહિં, આ તો સમજાય ઐસા હૈ, શેઠ બહુ ઐસા બહુ ઝીણા નહિં હૈ. આહાહા! આવા સ્વરૂપવાળો શુધ્ધ આત્મસ્વરૂપ ક્યા કરતે હૈ? કહેતે હૈ કે ઐસા શુધ્ધ સ્વરૂપ જો પ્રભુ અપના શુધ્ધ સ્વરૂપ અનંત ઉસકો કભી છોડતે નહિં અને રાગકો આત્મસ્વરૂપ તરીકે સ્વીકાર કરતે નહિં, તો ઐસા ક્યા કરતે હૈ? જાનતે હૈ. હૈ ને? જો તીજા પદમેં હૈ મૂળ શ્લોક:

શ્લોક ૨૦*

**तदेव विकल्पातीतं स्वरूपं निरूपयन्नाह -**

**यदग्राह्यं न गृहृणाति गृहितं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम् ।। २० ।।**

ગ્રહે નહિં અગ્રાહ્યને, છોડે નહિં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય[1]. ।।૨૦।।

---

આહાહા! ઐસે ભગવાન આત્મા જાનતે હૈ, ક્યા જાનતે હૈ? સર્વ ચેતન ને અચેતન વસ્તુ, સર્વ ત્રિકાળ અચેતન હો, અનંત, અચેતન અનંત હૈ, રજકણ પરમાણુ સબકો, ભગવાન આત્મા, અપના સ્વરૂપકો છોડતે નહિં, રાગકો સ્વીકાર કરતે નહિં, પણ અનંત કો જાનતે હૈ. આહાહા! વહેવાર જાણેલો પ્રયોજનવાન વો ભી આ ગયા ઉસમેં. હૈં? આહાહા! પૂર્વાપર વિરોધ રહિત, સંતોકી શૈલી, ધારા શાસ્ત્રોકી, દિગંબર, અલૌકિક બાત હૈ. આહાહા! અલૌકિક બાત હૈ, ઐસી બાત ક્યાંય દુસરા સંપ્રદાયમેં બાત ઐસી હૈ નહિં ભાઈ, આ તો સર્વજ્ઞ પરમાત્માકા કેડાયત હૈ, ઉસકે કેડે, કેડે ચાલતે, કેડે સમજે, અનુસરીને ચાલવું. આહાહા! એ સંત કહેતે હૈ કિ, તેરે ભવકા અંત લાના હો, તો જીસમેં ભવ હૈ નહિં, અને ભવકા ભાવ જીસને ગ્રહ્યા હી નહિં. આહાહા! ભવકા ભાવ તો શુભ અશુભ ભાવ હૈ. શુભ ભાવસે સ્વર્ગ ને મનુષ્ય મિલતા હૈ, અશુભ ભાવસે નરક ને તિર્યંચ હોતા હૈ, તો શુભાશુભભાવ, શુધ્ધસ્વરૂપે સ્વીકાર કીયા નહિં, ઉસમેં આયા હિ નહિં. આહાહા! ઓ આત્મા ક્યા કરતે હૈ? કે સર્વ ચેતન, અચેતન, વસ્તુકો જાનતે હૈ. ક્યોંકી ઉસકા જ્ઞાન સ્વભાવ હૈ, તો પરકા ગ્રહણ નહિં, અપના ત્યાગ નહિં, પણ કરતે હૈ ક્યા ત્યારે? કિ જાનતે હૈ. ભગવાન સર્વજ્ઞ હો, ઉસકો ભી આત્મા જાનતે હૈ, ઔર નિગોદકા જીવ હો ઉસકો ભી, આત્મા જાનતે હૈ, એક પરમાણુ હો ઉસકો ભી જાનતે હૈ,

અનંત રજકણકા પિંડ, સ્કંધ હો અચેત, માખણ આદિ હોતા હૈ, ઉસકો જાનતે હૈ. આહાહા! પ્રભુ આત્મા કા કર્તવ્ય તો જાનના એક હૈ. આહાહા! સમજમેં આયા?

પૂજ્યપાદ સ્વામી ગજબ કામ કરતે હૈ, આહાહા! એક એક શ્લોકમેં કિતના ભર દીયા હૈ. ગંભીર વાણી, જૈસે ગણધરકી, ભગવાનકી વાણીમેં સે, ગણધર શાસ્ત્ર બનાતે હૈ, ગંભીર વાણી હૈ, ઐસે આ સંતોએ ગંભીર વાણી કીયા હૈ, કહેતે હૈ સર્વ ચેતન ને અચેતન જાનતે હૈ. વસ્તુ ને વસ્તુ. કેવી રીતે જાણે? કિસ પ્રકારસે જાનતે હૈ? કે સર્વથા. આહાહા! કેવળજ્ઞાન હોય તબ પ્રત્યક્ષ ઔર શ્રુતજ્ઞાન મેં પરોક્ષ ઈતના ફેર હૈ, કે સર્વથા દ્રવ્ય પર્યાયાદિ સર્વ પ્રકારે જાનતે હૈ, આહાહા! દુસરી અનંતી ચીજ હૈ, એક હી આત્મા હૈ, ઐસા નહિં, અનંત આત્મા હૈ, અનંત નિગોદકા જીવ હૈ, ઔર જીવ કી સંખ્યા કરતાં, પરમાણુકી સંખ્યા, અનંત ગુણી હૈ, પુદ્‌ગલ અનંતગુણા હૈ, આરે પણ આહાહા! સબકો આહાહા! જાનતે હૈ,

આગે કહેતે હૈ, પરકો જાનતે હૈ યે કહેના યે, વહેવાર હૈ, પણ પરકો જાનને કી શક્તિ અપનેમેં હૈ, ઉસકો જાનતે હૈ. આહાહા! ભારે, ભાઈ માર્ગ ઐસા. સર્વથા હૈ ને પાઠ? સર્વમ્ ચોથા પદ હૈ, સર્વમ્. 'સર્વથા સર્વમ્' ભગવાન આત્મા, સ્વરૂપ અપના અનંત શુધ્ધ હૈ, ઉસકો કભી ચ્યુત હુઆ નહિં ઔર રાગકો કભી ગ્રહ્યા નહિં ઔર જાનને મેં અનંત પદાર્થ, સર્વથા ને સર્વમ્, સર્વમ્ ત્રિકાળ દ્રવ્ય, ગુણ, પર્યાયકા જાનનેવાલા, ભગવાન આત્મા હૈ. આહાહા! યે વેપાર કરનેવાલા હૈ નહિં, ઐસા હૈ નહિં. ઉસકા તો જાનનેવાલા હૈ, એમ કહેતે હૈ. કહો પોપટભાઈ ત્યારે શું કર્યું અત્યાર સુધી આ બધું? રાગ કર્યો. બાપુ આહાહા! અહિં તો પરમાત્મા તેરી ચીજ કી જાતકા સ્વરૂપ ક્યા? એ તો અનંતજ્ઞાન સે ભરા પદાર્થ હૈ પ્રભુ. વો અનંતજ્ઞાનકા સ્વભાવમેં જબ દ્રષ્ટિ હુઈ, અપના સ્વભાવકા સ્વીકાર હુઆ, તો વિકારકા અસ્વીકાર હુઆ, તો વિકારમેં પરકા, જાનનેવાલા રહા. આહાહા! સમજમેં આયા?

સર્વથા દ્રવ્ય ને પર્યાય, કોઈ પર્યાય ને કોઈ દ્રવ્ય બાકી નહિં તીનકાળ, તીનલોકકા દ્રવ્યપર્યાય. આહાહા! શ્રુતજ્ઞાન મેં ભી ઐસી તાકાત હૈ. ભાવશ્રુતજ્ઞાન જો અપના દ્રવ્ય કે આશ્રયસે સ્વસંવેદન જ્ઞાન હુઆ, વો કહેગા આગે, મૈં તો સ્વસંવેદ્યમ્ હું.

---

* जो णिय भाउ ण परिहरइ जो पर-भाउ ण लेइ ।
जाणइ सयलु वि णिच्चु पर सो सिउ संतु हवेइ ।। १८।। (પરમાત્મપ્રકાશ - અ. ૧/૧૮)

૧. નિજવેધ - પોતાથી અનુભવવા યોગ્ય
णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं ।
जाणादि पस्सदि सव्वं सोहं इदि चिंत्तए णाणी ।। ९७ ।। (શ્રી સમયસાર, - ગાથા ૯૭)
જુઓ: શ્રી પ્રવચનસાર ગાથા - ૩૨ અને શ્રી સમયસાર કલશ - ૨૩૬

આહાહા ! મૈં સર્વથા દ્રવ્ય પર્યાય, દ્રવ્ય એટલે પદાર્થ, પર્યાય એટલે ઉસકી અવસ્થા હાલત, કેવળજ્ઞાન ભી હાલત હૈ, પર્યાય હૈ, તો સબ દ્રવ્ય પર્યાયાદિ, સર્વ પ્રકારે, સર્વથા ને સર્વ. સર્વ પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સર્વ જાનતે હૈ, ઈસસે એસા એસા સ્વસંવેદન સ્વરૂપ યે અર્થાત્ સ્વસંવેદન સે ગ્રાહ્ય સ્વરૂપ આહાહા ! હૈ ને ?

સ્વરૂપ સ્વસંવેદન, 'સ્વસંવેધમ્ ગ્રાહ્યમ્' સંસ્કૃત મેં હૈ, દો શબ્દ 'સ્વસંવેધમ્' અને 'સ્વસંવેધમ ગ્રાહ્યમ્'. આહાહા ! મૈં આત્મા ક્યા સે હું, સમ્યગ્દ્રષ્ટિ, ચોથા ગુણસ્થાન વાળા, એસે આત્માકો જાનતે હૈ, શ્રાવક તો પંચમ ગુણસ્થાન, એ તો આગળ દશા રહી, વસ્તુકા શ્રાવક હોં, આ સંપ્રદાયકા શ્રાવક તો, સમજને કી ચીજ હૈ. આહાહા ! અહિંયા તો અંદરમેં સે જો સ્વભાવકા આશ્રય સે, જો દ્રષ્ટિ હુઈ, ઔર સ્વભાવમેં લીન હોકર, પંચમ ગુણસ્થાન ઉત્પન્ન હુઆ, આહાહા ! અને પીછે મુનિ હુઆ, તો સ્વરૂપકી બહોત સ્વસંવેદન, પ્રચૂર હુઆ.

પાંચમી ગાથામેં હૈ. સમયસારમેં, પ્રચૂર સ્વસંવેદન, સમયસારના પાંચમી ગાથા, ટીકામેં હૈ, કુંદકુંદ આચાર્યને, અમૃતચંદ્ર આચાર્ય, પ્રચૂર સ્વસંવેદન. બહોત મેરા આનંદકા વેદન, મેરે હુઆ હૈ આહાહા ! એ મુનિ, સમજમેં આયા ? કહેતે હૈ કિ સર્વને એસા સ્વસંવેદન સ્વરૂપ, સ્વસંવેદનથી ગ્રાહ્ય આહાહા ! સ્વસંવેધ, અપના જ્ઞાન સે વેદનમેં આનેવાલા, ઓ જ્ઞાન સે ગ્રાહ્ય હૈ, વિકલ્પસે, વહેવારસે, નિમિત્તસે ગ્રાહ્ય હૈ (નહિં) આહાહા ! લોજીક સે તો કહેવાતે હૈ હોં. કચેડી મચેડીને વાત નથી હેં ? આહાહા ! અરે એસી વાત સુનને મેં ન આવે, તો સમજે કૈસે ? ઔર દ્રષ્ટિ કરે કૈસે ? આહાહા ! ઔર અનુભવકા વેદન કૈસે હો ? આહાહા ! કહેતે હૈ, સ્વસંવેદનસે ગ્રાહ્ય, સ્વરૂપ તે 'હું' આત્મા. તે હું આત્મા ઈસ પ્રકારકા આત્મા, મેરે સે જ્ઞાનસે, વેદનમેં આતા હૈ, મૈં પરકો જાનનેવાલા, અપની પર્યાય મેં રહેકર, પરકો સ્પર્શ કરે બિના, પરકો છૂએ બિના ઓહોહો ! અપની પર્યાયકી તાકાત સે સર્વથા, સર્વકો જાનનેવાલા, અપને સે વેદનવાલા એ મૈં આત્મા હું. આહાહા !

કહો, હવે આ વેપાર ને ધંધા ને શેઠ, બીડી, બીડી નું ક્યાં રહ્યું હવે આમાં. મોટરું તમારી બીડી મોકલવામાં જાય આહિં મોકલો ને આ મોકલો ને આહાહા ! ભગવાન તેરી ચીજ એસી હૈ, કે અપના અંતરજ્ઞાન સ્વભાવ ત્રિકાળ, ઉસકી વર્તમાન પર્યાયસે જ્ઞાન સ્વભાવકા વેદન મેં આના, ઓ મૈં આત્મા હું આહાહા ! રાગાદિ, મેરા આત્મા નહિં, નિમિત્ત આધીન મેરી ચીજ નહિં, હો, એ બીજી ચીજ હૈ, ઉસકા તો મૈં જાનનેવાલા હું, મેરા માનનેવાલા, મૈં નહિં. એ ચીજ મેરી હૈ, વહેવાર, રાગ આતા હૈ, એ મેરી ચીજ,

ऐसा माननेवाला नहिं, और देव, गुरु शास्त्र भी मेरा है, ऐसा में माननेवाला नहिं, એમ કહતે હૈ. આહાહા! તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા તો ક્યાં રહી ગયા બહાર. સમજમેં આયા?

તે હું આત્મા હું. સંસ્કૃત હૈ ને? આહાહા! **'स्वसंवेदन ग्राह्यम अहम् आत्मा अस्मि भवामि'** આહાહા! સંસ્કૃત મેં હૈ. મૈં ઐસા આત્મા હું, સમ્યગ્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાન વાળા, આત્મ અનુભવ કરકે, મૈં અપના આનંદને જ્ઞાનસે જાનનેમેં આનેવાલા, એ મૈં હું. આહાહા! ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? અહિં તો સમ્યગ્દર્શનની વ્યાખ્યા એવી દેવ, ગુરુ, શાસ્ત્રકો માને તો એ સમ્યગ્દર્શન, નવ તત્ત્વકી શ્રધ્ધા કરો, એ નવ તત્ત્વની ભેદવાળી શ્રધ્ધા વો ભી વહેવાર હૈ, વિકલ્પ હૈ. આહાહા! સમજમેં આયા? તે સ્વરૂપ તે હું આત્મા હું. આહાહા! ઓ બાજુ.

**ભાવાર્થ** : ઉસકા ભાવાર્થ, શુધ્ધાત્મા એ અનુભવગમ્ય ચૈતન દ્રવ્ય હૈ. શુધ્ધાત્મા પવિત્ર નિર્મળાનંદ પ્રભુ, એ અનુભવગમ્ય આહાહા! અપના જ્ઞાનકા વેદનસે ગમ્ય હૈ, યે રાગ સે વહેવારસે ગમ્ય હૈ, યે ચીજ, ચીજ નહિં ઐસી, વસ્તુ ઐસી હૈ નહિં. આહાહા! તો કહેતે હૈ કે, મૈં તો અનુભવગમ્ય ચેતન દ્રવ્ય હૈ, જે નહિં ગ્રહણ કરવા યોગ્ય, નહિં ગ્રહણ કરને લાયક, રાગ દ્વેષ આદિ કો ગ્રહણ કરતે નહિં. ઓ ક્રોધાદિ શબ્દ લીયા, યે ક્રોધમેં દ્વેષ, માયા મેં દ્વેષ, માન, ક્રોધ ને માન એ દ્વેષમેં આતા હૈ, ક્રોધ ને માન એ દ્વેષ મેં આતા હૈ ઔર માયા અને લોભ એ રાગ મેં આતા હૈ આહાહા! તો કહેતે હૈ કી ક્રોધાદિ કહા થા ઉસમેં નિકાલા કી ક્રોધ ને માન એ દ્વેષ હૈ, માયા અને લોભ એ રાગ હૈ. યે દો મિલકર રાગદ્વેષ હુઆ ઐસા રાગદ્વેષ, મૈં નહિં.

એ રાગદ્વેષ આદિ ગ્રહણ કરતે નહિં મૈં, આહા! એ રાગમેં, વહેવાર આ ગયા કે નહિં? હેં? એને ગ્રહતા નહિં અને ગ્રહણ કરેલા આત્મિક ગુણોકો, અનંત જ્ઞાનાદિ ગુણોકો છોડતા નહિં, છોડતે નહિં અપના ગુણશક્તિ અનંત હૈ, ઉસસે કભી ચ્યુત હુઆ નહિં, માને અજ્ઞાની, કે મૈં મેરે ગુણસે ચ્યુત હુઆ હું, ને મૈં રાગ હું, માને તો મિથ્યાત્વભાવસે માને, પર વસ્તુ ઐસી હૈ નહિં. આહાહા!

આવું સમકિત મોંઘુ, કેટલાક એમ કહે છે હોં. હેં? જ્ઞાનસાગરજી? એમ કહેતે હૈ કેટલાક, કી આ સોનગઢવાળાએ સમકિત મોંઘુ કર દીયા હૈ, સોનગઢવાળા ક્યા ભગવાન કહેતે હૈ, એમ સહેલા થા, સબ દેવ, ગુરુ, શાસ્ત્રકો માનતે હૈ, હમારે સમકિત તો હૈ, અને વ્રત, નિયમ, ચારિત્ર લો, પણ કૈસે લે? યે વ્રતકા વિકલ્પ તો સમ્યગ્દર્શન હુએ પીછે આનંદમેં લીનતા થોડી હોતી હૈ, ઉસકો વિકલ્પ વ્રતકા આતા હૈ, અને એ વ્રતકા

વિકલ્પ ભી આશ્રવ હૈ, સ્વરૂપમેં લીન હોના, વો નિશ્ચય વ્રત હૈ. આહાહા! શુધ્ધાત્મ સ્વરૂપ ભગવાન આત્મા એ મૈં હું, ઐસી દ્રષ્ટિ હુએ, પીછે ઉસમેં લીન હોતા હૈ, નિર્વિકારીદશા ઉસકા નામ વ્રત હૈ ને ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા?

પંચમહાવ્રત ઓર બારવ્રતકો તો આશ્રવ કહા હૈ તત્વાર્થસાર મેં, તત્વાર્થસૂત્ર. એ આશ્રવ હૈ, તો કહેતે હૈ કી, મૈં તો વો આશ્રવકો ગ્રહ્યા હી નહિં ઔર અપની શાંતિ, શક્તિઓ કો ભી છોડા નહિં, તે સંપૂર્ણ પદાર્થ કો, સર્વથા, દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત જાનતે હૈ. દ્રષ્ટાંત આપ્યા હૈ ૯૭ ગાથા હૈ ને? સમયસાર. યે કુંદકુંદ આચાર્ય કી ગાથા હૈ ઓ દિયા, જે નિજભાવકો છોડતે નહિં, સમયસાર ૯૭ ગાથા. જો નિજભાવ કો છોડતે નહિં, નિજભાવ કા અર્થ ત્રિકાળી, શુધ્ધશક્તિ ગુણ સ્વભાવ, અનંત આનંદાદિ કો કભી છોડતે નહિં, કાંઈપણ પરભાવને ગ્રહતો નથી, યે કુંદકુંદ આચાર્યકા વચન હૈ પરભાવને કાંઈ ગ્રહતા નથી, સર્વને જાણે, દેખે ઐસે મૈં હું, ઐસે ધર્મી ચિંતવતે હૈ. આહાહા!

મૈં તો સબકો જાનને, દેખનેવાલા હું. ઐસા ધર્મી, અંતર ચિંતવતે હૈ, ઔર દુસરા રાગાદિકા કાર્ય મેરા હૈ, ઐસા માનતે (નહિં) આહાહા! આ બગડો ૪૦૬ પણ આહિં લાગુ નથી પડતું ભાઈ. ૪૦૬ માં પરદ્રવ્ય નો ગ્રહણ ત્યાગ અને અહિં તો રાગાદિનેય ગ્રહતો નથી એમ વાત લેવી છે ભાઈ, ત્યાં આહારની વાત છે ને? આહારની વાત છે, પણ રાગનો ત્યાગ નાંખ્યો એમાં જરી ''જે પરદ્રવ્ય છે તે પર, તેને ન ગ્રહી, ન છોડી શકાય છે (નીચે) એવોજ તેનો ગુણ, કોઈ પ્રાયોગિક કે વૈસ્ત્રસિક છે.'' ત્યાં ક્યા કહેના હૈં? ભગવાન કુંદકુંદ આચાર્ય તો ઐસે કહેતે હૈ કે, આત્માકા કોઈ ઐસા હી સ્વભાવ હૈ, કે રાગકા નિમિત્તસે વિભાવરૂપે હો કે સ્વભાવરૂપ હો, પણ પરકા ગ્રહણ, ત્યાગ તો આત્મા મેં હૈ નહિં. આત્મા, આહાર ગ્રહણ કરે ઔર આહાર મૈં આ છોડતા હું, એ વસ્તુમેં હૈ નહિં. આહાહા!

એ શુધ્ધ સ્વભાવપણે હો કે વિકારપણે હો, પ્રાયોગિક એટલે છે ને? વિકાર હો રાગાદિ, પણ રાગાદિ વિકાર સે, પરવસ્તુકો ગ્રહણ કરતે હૈ, ઐસા હૈ નહિં. આહાહા! ઓ રાગ હુઆ કી મૈં સ્ત્રીકો છોડતા હું, મકાન કો છોડતા હું, ઐસા હૈ નહિં, જ્ઞાનસાગરજી! જો યે દીક્ષીત હોનેવાલા થા દિગંબરમુનિ, દિલ્લી સે, રહ ગયા, પણ કહેતે હૈ નિમિત્તસે બાપા, પણ ઐસી ચીજ હૈ, સમ્યગ્દર્શન દુસરી ચીજ હૈ, સમ્યગ્દર્શન નહિં, પણ ચારિત્ર હજી આ જાય આહાહા! સમજમેં આયા? આહાહા!

કહેતે હૈ, કે નિજભાવ કો છોડતે નહિં, અહિં વિશેષ કહે છે. આત્મા

પરદ્રવ્યને જરાપણ ગ્રહતો નથી, વો કર્મને શરીર ને આહારકી બાત હૈ. આત્મા, પરવસ્તુ કર્મકો, શરીરકો, વાણીકો, કભી ગ્રહતે નહિં. લ્યો અહિંતો ગ્રહતે નહિં, એવું આવ્યું ભાઈ. અને છઠ્ઠી સાલમાં, તો કે રામવિજય કહે, કેવળી પહેલે સમય ભાષા વર્ગણા ગ્રહે, બીજે સમય છોડે, છઠ્ઠી સાલ પાલીતાણા ગયે થે ને જબ જાત્રા, પચ્ચીસ વરસ હુઆ. શ્વેતાંબર થા ના રામવિજય, આ તો અહિંયા તો વ્યાખ્યાન ચાલતા થા, આ ઉસકા વહાં ચલતે થે તો ઉસને કહા પીછે ૨૦૦ - ૩૦૦ માણસ ત્યાં જાતે થે, આંહિ તો બહોત માણસ આતે થે, હજાર - પંદરસો. કે નહિં કેવળી ભી એક સમયમેં ભાષા ગ્રહતે હૈ, દુસરે સમયમેં છોડતે હૈ. કીધું આત્મા કભી, આ ક્યાં, કેવળી, સમકિતીકી ભી ઔર મિથ્યાદ્રષ્ટિ ભી, પરદ્રવ્ય કો ગ્રહતે હૈ ને છોડતે, કભી, તીન કાળ મેં હોતા (નહિં) હૈં ? શેઠ !

ગ્રહણ ત્યાગ સે શૂન્ય હૈ, વો શક્તિ નહિં હૈ ? ૪૭ શક્તિમેં. હૈં ? ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ. આત્મામેં ઐસા એક ગુણ હૈ સ્વભાવ, ૪૭ શક્તિયાં લીયા હૈ ગુણ, સમયસારમેં. કે આત્મા મેં ઐસી એક શક્તિ, ગુણ હૈ, ત્યાગ ઉપાદાન શૂન્યત્વ. પરકા ત્યાગ ને પરકા ગ્રહણ સે શૂન્ય હૈ. આહાહા ! ભારે ઝીણી વાતું ભાઈ આવી હૈં ? સાધારણ માણસને શી રીતે ધર્મ કરવો ? કે આ રીતે સમજે, તો ધર્મ થાય બાપુ. સાધારણ હો કે અસાધારણ હો, કહેતે હૈ કે, પરદ્રવ્યકો ગ્રહણ ને ત્યાગ કહેવો, એ વહેવારનયકા વચન હૈ. આહાહા ! સમજાણું ને ?

કારણકે પરનિમિત્તના આશ્રયે થયેલા પ્રાયોગિક ગુણના સામર્થ્યથી એટલે શું કહે છે ? ક્યા કહેતે હૈ ? ચાહે તો અપની પર્યાયમેં રાગ હો, પણ રાગ હોને સે પરદ્રવ્ય કો ગ્રહણ કર સક્તે હૈ, રાગ આયા કે મૈં આહાર કરું, તો રાગસે આહાર લે સકતે હૈ, ઐસી ચીજ નહિં. સમજમેં આયા ? ઔર રાગસે રહિત, અપના સ્વરૂપકા ભાન હુઆ, જ્ઞાતાદ્રષ્ટા મૈં તો હું, તો ઐસી ચીજ કોઈ, પરદ્રવ્યકો ગ્રહણ ને છોડતે હૈ, ઐસા હૈ નહિં. આહાહા ! એ તો પહેલા આ ગયે કે મૈં તો સબકુછ, રાગસે પર ચીજ સબકો, જાનને દેખનેવાલા હું, પણ કદાચિત ઐસા જાનને દેખનેવાલા ન રહે અને રાગ હો, તો રાગસે પરવસ્તુકા રાગ હુઆ તો લે સકતા હું ઉસે ઐસા હૈ નહિં. આહાહા !

રાગ આયા, ઓ કહેતે હૈ દેખો, પરદ્રવ્યમેં પ્રાયોગિક ગુણ હોતા હૈ, પ્રાયોગિક નામ રાગ. અપનેમેં રાગ હો, દ્વેષ હો, તો દ્વેષ હુઆ, તો તરવાર ઉપાડ સકતે હૈ ઐસી બાત નહિં, ઔર દ્વેષ હુઆ તો તરવાર માર સક્તે હૈ, ઐસા નહિં. આહાહા ! સમજમેં આયા ? રાગ હુઆ તો આહારકા કૌર લે સકતા હું, ઔર અંદર કાંકરી આઈ છોડ સકતા હું, ઐસી મેરી ચીજ મેં હૈ નહિં. ઐસા ભગવાન આત્માકા સ્વરૂપ રાગ સહિત

હો તો ભી પરકા ગ્રહણ અને ત્યાગ આત્મામેં હૈ નહિં. આંહિ તો વિશેષ લેના હૈ, આહિં તો રાગકો હી ગ્રહણ હૈ હી નહિં, ઐસા કહેતે હૈ. આહાહા! રાગકા ગ્રહણ હો, તો આત્માકા સ્વરૂપ રાગમય હો જાય, સ્વરૂપ તો જ્ઞાતાદ્રષ્ટા, અનંત આનંદમય હૈ, ભાષા હિન્દીમેં સમજતે હૈ ન ભૈયા? થોડી થોડી આતી હૈ ભાષા હિન્દીમેં હૈ, સહેલી ભાષા હૈ, બહુ ઐસી નહિં હૈ, અહિં તો ગુજરાતી ભાષા હૈ. આહાહા! કહેતે હૈ, કે પરદ્રવ્યકો, જરા પણ ગ્રહતા નહિં. એક રજકણકો ભી આત્મા ગ્રહે, ઐસા આત્મા મેં વિકારસે ભી હૈ નહિં. આહાહા! કલમ ઉપાડ કે નામા લિખે નહિં શેઠ શાંતિમલ, પૈસા બહોત આતે થે, લખના પડે કે નહિં, લખના પડે, પણ કહે છે કે, કલમ લે સકતે નહિં, રાગ હો, પણ કલમ લે શકે, એમ છોડ દે, ના, ના નહિં મૈં નહિં. આહાહા!

પરચીજ કો ગ્રહ સકતે નહિં, રાગ હો તો ભી, અને આનંદ ને જ્ઞાન હો સમ્યગ્દર્શન હો તો ભી, પરકો ગ્રહણ ને ત્યાગ તો આત્મા મેં હૈ નહિં આહાહા! આ જુવાન માણસો કેટલું કરે છે જુઓને ભાઈ. આ હમણાં તો હાલ્યું છે ને આ વાળમાં આ. હેં? જુવાનીયા વાળ, અહિં રાખે, આડે કાન આટલું અર્ધું રાખે આમ, અને બીજાઓ ઓલા ભરવાડ જેવા અહિં સુધી રાખે હેં? અહિં સુધી રાખે. હેં? ભરવાડ સમજતે હૈ? બકરાને, ગાયું, બકરાને ચરાવે, આ રાખે, તો રહે સકતા હૈ, ઐસા હૈ કે નહિં? ઐસા હૈ નહિં, એમ કહેતે હૈ, યે તો રહેનેવાલી ચીજ હો તો રહેતી હૈ. આહાહા! શું વાળ ઓળે છે વાંકા. છે ખ્યાલ બધે.

પહેલાં આ ઓલી શું કરતા, આ બાબરી, બાબરી, ઈ એ ભૂલી ગયા નામ. ઈ યાદ કરવાની ભૂલી ગ્યા બાપુ. પહેલી બાબરી રાખતા. હવે બાબરી ને અહિં રાખતા એ આ અર્ધું કપાળ ઢાંકી દે, પણ એ ઢાંકવાની ક્રિયા આત્મા કરી શકે? વિકલ્પ આયા ને વો કરી શકે ઐસા હૈ નહિં. સવારનાં પોરમાં ઉઠીને એ પાછો નહાય ને ધોય, શું કહેવાય એ તમારું? દાંતિયા હોય ને દાંતિયા, આહિં આમ કરે ને આંહિ આમ કરે, વચમાં આમ કરે ને પછી સીધું કરે, આમ ભગવાન કહેતે હૈ પ્રભુ સુનતો સહી નાથ. આહાહા!

તેરી જ્ઞાન ક્રિયા હો સમ્યક્ તો ભી, યે ક્રિયાકો ગ્રહે ને છોડે, એસા હૈ નહિં ઔર તેરે રાગ હો તો ભી, રાગસે ક્રિયા, ઐસી ગ્રહના ને છોડના આહાહા! પ્રભુ આત્માકે શક્તિમેં, ઐસી શક્તિ હૈ હી નહિં. આહાહા! સમજમેં આયા? ઘણી વિપરીત માન્યતા, વિપરીત માન્યતા ને માને કે અમે સમકિતી, ધર્મી છીએ. આહાહા! વિપરીત અભિનિવેશ એ જૂઠા આગ્રહ હૈ, ઈ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! ઈતના રસકા મૈં ત્યાગ કીયા, ભગવાન કહેતે હૈ કે રસકા ગ્રહણ હી નહિં કીયા, તો ત્યાગ કીયા, કહાં સે આયા?

આહાહા! વો તો મિથ્યા અભિમાન હૈ. આહાહા! શ્રધ્ધામેં વિપરીત હૈ તેરી. મૈં અભી રસ ખાતા નહિં, રસ છોડ દીયા હૈ, ભગવાન, રસ તો જડ હૈ, જડકા ગ્રહણ ને ત્યાગ, આત્મામેં તો હૈ હી નહિં. આહાહા!

આ છઠ્ઠી ગાથા ચલતે હૈ, યહાંકા અર્થ મેં તો રાગકા ગ્રહણ ને રાગકા ત્યાગ, યે ભી નહિં. આ ગાથા મેં તો યે હૈ. રાગકા ત્યાગ, રાગકા તો અભાવ સ્વભાવ હી હૈ, શુધ્ધસ્વરૂપમેં તો રાગ હૈ હી નહિં, તો રાગકા ક્યા ત્યાગ કરના? અને શુધ્ધસ્વરૂપ મેં રાગ નહિં હૈ, તો રાગકા સ્વીકાર ક્હાં કરના, આવો ઉપદેશ ભાઈ, ભારે વાત ભાઈ. ભગવાન તો એૈસા કહેતે હૈ, માર્ગ તો એૈસા હૈ, માનો ન માનો, રુચે ન રુચે? માર્ગ તો એૈસા હૈ, અનાદિ અનંત પરમાત્માએ, એૈસા માર્ગ બતાયા હૈ, તીર્થંકરદેવોએ સમજમેં આયા?

ઓ શાસ્ત્ર, આ કોત્રાયા હૈ, દેખો પોપટભાઈના દીકરાએ હસમુખભાઈ લાવ્યા છે સંચો આ, હિન્દુસ્તાનમેં પેલે વેલે સંચા હૈ, શું કહેવાય છે આ? ઈટાલીસે, ઈટાલીસે આયા હૈ, હિન્દુસ્તાનમેં પહેલા, યે સંચાસે, આ મશીન સે કોત્રાયા હૈ, ઓર કહેતે હૈ કે સુનો, ઓ મશીન ભી આત્મા લા શકે નહિં ઔર અક્ષર બના શકે નહિં, મશીન બના શકે નહિં. એમ કહેતે હૈ (શ્રોતા: ઈટાલીથી લાવ્યા એ તો મુર્ખાઈ કરી) લાવે કોણ? આવ્યો, વિકલ્પ થા, ને આવવાની ચીજ તે આવી, પોપટભાઈ! આવી વાત છે, પણ ઈ નામ લખે, એ અપૂર્વ નામ રહેશે જુઓ, આ લખ્યુ એમણે આહાહા! પ્રભુ, તેરા માર્ગ કોઈ અલૌકિક હૈ આહાહા!

ભગવાન તુમ તો જ્ઞાન સ્વરૂપ હૈ ને? જાનને દેખનેવાલા, કૈસે પરચીજકો ગ્રહણ કરે ને છોડે? એ તો આહારકા ત્યાગકા અવસર મેં વો ગાથા આઈ હૈ, ને આ અહિંયા ગાથા આઈ, યે તો રાગકા ભી સ્વીકાર નહિં હૈ, રાગ, વિકલ્પ જો હૈ, વો ભગવાન આત્મા, ઈસ સ્વરૂપમેં કભી સ્વીકાર કીયા હી નહિં, તો છોડતે હૈ, યે છોડના યે ભી, આત્મા મેં હૈ (નહિં), એ તો ૩૫ ગાથા (સમયસાર) મેં આ ગયા, રાગ કો ત્યાગ, કર્તા કહેના યે પરમાર્થ નહિં, પરમાર્થે રાગકા ત્યાગ કરતા હૈ, યે આત્મા નહિં, આત્માકા આનંદ સ્વરૂપ દ્રષ્ટિમેં આયા પીછે લીનતા કરતે હૈ, તો રાગકી ઉત્પત્તિ હોતી નહિં, ઉત્પત્તિ હોતી નહિં ઓર રાગકા ત્યાગ એૈસે કહેને મેં આયા હૈ. સમજમેં આયા? આહાહા!

ભગવાન આત્મા, શુધ્ધ, ચૈતનસ્વરૂપ, એૈસે સમ્યગ્દર્શનમેં પ્રતીતિ, અનુભવસે હુઈ, પીછે સ્વરૂપમેં લીનતા હોતે, ઈતના પ્રકારકા રાગ ઉત્પન્ન ન હુઆ, અહિં લીનતા હોતેહી રાગકી ઉત્પત્તિ ન હુઈ, તો રાગકા ત્યાગ કીયા, એૈસા કહેનેમેં

આતા હૈ. આહાહા! મારગ કોઈ મારગ વીતરાગનો, વો કહેતે હૈ. કારણકે પરનિમિત્તના આશ્રયે થયેલા પ્રાયોગિક એટલે રાગ હોતા હૈ, પણ રાગના ગુણના સામર્થ્યસે તેમજ સ્વાભાવિક વૈસ્ત્રસિક ગુણના સામર્થ્યસે સમ્યગ્દર્શન ને જ્ઞાન ને શાંતિ ચારિત્રની પર્યાયસે આત્મા વડે પરદ્રવ્યનું ગ્રહવું અને છોડવું અશક્ય હૈ. પરદ્રવ્યકા ગ્રહના અને છોડના આત્મા વડે અશક્ય હૈ. આહાહા! બહુ સારી ગાથા. અલૌકિક બાત હૈ. જગતસે ભિન્ન, લોકોત્તર બાત હૈ. આહાહા! કેવળી મહારાજ, સંતનાં માર્ગ, એ દુનિયાસે ભિન્ન જાતકા હૈ ભાઈ. દુનિયાસે ઉસકો મિલાન હો શકે નહિં. આહાહા!

આત્માકો પરદ્રવ્યકા ગ્રહણ, ત્યાગ કહેના, યે તો વહેવારનયકા કથન માત્ર હૈ, નિશ્ચયનયે તો, એ પરદ્રવ્યકા ગ્રહણ, ત્યાગ કરી શક્તો જ નથી. પરદ્રવ્યકા ગ્રહણ ને ત્યાગ કરી શકતે નહિં. જબ જીવ, આત્મસ્વરૂપમાં લીન હોતે હૈ, તબ રાગાદિ વિકારો સ્વયં છૂટી જાતે હૈ, સ્વંય છૂટી જાતે હૈ કા અર્થ, ઉત્પન્ન હોતા (નહિં). આહાહા! તેને છોડવા પડતા નહિં, છોડના પડતા નહિં, ઐસે આત્મિક ગુણો, સ્વયં પ્રગટ હોતા હૈ. ભગવાન શુધ્ધસ્વરૂપ, પૂર્ણઆનંદને અનંત શક્તિ સંપન્ન, ઈસમેં જબ એકાગ્ર હુઆ, તો રાગ ઉત્પન્ન હોતા હી નહિં, ઈતના પ્રકાર હૈ, ઈતના લીન હુઆ, તો રાગ છોડના પડતા (નહિં) ઐસા હી વસ્તુકા સ્વરૂપ હૈ, ઐસા બરાબર જ્ઞાન કરના ને શ્રધ્ધા કરના...

વિશેષ કહેશે.

।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।

# પ્રવચન – ૨૯

## શ્લોક – ૨૦ અને ૨૧

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૮.૦૧.૭૫**

तदेव विकल्पातीतं स्वरूपं निरूपयन्नाह -

**यदग्राह्यं न गृहणाति गृहितं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम् ।। २० ।।**

ગ્રહે નહિં અગ્રાહ્યને, છોડે નહિં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેધ[1]. ।। ૨૦ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

વીસમી ગાથા, સમાધિતંત્રનું **વિશેષ**, ફરીને, લઈએ અહીંયા ગાથા તો એ છે ને ? આત્મા, જ્ઞાનાનંદ, સહજાત્મસ્વરૂપ, જે રાગને ને રજકણને ગ્રહતો નથી. રાગ છે તે આશ્રવ છે, ને રજકણ છે તે અજીવ છે, તે જ્ઞાનાનંદ સ્વભાવ, એ રાગને આત્મસ્વરૂપ

---

૧. નિજવેધ - પોતાથી અનુભવવા યોગ્ય

તરીકે સ્વીકારતો નથી. આહાહા! સમજાય છે કાંઈ?

આત્મા ચૈતન્ય, જ્ઞાનાનંદ, સહજાત્મસ્વરૂપ, એ સમ્યગ્દર્શનનો વિષય છે, એ શુધ્ધ, ચૈતન્યસ્વરૂપ, રાગને, ગુણગુણીનો ભેદ, એવો જે વિકલ્પ, એને પણ એ અભેદ ચીજ જ્ઞાયક, તે એને ગ્રહતી નથી, રાગને તે ગ્રહતો નથી અને અનંત જ્ઞાનાદિ સ્વભાવ તેનો અનંતશક્તિ, અનંતગુણ, એવું જે, જેનું સ્વરૂપ તેને એ કોઈ દિ' છોડતો નથી. આહાહા! સમજાણું કાંઈ? એ સમ્યગદર્શનનો વિષય છે. આહાહા!

જે ચીજમાં અનંતઆનંદ, જ્ઞાનાદિ, અનંતશક્તિનું ધ્રુવપણું પડયું છે, એ કોઈ દિ', એણે એ નિગોદમાં ગયો તો પણ, એ ધ્રુવ સ્વરૂપ જે છે, એ છોડયું નથી એણે, એ વસ્તુ સ્વભાવે જે છે, એણે તો રાગને ય ગ્રહયો નથી. આહાહા! અજ્ઞાનપણે, અનાદિથી રાગને ગ્રહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો વિકલ્પ છે ને, એ મારા છે, એમ ગ્રહ્યો, એ તો અજ્ઞાનપણું છે. વસ્તુના સ્વભાવમાં અને સ્વભાવની દ્રષ્ટિમાં, વિભાવ વહેવાર રત્નત્રયનો જે વિકલ્પ છે. આહાહા! તેને એણે ગ્રહ્યો નથી. એ આત્મા પરદ્રવ્યને જરાપણ ગ્રહતો નથી. આહાહા. અને છોડતો નથી, કારણ પરનિમિત્તના આશ્રયે થયેલા પ્રાયોગિક ગુણના સામર્થ્યથી એટલે અહિંયા તો હજી વાત સ્થૂળ કરે છે, ગાથામાં છે એ તો સૂક્ષ્મ વાત છે. આ (સમયસારની) છઠ્ઠી ગાથા અને એક ૪૦૬મી, કે એને આત્મામાં, ધર્મદશા પ્રગટ થાય, ચૈતન્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ થાય તો પણ તે પર્યાય, પરને ગ્રહે ને છોડતી નથી, એટલું નહિં પણ રાગ થાય ને કર્મના નિમિતના સંગે, તો પણ તે રાગને લઈને, પરદ્રવ્યને ગ્રહે કે છોડે, એવું બનતું નથી. આહાહા!

આત્માનો શુધ્ધ સ્વભાવ ભાન થયું સમ્યગ્દર્શનમાં, તો કહે છે કે, એ સમ્યગ્દર્શનની સામર્થ્યતા સ્વભાવની પ્રગટી, એ પણ પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવું એનામાં નથી. આહાહા! શરીર, વાણી, કર્મ, પરને ગ્રહે, છોડે તે સ્વભાવિક દ્રષ્ટિ થઈ તોય નથી, અને સ્વભાવમાં નથી એવો પર્યાયના ધર્મના સંગે, પોતાથી, પોતામાં, વિકાર થયો, તો પણ વિકારના સામર્થ્યથી પરદ્રવ્યને ગ્રહે કે છોડે કે ઝાલે કે મૂકે, એવું એનામાં નથી. આહાહા! સમજાય છે કાંઈ?

આવું ભગવાન ચૈતન્ય સ્વરૂપનું, આવું વીતરાગે સ્વરૂપ જોયું છે. આહાહા! એ જેને અંતર જોવામાં આવે દ્રષ્ટિ વડે કરીને, તે દ્રવ્યના શુધ્ધ સ્વભાવનો સ્વીકાર થાય તો તે પર્યાય, રાગને ગ્રહતી નથી અને રાગને છોડતીય નથી, આહાહા! સમ્યગ્દર્શનની પર્યાય એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને અવલંબે, સ્વીકારે, પ્રગટે છે. આહાહા! એ વિનાનું જ્ઞાન પણ જ્ઞાન ખોટું છે. આહાહા!

જે સ્વરૂપ, ચૈતન્ય જ્ઞાયક છે, એના સબંધે એનું જ્ઞાન જે થાય, શાસ્ત્રનું જ્ઞાન એ નહિં ત્યાં, કારણ કે એ શાસ્ત્રનું જ્ઞાન એ પરાવલંબી, પરસત્તાવલંબી જ્ઞાન છે, એ પણ બંધનું કારણ છે, પણ જ્યાં ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ, એની એકાગ્રતાથી, જે જ્ઞાનની દશા થાય, એ જ્ઞાનની દશા, રાગને ગ્રહતી નથી અને રાગને છોડતીય નથી. આહાહા! સમજાણું કાંઈ? એવો એનો સમ્યગ્દર્શનનો, ત્રિકાળી સ્વભાવ છે પણ, એવો દર્શનનો સ્વભાવ એવો છે.

બહુ સામર્થ્યથી, સ્વભાવિક કે વૈભાવિક ગુણના સામર્થ્યથી, આત્મા વડે પરદ્રવ્યનું ગ્રહવું, છોડવું અશકય છે, એ સમયસારની ગાથા છે. આત્માને પરદ્રવ્યનો ગ્રહણ, ત્યાગ કહેવો, એ તો વહેવારનયનું કથનમાત્ર છે. આહાહા! આત્મા, રાગ ગ્રહે કે રાગ છોડે, એ તો વહેવારનયનું કથન છે. (શ્રોતા: પણ દીક્ષા લે ત્યારે તો લૂગડા છોડવા જ પડે.) કોણ છોડે લૂગડાં? એ કહેતો હતો ને, એક ભાઈ, કહેતો હતો પેલા, શ્યામલાલજી, સાધુ થાય, ત્યારે કપડા છોડે છે ને કહે છે હે ભગવાન, સાંભળ ભાઈ, કપડા છોડે શું? રાગને છોડે, એ નહિ. આહાહા!

કપડાની એ છૂટવાની પર્યાયનો, એનો ઉત્પાદકાળ, ત્યાંથી ખસી જવાનો છે, તેથી તે કપડા છૂટી જાય છે. આહાહા! બહુ મારગ, બાપુ, હેં? આહાહા! ખરેખર તો એ કપડામાં, તે પર્યાય, ત્યાં રહેલી, એમ નથી, ખસી જાય છે એનો ઉત્પાદ્કાળ છે, તે પર્યાયનો એ પરમાણુના ઉત્પાદ્કાળ છે, એથી તે ખસી જાય છે. આહાહા!

આત્મા, એને, કપડાને છોડે, એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા! કોણ છોડે? ત્યાં રહી પડયા છે, બધા જગતના પરપદાર્થો પડયા છે. આહાહા! આંહિ તો એ વાત તો ઘણી દૂર રહો, પણ પંચ મહાવ્રતના વિકલ્પને આત્મા ગ્રહે કે રાગને છોડે. ભાઈ, એ ચૈતન્ય સ્વરૂપ છે, એ જ્ઞાન સ્વરૂપી પ્રભુ, કોને ગ્રહે ને કોને છોડે? એ તો ગ્રહણ, ત્યાગ થાય પરમાં, એને એ જાણે. આહાહા!

રાગ થાય, તો જ્ઞાની તો જાણે, મારામાં થયો નથી. આહા! અને રાગ જાય, તો મેં એને છોડયો છે, એમ નથી. આહાહા! ધર્મ તત્ત્વ બાપુ ઝીણું બહુ. જનમ મરણના અંતને લાવવાનું તત્ત્વ સુક્ષ્મ છે. આહાહા! બાકી તો, અનંતવાર મુનિપણા પાળ્યા, પંચમહાવ્રત, દિગંબર સાધુ, હોં? અનંતવાર થયો. અનંતવાર, અગિયાર અંગનું જ્ઞાન કર્યું, એક અંગમાં, અઢાર હજાર પદ, એક પદમાં, એકાવન કરોડ ઝાઝેરા શ્લોક, એ પણ જ્ઞાન, જ્ઞાન નહિ. આહાહા! કેમ કે એ પરલક્ષે જે ઉઘાડ થયો, તે આત્માનું જ્ઞાન નહિ, આહા! એ આત્માને લાભદાયક નહિ. ભારે વાતું બાપુ! આહાહા!

ભગવાન આત્મા, જ્ઞાન સ્વભાવી વસ્તુ છે, એના સ્વભાવમાંથી, જ્ઞાનની પર્યાય આવે, કે જે કાંઈ સંવરને નિર્જરારૂપ થાય, એને જ્ઞાન કહીયે. સમજાણું કાંઈ ? એથી આત્મા, જ્ઞાનસ્વભાવી હોવાથી, તેનો ગ્રહણ, ત્યાગ નથી. આહાહા ! જ્યારે જીવ આત્માના સ્વરૂપમાં લીન થાય છે, જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં, સંયોગી ચીજથી, લક્ષ છોડીને, એ રાગના ને પરના જાણપણાના ભાવમાં લક્ષ છોડીને, એક સમયની પર્યાયનું લક્ષ છોડીને, આહાહા ! વસ્તુના સ્વભાવમાં, જ્યારે લીન થાય છે, એકાગ્ર થાય છે, ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે. આવી વાત છે ભાઈ, આહાહા ! એટલે કે ચૈતન્ય સ્વભાવની નિત્યતાને ધ્રુવતા એમાં દ્રષ્ટિ આપતાં, એમાં સ્થિર થતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. જેટલે અંશે આંહિ સ્થિર થયો એટલે અંશે રાગની ઉત્પત્તિ થતી નથી, એને રાગ છોડયો એમ વહેવારનયથી કહેવામાં આવે છે. આવો મારગ ભાઈ. વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય આ મારગ, બીજે ક્યાંય નથી ક્યાંય. આહાહા ! એની રીત, ને એની પધ્ધત્તિ ભગવાનના જ્ઞાનમાં આવી, એવી એની શૈલી છે. કહે છે કે રાગ છુટે છે ને ? મિથ્યાત્વભાવ નાશ પામે છે ને ? તો આત્મા નાશ કરે, એમ કહેવું કે નહિ ? આહાહા ! જિન કહેવાય છે એ, જીતે છે રાગને, આહાહા ! એય વહેવારનયનું કથન છે. આહાહા !

ભગવાન આત્મા, પૂર્ણ આનંદ ને વીતરાગ સ્વભાવની મૂર્તિ છે, એમાં જ્યાં લીન થાય છે, ત્યારે મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી અને એ જેટલે અંશે રમણતા, થઈ સ્વરૂપઆચરણ આ શબ્દકોષવાળાએ, ભાઇ સ્વરૂપઆચરણ સ્વીકાર્યું. ચોથે ગુણસ્થાને આ રહ્યું શાસ્ત્રમાં, સ્વરૂપઆચરણ, ચોથે ગુણસ્થાને હોય છે, કોઈ અરે ભાઈ, ના પાડે છે, અરે ભાઈ, જેટલે અંશે અનંતાનુબંધીનો અભાવ થયો, એટલે અંશે સ્થિર થયો, ત્યારે તેનો અભાવ થયો છે. આહાહા !

સમ્યગ્દર્શન, ત્રિકાળી સ્વરૂપની પ્રતીતિ કરતાં, જે જ્ઞાનનું સ્વસંવેદન થાય, તેમાં જેટલી સ્થિરતા થાય. આહાહા ! ત્રણે એક હારે હોય, સમજાણું કાંઈ ? ત્યારે તેને દર્શનમોહનો ઉદય ન હોય, જેટલો ચારિત્ર સ્થિર છે, એટલો અનંતાનુંબંધી પણ ન હોય. આહાહા ! જેટલું સ્વસંવેદ્ય જ્ઞાનમાં આવ્યું, એટલી જ્ઞાનની પર્યાયને વિઘ્ન કરનાર કર્મ પણ ન હોય આહાહા ! નિમિતરૂપે આહાહા ! આવો મારગ પ્રભુનો, લોકોએ બીજી રીતે કલ્પી નાખ્યો એને, બાપુ, અનંતકાળ થયા, ભાઈ, ચોર્યાશીના અવતાર કરી કરીને, અનંત અવતાર કર્યા, એણે અનંત અવતારમાં એણે દુ:ખ વેઠયા, ભગવાનનો આનંદ જે છે, એને તો આવ્યો નથી, સમ્યગ્દર્શન વિના, આનંદની લહેજતની મજા તો ક્યાંય આવતી નથી બહારમાં. આહાહા !

એ સમ્યગ્દર્શનમાં, આનંદ આવે, એ વિના મિથ્યાત્વમાં તો દુઃખ છે એકલું, આહાહા! સંયોગ પ્રતિકૂળનું દુઃખ, એ નહિ, પણ સ્વરૂપની, શુધ્ધતાની વિરૂધ્ધ દ્રષ્ટિ, એ દુઃખ છે, એ દુઃખમાં પીડાયેલો પ્રાણી, ભલે શેઠાઈમાં હોય, અબજોપતિમાં દેખાય, દેવમાં દેખાય, પણ છે એ દુઃખની ઘાણીમાં પિલાયેલો ઈ. આહાહા! અરે, પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનું સત્ તો આવું છે, ભાઈ, ઈ પોતે સર્વજ્ઞદેવ છે. આહાહા!

ભગવાન આત્મા સર્વજ્ઞદેવ, સર્વજ્ઞશક્તિનો ભંડાર છે, એમાં સર્વજ્ઞ શક્તિમાં, દ્રષ્ટિના સ્વીકારમાં, જે સર્વજ્ઞ સ્વભાવ આવ્યો, ત્યારે તેને સમ્યક્ થયું, ત્યારે તેને સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન થયું, ત્યારે તેને સ્વરૂપમાં સ્થિરતા થવાના સ્વરૂપનું આચરણ થયું. આહાહા! જે શુધ્ધ સ્વરૂપ છે, એનું ચારિત્ર એટલે આચરણ થયું. આહાહા! એ કાળે એને કષાય છોડવો પડતો નથી કહે છે, કષાયનો ઉદય આવતો નથી, અથવા આવે તે ખરી જાય છે, એમ એ આત્માએ રાગને નાશ કર્યો, એમ કહેવામાત્ર. આહાહા! સમજાણું કાંઈ? એ ત્યાગવા યોગ્ય, વિકારો સ્વયં છૂટી જાય છે તેને છોડવા પડતા નથી. આહાહા! અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે, ગુણ શબ્દે પર્યાય, ત્યાં આનંદને જ્ઞાન સ્વરૂપી પ્રભુ એની અંતરમાં દ્રષ્ટિ પડતાં, અનંતાગુણો જે શક્તિને સ્વભાવ ગુણ પણે છે, તે અનંતાગુણનો, એક અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? ત્યારે એને રાગ છોડવા પડતા નથી. આહાહા! સ્વયં પ્રગટ થાય, ત્યારે ઓલા વિકાર ઉત્પન્ન થતા નથી, આવું સ્વરૂપ છે. ત્યાં સુધી તો કાલ આવ્યું હતું, નિર્વિકલ્પ દશામાં જ્યારે, આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં આવે છે. આહાહા!

શુધ્ધ આનંદ ને શુધ્ધ જ્ઞાનઘન પ્રભુ, એની શ્રધ્ધાને જ્ઞાનમાં સ્વસન્મુખતામાં આવે છે, ત્યારે તેને વિકલ્પ નામ, રાગ રહિત, નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. આહાહા! ભારે આકરું ભાઈ, આવું તો. ઓલું તો એવું હતું, ઈચ્છામિ પડિકકમિયું, ઈરિયાવહિયાએ, વિરાહણાએ, તરસ-મિચ્છામી દુકકડં હતું લે, તાવ, કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામી. આહાહા! એ તો બધી રાગની ક્રિયાઓની વાતું છે, બાપુ ત્રિલોકનાથ, તીર્થંકરદેવ, સર્વજ્ઞ પરમાત્મા જે થયા, ક્યાંથી થયા? એ સર્વજ્ઞ દશા આવી ક્યાંથી? એ રાગની ક્રિયા કરવામાંથી આવી? બહારથી આવે છે? આહાહા!

સર્વજ્ઞ સ્વભાવ, એ 'જ્ઞ' સ્વભાવી એનો આત્મા સર્વજ્ઞ સ્વભાવી આત્મા એને દ્રષ્ટિને વેદનમાં લેતાં સર્વજ્ઞપણું છે, એવી એને પ્રતીત થાય છે, હું સર્વજ્ઞ છું, એવી પ્રતીત થાય છે. આહાહા! અને પછી સ્વરૂપમાં, સર્વજ્ઞની શક્તિમાં, સ્થિર થતાં થતાં સર્વજ્ઞ પર્યાય પ્રગટપણે પરિણમે છે, એને કેવળી પરમાત્મા કહેવામાં આવે છે, આ અરિહંત

ભગવાન. આહિં તો 'અરિ' માં તો કર્મરૂપી શત્રુ અને રાગરૂપી શત્રુને હણ્યા, એમ કહેવામાં આવે છે, શબ્દ તો એવો છે, એમાં હેં? એ વહેવારના કથન એવા હોય છે. આહાહા!

ભગવાને તો પોતાના સ્વરૂપમાં, જ્ઞાન સ્વભાવ, જે સર્વજ્ઞ સ્વભાવ, એનો અનુભવ કરીને, વેદનમાં આવ્યા, પછી અંદર ઠર્યા, અંદરમાં પૂર્ણ શક્તિનું અવલંબન લઈને ઠર્યા, ત્યારે એ શકિતમાંથી, વ્યકતતા પ્રગટ સર્વજ્ઞદશા, પ્રગટ થઈ. આહાહા! અનંત ગુણો, જે અંદર શક્તિ ને સત્ત્વરૂપે હતા, તે અનંત ગુણના, અંતરની ઘુંટ, ઘુંટનથી. આહાહા!

એ જ્ઞાનને, આનંદની ક્રિયા દ્વારા, ભગવાનને કેવળજ્ઞાન થયું એમ કહેવું એ બી વહેવાર છે. આહાહા! એ આ પર્યાય જે છે, તે સાધન કર્યું, તેથી કેવળ થયું, કર્મનો અભાવ થયો, માટે કેવળ થયું, એ તો વાત છે જ નહિ, પણ પૂર્વની, સાધકદશા, ચાર જ્ઞાનની હતી, એનો અભાવ કરીને કેવળ થયું, એટલે ચાર જ્ઞાન સાધક હતા, એ તો કેવળદશા, એ હતી, એવી કહેવા અને સમજવામાં આવ્યું બાકી, કેવળજ્ઞાન જે થયું એ ઉત્પાદ્‌તો અંદરમાં હતો સદ્‌ભાવ. આહાહા! એજ એની જન્મક્ષણ, ઉત્પન્નક્ષણ છે. આહાહા! પણ એ તો આપણે આવ્યું ને? સદ્‌ભાવ પર્યાય, સદ્‌ભાવ સબંધે પર્યાય આવી. એકસોદસ, અગિયાર અને બાર, પ્રવચનસાર, અંદર સદ્‌ભાવ પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, પર્યાય છે, ગુણ નથી, અંદર સદ્‌ભાવ ગુણનો છે, એ છે તે થયો છે, પૂર્વે પર્યાય નહોતી ને થઈ? એ તો પર્યાયદ્રષ્ટિ એ વાત છે. આહાહા! એ પણ પૂર્વે, નહોતી ને થઈ, એ પણ પર્યાયને, ગુણના સમીપનો સબંધ છે, એને પૂર્વની પર્યાયનો નાશ હારે સબંધ નથી. આહાહા! ઝીણું બહુ કાંતિભાઈ! ઝીણું છે.

આ કાંઈ ઉપર ઉપર ટપકે પકડે, આ તો ત્રણલોકના નાથ, વીતરાગ પરમેશ્વર, સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ. આહાહા! જેણે એક સમયમાં, ત્રણકાળ, ત્રણલોક જણાણા નહિં, પણ તેની પર્યાયને જાણતા, એ પર્યાય જણાઈ ગઈ. આહાહા! નિશ્ચયથી તો એમ કહ્યું છે. એ ઓલા ૯૫ પાનું નથી ગુજરાતીમાં, આમાં ૯૫ નથી, ૮૯ છે, મેં કહ્યું'તું ૮૯ એ ન્યાં તો ચિદ્‌વિલાસ. ૯૫ પાનું, મારા ખ્યાલમાં ૮૯ હતું, પણ આમાં ૮૯ છે. આહાહા! ચિદ્‌વિલાસ ૮૯ કહ્યું'તું પણ ઈ નીકળ્યું ગુજરાતીમાં ૯૫. પર્યાયનું કારણ, પર્યાય આવે છે ને? ભાઈ આહાહા! ઝીણી વાત, એ કેવળજ્ઞાનની પર્યાયનો સ્વકાળ હતો, એ જ્ઞાનની પર્યાય, પર્યાયથી થઈ છે, ગુણથી નહિ, નિમિતથી નહિ, પૂર્વના મોક્ષના મારગની પર્યાયથી નહિ. આહાહા! પોપટભાઈ! આવો મારગ પ્રભુ આહાહા!

અરે, સાંભળીને સમજમાં લક્ષ તો કરે, આહાહા! અરે, આવા કાળમાં ન સમજે, બાપુ, કે દિ' સમજે ઇ આ. આહાહા! કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાય થઈ, આહાહા! એણે મિથ્યાત્વનો નાશ કર્યો, એ તો નથી, પણ પૂર્વની પર્યાય ગઈ, માટે થઈ એમેય નથી. તેમ, એ સમ્યક્‌ની પર્યાય, દ્રવ્ય, ગુણની હતી, તે આવી એમેય નથી. આહાહા! એ પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું વીર્ય પર્યાય, પર્યાયનો પરમેશ્વર, તેનો અંશ એ પર્યાય આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય, આવી સ્વતંત્રતાની ક્યાંય વાત હોઈ શકે નહિ? જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી, જૈન ધર્મ, એ વસ્તુનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? જૈન ધર્મ એ સંપ્રદાય ને વાડો નથી કે, તમે જૈન આમ કહો છો, ને અમે આમ કહીએ છીએ, એમ નથી.

**જિન સોહિ હૈ આત્મા, અન્ય સોહિ હૈ કર્મ,**
**એહિ વચનસે સમજ લે, જિન વચનકા, મર્મ**

આહાહા! અરે, વાણી ક્યાંથી આવી? આહાહા! સર્વજ્ઞના ધોધ જેણે છોડયા, આહાહા! નિર્વિકલ્પદશા થાય, રાગને ગ્રહે અને છોડે નહિ, એવો ચૈતન્યનો સ્વભાવ છે, એવી જ્યાં અંતરની દ્રષ્ટિ થઈ, ત્યારે એ દ્રષ્ટિનો આશ્રય, દ્રવ્ય હતું એમ કહ્યું અને તે છે, તે આવી, એમ પણ કહયું, અને તેનો જન્મક્ષણ, એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો જન્મ નામ ઉત્પત્તિનો એ કાળ હતો એમ કહ્યું, આહાહા! એ પર્યાયને કારણે, પર્યાયને કારણે પર્યાય થઈ છે, પર્યાયના વીર્યથી પર્યાય થઈ છે, દ્રવ્ય ગુણથી નહિ. આહાહા! આવી સ્વતંત્રતા, આ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, એ સિવાય આવી સ્વતંત્રતા, ક્યાંય ન હોય, બાપુ, એના, એના વાડામાં જન્મ્યો એને સાંભળવા મળ્યું, કહે છે કે, આ આવી ચીજ સાંભળવા મળી નહિ એને. હેં? આહાહા!

શ્રુત, પરિચિત, અનુભૂત આ, ભગવાન તેં બીજી વાતું બહુ સાંભળી આ ચીજ આવી છે, એનું સત્‌પણું આવું છે, આહાહા! એવું તેં સાંભળ્યું નથી, સાંભળ્યું હોય તો તેને રૂચિ થઈ હોય, એમ કહે છે. આહાહા! કહે છે એ પર્યાય થઈ, એ નિર્વિકલ્પ અનુભવ કાળે, જીવને પરદ્રવ્યના ગ્રહણ, ત્યાગનો વિકલ્પ હોતો નથી. આહાહા! સમ્યગ્દર્શનના પામવા કાળે સમજાણું કાંઈ?

આત્માના શુદ્ધ, ચૈતન્યધનના અનુભવ એટલે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કાળે, આહાહા! એ અનુભવકાળ, અનુભવ એટલે વસ્તુનો જે સ્વભાવ છે, તેને અનુસરીને જે દશા થઈ, રાગને અનુસરીને નહિ, પૂર્વને અનુસરીને નહિ આહાહા! એ પર્યાયના અનુભવ કાળે, જીવને પરદ્રવ્યના, ગ્રહણ, ત્યાગનો રાગ જ હોતો નથી, કે હું આને ગ્રહું અને આને

છોડું, એવો વિકલ્પ છે નહિ. ભારે, આકરી વાતું માણસને લાગે હોં, સંપ્રદાયમાં તો એ વાત છે નહિં? એટલે લાગશે, આ તો ક્યાંની વાત હશે આ? જૈન પરમેશ્વરની હશે? એમ લાગે, ઓલા વેદાંત જેવી હશે? ભગવાન પરમેશ્વરની આવી વાત છે. વેદાંતમાં ક્યાં એ વાત છે? એ તો સર્વવ્યાપક, એક આત્મા માને ને, કાંઈ છે નહિં. આંહી તો અનંત આત્મા, એક આત્મામાં, અનંતગુણો, અનંતગુણની એકસમયની, અનંતી પર્યાય એ વાત છે ક્યાંય નહિં જગતમાં. સમજાણું કાંઈ?

કહે છે ધર્મકાળ, લ્યો ઈ આવ્યું. નથી આવ્યું? ટીકામાં નથી? છે? ધર્મકાળલબ્ધિ આવે છે ટીકામાં આવે છે, ભગવાન આત્મા આહા! એને સમ્યગ્દર્શન, જ્ઞાન પામવાનો કાળ છે ને ત્યારે તે પામે છે, પણ ઈ પામતા કાળમાં, હું આને ગ્રહું, આત્માને અનુભવું, ને રાગને છોડું એવું કાંઈ હોતું નથી. આહાહા! શેઠ આવી ઝીણી વાત છે. આરે, લોકોને, ઓલા પંડિતોએ કુંદકુંદ આચાર્યે બહુ ફેરફાર કરી દીધો. વસ્તુનું સ્વરૂપ જેમ છે, એને ફેરફાર કરીને મનાવ્યું છે. હેં? ખબર નથી, ખબર વિનાની વાતો કરવા માંડે, ગોટા જ ઉઠે, કહે છે ભાઈ, આ જન્મમરણના ટાળવાના આરા, કાળ છે નાથ. આહાહા! આવો મનુષ્યભવ ને એમાં આ ભગવાનની વાણી, પરમ સત્યનું સાંભળવું ને આટલા જોગે આહાહા! હેં? કહે છે કે, અંદરમાં જા ભગવાન. આહાહા! અમારી વાણીથી પણ, તું અનુભવમાં આવી શકે નહિં, એવી ચીજ છે. આહાહા! અને એ અનુભવ કાળમાં, ગ્રહણ, ત્યાગનો વિકલ્પ નથી, એ તો, તે દશામાં, ગ્રહણ કરવા યોગ્યનું ગ્રહણ થઈ ગયું. આહાહા! સ્વરૂપમાં એકાગ્ર થઈ ગયું, એ ગ્રહણ કર્યું અને ત્યાગવા યોગ્યનો ત્યાગ સ્વયં થઈ ગયો, રાગ ઉત્પન્ન જ થયો નહિં, એનો સહજ ત્યાગ થઈ ગયો. આહાહા! એટલે ગ્રહણને ત્યાગનો પ્રશ્ન જ રહેતો નથી.

હવે, વળી આત્મ સ્વરૂપ, સંપૂર્ણપણે પ્રગટ જ્યારે થાય, અહિં એ લીધું, નહિંતર તો આંહી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં પણ બધાને જાણે, દેખે એવો જ એનો સ્વભાવ પ્રગટ થાય છે, મતિ, શ્રુતજ્ઞાનમાં પણ એમ છે ભાઈ આહાહા! સમ્યક્ મતિને, શ્રુતજ્ઞાન, ચૈતન્યના અવલંબે જે થયું તે જ્ઞાન, પણ સંપૂર્ણ ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને પરોક્ષ રીતે જાણે, પણ એ પણ, જાણવાનું જ કામ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? અહિંયા કેવળજ્ઞાનની વાત લીધી છે, આત્મ સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય, ભગવાન આત્મા, સર્વજ્ઞ શક્તિનું સત્ત્વવાળું તત્ત્વ, સર્વજ્ઞના સત્ત્વનું સત્ત્વ, સ્વરૂપ થયેલું તત્ત્વ. જ્યારે અંતરનાં આલંબનથી, સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય, જેવી એની શક્તિનો સ્વભાવ હતો, એવો પર્યાયમાં પ્રગટ થાય, ત્યારે સંપૂર્ણ કેવળજ્ઞાન કહેવાય.

આહાહા! ત્યારે આત્માના જ્ઞાનગુણની પર્યાય, પૂર્ણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આહાહા! આ કેવળજ્ઞાનનો, એવો અનંત મહિમા છે કે, અનંત દ્રવ્યોના, અનંત દ્રવ્યો છે, નિગોદ, સિધ્ધો, રજકણો, અનંત પદાર્થ અને અનંત ગુણોને એક, એક દ્રવ્યના, અનંત ગુણો છે, એને અને તેમની ત્રિકાળવર્તી વિકારી, અવિકારી, અનંત પર્યાયોને આહાહા! સંપૂર્ણપણે એક જ સમયમાં, સર્વથા, કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાનમાં, સર્વથા પૂર્ણ બધાને જાણે છે. આહાહા! પરોક્ષ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાન થતાં સ્વ સ્વરૂપ, ભગવાન પૂર્ણાનંદનો આશ્રય સન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાન તો સર્વને જાણવાના સ્વભાવવાળું છે, કોઈને કરે અને કોઈને મૂકે, એવો એનો સ્વભાવ નથી, ઈ નથી, કરે ને મૂકે, એવો સ્વભાવ છે, ત્યારે છે શું? એમ કીધું. સમજાણું? એ તો જાણવાનો સ્વભાવ છે બધું, જ્ઞાની, રાગ આવે તો જાણે, રાગ છૂટે તો જાણે, બંધ પડે તો જાણે, બંધનો અભાવ થાય તો જાણે, આહાહા! એવું એનું સ્વરૂપ છે. કહે છે, ત્રણકાળના દ્રવ્ય, ગુણને પર્યાયોને, વિકારી, અનંત પર્યાયોને સંપૂર્ણપણે, કેવળજ્ઞાન એક સમયમાં, સર્વથા, પ્રત્યક્ષ જાણે છે. પ્રવચનસારમાં છે ૩૮મી ગાથા ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૭, ૪૮, ૪૯, ૫૧ એ બધી. કેવળજ્ઞાનની ગાથાઓ છે ત્યાં પ્રવચનસારમાં, સવારે વંચાય છે ને? ઓહો! જ્ઞાન, પરપદાર્થને જાણે છે, એમ કહેવું તે પણ વહેવારનયનું કથન છે, કેમ કે જ્ઞાન, પરને જાણતાં, પરમાં એકત્વ થતું નથી, તન્મય નથી, એ તો ભિન્ન રહીને જાણે છે. આહાહા! લોકાલોક, ત્રણકાળ જાણે, પણ તે વસ્તુથી ભિન્ન રહીને જ્ઞાન જાણે છે, એટલે ખરેખર તો જ્ઞાન, જ્ઞાનને જાણે છે, જ્ઞાન પરને જાણે એમ કહેવું, એ પણ વહેવાર છે. આહાહા! સમજાણું કાંઈ? આવો મારગ આકરો લાગે, પણ ભાઈ, એનું સ્વરૂપ માને તો ખરો પહેલું, એનું આ જ્ઞાન તો કર કે મારગ તો આ છે બાપુ. આહાહા! એમાં સમ્યક્ આ જાતના વહેવારું, પણ સમ્યગ્જ્ઞાન જેને નથી, તેને પરમાર્થે નિશ્ચય જ્ઞાન પ્રગટ થતું નથી. આહાહા! સમજાણું કાંઈ? છતાં વહેવાર ઉપર, સમ્યગ્જ્ઞાન થાય, એ કાંઈ નિશ્ચય સમ્યગ્જ્ઞાન પ્રાપ્તનું કારણ નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

વાસ્તવમાં તો આત્મા, પોતાને જાણતાં, સમસ્ત પદાર્થો જણાઈ જાય છે, પાણીની સ્વચ્છતામાં, રાત્રિમાં, ચંદ્રને નક્ષત્ર ને એમાં દેખાય છે પાણીમાં, એ પાણીનું સ્વરૂપ છે, એ ચંદ્ર, નક્ષત્રનું નહિં. આહાહા! શું કીધું? પાણી જે રાત્રિમાં સ્વચ્છ, આમ ચાલ્યું જાય છે હોં, એમાં ઉપરના ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ, આદિ જણાય છે, એમાં ઈ નહિ, ઈ સ્વચ્છતા પાણીનું એ સ્વરૂપ છે. હેં? એને એ જાણે છે, આહાહા! એમ જ્ઞાનની, એક સમયની પર્યાયની નિર્મળતામાં, લોકાલોકનું જ્ઞાન, જે આંહિ પરિણમ્યું છે, એ લોકાલોકનું

જ્ઞાન નહિં, પણ ઈ પોતાની પર્યાય એ રીતે પરિણમી છે. આહાહા! સમજાણું કાંઈ?

રાત્રિમાં પાણી વહેતું સ્વચ્છ ચાલ્યું જાતું હોય, ઉપર આમ ચંદ્ર, સોળ કળાએ ખીલ્યો હોય, નક્ષત્રો, તારા, ચમકતા હોય, એ પાણીમાં જણાય છે, એ પાણીમાં પાણીમાં જણાય એ, નક્ષત્ર, તારા છે? ઈ તો પાણીની પર્યાય છે. હેં? આહાહા! એમ કેવળજ્ઞાનની પર્યાય, લોકાલોકને જાણે છે, એ લોકાલોકની પર્યાય છે? એ તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે, એમાં ઈ લોકાલોક જણાઈ જાય છે, એમ વહેવારે કહેવામાં આવે છે. આહાહા! નિશ્ચયથી જણાય છે હોં? જ્ઞાનની પર્યાયમાં એવડું સામર્થ્ય છે, એને જાણતા, નિશ્ચયથી જણાઈ જાય છે, આને જાણવું, એમ કહેવું, એ વહેવાર છે. આહાહા! આવો ધર્મ, આવો મોક્ષનો મારગ છે, કેટલાક કહે કે, આ નવો કાઢયો, નવો કાઢયો, સોનગઢવાળાએ નવો કાઢયો. ભગવાન, આ તો અનાદિનો વીતરાગ, નવો કોણ કાઢે બાપુ? પરમાત્મા કેવળજ્ઞાની બિરાજે છે, મહાવિદેહમાં, પ્રભુ બિરાજે છે, સીમંધર ભગવાન, એવા વીસ તીર્થંકરો બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે, મહાવિદેહ છે ને? પંચ મહાવિદેહ, એક, એક વિદેહમાં વીશ (સોળ સોળ) એવા વીશ, એવા વીશ છે ને? વીશ, અંદરમાં ભાગ કેટલા છે? બત્રીશ છે, આઠ, આઠ છે ને આમ આઠ, આઠ આમ, આઠ આમ સોળ આમ બત્રીશ, સોળ આમ, બત્રીશ પંચા, એમ છે ને? એ ભાગ. વિદેહ પાંચ, પણ એમાં ભાગલા એકસો સાઈઠ, ભરતથી પણ મોટો, મોટો ભાગ. ત્યાં, એક, એક ક્ષેત્રમાં, અત્યારે વીશ તીર્થંકર બિરાજે, એકસો સાઈઠમાં, કોઈ વખતે, અજીતનાથ ભગવાનના વખતમાં એકસો સાઈઠ તીર્થંકરો હતા, સાક્ષાત્ અરિહંત પરમાત્મા, ઈ ખામણામાં આવે છે, ઉત્કૃષ્ટતા હોય તો એકસો ને સીત્તેર, એકસો સાઈઠ ઈ ને, દશ, પાંચ ભરત, ને પાંચ ઐરાવત, દશ. એકસો સીત્તેર હોય તીર્થંકર ઉત્કૃષ્ટ, એ અજીતનાથ ભગવાનના વખતે એકસો સીત્તેર હતા. આહા! ખામણામાં આવે છે સ્થાનકવાસીમાં, એકસો સીત્તેર હેં? આહાહા!

એ ભગવાન પાસે, આ કુંદકુંદઆચાર્ય ગયા હતા, આઠ દિ'. સાંભળવાનું તો નિમિત્ત અને જ્ઞાનની પર્યાય, ઉત્પન્ન થવાનો સ્વકાળ. આહાહા! એ જ્ઞાન થઈને અહિં આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા! સાક્ષાત્ ભગવાન, ત્રિલોકનાથ, સીમંધર ભગવાનની વાણી છે આ, સંત તો એનો અનુવાદ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે, એવી વાત કાને ન પડે અને સમજણમાં કે દિ' લે આહાહા! અને કે દિ' અંતરમાં ઉતરે? કહે છે કે, કેવળજ્ઞાન, સર્વથા, જ્ઞાન, પર પદાર્થનું કહેવું, એ વહેવારનું કથન છે. વાસ્તવમાં તો, પોતાને જાણતાં, પોતાને જાણતાં, સમસ્ત પદાર્થો જણાઈ જાય છે,

આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ શક્તિ આવે છે ને ? સુડતાલીશ શક્તિમાં, સર્વજ્ઞ શક્તિ એટલે સર્વને જાણે માટે પરને, એમ નહિં. એ સર્વજ્ઞપણું, એ આત્મ જ્ઞાનમયપણું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો વાતે, વાતે ફેર બહુ, વીતરાગ, સર્વજ્ઞ પરમાત્મા કહે છે, ઇ સર્વને જાણે છે, એને માટે સર્વજ્ઞ, એમ નહિં, ઈ સર્વજ્ઞ શક્તિ, પર્યાયમાં, સર્વને જાણવાપણે, પોતાના સામર્થ્યથી, પોતામાં, બધુ જણાઈ ગ્યું છે. આહાહા ! એ આત્મજ્ઞાનમયી, સર્વજ્ઞ શક્તિ એમ લીધું છે. આત્મદર્શનમય સર્વદર્શિ શક્તિ છે આહાહા ! અહો, વીતરાગી સંતોએ જગતને કરૂણા કરીને આવી વાત કરેલી, એને કરવા જેવું શું છે એ કહ્યું, એમાં. ભાઈ, તારે શું કરવા જેવું છે ભગવાન, જ્યાં એ શક્તિઓ પડી છે, ત્યાં તારે ઠરવાનું ને જાવાનું છે. આહાહા ! કો સમજાણું કાંઈ ?

જ્યાં ભગવાન આત્મા, અનંત શકિતવાળું તત્ત્વ છે, એક, એક શક્તિનું અનંત સામર્થ્ય છે, એવી અનંતી શકિતઓ, એક આત્મામાં છે. આહાહા ! ત્યાં તારે જાવાનું ભગવાન, ત્યાં તારે નજર કરવાની છે, હેં ? આહા ! નિધાન પડયું છે, ત્યાં નજર કરવાની છે આહા ! અને નજર કરવાથી, કેવળજ્ઞાન પ્રગટ થાય છે, એ સ્વતંત્ર પર્યાયનું સામર્થ્ય એટલું, માટે પ્રગટ થાય છે. આહાહા ! લોકાલોકને, ઈ લોકાલોકને જાણે માટે, એ સર્વજ્ઞ પણું એમ નહિ, એ સર્વજ્ઞ શક્તિની પર્યાય, આત્મજ્ઞાનમય પૂરી થઈ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ ઓલ્યા, વહેવારના આગ્રહીઓને, નિમિત્તના આગ્રહીઓને, તો એવું લાગે, આ બધું ગાંડપણું છે. માળા ગાંડા છે, એક વળી, એમેય કહેતો હતો કે સોનગઢીઆને ઈસ્પિતાલમાં મૂકો કે માળા હેં ! ગાંડાની ઈસ્પિતાલમાં. અરે પ્રભુ, સાંભળ, બાપા. આહાહા ! ભાઈ, તને સત્‌ની, સ્વંતત્રતાની વાત તે સાંભળી નથી, તેથી તને એમ થાય છે નિમિત્ત આવે તો થાય, વહેવાર હોય તો નિશ્ચય થાય, ભગવાન, એવું સ્વરૂપ નથી તારું. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! છે ? એવી જ્ઞાનની નિર્મળતા, સ્વચ્છતા છે. વળી તે આત્મ સ્વરૂપ સ્વસંવેદન છે, ચોથું પદ છે ઈ મૂળ ગાથામાં, ભગવાન આત્મા, સ્વ નામ પોતાથી, સમ્ નામ પ્રત્યક્ષ, વેદાય એવો એનો સ્વભાવ છે. આહાહા !

પ્રભુને, પામર તરીકે એણે ઓળખ્યો. હેં ? પ્રભુતાના શક્તિનો ભંડાર, એક, એક શક્તિ પ્રભુતાથી ભરેલી, એવી અનંત શકિતઓ, જીવતર, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શીત્વ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ શક્તિ એવી સુડતાલીશ શક્તિઓનું વર્ણન તો સમયસારમાં આવી ગ્યું છે. એક, એક શક્તિ અનંત

સામર્થ્યથી ભરેલી છે, એવા સામર્થ્યને, સ્વસંવેદનથી જણાય એવું છે, કહે છે. કો સમજાણું કાંઈ? પોતાના આત્માના જ અનુભવમાં આવે એવું છે, ગુરૂ અને તેમની વાણી, કે તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે નહિ. આહાહા!

ભગવાન કે ભગવાનની વાણી કે ગુરૂ ને ગુરૂની વાણી એ તો પરવસ્તુ છે, પર ઉપર જ્યાં સુધી લક્ષ રહે, તો અનુભવ થાય, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, ભગવાનની વાણીથી ન લાભ થાય? અરે! સાંભળને ભગવાન, સમોવસરણમાં અનંતવાર ગયો, પ્રભુ અનંત કાળથી, 'અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરૂ સંતને, મૂક્યાં નહિં અભિમાન'. આહા! સમજાણું કાંઈ? સેવ્યા નો અર્થ એ કહે છે તેવું માન્યું ને જાણ્યું નહિ, કંઈ પગ દાબવા નથી ત્યાં. આહાહા! સમજાણું કાંઈ?

એ ત્રીજી ગાથામાં આવે છે સમયસારમાં, પોતે તો જાણ્યું નહિ, પણ જાણનારની સેવા ન કરી, એમ આવે છે, એનો અર્થ એ, ભગવાન સંતો, શું કહે છે, એ વાતને તેં અંદર, લક્ષમાં લીધી નહિ, એટલે સેવા ન કરી એમ આહાહા! એવા તો મોટી મોટી વાતું કરે, એમ કરીને કાઢી નાંખે. આહાહા! બાપું, તું મોટો છો પ્રભુ, તારી મોટપની શું વાતું કરવી? અનંતા સિદ્ધની પર્યાયનાં, અનંતા પદ, તારા સ્વભાવમાં પડયાં છે, અનંતા એક સિદ્ધ થાય એવી અનંતી પર્યાયો છે. આહાહા! એ તારી શક્તિમાં, સિદ્ધની પર્યાય અનંતી પડી છે. આહા! કારણ કે ગુણ છે. આહાહા! એની મોટપની શી વાતું કરવી. એની મહંતતાની શું કેમ? આહાહા! એ ભગવાનના કહેણ આવ્યા છે આ! હેં? સારા ઘરની કન્યા આવતી હોય, ને બે, પાંચ લાખ લઈને આવતી હોય, બે, પાંચ લાખ રૂપિયા ને કાંઇ વાને મોળી ઓલી હોય તો પણ સ્વીકારી લે? હેં? પચાસ નાળિયેર આવ્યા હોય પણ કહે, આ દસ. લાખ લઈને આવે છે ને કરોડપતિ માણસ છે અને પછી દીકરો નથી, ને મરી જશે તો કહે, નેવું પછી આવવાના છે. હેં? આહાહા! એના વેણ સ્વીકારે, આંહી ત્રણલોકના નાથ, એને વેણ, કહેણ આવ્યા છે એના અરે! નાથ, તારામાં શુદ્ધ પ્રભુતા પડી છે ત્યાં જા, એની હારે લગન કર. આહાહા! સમજાણું કાંઈ? એવી વાત છે. ભગવાન આ તો. આહાહા!

'જગતડા કહે છે રે, ભગતડા કાલા છે'. અરે, આવી શું વાતું કરો? 'એ કાલા ન જાણશો, એ પ્રભુની શક્તિને વ્હાલા છે'. સમજાણું કાંઈ? ઘેલા છે એમ કીધું. ત્યાં અમારે પાલેજમાં દુકાન હતી ને? નવવર્ષ ત્યાં રહીને, ૫૯ થી ૬૭ એ. સગાવહાલા વિષ્ણુ હતા, એક જણ ન્યાં કરે ભજન, વિષ્ણુ, તો જાવું પડે નાની ઉંમર ને તે દિ' ત્યાં

જાઈએ, સાંભળીએ, તો ઓલા, એમ ગાતા ‘જગતડા કહે છે રે ભગતડા, ઘેલા છે, પણ ઘેલા ન જાણશો રે પ્રભુને ત્યાં પહેલાં છે’ એમ ગાતાં એનો અર્થ આ હોં. ઈ તો પરને માટે કર્યું, છે આહાહા!

પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ, જેને અંદર રુચ્યો, એની વહાલપની શું વાત કરવી કહે છે. જેને પરમાત્માના સ્વભાવ, પોતાનો, એની હારે જેને વહાલપ થઈ, એ ભગતડા, ભલે ઘેલા તો પણ વહાલાં છે ઈ. એ અલ્પકાળમાં, કેવળજ્ઞાન લેવાના છે. સમજાણું કાંઈ? દુનિયાને ન બેસે, આકરી વાતું લાગે, પણ શું થાય ભાઈ, વસ્તુ તો જે છે એમ રહેશે. આહાહા! ધર્મીની દ્રષ્ટિમાં, ઈન્દ્રાસનનાં ઈન્દ્રોના સુખો પણ ઝેર જેવા લાગે છે એને. આહાહા! જેના આત્માના અંતર સ્વરૂપમાં આનંદ છે, એવી જ્યાં દ્રષ્ટિ થઈ, એને ઈન્દ્રના ઈન્દ્રાસનો, જેને અનાજના ઢોકળા નથી ખાવાના, એવા જેના વિક્રિય શરીર, એના ભોગ હજારો ઈન્દ્રાણીઓનાં ઝેર, ઝેર, ઝેર છે, કેમકે રાગના દુ:ખ છે, રાગ તો ઝેર છે. ભગવાન આત્માનો આનંદ તો અમૃત છે. આહાહા! કહે છે એ ભગવાનનું વેદન, આમ અહિં કહેવું છે ને? પોતાનું સ્વસંવેદન આહાહા! એ ભગવાનની દિવ્યધ્વનિથી પણ જણાય એવું નથી, આહાહા! ગુરૂ અને એમની વાણી, કે તીર્થંકરની દિવ્યધ્વનિ પણ, તેનો અનુભવ કરવા સમર્થ (નથી). જીવ અનુભવ કરે, તો તે નિમિત્તમાત્ર કહેવાય. આહાહા! અનુભવ કરે તો નિમિત્ત કહેવાય, એનાથી થયું નથી. આહાહા! આવી વાતું છે ભાઈ, આહાહા!

ઓલા કહે, દયા પાળવી, પછી આમ કરવું, પછી આમ કરવું, આહાહા! મારવાડીમાં તો જુઓ ને કેટલાક જીવ દયા પાળવા નીકળે પચીસ, પચીસ માણસ, ઘરે ન ખાય, એમ કરીને કોકનું માંગીને ખાય ... ... એ દયા પાળી કહેવાય? અરે ભગવાન, તને દયાની ખબર નથી બાપુ, દયા તો, આત્મા આનંદનો નાથ, વીતરાગ સ્વરૂપી છે, એવું એનું જીવન છે, તેનો સ્વીકાર કરવો, એને દયા પાળી કહેવાય છે, જેવો એનો સ્વભાવ જીવતો, જીવતો, જાગતો છે, એને એ રીતે માને, કબૂલે, એણે દયા જીવની પાળી, અને એને એટલો ન માનતા, રાગને, અલ્પજ્ઞવાળો માનવો, એ જીવની પૂર્ણ હયાતિનો નકાર કરનાર, એ હિંસા કરે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું છે ભાઈ.

વીતરાગ, ત્રિલોકનાથ, સર્વજ્ઞ, પરમેશ્વર અરિહંતના પંથમાં આ વાત છે. હેં? આહાહા! જિનેશ્વર દેવ, એમના મુખથી દિવ્યધ્વનિ આવી, એમાં આ આવ્યું છે, આ એના કહેણ છે. સમજાણું કાંઈ? કહે છે કે, અમારી વાણીથી પણ, તું ન જણાય એવો

તને કહીએ છીએ લે. આહા! એ તો વીતરાગ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો આહાહા! હેં? અલૌકિક વાતું છે. આહાહા!

**સહેજે સમુદ્ર ઉલસ્યો, એમાં રતન તણાંતા જાય,**
**ભાગ્યવાન, કર વાવરે, એની મોતીએ મુઠ્ઠીયું ભરાય.**

અભાગ્યવાન, જો ભરે ત્યાં શંખલા ભરાય, હાથમાં આવે. આહા! આવો મારગ વીતરાગનો. સમજાય છે કાંઈ? અનુભવ કરતો થકો જીવ, અનુભવ કરે, તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવગોચર છે. આહાહા!

આત્મા તો પોતાના સ્વભાવથી જણાય ને અનુભવ થાય એવો છે, એ વિભાવ ને નિમિત્ત ને સંયોગથી જણાય એવો ચીજ, એવી ચીજ નથી. આહાહા! એવી એ વસ્તુ નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તે સ્વાનુભવગમ્ય છે, આત્મા, પોતે તેને ઓળખી, અનુભવ કરી શકે છે, એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યના ને રાગાદિના ગ્રહણ, ત્યાગ નથી, તે સર્વજ્ઞ છે માટે સ્વાનુભવગમ્ય છે. સર્વજ્ઞ, સર્વજ્ઞ 'જ્ઞ' છે, માટે જ્ઞાન ગમ્ય છે, એ જ્ઞાન સ્વભાવી છે, એ જ્ઞાનગમ્ય છે, રાગ ને પરને ગમ્ય છે નહિં.

વિશેષ કહેશે ... ...

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

# પ્રવચન – ૩૦

## શ્લોક – ૨૧

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૯.૦૧.૭૫**

इत्थंभूतात्मपरिज्ञानात्पूर्व कीदशं मम चेष्टितमित्याह -

**उत्पन्नपुरूषभ्रान्तेः स्थाणौ यद्वद्विचेष्टितम् ।**
**तद्वन्मे चेष्टितं पूर्वं देहादिष्वात्मविभ्रमात् ।। २१ ।।**

**સ્થાણુ[1] વિષે નરભ્રાન્તિથી થાય વિચેષ્ટા જેમ;**
**આત્મભ્રમે દેહાદિમાં વર્તન હતું મુજ તેમ. ।। ૨૧ ।।**

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**પ્રવચન ઉપલબ્ધ નથી**

# પ્રવચન - ૩૧

## શ્લોક - ૨૧ અને ૨૨

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૦.૦૧.૭૫**

इत्थंभूतात्मपरिज्ञानात्पूर्व कीदशं मम चेष्टितमित्याह -

**उत्पन्नपुरूषभ्रान्तेः स्थाणौ यद्धद्विचेष्टितम् ।**
**तद्वन्मे चेष्टितं पूर्वं देहादिष्वात्मविभ्रमात् ।।२१ ।।**

સ્થાણુ[1] વિષે નરભ્રાન્તિથી થાય વિચેષ્ટા જેમ;
આત્મભ્રમે દેહાદિમાં વર્તન હતું મુજ તેમ. ।। ૨૧ ।।

साम्प्रतं तु तत्परिज्ञाने सति कीदृशं मे चेष्टितमित्याह -

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**
**तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रम : ।। २२ ।।**

સ્થાણુ[1] વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;
ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ।। ૨૨ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧. સ્થાણું - ઝાડનું ઠૂંઠું

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

આ સમાધિતંત્ર, આ તો ગુજરાતી હૈ, કહેતે હૈ કિ, આત્માકા જ્ઞાન હોને સે અથવા આત્મા જૈસા સ્વરૂપ હૈ, ઐસા અનુભવમેં આત્માકા ભિન્ન જ્ઞાન હોને સે, ઉસકી કૈસી દશા હોતી હૈ ? ઠૂંઠાકા દ્રષ્ટાંત દિયા ને પહેલે, વૃક્ષકા ઠૂંઠા થા ઠૂંઠા, ઉસકો પુરૂષ માનકર, ઉસકી સબ ચેષ્ટા, યે મેરી હૈ, ઐસે માનતે થે, ભ્રમમેં, ધારણા કર લિયા હો. સમજમેં આયા ? પણ અંદરમેં યે ધારણા, આ શરીરઆદિ કી ચેષ્ટા, વાણીકી દશા, યે મેરેસે હોતી હૈ ઐસી અંદર દ્રષ્ટિ હુઈ, તબ લગ વો પરકે પરસે, અપના ભિન્ન ઉસને જાના નહીં. આહાહા ! ધારણા કર લિયા હો, વો દૂસરી ચીજ હૈ. આહાહા ! પણ આત્મા જબ રાગસે અને શરીરકી ચેષ્ટાસે ભિન્ન ભાન હોતા હૈ, તબ અંતરદ્રષ્ટિમેં આત્મા ઐસા જાનતા હૈ કિ શરીર, વાણી, પરપદાર્થ, શરીરકી ક્રિયા, લિખનેકી આદિ સબ મેરી નહી, યે તો જડકી હૈ. આહાહા ! ઐસા સ્વરૂપ, ચૈતન્ય જ્ઞાનસ્વભાવી વસ્તુ, ઉસકા સ્વસંવેદન હોને સે, સ્વ નામ અપના જ્ઞાનસ્વભાવકા પ્રત્યક્ષ, રાગ ને મનકા આશ્રય બિના, વેદન હોતા હૈ, તબ જ્ઞાની પરકી ચેષ્ટા, પરકી માનતે હૈ, અપની નહીં. આહાહા ! વો કહતે હૈ દેખો,

**साम्प्रतं तु तत्परिज्ञाने सति कीद्दशं मे चेष्टितमित्याह -**

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**
**तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः ।। २२ ।।**

**સ્થાણુ વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;**
**ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ।। ૨૨ ।।**

**टीका : असौ उत्पन्नपरुषभ्रान्तिः पुरुषाग्रहे पुरुषाभिनिवेशे निवृत्ते विनष्टे सति यथा येन पुरुषाभिनिवेशजनितोपकारापकाराधुधमपरित्यागप्रकारेण । चेष्टते प्रवर्तते । तथाचेष्टोऽस्मि तथा तदुघमपरित्यागप्रकारेण चेष्टा यस्यासौ तथाचेष्टोऽस्मि भवाम्यहम् । क्व? देहादौ । किं विशिष्टः? विनिवृत्तात्मविभ्रमः विशेषेण निवृत्त आत्मविभ्रमो यस्य । क्व? देहादौ ।। २२ ।।**

**અન્વયાર્થ :** **(स्थाणौ)** વૃક્ષના ઠૂંઠામાં **(निवृत्ते पुरुषाग्रहे)** 'આ પુરુષ છે' એવી ભ્રાન્તિ દૂર થતાં, **(यथा)** જેવી રીતે **(असौ)** તે (-પૂર્વે ભ્રાન્તિવાળો મનુષ્ય) **(चेष्टते)** ચેષ્ટા કરે છે અર્થાત્ તેનાથી ઉપકારાદિની કલ્પનાનો ત્યાગ કરે છે, **(देहादौ)** શરીરાદિમાં **(विनिवृत्तात्मविभम्रः)** જેનો આત્મવિભ્રમ દૂર થયો છે તેવો હું **(तथा चेष्टः अस्मि)** તેવી રીતે

ચેષ્ટા કરું છું.

**ટીકા :** (ઠૂંઠામાં) પુરુષાગ્રહ અર્થાત્ પુરુષાભિનિવેશ નિવૃત્ત થતાં - નાશ પામતાં, જેને (ઠૂંઠામાં) પુરુષની ભ્રાન્તિ થઇ હતી તે (મનુષ્ય), જેવી રીતે પુરુષાભિનિવેશજનિત ઉપકાર-અપકારાદિથી પ્રવૃત્તિનો પરિત્યાગ કરવારૂપ ચેષ્ટા કરે છે - પ્રવર્તે છે તેવી રીતે મેં ચેષ્ટા કરી છે - અર્થાત્ તે પ્રવૃત્તિના પરિત્યાગ અનુરૂપ જેને જેવી રીતે ચેષ્ટા થાય તેવી ચેષ્ટાવાળો હું બની ગયો છું.

ક્યાં (કયા વિષયમાં) ? દેહાદિમાં. કેવો (થયો છું) ? જેનો આત્મવિભ્રમ વિનિવૃત્ત થયો છે તેવો - અર્થાત્ જેનો આત્મ - વિભ્રમ વિશેષ કરી નિવૃત્ત થયો છે તેવો - થયો છું. ક્યાં (કયા વિષયમાં) ? દેહાદિમાં.

**ભાવાર્થ:** જ્યારે માણસ ઠૂંઠાને ઠૂંઠૂં સમજે છે, ત્યારે પહેલાં તેમાં પુરુષની કલ્પના કરી જે ઉપકાર - અપકારાદિની કલ્પનારૂપ ચેષ્ટા કરતો હતો તે બંધ થઇ જાય છે; તેમ અંતરાત્માને ભેદ - વિજ્ઞાન દ્વારા શરીર અને આત્માની એકતાનો ભ્રમ દૂર થતાં શરીરાદિમાં ઉપકાર - અપકારરૂપ બુદ્ધિ રહેતી નથી અને તેથી તેના પ્રત્યે ઉદાસીન રહે છે.

## વિશેષ

જ્ઞાની પોતાના આત્માને શરીરથી ભિન્ન અને તદ્દન જુદી જાતનો માને છે; કારણકે શરીર રૂપી, આત્મા અરૂપી; શરીર જડ, આત્મા ચેતન; શરીર સંયોગી, આત્મા અસંયોગી; શરીર વિનાશી, આત્મા અવિનાશી; શરીર આંધળું, આત્મા દેખતો; શરીર ઇન્દ્રિય - ગ્રાહ્ય, આત્મા અતીન્દ્રિય - ગ્રાહ્ય; શરીર બાહ્ય પરતત્ત્વ, આત્મા અંતરંગ સ્વતત્ત્વ, ઇત્યાદિ પ્રકારે બંને એકબીજાથી ભિન્ન છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે શરીરાદિમાં આત્મબુદ્ધિની ભ્રમણા છૂટી જાય છે, શરીરના સુધાર - બગાડથી આત્મા સુધરે - બગડે એવો ભ્રમ ટળી જાય છે. દેહાદિ પર પદાર્થો પ્રત્યે કર્તા - બુદ્ધિના સ્થાને જ્ઞાતા - બુદ્ધિ ઊપજે છે અને તે આત્મ સન્મુખ વળી ચૈતન્ય - સ્વરૂપમાં એકાગ્ર થવા લાગે છે.

આમ જીવને જ્યારે ભેદ - વિજ્ઞાનદ્વારા સ્વ-પરનું ભાન થાય છે, ત્યારે તે પર ભાવથી હટી સ્વસન્મુખ થાય છે. ૨૨

---

**ટીકા :** પુરૂષાગ્રહ, પુરૂષકા અભિનિવેષ નિવૃત્ત હોતાં, નાશ પામતાં એ ઠૂંઠામેં પુરૂષકી ભ્રાંતિ હોતી થી તે સબ નાશ હો ગઈ. આહાહા ! યે ઠૂંઠા હૈ જુઓ વૃક્ષકા. આહાહા ! ઐસા

શરીર, વાણી, મન, વૃક્ષકા ઠૂંઠાની પેઠે ચિત્ત ભ્રમ થઈ જાય છે. આહાહા! સમજમેં આયા ? ઐસે વિભ્રમ જો થા, સાર તો ઓ હૈ ને અંદર ? ચાહે જિતના જાણ્યા, ધાર્યા, વાંચ્યા. પણ ઓ આત્માકી પર્યાય, અપના સહારા લે, ઓ ઉસકા તાત્પર્ય હૈ. સમજમેં આયા ? સારા શાસ્ત્રકા ભણતર, વો તો શાસ્ત્રકા જ્ઞાન, તો પરાવલંબી હૈ, આહાહા! જૈસે રાગ પરભાવ હૈ, ઐસે શાસ્ત્રકા જ્ઞાન પરસત્તાવલંબી પર હૈ. જૈસે પુણ્ય ને પાપકા ભાવ ભિન્ન હૈ, ઐસે પરલક્ષસે જો જાનપના હુઆ, એ પરસત્તાવલંબી જ્ઞાન યે બંધકા કારણ હૈ. આહાહા! અપની સત્તાકા જો, સ્વસ્પર્શી, પરસે ભિન્ન હોકર, આત્મજ્ઞાન, આત્મજ્ઞાનને કે પરકા જ્ઞાન ? આહાહા! શુધ્ધ ચૈતન્યઘન ઉસકા અંતરમેં પરસે ભિન્ન હોકર, આ ચૈતન્ય હૈ ઐસા બોધ અંદરમેં હોના, વો સમ્યગ્દર્શન ને વો સમ્યગ્જ્ઞાન ને ભેદજ્ઞાન હૈ. સારા ક્રિયા કરે રાગ કી ઔર શાસ્ત્ર સંબંધી જ્ઞાન કરે, દો હી ચીજ પર હૈ. આહાહા!

સ્વચૈતન્યમૂર્તિ ભગવાન, સમાધિ અધિકાર હૈ ને ? તો સમાધિ કબ હોતા હૈ ? આધિ, વ્યાધિ, ઉપાધિ સે પર સમાધિ. ઉપાધિ નામ સંયોગી ચીજ, વ્યાધિ નામ સંયોગમાં શરીરમાં ઉપદ્રવ રોગ, આધિ નામ સંકલ્પ ને વિકલ્પ. આધિ, વ્યાધિ, ઉપાધિ ઔર પર તરફકા જ્ઞાનભી, આધિ - સંકલ્પ વિકલ્પ મેં જાતે હૈ, ઉસસે અંતરમેં રહિત ચૈતન્યકા સ્પર્શ હોના, ઉસકા નામ સમાધિ હૈ. આ સમાધિતંત્ર કહતે હૈ. આહાહા! સમજમેં આયા ? કહો, આ સંસારકા ડહાપણ, ભણતર એ આધિ મેં જાતા હૈ. વકીલાતકા ડહાપણ આ દાકતરકા ડહાપણ, આ શેઠકે બીડીકા ડહાપણ, ડહાપણ સમજતે હૈ ? હેં ? હુશિયારી. અરે ભગવાન! વો તો પરસત્તાવલંબી ચીજ હૈ ને ? ઉસમેં આત્મા ક્યાં આયા ? ઉસમેં આત્મા ક્યાં આયા ? યે તો અણાત્મા હૈ. આહાહા! ઉસમેં તો અસમાધિ હૈ. સમજમેં આયા ? શરીર મેરા, રાગ મેરા, પરતરફકા જાણપણા વો મેરા, વો અસમાધિ હૈ. આહાહા! આંહી તો સમાધિ અધિકાર હૈ ને ?

સમાધિ કબ હોતી હૈ, કિ ઈ જેમ પુરૂષ, ઠૂંઠાકો પુરુષ માનકર, ઉસકી ચેષ્ટા અપની હૈ, ઐસે માનતે થે એ છૂટી ગઈ બાત. ઐસે દેહકી ચેષ્ટા, વાણીકી ચેષ્ટા, મનકી ચેષ્ટા. દેહકી ચેષ્ટામેં આ હોઠ હલના, પાંપણ હલના વો સબ દેહકી ચેષ્ટા હૈ. સમજમેં આયા ? ચામડી ઐસી હોના યે સબ દેહકી ચેષ્ટા હૈ. યે ચેષ્ટા જડકી હૈ. આહાહા! તો પર તરફ કા જો આગ્રહ થા અભેદ બુધ્ધિમેં, અપના સ્વભાવ ઔર પરબુધ્ધિ એક બુધ્ધિમેં. આહાહા! જો અસમાધિ થી અર્થાત્ દુ:ખ થા. યે પર સે મૈં ભિન્ન ચૈતન્ય સ્વરૂપ, ઐસી ધારણા ને વિકલ્પ ભી નહિં. આહાહા! છઠ્ઠી ગાથામેં આયાને **ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो** મૈં પ્રમત્ત, અપ્રમત્ત પર્યાય જો હૈ, ઉસમેં મૈં નહિં ઓહોહો!

આત્મા, શુધ્ધ હૈ વો કૈસે જાનનેમેં આતા હૈ ? અને જાનનેમેં આતા હૈ તો કિસ પ્રકાર ? તો કહેતે હૈ કિ પ્રમત્ત, અપ્રમત્ત રાગાદિ તો ભિન્ન પડા આહાહા ! પ્રમત્ત, અપ્રમત્તકી પર્યાયકા ઝુલના વો ભી મૈં નહીં. મૈં નહીં ઐસા વિકલ્પ નહીં. મૈં તો પ્રમત્ત-અપ્રમત્ત રહિત જ્ઞાયક દુ જો ભાવો. જ્ઞાયકભાવ, આનંદભાવ, સ્વભાવભાવ, એકરૂપભાવ, સદૃશભાવ, સામાન્યભાવ, અભેદભાવ. આહાહા !

ઐસી અંતરમેં સ્પર્શ કરના, ઐસા કહા ને ત્યાં કી, પરદ્રવ્યકા લક્ષ છોડકર, સ્વદ્રવ્યકી સેવા, ઉપાસના કરનેસે શુદ્ધ ઐસા ખ્યાલમેં આતા હૈ. ઉસકો ખ્યાલમેં આતા હૈ. કિસકો ? કે જિસને પર તરફકા લક્ષ છોડકર, સ્વદ્રવ્યકી ઉપાસના કિયા, સેવા કિયા અંતરમેં ઉસકા લક્ષ હુઆ, ઉસકો શુદ્ધ હૈ ઐસા જાનને મેં આતા હૈ, દ્રવ્યશુદ્ધ હો, પર્યાય દ્રવ્ય તરફ ઝૂકી. આહાહા ! જો પર્યાય, પર્યાય બુદ્ધિમેં થી આહાહા ! 'પર્યાય મૂંઢા પરસમયા' ઐસા લિયા હૈ ને ? પ્રવચનસાર ૯૩ ગાથા જ્ઞેય અધિકાર કી પહેલી ગાથા. 'પર્યાય મૂંઢા પરસમયા' આહાહા ! એક સમયકી પર્યાય, ઉસમેં રુકા તો ઈસમેં સારા આત્મા તો આયા નહીં. એક સમયકી પર્યાયમેં પણ રુકનેસે, પર્યાય મૂંઢ ક્યોંકી વો તો વહેવાર આત્મા હૈ, એક સમયકી પર્યાય તો વહેવાર આત્મા હૈ, સત્ય આત્મા, નિશ્ચય આત્મા, ભૂતાર્થ આત્મા, એ નહીં. આહાહા ! સમજમેં આયા ?

ભૂતાર્થ આત્મા, સત્યાર્થ આત્મા, પૂરણ શુદ્ધ એકરૂપ આત્મા, ઐસી અંતરમેં સ્વભાવ સન્મુખ પર્યાયકા ઝૂકનેસે, પર્યાયમેં શુદ્ધતા આયી, તો ઉસસે જાના કિ સારા દ્રવ્ય શુદ્ધ હૈ, ઐસે વિકલ્પસે જાનના ઐસે નહીં, એમ કહેતે હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ, અનંતકાળમેં કભી કિયા નહીં, એવી અપૂર્વ સમાધિ હોના ચાહિયે, એમ કહેતે હૈ ન, સમાધિ એટલે. સમજમેં આયા ? તો કહેતે હૈ કિ, પરકા ભ્રાંતિકા નાશ હોનેસે, જેવી રીતે પુરૂષઅભિનિવેશ જનિત ઉપકાર - અપકાર કી પ્રવૃત્તિકા પરિત્યાગ. ઉસસે મેરે લાભ હૈ, શરીરકી ચેષ્ટાસે ઔર શરીરકી ચેષ્ટા ન હો તો મેરે નુકશાન હૈ, ઐસી બુદ્ધિ છૂટ ગઈ. ઐસી બુદ્ધિ છૂટનેસે, કેવી રીતે, મૈં ચેષ્ટા કરી, ત્યાં વો તો ગયા પાઠમેં, પહેલી કડી છે ને ? યે પરિત્યાગ કરતે હૈ. આહાહા !

તે પ્રવૃત્તિના પરિત્યાગરૂપ, અનુરૂપ, પરની ચેષ્ટાના પરિ, સમસ્ત પ્રકારે અભાવ સ્વરૂપ ઐસી અનુરૂપ, જેવી ચેષ્ટા થાય તેવી ચેષ્ટાવાળો હું બની ગયો છું. આહાહા ! 'હું' તો એ જ્ઞાનને જાણવાની ચેષ્ટાવાળો, મૈં તો બની ગયો. આહાહા ! જુઓ, આ સમ્યગ્દ્રષ્ટિના લક્ષણો, જુઓ, એ આતમજ્ઞાનના ચિન્હો, આતમજ્ઞાન, આતમજ્ઞાન એમ લિયાને ? ભાઈ પરકા જ્ઞાન, પર્યાયકા જ્ઞાન ઐસા નહીં. આહાહા ! સમજમેં આયા ?

તો મૈં તો જ્ઞાનકી ચેષ્ટા, જો જાનને દેખનેવાલા હું ઓ દ્વારા, મૈં આત્મા હું ઐસા જાના. આહાહા! સમજમેં આયા ? જુઓ, અનુરૂપ જેને જેવી, જેને જેવી ચેષ્ટા થાય જ્ઞાનની પરિણતી, સ્વભાવ ઉપર લક્ષસે, જો દશા હોતી હૈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, શાંતિ આહાહા! તેવી ચેષ્ટા વાળા મૈં બની ગયા હું, જાનન દેખન ચેષ્ટાવાળા મૈં હુઆ હું મૈં રાગ ને પરકી ચેષ્ટાવાળા થા, યે પરિત્યાગ કરને સે અર્થાત્ તે તરફકા લક્ષ છોડનેસે, પરિત્યાગ કા અર્થ ક્યા ? સમજમેં આયા ?

આ છોડું છું ઐસા હૈ ત્યાં ? એ ઉપરકા લક્ષ થા, એ લક્ષકો છોડકર, એ તો નાસ્તિ સે બાત કિયા, પણ વો અપના ચૈતન્ય જ્ઞાયકભાવ, યે ઉપર જ્યાં દ્રષ્ટિ ગઈ, સામાન્ય સ્વભાવ ઉપર દ્રષ્ટિ પ્રસરી, તબ જ્ઞાન કી પર્યાય જો હોતી હૈ જાનને દેખનેકી, યે ચેષ્ટાવાળા મૈં હુઆ હું હવે. આહાહા! આવો મારગ ભારે ભાઈ! અત્યારે લોકોને પ્રવૃત્તિમાં મનાવી દીધું છે. આ બહુ બેસવાના ગજરથનો વિરોધી આવ્યો છે ને, ઔર અનુકૂળતા હૈ, એક જણે લખીને મોકલ્યું છે. આ ઓલામાં વિરોધ છે એમાં આ હમણાં આવ્યું એ બધું વાંચ્યું ને ? વિરોધ અત્યારે ગજરથ પર શું માન મળે એને ? હાથીને હોદે બેસે, પચાસ હજાર - લાખ - બે લાખ ખર્ચે એ પૈસા ક્યાં તારા પ્રભુ ? યે ગજરથ હાલે, ઈ ક્યાં તારી ચીજ હૈ ? આહાહા! અને ઉસમેં વિકલ્પ હોતા હૈ, યે ક્યાં તેરે મેં હૈ ? આહાહા! ક્યા ગજરથ ચલાના હૈ ભગવાન! ગજ તો આત્મા આનંદકા કંદ, પ્રભુ ઉસકા રથ નામ ચક્ર, અંદર પરિણમન કરના આહાહા! શેઠ! યે ગજરથ હૈ યહાં તો. હૈ ? આહાહા! ગધ્ધા જૈસી ચેષ્ટા થી. રાગ ને પર સંબંધીકા ભાવ વો અપના માનતે થે, ગદ્ધા જૈસી ચેષ્ટા થી, ક્યોંકિ મિથ્યાત્વભાવકા ફળ તો નિગોદ હૈ, બીચમેં શુભાશુભ આતે હૈ વો તો એક ગતિકા કારણ હૈ, પણ મૂળભાવ મિથ્યાત્વ હૈ, વો તો નિગોદકા કારણ હૈ. આહાહા! સમજમેં આયા ?

ભગવાન કુંદકુંદઆચાર્ય તો કહેતે હૈ કે વસ્ત્રકા એક ધાગા રખકર ભી આહાહા! મુનિપણા માને, મનાવે, માનતાને રૂડું જાણે 'નિગોદમ્ ગચ્છઇ'. ઈતના ? શું કહે છે એ ? ચીભડાના, તમારે ક્યા કહેતે હૈ કકડીકા (શ્રોતાઃ કકડી કે ચોરકો કટાર નહીં મારના) કટાર નહીં મારના, કકડીકા ચોરકો કટાર ? ઈતના જરી માના ઉસમેં ? ઐસે નહીં ભગવાન, ઉસને બડી વિપરીતતા સે કીયા થા ? સમજમેં આયા ? કપડા કા સંયોગ હો અને સંયમ હો ઐસી ચીજ નહિં, તો સંયમકા, સંવરકા તેરે વિપરીત જ્ઞાન હુઆ, ઔર સંયમ હો તો કપડા કા સંયોગ નહિં હો, તો અજીવકા સંયોગ ન હો તો, અજીવકા સંયોગકા વિપરીત જ્ઞાન હુઆ. આહાહા! ઔર સંયમ હો, તબ દ્રવ્યકા બહોત આશ્રય હૈ, જીવકા બહોત આશ્રય હૈ, ઉસકી ભી ખબર નહિં તેરેકો. વસ્ત્ર હો, રાગ હો તો, અંદર

દ્રવ્યકા ઈતના તો આશ્રય હુઆ નહિં, તો માન લિયા કી મારે સંયમ હૈ. આહાહા!

તો જીવ દ્રવ્યકા આશ્રય મેં ભી ભૂલ, અજીવકા સંયોગ મેં ભી ભૂલ, ઔર સંવરકી પર્યાયમેં ઉગ્રતા ઈતની હો તો ત્યાં ઐસા વિકલ્પ વસ્ત્રકા હોતા નહિં તો સંવરકી ભી ભૂલ ઔર વિકલ્પ હૈ, સંવરકે કાળમેં વિકલ્પકી મર્યાદા આહાર કે લેને કી ઈતની હૈ તો યે મર્યાદા છોડકર આશ્રવકા ભી ભૂલ. (શ્રોતાઃ સંયોગ તો કુછ કરતા નહિં ઉસને ઈતની ગરબડ કર દી જરા કપડેમેં) કપડે કહ્યું, કુછ કરતે નહીં, ઉસકી મમતા હૈ ને વો. સંયોગ કુછ કરતે નહિં, કપડા નુકશાન કરતે નહિં, કપડા ઉપર લક્ષ જાના વો નુકસાન કરતે હૈ. એય વાત સાચી છે, કાંઇ કપડાની પર્યાય તો ઉસકે હૈ ઉસમેં અન્ય ચીજ કો કૌન કહેતે હૈ? પણ વો જબ મમતા ઈતની છૂટતી હૈ તો કપડાકા સંયોગ, સહજ અજીવકા ઈતના સંયોગ હોતા નહિં, ઐસા નિમિત્ત - નિમિત્ત સંબંધ હૈ. આહાહા! સમજમેં આયા?

તો કહેતે હૈ કી, જિન્હે ઈતની ભૂલ કિયા વો સારા નવ તત્ત્વકા વિપરીત દ્રષ્ટિ કિયા ઉસને. સમજમેં આયા? આહાહા! તો યહાં પરસે ભિન્ન સ્વરૂપ હૈ, ઐસે ન માનકર, રાગ સે લાભ હોગા, પુણ્ય સે લાભ હોગા, શરીરકી અનુકૂળતા ઐસે રહે, બ્રહ્મચર્ય પળે, સ્ત્રીકા વિષય મેં શરીર ન જાય, સ્ત્રીકા વિષયમેં શરીર ન જાય તો મેરે લાભ હોગા. પણ શરીર, યે તો વિપરીત માન્યતા હૈ. સમજમેં આયા? તો યે વિપરીત માન્યતાકો ત્યાગ કર, યહાં કહેતે હૈ, મૈં તો સબ ચેષ્ટાકો છોડ દીયા હું. આહાહા!

મૈં તો ભગવાન આત્મા, જ્ઞાયક સ્વરૂપ, તો જ્ઞાયક કે સ્વરૂપકા ભાન હુઆ તો પર્યાયમેં જ્ઞાનકી ચેષ્ટા રહી, જ્ઞાનકા પરિણમન રહા, એમ કહેતે હૈ. ચેષ્ટા શબ્દે જ્ઞાનકા પરિણમન. સમજમેં આયા? ઐસા અનુરૂપ, પરિત્યાગકે અનુરૂપ હૈ ને? વિકલ્પકા ને પરકા લક્ષ છોડકર, ઉસકે અનુરૂપ અપના સ્વભાવમાં જ્ઞાન કી પરિણતી રહી, જ્ઞાન જ્ઞાનરૂપે હુઆ, જ્ઞાનકી શ્રદ્ધા, જ્ઞાનરૂપે હુઆ, જ્ઞાનમેં સ્થિરતા, જ્ઞાનરૂપ હુઈ, રાગરૂપ ન હુઇ. આહાહા! ઝીણો મારગ બહુ ભાઈ, અંતર પરિણમન હોના એમ કહેતે હૈ. સમજમેં આયા? જબ પરકા ચેષ્ટાકા સ્વામીપણા છૂટયા, તો કંઈક ઉસકી પરિણતી હોની ચાહિએ ને? વો પરિણતી, જ્ઞાન ને દર્શન ને શાંતિકી પરિણતી હોતી હૈ, યે ઉસકી ચેષ્ટા હૈ. આહાહા! યે સમાધિ હૈ. આહાહા!

રાગ સે ને પરકી ચેષ્ટા સે લક્ષ છૂટ ગયા, તો ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ વો ઉપર લક્ષ જમ ગયા, વો પર્યાયમેં ચેષ્ટા કહેતે હૈ ને? અનુરૂપ એની ચેષ્ટા હોતી હૈ, પર કા અભાવ હુઆ તો, ઉસકે અનુકૂળ આત્માકા, સ્વભાવ સહજ અનુભૂતિ કી પરિણતી ચેષ્ટા હોતી હૈ, યે સમાધિ હૈ. વો બાવા લગાતે સમાધિ લીયા નહીં. સમજમેં

આયા ? પોપટભાઈ ! સામાયિકમાં આવતું'તું કે નહિં, **समाहि वर मुत्तंम दिंतु** હા, એ અર્થની કાંઈ ખબર કે દિ' હતી ? એ તો આમાં આપણે આવે છે સામાયિકમાં. દિગંબરમાં સામાયિકમાં 'સમાહિ વર મુત્તમં દિંતુ, ચંદેસુ નિમ્મલયરા', સામાયિકની આ લોકોને અહીં પ્રથા નહિં, અને શ્વેતાંબરમાં આ લોકોને સામયિકની પ્રથા રહી બહારની, સામાયિકનો પાઠ છે એ આવે છે, 'સમાહિ વર મુત્તમં દિંતુ' ઐસા પાઠ હૈ લોગસ્સમેં, લોગસ્સ સમજે. લોગસ્સ, ઉજ્જોયગરે, ધમ્મતિથ્થયરે, ચોવીસ તીર્થંકરની સ્તુતિ, એ સામાયિકમાં આતી હૈ, ઈસમેં આતા હૈ.એ પાઠ હૈ સામાયિકમાં, 'સમાહિ વર મુત્તમં દિંતુ' હે ભગવાન ! એ તો અપની પ્રાર્થના હૈ, ભગવાન કહાં દેખતે હૈ ? સમાહિ, પૂર્ણાનંદકા નાથ, અપની ચીજ, એ ઉપરકા ઝુકાવસે, ઉસકા વિનય હુઆ, પ્રાર્થના હુઈ તો ઉસમેં સે શાંતિ, આનંદકા અનુભવ, એ આનંદકા અનુભવ, ઓ સમાધિ હૈ. આહાહા ! સમજમેં આયા ?

એ 'સમાહિ વર મુત્તમં દિંતુ', સમાધિ રૂપી સ્થળ, હે નાથ મને દ્યો એ તો વહેવારસે કથન, પણ અહિંયા આયા અંદરમેં, અહિંયા, લક્ષ છૂટયા, તો ઉસકે અનુરૂપ કાંઈ ગ્રહના ચાહિયે કે નહિ ? રાગ ને પરકા લક્ષ છૂટયા, તો ઉસકા અનુરૂપ ક્યા ? ઉસકા અનુરૂપ શાંતિ, આહાહા ! સમાધિ અધિકાર હૈ ને ? સમજમેં આયા ? લોગસ્સ બહુ આવે છે શ્વેતાંબરમાં, લોગસ્સ કિયા થા કે નહિ ? આહાહા ! અમે તો દસ વરસથી કિયા થા. દસ વરસકી ઉમરમેં, ૭૫ વર્ષ હુઆ, જૈન શાળામેં, દસ વરસકી ઉંમરમેં, આ 'લોગસ્સ ઉજ્જોયગરે આ સમાહિ વર મુત્તમં દિંતુ' આપણે પાઠ હૈ, પણ આપણે ચલતા નહિં સમાયિક મેં હૈ, સામાયિક પાઠ હૈ આહાહા ! એ પાઠ ઉસમેં ઐસા હૈ. 'લોગસ્સ ઉજ્જોયગરે', લોકના પ્રકાશ કરનારા. 'લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિથ્થયરે જિણે', ધર્મના, તીર્થના કરવાવાળા હે ભગવાન, ચોવીસ તીર્થંકરની સ્તુતિ. સામાયિકમેં આતા હૈ. સમજમેં આયા ? કર્યું છે કે નહિ, લોગસ્સ બોગસ્સ ? કિયા થા ? નથી કર્યું ? લ્યો પાઠ છે ને ? આહાહા ! 'સમાહિ' એ શબ્દ પડા હૈ લોગસ્સમેં, 'સમાહિ વર' સ્થળ, મેરે કો તો આત્મશાંતિ ચાહિયે બસ. આહાહા !

સ્વભાવ સન્મુખ હોને સે, પરસે લક્ષ નામ, વિમુખ હોને સે પરસે લક્ષ છોડને કા અર્થ, વિમુખ હોને સે, સ્વસે વિમુખ થા ઔર પરસે સન્મુખ થા વો અસમાધિ આહાહા ! 'લોગસ્સ' આવે છે ને ? 'લોગસ્સ' આવે ને ભાઈ ! કર્યો હશે ને એ 'લોગસ્સ ઉજ્જોયગરે' એ સાવરકુંડલા ? નહિં સામાયિકમાં આવે છે, પહેલો, નમો અરિહંતાણં પાઠ, બીજો, તિક્ખુત્તોનો, ત્રીજો, ઈચ્છામિ પડિક્કમિઉ, ચોથો, તસ્સ ઉત્તરી, પાંચમો, લોગસ્સ, છટ્ઠો, કરોમિભંતે, સાતમો, નમોત્થુણં, આ સાત પાઠ. અર્થ કોને ખબર છે ?

આહાહા! તમે કર્યું'તું કે નહિ? નથી કર્યું ને શેઠે. દિગંબરમાં પાઠ આવે છે આહાહા! ક્યા કહેતે હૈ? જબ દેહ, વાણી, મનકી ચેષ્ટા મેરી, ઐસા કાળમેં મેરે કો અસમાધિ થી, તો ઉસકે છોડનેસે ઉસકે અનુરૂપ, અનુરૂપ સમાધિ પ્રગટ હુઇ. આહાહા! પરકા લક્ષ છોડનેસે એમ આયાને? પ્રવૃત્તિના પરિત્યાગ અનુરૂપ, પરકા પ્રવૃત્તિના અભાવરૂપ. પરિત્યાગરૂપ અનુરૂપ. આહાહા! જેને જેવી ચેષ્ટા થાય, પરના ત્યાગના અનુરૂપ આત્મામાં, જેને જેવી, સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રની ચેષ્ટા થાય, એવી ચેષ્ટાવાળો મૈં હું એમ કહેતે હૈ, સમક્તી ઐસે માનતે હૈ. આહાહા! કહો શાંતિભાઈ, લોગસ્સ, બોગસ્સ કર્યો તો કે નહીં? હેં! તેં કર્યો તો? હેં? એમ? ઓહો! આહાહા!

અપના સ્વરૂપ સે વિમુખ હોકર, પર, રાગ - દ્વેષ શરીર ચેષ્ટા આદિ મેરી હૈ, ઐસા સ્વભાવસે વિમુખ હોકર, પર તરફસે સન્મુખ હોકર જો અસમાધિ થી, આહાહા! એ પરકા ત્યાગરૂપ અનુરૂપ. ત્યાગને અનુરૂપ, જ્ઞાનને આનંદકી ચેષ્ટા હો એ, પરકા ત્યાગકા અનુરૂપ ઓ ચેષ્ટા હૈ, આમ પરત્યાગ કિયા, બાયડી ને છોકરા ને કુટુંબ ને ઐસા ને એ ત્યાગે નહીં હૈ, યે તો કહતે હૈ. આહાહા! સમજમેં આયા? ત્યાગ તો ઉસકા નામ હૈ કે, જે અંદર વિકલ્પકા ચેષ્ટાદિથી આહાહા! ઉસકા અભાવ સ્વભાવરૂપ, ઉસકા ત્યાગરૂપ અનુરૂપ જ્ઞાન ને આનંદની ચેષ્ટા! વો રાગ ને દ્વેષની ચેષ્ટાથી અસમાધિની થી, વો ઉસકા પરિત્યાગરૂપ, ઉસકે અનુરૂપ જ્ઞાન ને આનંદની ચેષ્ટા મૈં હું. આહાહા! સમજમેં આયા? વાત તો, આ તો શાસ્ત્ર હૈ ભાઈ, સમાધિ હેં? ઐસે વાંચી જાય તો થોડે ઐસે નહિં સમજાય આ તો ગંભીર ચીજ.

પૂજ્યપાદ સ્વામી, એ પણ ભગવાન પાસે ગયે થે, સીમંધર ભગવાન પાસે હોં! આયા થા, પ્રમાણમાં લખ્યા છે (શ્રોતા: પૂજ્યપાદ સ્વામી) હા! ભગવાન કુંદકુંદાચાર્ય તો ગયે થે, આયે ગયે થે, ઐસા પ્રમાણ લખ્યા છે શરૂઆતમાં હૈ ને? ઉસમેં હૈ. ક્યાંક હૈ ખરું! હેં? આઠમેં પાને જુઓ, લ્યો જુઓ, વળી આ શિલાલેખ મેં ઐસા પણ ઉલ્લેખ હૈ, તેઓ અદ્વિતીય ઔષધ ઋધ્ધિના ધારક હતાં. હૈ? વિદેહક્ષેત્ર સ્થિત જીનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું ને. હૈ! એ હૈ? શિલાખેલ મેં હૈ. હૈ અંદર? જુઓ, તેમના ચરણ જળ સ્પર્શથી, એક વખત લોઢું પણ સોનું થઈ ગયું હતું. લોહા પણ સોના હો ગયા થા. આહાહા! એ આતા હૈ શિલાલેખમેં આતા હૈ. આઠમેં પાને હૈ. મળી ગયું ને હા, વો બીચમેં હૈ આ વો (શ્રોતા: સાતમે પાને) હેં? આહાહા સાતમે પાને સાતમે પાને સંસ્કૃતમાં છે. આ સાતમે. લ્યો, તેમની અદ્ભુત જીવનની ઘટના છે?

**श्री पूज्यपाद मुनि प्रतिमैषधर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्रः** હૈ? (શ્રોતા: દેશ

વિદેશમેં જિનદર્શન સે જીનકા શરીર પવિત્ર હો જાતા હૈ) વો તો નિમિત્તથી વાત છે એ દેહ નામ આત્મા પવિત્ર થા, એ હૈ ને ઉસમેં. **यत्पादघौतजलसंस्पर्शप्रभावात कालायसं किल तदा फनकीयकार** લોહા પણ સોના હો જાય યે તો અને ઉસને ઔષધના પુસ્તક પણ બનાયા, ઔષધના બડી લબ્ધિથી અને એ વખતે કોઈ ઔષધના વૈદ્યોને અભિમાન હોય, બહુ જોર, તો ઉસને પુસ્તક બનાયા, પૂજ્યપાદ સ્વામીને, વો કારણ સે વિકલ્પ ઐસા આયા. બન ગયા ટાઈમ પૂછવા જાય તો ના પાડે હમારે ક્યા હે વૈદ્ય હૈ હમ! ઐસા બહુ જોર, વૈદ્યકા હો ગયા હો, અને અભિમાન, કે હમ ઐસા જાનતે હૈ, ને ઐસા જાનતે હૈ ઐસા વિકલ્પ આ જાય કે ભાઈ દેખો, જંગલમેં રહનેવાલાકો પણ ઔષધિકા ભી ભાન હો ઉસકો બતા દે, લખીને પુસ્તક બનાયા. દો તીન પુસ્તક. સમજમેં આયા ? ઉસમેં લીખા હૈ શબ્દકોષ. પૂજ્યપાદ સ્વામીને કીતના પુસ્તક બનાયા વો (શ્રોતા: વ્યાકરણ જૈનેન્દ્રવ્યાકરણ) હાં, ઉસને બનાયા જૈનેન્દ્ર વ્યાકરણ બનાયા. ક્યા ગ્રંથ હૈ! આહાહા!

યહાં તો, પુરૂષ ક્યા હૈ કે પુરૂષાભિનિવેશજનિત ઠૂંઠાંમાં, પુરૂષભિનિવેશ જનિત, ઐસે પરમાં, મૈં હું, ઐસા અભિમાન જનિત, ઉપકાર, અપકારકી પ્રવૃત્તિકા પરિત્યાગ. ઉસસે ઉપકાર હોગા, શુભ ભાવસે મેરે લાભ હોગા ઔર અશુભસે મેરે મેં નુકશાન હોગા, રૂચિ કરનેસે મેરે દુઃખ હોગા પરસે, ઐસી જો પ્રવૃત્તિકા અભિમાન થા, યે પરિત્યાગરૂપ કરવા ચેષ્ટા. આહાહા! સમજમેં આયા ? વો તરફકા લક્ષ ઉઠાકર, સ્વભાવમેં લક્ષ લિયા તો જો પરમેં મેરા બુધ્ધિ થી, ઉસમેં જો રાગદ્વેષકી ચેષ્ટાથી દુઃખરૂપ ચેષ્ટાથી વો ઉસકા ત્યાગરૂપ ઉસકે અનુરૂપ આહાહા!

ભગવાન આત્મા શુધ્ધ ચૈતન્યકા દ્રષ્ટિ ઔર અનુભવ હુઆ તો ત્યાં પરના અભાવ સ્વભાવને અનુરૂપ સમાધિ થઈ આહાહા! સમજમેં આતે હૈ ? આહાહા! પૂજ્યપાદસ્વામીને. જુઓ ને પાઠ હૈ ને ?

**यथाऽसौ चेष्ट ते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**
**जथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्म विभ्रम : ।। २२ ।।**

આહાહા. રાગ અને વિકલ્પસે, અભાવ સ્વભાવરૂપ તો હૈ હી, નિવૃત્ત સ્વરૂપ હી હૈ ! ઉસકા નિવૃત્ત સ્વરૂપ હી હૈ, પણ માન્યા થા કી, પરકી ચેષ્ટાવાળા મૈં હું, એ છોડકર આહાહા! જૈસા સ્વરૂપ, પરકા અભાવ સ્વરૂપ થા, ઐસા દ્રષ્ટિમેં લિયા, તો પરકા ત્યાગ કે અનુરૂપ સ્વભાવમેં આતે હી, જ્ઞાન - દર્શન - ચારિત્ર - આનંદકી પર્યાયકી ચેષ્ટા ઉસમેં હો ગઈ. આહાહા! સમજમેં આયા ? આ મારગ હૈ! મોક્ષકા મારગ આમ ઉત્પન્ન

હુઆ. સમાધિ કહો કે, મોક્ષકા મારગ કહો આહાહા. પર તરફકા લક્ષ જો થા, વો શરીર, વાણી, મન, પરઆત્મા, પરશરીર, પરશરીર સે, મૈં આ શરીરમેં હું, ઐસા માન્યા, તો પરકા શરીર ભી આત્મા ઐસા માન્યા ઉસને. હેં ? તબ ઉસકી શરીરકી ચેષ્ટા આદિ હુઇ તો, એ આત્મા હૈ, ઉસ સમય ઉસને ઐસા માન્યા. આહાહા ! સમજમેં આયા ?

તો ત્યાં સે અપની પર્યાયમેં પરલક્ષ થા, એ લક્ષસે અપની ચેષ્ટા દેહકી ભી અપની માનતે થે ને પરકી ચેષ્ટા દેહકી, એ આત્મા કી હૈ, ઐસે માનતે થે. શરીર બોલે ચાલે તો એ આત્મા કા હૈ, ઐસે પરકા ભી, ઐસે માનતે થે. આહાહા ! પોપટભાઈ ! એ કહે છે કે પરકા નાસ્તિભાવ હુઆ, શરીરકી ચેષ્ટા રાગાદિકા ભાવ, એ ચેષ્ટાકા પરિત્યાગ હુઆ. પરિત્યાગ કા અર્થ પરિ - સમસ્ત પ્રકારે, ત્યાગ - અભાવ લક્ષમેં લીયા, ઉસકે અનુરૂપ ઉસકે શાંતિ પેદા હોતી હૈ. આહાહા ! સમાધિ કી બાત તો દેખો ! સમજમેં આયા ?

પરકા ત્યાગ મેં, સ્વ કા શાંતિ ન હો, તો પરકા ત્યાગ કીયા હી નહીં ઉસને. આહાહા ! સમજમેં આયા ? આ તો સ્ત્રી કુટુંબકા ત્યાગ ઇ ત્યાગ કરતે હૈ તો એ તો માનતે હૈ મિથ્યાદ્રષ્ટિ, પર - શરીરકા ત્યાગ ઓર શરીરકા ગ્રહણ તો આત્મા મૈં હૈ હી નહીં, આત્મા ત્યાગ - ગ્રહણ શૂન્ય ઉપાદાન શૂન્યત્વ શક્તિ. હૈ ને ? ૪૭ શક્તિ મેં હૈ ? ગ્રહણ - ત્યાગ શૂન્યત્વ શટિક્ત. રજકણ માત્રકા ગ્રહના, રજકણકા છોડના, એ આત્મામેં શક્તિ ઐસી હૈ હી નહીં, એ તો પરકા ગ્રહણ - ત્યાગ રહિત ઉસકી ઉપાદાન શક્તિ હૈ. આહાહા ! સમજમેં આયા ?

નિશ્ચયસે તો રાગકા પકડ ને રાગકા નાશ, એ આત્માકા સ્વભાવમેં હૈ હી નહીં ! રાગકા નાશ કરના, વો તો ૩૫મી ગાથા મેં આતા હૈ સમયસારમેં, કે આત્મા રાગ નાશ કરતા હૈ એ કહેવામાત્ર હૈ. ૩૫મી ગાથા મેં હૈ. આહાહા ! રાગકા ગ્રહણ સે રહિત ભગવાન, ઔર રાગકા નાશ કરનાસે રહિત ભગવાન આત્મા હૈ. આહાહા ! આંહી તો કહે, કર્મકા નાશ કરતે હૈ, એ તો સબ ઉપચારીત કથન હૈ બાપુ ! આહાહા. સમજમેં આયા ? એ રાગકા નાશ કર્તા કહેના, યે તો કહેનામાત્ર હૈ. હૈ ? પુસ્તક ક્યાં ગયા ? આહાહા !

એ જ્ઞાનમાત્રસે કભી છૂટયા હૈ ? કે રાગકા ત્યાગ કરે ને રાગકા નાશ કરે ! રાગકા, અભાવ સ્વભાવરૂપ હી રહા હૈ. આહાહા ! રાગ ને વિકલ્પકા, અભાવ સ્વભાવરૂપ નિવૃત્ત સ્વરૂપ હી હૈ, ઉસકો નિવૃત્તિ કરના, નાશ કરના ને નિવૃત્તિ કરના ઐસા વસ્તુ તો, કથન શૈલી હૈ. જુઓને, પરિત્યાગરૂપ એમ શબ્દ હૈ ને ? તો પરિત્યાગ રાગકા ત્યાગ કરના વો ભી કયા ઉસમેં ? પણ રાગકા લક્ષ છોડતે હૈ, તો રાગકા ત્યાગ કીયા ઐસે કહેને મેં આતા હૈ ! આ વસ્તુ સ્થિતિ ! સમજમેં આયા ?

ક્યા વિષયમેં ? દેહાદિ એ પરિત્યાગ ક્યા વિષયમેં ? એમ લીધું ટીકાકારે સંસ્કૃત ટીકાકારે, ટીકા સાધારણ. અહીં બહુ ટીકા ઐસી નહીં, જૈસી અમૃતચંદ્રચાર્યકી ટીકા. આહાહા. અમૃતની રેલ હાલે છે ત્યાં. આ પ્રભાસચંદ્રકી છે ને ? સાધારણ સાધુ. કોઈ આચાર્ય નથી આ. આચાર્ય નથી, પ્રભાસચન્દ્ર એ તો વિદ્વાન, પંડિત. સમજમેં આયા ? કીધું ને ભાષા સાધારણ છે. (શ્રોતા: પ્રભાસચન્દ્ર આચાર્ય જે હૈ ઉસકા પ્રમેયકમલમાર્તંડ) યે દુસરા. યે દુસરા. યે તો પ્રમેયકમલમાર્તંડ. આ, આ દુસરા. આ આચાર્ય નથી. આહાહા ! એ તો પ્રમેયકમલમાર્તંડ આતા હૈ.

કયા વિષયમેં ત્યાગ ? કે દેહાદિમેં. જે ઉસમેં હૈ નહિં, ઉસકા ત્યાગરૂપ આહાહા ! દેહ, વાણી, મન અરે ! પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિકા વિકલ્પ, વો સબમેં ચેષ્ટાકા અભાવ કીયા આહાહા ! સમજમેં આયા ? મારગ, ભાઈ સૂક્ષ્મ બહોત ભાઈ ! અંતરમાં પરિણમન કરના વો બાત કરતે હૈ. આહા ! પરિત્યાગ હો, તો આત્મામેં જ્ઞાનને આનંદકા પરિણમન હોતા હૈ, એ પરકા ત્યાગકા અનુરૂપ યે ચીજ હૈ. આહાહા ! સમજમેં આયા ? પરકા ત્યાગ તો નિમિત્ત, પણ એને અનુરૂપ નૈમિત્તિક આહાહા ! સમજમેં આયા ? સ્વભાવ ઉપર દ્રષ્ટિ પડનેસે ઉસકી જ્ઞાનકી પર્યાય, દર્શનકી પર્યાય, ચારિત્રકી પર્યાય, આનંદકી પર્યાય, ઐસી પર્યાયકી ચેષ્ટા હોતી હૈ સમજે ?

આ તો સમાધિશતક પૂજ્યપાદસ્વામીનું (કુંદકુંદાચાર્યનું) અપની શૈલી રખકર બાત કીયા હૈ હેં ? શૈલી આ ગઈ હૈ ને ? અરે, મૈં પરકો સમજાવું, અધ્યાપક મેરેકો મેરેકો સમજા દે, મેરા આચાર્ય, ઉપાધ્યાય, મેરેકો સમજા દે ઔર મૈં દુસરાકો સમજાવું, ઐસા વિકલ્પ ભી પાગલપના હૈ, કહતે હૈ. આહાહા ! અસ્થિરતાકા ! તો પરકો સમજા દું ઐસી ભાષાકા સ્વામી હો, એ તો મિથ્યાદ્રષ્ટિ હૈ, એ મિથ્યાત્વકા પાગલપના હૈ, વો આયેગા, આપણે આ ગયા હૈ.

તત્ત્વાર્થસૂત્રમેં આઠવી ગાથા હૈ ને ? ૩૨, ૩૨. પહેલાં સૂત્રની. એ તો સૂત્રમાં આવ્યું. માતા બહેનને પત્ની માને એતો મિથ્યાત્વકા પાગલપના હૈ. સમજમેં આયા ? યે ચેષ્ટા મેરી, રાગ મેરા, યે તો મિથ્યાત્વકા પાગલપના હૈ પણ વો મિથ્યાત્વકા પાગલપના છૂટનેસે, જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ પરિણતિ હુઈ, ઉસમેં જો વિકલ્પ ઉઠતે હૈ આહાહા ચારિત્રકા દોષકા હો, જિસકો મૈં સમજાવું, વો તો ઈન્દ્રિયગ્રાહય શરીર દિખતે હૈ, ઉસકા આત્મા તો દિખતે નહિં. આહાહા !

દિગંબર સંતોની વાણી કૈસી ? રામબાણ વાત, જૈસી રામનું બાણ ફરે નહીં, એમ વાણીમાં ન્યાય ફરે નહીં. આહાહા ! કહેતે હૈ કે ભાઈ, કિસમેંસે ? જેનો

આત્મવિભ્રમ નિવૃત્ત થયો છે તેવો, જેનો આત્મવિભ્રમ, વિશેષ કરીને નિવૃત્ત થયો છે, 'વિ' શબ્દ પડયા હૈ ને ? વિનિવૃતઃ મૂળ પાઠમાં. વિનિવૃતઃ આહાહા ! સ્વભાવ સન્મુખ કે ભાવમેં, પરસે વિમુખ હુઆ, વો હી પરકા ત્યાગ. સમજમેં આયા ? એ તો વિશેષે ત્યાગ. અંશ માત્ર પણ મેરી ચીજમેં વિકલ્પ નહીં. આહાહા ! સંસાર એ મેરે મેં હૈ હી નહીં, વિકલ્પ એ સંસાર હૈ કહા ને વો ? પુણ્ય વો ઉસકો સુશીલ કૈસે કહેના, જો સંસારમેં દાખલ કરે ? આહાહા. સમજમેં આયા ?

તો કહેતે હૈ કિ, જો ઉપદેશકા વિકલ્પ આયા, વોહી સંસાર હૈ આહાહા ! સમયસાર નાટક મેં કહાં હૈ કે, પ્રમતભાવ, છઠ્ઠે ગુણસ્થાનમેં જો વિકલ્પ ઉઠતે હૈ, વો સંસાર હૈ, એ સંસાર તરફ ઝૂક્યા હૈ વિકલ્પ આહાહા ! મુનિ, છઠ્ઠે ગુણસ્થાને હોં ! આહાહા એ વિકલ્પ જો ઉઠતે હૈ મહાવ્રતકા, તો કહેતે હૈ કી સંસાર તરફ ઝૂક્યા હૈ. આહાહા ! આમ ઝૂકાવ નહીં ! કહો શાંતિસાગરજી, શાંતિસાગર ઉસકો ક્યા કરે શાંતિસાગર (શ્રોતાઃ ઉસકી વહાં દૃષ્ટિ હૈ) દિક્ષીત હોનેવાલા થા, નગ્નમુનિ, ઉનકા વિદ્યાનંદકા. રહે ગયા હેરાન થાત (શ્રોતાઃ રહે ગયા કી બચ ગયા ?) રહે ગયા ને બચ ગયા કહો. આહાહા ! અરે ! બાપુ, પ્રભુ, મારગ કોઈ આ. એ સમ્યગ્દર્શનકા મારગ કોઈ અલૌકિક ભાઈ ! આહાહા. એ સમ્યક્, ચોથા ગુણસ્થાનકી દશા. આહાહા ! એને તો સબસે, વિકલ્પસે, પરસે, નિવૃત્ત હોકર અપના જ્ઞાયક સ્વભાવ ઉપર દ્રષ્ટિ પડનેસે, પર્યાયમેં ચેષ્ટા, જ્ઞાન ને દર્શન, આનંદ કી હોતી હૈ, કહતે હૈ. આહાહા ! સમજમેં આયા ?

ક્યા વિષયમેં ? કે દેહાદિમેં. દેહાદિ નામ રાગ ને સબ. રાગ પણ એ કાર્મણ દેહ હૈ. આહાહા ! દેહના લક્ષે ઉત્પન્ન હુઆ, યે શરીર, એ પુદ્ગલ હૈ. રાગકો પુદ્ગલ કહા હૈ. વો જયપુરમેં આયા થા ને વો મનોહરલાલજી. સવારમેં આયે થે, આ પ્રશ્ન કીયા પહેલે, દુઃખ હુઆ, ત્યારે તો મેં સાંભળ્યું, પછી વાત કરી, પણ પછી વિરોધી હો ગયા બહોત, એને બહોત વિરોધી હૈ. અરેરે ! મને થયું કે આ પછી શાંતિથી, કોઈ વ્યક્તિ પ્રત્યે ઐસે કરના, વો વ્યક્તિના પરિણામની જવાબદારી વ્યક્તિકો હૈ, ઉસમેં કોઈ પ્રતિ દ્વેષ કરના ક્યા ? ક્રોધ નથી આવતો. સત્વેષુ મૈત્રી, વિરોધ દ્રષ્ટિ હો, પણ મૈત્રી આત્માકો દુસરા સે ભિન્ન જ કહે, વિરોધ નહીં, પછી એણે પ્રશ્ન કીયા, પુદ્ગલ પરિણામ કયોં કહા ? વિકાર કો પુદ્ગલ પરિણામ કયોં કહા ? કીધું ઉસકી ચીજ મેં હૈ નહીં, નીકલ જાતે હૈ તો જડકા હૈ, ઐસા કહેનેમે આયા હૈ. સમજમેં આયા ?

અને બીજા પ્રશ્ન, ઉદ્દિષ્ટતનો, ઉદ્દિષ્ટતકા ખુલાસા જો હો જાય, તો બહોત સંપ હો જાય, મેં કીધું ક્યા કરે ? લોકો કરતે હૈ ને અને ગૃહસ્થી દેતે હૈ તો ઉદ્દિષ્ટિત કરતે

હૈ, ઐસા કહેના હૈ, તો વ્રત કરાતે નહીં ને ગૃહસ્થ કરતે હૈ વો ઉદ્દિષ્ટિત નહી. ઐસી બાત ભગવાનકા વિરહ મેં ઐસી ન ચલેગી, મેં કીધું. અરેરે! ભગવાનકા વિરહ પડયા અને ઐસી બાત તું કરે એમ ન હોય. ગૃહસ્થો બનાવે એને માટે, ને એ લે છે, એને ખબર છે કે આ તો બનાવે છે મારે માટે. આહાહા! વો ઉદ્દિષ્ટિત હૈ. (શ્રોતાઃ ગૃહસ્થ તો ઐસા ખાતે હી નહિં, જો સાધુકે લાયક હો) સાધુ માટે જ બનાતે હૈ. બાત તો ઐસી હૈ ભૈયા. આ તો ખાતે નહી, પાણી ઉના કરતે હૈ, ઐસા અધમણ, અધમણ. મોસંબીકો લાતે હૈ, રસ, શેરડીકા રસ ને કેરીકા રસ. ભાઈ, મેં કીધું ભગવાનકા વિરહ પડયા અને ઉદ્દિષ્ટિતનો અર્થ ઐસા (શ્રોતાઃ કોઈ રસ્તા તો નિકાલો ઉનકે ભી તો જીંદા તો રહેના હૈ) પ્રભુ! આપણે મારગ ઐસા હૈ નહીં, તો અપન લે લીયા તો ક્યા? આહાહા! અજ્ઞાનપણે લે લીયા મારગ. આહાહા!

આંહી તો કહેતે હૈ, આહાહા! અને અમારે તો બહોત ચલતી થી ભાઈ! હીરાજી મહારાજને સમયે, સમયે પંડિતજી! હમારા ગુરૂ થા સંપ્રદાયમેં, બહોત કડક, ઉસકે ગામ, ગામડેમેં જાય, દસ બાર ઘર હો, બનાવે તો લે નહીં, પણ ઉપદેશ એ આપે, કોઈ પણ, જો સાધુ માટે બનાકર દેગા તો ગરભમાં જન્મેગા ઐસા કહે, ગરભમાં જાયેગા. સમજમેં આયા? અને હમ ભી ઐસા કડક સાધુ પહેલે થે એ વખતે, હમ જ્યારે ગયેને ભાવનગર ૭૭ ની સાલ, ૭૭, ૨૩ ને કેટલા વરસ? ૫૪. ૫૪ વરસ. હમ પહેલે હમારી કડક ક્રિયા થી, હમને ભી કમસે કમ દસ, પંદર ઘર જાઈએ, તો માંડ આહાર મિલે. નિર્દોષ લેના હૈ ને, કંઈ પણ પાણીકો અડે તો ઇ નહીં લેતે થે, તો પછી, ત્યાં હમારે હતા અમરચંદભાઈ. હરિભાઈના ભાઈ. એ અહીંઆ એને એમ પહેલાવહેલા ગ્યા ૭૭ ની સાલમાં કે સાધુ આવવાના છે, પછી છપાવ્યા કાગળ કે, ૯૬ દોષ. જો મહારાજને માટે બનાયા દેગા તો ગરભમાં જશે, એ વખતે તો એ આહાહા!

આંહી તો છડે ચોક છાપામાં આપે કે ચોકા માટે આવો, ભારે ભગવાન, આ શું છે કહો? (શ્રોતાઃ લાભ લેને કે લીયે કહતે હૈ ને) લાભ લેને કે લીયે કહતે હૈ આહાહા (શ્રોતાઃ લાભ તો ખરેખર આત્મામાં છે) અરે! પ્રભુ મારગ આ ન હોય ભાઈ! આ તો વીતરાગ, સર્વજ્ઞ, પરમેશ્વર, એમના કથન હૈ, ઉસકે મારગસે વિરૂદ્ધ જરીક પણ ચલે નહીં આહાહા! કહતે હૈ, એ સબકા મૈ તો ત્યાગ કીયા હૈ, એમ કહતે હૈ. આહાહા! હૈ ને? આહાહા! શરીર આ વિશેષ કયા? દેહાદિ જ્યારે માણસ ઠૂંઠાંને ઠૂંઠૂં સમજતે હૈ. ઠુંઠા સમજતે હૈ? વૃક્ષકા - ઝાડકા. ત્યારે પહેલે તેમાં પુરૂષકી કલ્પના કરી, ઉપકાર - અપકારકી કલ્પના ચેષ્ટા કરતે થે, તે બંધ હો ગયા, તેમ અંતરાત્માને ભેદ - વિજ્ઞાન દ્વારા,

આહાહા! શરીર અને આત્મા કી એકતાકા ભ્રમ દૂર થતાં, જડ આદિમેં, ઉપકાર, અપકારબુધ્ધિ હોતી નહીં, તેથી તેને પ્રત્યે ઉદાસીન રહે છે. આહાહા! સમજમેં આયા?

રાગસે, શરીરસે, ભગવાન આત્મા તો ભિન્ન, ઉદાસ હૈ. ઉદાસ, અપના આસન લગાયા હૈ જ્ઞાતામેં રાગ કા આસન સે છૂટ ગયા હૈ. સમજમેં આયા? આ મારગ હૈ ભાઈ! એ મારગ મેં કંઈ પણ ઓછા, વધુ, વિપરીત કરેગા તો મિથ્યાત્વ હોગા. આ તો વીતરાગ મારગ હૈ ભાઈ !અનંત કેવળીઓ કહેતા આયા હૈ, ઉસમેં ફેરફાર કરના, મિથ્યાત્વ કા પોષક હૈ. આહાહા!

## વિશેષ

જ્ઞાની અપના આત્માકો શરીરસે ભિન્ન, તદ્દન જુદી જાતકા માનતે હૈ. આહાહા! વો ગુલાબચંદભાઈ થા એક દિગંબર અમદાવાદ મેં, ઉસને બનાયા ટીકા. છોટાભાઈ. હા, છોટાભાઈ, એના પિતાજી છોટાલાલ બહુત પઢા, લિખા. ગુજરી ગયા. આંહી બહોત સુનતે થે ટીકા લીખા હૈ, આ ઉસને બનાયા. આ ગુજરાતીમાં, છોટાભાઈ, તમારે ત્યાં આગળ અમદાવાદમાં રહતે થે. આખીરકી સ્થિતિમેં હમ ગયે થે ત્યાં, બે મહિના રોકાયા થા, શ્રીમંત બહુ. આંહી બહોત આતે થે, ને બહોત શાંત માણસ. ઉસને આ ટીકા બનાઈ સાદી ભાષા મેં.

જ્ઞાની, અપના આત્મા કો, શરીર, વાણી, મન, રાગ સે ભિન્ન, તદ્દન અપને જુદી જાતકા માનતે હૈ, ક્યોંકી શરીર, રૂપી, પુદ્ગલ, આ મૂળ વિકાર ભી ખરેખર તો રૂપી હૈ. આહાહા! આત્મા અરૂપી. શરીર જડ, આત્મા ચેતન. શરીર સંયોગી, આત્મા અસંયોગી. આહાહા! શરીર વિનાશી, ભગવાન અવિનાશી. શરીર આંધળા, આત્મા દેખતા. આહાહા! શરીર ઈન્દ્રિયગ્રાહ્ય, ભગવાન અતીન્દ્રિયગ્રાહ્ય. શરીર બાહ્ય, પરતત્ત્વ, આત્મા અંતરગ સ્વતત્ત્વ. ઈત્યાદિ પ્રકારસે બંને એક બીજાસે ભિન્ન હૈ. આહાહા! દો, એક તીન કાળમેં હૈ નહીં, ઐસા ભેદજ્ઞાન કરનેસે, સમાધિ હોતી હૈ, શાંતિ હોતી હૈ, પરકો એક માને તો અશાંતિ હોતી હૈ!

વિશેષ કહેશે ... ...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૩૨

## શ્લોક – ૨૨ અને ૨૩

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૧.૦૧.૭૫**

साम्प्रतं तु तत्परिज्ञाने सति कीदृशं मे चेष्टितमित्याह -

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**
**तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः ।। २२ ।।**

સ્થાણુ વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;
ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ।। ૨૨ ।।

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्त्यर्थंतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह –

**येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः ।। २३ ।।**

જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,
તે હું, નર-સ્ત્રી-ઈતર નહિં, એક - બહુ - દ્વિક નાહિં. ।। ૨૩ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૨૨ ગાથા એનું **વિશેષ** છે. પહેલું થોડું આવી ગયું છે ને એનું ફરીને. ધર્મી જીવ પોતાના આત્માને શરીરથી ભિન્ન જાનતે હૈ, ગ્યા લાગે છે બધા ? ગ્યા છે ? નથી લાગતાં નહિં ? હેં ? જ્યારે આવે ત્યારે. કારણકે શરીર રૂપી, આત્મા અરૂપી, બે ચીજ ભિન્ન. શરીર જડ, આત્મા ચેતન, બેય જાત જુદી આહાહા ! શરીર સંયોગી, શરીર તો સંયોગી ચીજ છે, આત્મા અસંયોગી વસ્તુ, સ્વાભાવિક (અવસ્તુ) છે. વસ્તુ છે. આહાહા ! શરીર વિનાશી, આત્મા અવિનાશી, શરીર આંધળું, શરીર કંઇ જાણતું નથી. આહાહા ! શરીર કંઇ જાણતું નથી, કે હું જડ છું, કે કોણ છું, કંઇ એની ખબર નથી એને, જડ છે આ માટી. આત્મા દેખતો એ તો દેખને, દેખવાવાળો છે ને, આ શરીર તો આંધળું છે, બે ચીજ તદ્દન જુદી છે. શરીર ઇન્દ્રિય ગ્રાહ્ય છે, ઇન્દ્રિયથી જણાવા લાયક છે. ભગવાન અતીન્દ્રિય ગ્રાહ્ય છે, ચૈતન છે. શરીર બાહ્ય પરતત્ત્વ છે. શરીર તો બાહ્ય પરતત્ત્વ છે, આત્મા અંતરંગ સ્વતત્ત્વ છે. આહાહા ! ઇત્યાદિ પ્રકારે બન્ને એકબીજાથી ભિન્ન છે. આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી, આવા અત્યંત ભિન્નપણાના, અત્યંત ભિન્નપણાના વિવેકથી જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે, ત્યારે શરીર આદિમાં આત્મબુધ્ધિની ભ્રમણા છૂટી જાય છે. ઓહોહો ! આગળ છે, 'મયી મયા' મૈં પરમાત્મા, મેરા, મારા સ્વભાવથી જાણવા લાયક છું. સમજાય છે કાંઇ ? છે ૩૨ બત્રીસમાં કે એટલામાં ક્યાંક હતું, 'મયા મયી' આમાં છે. પાનું ૫૩ - છે 'મયા મયી સ્થિતમ્'.

પાનું ૫૩ છે, બહુ અર્થસૂચક છે. પરમાત્મપદ મારામાં - આત્મામાં છે. બીજે બહાર કોઇ ઠેકાણે નથી. 'મયા એવ મયી', મૈં મેરા, મારામાં છું. આહાહા ! સમજાય છે કાંઇ ? ઝીણી વાત ભાઇ ! આત્મા કોઇ વિકલ્પસે પ્રાપ્ત હો, એ ચીજ નહિં ઐસી. આહાહા ! શરીરકી ક્રિયા, દયા, દાન કે વ્રતકી ક્રિયા ઉસસે આત્મા પ્રાપ્ત હો ઐસી ચીજ નહિં. એ તો અપની નિર્મળ પ્રજ્ઞા, જ્ઞાનકી પર્યાયદ્વારા જાનનેલાયક ભગવાન આત્મા હૈ. આહાહા ! ત્યારે એને ઉસકો ભેદજ્ઞાન હોતા હૈ, ત્યારે એને સમ્યગ્દર્શન ઔર સમાધિ હોતી હૈ. આહાહા ! સમજમેં આયા ?

મૈં આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્માસ્વરૂપ, પરમસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ ઓ મેરી પ્રજ્ઞા, જ્ઞાન દ્વારા મૈં જાનને લાયક હું, ઔર મેરી જ્ઞાન પર્યાય (ઉપાસ્ય), ઉપાસક હૈ, ઔર મૈં ત્રિકાળી સ્વભાવ ઉપાસ્ય હું. આહાહા ! આવું ભારે આકરો ધર્મ હેં ? ધર્મની તો આ વાત છે ભગવાન. આહાહા ! હું આત્મા એટલે કે પરમતત્ત્વ, અર્થાત્ પરમસ્વરૂપ, નિત્ય પરમસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ ઐસી અનંતશક્તિ સ્વરૂપ એ મૈં આત્મા, મેરી નિર્મળ નિર્વિકલ્પદશાસે મૈં પ્રાપ્ત હોનેવાલા હું, દૂસરા કોઇ ઉપાય હૈ

નહિં. આહાહા ! સમજમેં આયા ?

તો કહતે હૈ, જબ શરીરાદિ મેં આત્મબુદ્ધિ કી ભ્રમણા છૂટ જાતી હૈ. આહાહા ! શરીર તો ઠીક, મન એ ઠીક, પણ ઉસમેં જો વિકલ્પ ઉઠતે હૈ, ગુણ - ગુણીકા ભેદને, એ વિકલ્પ, એ રાગ હૈ. રાગ સે ભી ભિન્ન. આહાહા ! ઉસકો સમ્યગ્દર્શન કહતે હૈ. સમજમેં આયા ? વસ્તુ આ, જગત કંઇ, કંઇ માને, સર્વજ્ઞ કંઇ કહે આહાહા ! હજી તો બાહ્યની ચેષ્ટા, શરીર, વાણી, મનની, વો પરકી હૈ, યે ભી માન્યતામે નક્કી નહિં. આહાહા ! અહિંયા તો અંદરમેં વિકલ્પ ઉઠે, મૈં શુદ્ધ હું, અબદ્ધ હું, પરમસ્વરૂપ હું, મૈં મેરે સે જાનને લાયક મૈં હું, ઐસા વિકલ્પ હૈ, ઉસસે ભી પ્રાપ્ત નહિં હોતા. આ ચીજ હૈ આ વહેવારસે પ્રાપ્ત હો. કાગળ આવ્યો છે પાછો તમારો, ચેતનજી, આયા સમજમેં ? આહાહા !

વાત તો ઐસી લી, આપણે વાંચ્યું નથી ? આ ચોથે ગુણસ્થાને નિશ્ચય - સમકિત ન હોય ઇ, અરે, ભગવાન આહાહા ! નિશ્ચય નામ, સ્વ આશ્રય સત્ય સમ્યગદર્શન વો ચોથે સે હોતા હૈ. ચોથે ગુણસ્થાનસે હોતા હૈ. કોઇપણ વિકલ્પકી જાત, વો વિકલ્પસે, રાગસે પ્રાપ્ત નહિં હોતા હૈ. ક્યોંકી રાગ ઉસમેં હૈ નહિં. રાગસે યે ચીજ ભિન્ન હૈ, તો ભિન્ન કરને મેં, જો ભેદજ્ઞાન હોતા હૈ, વો નિર્વિકલ્પ હૈ. રાગકા આશ્રય, અવલંબન વિનાકી ચીજ હૈ. આહાહા ! વો તો અપના આત્મા શુદ્ધ, જો ધ્રુવ, ઉસકા અવલંબનસે, જો નિર્વિકલ્પ પર્યાય હોતી હૈ ઉસસે યે પ્રાપ્ત હૈ. સમજમેં આયા ?

વો અનેકાંત માં આ વિચાર આવ્યા'તા યુગલજીકા, યુગલજી હૈ, તો યુગલ હૈ, તો દો સે પ્રાપ્ત હોતા હૈ ? યુગલજી એ ઐસા અંદર શબ્દ આયા, કે ભાઇ, આત્માસે ભી પ્રાપ્ત હો, ને વિકલ્પસે ભી પ્રાપ્ત, ઐસા હૈ ? એ યુગલ. આહાહા ! યુગલ, દો કો કહતે હૈ ને ? કહતે હૈ ભગવાન તેરી ચીજ હૈ, પૂરણ સ્વભાવસે ભરી પડી હૈ. આહાહા ! એ પરમ આત્મસ્વરૂપ હી મૈં હું. 'મૈં હું એ પરમાત્મા ને પરમાત્મા યે મૈં હું', ઐસી અંતરમેં, વિકલ્પ, રાગકા આશ્રય લીયે બિના, સ્વભાવકા આશ્રય લેતે, વિકલ્પ ટૂટ જાતે હૈ. મારગ તો ઐસા હૈ ભાઇ !

ભગવાન ત્રિલોકનાથ, તીર્થંકરોએ, ઇન્દ્રો ને ગણધરોની બીચમેં આ બાત કીયા થા. આહાહા ! યે બાત હૈ યુગલજી, સમજમેં આયા ? જગતને બહુ કઠણ પડે, કહેતે હૈ કે વહેવાર નહિં, વહેવાર નહિં, ભઇ વહેવાર હૈ, પણ વહેવારસે પ્રાપ્ત નહિં હોતા, વહેવાર હૈ, વહેવાર હૈ નહિં ઐસા નહિં. આહાહા ! જય જીન મયં પવજઃ આતે હૈ ને ? માં વહેવાર નિશ્ચય, વહેવાર, નિશ્ચય, તો તીર્થકા નાશ હોગા, ઉસકા અર્થ ક્યા ? કે વહેવારકા અર્થ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમેં, એવા ગુણસ્થાનકે ભેદ હૈ વહી વ્યવહાર હૈ.

જો વહેવાર ન માને તો ભેદ, એ નાશ હોતા હૈ. યે તીરથ જો ચોથે, પાંચમે, છઠ્ઠે વો હી રહતે નહિં, પણ વહેવાર સે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ, ઐસા નહિં ત્યાંય. આહાહા! ભેદકે આશ્રયસે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ, ઐસે નહિં આહાહા! સમાધાન તો આતા હૈ. કહેતે થે વો પૂનમચંદ, પૂનમચંદ ઘાંસીલાલ ત્યાં આયે ના મુંબઈમેં મંદિર હૈ ઉસકા. ક્યા ગામ કહેવાય ઇ? કાલબાદેવી. ના, ના, આ ગામ - પ્રતાપગઢનાં, વીસપંથી હૈ, મંદિર હૈ ને ત્યાં. બડા માણસ હૈ ને, તો કહતે હૈ કે, એક સ્વામીજી હૈ ના, કાંઈ થોડા થોડા, આ વાણિયા કરે ને કોઈ પાસે પાંચ હજાર માંગતે હો, પાંચ હજાર માંગતે હો તો વાણિયા કહે કે ભઈ, પાંચ હજારમાં, એક પૈસા કમ લેના નહિં. ઓલો કે બે હજાર શિવાય એક પૈસો હૈ નહિં મેરી પાસ. ગોદડાં વેચે ને, ભેંસ વેંચે તો બે હજાર હોતા હૈ, ઐસે કરતે, કરતે, કરતે, વો વાણિયા પાંચ હજારમાંથી ચાર હજાર આવે. ભાઈ, ચાર હજાર, વો બે હજારમાંથી પચ્ચીસોમેં આવે, યુગલજી ઐસા સબ હોતા હૈ ઉસમેં? આહાહા!

એ પૂનમચંદ કહેતો'તો સવારે, પૂનમચંદ શું કહેવાય? ઘાસીલાલ મંદિર હૈ ને ઉસકા મંદિર હૈ, નવનીતભાઈ. એ પૂનમચંદ કહેતા'તા, આવું હાલે, અરે! ભગવાન! મારગ તો હૈ યહી ભાઈ! આહાહા! વો વિકલ્પ સે પ્રાપ્ત હોતા હૈ? નિર્વિકલ્પસે પ્રાપ્ત હોતા હૈ? ઐસી હૈ ચીજ? વસ્તુ હૈ તો નિર્વિકલ્પ, વીતરાગ સ્વરૂપ હૈ, તો વીતરાગ સ્વરૂપ રાગ સે પ્રાપ્ત હોતા હૈ? પહેલી તો વિકલ્પસે, શ્રદ્ધાકા નિર્ણય કરના, ઉસમેં ખામી હૈ, યુગલજી હૈ?

વીતરાગ સ્વરૂપ રાગ સે પ્રાપ્ત હોતા હૈ? પહેલી તો વિકલ્પસે શ્રદ્ધાકા નિર્ણય કરના, ઉસમેં ખામી હૈ. યુગલજી હૈ? આહાહા! સમજમેં આયા? દુનિયા માનો ન માનો, મિથ્યાભાસ કહો, ન કહો, પણ વાત તો ઐસી હૈ ભગવાન. આહાહા! સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ, ઉસને એક આત્મા ઐસા પ્રાપ્ત કિયા, જો ચીજ હૈ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, ઉસકા જહાં લેતે હૈ આશ્રય તો વિકલ્પ કી એકતા ટૂટ જાતી હૈ, વિકલ્પ રહતે નહિં ત્યારે સમ્યગ્દર્શનને સમાધિકી પ્રાપ્તિ હોતી હૈ, એ સમ્યગ્દર્શન, સમાધિ હૈ, શાંતિ હૈ. આહાહા! સમજમેં આયા? ઓહોહો!

કહતે હૈ શરીર આદિમાં આત્મબુધ્ધિ, ભ્રમણા છૂટ જાતી હૈ, પછી શરીરને વિકલ્પસે હોતા હૈ, ને યે મૈં હું, યે આત્માકા સ્વભાવ રાગસે ભિન્ન હોકર, અપના અનુભવ હોતા હૈ, તો શરીર આદિમેં આત્મબુધ્ધિ નાશ હોતી હૈ, વિકલ્પકી એકતા ટૂટ જાતી હૈ. આહાહા! ઐસા મારગ હૈ ભાઈ! શરીરનાં સુધાર, બગાડસે આત્મા, સુધરે, બગડે ઐસા ભ્રમ ટલ જાતે હૈ. 'શરીરાદ્યં ખલુ ધર્મ સાધનમ્'. ઐસા આતા હૈ તત્ત્વાર્થ સૂત્ર

કે અંદર તો શરીર હૈ તો ધર્મ કા સાધન હૈ યે, ભ્રમબુધ્ધિ હૈ. સમજમેં આયા ?

શરીર અચ્છા ને નિરોગ રહે તો મૈં ધર્મ કર સકું, યે તો ભ્રમબુધ્ધિ હૈ. યે રાગ સે ભિન્ન, અપના સ્વરૂપકી દ્રષ્ટિ અનુભવ હો તો, શરીર સે નિરોગતા સે ધર્મ હોતા હૈ, સરોગતા સે નહિં, યે ભ્રમ મિટ જાતા હૈ, પોપટભાઇ ! આહાહા ! સમજમેં આયા ? આહા ! શરીરકા બગાડ સુધારસે ભ્રમ ટલ જાતે હૈ, દેહાદિ પર પદાર્થ પ્રત્યે કર્તા બુધ્ધિકા સ્થાને દેખો દેહકી સ્થિતિ કી અવસ્થા મૈં કર્તા હું એૈસી જો ભ્રમ બુધ્ધિ મિથ્યાત્વ હૈ. આહાહા ! કે મૈં ચેતન હું, રાગકી ક્રિયા સે મૈં પાર વસ્તુ એૈસી હૈ, એૈસા દ્રષ્ટિ ઓર અનુભવ હોને સે કર્તા બુધ્ધિ દેહકી ક્રિયા મૈં કરતા થા, એૈસી બુધ્ધિ નાશ હો જાતી હૈ. ઉસકા સ્થાને જ્ઞાતાદ્રષ્ટા પછી બુધ્ધિ હો જાતી હૈ. આહાહા ! ભારે મારગ ભાઇ !

મોટા સમાજમાં તો સાધુને આ કઠણ પડે છે ને. હેં ? ક્યા પંચમહાવ્રતકી ક્રિયા કયા વહેવાર સાધન નહિં હૈ ? ઉસસે સાધ્ય નહિં હોતા હૈ ? અરે ભગવાન ! આહાહા ! આહિં તો કહતે હૈ કી, શરીર કી ક્રિયા સે મેરે મેં લાભ હોગા, ઔર શરીરકી ક્રિયા ન હો તો મેરે નુકશાન, એૈસી સુધાર બગાડકી બુદ્ધિ, સ્વભાવકી દ્રષ્ટિ હોને સે નાશ હો જાતી હૈ. આહાહા ! સમજમેં આયા ? સાતમી નરક કા નારકી, સપ્તમી નરક કા નારકી. રવરવ પૈઠાણે પડા હૈ અપૈઠાણે રવરવ નરક. આહાહા ! વો ભી જબ અંદર મેં વિકલ્પ તોડકર અંતરમેં જાતે હૈ, અનુભવ કર લેતે હૈ આત્મા કા. ઇતના શરીર કે રોગ, શરીર ઉત્પન્ન હોને સે સોળ રોગ હો. ઓહોહો ! સોળ રોગ હો, શ્વાસ રોગ, કંઠમાળ આ શું કહે છે તમારે કેન્સિલ, કેન્સર, કેન્સર કહેતે હૈ ને ? એૈસા રોગ તો જનમ સે નારકી કો હોતા હૈ. આહાહા ! કેન્સર અથવા ચાંદા પડના, કેન્સર મેં ચાંદા પડતા હૈ ને ? અહિંયા પડે, અહિંયા પડે ચારે બાજુ શરીરની ચારે બાજુ કેન્સર. હો શરીર કી અવસ્થા ઉસમેં આત્મા કો ક્યા હૈ ? આહાહા ! મેરી ચીજ પાને મેં, પર ચીજ કા સહારા કી મેરે જરૂર નહિં આહાહા !

ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્રદેવ કા એૈસા પંથ હૈ, એૈસા હુકમ હૈ, એૈસા આદેશ હૈ. હેં ? આહાહા ! કહતે હૈ દેહાદિ પર પદાર્થ પ્રત્યે કર્તાબુદ્ધિ કે સ્થાને શરીર કી ચેષ્ટા મૈં કરતાં હું, રાગ કા મૈં કરતા હું એૈસી બુદ્ધિ કે સ્થાને જ્ઞાતાબુદ્ધિ ઉઠતી હૈ. ઓહોહો ! મૈં તો રાગ ને શરીર કો અપને મેં રહકર જાનનેવાલા જ્ઞાતાદ્રષ્ટા હું, સમ્યગ્દ્રષ્ટિ કો એૈસા અનુભવમેં આતે હૈ. આહાહા ! સમજમેં આયા ? આહાહા ! રાગ, વિકલ્પ જો હૈ દયા, દાન, વ્રત, ભક્તિકા ઉસકી કર્તાબુદ્ધિકી વો મિથ્યાત્વ હૈ. યે વિકલ્પસે ભિન્ન હોકર ચેતનકા શુદ્ધ સ્વભાવકા પર્યાય મેં લાભ હોના, તબ વો કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ અને જ્ઞાતાબુધ્ધિ હોતી હૈ. આવી વાત હૈ ભાઇ બહુ ભારે.

પછી કેટલાક એમ કહે છે કે સોનગઢવાળા એ સમ્યગ્દર્શન બહુત મોંઘા કર દીયા, એમ કહતે હૈ યુગલજી ? ભગવાન આ તો ભગવાન કા પંથ હૈ ભાઇ, સોનગઢ કા નહિં આ હેં ? આહાહા ! તેરે સુનને મેં ન આવે માટે મારગ દૂસરા હો જાય ઐસા હૈ (નહિં). આહાહા ! ઐસે વિકલ્પસે પહેલે નિર્ણય તો કરે ભૂમિકામેં આહાહા ! કે મેરી પ્રાપ્તિ તો નિર્વિકલ્પસે હોતી હૈ. વહેવાર સે હોતી હે, ને રાગ સે હોતી હૈ, યે ચીજ જ ઐસી નહિં. સચ્ચિદાનંદપ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન ભગવાન આત્મા અપની ભગવતી પ્રજ્ઞાછીણીસે પ્રાપ્ત હોતા હૈ. એ આવે છે ને ? સર્વ વિશુધ્ધમાં આતે હૈ. પ્રજ્ઞાછીણી આહાહા ! એ તો ભેદજ્ઞાન નો આવો આવો મારગ છે. આહાહા !

ઉસકા પિતા હૈ, પિતા કા પિતા દાદા હૈ છોકરાઓ હૈ બહુ લાખોપતિ હૈ આ કહે કે મેરેકો પરણના નહિં હૈ, મૈં ધંધા નહિં કરું. ઐસી બાળક કી છોટી ઉમરમેં ઐસી ભાવના હેં ? ને ગૃહસ્થ હૈ. નહિં મેં પરણું નહિં, ધંધા હી નહિં કરું. આહાહા ! અરે મેરા ચીજ ક્યા હૈ ? પ્રાપ્તિ કરને મેં, પરકી પ્રવૃત્તિ કા વિકલ્પ કો છોડના પડેગા. શાંતિભાઇ ! એને હા પાડીને અનુમોદન દેના પડે, એને એમ નહિં યાદ આવે, હા બાપા, ધન્ય અવતાર તારે જે રસ્તે ઐસા મારગ હો, હું અનુમોદક ભલે વિકલ્પ સે હૈ અભી સમજમેં આયા ? હેં ? આહાહા ! ધન્ય બાપા કહ્યું'તું ને કોકવાર નહિં ? રાજકુમાર હોતા હૈ, આત્માકા અનુભવ હુઆ, મૈં તો આનંદ કી ખાણ નિધાન હું, ઐસા મેરે ભાન હુઆ તો આનંદકા પૂરણપ્રાપ્તિ કરનેકો માતા, મૈં વનમેં જાઉંગા આહાહા ! અતીન્દ્રિયઆનંદકા સ્વાદ, મારા માતા આયા હૈ, તો અતીન્દ્રિયઆનંદ પ્રભુ, મેરા સ્વભાવ પરમાત્મા પર્યાય મેં પ્રગટ કરને કો માતા રજા દે જનેતા. આહાહા ! મૈં મેરી નિધિકા નિધાનકા, મૈં સંભાળ કરને કો જાતા હું. રાગને, સ્ત્રીકી સંભાળ, માતા મેરે અધિકાર કી બાત નહિં હૈ, મેરી રૂચિ ભગવાનઆત્મા તરફ ઝૂક ગઇ હૈ. વો તરફ કા સાધન કરને કો મૈં મુનિપણા લેતા હું, મુનિપણાઓ કારણે હોં ! સમજમેં આયા ?

માતા કહે, બેટા ઇતની ૧૫ - ૧૬ વર્ષકી ઉંમર, ૨૫ વર્ષકી ઉંમર, આ કન્યા ૩૨, ૩૨, હજારો, સેંકડો મહારાણીઓ, તો ઉસકો છોડકે બેટા ક્યાં જાયેગા તું ? કોઇ સહાય નહિં. માતા અમારા ભગવાનઆત્મા અમારી પાસ હૈ. આહાહા ! ઉસકા સાધકપણા ભી હમારા મેં હૈં. તો બાહ્યકા સાધન કી હમકો જરૂર નહિં. આહાહા ! ઇ આવે છે ને ભઇ આ પ્રવચનસાર - ૨૦૧ - પ્રવચનસાર, ચરણાનુયોગમાં ઐસા અધિકાર આતા હૈ. માતા પિતા પાસે આજ્ઞા માંગે, ન આપે તો પછી તો છોડી દે, ચલા જાય, ન આપે રજા તો. હમેં હમારા આનંદમેં જાને કા હૈ, ઓર તુમ હમકો રોક દો ઐસે નહિં

ચલેગા. માંગતે હૈ માતા, પછી માતા કહતે હૈ બેટા જાઓ પ્રભુ તેરે રસ્તે. અમને ઇ પંથ હોજો દીકરા. તેં રસ્તા લીયા એ મેરે હોગા. જાઓ ભાઇ જાઓ આહાહા! એમ કહે માતા એકવાર રોના હો તો રો લે માઁ ફિર, હમેં માતા નહિં કરેગા. ફિર માતા નહિં કરેગા, કોલ કરાર કરતે હૈં. જગતને. આહાહા! એ રાજકુમારની દશા હેં? આહાહા!

મૈં મેરા સ્વરૂપમાં સાધના કો જાતા હું. માતા - જાઓ બેટા જાઓ. અમને પણ આ પંથ હજો, એ પંથ અમને હજો, ઐસા અનુમોદન કરતે હૈ. આહાહા! અહીંયા કહતે હે કે પરમાત્મા મૈં હી હું, મેરી ચીજ મેં પરકા લેશ સંબંધ નહિં, ઐસા ભેદજ્ઞાન હુઆ આહાહા! શાંતિ આ સમાધિ અધિકાર હૈ ને? તો સમ્યગ્દર્શન એ હી સમાધિ હૈ. આહાહા! સમજમેં આયા? શાંતિ, શાંતિ કા અંશ વેદનમેં આયા, એ રાગ કે ભિન્ન પડને સે આયા. વહેવારસે હુઆ વહેવાર સાધન હૈ, ને નિશ્ચય સાધ્ય ઐસા કહેને મેં શાસ્ત્રમેં આતા હૈ, પર વો તો છોડકર આહાહા! વો કહેતે હૈ દેખો. રાગકી કર્તા બુધ્ધિ થી પહલે, એ જ્ઞાન, આ આનંદ સ્વરૂપી પ્રભુ અપની નિર્મળ પર્યાય દ્વારા પ્રાપ્ત હુઆ, વો રાગ સે ભિન્ન કરકે હુઆ હૈ. રાગ કા સહારા, વહેવાર કા સહારા કરકે હુઆ હૈ ઐસા નહિં આહાહા! સમજમેં આયા?

કર્તાની બુદ્ધિ ને સ્થાનમેં સમ્યગ્દ્રષ્ટિ કી જ્ઞાતાબુદ્ધિ હો જાતી હૈ. યે વહેવાર કા રાગ આતે હૈ પણ મૈં રખનેવાલા નહિં હું (મૈં) જાનનેવાલા હું. આહાહા! શરીરકી ક્રિયા ગુરૂ સન્મુખ જાના, તીરથ જાના, વચન બોલના ઐસી હોતી હૈ, વો તો ઉસકો તો મૈં કર્તાબુદ્ધિ કે સ્થાનમેં જ્ઞાતાબુદ્ધિ હો જાતી હૈ. આહાહા! આ ઉસકા નામ ધર્મ હૈ. પોપટભાઇ! આવો મોંઘો ધર્મ નથી, સોંઘો ધર્મ છે પણ જ્યાં હોય ત્યાં દુકાનથી મળે ને? હેં? આહાહા! પેંડા ને લેના હો તો અફીણ કી દુકાન મેં જાયે તો મિલે? પેંડા, પેંડા કહેતે હૈ ને? આ દૂધના પેંડા, એ તો કંદોઇ કી દુકાન મેં મીલે. કંદોઇ, હલવાઇ. એમ આનંદ જોતા હો, તો આનંદકી દુકાનમેં મિલે. આનંદસે ભરા ભગવાન આત્મા હૈ આહાહા! તો ત્યાંસે આનંદ પ્રાપ્ત હો. કયા પુણ્યને, પાપ, રાગ મેં આનંદ હૈ? (નહિં હેં) અફીણ કી દુકાન એ તો હૈ. હેં? આહાહા!

કહેતે હૈ, જ્ઞાતાબુદ્ધિ હુઇ, અને તે આત્મ સન્મુખ વળી, વો આત્મા, ધર્મી, સમકિતી જીવ, આહાહા! ભગવાન પૂર્ણ આનંદ, સ્વરૂપકી સન્મુખ હોકર ચૈતનસ્વરૂપમાં એકાગ્ર થવા લાગતે હૈ. ઉસમેં કૈસે રહે ઐસી અંદર લગની લગી હૈ. સમજમેં આયા? ઉસમેં અંદરમેં કૈસે સ્થિર હોઉં, સારી દુનિયા કી દ્રષ્ટિ છૂટ ગઇ હૈ, એક ભગવાન ચિદાનંદ સ્વરૂપકી દ્રષ્ટિ હુઇ. આ ધર્મીકા લક્ષણ આહાહા! સમજમેં આયા? એકાગ્ર હોકર અંતરમેં સ્વભાવમેં, જહાં સે માલ દેખા હૈ ત્યાં માલ લેનેકો વારંવાર જાતે હૈ. આમ જીવને એ રીતે આત્મા કો જ્યારે એટલે જબ ભેદવિજ્ઞાન દ્વારા, ભેદવિજ્ઞાન દ્વારા

સ્વપરકા ભાન હોતા હૈ, તબ તે પરભાવસે હઠી, પરભાવસે હટકર સ્વસન્મુખ હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

થોડા શબ્દ કહતે હૈ આદિસાગર થા ક્ષુલ્લક, યહાંકા પ્રેમ થા સુનને કો આતે થે તો ઉસમેં પછી બુદ્ધિ બહુ થોડી થી, પણ ઐસા પકડ લીયા શાસ્ત્ર વાંચકર અહીંકા. અહીંકા, કે 'પરસે હટ, પરસે ખસ, સ્વમેં વસ, ટૂંકા ટચ'. યુગલજી, પરસે ખસ આ હટ કીયા ને, હટકા અર્થ ખસ. આહાહા ! રાગ, શરીરકા લક્ષ સે ખસ, ભગવાન આત્મામાં વસ. એ ટૂંકા ટચ. ટૂંકા ટચ, આ સ્વીકાર. સમજમેં આયા ?

લોકોને આ એવું લાગે કે આ તો નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય વહેવાર કો માનતે નહિં. વહેવાર તો હોતા હૈ નિશ્ચયાભાસી હૈ. ભગવાન ઐસા નહિં હૈ હોં. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ કી, અપની પ્રજ્ઞાછીણી રાગસે ભિન્ન કરકે, રાગ કા સાથ સહારા લેકર પર સે ભિન્ન હોતા હૈ ? જીસસે ભિન્ન હોના ઉસકા સહારા હૈ ઉસમેં ? આહાહા ! કહેતે હૈ પરભાવસે ખસકર, સ્વસન્મુખમેં વસકર સ્વસન્મુખ હોતા હૈ. આહાહા !

હવે આત્મામેં સ્ત્રી આદિ લિંગ નહિં હૈ. ભગવાનઆત્મા મેં સ્ત્રી, પુરુષ, નપુંસક યે હૈ નહિં. શરીર આદિ સ્ત્રીકા, ને પુરુષકા, નપુંસકકા વો તો હૈ નહિં. પણ સ્ત્રી, પુરુષ, નપુંસક કી ભાવવેદની વાસના ભી આત્મામેં હૈ નહિં. સમજમેં આયા ? અલિંગગ્રહણમાં આવે છે ને ? દ્રવ્ય, ભાવવેદ, અલિંગગ્રહણમેં આવે છે. દ્રવ્ય, ભાવવેદ સે રહિત, ૧૯મો બોલ છે, મારામાં, ૧૯મો બોલ દ્રવ્ય, ભાવવેદસે રહિત અલિંગગ્રહણ, અલિંગગ્રહણ વીસ બોલ (હૈ) ૧૭૨ ગાથા પ્રવચનસાર, ઉસમેં આતા હૈ ૧૯મેં બોલમેં દ્રવ્યવેદ, આ સ્ત્રી, પુરુષકા જડકા, ભાવવેદ વિકલ્પ વાસના, દ્રવ્ય, ભાવવેદસે રહિત ભગવાન હૈ. (શ્રોતા: કેવળી થાય ત્યારે) હેં ? (શ્રોતા: એ તો કેવળી થાય ત્યારે) અત્યારે. કેવળી થાય ત્યારે ? પહેલે ઐસા હૈ, યુગલજી. આહાહા !

ક્યોંકી દ્રવ્યવેદ હૈ, વો તો અજીવ, જડકી પર્યાય, આતી હૈ. સ્ત્રીલિંગ, પુરુષલિંગ, હિજડા, નપુંસક વો તો જડકી માટીકી પર્યાય હૈ, ઔર અંદર વાસના જો ઉત્પન્ન હોતી હૈ, એ તો રાગકા આશ્રવ હૈ, તો અજીવ અને આશ્રવ તત્ત્વસે, જ્ઞાયક તત્ત્વ તો ભિન્ન હૈ. આહાહા ! ધર્મી તો અપના આત્માકો, દ્રવ્યને ભાવવેદસે રહિત જાનતે હૈ. આહાહા ! દ્રવ્યને ભાવવેદસે સહિત જાને તો, તો આત્મા અજીવ સહિત ઓર આશ્રવ સહિત હૈ, ઐસા હૈ નહિં. આહાહા ! સમજમેં આયા ? સ્ત્રીલિંગ આદિ હૈ નહિં, એક, દો, તીન, ચાર, પાંચ ઐસી સંખ્યા ભી આત્મા મેં હૈ નહિં. વચનકા વિકલ્પ ઐસા આત્મા મેં હૈ નહિં. આહાહા !

એ સંખ્યા સબંધી વિભ્રમની નિવૃત્તી અર્થે ઉસસે વિવિક્ત, ભિન્ન અસાધારણ સ્વરૂપ બતાકર કહતે હૈ, ભગવાન આત્માકા સ્વરૂપ ઓહોહો ! દ્રવ્ય ભાવવેદસે રહિત અવેદી સ્વરૂપ હૈ. વેદકી અપેક્ષાસે, આત્માકા આનંદની અપેક્ષા એ વેદક સ્વરૂપ હૈ. આહાહા! સ્વસંવેધ. આહાહા! આ કાંઇ શરીર, મન ને વચનકી ક્રિયાસે આત્મા પ્રાપ્ત હો ઐસે હૈ નહિં. યે તો પર ચીજ હૈ, ઔર પુણ્ય - પાપકા વિકલ્પસે પ્રાપ્ત હો, વો તો મલિનતા ભાવ હૈ. એ વેદ રહિત મેરી ચીજમેં મૈં પુરુષ નહિં, સ્ત્રી નહિં, નપુંસક નહિં. આહાહા! નારકીકા જીવ તો નપુંસક હૈ ને ? સમકિત પામતે હૈ, માનતે હૈ કી મૈં તો નપુંસક નહિં. સમજમેં આયા ? પાવૈયા, હિજડા હોતા હૈ વો ભી સમકિત તો પાતે હૈ. મુનિપણા ન હોય. સમજમેં આયા ?

બાહ્ય નપુંસક હો, બાહ્ય શરીર પુરુષકા હો, ને અંદર નપુંસક વેદકા ઉદય હો તો, તો મુનિપણા પા સકતે હૈ, પણ બાહ્ય નપુંસક શરીર હો, વો મુનિપણા નહિં પા સકતે હૈ. જૈસે સ્ત્રી શરીર હો બાહર, અંદરમેં પુરુષકા ઉદય હો ઐસા કહતે હૈ શાસ્ત્રમેં. શરીર સ્ત્રીકા, અંદર પુરુષ વેદકા ઉદય હો, ભાવ તો વો મુનિપણા નહિં પા સકતે. ઐસી ઉસકી લાયકાત હૈ. શરીર રોકતે નહિં હોં. આહાહા! દ્રવ્ય સ્ત્રી હૈ, ઉસકો એકાંત ધ્યાન નહિં હો સકતા સમજમેં આયા ? એ ઐસી યોગ્યતા હૈ, શરીર ઐસા મિલા તો ઉસસે હુઆ ઐસા નહિં હૈ. પણ અહિંયા તો કહતે હૈ કી, એ નપુંસક ને પુરુષ ને સ્ત્રીવેદભાવ ઔર શરીરકી ચેષ્ટા, જડકી માટીકી એ, મૈં હું મેરેમેં હૈ નહિં. આહાહા ! સમજમેં આયા ?

આઠ વરસ કી બાલિકા સમ્યગ્દર્શન પાતી હૈ. આઠ વરસ કી તો એ શરીર સ્ત્રીકા, અને અંદર વેદ સ્ત્રી આદિકા એ મૈં હું નહિં. આહાહા! પીછે લગન ભી હો. આહાહા ! લગન સમજે ? શાદી. મૈં શાદી કરું, મૈં શાદી કી ઐસા વિકલ્પ નહિં. આહાહા ! વિકલ્પને, શરીરસે, મૈં રહિત હું. મીરાંબાઈમેં આતે હૈ ને ? મીરાંબાઇ, મીરાંબાઇ હુઆને ઉસમેં અન્યમતિમેં છે, તો મિથ્યાદ્રષ્ટિ પણ એને એ જાતકા સંસ્કાર વૈરાગ્યકા. લગન કીયા રાણા કે સાથ, રાણા પ્રતાપ. કહે ઘરે ચાલો, પટ્ટરાણી બનાઉં, તો ઇ જાતના મૈં તો ઇશ્વર પરમાત્માકી સેવક હું આહાહા ! તો સમ્યગ્દ્રષ્ટિકી તો ક્યા બાત હૈ સમજમેં આયા ? રાણા કો કહેતે હૈ, હમ તો નાટક ભી દેખતે હૈ ને સંસાર મેં.

મીરાંબાઇ કા નાટક દેખા થા, ચોસઠ, ચોસઠકી સાલમેં ભરુચમેં, મીરાંબાઇકા નાટક હુઆ થા બહુત વૈરાગી, ડાહ્યા ડાહ્યાભાઇ ઘેલસાકા નાટક થા ભરુચમેં, હમારી દુકાન હૈ પાલેજ મેં હૈ, ને ત્યાં પાલેજ આઠ વર્ષે થે, તો સાધુ કો લેને કો ગયે થે હમ, આપણા સ્થાનકવાસીના સાધુ આવેને ? અમે સ્થાનકવાસી હતા, તો ઉસમેં આયે લેને તો

કહ્યું ચલો. નિવૃત્તી હૈ ચલો દેખને, નાટક થા મીરાંબાઇ મીરાંબાઇ, માળા એવું ભજવે, રાણા કહે છે હે મીરાં પટ્ટરાણી બનાવું, મહેલમાં ચાલ, મીરાં કહે છે આહાહા! 'પરણી મારાં પીયુજીની સાથ, એ બીજાના મીંઢોળ નહિં રે બાંધુ'. મીંઢોળ સમજતે હૈ? આ પરણેતર નહિં લાકડા બાંધતે હૈ? કંકણ, કંકણ લકડી, ગોળ મીરાંબાઇ આ દેખાતું હોં નાટકમાં 'પરણી મારા પીયુજીની સાથરે, બીજાના મીંઢોળ નહિં રે બાંધુ, નહિં રે બાંધુ રે રાણા નહિં રે બાંધુ, પરણી મારા પરમેશ્વરની સાથ રે બીજાના મીંઢોળ નહિં રે બાંધુ', આહાહા! આ એવા વૈરાગ્યના નાટક હતા હોં, અત્યારે તો બધું જરા કાળા કેર કરી નાંખ્યા છે. શું આ તમારું કહેવાય ફિલમ ને હેં? ફિલમ, ફિલમ એક બાઇ આમ દેખાય, હાથને અરર ... આ અસજ્જનતાના ફોટા દેખાય આ તે કાંઈ. સમજમેં આયા?

એવો વૈરાગ્ય ધૂન ચડી જાય હો એ વખતે. આહાહા! 'રાણા ઘેલી થઇ રે રાણા રે ઘેલી થઇ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઇ', તું મને ગણવું હોય તેમ ગણ ગાંડી. સમજાણું કાંઇ? 'ઘેલી રે થઇ રે રાણા ઘેલી થઇ સાધુડાની સંગે હું તો ઘેલી થઇ'. પરણી છતાં નથી આવતી, તુ ગાંડી ગણ કે ગમે તે ગણ જા કહે, સમજમેં આયા?

એમ સમકિતી આત્માની સાથે સગાઇ કીયા. એ આવે છે ને? આનંદઘનજીમાં ચેતનજી, આનંદઘનજીમાં આવે છે, સમકિત સાથે સગાઇ કીધી. આહાહા! હેં? (શ્રોતાઃ મલ્લિનાથ ભગવાનનાં સ્તવનમાં) હા એ આવે છે મલ્લિનાથ. ભગવાન ત્રિલોકનાથનાં કહેણ આવ્યા. સંસારમાં પણ સારા ગૃહસ્થને કહેણ આવે કન્યાનું. કન્યા કોઇ કરોડપતિની કન્યા આતી હૈ, ભીનેવાન હો તો પણ સ્વીકારી લે એનો બાપ કારણકે દસ લાખ રૂપિયા લઇને આવે છે, આતે હૈ ઓર ૯૦લાખ પીછે બાપની પાસે દીકરા નહિં મરીને આપશે, એ ખાતર એ કન્યાને મોટા ઘરનું કહેણ પચાસ નાળિયેર આવ્યા હોય પોપટભાઇ! નાળિયેર સમજતે હૈ કે અમારી કન્યા પસંદ કરો. પણ કોનું પસંદ કરે? મોટા ઘરનું. એમ ભગવાનનો કહેણ હૈ. ત્રણલોકનાં નાથનાં કહેણ કે પ્રભુ ચૈતનમૂર્તિ ભગવાન પરમાત્મા એની સાથે સગાઇ કર. રાગને પુણ્યની સાથે સગાઇ પ્રભુ છોડી દે. આહાહા! સમજમેં આયા?

ભગવાન ત્રિલોકનાથનાં કહેણ છે. આ કથન છે. ભાઇ પ્રભુ તારી, પ્રીતિ પરમાત્માસ્વરૂપ છે ત્યાં જોડ દે. સમકિતકી સગાઇ આત્મા સાથે કર દે. રાગની એકતાબુધ્ધિ હૈ, રાગ ને શરીરકા સંબંધ કીયા હૈ એ મડદાં સાથે તેને સંબંધ કીયા હૈ. સમજમેં આયા? ચૈતન જાગતી જ્યોત બિરાજતે હૈ અંદરમેં. આહાહા! મહાપ્રભુનું કહેણ છે કે તું મહાપ્રભુ છો અંદર. આહાહા! જોડ દે દ્રષ્ટિ ત્યાં. સમજમેં આયા? આહાહા! એ આંહી કહતે હૈ,

દેખો મૈં તો સ્ત્રીલિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ નહિં ઔર એક, દો, તીન, જો વચન વ્યવહાર હૈ, અંદર વિકલ્પ ઉઠતે હૈ, વો ભી મૈં નહિં. મૈં તો હું શુદ્ધ ચિદાનંદકંદ. સમજમેં આયા? આહાહા! ૨૩

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गेकत्वादिसंख्याविभ्रमनिवृत्यर्थंतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह —

**येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः ।। २३ ।।**

જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,
તે હું, નર-સ્ત્રી-ઇતર નહિં, એક-બહુ-દ્વિક નાહિં. ।। ૨૩ ।।

टीका : येनात्मना चैतन्यस्वरूपेण इत्थंभावे तृतीया । अहमनुभूये । केन कर्त्रा ? आत्मनैव अनन्येन । केन करणभूतेन ? आत्मना स्वसंवेदनस्वभावेन । क्व ? आत्मनी स्वस्वरूपे । सोऽहं इत्थंभूतस्वरूपोऽहं । न तत् न नपुंसकं । न सा न स्त्री । नासौ न पुमान् अहं । तथा नैको न द्वौ न वा बहुरहं । स्त्रीत्वादिधर्माणां कर्मोत्पादितदेहस्वरूपत्वात् ।।२३।।

હવે આત્મામાં સ્ત્રી આદિ લિંગ ને એકત્વાદિ સંખ્યા સબંધી વિભ્રમની નિવૃત્તિ માટે તેનાથી વિવિક્ત (ભિન્ન) અસાધારણ સ્વરૂપ બતાવતાં કહે છેઃ-

**અન્વયાર્થ :** **(येन आत्मना)** જે આત્માથી - ચૈતન્યસ્વરૂપથી **(अहम्)** હું **(आत्मनि)** પોતાના આત્મામાં **(आत्मना)** આત્માદ્વારા - સ્વસંવેદનજ્ઞાનદ્વારા **(आत्मना एव)** પોતાના આત્માને પોતે જ **(अनुभूये)** અનુભવું છું. **(सः)** તે - શુદ્ધાત્મસ્વરૂપ **(अहं)** હું **(न तत्)** ન તો નપુંસક છું **(न सा)** ન સ્ત્રી છું **(न असौ)** ન પુરુષ છું **(न एकः)** ન એક છું **(न द्वौ)** ન બે છું **(वा)** અથવા **(न बहुः)** ન બહુ છું.

**ટીકાઃ** જે આત્મા વડે - ચૈતન્યસ્વરૂપવડે હું અનુભવમાં આવું છું - કોનાથી? આત્માથી જ - બીજા કોઇથી નહિં, કયા કરણ (સાધન) દ્વારા? આત્માદ્વારા - સ્વસંવેદન સ્વભાવ દ્વારા, ક્યાં? આત્મામાં - સ્વસ્વરૂપમાં, તે હું છું - એવા સ્વરૂપવાળો છું. ન તો હું નપુંસક છું, ન સ્ત્રી છું, ન પુરુષ છું; તથા ન હું એક છું, ન બે છું કે ન હું બહુ છું; કારણકે સ્ત્રીત્વાદિ ધર્મો છે તે તો કર્મોપાદિત દેહ - સ્વરૂપવાળા છે.

**ભાવાર્થઃ** હું સ્વસંવેદનજ્ઞાનદ્વારા પોતેજ મારા આત્મસ્વરૂપને મારા આત્મામાં અનુભવું છું - અર્થાત્ હું ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છું. તેમાં સ્ત્રી - પુરુષાદિ લિંગનો તથા એક, બે વગેરે સંખ્યાના વિકલ્પોનો અભાવ છે.

અંતરાત્મા વિચારે છે કે જીવમાં સ્ત્રી - પુરુષાદિનો વહેવાર કેવળ શરીરને લીધે છે. એક, બે અને બહુવચનનો વહેવાર પણ શરીરાશ્રિત છે. જ્યારે શરીર મારું રૂપજ

નથી અને મારું શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ છે, ત્યારે મારામાં લિંગ - ભેદ અને વચન -ભેદના વિકલ્પો કેવી રીતે ઘટી શકે ? આ સ્ત્રીત્વાદિ ધર્મો તો કર્મોપાદિત દેહનું સ્વરૂપ છે, મારું સ્વરૂપ નથી, મારું ચૈતન્યસ્વરૂપ તો તે બધાંથી પર છે.

વિશેષ

આત્મા શુદ્ધ આનંદસ્વભાવી છે, એક છે-એવો રાગમિશ્રિત વિચાર પણ સ્વભાવમાં નથી. ગુણ - ગુણી તરીકે બે છે ને જ્ઞાન - દર્શનના ઉપયોગે બે છે - એવો ભેદ સ્વરૂપમાં નથી.

આત્માનું શુદ્ધ સ્વરૂપ અભેદ, ગુણ - ગુણીના ભેદ વિનાનું છે. તેમાં લિંગભેદ, વચન ભેદ, વિકલ્પભેદાદિ કાંઇ નથી.

અહીં આચાર્યનું લક્ષ અભેદ - અખંડ આત્માના સ્વરૂપ ઉપર છે; તેથી તેમણે કહ્યું છે કે, વાસ્તવમાં આત્માને સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ અવસ્થાઓ નથી, ગુણોના ભેદરૂપ અને કારકોના ભેદરૂપ કલ્પના નથી.

આવી સમજણથી જ્ઞાની ભેદ - વિજ્ઞાન કરી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવાની નિરંતર ભાવના ભાવે છે. ૨૩

---

પુરુષ ને નપુંસક આ રીતે છોડી દે, બધા ન અસૌ ન એક. આહાહા! સગાઇ કરે ત્યારે ન્યાં લાપસી ખાય. ખરું કે નહિં? એમ આંહી કહે છે કે ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં સગાઇ જોડ દે, તેરે આનંદકી લાપસી મિલેગા ન્યાં. યુગલજી. આહાહા! ભાઇ આંહી સે જોડ આત્મામેં જોડ ને પર સે તોડ. પરસે જોડને આત્માસે તોડ એૈસા તો અનાદિસે કિયા હૈ. આહાહા! ૨૩ હૈ ને? જે આત્મા વડે **ટીકા** ચૈતનસ્વરૂપ વડે હું અનુભવમાં આતે હું. આહાહા! સમ્યગ્દ્રષ્ટિ કો ધર્મી જીવ કો. આહાહા! જે આત્મા વડે ચૈતનત્વ વડે હું એ ક્યા કહતે હૈ? ચૈતનસ્વરૂપ જે પર્યાય નિર્મળ એ દ્વારા મૈં અનુભવમેં આનેવાલા હું. આહાહા! અરે મારગ તો મારગ પ્રભુ કા. સમજાય છે કાંઇ?

મૈં ચૈતનસ્વરૂપ વડે, હું અનુભવમેં આતા હું. પહેલે તો એ સિદ્ધાંત કીયા. ધર્મી જીવ એમ કહેતે હૈ, જાનતે હૈ, કહેતે હૈ ની ભાષા, મૈં તો મેરી અનુભવ ક્રિયા સે જાનને મેં આતા હું. આહાહા! સમજમેં આયા? આ તો ચોથા ગુણ સ્થાનકી બાત હૈ, હોં. એૈસા નિશ્ચયકી બાત નહિં રુચતી, કેટલાકને (એ લોકો કહે કે) કે ચોથે ગુણ સ્થાનમેં વહેવાર સમકિત હોતા હૈ? અરે ભગવાન! તેરે ખબર નહિં ભાઇ, કોના સે? આત્માસે.

ચૈતન સ્વરૂપ વડે અનુભવમાં આને વાલા કૌન ? કોનાથી કિસસે ? આત્માસે, બીજા કોઇ સે નહિં. આહાહા ! ગુણ - ગુણીકા ભેદ કા વિકલ્પ ઉઠતે હૈ, ઉસસે લઇને જાનનેવાલા નહિં. મૈં તો જ્ઞાન કી પ્રજ્ઞાછીણી સે જાનનેવાલા હું. અનુભવકી પરસે ભિન્ન જ્ઞાનસે મૈં અનુભવમેં આનેવાલા હું. આહાહા !

વહેવારની રુચિવાળાને આ એવું લાગે કે આ તો બધું નિશ્ચય છે. ભગવાન, સત્ય નિશ્ચય નામ સત્ય. પરમ સત્યકો નિશ્ચય કહતે હૈ. આરોપિત ઉપચરીત વાત કો વહેવાર કહતે હૈ. આહાહા ! સમજમેં આયા ? મૈં ચૈતન સ્વરૂપ વડે મૈં અનુભવમેં આતા હું કોઇ દૂસરેસે નહિં. વિકલ્પસે, મનસે, રાગસે, દેવ ગુરુ ને શાસ્ત્રકી વાણીસે, મૈં અનુભવમેં આનેવાલા નહિં. આહાહા ! સમજમેં આયા ? અહીંયા તો આ વાત હૈ ભગવાન ! લોકોને એ શું લાગે કે આ ભક્તિ કરીએ, જાત્રા કરીએ ને સમ્મેતશીખરજીની ને આ શેત્રુંજયની, આ શેત્રુંજય નદી છે, શેત્રુંજય નદી છે ત્યાં ચૌદ માઇલ સમજ્યા ? શેત્રુંજય પાલીતાણા (નદી) ચૌદ માઇલ હૈ ત્યાં બહુત જાતે હૈ. શ્વેતાંબર, દિગંબર ભી જાતે હૈ, કચ્છી બહોત હૈ, કચ્છી હો ગમે તે કારણ હો, કચ્છી બહોત આતે હૈ. આ દેખને કો આ ત્યાં બડા દેખને કી ચીજ હૈ, દેખને કી એમ કરીને બહુ આવે છે મુંબઇથી કચ્છી લોકો કાંઇક હશે. કચ્છી સાધુ ત્યાં હોય કે ગમે તે બહોત કચ્છી આતે હૈ.

અરે, ભાઇ, જાત્રા તો આંહી હૈ. તીર્થ હી આ હૈ. ચૈતન્યમૂર્તિ આનંદકા નાથ વો તીર્થ હૈ, ક્યોંકી ઉસમેં તરને કા ઉપાય ઉસમેં પડા હૈ. (શ્રોતાઃ વો તો નિશ્ચયથી) નિશ્ચય હૈ વોહી સત્ય હૈ. વો તો ઉપચારિત બાત હૈ. હૈ કહાને. શુભ રાગ હૈ, પર હૈ, તે વો ધરમ હે ? ઔર હૈ તો ક્યા વો ધરમકા કારણ હૈ ? બિલકુલ નહિં. હૈ ખરા. શુભભાવ. ભક્તિ, જાત્રા વહેવાર આતા હૈ, પણ અહીંયા તો કહતે હૈ કિ વ્યવહાર વિકલ્પસે મૈં જાનનેવાલા મૈં હું નહિં. આહાહા !

ત્રણ લોકના નાથ સમોસરણમાં બિરાજમાન. જેને ચોસઠ ઇન્દ્રો ચામર ઢાળે. સમજમેં આયા ? જેની સો સો ઇન્દ્રો, વાઘ ને સિંહ ને નાગ જેના સમોસરણમેં આતે હૈ. સુનનેકો એ, ભગવાનકા દર્શન સે, ને ભગવાનકી વાણીસે, ભી આત્મા અનુભવમેં આતા હૈ ઐસા હૈ નહિં. આહાહા ! સમજમેં આયા ?

વો કહેતે હૈ દેખો. કોઇ સે ક્યા કરન સાધન દ્વારા ? આત્મા દ્વારા. મેરા સાધન તો આત્મા હૈ. આહાહા ! સ્વસંવેદન. આહાહા ! સ્વભાવ દ્વારા અપના જ્ઞાન સે અપના પ્રત્યક્ષ વેદન એ દ્વારા મૈં અનુભવ કરને લાયક આત્મા હું. દૂસરે સે મૈં અનુભવું એ મેરી ચીજ નહિં. ઓહોહો ! સમજમેં આયા ? ક્યાં ? આત્મામેં સ્વસ્વરૂપમેં. આહાહા ! તે

હું છું એવા સ્વરૂપવાળો મૈં હું. મૈં તો આનંદસ્વરૂપ મેરી શુદ્ધ પરિણતી સે અંદર મેં જાને લાયક હું. આહાહા! મેરા ભગવાનકા ભેટા નિર્વિકલ્પ - વિકલ્પસે રહિત પરિણતી સે હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

મારા પ્રભુ કા દર્શન, મેરા પરમાત્મા આહાહા! મેરે નિર્વિકલ્પ સ્વરૂપસે મૈં ધ્યાન કરને વાલા હું. મૈં ન તો હું નપુંસક, મૈં હિજડા પાવૈયા મૈં નહિં. આહાહા! ન સ્ત્રી હું, ન પુરુષ હું, પુરુષ શરીરકા અને પુરુષવેદ દોય મૈં નહિં. આહાહા! સમજમેં આયા? ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ અપના આત્માકા અનુભવ કરને મેં માનતે હૈ કી મૈં તો વેદવાળા નહિં. આહાહા! સમજમેં આયા? ન પુરુષ હું, ભઈ પુરુષકા શરીર સે કેવળજ્ઞાન હોતા હૈ, સ્ત્રી કા શરીરસે હોતા હૈ? તો કહતે હૈ કે ના - ના ભાઈ પુરુષશરીર સે નહિં હોતા. કેવળજ્ઞાન તો અપની શુદ્ધ સ્વભાવકા અવલંબનસે, શુદ્ધ પરિણતી સે કેવળજ્ઞાન હોતા હૈ, ઓર વો પરિણતી ભી એક કોર રહો. શુદ્ધ ધ્રુવ, ચૈતનકા આશ્રયસે મેરે કેવળજ્ઞાન હોતા હૈ, સ્વરૂપકી પરિણતી સે ભી નહિં. આહાહા! સમજમેં આયા?

આવી વાતું અને આમ આવે કે પહેલા સંઘયણ જોઈએ. મનુષ્યદેહ હો, પુરુષદેહ હો તો કેવળજ્ઞાન હોતા હૈ, એ તો ત્યાં હો નિમિત્ત ઐસા કહા પર ઉસસે હોતા નહિં. આહાહા! ના એક હું, એક એ તો વિકલ્પ ઉઠે, ન બે ગુણ - ગુણી બે નહિં, ન હું બહુ અનંતગુણ વાળા મૈં હું ઐસા બહુ નહિં ઐસા વિકલ્પ નહિં. આહાહા! સ્વરૂપ એક હૈ, ઐસા વિકલ્પ કા એક મૈં નહિં, ગુણ ને ગુણી દો હૈ, ઐસા વિકલ્પકા મૈં નહિં ઔર અનંતગુણ મેરા મેં હૈ. બહુ. અનંતગુણ હૈ ઐસા વિકલ્પ એ ભી મેરે મેં નહિં. આહાહા! કારણ કે સ્ત્રી આદિ ધર્મો છે એ તો કર્મ ઉપાર્જીત દેહ સ્વરૂપવાળા હૈ. આ શરીર તો જડકી આકૃતિ હૈ. માટી શરીર કા લિંગ અને વેષ શરીર કા સબ માટી જડકી દશા હૈ. યે મૈં નહિં ઓર વિષય - વાસનાકા વિકલ્પ જો હૈ વો ભી આશ્રવ ને દુ:ખરૂપ હૈ, મૈં નહિં. મૈં તો આનંદનાં ધામ, આનંદસ્વરૂપ મૈં હું. આહાહા! સમજમેં આયા? જહાં મૈં હું તહાં ત્યાં આનંદ હૈ ઓર જહાં મૈં નહિં ત્યાં આનંદ નહિં. એ સ્ત્રીવેદ, પુરુષવેદ કા વિકલ્પ ને શરીર મેં આનંદ નહિં. સમજમેં આયા? આવો મારગ પ્રભુ. પહેલે તો સુનને મેં મિલતા નહિં. યુગલજી હૈ? વો તો વિદ્વાન માણસ હૈ. આહાહા! એ વગેરે સંખ્યા નાં વિકલ્પ નો અભાવ હૈ ઐસા ધર્માત્મા અપને કો માનતે ને જાનતે હૈ ... ...

વિશેષ કહેશે ... ...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૩૩

## શ્લોક – ૨૩

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૨.૦૧.૭૫**

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्यर्थतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह -

**येनात्मनाऽनुभयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सो हं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः ।। २३ ।।**

જે રૂપે હું અનુભવું, નિજ નિજથી નિજમાંહી;
તે હું નર - સ્ત્રી - ઈતર નહિ, એક બહુદ્વિક નાહિ ।। ૨૩ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**૨૩ ગાથા સમાધિતંત્ર ભાવાર્થ** : ધર્મ કૈસે હોતા હૈ ? ઔર ધર્મ હોતા હૈ તો ક્યા હોતા હૈ ? સમજ મેં આયા ? ધર્મ આત્મા આનંદ સ્વરૂપ. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. સત્ હોવાવાળો. ચિત્ જ્ઞાનને આનંદ સ્વરૂપ ઉસકા હૈ. તો યે આનંદસ્વરૂપકા, પરસે લક્ષ છોડકર. આહાહા ! દેહ, અંદર વિકલ્પ જે રાગ ઉત્પન્ન હોતા હૈ એ વિકાર ઉસકે લક્ષ

છોડકર, ત્રિકાળ જો ધ્રુવ આનંદ કંદ પ્રભુ આત્મા હૈ, ઓ તરફકા એકાગ્ર હોકર આનંદકા વેદન કરના ઉસકા નામ ધર્મ હૈ. ઝીણી વાત હૈ. સમજમેં આયા ? હૈ ? દેખો.

**ભાવાર્થ** : હું સ્વસંવેદનજ્ઞાન દ્વારા પોતે જ મારા આત્મસ્વરૂપને મારા આત્મામાં અનુભવું છું. અર્થાત્ હું ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છું. અબ ઉસકા અર્થ વો તો ભાષા હો ગઈ. ઉસકા અર્થ ક્યા ? કે મૈં આ શું કે ગુજરાતી આવ્યા પણ ક્યાં ગયા બીજા તમારા ? (શ્રોતા : આવે છે) હેં ? (શ્રોતા : હમણાં આવી જશે) હમણાં પણ ટાઈમે આવવું જોઈએ ને ? હમણાં હમણાં શું છે ? (શ્રોતા : આવે છે) હેં ? ક્યાં છે ? (શ્રોતા : પાછળ આવે છે) પાછળ રાહ શું જોવી ? અહીંયા તો ટાઈમ ટુ ટાઈમ હૈ. સમજમેં આયા ? આહાહા !

ક્યા કહતે હૈં ? કે જિસકો આત્મજ્ઞાન હુઆ વો શરીર, વાણી, મનસે મૈં પૃથક્ હું - શરીર વો તો જડ હૈ. માટી ધૂળ હૈ. પુદ્‌ગલ - માટી, વાણી તો જડ હૈ. જડની વસ્તુ હૈ, ઔર એક મન યહાં હૈ વિચાર કરને મેં નિમિત્ત જડ વો ભી પર હૈ. ઔર ઉસમેં જો પુણ્ય - પાપ કા વિકલ્પ ઉઠતે હૈં. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસનાકા રાગ ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા રાગ તો એ વિકાર હૈ. ઉસસે મૈં ચીજ ભિન્ન હું. આહા. ઐસી અંતરમે મૈં ધર્મી જીવ ઐસે જાનતે હૈં. કે મૈં - હું હૈ ને ? હું શબ્દ. હું કા અર્થ તમારે હિન્દીમાં મૈં. મૈં સ્વસંવેદન જ્ઞાન દ્વારા. આ તો અધ્યાત્મ બાત હૈ. કાંઈ શબ્દમેં કહેતે હૈં કે મૈં, સ્વ નામ અપના જ્ઞાન દ્વારા જ્ઞાનકી પર્યાય જો અવસ્થા હૈ વો દ્વારા. સમ્ - સ્વરૂપકો. પરકા આશ્રય છોડકર, સ્વકા આશ્રયમેં પ્રત્યક્ષ હોના, ઉસકા નામ સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન આત્માનુભવ હૈ. ઝીણી વાત છે. અનંતકાળમેં યે કીયા નહિં, બહારની પ્રવૃત્તિ થઈ, શરીરની નહિં. શરીર તો જડ હૈ. ઉસકી પ્રવૃત્તિ આત્મા કર સકતે નહી. અંદરમેં પુણ્ય ને પાપ, શુભ ને અશુભ વિકલ્પ, રાગ ઉસકી પ્રવૃત્તિ કરતે હૈં, અને ઉસમેં મેરે ઠીક હૈ ઐસે માનકર ચોર્યાશીના અવતાર મેં રુલતે રખડતે હૈં. આહાહા ! ચોર્યાશીના અવતાર અનંત બૈર - એક એક યોનિ મેં અનંત બૈર જન્મે મરે. યે અપના સ્વરૂપ ચિદાનંદ સ્વભાવ, અખંડ આનંદકંદ પ્રભુ, ઉસકા આશ્રય લેકર વેદન કિયે બિના, પરકા આશ્રય સે જો પુણ્ય પાપ ભાવ હુઆ વો સંસારમેં રુલને કા કારણ હૈ. આહાહા ! યુગલજી ઐસી બાત હૈ આહાહા !

નરસિંહ મહેતા કહેતે હૈં ને નરસિંહ મહેતા 'જહાં લગી આત્માતત્વ ચિન્હો નહીં' ત્યાં લગી સાધના સર્વ જુઠ્ઠી. નવરંગભાઈ, નરસિંહ મહેતા એમ કહે છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હો નહિં'. જબ લગ આત્માકા ચિન્હો નામ અનુભવ કિયા નહીં. આત્માકા પત્તા મલકર આનંદકા સ્વાદ લિયા નહીં, તબ લગ ચાર ગતિમેં રૂલતે હૈં. તે મિલે બિના ચાહે તો પૂજા, ભક્તિ, વ્રત, તપ, નામ સ્મરણ કરો, વો સંસાર ખાતે રાગ

હૈ. નવરંગભાઈ આહાહા. આ સંસારમાં, આ વકીલાતમાં, વકીલ છે ને ? (શ્રોતા : આ તો ડૉક્ટર  છે) ડૉક્ટર છે ? ડૉક્ટરનાં આ વચેટભાઈ છે ને તમારા (શ્રોતા : એ તો બધું સમજવા જેવું છે) પણ એના વખતમાં પૈસો એટલો બધો પૈસો. કોર્ટમાં ૨૦૦ રૂપિયા તો ફી રાખતો. તે વખતે ૨૦૦ હો. હવે તો બસો ની કિંમત થઈ ગઈ પાંચ - વીસ - પચ્ચીસ ગણી. ધૂળ હતી. એ ડહાપણ પણ અજ્ઞાન ને મૂર્ખાઈ ભરેલી હતી વાત.

ભગવાન આત્મા જ્ઞાન પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ. પ્રજ્ઞા નામ જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. આહાહા. ઉસકા વો કાયમી અસલી સ્વરૂપ વો હૈ. આહા. તો કહેતે હૈં જિસકો આત્મજ્ઞાન હુઆ, ધરમી હુઆ તો ધરમી ક્યા કરતે હૈં ? કહતે હૈ કોઈ ક્રિયા કરતે હૈં. પૂજા કે ભક્તિ યે ધર્મ હૈ ? પૂજા ભક્તિમેં તો શુભ ભાવ - પુણ્ય હૈ અને એ પુણ્ય સંસારમાં ભવકા કારણ હૈ. આહાહા ! સમજમેં આયા ? મૈં સ્વસંવેદન જ્ઞાન દ્વારા. ઓહો. મેરી ચીજ આનંદને સચ્ચિદાનંદ સ્વરૂપ. તો મૈં મેરા જ્ઞાન દ્વારા. કૈસા જ્ઞાન ? સ્વસંવેદન જ્ઞાનદ્વારા. આહાહા ! યુગલજી. ઝીણી વાત બહુ ભાઈ. આહા !

કદી એણે દરકાર કિયા હી નહીં આત્માકી. એમ ને એમ ચોર્યાશીના અવતારમાં મનુષ્ય હોકર ઢોરમાં જાય. પશુ, પશુ હોકર નરક મેં જાય. નારક હોકર ઢોર મેં જાય. ઢોર સમજે પશુ. પશુ મેં સે કોઈ સ્વર્ગ મેં જાય. ચાર ગતિ રખડને કી હૈ. દુ:ખી, દુ:ખી, દુ:ખી. સમજમેં આયા ? આ શેઠિયાઓ કહો, રાજા કહો, અબજોપતિ કહો. દેવ કહો. યે સબ દુ:ખી પ્રાણી હૈ બિચારા. અપના આનંદસ્વરૂપકા ભાન બિના, યે રાગ અને દ્વેષ કા વેદન એ આકુળતા અને દુ:ખ કા વેદન હૈ. એ દુ:ખ કા વેદન વર્તમાન દુ:ખ હૈ ઔર ચાર ગતિ મેં રૂલને કા દુ:ખકા વેદન કારણ હૈ. આહાહા ! સમજમેં આયા ?

ભગવાનઆત્મા સત્ - શાશ્વત, સત્ - શાશ્વત, જ્ઞાન - જાણન શક્તિ, આનંદ - સુખરૂપ શક્તિ, ગુણ - સ્વભાવ ઐસા જ્ઞાન દ્વારા અંતરમેં, મૈં મેરા સ્વસંવેદન જ્ઞાન દ્વારા અપને - મારા સ્વરૂપને - મારા આત્માને, મેરા સ્વરૂપમેં મેરા આત્મામેં આહાહા ! અનુભવતા હું. આહાહા ! બહુ. જ્ઞાન સ્વરૂપી પ્રભુ. પ્રજ્ઞા જ્ઞાન અને આનંદ એ વર્તમાન દશા. રાગસે, વિકલ્પસે, ભિન્ન હોકર, ત્યાં તો કોઈ જ્ઞાન હોના ચાહિયે કે આત્મા ક્યા ચીજ હૈ ? ઉસમેં શક્તિ, સામર્થ્ય, સ્વભાવ, ગુણ ઓ સબકા સત્ત્વ સ્વભાવ ભાવ ક્યા હૈ ? અને વિભાવ ક્યા હૈ ? તો કહતે હૈ કે પહેલે ઐસા ભાન હુઆ, કે મૈં તો પુણ્ય - પાપકા વિકલ્પ જો વિભાવ હૈ, એ મૈં નહીં. પોપટભાઈ, બહુ આકરું બધું. કાઢી નાખું તો આ બાયડી છોકરાને નાખું ક્યાં ? (શ્રોતા : એ બધા એનામાં. કાઢવા ક્યાં) કહતે હૈ ઉસમેં હૈ. એનામાં છે, આ આંહી હૈ ?

અપના જો જ્ઞાન ને આનંદ શુદ્ધ પવિત્ર સ્વભાવ એ અપને મેં હૈ, ઉસકો કભી ઉસને છોડા નહીં અને પરમાર્થે શુભ ને અશુભ જો વિકલ્પ પુણ્ય પાપકા હૈ, ઉસકો કભી ગ્રહ્યા નહીં. વસ્તુ સ્વભાવ હૈ ઓ રાગકો ગ્રહતે નહીં. આહાહા! અજ્ઞાનભાવે માનતે હૈ કી મૈં પુણ્ય ભાવ હું. મૈં દયા દાન હું. મૈં પુણ્ય કિયા, મૈં પાપ કિયા, ઐસા અજ્ઞાનપણે ઐસી દશામેં માનતે હૈ ઔર ચાર ગતિમેં માન્યતાકા ફળમેં રૂલતે હૈ. હાય હવે આ. આ બધા પૈસાવાળાને સુખી કહે છે ને, નહીં? (સુખી હોય એ મુંબઇ મુકીને અહીં શું આવે?) શું કરવા આવે? (શ્રોતા : સુખી હોત તો ત્યાં હોત) કરોડપતિ હૈ યે (શ્રોતા : મુંબઈ છોડકર અહિંયા ક્યું આવે?) ક્યું આવે? એમ કહતે હૈ, જો ન્યાં સુખ હોય તો અંહિયા ક્યું આવે છે. એમ કહે છે. ધૂળ મેં ય સુખ નહિં. આહા! સુખ તો પુણ્ય કે પાપકા ભાવમેં નહીં તો પરવસ્તુ મેં સુખ કહાંસે આયા? અપની ચીજ જો આનંદમય ચીજ હૈ ઉસકો છોડકર, અપના સચ્ચિદાનંદ આનંદ ને જ્ઞાન અપના સ્વભાવ છોડકર, ક્યા રાગ મેં રહેતે હૈં? યે સ્વભાવ ક્યા પરમેં રહતે હૈં? કે પરસે સુખ મિલે? આહાહા!

આત્મા અંદર આનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપી હૈ. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપી આત્મા હૈ. ઉસકા ધર્મી જીવ. મૈં મારા મૈં મેરા. હૈ ને? ઔર આત્મામેં મેરા આત્મસ્વરૂપમેં, મેરા આત્મામેં આહાહા! મેરા શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપ મેં મેરા આત્મામેં મેરી સ્વચ્છ સ્વભાવમેં અનુભવતા હું. આહાહા! ઉસકા નામ ધર્મ કહતે હૈં. સમજમેં આયા? ઓ જૈન ધર્મકા વિશ્વમેં કર્મપંથ હૈ. સુખકા, આત્માકા, અંતિમ રીત આનંદકી પ્રાપ્તિકા આ ઉપાય હૈ. અને એ આનંદની પ્રાપ્તિ હુઈ તો જનમ મરણકા ઉસકા અંત આયા. સમજમેં આયા? નહીંતર ચોર્યાશી લાખ યોનિમેં અવતાર કરતે કરતે મરી રહે અનંત સંસારમાં. આત્મા ક્યા નયા હૈ? વો તો અનાદિકા હૈ. હૈ ને હૈ. તો કહાં રહા? આનંદ મેં હૈ? મોક્ષ મેં ગયે? ચાર ગતિમેં રૂલને રૂલને હૈ અનાદિકાળસે. આહાહા!

તો કહેતે હૈ કે ધર્મી, મૈં તો મેરા આત્મસ્વરૂપમેં, મેરા આત્મામેં અનુભવતા હું. હું, ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય હું. આહાહા! મૈં તો મેરા જ્ઞાન નિર્વિકલ્પ જો જ્ઞાન ઉસસે મૈં ગમ્ય હું. ઉસસે મૈં જાનનેમેં આતા હું. રાગસે, કે નિમિત્તસે, કે શાસ્ત્રસે, કે દેવગુરૂસે, મૈં અનુભવમેં આનેવાલા નહીં. આહાહા! આવી વાત. નવરાશ ક્યાં છે માણસને રખડવાની? આ સમજના ને આ વિચારના, ને અનુભવના આહાહા! કહેતે હૈં, મૈં તો મેરા સ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ મૈં તો. ચૈતન નામ જાગૃતસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, પ્રજ્ઞાસ્વભાવ, ચૈતન્ય જાનના દેખના ઐસા મેરા સ્વભાવ એ મૈં હું. એ ચૈતન સ્વસંવેદનગમ્ય. એ અપની ચૈતન કી નિર્મળ દશા સે મૈં જાનને મેં આનેવાલા હું. કોઈ રાગસે, વિકલ્પસે,

વ્યવહારસે, નિમિત્ત સે જાનનેમેં આઉં ઐસા મૈં હું નહીં. માળે, આવું ભારે મોંઘુ ભાઈ.

અહિં તો ધર્મ કોક હરિજનને બીડી, બીડી મળી હોય, બીડી જોઈતી હોય, હરિજનને હોયને. એય દાદા, એક બીડી આપજો, ધર્મ હોગા. ભારે ધર્મ ભાઈ. બીડી દેગા તો ધર્મ. આ હરિજન હોતા હૈ ને ? અને ઐસા બે ચાર ઠૂંઠા મળી જાય વળી ક્યાંક, નીચે પડયા હોય ને. કોઈ મોટો માણસ નીચે પીતો નાખી દે, એવા બે ચાર મળ્યા હોય. એ દાદા એક દીવાસળી દેજો. દાન ધર્મ હોગા. ભારે ધર્મ ભાઈ એ. પોપટભાઈ, એક પાંચ પચ્ચીસ રૂપિયા દો, હમારેકો, જાના હૈ બહોત દૂર ગરીબ માણસ છું. તમારે ધર્મ હોગા. ધૂળમાં ય ધર્મ નહીં, સુન તો સહી. આહાહા ! એ કરોડો રૂપિયા કદાચિત પાસે હો તો એ તો જડ હૈ. મૈં મેરા માનનેવાલા તો મૂઢ હૈ. ભગવાન ચૈતન્ય સ્વરૂપ ઔર જડકો મેરા માને. સમજમેં આયા ? મૂંઢતા હૈ.

અહિંયા તો કહેતે હૈ કે મૈં રાગરૂપે નહીં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ હોતા હૈ, ભગવાન સ્મરણ, વો સબ રાગકા, વિકલ્પકા ઉત્થાન હૈ. રાગકા મૈં સ્વરૂપ નહીં મેરા. આહાહા ! મૈં તો રાગરહિત મેરી જ્ઞાન દશા દ્વારા મેરે કો, મૈં ચૈતન કો, સ્વસંવેદનસે અનુભવતા હું. આહાહા ! જગતને કઠણ ભારે. આ દાક્તર બાક્તર કાંઈ થોડી ઘણી પંદર વીસ ક્યાંક એવી સેવા કરવા જાય ને મોટા ઓલામાં શું કહેવાય ઈ ? (શ્રોતા : ઓનરરી) હેં ? ઓનરરી. આ સાંભળ્યુ પણ ખબર નહીં ઓનરરી ત્યાં હેતુ બીજો હોય ત્યાં જાય પછી દુકાન ચાલે પણ ઓનરરી કરે છે એમ કરીને. એમાં ધૂળમાં ઓનરો નથી ત્યાં. રાગને વિકારની લાગણી છે એકલી. આહાહા ! સમજમેં આયા ?

આહિં કહેતે હૈ મૈં તો પ્રભુ, પ્રભુ નામ મેરી પ્રભુતા, મેરી ઈશ્વરતા ઔર મેરી બડાઈ, આનંદ ને જ્ઞાન સે હૈ. રાગને પુણ્ય સે મેરી બડાઈ હૈ ? (શ્રોતા : નહીં) આહાહા ! ઉસસે નામ ઉસમેં મેં મેરા જ્ઞાન દ્વારા, જ્ઞાન નામ આ શાસ્ત્રકા જ્ઞાન કે આ બાહ્ય વકીલાતકા જ્ઞાન. શાસ્ત્રકા જ્ઞાન એ જ્ઞાન નહીં. એ તો અજ્ઞાન હૈ. આહાહા ! અંતર જ્ઞાન સ્વરૂપ જો પ્રભુ આત્મા, ઉસમેં સે જ્ઞાનકી દશા નિર્મળ હોકર અપને સ્વરૂપકા વેદન કરે, એ મૈં હું. ધર્મી ઐસા અસ્તિત્વકો અપના માનતે હૈ. આહાહા !

આવો ધરમ ક્યાંથી કાઢયો ? યે ઉસમેં સ્ત્રી, પુરૂષ આદિ લિંગ, આ સ્ત્રીકા શરીર ને પુરૂષકા શરીર એ મેરે મેં હૈ નહીં. આ તો જડ મેં હૈ. માટી મેં લિંગ આદિ આ હૈ વો તો જડકા, માટીકા, ધૂળકા હૈ. સ્ત્રીકા શરીર શરીરકા, પુરૂષકા શરીર, પાવૈયા, હીજડાકા શરીર એ તો માટી જડ હૈ. તો ધર્મી કહેતે હૈ કે મેરેમેં સ્ત્રીકા શરીર આદિ હૈ

નહીં. વો તો નહીં પણ સ્ત્રી, પુરૂષ, નપુંસકકી વાસના વેદકી ઉઠતી હૈ યે મેરી ચીજમેં નહી. મેરા સ્વરૂપ મેં તો જ્ઞાન અને આનંદ પડા હૈ. આહાહા! સમજમેં આયા? સ્ત્રી, પુરૂષ આદિ લિંગ તથા એક, બે, તીન, ચાર સંખ્યા. એક, દો, તીન, ચાર, પાંચ ઐસે નહીં કરતે? યે તો વિકલ્પ ઉઠતે હૈં. એક, દો, તીન, ચાર, પાંચ એમ કરતે હૈ ને? ઐસા એક, દો, તીન. એ તો એક, દો, તીન એ તો વિકલ્પ હૈ એ તો. સંખ્યા ભાષા બોલતે હૈ યે તો જડ હૈ. અંદર જો યે ઉત્થાન હોતા હૈ વૃત્તિકા. એક દો એ તો રાગ હૈ. અંતર્જલ્પ હૈ. વાણીમાં બહિ:જલ્પ હૈ. એક, દો, તીન ઐસા વિકલ્પ ઉઠે એ અંતર્જલ્પ હૈ. યે આત્મા નહીં. આહાહા? સમજમેં આયા? આત્મા મેં હૈ? હો તો આત્મા સે જુદા પડ ન જાય, અને આ જુદા પડ જાય, એ આત્મા કી ચીજ (શ્રોતા : નહીં) રાગ ને વિકલ્પ ને શરીર એ જુદા હોતા હૈ, અને જુદા પડ જાતા હૈ, તો આત્મા કી ચીજ નહીં. આહા. એ લિંગ અને એ સંખ્યા વિકલ્પોનો અભાવ હૈ. મેરી ચીજ મેં તો એક મૈં હું. એક સ્વરૂપી હું. ગુણ ગુણી સે દો સ્વરૂપી હું. ઐસી જો અંતર્જલ્પ નામ વિકલ્પ નામ રાગકા અંશ વેદન એ મૈં નહીં. આહાહા! સમજમેં આયા?

અંતરાત્મા વિચારતે હૈ. અંતરાત્મા વિચારતે હૈ ઉસકા અર્થ. અંતર આત્મા. જો આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ હૈ, ઉસકા બોધ હુઆ અંતરમેં, ઉસકો અંતરઆત્મા કહેતે હૈ. ઔર જો રાગ ને પુણ્ય ને પાપ ને ફળ જો સંયોગી ચીજ એ મેરી હૈ ઐસે માનતે હૈ. એ અંદરમેં હૈ નહીં ને મેરા માનતે હૈં તો એ બહિરાત્મા હૈ. બહિરાત્મા એ મૂંઢ હૈ. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા ઐસી આત્માકી તીન દશા. તો રાગકા વિકલ્પ ઉસસે ઉસકા સુખ, શરીરાદિ એ મૈં હું? જો વિકલ્પ રાગ હૈ વો સ્વરૂપમેં નહી. સ્વરૂપમેં હો તો છૂટા પડે? (શ્રોતા : નહીં) રાગકા વિકલ્પ, દયા, દાન, પુણ્ય રૂપ ભાવ વો મેરા હૈ તો ઉસમેં હૈ નહીં, ઉસમેં તો જ્ઞાન ને આનંદ હૈ. તો જિસમેં જો ભાવ હૈ ઐસા તો માન્યા નહિં. જો ભાવ નહીં હૈ ઉસકો અપના માન્યા બહિરાત્મા હૈ. એ મૂરખ આત્મા હૈ. પછી આત્મા મૂરખ હોતા હૈ? (શ્રોતા : મૂરખ તો ભણ્યો ગણ્યો ન હોય એ મૂરખ કહેવાય. આ ભણ્યો ગણ્યો હોય) ભણ્યો ગણ્યો ને કો આ મૂરખ વકીલાત ભણ્યો હોય. ભણ્યો ગણ્યો ને વાંચ્યો ન હોય એ મૂરખ કહેવાય. આહિં તો આ મોટો મૂરખ કહેવાય. સમજમેં આયા? જે વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધ ઐસી જો વૃત્તિયાં ઉઠતી હૈ. એ સ્વરૂપ મેં નહિં. નથી ઉત્પન્ન કરતે હૈં. ને ઉત્પન્ન કરતે હૈ. એ મેરી હૈ એમ માનનેવાલા, ઉસમેં નહિં ઈસકો માનનેવાલા બહિરાત્મા હૈ. આહાહા! ક્યા કરવું પણ ત્યારે આ અમારા ધંધા કરવા. રળવું, બાયડી છોકરાં ને (શ્રોતા: અમારે ઉભુ ક્યાં રહેવું ઈ તો બતાવો) એ તો ચલતી હૈ બાત.

જહાં તેરા સ્વભાવ હૈ તહાં તેરા ઉભા રહેના હૈ. આહાહા! જુવાન માણસને એ રળવું કે આ કરવું? રળવું એટલે ક્યા? એ પૈસા આતા હૈ એ કંઈક પુરૂષાર્થ કરતે હૈ માટે આતા હૈ? પુરૂષાર્થ તો રાગકા હૈ (શ્રોતા : ઉસકા ઉપાય?) હા ઓ પૈસા પુન્યકા. પૂર્વકા પુણ્ય કે નિમિત્ત સે પૈસા આતા હૈ, ઉસકી બુધ્ધિ બળ ને, રાગકે બળસે પૈસા આતા હૈ! (શ્રોતા : નહીં) તો બહોત પૈસાવાળા મહાન હૈ અને બુદ્ધિકા બારદાન હોતા હૈ, બારદાન સમજે? ખોખા, ખાલી ખોખા ને બાકી બુદ્ધિ ન હોય. અબજોપતિ, અને બુદ્ધિના ખાં હોય, મહિને બે હજાર પેદા કરના એ પાણી ઉતરતા હોય, પરસેવા, વો તો પુણ્ય પાપ કી ખાખ હૈ, પૂર્વકા પુણ્ય પાપ હૈ ઐસે સંયોગમેં હોતા હૈ, આત્મા વર્તમાન પુરૂષાર્થ કરે ને કે મેં મેળવ્યું માટે આતા હૈ પૈસા? નવરંગભાઈ. શું હશે? હવે તો છોકરાને સાટુ છે ને? કહો સમજમેં આયા? આહાહા!

ભગવાન એક રજકણ પણ લાના અને છોડના એ આત્માકા અધિકારકી બાત નહિં વો તો જડ હૈ, માટી હૈ, ઐસા, પૈસા એ માટી હૈ, ધૂળ હૈ, એ એ એક અજીવ તત્ત્વ હૈ, યે અજીવસ્વરૂપ હૈ, અજીવસ્વરૂપ જીવસ્વરૂપમેં કૈસે આયા? અને જીવસ્વરૂપ, અજીવ તત્ત્વકો કૈસે મીલા હૈ? આહાહા! હેં? (શ્રોતા : આ તો અનેકાન્ત છે) ક્યા અનેકાન્ત! (શ્રોતા : સૂક્ષ્મ ન લેવાય ને સ્થૂળને પકડાય) એ કહેતો હતો ને એક જણો, ઘણાં વર્ષ પહેલાંની વાત છે.

સુમનભાઈ છે ને એમના લડકા સુમનભાઈ નહિં ત્યાં હૈ ને મુંબઈમાં. એસોમાં હવે તો સરકારે લઈ લીધી. આઠ હજારકા પગાર હૈ માસિક. એમના લડકા મુંબઈ તો પહેલે યહાં મિત્રો થા વો ને ભાઈ કેવા જજ. અમદાવાદમાં જજ છે તે કનુભાઈ. કનુભાઈ જજ છે આપણા અહીંના. અમે મકાનમાં રહેતાં ને પહેલાં હીરાભાઈના મકાન એ એનું મકાન હતું. કનુભાઈ જજ છે અમદાવાદના, એ બધા આહિં જુવાનિયાઓ ટોળી હોય. તે મિત્રો તરીકે (શ્રોતા : મંડળ એક કર્યુ હતું) મંડળ, મંડળ કર્યુ હતું. ઘણાં વર્ષ થયા પણ હો. ૨૫ વર્ષ, ૩૦ વરસ થયા હશે પછી એ મંડળ, એકવાર ત્યાં ગયું આંહિ સુના હૈ પાલીતાણા, તો રામવિજય થા ત્યાં, રામવિજયના ગુરૂ થા ત્યાં. એ લોકો આહિંનું સાંભળ્યુ હોય ને પૂછયું ત્યાં કે મહારાજ. આત્મા પરકા કર શકે? કહે શરીરકા કર શકે નહિ. (શ્રોતા : સૂક્ષ્મકા) સૂક્ષ્મકા કામ કરી શકે. સૂક્ષ્મ પરમાણુકા કામ કરી શકે નહિં ના, સૂક્ષ્મ પરમાણુકા કરી શકે નહિં, સ્થૂળકા કરી શકે. આ જૈનના આચાર્ય! સૂક્ષ્મ હૈ પરમાણું ઝીણા સૂક્ષ્મ જે ઈન્દ્રિય ગ્રાહ્ય નહીં, ઉસકા ન કર શકે. પણ સ્થૂળ હૈ ઉસકા તો કર શકતે હૈ. ઐસા હોતા હૈ? કર સકતે હૈ? ધૂળેય નહિ, સુનતો સહી, ઐસા હોતા હૈ તો પરમાણુ રજકણ

કાયમ રહેકર, ઉસકી અવસ્થા રૂપાતંર હોતી હૈ એ વિશેષ પણે વો પર્યાય, સામાન્ય જો પરમાણુ હૈ ઉસકી અવસ્થા હૈ, આત્મા કર શકે નહિ તો? ... ... સમજમેં આયા? એ જડકી અવસ્થા જડસે હોતી હૈ. ચાહે તો સ્થૂળ હો કે સૂક્ષ્મ હો, જ્યાં ભગવાન આત્માસે ભિન્ન તત્ત્વ હૈ, ભિન્ન તત્ત્વકા ભિન્ન કૈસે કરે? સમજમેં આયા?

આહિં તો કહે સૂક્ષ્મકા નહિં કર શકે. સ્થૂળકા કર શકે. એય રામવિજય ઉસકા. શ્વેતામ્બરમેં આવું દ્રષ્ટિ એ જગતની અરે ઉંધી, નામ ધરાવે આચાર્ય ને સાધુ, આહાહા! એની શ્રદ્ધા કે ઠેકાણાં નહિં. આનું કરી શકે, આમ એય એમ કહેતો'તો ઓલો ભાઈ હતો ને ચીમનલાલ, ચકુ, ચીમન ચકુ હૈ ને વકીલ ત્યાં, મુંબઈમેં. ચીમનલાલ સોલીસીટર. ખબર છે ને અહિંયા મહીનો રહી ગયો. ૯૭ ની સાલ આ મંદિર હુઆ ને. ખડા અહિંયા તો મહિનો રહી ગયો. એ તો એ બાત નિકળતા ને ઉસને ઐસા કહા, કિ જડકા કુછ તો કર શકતે નહિ. કીધું લ્યો આ કીયા. ક્યું નહિં કર શકતે?

ભગવાન ઉસમેં ભૂલ ગયા તું. તો પછી મૈં તો દ્રષ્ટાંત દિયા થા, ઓ વખતે, કે એક કરોડપતિ માણસ થા, કરોડપતિ ગૃહસ્થ, ઉસકો લડકા હુઆ ૬૦ વર્ષે, તો વો લડકા આયા તો રાજાને આવે ને, શું કહેવાય કાંઈ, શું કહેવાય તમારે ઈ (શ્રોતાઃ આનંદ ભેટો) ભેંટ દેવા. કોક આ સારૂ બતાવવા સારા સારા માણસો આવે ને એને ત્યાં, તમારે લડકા થયા તો બહોત અચ્છા હુઆ. ઐસા તો રાજા આયા. ઓહો, બહોત અચ્છા કાંઈ, સાઠ વર્ષે, તમારે પૈસાવાળાને કરોડપતિઓ, પણ આમ દેખનેસે ઉસકો ઐસા હુઆ, રાજાકો, અને સવારમેં આયા વહેલાં, હજુ ચા દૂધ નહિં પીયા થા. એ ચાર દિ'કા બેટા ઉસકા, ઓહો લડકા બહોત કોમળ હૈ, મેરા એક વિચાર શેઠ, ઐસા હુઆ હૈ અત્યારે કટકા કરકે તેલમેં શું ઘીમેં ઓળા કરકે ખાનેકા ભાવ હુઆ હૈ. હેં? વો રાજા કહતે હૈ, ઓલો શેઠ હતો નાસ્તિક પરલોક કે કાંઇ માનતે નહિં. અરે! અરે! રાજા આ ક્યા? કેમ ક્યા કરતે ક્યા? પાપ હોતા હૈ, પાપ કરે તો દુઃખ હોતા હૈ. રાજા કહે. તો હમ તો ખાતે હૈ, તો ક્ષુધા મીટ જાતી હૈ, કહાં સે પાપ આયા તુમ્હારા? ઐસા હૈ! ઓળા કરકે ખાએગા તો ક્ષુધા મિટ જાયેગી, દુઃખ મિટ જાયેગા અને તુમ કહેતે હૈ કે પાપ હૈ? તો પાપ સે દુઃખ મિટે? ઓલો કહે નહિ, નહિ, નહિ, કાંઈ બીજા હો.

એક ક્ષુધા મિટતે હૈ તો ઉસમેં કોઈ ચીજ દુસરી હૈ. ક્ષુધા મિટતી હૈ તો પૂર્વકા પુણ્યકા ઉદય હૈ તો ઉસકે કારણસે ક્ષુધા મિટતી હૈ, વર્તમાનમેં જો પાપકા પરિણામ કિયા ઉસકા ફળ તો તેરે ભવિષ્યમેં ભોગના પડેગા. અત્યારે ભી દુઃખ હૈ ને ભવિષ્યમેં ભી દુઃખ હૈ. ઐસા ત્રિરાશી નહિં કરકે, વર્તમાન પાપ કિયા ને મેરા ક્ષુધા મિટ ગયા માંસ ખાને

ખાને સે, ઐસા હોતા નહીં, ન્યાયકો તુમ સમજતે નહિં, સમજમેં આયા ? એ ક્ષુધા મિટી એ તો પૂર્વકા શાતાકા ઉદય હો, તો માંસ ખાનેકા પચ જાતે હૈ, અને શાતા ઉદય ન હો તો, મોસંબી પાણી નાખો નીકળી જાતે હૈ નીચે, આપણે આ રાજપાલજીને થયુ'તું ને, રાજપાલ ઠાકુર છે નાનકડો, મોસંબી અહીં નાંખી ને મરવાની તૈયારી આંહી નીકળી ગઇ. અહીં મોસંબી નાંખીને, નીકળી ગઇ સરસરાટ. ભગવાન, એ મોસંબી પાણીકા રજકણ આના અને ઉસમેં પચના, ઉસમેં કોઈ પૂર્વકી વેદના શાતા હો તો એ નિમિત્તપણે પચતે હૈ, સમજમેં આયા ?

અને ન પચે એ પૂર્વકા જો અશાતાનો ઉદય હો તો પાણી બી ન પચે, એ તો દાકતરને અનુભવ હોય ને, દાક્તર ? પાણી ન પચે પાણી. આહાહા ! અને આ માંસ પચી જાય ? ભાઈ ! માંસ પચતે હૈ, ઉસમેં શાતા પૂર્વકા શાતાકા ઉદય હૈ તો પચતે હૈ. વર્તમાનમેં જો પાપકા ભાવ હુઆ ઉસસે ક્ષુધા મીટ ગઈ, ઐસા હૈ નહીં, પણ ઐસી ક્રિડા કી દુઃખ મેં ક્યા જાય. ઔર હમણાં ખાય ઔર દુઃખ મીટી જાય. મૂંઢ હૈ. સમજમેં આયા ? ઐસે હાથસે ક્યા કિયા થા ખબર હૈ ઉસમેં. આત્મામેં આમ ક્યા હોતા હૈ ? જડમેં ક્યા હોતા હૈ ? એ તેરે આત્માકી ખબર હૈ અંદર. આત્મા તો જ્ઞાન સ્વરૂપ હૈ. વો તો બહુ કરે તો ઈચ્છા કરે. પણ ઈચ્છા તો અપના અસ્તિત્વમેં રહા અને શરીરકા અસ્તિત્વમેં તો ઐસા હલા તો જડકી અસ્તિત્વમેં ઈચ્છા તો પેઠી નહીં હૈ. ઔર ઈચ્છાએ કૈસે શરીર હલાયા ! અરે આ તો લોજીકથી વાત કરીએ છીએ ઝીણી. યુગલજી, આહાહા ! ભાઈ એમ ઐસા હૈ નહિં, તેરે ખબર નહિં. આહાહા ! સમજમેં આયા ?

આ પાડાઓ કસાઈખાના નહિં કરતે, આ અમેરિકામાં નહિં એક દોઢ માઈલમાં કારખાના હેં. દોઢ માઈલ ઇસમેં કસાઈ. ચાંદીના ખુરશીએ બેસે તો આ પાપ કરતે હૈ. ઉસકા ફળ આ હૈ ? ભાઈ ! તને ખબર નથી. પૂર્વકા કોઈ ઐસા શાતા પુણ્ય બંધા હો, એ સમયમેં તેરે પૈસા ઓ તરફ ફળ મેં આતે હૈ, વર્તમાનમેં તેરે જો માંસ આદિ કતલખાના કરતે હૈ, ઐસા ભાવ, ઐસા સંયોગમેં મૂકેગા, તેરી રાડ નાંખ જાયેગા. હાય, હાય, નરકગતિ આયેગી. સમજમેં આયા ?

એક મનુષ્યકો મારે અને કોરટમેં એને શાક્ષી પડે, કોરટમેં શાક્ષી ન પડે અને બચી જાય વકીલાત આદિથી, કોરટની જુદી વાત છે પણ પડે એને એમ કહ્યું છે, પડે તો એને એક વાર ફાંસી આપે. ઔર એક માણસકો મારકે ફાંસી હૈ અને ઉસને કબુલ કિયા હૈ મૈં હજાર માણસકો માર્યા હૈ. સારા ગામ બાળ દીયા હૈ જબાની આપે ત્યાં મૈં થા તો ઉસકે રાજા ક્યા કરે ? હજાર વાર ફાંસી આપે ? એક મારને કા ફળ ફાંસી, અને હજારને

મારે તોય એક મળે ફાંસી. કુદરત મેં ઐસા નિયમ હૈ? ભગવાન તેરે ખબર નહિં, ઐસા પાંચ, દસ, પચ્ચીસ માણસ કે હજાર માર્યા ઐસા ભાવ, જિતના તે પ્રતિકૂળ પર કો કિયા ઐસા ભાવ ઐસી જહાં પ્રતિકૂળતા હૈ ત્યાં એ જન્મેગા, એ નરક સ્થાન હૈ. લોજીકસે ન્યાય સમજમેં આયા?

ઈ પ્રતિકૂળતા જીસમેં જીતની તે દિયા ઈતની પ્રતિકૂળતા જે સ્થાનમેં હોય ત્યાં એ અવતરેગા. વર્તમાનમેં ભલે ચાંદી અને સોનાની ખુરશીએ બેસે મરી જાય છે ઈ ત્યાં. આહાહા! કુદરતમાં કાંઈ ફેરફાર હોતા (નહિં). આહાહા! સમજમેં આયા? આહિં કહતે હૈ. આહાહા! મેરે મેં તો શરીરા આશ્રિત કોઈ હૈ નહીં. આહાહા! જીવમેં સ્ત્રી, પુરૂષ આદિકા વ્યવહાર કેવળ શરીરકે લીધે હૈ. આ શરીર સ્ત્રીકા, આ શરીર પુરૂષકા, વો તો જડકી બાત હૈ, યે તો જડકા કથન હૈ, યે કંઈ આત્માકી ચીજ હૈ? (નહિં). આહાહા! ઉસકા અસ્તિત્વ, જડકા અસ્તિત્વ, સત્તા, જડમેં હૈ. આત્માકા અસ્તિત્વ આત્મામેં હૈ. આત્માકા અસ્તિત્વમેં, જડકા અસ્તિત્વ હૈ? (નહિં) અને જડકા અસ્તિત્વમેં આત્માકા અસ્તિત્વ (નહિં હૈ) ચોખ્ખી બાત હૈ, આહાહા! સમજમેં આયા?

મ્યાન અને તરવાર ભિન્ન હૈ. મ્યાન અને તરવાર (ભિન્ન હૈ) મ્યાન, આ મ્યાન હૈ, આત્મા તરવાર હૈ વો બેય ભિન્ન હૈ તો આત્માકા શરીર હૈ? તો સ્ત્રી પુરૂષ હૈ? ઐસા હૈ? (નહીં). આહાહા! આ વ્યવહાર, બહુવચનનો વ્યવહાર પણ. બે આદિ એક ત્રણ વચન, આનો વ્યવહાર પણ આમ શરીર આશ્રિત છે. લિંગનો પણ શરીર આશ્રિત હૈ. એક, દો, તીન, ચાર એ પણ ભાષા બોલના અને વિકલ્પ ઉઠાના ઓ બી શરીર આશ્રિત પરઆશ્રિત. જ્યારે શરીર મેરા રૂપ જ નહિં, તો મેરા શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ હૈ.

ધર્માત્મા અપના ચૈતન સ્વરૂપ, શુદ્ધ પવિત્ર ઐસા મૈ હું. ઐસા નિર્વિકલ્પ હું. મૈં ભેદ, વિકલ્પ, રાગકા ભેદ ભી, મૈં મેરે મેં નહિં, મૈં તો અભેદ, અખંડાનંદ પ્રભુ, આહાહા! પૂરણ આનંદને, પૂરણ જ્ઞાન વસ્તુ, વસ્તુમેં અપૂર્ણતા કહાં? વસ્તુમેં વિપરીતતા કહાં? વસ્તુ જો આત્મા ભગવાન હૈ, યે પરીપૂર્ણ જ્ઞાન આનંદ સે ભરા હૈ. આહાહા! કેમ બેસે? કોઈ દિ' ખબર ન મળે. સમજમેં આયા? મૈં તો શરીર. મેરા રૂપ જ નહીં તો, મેરા સ્વરૂપ તો નિર્વિકલ્પ, તો મેરે મેં લિંગ ભેદ સ્ત્રી, પુરૂષ, નપુંસક એવા ભેદ મેરે મેં હૈ નહિં. એક, દો, તીન, ઐસા વિકારી વિકલ્પ ભી મેરે મેં નહિં, ઘટી શકે નહિં, આ સ્ત્રી આદિ ધર્મો તો કર્મોપાધિ દેહનાં સ્વરૂપ હૈ. જડનું સ્વરૂપ છે. આહાહા! મેરા સ્વરૂપ નથી. મેરા ચૈતન સ્વરૂપતો પર સે, સબસે ભિન્ન હૈ, બધાથી પર હૈ.

## વિશેષ

સાધારણ આ તો ગુજરાતી ભાષા લીયા હૈ હોં આત્મા શુદ્ધ આનંદ સ્વભાવી હૈ, વસ્તુ હૈ યે દુઃખરૂપ હોતી નહિં, દુઃખ તો વિકૃત હૈ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપકા વિકલ્પ જે હૈ યે દુઃખરૂપ હૈ, તો વસ્તુ દુઃખરૂપ હોઈ શકે જ નહિં. વસ્તુ હૈ એ તો આનંદ અને સુખરૂપ હી હૈ. પણ ઓ મેરા માન્યા પરકો તો દુઃખરૂપ દશા, વિકૃત અવસ્થા ઉત્પન્ન હોતી હૈ, તો એ અવસ્થા મેરે મેં નહિં. એય મૈં તો શુદ્ધ આનંદ સ્વભાવી હું. આહાહા! મૈં હું જો આત્મા હું, મૈં ઐસા જો અવાજ આતા હૈ વિકલ્પકા ઉસકે પીછે જો મૈં વસ્તુ આહાહા! એ તો શુદ્ધ આનંદ સ્વભાવી હૈ, આહાહા! સમજમેં આયા?

અતીન્દ્રિય આનંદ સ્વભાવી વસ્તુ હૈ. એક હૈ એવા રાગમિશ્રિત વિચાર પણ સ્વભાવમેં નહીં, ગુણ ગુણી તરીકે બે હૈ, એ પણ મૈં નહીં, મૈં તો એક હું, આહાહા! આનંદ ને જ્ઞાન ગુણ ઔર મૈં ઉસકા ધરનેવાલા ગુણી ઐસા ભેદ મેરેમેં નહીં. સમજમેં આયા? એવો ભેદ સ્વરૂપમાં નહીં. આહાહા! કાંઈ વિકલ્પ નહિં, શરીર નહિં, વાણી નહિં, લિંગ નહિં. પીછે કહેતે હૈં કિ રાગમિશ્રિત વિચાર પણ મેરા સ્વભાવમેં નહિં. ગુણ ગુણી તરીકે બે છે. ગુણ - જ્ઞાન, દર્શન અને વસ્તુ ગુણી - જ્ઞાનદર્શનવાન. એમ સક્કર - ગળપણ અને સફેદાઈ ગુણ અને ગુણવાળા સક્કર ગુણી ઐસા ભેદ મેરેમેં નહીં. મૈં જ્ઞાન દર્શન ઔર જ્ઞાન દર્શનકા ધરનેવાલા મૈં ઐસા ભેદ નહિં. મૈં તો જ્ઞાન ને દર્શન સ્વરૂપી હું. આહાહા! ભારે વાતું ભાઈ. સમજમેં આયા? બે છે ને, જ્ઞાન દર્શનના ઉપયોગ બે છે ઐસા ભેદ પણ સ્વરૂપમાં નહિં, આહાહા! એકરૂપ ચૈતન હૈ વસ્તુ. વીતરાગ સ્વરૂપે બિરાજમાન, શુદ્ધ નિર્વિકલ્પ અભેદ ચીજ આત્મા, ઉસમેં ઓ ચીજ હૈં નહીં. આત્મા કા શુદ્ધ સ્વરૂપ અભેદ, અનંત જ્ઞાન, દર્શન આદિ શક્તિ ગુણ અને ઓ ગુણકા ધરનેવાલા આત્મા, આત્મા આધેય, આત્મા આધાર, અને જ્ઞાન દર્શન આધેય, ઐસા ભેદ ભી નહી. આહાહા! સમજમેં આયા કી નહીં? ભાષા તો સાદી હૈ, ભાવ ભલે ઝીણા હો. ભાષા મેં તો ઐસી કોઈ હૈ. હેં? સંસ્કૃત કે વ્યાકરણ કે ઐસા કુછ હૈ નહિં. અહીં તો સાદી ભાષા હૈ. આહાહા!

ક્યા કહતે હૈ ફરીને. કે મૈં જો આત્મા હું, ઓ શરીરસે તો ભિન્ન, વાણીસે ભિન્ન, લિંગ સે ભિન્ન, વિકલ્પ વાણી એક, દો, તીન બોલ મેં ઐસે, ઐસે, ભિન્ન, પણ મેરે મેં રાગરૂપ સહજ વિચાર હોતા હૈ ઉસસે ભી મૈ ભિન્ન. ઉસમેં મેરા નહિં દુસરા ઔર મૈ ગુણી ને ગુણ ઐસા દો ભેદ ભી ઉસમેં નહિં. સક્કર ગળપણને સફેદસે ભરા હુયા પદાર્થ હૈ વળી સક્કર આધાર અને સક્કર ગળપણ ને સફેદાઈ આધેય ઐસા ભેદ હૈ (નહીં). આહાહા!

મારગ બાપા આવો છે. એને સુખના પંથના રસ્તા બહુ આકરા છે. આ તો દુ:ખના પંથડા લઈને પડયા છે માળા. આ વ્રત ને તપને ભક્તિ ને પૂજા એ બધા દુ:ખના પંથ છે. શુભ રાગ હૈ ને? આતા હૈ. જબ લગ વીતરાગ ન હો તબ લગ જ્ઞાની કો ભી ઐસા ભાવ આતા હૈ. પણ હૈ તો દુ:ખરૂપ. આહાહા! ભારે મારગ પ્રભુ. તારી ચીજ કોઈ અલૌકિક હૈ.

કહતે હૈ કે યે ભેદ મેરે મેં નહીં, મૈં તો શુદ્ધ અભેદ આત્મા હું, શુદ્ધ ચૈતનઘન મેરા અસ્તિત્વ, મેરા હોવાપણામેં ભેદ નહિં. અભેદ ચિદાનંદસ્વરૂપ મૈ હું આહા. ગુણ ગુણીકા ભેદ વિના, ઉસમેં લિંગ ભેદ, વચન ભેદ, વિકલ્પ ભેદ આદિ કોઈ નહીં. આચાર્યનું લક્ષ અભેદ અખંડ આત્માના સ્વરૂપ ઉપર છે. હું કહતે હૈ ને? હું ઐસા હું. ભગવાન અભેદ હૈ. એક આત્મા અભેદ હોં, સબ આત્મા હોકર નહિં. એક આત્મા અભેદ હૈ. આહાહા! રાગ નહિં સ્વરૂપમેં, શરીર, વાણી, મન નહિં, રાગમિશ્રિત વિચાર નહિં, પણ ગુણ - ગુણીકા ભેદ સ્વરૂપમેં નહિં. વિકલ્પ ઉઠાતે હે, વિકલ્પ સે, તો ઐસા અભેદ મેં અખંડ આત્માના સ્વરૂપ પર દ્રષ્ટિ હૈ ધરમી કી. આચાર્ય અપના કહેતે હૈ ને મૈ ઐસા હું. સમજમેં આયા?

કહતે હૈ તબ તો વિકલ્પ હૈ, રતિ હૈ, બોલતે હૈ તો વિકલ્પ હૈ યે તો. પણ મૈં એ નહિં. આહાહા! મૈં તો અખંડ અભેદ ચિદાનંદસ્વરૂપ, સત્ - ચિદાનંદ, સત્ - શાશ્વત, જ્ઞાન અને આનંદસ્વરૂપ, આનંદ અને જ્ઞાનવાળા નહિં. મૈં સ્વરૂપ, મૈં આત્મા જ્ઞાનને આનંદ વાળા તો ભેદ હો ગયા. મૈ તો જ્ઞાન અને આનંદસ્વરૂપી હું. આહાહા! ભારે વાત ભાઈ. સમજાય ને, બાળક ને સમજાય, એવી વાત છે હોં, બાળક તો શરીર છે. આત્મા ક્યાં બાળક હૈ? આહાહા! કેમ? આહાહા! નરમ માણસ છે. બહુ રૂચીવાળો છે છોકરો. કલકત્તામેં ભાષણ આપે, તીન ચાર મંડળ ભેગા કરકે, મંડળ સારા. ભાઈ તમે વાંચો. વ્યાખ્યાન વાંચે ત્યાં, સત્તર વર્ષે. અત્યારે દાદા હારે આવ્યો. પાસે દસ લાખ પ્રોપર્ટી, હુંડીકા ધંધા હૈ ઉસકા કલકત્તામેં, દસ લાખ પ્રોપર્ટી બચ્ચા નહિં કરે ધંધા બચદચા કહતે હૈ કે યે મેરા લગન કરના નહિં હો. મૈ ધંધા નહિં કરૂંગા. કહેતો'તો હૂંડીકા ધંધા ઉસકા પિતાજીકા. પૈસા ઉધાર દે. આહાહા! દેખો કહે, ઈતના તો વૈરાગ્ય ઉસકો દાદા ને સબને અનુમોદન દેના પડેગા. ઐસે પૂછના નહિં તેરે કિ ક્યા કરેગા તું ધંધા? મૈં પહેલા ભાઈકો પૂછયું'તું ક્યાં ગયો? આ રહ્યો, આંહિ છે, તારો ભાઈ છે ને આ અશ્વિન આજ આવ્યો'તો હારે, મોટરમાં આવ્યો'તો ત્યાં. અહિંયા આ, તે દિ' કહ્યું તું. અમે ભાઈને આપશું પૈસા. ભાઈ નિવૃત્તી લે, અહિંયા. નાનો ભાઈ આ ૧૭ વર્ષનો, તે ૧૫ વર્ષનો બે

છોકરાં છે. ત્રણ ભાઈઓ છે. એનો બાપ, કાકા, એના દાદા, અહીં રહે, સોસાયટીના બે બ્લોક છે, એને મેં કીધું આ જો ભાઈને કીધું. અનુમોદન લેવું. આ હારે આવ્યો તો ને? મોટરમાં .. .. .. .. .. ની મોટર જાય છે ને? આહાહા નિવૃત્તી લેવી, ભાઈ તમારેય નિવૃત્તી લેવી પડશે, દુઃખી છો સુખી શું? ઐસા નહિં કી આ ધંધા ન કરે તો બોજા હુઆ. બોજા નહિ, પુણ્ય પ્રમાણે મિલેગા ધંધા ન કરે ઉસસે ક્યા હોતા હૈ? ઉસકી નિવૃત્તિ લેતે હૈ એ તો બડા અચ્છા કામ હૈ. સમજમેં આયા?

ના પાડતે હૈ દેખો લગન નહિ, મેરે પરણના નહિ, વૈરાગ્ય, સત્તર વર્ષે, ભાદરવામાં બેઠું, એને સત્તરમું વર્ષ હો ઉસકો તો કન્યા તો બહોત લાખોપતિ મિલે, ઘરસે. નહિં. આત્મા હૈ બાપુ, ઈતના વૈરાગ્ય મેં અપના કરના યે તો આ મનુષ્ય દેહ નહિં કરે તો કે દિ' કરેગા. બાપુ! આહાહા! આંખો મિંચાઈ ને ક્યાંય ચાલ્યા જશે. ક્યાં અવતાર મિથ્યાશ્રધ્ધા, વિપરીત માન્યતામેં રહનેવાલા કહાં, યે તરણા વંટોળિયા મેં તિનકા ઉઠતે હૈ કહાં જઈને પડેગા? ઐસે જીસકી તત્ત્વદ્રષ્ટિકા ભાન નહિં, વિપરીત માન્યતા મેં પડા હૈ, એ વંટોળિયાની પેઠે, વંટોળિયા સમજતે હૈ? (શ્રોતા : બબુલા) બબુલા કહતે હૈ ને આ ઉડતે હૈ, તિનકા ઉડતે હૈ, કહાં જઈને પડેગા? આહાહા! ઐસે જિસકો આત્મા ક્યા ચીજ હૈ. આત્માકી સત્તા દ્રષ્ટિમેં આયા નહિં, યે મૈં હું ઐસા આયા નહિં, આ મૈ હું ઐસા આયા, રાગાદિ તો રાગ મેં રૂલેગા, ચાર ગતિમેં જનમ કરેગા, આહાહા! સમજમેં આયા? આહાહા! ઐસી બાત હૈ ભગવાન.

તેમાં લિંગ, ભેદ, વચન નહિં, આચાર્ય અખંડ આત્માકા સ્વરૂપ ઉસકે તેથી ઉસમેં કહ્યા કે શાસ્ત્રમેં, આત્મામેં સ્ત્રી, પુરુષ ને નપુંસક આદિ અવસ્થાઓ નથી. એ દશાઓ નથી. ગુણોના ભેદરૂપ અને કારકોના ભેદરૂપ કલ્પના નથી એ વધારે નાંખ્યું. એટલે ક્યા કહતે હૈ? મૈં આત્મા, ઓલા અંદર આવ્યું ને ભાઈ? આત્મા ને આત્મા વડે. શબ્દ આવ્યો છે ને પાઠમાં. પાઠમાં આવ્યા છે ને? अनुभवे हमात्मनैवात्मनात्मनि ત્રણ બોલ આવ્યા ને? એટલે કહેતે હૈ કે એ આત્મા સ્વરૂપ મૂળ પાઠમેં આયા હૈ, સંસ્કૃત છે ને?

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्यर्थतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह -

**येनात्मनाऽनुभयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सो हं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः ।। २३ ।।**

આ તો મંત્ર હૈ ભૈયા. કહેતે હૈ, કે મૈં આત્મા, આત્માસે, આત્મા દ્વારા, આત્મામેં, આત્માકા આધાર સે, આત્માકા અપાદાનસે, અને કરકે, કામ કરકે મૈં રખતા

હું ઐસા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન અપાદાન ને અધિકરણ એ છ બોલ કા ભેદ મેરેમેં નહિં. એ આતે હૈ ને પાઠ મેં હૈ તો આયા ઐસા. ૭૩ ગાથા હૈ ને સમયસાર ૭૩ ગાથા. આત્મા, આત્મા જ્ઞાનકી પર્યાયકા કર્તા, વો પર્યાય ઉસકા કાર્ય, નિર્મળ હોં, રાગાદિ નહીં. મૈં શુદ્ધ ભગવાન આત્મા ઐસા અનુભવ હોતે, જો નિર્મળ પર્યાય, ધર્મ કી શાંતિ કી હુઈ, ઓ મૈં કર્તા, યે મેરા કાર્ય, કર્તા કર્મ, યે ઈસકા મૈં સાધન, ઉસકા મૈં યે કર, કર, મેરે મેં રખા, ઉસસે હુઆ, ઉસકે આધાર સે હુઆ, ઐસા સબ ભેદ મેરે મેં નહિં. આહાહા! ઝીણું છે ભાઈ. આ કંઈ ધરમ એવો સાધારણ બાળ ગોપાળ કરી નાંખે, એવી ચીજ નથી આ. આહાહા! હેં? આહાહા!

ઓલો પાઠ છે ને ત્રણ બોલ, એટલે ભાઈ, એણે કારક નાંખ્યા એમાં, ૩ બોલ છે ખરા ને? અંદર એમ કીધું ને કે આત્મસ્વરૂપ ને મારા આત્મામાં પોતે જ, મારા આત્મ સ્વરૂપને મારા આત્મામાં, ઐસા કારક આવ્યા ને તીન? તો કહે, ઈતના કારક કા ભેદ ભી મેરી ચીજમેં નહિં, આહાહા! આત્મામાં, આત્માકો, આત્મા. અનુભવતા હું (પોતાને) આહાહા! ભારે વાતું બાપા.

ચૈતન જ્ઞાનાનંદ સ્વભાવ અને જિસકા સ્વભાવ હૈ, વો તો પરિપૂર્ણ હી હોતા હૈ, અને સ્વભાવ હૈ, વો તો શુદ્ધ હી પવિત્ર હી હોતા હૈ, તો એ પવિત્ર કા સ્વભાવ મેં સાધન કરનેવાલા ઔર સાધન મેં કિયા, સાધન કરકે મૈં રખા, સાધનથી મૈં બનાયા સાધન, અપને સે સાધન બનાયા ઔર અપને આધાર સે સાધન મૈં કિયા, ઐસા છ ભેદ વસ્તુકી અનુભૂતિ સે ભિન્ન હૈ. કહાં પહુંચના, કહાં જાના, આહાહા! સમજમેં આયા? મૈં કર્તા, મૈં કેલિ કૈસી, કવિઓ કરો, કહે જો ઐસી, એ ભાવ મુજ મેં હૈ નહિં, આનો હું કર્તા, ને મૈં આ કિયા ને એ. આહાહા! એ તો આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપકા અસ્તિત્વ, ઉસકા જ્ઞાનને આનંદ કી હૈયાતિવંત ઉસને આ ઐસા ને આ ઐસા કિયા, ઐસા ભેદ ઉસમેં નહીં, યે સમ્યગ્દર્શનકા વિષય ઐસા અભેદ હૈ. આહાહા! યુગલજી...

સમ્યગ્દર્શનકા વિષય યે હૈ, અભેદ. છ કારકો ભી નહીં, આહાહા! તો આ વળી વ્યવહારસે હોતા હૈ કે દયા, દાન ને વ્રત કરો તો આત્મા પ્રાપ્ત હોતા હૈ. ધૂળમેં ય નહીં હોતા, ધૂળ નામ સારા પુણ્ય ભી નહિં બંધેગા. સમજમેં આયા? આહાહા! કહેતે હૈ કે કારકોના ભેદ, કારકોના ભેદરૂપ કલ્પના નથી. કલ્પના નહિં, મૈ આત્મા, સ્વરૂપકા કર્તા, ઔર સ્વરૂપ મેરા કાર્ય, સ્વરૂપ કા સાધન મૈં, સ્વરૂપ મેં ક્રિયા કો રખા, સ્વરૂપ મેં સે સ્વરૂપ હુઆ, ઔર સ્વરૂપ કે આધાર સે સ્વરૂપ હુઆ, ઐસા ષટ્કારક આતે હૈ, ચોથી, પાંચમી ચોપડીમેં, ષટકારક આતે હૈ, વ્યાકરણમેં આતા હૈ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન,

અપાદાન, અધિકરણ. આહાહા ! મૈં અંતરાત્મા પરમાત્મા હોને કી તૈયારી વાલા, પૂર્ણ સ્વરૂપ પરમાત્મા હો જાયેગા વેદનમેં, અંતર આત્મા સાધક પણે, સાધ્ય પરમાત્મા પૂરણ દશા હૈ, પૂર્ણદશા હો જાયેગી પોતાની, બીજ ઉગી હૈ તો પૂનમ હોગી, હોગી ને હોગી. ચંદ્રમેં. એમ સમ્યગ્દર્શનરૂપી બીજ અભેદ મૈં આત્મા ઐસા અનુભવ હુઆ, બીજ ઉગી તો એ પરમાત્મા કહો, પૂનમ મેં સોળ, સોળ કળા કહતે હૈ ને ? પૂનમ મેં સોળ કળા કહેતે હૈ, સમજમેં આયા ?

અમાસ હૈ ન આજ અમાસ હૈ, તો આજ ભી પૂરી, એક, એક કળા તો ખીલી હૈ. (શ્રોતા : એક પર્યાય) એ તો કાયમ હૈ. આ અમાસ છે ને આજ, અર્ધમાસ કહેતે હૈ, તમારે હિસાબે આ અર્ધમાસ હુઆ. પોષકા અર્ધા માસ પૂરા હુઆ ને પોષકા પક્ષ દુસરા પક્ષ કલ બેસેગા. હિન્દુસ્તાન મેં શાસ્ત્રમેં ઐસા લિખા હૈ ચાલતી ભાષામેં સુદ પહલે હૈ ઐસા તો નહિં ક્યું કી અમાસ હૈ આ, અમાસ અર્ધમાસ હૈ. પુરણ માસ, પુરણ માસ હૈ લોજીક. આ તો લોજીક સે, ન્યાય સે, આહાહા ! સમજમેં આયા ? આ પોષમાસકા, અર્ધ માસ હુઆ, અત્યારે આહિં, આપણે આહિં, લૌકિકમાં, માગશર વદ અમાસ કહેતે હૈ. હેં ? (શ્રોતા : માગશર પુરા) માગસર પૂરા હો ગયા. માગસર, આ તો પોષકા અર્ધ માસ હૈ. ઔર એકમ હૈ તો પૂનમ હોગી પોષકી તો પોષ મહિના પૂરા હોગા. એ તો પોષ વદ એકમ હૈ તો મહાવદ એકમ હૈ. સિદ્ધાંતકી ચીજ ઐસી. તો કહતે હૈં કે અમાસ હો તો પણ એક કળા તો ખીલતી રહેતી હૈ. આત્મામેં તો ત્યાં ભી ખીલતી રહેતી હૈ. અને નિગોદમેં જાય આત્મા તો ભી એક અક્ષર કા અનંતમાં ભાગ કી કળા તો ત્યાં ભી ખીલી હૈ. ઝીણી વાત છે થોડી. બટાટા શક્કરકંદમેં જીવ હૈ ત્યાં જાતા હૈ તો ઉસકી પર્યાય ઘણી હીણી હો જાતી હૈ. તો ભી એક પર્યાય અક્ષર કે અનંત મેં ભાગ ખુલ્લી તો રહતી હૈ. આહાહા ! અને એ સોળ કળા ખીલેગી મેરી. મેરે અંતર આત્મામેં ધ્યાન મેં કરતે કરતે પરમાત્મા મૈં હો જાઉંગા. દુસરા કોઈ સાધન હૈ (નહિં).

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૩૪

## શ્લોક – ૨૪ અને ૨૫

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૩.૦૧.૭૫

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्यर्थतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह -

**येनात्मनाऽनुभयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सो हं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः ।। २३ ।।**

જે રૂપે હું અનુભવું, નિજ નિજથી નિજમાંહી;
તે હું નર - સ્ત્રી - ઈતર નહિ, એક બહુદ્વિક નાહિ ।। ૨૩ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

સમાધિતંત્ર - ૨૩ની છેલ્લી લીટી. આત્માનું ધ્યાન કે અનુભવ કેમ થાય છે એમ કહે છે. અખંડ આત્મા અભેદ જેમાં સ્ત્રી, પુરુષ, નપુંસક તો નથી, જેમાં એક, બે, ત્રણ સંખ્યાય નથી, તેમ જેમાં ષટ્કારકના ભેદ પણ નથી. આહાહા ! આત્મા કર્તા અને આત્માનું કાર્ય ને આત્મા સાધન ને એવા જે ભેદ, દ્રષ્ટિના વિષયમાં આત્મામાં એ ભેદ નથી. આત્માનો

અનુભવ થતાં એ ભેદ દ્રષ્ટિમાં રહેતો નથી, આકરી વાત છે. હવે આંહી બધું બહારથી માનવું, વહેવારથી થાશે. આવી સમજણથી જ્ઞાની ભેદ - વિજ્ઞાન કરી પરથી જુદાપણુ કરી, સ્ત્રી, પુરુષ, નપુંસકના શરીરથી અને એની વાસના એનાથી ભિન્ન કરી અને કારકોના કર્તા કર્મ આદિના ભેદનું લક્ષ છોડી દઈ આત્મસ્વરૂપમાં એકાગ્ર થવાની નિરંતર ભાવના ભાવે છે. આહાહા! આમાં કાંઈ વહેવાર કરતાં આ થાય, અનુભવ, ભેદ પાડતાં પણ ન થાય, વસ્તુ તો એવી છે. આહાહા! અખંડ ચૈતન્ય મૂર્તિ અભેદ એમાં ભેદનો પણ જ્યાં આશ્રય નથી. ભેદનું જ્યાં લક્ષ નથી એવો ચૈતન્ય અભેદ એની અનુભવદ્રષ્ટિ થતાં વિકાર ને ભેદપણું નાશ પામી જાય છે એમ કહે છે અહીં. આહાહા! (એ ૨૩ થઈ)

૨૪ : જે આત્માથી તું અનુભવમાં આવે છે, જે આત્માથી નિર્મળ અભેદ દ્વારા અનુભવમાં આવે છે તે કેવો છે તે કહે છે.

येनात्मना त्वमनुभूयसे स कीदृशः इत्याह -

**यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।**
**अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमरस्म्यहम् ।। २४ ।।**

નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રામુક્ત,
તે નિજવેધ, અતીન્દ્રિ ને અવાચ્ય[1] છે મુજ રૂપ. ૨૪.

**टीका** : यस्य शुद्धस्य स्वसंवेधस्य रूपस्य । अभावे अनुपलम्भे । सुषुप्तो यथावत्पदार्थपरिज्ञानाभावलक्षणनिद्रया गाढाक्रान्तः । यद् भावे यस्य तत्स्वरूपस्य भावे उपलम्भे । पुनर्व्युत्थितः विशेषेणोत्थितो जागरितोऽहं यथावत्स्वरूपपरिच्छित्तिपरिणत इत्यर्थः । किं विशिष्टं तत्स्वरूपं ? अतीन्द्रियं इन्द्रियैरजन्यमग्राह्यं च । अनिर्देश्यं शब्दविकल्पागोचरत्वादिदंतयाऽनिदन्तया वा निर्देष्टुमशक्यम् । तदेवंविधं स्वरूपं कुतः सिद्धमित्याह-तत्स्वसंवेधं तदुक्तप्रकारंस्वरूपं स्वसंवेध स्वसंवेदनग्राह्यं अहमस्मीति ।। २४ ।।

જે આત્માથી તું અનુભવમાં આવે છે તે કેવો છે તે કહે છે :-

**અન્વયાર્થ** : (**यत् अभावे**) જેના - શુદ્ધાત્મસ્વરૂપના - અભાવે (**अहं**) હું (**सुषुप्तः**) સુતો પડી રહ્યો હતો - અજ્ઞાન અવસ્થામાં હતો (**पुनः**) વળી (**यत् भावे**) જેના - શુદ્ધાત્મસ્વરૂપના - સદ્‌ભાવમાં હું (**व्युत्थितः**) જાગી ગયો - યથાવત્ વસ્તુસ્વરૂપને જાણવા લાગ્યો, (**तत्**) તે - શુદ્ધાત્મસ્વરૂપ (**अतीन्द्रियम्**) ઇન્દ્રિયોદ્વારા અગ્રાહ્ય (**अनिर्देश्यम्**) વચનોથી અગોચર (વચનોથી ન કહી શકાય તેવું) અને (**स्वसंवेधम्**) સ્વાનુભવગમ્ય છે; તે (**अहं अस्मि**) હું છું.

**ટીકાઃ** જે શુદ્ધ સ્વસંવેધ્નરૂપના અભાવે એટલે તેની અનુપલબ્ધિમાં - અપ્રાપ્તિમાં હું સૂતો

૧. અવાચ્ય - ન કહી શકાય તેવું

હતો - અર્થાત્ યથાવત્ પદાર્થ - પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ છે એવી નિદ્રામાં હું ગાઢ ઘેરાયેલો હતો (લપેટાયેલો હતો) અને જેના સદ્ભાવમાં અર્થાત્ જેના તત્સ્વરૂપના સદ્ભાવમાં - પ્રાપ્તિમાં (જે સ્વરૂપનો અનુભવ થતાં) હું જાગ્યો - વિશેષપણે જાગૃત થયો, અર્થાત્ યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે હું પરિણમ્યો - એવો અર્થ છે.

તત્સ્વરૂપ કેવા પ્રકારનું છે ? તે અતીન્દ્રિય છે અર્થાત્ ઇન્દ્રિયજન્ય નથી, ઇન્દ્રિયગ્રાહ્ય નથી અને વચન - અગોચર અર્થાત્ શબ્દ વિકલ્પોથી અગોચર હોવાથી (શબ્દોદ્વારા કહેવામાં નહિં આવતું હોવાથી) આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી. તો એવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી સિદ્ધ થાય તે કહે છે - તે સ્વસંવેદ્ય સ્વરૂપ અર્થાત્ તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું છું.

**ભાવાર્થ** : જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય, વચન - અગોચર અને સ્વાનુભવગમ્ય છે તે હું છું - એવું જ્યાંસુધી જીવને જ્ઞાન ન હતું ત્યાં સુધી તે અજ્ઞાન - નિદ્રામાં સૂતો હતો, પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો અર્થાત્ તેના પરિજ્ઞાનરૂપે પરિણમ્યો.

જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે તે જ જાગે છે અને જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ નથી તે ઊંઘે છે. જ્યારથી તે ચિદાનંદ-સ્વરૂપને સ્વસંવેદન દ્વારા અનુભવે છે, ત્યારથી તે સદાય જાગૃત જ છે એમ સમજવું. ૨૪

---

**ટીકા** : જે શુદ્ધ સ્વસંવેધ્નરૂપના અભાવે આનંદ સ્વરૂપ એને સ્વનામ પોતાથી સં નામ પરનો આશ્રય છોડી અને સ્વના આશ્રયે પ્રત્યક્ષ વેદન થાય તેના અભાવે. આહાહા ! એટલે તેની અનુપલબ્ધિ માં શુદ્ધ સ્વરૂપ ચૈતન્યની સમ્યગ્દર્શનમાં અપ્રાપ્તિ. સમ્યગ્દર્શન વડે સ્વરૂપની અપ્રાપ્તિ એ વખતે અપ્રાપ્તિમાં હું કેવો હતો ? યથાવત્ પદાર્થ - પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ. વાસ્તવિક આત્મા, વસ્તુ સ્વરૂપે જે રીતે શુદ્ધ અને અભેદ છે એનું જ્ઞાન નહોતું અને એ શુદ્ધને સ્વભાવની પ્રાપ્તિ નહોતી ત્યારે હું કેવો હતો ? પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ એવી નિંદ્રામાં હું ગાઢ ઘેરાયેલો હતો. આહાહા ! એ શુભાદિ વિકલ્પોના ઘેરાવામાં હું હતો. આહાહા ! એ શુભ વિકલ્પ જે છે એમાં હું લપટાયેલો હતો, લપેટાયેલો હતો. આ તો ઠેઠની વાત છે ભાઇ મૂળ. સમ્યગ્દર્શનમાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિના અભાવે હું વસ્તુના પરિજ્ઞાન વિનાનો નિંદ્રામાં સૂતો એવો હતો. આહાહા !

કહો ચાહે તો ૧૧ અંગનું જ્ઞાન કર્યું હોય ને, ચાહે તો શુક્લલેશ્યા ૯મી ગ્રૈવેયક જવાની થઈ હોય. આહાહા! પણ પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ એનો ભાનનો જ્યાં અભાવ હતો ત્યારે હું તો નિંદ્રામાં સૂતો હતો. આ બધા ધંધા બંધા કરે ત્યાં સૂતો તો એમ કહે છે. ઘોર નિંદ્રા, ધંધા કરતો નથી પણ ધંધાના વિકલ્પમાં ઘેરાઈ ગયેલો છે. ત્યારે હું સૂતો હતો નિંદ્રામાં, મારી ચીજ શું છે એનું મને ભાન નહોતું. આહાહા! અને જેના સદ્‌ભાવમાં વસ્તુસ્વરૂપ ચૈતન્ય નિર્વિકલ્પ અભેદ એનો અનુભવ થતાં સમ્યગ્દર્શનમાં અભેદની પ્રાપ્તિ થતાં જેના તત્‌સ્વરૂપનાં સદ્‌ભાવમાં જેવું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય નિર્મળ પવિત્ર આનંદ છે એની પ્રાપ્તિમાં એ સ્વરૂપનો અનુભવ થતાં આંહી તો એક ને એક બે વાત છે. આહાહા! (ટંકોત્કીર્ણ વાત). ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિમાં હો, પણ હું એમાં ઘેરાયેલો હતો. મારી ચીજનું જ્ઞાન નહોતું મને એમ કહે છે. જાગ્યો, હું ચૈતન્ય સ્વભાવ મારી હૈયાતિ પરમ પવિત્ર એવું ભાન થતાં હું જાગ્યો. વિશેષપણે જાગૃત થયો. વ્યુત્થિતઃ છે ને? વ્યુત્થિતઃ છે ને? વિ ઉથિત. વિ એમાં કાઢી વિ ઉથિત વિશેષ.

શાસ્ત્રના જાણવામાં પણ જાણે હું જાગ્યો હતો એમ માન્યું હતું એમ કહે છે. આહાહા! પણ ચૈતન્ય સ્વરૂપનું સ્વસંવેધ્ન થતાં હું જાગ્યો. આહાહા! હું તો પરમ પવિત્ર આનંદનો નાથ છું એમ મારી દશા જાગૃત થઈ. આહાહા! સમજાણું કાંઈ? યથાવત્ સ્વરૂપનાં પરિજ્ઞાન સ્વરૂપે જેવું આત્માનું નિર્વિકલ્પ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એવું પરિજ્ઞાન સ્વરૂપે હું પરિણમ્યો. આહાહા! એની શ્રદ્ધા એટલે કે એના શુદ્ધસ્વરૂપે પરિણમવું. જેવું શુદ્ધસ્વરૂપ છે એ રૂપે પરિણમવું, થવું એનું નામ જાગૃત અને સ્વરૂપની સ્થિરતા અને એનું નામ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા! અને ગોવિંદભાઈને કોઈ મળ્યા હશે, ગંગાધામ નો સાધુ અમને તો ઉંઘમાંય ૬ઠ્ઠુ ૭મું આવે કહે. કો કોને કહેવું ૬ઠ્ઠું ૭મું હેં? અમારે તો ૬ઠ્ઠુ ૭મું આવે. કહે ૬ઠ્ઠુ મુનિને જ ૬ઠ્ઠુ ૭મું ગુણસ્થાન હોય. સુવે પાંચ પાંચ છ છ કલાક, ઉંઘમાંય ૬ઠ્ઠુ ૭મું કો હવે આ શું કહે છે? જબલપુરમાં ગયા હશે ને? કોક ઓહો! અરે ઊંઘમાં સાચો અનુભવ હોય તોય ઊંઘ વખતે તો ૬ઠ્ઠું જ હોય. જાગૃત હોય ત્યારે અને ઊંઘની દશા મુનિ ને તો સવારમાં આવ્યું નહોતું? પીછલી રયણીએ પાછલી રાત્રિમાં થોડું એક કરવટે આમ હોય તો એક પડખે ઈ ઠીક કહ્યું. એક પડખે કરવટે એટલે એક પડખે થોડી વાર નિંદર આવી જાય. આહાહા! પોણી સેકંડની અંદર તરત જાગી જાય ત્યાં ત્યાં ૭મું અપ્રમત્ત દશા. આહાહા!

અહિંયા તો સમ્યગ્દર્શનની વાત કરી છે. એ સહિત આચાર છે એટલું ચારિત્ર સહિત છે એમ આચાર્ય પોતે કહે છે ને? હું જાગીને જોઉં ત્યાં. આહાહા! જગત

દીસે નહિં. વસ્તુસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનજ્યોત ભાવ જ્યાં અનુભવમાં આવ્યો કહે છે. હું સૂતો છું એ જાગી ગયો. ભાવનિંદ્રાએ સૂતો તો એ હું જાગ્યો. પદાર્થનું પરિજ્ઞાન. જેવો આત્મા છે એ રીતે સમસ્ત પ્રકારે જ્ઞાન એનું થયું. આહાહા! સમજાય છે કાંઇ ? છે ? યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાન સ્વરૂપે યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાન સ્વરૂપે. આહાહા! એ રાગને વિકલ્પ રૂપે પરિણમન હતું એટલે કે દશામાં એ પરિણત દશા હતી, હું તો શુધ્ધ ચૈતન્ય છું એવું સ્વ સન્મુખનાં ભાનમાં યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાન, જેવો ભગવાન આત્મા નિર્મળાનંદ શુધ્ધ છે તેવું યથાવત્ સ્વરૂપનું પરિજ્ઞાન એનું જે સ્વરૂપ છે તેનું વિશેષ જ્ઞાન સ્પષ્ટ એમાં હું પરિણમ્યો. આહાહા! સમજાણું કાંઇ ?

મારગ બહુ જુદી જાતનો, લોકોએ બહારથી. હમણાં એક સાધુ આવ્યા'તા, પેલો નહોતો આવ્યો કલકત્તેથી નહોતો નીકળ્યો સંઘ શ્વેતાંબરનો નહિં ? કલકત્તેથી સંઘ નીકળ્યો હતો આખો દિ' હાલીને, પગેથી અહીં નહિં અમદાવાદમાં ઇ સાધુ આવ્યા'તા ત્યારે ત્યાંથી આવ્યા હશે કે જુઓ આ જુઓ કહે આ બંધ કોક ને થયું કૂંચી આપવી જોઇએ લઇ ન જવી જોઇએ એ બિચારા કહે અમારે જાવું છે આંહીથી ક્યાંય વિહાર કરવો હશે આગળ. કાંઇક. જુઓ આમાં હશે આંહી રહે તો કાલે આવો ના અમારે રહેવું નથી પછી આ ઉઘાડયું કો'ક લઇ આવ્યા શાંતિભાઇ કો'ક લઇ આવ્યા પણ ઇ એમ કે કલકત્તેથી વિહાર કરીને અહીં આવ્યા. અહીં જીથરીનો એક હતો વાણિયો હારે હેં ? કલકત્તેથી હાલીને આવ્યા'તા ઇ. કહો પણ એમાં શું થયું બાપુ ? આહાહા! 'એમાં શું કર્યું એણે આત્મામાં. એ તો એક શુભ વિકલ્પને હાલવાની ક્રિયા મારી એ માન્યતા તો મિથ્યાત્વ છે. હેં ? અને ઘણાને હજારો માણસને મેં દોર્યા એ હાલીને.

ભગવાન, મારગ બાપા આ હિતના પંથ બહુ જુદી જાતના છે. દુનિયા માને અને દુનિયા પસંદ કરે એથી વસ્તુ કાંઇ અહીંયા આવી જાય ? આહાહા! અહીંયા તો કહે છે કે હું જેવું મારું યથાવત્ નિર્વિકલ્પ શુદ્ધસ્વરૂપ યથાવત્ તે સ્વરૂપે પરિજ્ઞાનરૂપે પરિણમ્યો. આહાહા! સમજાણું કાંઇ ? યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાન સ્વરૂપે પરિણમ્યો. આમ બહારથી શાસ્ત્રથી ભણીને થયો એ નહિં. આહાહા! ગજબ વાત કરે છે ને! હેં ? સમજાણું કાંઇ ? ભગવાનને પડખે ચડીને મેં આત્માનું સ્વરૂપ બરાબર જાણ્યું કહે છે. આહાહા! એ રૂપે હું થયો હવે. રાગની ક્રિયામાં આંધળો હતો, નિંદ્રામાં હું હતો. આહાહા! વહેવારની ક્રિયાઓ વિકલ્પ જે આંધળા શરીર આંધળું ઇ તો, આવ્યું'તું ને આપણે અહીં આવ્યું'તું પાઠ. આહીં તો વિકલ્પ આંધળો છે. આહાહા! છે ? આ તો કારકો નું સિદ્ધ કર્યું ને ૨૩માં ઓહો એ ભેદરૂપ વસ્તુનો વિકલ્પ રાગ છે એ રાગને, રાગ તો આંધળો છે,

રાગમાં એકત્વબુદ્ધિ એ તો આંધળો અજ્ઞાન છે. આહાહા!

ભગવાન આત્મા રાગથી ભિન્ન પડી એટલે કે એનું લક્ષને છોડી દઈ અંતર ચૈતન્યના ઊંડાણ સ્વભાવમાં પ્રવેશ કરે ત્યારે તે જ્ઞાનને આનંદરૂપે થાય, ત્યારે હું જાગ્યો એમ કહેવામાં આવે છે. આહાહા! જુઓ, આ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનું કહેલું સમ્યગ્દર્શનનું આ સ્વરૂપ છે. આહાહા! સમાધિનું સ્વરૂપ કહો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ કહો એવો અર્થ છે. તત્ સ્વરૂપ કેવા પ્રકારનું છે? ભગવાન તત્ તે સ્વરૂપ ચિદાનંદ પ્રભુ એનું સ્વરૂપ કેવું છે? અતીન્દ્રિય છે. ઇન્દ્રિયજન્ય ગ્રાહ્ય નથી, ઇન્દ્રિયજન્ય નથી. ઇન્દ્રિયથી પકડાય એવું એ છે નહિં. આહાહા! સમજાણું કાંઈ?

ઇન્દ્રિયગ્રાહ્ય નથી, વચન અગોચર શબ્દ વિકલ્પથી અગોચર હોવાથી, શબ્દથી વક્તવ્ય છે, અવક્તવ્ય છે એમ સપ્તભંગી છે પણ શબ્દથી ગમ્ય છે એમ નહિં. શું કીધુ ઈ? વચનથી સર્વથા અવક્તવ્ય છે એમ નહિં. વચનથી કથંચિત વક્તવ્ય છે કથંચિત અવક્તવ્ય છે કથંચિત વક્ત અવક્ત છે એમ સપ્તભંગી થાય અને ૪૭ નયમાં આવે છે ને ભાઈ? નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. સ્થાપના કરી શકાય નામ થી ઈ વસ્તુ જુદી ને આ જુદી એ વચનથી કહી શકાય એ જુદી વાત છે અને વચનથી ગમ્ય છે એ જુદી વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

શબ્દ વિકલ્પોથી અગમ્ય છે. આહાહા! તો કોઈ કહે ત્યારે પછી એને સંભળાવું શું કરવા? શબ્દથી, વાણીથી તો અગમ્ય છે અને વક્તવ્ય છે વાણીથી કથંચિત તો કથંચિત વક્તવ્ય છે તો વક્તવ્ય દ્વારા એ જણાય એવો નથી? ના. એનું લક્ષ છોડીને અંતરવેદનમાં જાય ત્યારે જણાય. આહાહા! સમજાણું કાંઈ? શબ્દો દ્વારા કહેવામાં નહિં આવતું હોવાથી ઈ બહુ સાધારણ વાત કરી, શબ્દો દ્વારા કહેવામાં આવે વક્તવ્ય છે પણ શબ્દ દ્વારા વેદવામાં, જણાવામાં આવે એમ ન જોઈએ. સમજાણું? તદ્દન શબ્દો દ્વારા કહેવામાં ન આવે (શબ્દો દ્વારા કહેવામાં તો આવે છે) આવે છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ ન્યાં શબ્દો દ્વારા કથંચિત વક્તવ્ય છે પણ શબ્દો દ્વારા જણાય, વેદાય એવો એ આત્મા નથી. આહાહા! અપૂર્વ વાણી. કો નવરંગભાઈ, આવો મારગ હવે એમાં. આહાહા! જ્યાં જે તથા રૂપે પ્રભુ બિરાજે છે ત્યાં જાય તો જણાય એવો છે એમ કહે છે. હેં? કોઈ માણસને મળવું હોય તો એ મકાનમાં જાય ત્યારે મળે ને? એ ભીંત આડી હોય ને બહારથી મળે એ મળે? આહાહા!

એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન ને આનંદ સ્વરૂપ એ પ્રવચનસારમાં કહ્યું

છે ને ? કે ભાઈ આત્મા જ્ઞાન છે જ્ઞાન તે આત્મા, પણ આત્મા તે જ્ઞાન ને સુખાદિ નહિં ? ભાઈ ! એય દિલીપ શું કહ્યું જુઓ ? વિશેષણો કહેતો'તો ને તું કે માળું વિશેષણ આત્મામાં હોય પછી જ્ઞાન છે એમ પકડમાં આવે એવું પણ ઈ આવે ઈ. પ્રવચનસારમાં કહ્યું છે કે જ્ઞાન તે આત્મા. પણ આત્મા તે જ્ઞાન, ને આત્મા તે દર્શન, ને આત્મા તે આનંદ એમ અનેક ગુણો છે એમાં. સમજાણું કાંઈ ? જ્ઞાન તે આત્મા કેમકે જ્ઞાન તે આત્મસ્વભાવ, પણ એ આત્મા તે એકલું જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ ? જ્ઞાન આત્મા સાથે અભેદપણું છે તેથી તે જ્ઞાન તે આત્મા પણ આત્મા તે જ્ઞાન એટલું એમ નથી તો બીજા બધા ગુણો રહી જાય (છે) આહાહા !. સમજાણું કાંઈ ? કેમ ? કે જે આત્મા તે જ્ઞાન એટલું હોય તો અનંતાગુણની પર્યાય પ્રગટ તો ન થઈ. એકલી જ્ઞાનની અવસ્થા પ્રગટી એ હોઈ શકે નહિં. આહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાન તે આત્મા, પણ આત્મા તે જ્ઞાન, આત્મા તે આનંદ, આત્મા તે શ્રધ્ધા, આત્મા તે ચારિત્ર. પોપટભાઈ ! આ તો બહુ તમારા છોકરા વચ્ચે આવી કોઈ વાત થઈ નહિં હોય ન્યાં. અહીં ક્યાં હતી ન્યાં વાત. ન્યાં અમથી સંપ્રદાયમાં નથી તો તમારા ઘરે તો ક્યાંથી હોય ઈ ? આહાહા ! એ વસ્તુ એવી છે ભાઈ. કહે છે કે વચનથી કથંચિત વ્યક્તવ્ય છે પણ વચનથી ગમ્ય છે કથંચિત એમ નથી. આહાહા ! શું વાત તે ? સમજાણું કાંઈ ? શું એમાં ફેર પડયો ? હેં ? આહાહા ! શબ્દો દ્વારા કહેવામાં નથી આવતો એમ નહિં. એ જરીક અનુભવમાં આવતો નથી. શબ્દોના લક્ષે કે વિકલ્પના લક્ષે એ અનુભવમાં આવે એવી ચીજ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો મોળા, ઓલ્યા મોવાળા ચીરવા એ કરતાં ઝીણી વાત છે. હોય મોવાળો મોવાળો એ મોવાળો શું કહેવાય ? મોવાળો (વાળ) મોવાળામાં છેલ્લી બે રગું જુદી હોય છે કેટલાકની. મોવાળો મોવાળા ને છેડે. સમજાણું કાંઈ ?

ઘણાં વરસ પહેલા રાણપરમાં આ ૮૪ની સાલમાં કીધું વાળને બે કટકા ઉપરથી વાળને બે ઉપરના છેડા જુદા આમ અણીઓ સમજાણું કાંઈ ? શું કહ્યું વાળને છેડા બે હોય વાળને એકજ છેડો એમ નહિં કોકને એક હોય, કોકને આમ બે, છેડે બે ભાગ. હવે એને ચીરવા હોય તો શી રીતે ? બે ને જુદા પાડવા હોય ટૂટી જાય. આહાહા ! આ તો એનાથી ઝીણી ચીજ છે. આ તો ભગવાન. એને એના છેડામાં જ્ઞાન, દર્શન, આનંદાદિ પર્યાયો છે પણ એ પર્યાય ઉપર લક્ષ રાખીને વેદાય આત્મા એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આ તો આ શબ્દ જરી છે ને સુધારવા પડશે. અહીં ગૂંચ છે થોડી ભાઈ (શ્રોતા : શબ્દો દ્વારા અનુભવમાં ન આવે) બસ એટલું લેવું. એ તો એ વખતે થઈ કોઈ. અનિર્દેશ્ય

છે ને ? વાણી દ્વારા કહી શક્તો નથી પણ એ શબ્દ ત્યાંથી લીધો. અનિર્દેશ્ય છે ને ? અનિર્દેશ્ય શબ્દ છે ભાઇ મૂળ પાઠ અનિર્દેશ્ય એમાંથી કાઢયું. છે ને ? પાઠમાંય એમ છે જુઓને. અનિર્દેશ્ય એટલે વચનોથી અગમ્ય પણ ઇ વચનથી અગમ્ય એનો અર્થ છે. અનિર્દેશ્ય એટલે અ નહિં કહી શકાય એવો શબ્દાર્થ એવો થાય. ભાઇ, અનિર્દેશ્ય કહી ન શકાય એવો પણ એનો અર્થ એમ નથી જુઓ એનો અર્થજ એ કર્યો જુઓ એણે.

અનિર્દેશ્ય વચનોથી અગમ્ય છે પછી વચનોથી નહિં કહી શકાય એવું ઇ વળી પોતે કૌંસમાં પાછું નાંખ્યું છે ટીકામાં તે ઓલું અન્વયાર્થમાં. અન્વયાર્થમાં નાંખ્યું અને આંહી નાંખ્યું. અન્વયાર્થ છે ને ? અનિર્દેશ્ય શબ્દ છે ખરો એટલે એને એમ ધ્વનિ ઉઠે (વચનોથી નહિં કહી શકાય તેવું) એ (વચનોથી અગોચર) 'શબ્દ વિકલ્પ અગોચરત્વાત્' એમ શબ્દ છે. જુઓ ટીકા ટીકા પણ એમ છે. અનિર્દેશ્ય શબ્દ વિકલ્પ અગોચરત્વાત્. ન્યાંય તો શબ્દ અને વિકલ્પથી ગમ્ય અગમ્ય છે પણ શબ્દથી કહી શકાય નહિં બિલકુલ એમ નથી. કથંચિત કહી શકાય (કેટલુંક કહી શકાય) એ વળી જુદું કંઇક કંઇક એના ઇશારા આવે. સમજાણું કાંઇ ? છતાં ઇ ઇશારા દ્વારા એ જણાય એ આત્મા એવો નથી. આહાહા ! શબ્દો દ્વારા કહેવામાં આવતું પેલું અનિર્દેશ્ય છે ને ? એટલે ટીકાકારે એમ નથી કહ્યું. અનિર્દેશ્ય શબ્દ પડયો છે ને ? કહેવું નહિં કહી શકાય નહિં એમ લીધું પણ ટીકાકારે એમ એમ શબ્દ નથી. અનિર્દેશ્ય એટલે વચન અને વિકલ્પ દ્વારા જણાય એવો નથી. અગમ્ય આહાહા !

આ કે તે સ્વરૂપાદિ રૂપે કહી શકાય એવું નથી, આ કે તે સ્વરૂપાદિ રૂપે કહી શકાય તેવું નથી. ઇ તો વાણીથી કહી શકાય અનુભવમાં આવીને (શ્રોતાઃ અનુભવાય એને) હાં બસ ! **शब्दविकल्पागोचरत्वादिदंतयाऽनिदन्तया** ઇ શું છે ? હેં ? હેં ! (શ્રોતાઃ **अदंतया, निदन्तयाने अइदंतया** આ રૂપે છે ને આ રૂપે નથી) હાં હાં ઠીક એ આ કહ્યું એ આ કહ્યું એ આ રૂપે છે ને આ રૂપે નથી એ **निर्देष्टुमशक्यम्** એમ તો છે. આ દેખો ઓલું નિર્દેષ્ટં અશક્યં ન્યાં પણ એ ઓલું અનિર્દેશ્ય નો અર્થ એના દ્વારા જણાય એવો નથી. સમજાણું કાંઇ ? કેમકે આહીં તો સિધ્ધ એ કરવું છે કે **स्वसंवेधम् अहम्** ચોથું પદ છે ને ? એ સિધ્ધ કરવું છે. હું વાણી ને વિકલ્પ દ્વારા જણાય એવો નથી એ ૪થું પદ છે ને ? ચોવીસ સ્વસંવેધ એમ એ સિધ્ધ કરવું છે (સ્વસંવેધ) બસ એ. હું તો મારા જ્ઞાનના, આનંદના પ્રત્યક્ષ વેદન દ્વારા જણાય એવો છું. આહાહા ! સમજાણું કાંઇ ?

તો પછી વહેવારે નિશ્ચય થાય ઇ આમાં રહ્યું નહિં કાંઇ આમાં. આ કહેને બધા વહેવાર સાધન ને નિશ્ચય સાધ્ય નથી લખ્યું ? આ પંડિતજીએ લખ્યું છે આપણે

પંચાસ્તિકાયમાં, પછી હેઠે લખવું પડયું આમ છે ને તેમ છે. ઇ કહે છે ... ... એમ કહે છે. ભાઇ સાંભળને બાપા આ વીતરાગ મારગ છે ભાઇ. એક ન્યાયમાં જરીપણ ફેર પડે, વસ્તુ નહિં રહે. આહીં તો કહે છે કે ઓલો ગુણગુણી નો ભેદ કે અંતર્જલ્પ શબ્દ અંતઃ કે બાહ્ય એ દ્વારા જણાય એવો નથી. સમજાણું કાંઇ ? એટલે કે વહેવારથી જણાય એવો નથી એમ થ્યો એનો અર્થ. રાગ થ્યો. આહાહા ! સમજાણું કાંઇ ? શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ વહેવાર. એનાથીય જણાય એવો નથી એમ કહે છે. આહાહા ! (એ તો પરલક્ષી છે) પર તરફનો વિષય તો આમ ભાગવું છે. (શ્રોતા : બેય વિરુદ્ધ છે) આહાહા ! મારગ તો એવો છે આહાહા !

ભગવાન ત્રિલોકનાથના ભેટા એ તો કાંઇ ઊંચી વાત છે. સાધારણ વાત નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આ કે તે સ્વરૂપાદિ રૂપે કહી શકાય એવું નથી એટલું ઓલું ટીકામાં પાછું કહ્યું ખરુંને ? નિર્દેશ્યં અશક્યં પણ એનો અર્થ ઇ. બસ જાણવું. તો એવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી સિધ્ધ થાય ? તો કહે છે કે વિકલ્પ ને વાણી દ્વારા એ વસ્તુ જણાય નહિં, વેદાય નહિં, અનુભવાય નહિં તો અનુભવે શી રીતે ? એમ કહે છે. પહેલા નકાર કરીને હવે હકાર કરે છે સિધ્ધ કરે છે. આહાહા ! તે સ્વસંવેદન સ્વરૂપ. તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય એ તો અંતરનાં જ્ઞાનનાં વેદનથી ગ્રાહ્ય છે. આહાહા ! સમજાણું કાંઇ ? જ્ઞાનની પર્યાય એની સન્મુખ થતાં એ જ્ઞાનથી જણાય એવો છે. યથાતથ્ય તેનું જે સ્વરૂપ એની જ્ઞાનની દશાથી જણાય એવું છે.

વહેવારનાં વિકલ્પો, ગુણગુણી ભેદના વિકલ્પો રાગ હો, પણ એનાથી અંતર્મુખ થઇ શકશે નહિં. એનો અર્થ એ કે એનાથી જણાશે નહિં. આહાહા ! સ્વસંવેદ્ય સ્વરૂપ ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય એવું સ્વરૂપ તે હું છું. આહાહા ! આ તો મોક્ષના માવા મેવા પાકવા છે ને ? હેં ? (મેવાપાક) આહાહા ! આનંદ પાકે છે કહે છે. આનંદને જ્ઞાનની પર્યાયથી હું જણાય એવો છું. તે હું, એનાથી જણાય એવો એ હું. જ્ઞાનને આનંદની દશાથી આ એ જણાય એ હું. આહાહા ! અરે જેને લક્ષમાંય નથી આ વાત અને માની બેસે કે અમે સાધુ છીએ, શ્રાવક છીએ ને વ્રતધારી છીએ. સ્વતંત્ર જીવે એને આમ જ અનંતકાળ થી કર્યું છે એણે હેં ? સવારમાં નહોતું આવ્યું પેલું છ ઢાળામાં ? આવા ભવ કર્યા આવા ભવ કર્યા. આહાહા ! એ નિંદ્રાપણે મારા સ્વરૂપનાં પરિજ્ઞાનનાં અભાવે એટલે કે નિંદ્રાપણે આવા ભવ થયા એટલે કે અજ્ઞાનમાં મિથ્યાત્વ ભાવથી આવા ભવ થ્યા. આહાહા !

હવે જેનાથી વિકલ્પથી તો ભવ થયા. તો ભવના સ્વભાવના અભાવ વાળો તે ભવના ભાવથી કેમ જણાય ? આહાહા ! ભગવાન, આત્મા ભવના ભાવ ને

ભવના સ્વભાવથી અભાવ સ્વરૂપ છે. સમજાણું કાંઇ ? અરે આવી વાતું કરે તો માણસને ઓલા સોનગઢે આમ કર્યું આમ કહે. સોનગઢે કર્યું ? કે વસ્તુનું સ્વરૂપ એવું છે ? હેં ? ઓલા કહે કે સમકિત માનો દીક્ષા દે એટલે દ્રવ્ય સમકિતનો આરોપ કરે શ્વેતાંબરમાં. પછી દીક્ષા આપે. અરે ભગવાન ! ક્યાં દ્રવ્યસમકિત, વહેવારસમકિત પણ નિશ્ચય હોય તો વહેવાર હોય. આહાહા ! સમજાણું કાંઇ ? વહેવાર તો આંધળો છે. એ આંધળાને જોનારો જાગ્યો તો એને આંધળાને વહેવાર કહેવાય છે હેં ? આહાહા ! અને આંધળો જાણવાનું કામ કરે ? આંખ્યું નહિં એ કહે જોવે છે ઇ. સમજાણું કાંઇ ? ઓહોહો ! શૈલી તે પણ શૈલી. વિકલ્પ છે એ તો આંધળો છે. વ્યવહાર છે એ તો રાગ છે એ આંધળો જાણવાનું કામ કરે ? કહે ના, ના, ભાઇ ઇ દેખતો દેખતાની પરિણતી દ્વારા પરિણમે છે. એનાથી જણાય એવો છે સમજાણું કાંઇ ?

**ભાવાર્થ** : જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય, ઇન્દ્રિય ગ્રાહ્ય નથી, કેમકે વસ્તુ અતીન્દ્રિય છે. ઇન્દ્રિયગ્રાહ્ય નથી એનો અર્થ કે વસ્તુ અતીન્દ્રિય છે. આ અતીન્દ્રિય મહાપદાર્થ. આવે છે ને ? ૯૨માં પ્રવચનસાર. આહાહા ! જે શુદ્ધાત્મ સ્વરૂપ અતીન્દ્રિય, ઇન્દ્રિયગમ્ય નથી. ઇન્દ્રિયો એમાં નથી. ખરેખર તો દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એ વસ્તુમાં નથી. અતીન્દ્રિય સ્વરૂપ એમાં ભાવેન્દ્રિય છે ને ? એક એક અંશે એક એક વિષયને જાણે એ ભાવેન્દ્રિય પણ એમાં નથી. એનાથી જણાય એવો તો નથી, પણ એમાં નથી એમાં નથી માટે એનાથી જણાય એવો નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

એને ઘણું કરવાનું છે ભાઇ. હેં ? એમ એમ બેસી જાય કાંઇ ? ત્યાં પણ બાપુ ઘણું કરવાનું ભાઇ. વસ્તુ સ્વરૂપ અતીન્દ્રિય, ઇન્દ્રિયથી જણાય નહિં એનો અર્થ ઇ કે, દ્રવ્યેન્દ્રિયથી તો જણાય નહિં, ભાવેન્દ્રિયથીય જણાય નહિં (શ્રોતા : ન જ જણાય ને ? ઇન્દ્રિયનો વિષય જ નથી) આવી ચીજ છે. સાધારણ માણસને માટે આવો રસ્તો હોય ? ક્યાંય સહેલો રસ્તો કરોને કહે, એમ કહે છે સહેલો તો ક્યાં ? પહોંચે એવો રસ્તો હોય કે બીજે જાય એવો રસ્તો હોય ? બીજે જાય એ વિકલ્પ પણ બીજે જાય ઇ એનો રસ્તો એમ કહેવાય ? એને સહેલો કહેવો ? આહાહા ! સહેલો સહેલો છે રાગ. આ વ્યવહારથી પમાય ને આ કરશો તો પમાશે ને. વિકલ્પથી પમાય ને એ સહેલો રસ્તો છે.

એ ત્યાં પૂછતાં'તા શ્રીમદ્‌માં કે ભાઇ આ વાત નિશ્ચયની તો બરાબર છે, પણ એનું ઉપાય ? સાધન શું ? એમકે આ ભક્તિ કરવી, વાંચવું એ બાપુ એ બધા સાધન નથી. આહાહા ! આકરો ધરમ બહુ ! દુર્લભ કામ છે. આકરાનો અર્થ અપૂર્વ પ્રયત્ન માંગે છે. એ સાધારણ પ્રયત્નથી ફળ મળે એવું નથી કારણકે સાધારણ વસ્તુ સાધારણ વસ્તુ

નથી. આહાહા ! સ્વાનુભવગમ્ય છે, અતીન્દ્રિય છે, વચન અગમ્ય છે અને સ્વાનુભવગમ્ય છે. ઓલા બે માં નકાર કર્યો ને એકમાં હકાર. તે હું છું. ધર્મી એ હું છું એમ જાણે અને માને છે. જે અતીન્દ્રિય સ્વરૂપે બિરાજમાન શુદ્ધાત્મ સ્વરૂપ વચનને, મનને રાગથી અગમ્ય એવું સ્વરૂપ છે તે હું છું. આહાહા ! એવું જ્યાં સુધી જીવને જ્ઞાન ન હતું આવું જ્યાં સુધી જીવને જ્ઞાન અતીન્દ્રિય, વચનથી અગમ્ય, સ્વાનુભવ ગમ્ય એવું જ્ઞાન ન હતું ત્યાં સુધી તે અજ્ઞાન નિંદ્રામાં સૂતો હતો. આહાહા ! પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાર્થ ભાન થયું ઉક્ત એટલે નિર્વિકલ્પ છે એવું. આહાહા ! અરૂપી, નિર્વિકલ્પ, મનના સહારાથી પણ જણાય નહિં એવું. આહાહા ! સમજાણું કાંઇ ?

એ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો. ત્યારે તે ખરેખરો જાગ્યો. આ ઊંઘમાંથી જાગે માટે જાગ્યો. ઉઠ ઉઠ કહે છે. સોનાના નળિયાં થયા નથી કહેતા ? સવારમાં ઉઠે આ તો મોડો ઉઠે સોનાના નળિયા એટલે સૂરજ ઉગ્યો ને આ પીળા નળિયા થયા જોને ? ઉઠ હજી ઉઠતો નથી કહે છે. આહાહા ! અરે જાગ રે જાગ નાથ, તારો ચૈતન્યમૂર્તિ પ્રભુ, ભાઇ, મહા પરમાત્મ સ્વરૂપે બિરાજમાન પ્રભુ એની સામું જો. રાગ ને વિકલ્પની સામું ન જો ભાઇ. આહાહા ! જે તું છો ઇ આવો છો એમ કહે છે. આહાહા ! પરમાત્મા તું છો ભાઇ ! પરમ સ્વરૂપે બિરાજમાન એને જોને. કેટલી મુદત ને એમ ન જોવું જોઇએ, કેટલી મુદત લાગશે એ તો મુદતથી એણે જોયું એનું મુદત થઇ એ. આહાહા !

સ્વરૂપનું યથાર્થ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો. તેના પરિજ્ઞાનરૂપે પરિણમ્યો. તેના વિશેષ જ્ઞાન રૂપે. ખાસ એના જ્ઞાન રૂપે. ચૈતન્ય સ્વરૂપ છે, એના ખાસ જ્ઞાન રૂપે પરિણમ્યો. આહાહા ! આવી કથા ધરમ કથની. કો શેઠ ? ત્યાં બીડીવાળા માં આવું કંઇ મળે છે ન્યાં ? બે ભાઇઓ બેસતા'તા ત્યાં વાતુ કરે લાખો રૂપિયાની. આહાહા ! ભગવાનમાં પેસવા માટેની યોગ્યતા કહે સ્વસંવેદન છે. હેં ? બીજી તાકાત નથી વિકલ્પ ને નિમિત્ત માં કે આત્મા જણાય. આહાહા ! સમજાણું કાંઇ ? જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે. ઉપલબ્ધિનો અર્થ પ્રાપ્તિ. સિદ્ધની ઉપલબ્ધિ કહે છે ને ? આત્માની ઉપલબ્ધિ સિધ્ધને માટે એમ કહે છે ભાઇ ! આત્મ ઉપલબ્ધિ એટલે હું આત્મા છે એવો સમીપમાં જઇને પ્રાપ્ત થવો પૂરણ. આહાહા ! એ આત્મ ઉપલબ્ધિ.

ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગની મૂર્તિ પ્રભુ છે એના સમીપમાં. આહાહા ! એના સમીપમાં જા કહે છે. સમજાણું ? આહા ! એનું નામ ઉપલબ્ધિ. પોતે

પ્રાપ્ત મળવો જોઈએ ને ? એમ કહે છે. રાગ ને પુણ્યને પ્રાપ્ત થાય એમાં આત્મા ક્યાં આવ્યો ? એ તો આશ્રવ છે. હેં ? રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ તો વિકાર છે, પુણ્ય છે, એ તો અણાત્મા છે. આત્માની ઉપલબ્ધિ કોને કહેવી ? આહાહા ! સમજાણું કાંઈ ? એ અણાત્મા દ્વારા આત્માની ઉપલબ્ધિ થાય ? ઓહોહો ! વીતરાગ મારગ પહેલો જ શરૂઆતમાં આમ હોય એમ કહે છે, અને પહેલું કાંઈક કરે, કષાયની મંદને ફલાણું ને માટે ઈ પ્રાપ્ત થાય પણ ઈ વસ્તુ એવી નથી એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ક્યાં ગ્યા સુમનભાઈ ? સુમનભાઈ. આ નવલાનાથનું આ વાસ્તુ છે કહે છે. નિવૃત્ત ભગવાન આત્મા એની વાસ્તુ માટે કોઈનો આશ્રય જરૂર નથી કહે છે. આહાહા ! ઈ સ્વસંવેદનથી જ વાસ્તુ કરી શકે છે. આહા ! છે ને ? અભાવ સ્વરૂપ છે ? છે અભાવ સ્વરૂપ, પરથી અભાવ સ્વરૂપ પણ પોતે છે ને ? ભાવ સ્વરૂપ છે. આહાહા !

ચિદ્‌ઘન છે, આનંદઘન છે, ભાવસ્વરૂપ છે. એ ભાવ સ્વરૂપને અંદરની નિર્મળ સ્વસંવેદન પર્યાય દ્વારા એ જણાય એવો છે. આહાહા ! સમજાણું કાંઈ ? અને જેને શુધ્ધાત્માની ઉપલબ્ધિ નથી તે ઉંઘે છે. આ જાગે છે ને ઓલ્યો ઉંઘે છે. જ્યારથી તે ચિદાનંદ સ્વરૂપને આહાહા ! જ્ઞાનાનંદ સ્વરૂપને, સ્વસંવેદન દ્વારા પોતાની જાતની વેદનથી વેદાતો એવો ભગવાન અનુભવે ત્યારથી તે સદાય જાગૃત. એ ઉંઘે બહારથી તોય જાગૃત છે, હેં ? ને અજ્ઞાની બહારથી જાગતો હોય તોય એ ઉંઘે છે. કરવાનું તો આ છે. પણ એનું કંઈ સાધન બીજું ? એમ માંગે છે. એને થાય આતો એકદમ એલ.એલ.બી.ની વાત. એલ.એલ.બી. ની નથી ભગવાન. પ્રથમ શરૂઆતનો જ આ મારગ છે ભાઈ. એ વસ્તુને આવો ચૈતન્યસત્તા મહાસત્તાની સન્મુખ થયા વિના વેદન થાય નહિં અને વેદન વિના સન્મુખ થાય નહિં એનો અર્થ ઈ કે સન્મુખ એટલે સત્‌ ની સન્મુખ થયો. આહાહા ! અસત્‌થી વિમુખ થયો. હેં ? આહાહા !

માણસે સમ્યગ્દર્શનની કિંમત કાઢી નાંખી. એ તો આપણ ને ખબર ન પડે એ સમ્યગ્દર્શનની. આપણને શ્રધ્ધા છે ઈ માની લેવી. એ તો અષ્ટપાહુડ માં આવે છે નહિં ? જયચંદ પંડિતે નથી કહ્યું ? અમુક પરીક્ષા થયા પછી સમકિત છે કે નહિં ? શંકા ન કરવી. આવે છે. શરૂઆતમાં પહેલા દર્શનપાહુડમાં વાત થઈ ગઈ છે હમણાં જ વંચાઈ ગયું છે. ને ? અષ્ટપાહુડ એમાં આવે છે ઈ. પાના લખાણા ઝાઝા એમાં પાના લખ્યા છે ને ઝાઝા એમાં આવે છે. પોતાને વેદનમાં આવ્યો અને મેળે આખો પ્રત્યક્ષ ન પડે તેથી શંકા કરવી કે આ કેમ હશે ? એમ નહિં. એમ કહ્યું સમજાણું કાંઈ ? એ પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થયું એ સમકિતની સાથેજ હોય છે. અવિનાભાવ છે ઈ. તે સ્વરૂપનું સ્વસંવેદન કરનારને

રાગાદિ નો વિષય ક્ષય થવાથી ક્વચિત્ પણ શત્રુ - મિત્રની કલ્પના રહેતી નથી. ક્વચિત્ એટલે કોઇ પણ પ્રકારે એમ. કોઇ પણ પ્રકારના શત્રુ - મિત્રનો વિકલ્પ રહેતો નથી. શત્રુ કોણ ? મિત્ર કોણ ? એ તો જ્ઞેય છે. બધા પદાર્થો તો જ્ઞેય છે. આ શત્રુ - મિત્રનો ભાગ પાડ તો એ તો મિથ્યાત્વ ભાવ છે. હેં ? મિથ્યા શ્રધ્ધા ભાગ પાડ તો. આહાહા ! સમ્યગ્દર્શનમાં એ ભાગ પડતાં નથી. એ જ્ઞેય છે. આહાહા ! ક્વચિત્ પણ વ્યવસ્થા રહેતી નથી તે દર્શાવતાં કહે છે:

तत्स्वरूपं स्वसंवेदयतो रागादिप्रक्षयान्न क्वविच्छत्रुमित्रव्यवस्था भवतीति दर्शयन्नाह -

**क्षीयन्तेऽत्रैव रागाधास्तत्त्वतो मां प्रपश्यतः ।**
**बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः ।। २५ ।।**

જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં પરમાર્થે વેદાય,
ત્યાં રાગાદિવિનાશથી નહિં અરિ - મિત્ર જણાય. ।। ૨૫ ।।

**टीका** : अत्रैव न केवलमग्रे किन्तु अत्रैव जन्मनि क्षीयन्ते । के ते ? रागाधाः आदौ भवः आधः राग आधो येषां द्वेषादिनां ते तथोक्ताः । किं कुर्वन्तस्ते क्षीयन्ते ? तत्त्वतो मां प्रपश्यतः । कथम्भूतं मां ? बोधात्मानं ज्ञानस्वरूपं । तत इत्यादि-यतो यथावदात्मानं पश्यतो रागादयः प्रक्षीणास्ततस्तस्मात् कारणात् न मे कश्चिच्छत्रुः न च नैव प्रियो मित्रम् ।।२५।।

તે સ્વરૂપનું સ્વસંવેદન કરનારને રાગાદિનો વિશેષ ક્ષય થવાથી ક્વચિત્ પણ શત્રુમિત્રની વ્યવસ્થા (કલ્પના) રહેતી નથી તે દર્શાવતાં કહે છે :-

**અન્વયાર્થ** : (**यतः**) કારણકે (**बोधात्मानं**) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવા (**मां**) મને - મારા આત્માને (**तत्त्वतः प्रपश्यतः**) વાસ્તવમાં અનુભવ કરનાર જીવને (**अत्र एव**) અહીં જ (આ જન્મમાં જ) (**रागाधाः**) રાગાદિ દોષો (**क्षीयन्ते**) નાશ પામે છે; (**ततः**) તેથી (**मे**) મારો (**न कः चित्**) ન કોઇ (**शत्रुः**) શત્રુ છે (**न च**) અને ન કોઇ (**प्रियः**) મિત્ર છે.

**ટીકા** : અહીં જ - નહિં કે કેવળ આગળ (બીજા જન્મમાં) જ પરંતુ આ જ જન્મમાં (તેઓ) ક્ષય પામે છે. કોણ તે ? રાગાદિ - અર્થાત્ રાગ જેની આદિમાં છે તેવા દ્વેષાદિ (દોષો). શું કરતાં તે ક્ષીણ થાય છે ? તત્ત્વતઃ (પરમાર્થપણે) મને દેખતાં (અનુભવતાં). કેવા મને ? બોધાત્મા એટલે જ્ઞાનસ્વરૂપ (એવા મને). યથાવત્ આત્માનો અનુભવ કરતાં રાગાદિ ક્ષીણ થાય છે; તે કારણથી ન કોઇ મારો શત્રુ છે અને કોઇ મારો પ્રિય એટલે મિત્ર છે.

**ભાવાર્થ** : જ્ઞાનસ્વરૂપ આત્માને યથાર્થસ્વરૂપે અવલોકતાં-અનુભવતાં રાગ - દ્વેષાદિ દોષોનો (ભૂમિકાનુસાર) અહીં જ અભાવ થાય છે; તેથી જ્ઞાની કહે છે કે, 'આ જગતમાં

મને કોઇ શત્રુ - મિત્રરૂપે ભાસતો નથી - અર્થાત્ વાસ્તવમાં કોઇ કોઇનો શત્રુ - મિત્ર થઇ શક્તો નથી'.

જ્યારે આત્મા પ્રબુદ્ધ થઇ યથાર્થ વસ્તુસ્થિતિનો અનુભવ કરે છે, ત્યારે તેની રાગ - દ્વેષરૂપ ઈષ્ટ - અનિષ્ટની કલ્પના મટી જાય છે અને બાહ્ય સામગ્રીના બાધક - સાધક મનાતા જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે; તેથી તે ન કોઇને શત્રુ સમજે છે કે ન તો કોઇને મિત્ર માને છે. એ રીતે આત્મસ્વરૂપની ભાવનાના બળે તેના રાગ-દ્વેષાદિનો નાશ થતાં તેને કોઇ પ્રત્યે શત્રુ - મિત્રપણું રહેતું નથી.

વિશેષ

જ્ઞાનભાવનારૂપે પરિણમેલો જ્ઞાની વિચારે છે કેઃ-

''નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાન - દર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં - તે ચૈતન્ય - અનુભવમાં લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.''[૧]

સારાંશ એ કે જ્યારે જ્ઞાની પોતાના આત્મસ્વરૂપને યથાર્થપણે જાણી તેમાં લીન થાય છે, ત્યારે તેના આસ્રવ - ભાવો રાગદ્વેષાદિ વિકારો સ્વંય ઉત્પન્ન થતા નથી. આવી સ્થિતિમાં તેને કોઇ શત્રુ - મિત્ર ભાસતો નથી; તેને સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે. ૨૫

---

અહીંજ નહિં કે કેવળ આગળ બીજા જન્મમાં એમ નહિં આંહીથી એમ. આહાહા! એમ કે ધરમ થાય આંહી અને પછી એનું ફળ આવે ભવિષ્યમાં એમ નહિં એ. નહિં કે કેવળ આગળ બીજા જન્મમાંજ પરંતુ આ જ જન્મમાં. આહાહા! એટલે કે પૂરણ ક્ષય ભલે અમુક વખતે થાઓ પણ જેટલો સ્વસ્વરૂપનો આશ્રય લીધો છે એટલો તો રાગ નો ક્ષય કહેવામાં આવે છે. આ છે એમ. આહાહા! સમજાણું કાંઇ ?

આ જન્મમાં કોણ ક્ષય પામે છે ? કે રાગાદિ, રાગ જેની આદિમાં છે. રાગ, દ્વેષ, વિષય વાસના બધાથી એકત્વ બુદ્ધિ તૂટી જાય છે. આહાહા! શું કરતાં તે ક્ષીણ થાય છે ? તત્ત્વતઃ પરમાર્થપણે મને દેખતાં, અનુભવતાં એમ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ને અનુસરીને વેદતાં, અનુભવતાં રાગાદિનો ક્ષય થઇ જાય છે, ક્ષીયન્તે અહીં તો કીધું ક્ષય થઇ જાય છે જાઓ. જોયું ? ઉપશમ થઇ જાય એ વાત નથી. ક્ષીયન્તે આહાહા! જોર એટલું

---

૧. હું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાન-દર્શનપૂર્ણ છુંઃ
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. (શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ, ગાથા-૭૩)

છે. ક્ષીયન્તે છે ને ? એનો અર્થ એ કે નાશ પામે છે, ક્ષીયન્તેનો અર્થ નાશ પામ્યા. તે ક્ષીણ થાય છે. મને અનુભવતાં કેવા મને ? કેવો હું ? કેવા મને અનુભવતાં રાગાદિનો નાશ થાય ? બોધાત્મા. જ્ઞાનસ્વરૂપ એવા મને, લ્યો મુખ્ય ગુણ લીધોને, જ્ઞાનસ્વરૂપ બોધાત્મા, બોધાત્મા. જ્ઞાન તે આત્મા એવો જે બોધાત્મા યથાવત્ આત્માનો અનુભવ કરતાં રાગાદિ ક્ષીણ થાય છે. તે કારણથી ન કોઇ મારો શત્રુ છે ન કોઇ મારો પ્રિય મિત્ર છે. જુઓ આ કારણે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું વેદન થતાં અનુભવમાં આવતાં એટલા પ્રકારની ભૂમિકા પ્રમાણે રાગ દ્વેષનો ક્ષય થાય છે તેથી મને કોઇ શત્રુ અને મિત્ર છે નહિં, સમભાવ છે એમ કહે છે. લ્યો.

વિશેષ કહેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન - ૩૫

## શ્લોક - ૨૫ અને ૨૬

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૧૪.૦૧.૭૫**

तत्स्वरूपं स्वसंवेदयतो रागादिप्रक्षयान्न क्वविच्छत्रुमित्रव्यवस्था भवतीति दर्शयन्नाह -

**क्षीयन्तेऽत्रैव रागाधास्तत्त्वतो मां प्रपश्यत: ।**
**बोधात्मानं तत: कश्चिन्न मे शत्रुर्न च प्रिय: ।। २५ ।।**

જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં પરમાર્થે વેદાય,
ત્યાં રાગાદિવિનાશથી નહિં અરિ-મિત્ર જણાય. ।। ૨૫ ।।

यदि त्वमन्यस्य कस्यचिन्न शत्रुर्मित्रं वा तथापि तवान्य: कश्चिद्भविष्यतीत्याशंक्याह -

**मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रिय: ।**
**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रिय:।। २६ ।।**

દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ[૧] - મિત્ર;
દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ - મિત્ર.।। ૨૬ ।।

## મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧. અરિ - શત્રુ

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**શ્લોક ૨૫નો ભાવાર્થ**

આ તો મુદ્દાની રકમ છે. આ વહેવારથી એને ખટકે છે લોકોને. એટલે (શું થાય ? પણ) વહેવાર, ઈ વહેવાર વચમાં આવે, હોય ખરો પણ એ વહેવાર છે તે બંધનું કારણ વચમાં આવે છે. વહેવાર ન હોય એમ નહિં. મુનિને પણ વહેવાર આવે છે વચમાં, પણ એ વહેવાર છે. ઈ તો મોક્ષનો મારગ નથી. એ તો બંધનો પરિણામ છે. આહાહા ! કો શ્રીપાલજી હવે આ ખટકે છે બધાને એ શું કરવું કહો ? વહેવાર સે ધરમ હોતા હૈ ઐસા ન કહો ઔર વહેવાર છે (શ્રોતાઃ વહેવારથી થાય છે એટલે વહેવાર છોડીને થાય છે એવો અર્થ છે થાય છે) છે ને પણ ઈ તો આહાહા ! એવો મારગ છે.

જેને વહેવારના કારકોની અપેક્ષા નથી, એવો સ્વભાવ જ્ઞાન સ્વરૂપને જવું અંદર કોઈ અપેક્ષા નથી. આહાહા ! હવે આ વાત ભલે એને જગતને ન બેસે ને પ્રચાર પ્રસાર ન પામે, પણ વસ્તુ તો આ છે. સત્ય વસ્તુના શરણ વિના આત્મા પરમાનંદ જ્ઞાન સ્વરૂપ એ જ શરણ છે માટે વચ્ચે વિકલ્પ આવે, હોય એ શરણ નથી કાંઈ. આહાહા ! સમજાણું કાંઈ ? જ્ઞાનસ્વરૂપ આવું છે ચૈતન્યસ્વરૂપ. એ રાગસ્વરૂપ કે પુણ્યસ્વરૂપ કે વહેવારસ્વરૂપ એ આત્મા નથી એ તો અણાત્મા છે. આહાહા ! આવી વાતું બાપુ.

આ તો જેને જન્મ મરણ રહિત થાવું હોય હેં ? આ જનમ ચોરાશીના અવતાર, દુઃખી દુઃખી દુઃખી પ્રાણી છે એ, એને ક્યાંય શાંતિ નથી. ચારેય ગતિમાં ચારેય ગતિને દુઃખ કહે છે ને ? અને પરાધીન છે ચારેગતિ. આહાહા ! પંચાસ્તિકાયમાં આવ્યું ને કહ્યું ? આહાહા ! જેણે આવું પરમ સત્ય એ આત્મા એટલે અને એનું શરણ ક્યારે લે ? કે એ આ જ્ઞાન સ્વરૂપી આત્મા છે. એ દયા, દાન, વ્રતને પરિણામોનું સ્વરૂપ એ આત્મા નથી. સમજાણું કાંઈ ? સત્ય આવું છે હવે ન રૂચે એને ન પ્રસાર પામે એથી કાંઈ સત્ય બીજું થઈ જાય. આહાહા ! આવું છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા એને યથાર્થ સ્વરૂપે અવલોકતાં બીજુ પદ આવ્યું. જ્ઞાનસ્વરૂપ આત્મા, એને યથાર્થ સ્વરૂપ એટલે સન્મુખ થઈને જાણતાં આહાહા ! એની દ્રષ્ટિ નિમિત્ત, રાગ ને પર્યાય ઉપરથી છૂટતાં આહાહા ! હા એક આવ્યું તું ને ભાઈ નહોતું હુકમચંદજીએ કહ્યું કે વહેવારની ઉપેક્ષા એ જ વહેવારની અપેક્ષા. ભાઈ, આહાહા !

એટલે એક નિશ્ચયનય છે એ એકાંત છે, છે એકાંત પણ નય એકાંત છે અને પ્રમાણ અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત છે. આહાહા! બે અપેક્ષાએ અનેકાંત છે અને એક અપેક્ષાએ એકાંત સ્વની અપેક્ષાએ એકાંત નયની, કારણ નય છે એ એક અંશને બતાવે છે. ત્રિકાળીધ્રુવ પણ એક અંશ છે બીજો પર્યાય અંશ બાકી રહી જાય છે. આહાહા! સમજાણું કાંઇ ?

નય છે એ અંશ છે વાત સાચી, પણ એ નયનો અંશ જે નિશ્ચયનો છે એ જ આશ્રય કરવા લાયક છે. પર્યાય નો અંશ છે એ પછી એકાંત સમ્યક્‌ના સ્વભાવની એકાંતદ્રષ્ટિ જ્ઞાન થયું તે કાળે તેને પર્યાયનું જ્ઞાન ત્યારે એને યથાર્થ વહેવારનું જ્ઞાન યથાર્થ થાય. જ્ઞાન હોં આહાહા! કો શાંતિભાઇ ત્યારે શું કરવું ? આ બધા આખા વિરોધ કરે છે બધા બાપુ! એ તો બિચારા એમેય વિરોધ કરે પણ અહીંનો ક્યાં વિરોધ છે એને કેમ કરે બાપું. આહાહા! ભાઇ આ તો સત્યની વાતું છે બાપા. આહાહા!

કહે છે યથાર્થ સ્વરૂપે અવલોકતાં કેવો ? જ્ઞાન સ્વરૂપી આત્મા. જ્ઞાનસ્વરૂપી આત્મા યથાર્થપણે અવલોકતાં આહાહા! એની સન્મુખ થઇને યથાર્થપણે અવલોકન કરે. તે તો નિશ્ચય થઇ ગયો, હેં ? આહાહા! એટલે કે અનુભવતાં જ્ઞાન સ્વરૂપ આત્મા યથાર્થ સ્વરૂપે અનુભવતાં જેવું એનું શુદ્ધ સ્વરૂપ છે, પવિત્ર છે, આનંદનો નાથ કંદ છે, આનંદકંદ છે એકલો આનંદદળ છે ઇ. અતીન્દ્રિય આનંદનું એ સત્ત્વનું દળ છે. આહાહા! અહીં જ્ઞાન સ્વરૂપથી લીધું છે. સમજાણું કાંઇ ? આહાહા!

એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા, યથાર્થ અનુભવ કરતાં એમ એટલે કે વહેવારનું લક્ષને પક્ષ છોડીને અંતરમાં સ્વરૂપ શુદ્ધચિદ્‌ઘન આનંદ એને અનુભવતાં રાગ દ્વેષ આદિ દોષોનો અહીં જ અભાવ થાય છે. તે ભૂમિકા અનુસાર પછી લીધું છે ને ? પાઠમાં એમ છે ને ક્ષય થાય છે એટલે પૂરણની વાત લીધી ત્યાં એટલો આમણે જરી ખુલાસો કર્યો કે જેટલો ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એનું જેટલું યથાર્થ અંતર અવલોકન કરે તેટલા રાગ દ્વેષના ભાવો ઉત્પન્ન થાય નહિં અને રાગદ્વેષ ક્ષય કરે એમ કહેવામાં આવે છે. આવો મારગ છે આહાહા! કો શેઠ! આ તમારા પંડિતો બધા માન્યતાનો વિરોધ કરે છે આહિંનો આહાહા! એનો કરે છે એને ખબર નથી બાપુ! આહાહા!

પોતે મહાપ્રભુ છે અંદર, ચિદ્‌ઘન, આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. એ જ્ઞાનસ્વરૂપે એમ કહેતાં જ્ઞાનની વિકાસ શક્તિ છે ને ? જ્ઞાનનો અંશ વિકાસપણે છે, સંસારમાં આનંદનો અંશ વિકાસપણે નથી. સમજાય છે કાંઇ ? એથી એણે લીધું કે

જ્ઞાનસ્વરૂપ જે વિકાસ છે એ અંદર જતાં આખું જ્ઞાનસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઇ?

આવો મારગ હવે માળા જાત્રા કરવા નિકળ્યા હોય હવે એને એમ કહેવું આહિં કે જાત્રા એ ધરમ નહિં ઇ તો અમારા ભાઇને ય એમ લાગ્યું હતું ને? ત્રંબોળી ને એમાં તે સોમચંદ ત્રંબોળી હતાં ને ઇ બરાબર જાત્રા કરીને આવેલા. ઘણાં વરસ થયા હોં! તે' દિ. લીલાધરભાઇ કાળ કરી ગ્યા તે દિ'. કાલ કરી ગ્યા તે દિ'. કઇ સાલ? પાંચની. એક, એકની આ તો ઠીક એકની સાલ, ૩૬ વરસ થયાં. ઓહોહો! આ ત્રંબોળી હતાં ને શેઠાણી ત્રંબોળી અહીં છબલબેન રહેતા ને એમની બેન ઇસરી, બહુ એને રસ પહેલેથી હોં! પહેલાં કરોડપતિ થઇ ગયા. વળી ભાંગી ગયા'તા, વળી કરોડપતિ થ્યા, વળી ભાંગી ગ્યા'તા. એમ બધું ઘણું થ્યું'તું ધીરુભાઇ નથી. એ અહીં જાત્રા કરીને આવ્યા'તા આપણે અને આંહી કહેવાણું કે વહેવાર એ ધરમ નહિં. આહાહા! ભડક્યા જાત્રા એ ધરમ નહિં એમ ઓલા બચારા આવ્યા હશે. જાત્રા બાત્રા કરવા ગ્યા હશે, ચારેકોર ગિરનાર, શત્રુંજય એટલી મહેનત કરે અને એને એમ કહેવું કે એ ઇ, ચીમનલાલજી હેં? આતા હૈ, જબલગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હુઆ સ્વ કે આશ્રય સે જહાં પૂરણ નહિં હૈ ત્યાં રાગ, ભક્તિ, જાત્રા પણ આવે છે. હોય છે, હોય છે એટલે એ ધરમનું કારણ છે કે ધરમરૂપ છે એમ નથી ભગવાન.

આ તારી મહિમા એમાં ખસી જાય છે, રાગમાં આવતાં એની શાંતિ ખસી જાય છે. કહ્યું નથી પેલામાં કે પુણ્યનો ભાવ આવતાં સ્વરૂપથી પતિત થઇ જાય છે. પુણ્ય પાપનો અધિકાર છેલ્લે નહિં. હા જયસેનાચાર્યની ટીકા. આહાહા! વહેવાર રત્નત્રય, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્રનું કહેવું ભગવાનનાં કહેલા શાસ્ત્ર હોં એનું ભણવું અને પંચ મહાવ્રતનું આવવું એ ત્રણે થતાં પણ એ પાપ છે એમ કીધું ત્યાં તો, આત્માના સ્વરૂપથી પતિત થાય છે ને એમાં તો આહાહા! સમજાણું કાંઇ?

વહેવારનો વિકલ્પ આવે, હોય, પણ હોય એ કાળે એ સ્વરૂપ ચિદાનંદ પ્રભુથી તો એ પતિત થાય છે, ખસી જાય છે હેં? હવે એને ધરમ કેમ કહેવો? વહેવાર ધરમ કહેવાય એટલે કે ધરમ નથી. એને વહેવારનયે નિશ્ચય હોય એને આ વહેવાર ધરમ કહેવાય. આહાહા! પણ જ્યાં સ્વનો આશ્રય નથી આહાહા! એના વહેવાર ને વહેવાર ભાસ છે એ તો. આહાહા! આવી ચીજ પણ આકરી પડે જગતને બહુ. પંડિતોને ખટકે છે કૈલાસચંદજી, ને તેથી આવું નાંખે ત્યારે એમને સંતોષ થાય જરી. અરે ભગવાન! બાપુ મારગ તો આ છે હોં. આ સત્ ના શરણ વિના કોઇ શરણ નથી. ભગવાન આત્મા

પૂરણઆનંદનો નાથ ગાંઠડી એને ખોલવામાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય છે. આહાહા! સમજાણું કાંઇ?

અનુભવતાં રાગ, દ્વેષ ભૂમિકા અનુસાર અહીંજ અભાવ થાય છે. પાઠમાં તો એમ છે ખરું ને? क्षीयन्तेऽत्रैव रागाधास्तत्त्वतो मां प्रपश्यतः । તત્રૈવ છે પણ એ કાળેજ એમ કે જેટલે અંશે સ્વભાવનો આશ્રય લીધો, દર્શન, જ્ઞાન, ચારિત્ર એટલે અંશે ત્યાં રાગની ઉત્પત્તિ નથી એટલે રાગનો ક્ષય કર્યો એમ કહેવામાં આવે. આમ છે વસ્તુ. હવે એને શી રીતે વાદ વિવાદ કરીને ઢીલું શી રીતે પાડવું? શાંતિભાઇ. આહાહા! મારગ તો આવો છે ભાઇ, સમજાણું કાંઇ? તેથી જ્ઞાની કહે છે કે આ જગતમાં મને કોઇ શત્રુ - મિત્રરૂપે ભાસતું નથી, કોણ શત્રુ ને કોણ મિત્ર? આહાહા! કોણ સહાયક અને કોણ વિરોધ કરનાર હેં? આહાહા! શત્રુ - મિત્રરૂપે ભાસતું નથી અર્થાત્ વાસ્તવમાં કોઇ કોઇનો શત્રુ - મિત્ર થઇ શક્તો નથી. આહાહા! માને ભલે અજ્ઞાની એથી કાંઇ શત્રુ - મિત્ર થઇ શકે છે? એ તો જ્ઞેય છે હેં? આહાહા! કોઇ કોણ શત્રુ બાપુ! આહાહા! અરે આવા જનમ મરણના ટાળવાના ટાણાં આવ્યા એ વખતે પણ આવા ઝઘડા ઉભા કરવા હેં? એ તને શોભતું નથી પ્રભુ! આહાહા! આ સંસાર ચારગતિમાં બળી ઝળી રહ્યો છે. દુ:ખી બચારા અંધારામાં ખોવાઇ ગયા છે. આહાહા!

સર્પનો દાખલો નો'તો આપ્યો? જોરાવરનો ગાંઠીયા કે ભજીયા કાંઇક કરતાં'તા, બચારા જૈન સ્થાનકવાસી હતાં પછી દેરાવાસી થ્યા અને કુંવરજી ભાઇ હતાં એ આપણા સ્થાનકવાસી, એ એના ભાઇને એ બધા દેરાવાસી હતાં કુંવરજીભાઇ હતાં. એક વખતે કાંઇ બાર મહિનાનું ધરમનું કાઢયું 'તું અહીં આપી ગ્યા'તા એણે ધર્માદો કાઢયુ તો બાર મહિના કાઢે ને દર વખતે એ આપી ગ્યા'તા બાર મહિનાનું એક વખત. આમ સ્થાનકવાસી પણ પ્રેમ ખરો, બીજા તો હવે દેરાવાસી બધા ભાઇઓ એ બચારા ગાંઠિયા કે, ગાંઠિયા સમજતે હે? ક્યા કહતે હૈ? ખાનેકા વો આટા કા ગાંઠિયા હેં? ગાંઠિયા કે ભજીયા, ભજીયા નથી હેં? ભુજીયા કહે હેં? (મારવાડી ભુજીયા કહે) હેં ગાંઠીયા નહિં હોતા હૈ, ચણાના લોટના, ચણાકા આટાકા ઢોકળા, ઇ ઉપરનું તેલ હેઠે ચડાવ્યું ધૂઆં ગરમીની લાગીને ઉપરથી સર્પ નીકળ્યો, અડધો પડયો તેલમાં ને અડધો બહાર રહ્યો, બચારા ત્રાડ પાડી ગયા, અરર! ઝારો હતો ને કાંઇ કરતા'તા આમ કાઢયો પણ ખબર નથી કે ક્યાં દુ:ખથી મુક્ત થવાય, આ બળતરાથી ક્યાંથી મુક્ત થવાય એની ખબરું ન મળે. આહાહા! મુંઝવણમાં એ ન્યાં ગરી ગયો ચૂલમાં અને ચૂલમાં તો ધગધગતી અગ્નિ! ખલાસ બચારા જ્ઞાન પામી બંધ કરી દીધું એ ત્રાસ ત્રાસ ... ... જયચંદભાઇ? કુંવરજીભાઇ.

આહાહા ! એમ આ જીવ અનાદિનો અજ્ઞાનથી બળી ઝળી રહ્યો છે, અને એ બળી ઝળી ને કેમ મુકાય એની ખબરું ન મળે અને એ બળતરાના કારણ એવા મિથ્યાત્વ અને રાગદ્વેષમાં પાછા કુટાય છે માળા ન્યાં પડે છે. આહાહા ! સમજાય છે કાંઇ ?

વિપરીત માન્યતા ને રાગદ્વેષ એ બધા દુઃખરૂપ છે, આકુળતા છે. સમ્યગ્દર્શન ને રાગદ્વેષની રહિત દશા એ આનંદમય છે. આહાહા ! ત્યાં આનંદ છે. આનંદ ક્યાંય ધૂળમાંય ત્યાં નથી પૈસામાં, કે બાયડીમાં કે આબરુમાં કે આહાહા ! છોકરાના લગન હોય બે પાંચ લાખ ખરચતા હોય, બે પાંચ કરોડની મૂડી હોય એ અવસ્થામાં હોંશ, હોંશ, હોંશ, હોંશ ઇ શેની હોંશ ? બાપુ એ તો દુઃખની હોંશ છે સમજાણું કાંઇ ? હોંશ અને લગન કરે છોકરાના, અને લગન થઇ રહે પછી વડિલને પગે લાગે, મોટા હોયને ? શેઠ ! વો શાદી હો જાય ને શાદી તો વડિલા હોય શેઠના પગે લાગે હા મને આ ઠીક નાંખ્યો અગ્નિમાં. તમે પડયા છો એવું મને નાંખ્યું તમે. એ નવરંગભાઇ ! ઇ તો એનો ઉપકાર માને એ તો ઓલ્યા ખુશી થઇ જાય. હેં ? (શ્રોતા : સાચી વાત છે) હેં ? સાચી વાત છે અને આશીર્વાદ આપે સો વરસનો થાજે, ઘરડો થઇને મરજે એમ કહે. આહાહા ! અને શું કહે છે બાઇયું મા પાસે જાય સાત દીકરાની મા હા એની પાસે જાય, એ સાત દીકરાની મા થાજે વહુને એમ કહે અને સાત દીકરાની મા થાજે, આકુળતામાં રહેજે અને દુઃખી થાજે એમ કહે. આહાહા !

અહીંયા કહે છે કે આ જગતમાં શત્રુ - મિત્ર કોઇ નથી ભાઇ. આ તું તો ચમકીલી વાટ છે. જ્યાં જ્ઞાનસ્વરૂપી ભગવાન એ આવે છે આચારાંગમાં પહેલા સૂત્રમાં એમ કહેતા વ્યાખ્યાનમાં તે' દિ હોં 'પુરિસા ! તુમં એવ તુમં મિત્તં, કિં બહિયા મિત્તંઇચ્છસિ ?' બોટાદમાં મોટી સભામાં આચારાંગનાં પહેલા ભાગમાં છે. (ત્રીજો ઉદ્દેશક, ગાથા ૪) શ્વેતાંબરમાં હોં. પુરિસા તુમં એવ તુમં મિત્તં તું તેરા મિત્ર હૈ, આહાહા ! કિં બહિયા મિત્તં ઇચ્છસિ ? તારા આત્મા સિવાય બાહ્યમાં કયા મિત્રને ગોતે છે ?

એવા થોકડા છે. એવા અર્થ કાંઇક કરતા સ્થાનકમાં થોકડા કહે. મૂળ તો બધું વિપરીત ઘણું પણ આવા થોકડા કેટલાક હતા અને ચાલતા વ્યાખ્યાનમાં લોકો બહુ ખુશી. બોટાદમાં તો ૩૦૦ (ત્રણસો) ઘર. હજારો માણસો કાયમ રહે વ્યાખ્યાનમાં ત્યાં એવું કહ્યું છે. પુરુષા હે આત્મા ! તું જ એવ તું જ તેરા મિત્ર હૈ, તું તારો મિત્ર છો કિં બહિયા મિત્ત ઇચ્છસિ ? ક્યા મિત્રને બહાર ગોતે છે ! કોઇ બહારના મિત્ર તો હૈ નહિં ભઇ, આહાહા ! બાહ્ય પદાર્થ તો બધા દુઃખનાં કારણ નિમિત્ત છે. દુઃખ તો પોતે ઉત્પન્ન કરે છે. આહાહા ! મારી રક્ષા કરનારા છે, મારી સંભાળ કરનારા છે, આ મારી અર્ધાંગના

છે. એ તો એણે માન્યું છે મિથ્યાત્વમાં. ઈ મિથ્યાત્વમાં એ નિમિત્ત છે ઈ. આહાહા! આંહી કહે છે કે આત્માને શુદ્ધ ચૈતન્યનું જ્યાં આત્મસ્વરૂપનું ભાન થયું અનુભવ થયો. રાગદ્વેષ ઉત્પન્ન થવું એટલે શું કહ્યું.

શત્રુ - મિત્ર કોઈ છે નહિં, હૈ નહિં શત્રુ મિત્ર. આહાહા! કોઈ શત્રુ નથી. જ્યારે આત્મા પ્રબુદ્ધ થઈ જ્યારે આત્મા પ્રબુદ્ધ પ્ર વિશેષે આત્માનાં અવલોકનમાં આવ્યો અંતરનાં અનુભવમાં આવ્યો. આહાહા! યથાર્થ વસ્તુ સ્થિતિનો અનુભવ કરે છે. યથાર્થ આત્માની વસ્તુ સ્થિતિ આનંદને જ્ઞાનસ્વરૂપની અનુભવ કરે છે. આહાહા! ત્યારે તેને રાગદ્વેષ રૂપ ઈષ્ટ અનિષ્ટની કલ્પના મટી જાય છે. આહાહા! અને બાહ્ય સામગ્રીના બાધક સાધક મનાતા જીવો પ્રત્યે દેખો બાહ્ય સામગ્રીના બાધક ને સાધક વેરીઓ બાધક અને સ્ત્રી કુટુંબ સાધક. બાહ્ય સામગ્રીના જીવો પ્રત્યે તેને ઉપેક્ષા બુદ્ધિ રહે છે. ધર્મી જીવ ને તો પર પ્રત્યે ઉપેક્ષા એજ વહેવારની અપેક્ષા. જુઓ આહાહા! સમજાણું કાંઈ?

બેસે કેવી રીતે? હેં? **भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ।।११।।** આ સિધ્ધાંત ૧૧મી (સમયસાર - અગીયારમી) ગાથાનો મહા સિદ્ધાંત. જૈન દર્શનના પ્રાણ કે ભૂતાર્થ ભગવાન આત્મા એને આશ્રયે સમ્યગ્દર્શન થાય. ત્યાં તો એક નય થઈ બીજી નય તો ત્યાં રહી નહિં. કહે બીજી નય નથી ત્યારે જ એને નિશ્ચયનય કહેવાય. હવે એ નિશ્ચયમાં બહુ કહો તો કે ભાઈ વહેવારનય આવે તો બે નયમાં આવ્યો કહેવાય, તો કહે કે વહેવાર જે રાગનો પર્યાય જે છે ને એની ઉપેક્ષા થઈ એટલો વહેવારની અપેક્ષા કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? ભાઈએ નાંખ્યું છે. ફૂલચંદજીએ નાખ્યું છે.

આંહી તો એમજ કહ્યું છે કે ભૂતાર્થ ને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એકાંત કર્યું એ ન્યાં તો અભૂતાર્થ કે પર્યાય ને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ તો ના પાડી. રાગને આશ્રયે ન થાય, નિમિત્તને આશ્રયે ન થાય પણ પર્યાયને આશ્રયે ન થાય ત્યાં અંશમાં આખી ક્યાં ચીજ આવી છે અને આખી ચીજના આશ્રય વિના સત્ય પૂરણ ક્યાં દ્રષ્ટિમાં આવ્યું? સમજાણું કાંઈ? આહાહા! સત્ પૂરણ જે છે ધ્રુવ ચૈતન્યમૂર્તિ એવું પૂરણસ્વરૂપ સમ્યક્ જેમ છે તેમ દ્રષ્ટિમાં ન આવે તો ઈ સમ્યગ્દ્રષ્ટિ ક્યાંથી થયો? આહાહા! તો ત્યાં અપૂર્ણ એની પણ અપેક્ષા થઈ ગઈ ઉપેક્ષા ઈ ઉપેક્ષા થઈ એ જ અપેક્ષા. આહા!

એ એકાંત લાગે છે હોં એને બધાને એકાંત લાગે છે. કૈલાશચંદજી ને બધા એકાંત છે, એકાંત છે. પણ હવે ચાલશે હળવે હળવે એણેય કીધું કે બેયને ભલે રાખો. એને ધ્યેયમાંથી કાઢી ન નાંખો. એમ કે દિગંબર સાધુઓ બિચારા બધા હોય ત્યાં દિલ્હીમાં

મખ્ખનલાલજી એ કહ્યું ન્યાં જઈને. શાંતિભાઈ સાંભળ્યું છે? મખ્ખનલાલજીએ ત્યાં કહ્યું બધા સાધુને ધર્મસાગર એ આ વિદ્યાસાગર. આ વિદ્યાનંદજી જે બીજા કોણ ઓલા દેશભૂષણ કે ભાઈ આ સોનગઢ છે એ એકાંત છે. એ દિગંબર ધરમથી વિરુદ્ધ છે માટે આપ બધા થઈને નક્કી કરો કે દિગંબર એ નથી. મખ્ખનલાલજી એ કહ્યું ત્યારે બીજા એ એમ કહ્યું ના એમ નહિ એટલે આ કાઢી નાંખો તો કાઢી નાખશે નહિંતર બધા. હેં? આહાહા!

આહીં તો ભગવાન આત્મા વહેવારથી પણ નીકળી ગ્યો જ્યાં. આહાહા! એને તો ક્યાં હવે કાઢવો છે એને હેં? વસ્તુ નિત્યાનંદપ્રભુ એનું શરણ લેતાં વહેવારથી પણ છૂટો પડી ગયો. વહેવારની હારે રહ્યો નહિં એ પોતે વહેવારથી નીકળી ગયો. હવે એને રાખવા છે ક્યાં તારે? એય? આહાહા! કહે છે બાહ્ય સામગ્રીમાં જે બાધક સાધક મનાતા જે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે, તેથી તે ન તો કોઈ ને શત્રુ સમજે ન તો કોઈને મિત્ર માને. એ રીતે આત્મસ્વરૂપની ભાવનાના બળે આહાહા! ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ એની ભાવના, ભાવના એટલે એકાગ્રતા એની સન્મુખતા આહાહા! આત્મા સ્વરૂપની એકાગ્રતાના બળે તેના રાગદ્વેષાદિ નો નાશ થતાં તેને કોઈ પ્રત્યે શત્રુ મિત્રપણું રહેતું નથી.

## વિશેષ

જ્ઞાન ભાવના રૂપે પરિણમેલો જ્ઞાની વિચારે છે કે એ આપણે ૩૮ ગાથા નાખી સમયસારની.

**હું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાન - દર્શન પૂર્ણ છું:**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

મેળ કર્યો છે હો. અહીં ક્ષય આવ્યું છે ખરું પાઠમાં એટલે ગાથા મેળવાળી છે. છોટાભાઈની પાઠ છે ને? ક્ષય કરું છું ને? ક્ષય છે ને? રાગાદિ ક્ષીયન્તે પહેલો શબ્દ છે, ક્ષીયન્તે અત્રૈવ રાગાદિ આદિ આહાહા! નિશ્ચયથી હું એક છું. ધર્મી સમ્યગ્દ્રષ્ટિ ધર્મની દશામાં પરિણમેલો એમ છે ને ત્યાં આડત્રીસ (૩૮) માં આવ્યું? આહાહા! હું એક છું ત્યાં ત્રણે પરિણમેલો એમ લીધું છે. આડત્રીસ (૩૮) જીવનું પૂર્ણ સ્વરૂપ ત્યાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે લીધું છે. આહાહા! દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ ત્રણેમાં હું પરિણમેલો એક છું. આહાહા! શુદ્ધ છું તદ્દન પવિત્રનો પિંડ છું. આહાહા! હું અનેક છું એ નહિં સવારમાં આવ્યું તું ને? પર્યાયથી જુએ તો અનેક છે. અન્ય છે. દ્રવ્યથી જુએ તો તન્મય છે, અભિન્ન છે. બીજું શું હતું? ત્રણ - ચાર શબ્દ હતાને? અનન્ય, અભિન્ન અને એક અને તન્મય

ચાર શબ્દ આહાહા! હું એક છું. ગુણ - ગુણીના ભેદ રૂપે અનેક તે હું નહિં. આહાહા! શુદ્ધ છું એ અસ્તિથી લીધું. મમતા રહિત છું હવે નાસ્તિથી. આહાહા! રાગ આદિ મારો છે એનાથી હું રહિત છું. વહેવારનો વિકલ્પ છે એનાથી સમકિતી એમ જાણે છે કે હું એનાથી રહિત છું. જ્ઞાનદર્શનથી પૂર્ણ છું. હવે ખુલાસો કર્યો કે એક ને શુદ્ધ પણ છે શું એ ચીજ? એક ને શુદ્ધ તો એ પરમાણુનેય કહેવાય હેં?

પરમાણુ પણ દ્રવ્ય તો એક છે ને, શુદ્ધ જ છે. જડપણે પણ એ શુદ્ધ છે. આહાહા! ત્યારે કે હું જ્ઞાન દર્શનથી પૂર્ણ છું આહાહા! જાણવું અને દેખવું એવો સ્વભાવ વસ્તુ એ પૂર્ણ સ્વભાવ એ પૂર્ણ જ હોય. આહાહા! સમજાણું કાંઇ? આવો મારગ બચારા સાંભળવા મળે નહિં, એકાંતને કરે ક્યાંય છે નહિં બધા રખડવાના રસ્તા અને માની બેસે કે વ્રત પાળોને, અપ્પા કરોને, દયા પાળો, ને પૂજા ભક્તિ કરોને, મંદિર બનાવો ને જાઓ તમારે ધરમ થાશે. શેઠ? આહાહા!

પાછું આંહી કહે કે એ મંદિર પણ એને લઇને થ્યું એમાં એકાંત નથી? હેં? આહાહા! તો રામજીભાઇ એ આ ધ્યાન રાખ્યું એનું શું થ્યું? બધું અત્યારે કેટલું ધ્યાન રાખ્યું. એ વજુભાઇ એ બધું કેટલું કર્યું. લ્યો આના નકશા બનાવ્યા (બધુય વજુભાઇએ જ કર્યું છે ને?) નકશા ભાઇ કહેતા'તા એક હો. ધનજીભાઇ આ અહીંયા કામ કરે છે ને એમ કહે આ નકશો બનાવ્યો છે ને નકશો ભલે એનો છે બનાવ્યું તો એણે કાગળમાં. ઇ લખ્યું છે ડૉ. જ્યોતિપ્રસાદે ભવન જુઓ તો રમ્ય અને બધું આમ પણ એક અપૂર્ણ એક ક્ષતિ છે. લખ્યું નથી પણ એનો અર્થ ઇ (વહેવારથી લાભ થાય ઇ નથી લખ્યું) અથવા વહેવાર કરો એમેય નથી કહેતા. (પણ રાગ કરવાનું કોઇ કહે) આહાહા! જાત્રા કરવી, કરવી ભાઇ હોય છે એને કરવી એ માન્યતા મિથ્યાત્વ છે સાંભળને. રાગ કરવું ક્યાં છે? રાગને કરવો છે? સ્વરૂપ શુધ્ધ છે એ રાગને કરે? ક્યાંય એનામાં છે એવી શક્તિ કે રાગને કરે? આહાહા! સમજાણું કાંઇ? આવો મારગ છે ભાઇ.

દુનિયાની દુનિયા હારે મેળ ખાય એવો નથી ભાઇ, હેં? (દુનિયા રાગી ને ધરમ વીતરાગી) વીતરાગી ધરમ બાપુ. (એને મેળ કેવી રીતે) સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. સરાગ સમકિત માટે રાગ એમ નહિં., ઇ તો રાગનો ચારિત્રદોષમાં હતો એ સમકિત માત્ર હતું સમકિત સરાગ નથી. સમ્યગ્દર્શન તો પૂર્ણ આનંદની પ્રતીતિરૂપ વીતરાગી પર્યાય છે. આહાહા! સમજાણું કાંઇ? આંહી કહે છે હું જ્ઞાન દર્શનથી પૂર્ણ છું. જેનું જાણવું ને દેખવું એવો જે સ્વભાવ તે સ્વભાવમાં પૂર્ણતા છું. સ્વભાવમાં અપૂર્ણતાને વિપરીતતા ક્યાં આવી? આહાહા! જુઓ આવી વાતું છે ભાઇ. તે સ્વભાવમાં રહેતો, છે ને? આવા

સ્વભાવમાં રહેતો, જ્ઞાન ને દર્શન મારો પૂરણ સ્વભાવ એમાં રહેતો, એ પર્યાય થઇ. પૂરણ જે જ્ઞાન દર્શન સ્વભાવ છે એમાં રહેતો એ પર્યાય થઇ ઓલું પૂરણ ગુણ અને આ દ્રવ્ય થ્યું આહાહા! ઓલામાં લીધું છે ભઇ એમ નય બે કેમ લીધી એમ દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક એમ ગુણાર્થિક કેમ ન લીધી? ત્યારે એમાં લખ્યું છે (શ્વેતાંબરમાં) આ તો આમાંય પૂછ્યું છે.

આપણા શાસ્ત્રમાં કે ભાઇ ગુણ છે એ સામાન્ય છે. એ દ્રવ્યાર્થિકમાં ભળી જાય છે. એટલે ગુણ નય ગુણાર્થિક નય એ લીધું નથી. ગુણ એ સામાન્ય છે ને દ્રવ્ય એ સામાન્ય છે એટલે દ્રવ્યમાં એ ગુણાર્થિક નય ગુણ ભળી ગઇ. શ્વેતાંબર એમ કહે છે પણ આમાં કાલે આવ્યું છે. ઓલા નયના વાંચનમાં એ છે. ભાઇ નયમાં કે બે જ નય તો આવી ગ્યું ને ગુણ છે ત્રીજાને માટે ગુણ નથી? એમ એ શ્વેતાંબરમાં આવે છે. દ્રવ્ય ને પર્યાય બે ગુણ નહિં.

અરે ભાઇ, દ્રવ્ય એકરૂપ અને ગુણ અનેક, બેય ધ્રુવ છે. બેય સામાન્ય છે. હેં? બેય પરિપૂર્ણ છે. એટલે ગુણાર્થિકનય કહો કે દ્રવ્યાર્થિક બધી એક છે. આહાહા! એક ગુણને જુદો પાડી જાઓ તો એ પર્યાયનયમાં જાય અને અનંત ગુણનું એકરૂપ લો તો એ દ્રવ્યાર્થિક ને ગુણાર્થિક બેય એકજ થઇ ગ્યું. આહાહા! સમજાણું કાંઇ? વસ્તુ સ્થિતિ આવી આચાર્યે તો બહુ કામ કર્યું છે. ઘણુ ચોખ્ખું કર્યું છે. ઓહો! (ચોખ્ખું તો આપ કરો છો) એમાં ચોખ્ખું છે ને, બાપા, આચાર્યે આહાહા!

દિગંબર સંતો એ ગજબ કામ કર્યા છે. આહાહા! અભૂતપૂર્વ કામ આહાહા! એવી સ્થિતિ ને જાળવી રાખી છે દિગંબર સંતો એ. કેવળીનો મારગ જાળવી રાખ્યો બાપુ. આ તો ગુણાર્થિકમાં આવે છે ઇ શ્વેતાંબર કહે છે કે ગુણાર્થિકનય નથી માટે ગુણ નથી. દ્રવ્યને પર્યાય બે છે અરે ભાઇ! એમ નથી. દ્રવ્ય જેમ ત્રિકાળી સામાન્ય છે એમ જ્ઞાન - દર્શન - આનંદ અનંત ગુણ સામાન્ય છે. એ દ્રવ્યાર્થિકનયમાં આવી ગયા એ. અંશ જે દશા છે એ પર્યાયનય, બે નયમાં પૂરણતા આવી જાય છે. સમજાણું કાંઇ? આહાહા!

આ લોકોને હજી એમ કે બહારની હોંશ ને હરખ આવે ને મંદિર બનાવવાની ને જાત્રા કરવાની બહુ એણે લખાણમાં જાત્રાના વખાણ કર્યા છે. જાત્રા કરતાં જાતાં જાતાં કેટલા માણસો ને મળાય. કેવા છે એ જણાય તો કેવું કામકાજ ભેગું થાય ઇ તો પંચાધ્યાયીમાંય લીધું છે હોં, એનેય સમ્યગ્દ્રષ્ટિ કહ્યું છે એવું આપણે ત્યાં જાવું પંડિતો એ ત્યાં ભેગા થાવું. એ તો વિકલ્પ છે, વહેવાર છે ને એટલે હોય છે એ બતાવ્યું છે. વહેવાર નથી? મુનિ થાય

તોય એને વહેવાર નથી ? પંચમહાવ્રત આદિ નો વિકલ્પ છે એ વહેવાર છે. આહાહા ! અને ગુરૂ હોય ત્યાં શિષ્ય, મુનિ હોય એ જાય. એ શું છે ઇ બધું વિકલ્પ વહેવાર છે એ જાત્રા માટે જાય, મુનિ પણ જાય. એ વિકલ્પ ઉઠે, રાગ છે જાણે છે કે પરદ્રવ્યને આશ્રયે આ ભાવ છે. પણ મારી નબળાઇને લઇને આ ભાવ આવ્યા વિના રહે નહિં. આહાહા ! તે સ્વભાવમાં રહેતો એનો અર્થ કે હું રાગમાં અને વહેવારમાં નહિં રહેતો. આહાહા ! ભાઇ ? એમ થ્યું કે નહિં ?

તેમાં તે ચૈતન્ય અનુભવમાં લીન થતો હું એક શુદ્ધ મમતા રહિત, પરિપૂર્ણમાં લીન થતો, હું ચૈતન્યના અનુભવમાં લીન થતો ઇ તો અનુભવને, પર્યાયની લીનતાને વેદે છે. ઇ ચૈતન્યના સ્વભાવ સન્મુખમાં લીન થતો હું, આ ક્રોધાદિ સર્વ આશ્રવોને ક્ષય પમાડું છું. આહાહા ! જેટલે અંશે સ્વભાવના શરણે ગયો એટલે અંશે વિભાવના અંશનો નાશ થાય છે. આહાહા ! ભારે કામ ભાઇ આવું. સમજાણું કાંઇ ?

સારાંશ એ છે કે જ્યારે જ્ઞાની પોતાના આત્મસ્વરૂપની યથાર્થતાને જાણી પોતાના આત્મ સ્વરૂપને, આત્મ સ્વરૂપને વહેવારને ને એમ નથી. આહાહા ! યથાર્થ જાણી તેમાં લીન થાય છે, ત્યારે તેના આશ્રવભાવો, રાગાદિ, વિકારો, આશ્રવભાવ એટલે રાગાદિ વિકારો એમ સ્વયં ઉત્પન્ન થતાં નથી. જોયું ? આંહી તો સાંભળેલું છે ને બધું. સાંભળ્યું નથી ? સાંભળ્યું જ નથી મેં ત્યાં સાંભળ્યું હતું ઇ આ નહિં. વિકારો સ્વયં ઉત્પન્ન થતાં નથી આહાહા ! નિહાલભાઇએય નાંખ્યું છે આમાં કે એમાં દ્રવ્ય દ્રષ્ટિ જુઓ તો ખરા, એમ લખ્યું છે કે આત્મામાં એકાગ્ર થાય એટલે રાગ એને ઉત્પન્ન થતાં નથી. એને નાશ થાય એમ એ કહે છે. મહારાજનો પત્રમાં છે. આહાહા ! સમજાણું કાંઇ ? આવી સ્થિતિમાં તેને કોઇ શત્રુ - મિત્ર ભાસતો નથી. તેને સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે. એ ગાથા પૂરી એ ગાથા પૂરી.

ભલે તું બીજા કોઇ નો શત્રુ - મિત્ર ન હો તો પણ બીજો કોઇ તારો શત્રુ - મિત્ર હશેને ? એવી આશંકા કરી તેનું સમાધાન :-

यदि त्वमन्यस्य कस्यचिन्न शत्रुर्मित्रं वा तथापि तवान्यः कश्चिद्भविष्यतीत्याशंक्याह -

**मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ।**
**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ।। २६ ।।**

આહાહા !

૧. અરિ - શત્રુ

દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ[1] - મિત્ર;
દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ - મિત્ર. ।। ૨૬ ।।

**टीका** : आत्मस्वरूपे प्रतिपन्नेवाऽयंलोको मयि शत्रुमित्रभावं प्रतिपधते ? न्न तावद प्रतिपन्ने । यतः मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः । अप्रतिपन्ने हि वस्तुस्वरूपे रागाधुत्पत्तावतिप्रसङ्गः । नापि प्रतिपन्ने यतः मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः । आत्मस्वरूपप्रतीतौ रागादिकप्रक्षयात् कथं क्व चिदपि शत्रुमित्रभावः स्यात् ।। २६ ।।

**અન્વયાર્થ** : **(मां)** મને - મારા આત્મસ્વરૂપને **(अपश्यन्)** નહિ દેખતો **(अयं लोकः)** આ લોક - અજ્ઞાની પ્રાણીગણ **(न मे शत्रुः)** મારો શત્રુ નથી **(न च प्रियः)** અને મિત્ર નથી, તથા **(मां)** મને - મારા આત્મસ્વરૂપને **(प्रपश्न्)** યથાર્થપણે દેખતો **(अयं लोकः)** આ લોક - જ્ઞાની જીવગણ **(न मे शत्रुः)** ન મારો શત્રુ છે **(न च प्रियः)** અને ન મિત્ર છે.

**ટીકા:** આત્મસ્વરૂપ સમજાય છે કે ન સમજાય તો પણ આ લોક મારા પ્રત્યે શત્રુ-મિત્રભાવ કેમ કરે ? પ્રથમ તો (આત્મસ્વરૂપ) ન સમજાય તો પણ તે ન કરે, કારણ કે આ લોક મને દેખાતો નથી. તેથી તે મારો શત્રુ નથી ને મારો મિત્ર નથી; જ્યાં વસ્તુસ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે.

વળી (વસ્તુસ્વરૂપ) સમજવામાં આવતાં પણ ન (કોઇ મારો શત્રુ - મિત્ર છે), કારણ કે આ (જ્ઞાની) લોક મને દેખતો (જાણતો) હોવાથી, તે નથી મારો શત્રુ ને નથી મારો મિત્ર.

આત્મસ્વરૂપની પ્રતીતિ થતાં, રાગાદિનો ક્ષય (અભાવ) થવાથી ક્વચિત્ પણ શત્રુ - મિત્રભાવ કેવી રીતે હોઇ શકે ?

**ભાવાર્થ** : અંતરાત્મા સમાધાન કરે છે કે, અજ્ઞાનીજનો તો મારા આત્માને દેખતા - જાણતા નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઇન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષયમાં શત્રુ-મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે ? તેઓ મારા જડ શરીરને જ દેખે છે, શરીરથી અત્યંત ભિન્નએવો મારો આત્મા તો દેખાતો નથી, તો ભલે તેઓ મારા શરીરને શત્રુ - મિત્ર માને; મને (મારા આત્માને) તેથી શું ?

જ્ઞાનીજનો મારા શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી તેમનામાં રાગ - દ્વેષાદિનો અભાવ છે, તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ - મિત્રભાવ કેવી રીતે હોઇ શકે ? આ રીતે જ્ઞાની કે અજ્ઞાની - કોઇ જીવ મારો શત્રુ નથી કે મિત્ર નથી. ૨૬. આહાહા !

**ટીકા** : આત્મસ્વરૂપ સમજાય કે ન સમજાય તો પણ આ લોક મારા પ્રત્યે શત્રુ-મિત્રભાવ કેમ કરે ? સામાને આત્મસ્વરૂપ સમજાય જ્ઞાનીને કે ન સમજાય અજ્ઞાનીને એ આ લોક મારા પ્રત્યે શત્રુ - મિત્રભાવ કેમ કરે ? કેમ ? શું કરવા કરે નહિં ? કે પ્રથમ તો આત્મસ્વરૂપ ન સમજાય તો પણ તે ન કરે. કારણકે આ લોક મને દેખતો નથી. મારું સ્વરૂપ જે છે એ રીતે તો દેખતા નથી. એના સ્વરૂપને એણે દેખ્યું નથી. તેથી મારા સ્વરૂપને પણ એણે દેખ્યું નથી. આહાહા ! કેમ કે આત્મસ્વરૂપ ન સમજાય એવા પ્રાણી તો પણ તે મારા સ્વરૂપને જાણતાં નથી, તેથી તે ન કરે. કારણકે આ લોક મને દેખતો નથી. તેથી તે મારો શત્રુ નથી. આહાહા ! શત્રુ નથી એની વ્યાખ્યા કરી. આ લોક મને દેખતા નથી, મને દેખ્યા વિના ઇ શત્રુ શી રીતે થાય ? આહાહા ! તેથી મારો શત્રુ કે મિત્ર નથી. કોણ ? સ્વરૂપના અજાણ અજ્ઞાનીઓ એ મારા સ્વરૂપને જાણતાં નથી ને એના સ્વરૂપને જાણતા નથી. એથી એ મારા શત્રુ ને મિત્ર હોઇ શકે નહિં આહાહા ! ઇ ન હોઇ શકે એમ કહે છે. છે ને ? જ્યાં વસ્તુ સ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય, તો અતિપ્રસંગ આવે, એટલે શું કહે છે ? વસ્તુની ખબર નથી અને મારો એ દ્વેષી થાય કે મિત્ર થાય તો તો અતિપ્રસંગ થઇ જાય એમ છે નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? એ તો વિરોધ આવે એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ, વીતરાગમૂર્તિ પ્રભુ એને જેણે જાણ્યો નથી એ મારા સ્વરૂપને તો જાણતો નથી તો મારા સ્વરૂપ પ્રત્યે રાગદ્વેષ કરે. એ તો અતિપ્રસંગ આવે કહે છે. એ જૂઠાઇ આવે એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ?

સમાધિશતક છે આ. સમજાણું કાંઇ ? ત્યાં વસ્તુ સ્વરૂપ ન સમજાય ત્યાં રાગાદિ ઉત્પન્ન થતાં નથી તે તો અતિપ્રસંગ આવે. શું અતિપ્રસંગ સમજાણું ? મને અને એને એણે જાણ્યો નથી અને એને મારા પ્રત્યે રાગદ્વેષ ને મિત્ર થાય એ શી રીતે બને ? મારો મિત્ર ને મારો રાગ એ શત્રુ ઇ ન થઇ શકે, કેમકે એણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું નથી એમ કહે છે. આહાહા !

ભારે વ્યાખ્યા ભાઇ આવી ધરમની. સંપ્રદાયમાં જાય તો કહે વ્રત કરો ને અપ્પા કરો ને પોહા કરો ને સામાયિક કરો દેરાવાસી હોય તો જાત્રા કરો હેં ? પાલીતાણાની ને સમ્મેદશિખરની, દિગંબર હોયતો લૂગડાં કાઢી નાંખો ને નગ્ન થાવ ને ત્યાં પડિમા ધારણ કરો એમ કહે પડિમા ધારણ કરો, અરે બાપુ ! હજી વસ્તુ શું છે એના ભાન વિના પડિમા કેવી ? વ્રત કેવા ? ભાઇ ! આહાહા ! એ વિરોધ કરે છે કહે છે કે એ વિરોધ એને વસ્તુ સમજાણી નથી, તેથી મારી વસ્તુ એને ખબર નથી તો એ વિરોધ કોનો કરે ઇ ? એ એનો પોતાનો કરે છે. આહાહા ! હેં ? આહાહા !

વસ્તુ સ્વરૂપ સમજાવામાં આવતાં પણ હવે સવળું લીધું. જેણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે એવા જ્ઞાની આહાહા! ન કોઇ મારો શત્રુ મિત્ર છે કારણકે જ્ઞાની લોક મને દેખતો હોવાથી જ્ઞાની લોક મને જાણે છે કે એ તો જ્ઞાન સ્વરૂપ છે. આહાહા! તે નથી મારો શત્રુ ને નથી મારો મિત્ર. આહા! અજ્ઞાની એવું સમજતા નથી, માટે મારા સ્વરૂપને જાણતા નથી. તો એ રાગદ્વેષ કરે એ અતિપ્રસંગ થઇ જાય છે. એ કહે કે મને જાણતો નથી અને રાગદ્વેષ કરે, અને મને એને જે જાણનારા છે, એ મને જાણે છે કે એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. અને એનો શત્રુ - મિત્ર થઇ શી રીતે શકે? આહાહા! આહાહા! હેં? કેવી દલીલ આહાહા! આહાહા! કો' જાદવજીભાઇ શું કહે છે આંહી.

કહે છે કે હું જે છું. તે તો આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું અને એવા ચૈતન્યઘન સ્વરૂપને જેણે જાણ્યું નથી એનું, એ મને પણ આવો જાણ્યો નથી કે આ ચૈતન્યસ્વરૂપ છે. તો એણે એનું જાણ્યું નહિં ને મારું એણે જાણ્યું નહિં. તો રાગદ્વેષ શી રીતે કરી શકે મારા ઉપર? આહાહા! સમજાણું કાંઇ? આત્મસ્વરૂપની પ્રતીતિ થતાં, રાગાદિનો અભાવ થવાથી ક્વચિત પણ શત્રુ - મિત્રભાવ કેવી રીતે હોઇ શકે? એમ? કોઇ રીતે શત્રુ - મિત્ર થઇ શી રીતે શકે એમ કહે છે. અંતરાત્મા સમાધાન કરે છે.

**ભાવાર્થ :** અજ્ઞાનીજનો તો મારા આત્માને દેખતાં જાણતાં નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઇન્દ્રિયોને અગોચર છે. તેથી તેઓ મારા વિષયમાં શત્રુ -મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે? મારો વિષયજ એને ખ્યાલમાં આવ્યો નથી. આવ્યા વિના એ શત્રુ - મિત્ર શી રીતે કરી શકે ઇ? આહા! હેં? આહાહા! સંતોના ભાષા તો જુઓ. અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા જાણતાં નથી. મારો આત્મા અતીન્દ્રિય હોવાથી ઇન્દ્રિયોને ગમ્ય નથી. તેથી તેઓ મારા વિષયમાં શત્રુ, મારા વિષય સબંધી, મારા સબંધી શત્રુ - મિત્ર કલ્પના કેવી રીતે કરી શકે? એમ કહે છે મારા સબંધી શત્રુ - મિત્રપણું કેમકે, હું કોણ છું એની તો એને ખબર નથી એને. એને એની ખબર નથી, તેથી મારી પણ એને ખબર નથી. આહાહા! કો પંડિતજી? ... ... તેઓ મારા જડ શરીરનેજ દેખે છે. આહાહા! શરીરથી અત્યંત ભિન્ન એવો મારો આત્મા તો દેખાતો નથી. તો ભલે તેઓ મારા શરીરને શત્રુ મિત્ર માને, પણ મારા આત્માને તેથી શું? આહાહા!

એ તો શરીરને દેખીને આ આ આવો આવો આ વેરી છે ને આ શત્રુ છે ને આ મિત્ર છે. શરીર તો જડ છે. ઓલો ભગવાન અંદર પડયો છે એ તો ભિન્ન છે તદ્દન આહાહા! એને તો એના જ્ઞાનનો વિષય બન્યો નથી. કારણકે ઇન્દ્રિયનાં વિષયમાં એ આવી શક્તો નથી આત્મા એટલે જ્ઞાનનો વિષય એણે બનાવ્યો નથી. તો એ જડની હારે

જડનું શત્રુ - મિત્રપણું ભલે કરે. મારી હારે કરી શકે નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? આ સ્ત્રી, દીકરાઓ બધા મિત્ર તરીકે સંભાળ ન રાખતાં - એ મલુકચંદભાઇ ? વળી આવા ચાર છોકરા, પૈસાવાળા - કરોડપતિ ને આંહી રાંધવાની બાયડી રાખવી પડે કો ! કોણ કહે ? કોણ રાંધે ને કોણ સહાય આપે કહે છે ભૈયા. આહાહા ! આહાહા ! માને મને મારા આત્માને તેથી શું ? શરીર દેખે છે એની હારે શત્રુ - મિત્રતા કરે એમાં મારે શું ? હું એને દેખાતો નથી તો એ મારો વિષયતો એને લક્ષમાં આવતો નથી. તો ઇ મારા પ્રત્યે રાગદ્વેષ, શત્રુ - મિત્ર શી રીતે થઇ શકે ? જુઓને એ વાત ઓહોહો !

'સમાધાન, શાંતિ રાખવાની કળા', આહાહા ! જ્ઞાનીજનો મારા શુધ્ધાત્મ સ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી, જે જ્ઞાની છે, ધર્મી છે એ તો મારા સ્વરૂપને યથાવત્ જાણે છે કારણકે એણે જાણ્યું છે એવો હું છું. આહાહા ! તેમનામાં રાગદ્વેષાદિ નો અભાવ છે, કારણકે હું પોતે જ્ઞાનસ્વરૂપ છું એને જ્ઞાનસ્વરૂપનું ભાન છે. એનામાં રાગદ્વેષ નથી અને મારામાંય રાગદ્વેષ નથી એમ જ્ઞાની જાણે, જણાય છે. આહાહા ! આહાહા ! આવી બધી ઉંચી વાત લાગેને માણસને, આ તો ઉંચી હજી સમ્યગ્દર્શનની સમાધાનની વાતો છે. હેં ? આહાહા ! આ તો મૂળિયા, મૂળની વાતું છે આ. એને એવું માને છે કે આ બધું નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય.

જાત્રા કરતાં કરતાં કલ્યાણ થાય, પંડિતો મળે વિદ્વાનો મળે, ને ઘણાંના વિચારો સાંભળવા મળે, એથી શું ? એથી શું ? એ તો બધા વિકલ્પો છે. આહાહા ! દાનમાં પૈસા ખરચવા મળે એવા પ્રસંગમાં દાન દેવાય, પૈસા ખરચાય, પણ એથી શું ? એ શુભરાગ છે. આહાહા ! શુભરાગ છેએ. આહાહા ! જ્ઞાનીજનો મારા આત્મસ્વરૂપને, શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતાં હોવાથી તેમનામાં રાગદ્વેષ આદિ નો અભાવ છે. તેમનામાં રાગદ્વેષનો અભાવ છે. તો આંહી મારું સ્વરૂપ જાણે એમાંય રાગદ્વેષનો અભાવ છે. આહાહા !

તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ - મિત્રભાવ કેવી રીતે હોઇ શકે ? આહાહા ! એને તો જ્ઞાતા - દ્રષ્ટાનો ભાવ થયો એ શત્રુ - મિત્ર શીરીતે થાય ? આહાહા ! હેં ? હું પણ જ્ઞાતા - દ્રષ્ટા છું. તો એ જાણે છે કે ઇ તો જ્ઞાતા - દ્રષ્ટા છે તો હવે ઇ શી રીતે શત્રુ - મિત્ર થાય. આહાહા ! સમજાણું કાંઇ ? ઓહોહો ! દિગંબર સંતો એક થી એક કોઇ પણ જુઓ. એમણે પરમ સત્યને પ્રસિદ્ધ કરી દીધું છે. આહાહા ! સમજાણું કાંઇ ? મહા ધર્માત્મા સંતો કેવળજ્ઞાનીનાં કેડાયતો અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાના છે આ બધા. હેં ? આ પંચમઆરો એટલે પુરુષાર્થ એટલો નહોતો. એટલે સ્વર્ગમાં ગયા હોય. આહાહા ! એને અલ્પકાળમાં, એકાદભવમાં કેવળજ્ઞાન લેવાના છે. એવી વાત છે આતો. હેં ? આહાહા !

ઓલ્યામાં આવે છે હેમચંદ, હેમચંદ્રાચાર્ય હતા ને મોટા મોટા કળિકાળ સર્વજ્ઞ; એ આંબલીની નીચે ઉભા હતાં, જ્યારે પહેલાં હતાં એ પીપળાને નીચે ઉભા હતા. જ્યારે પ્રશ્ન કર્યો એને જોનારે. પહેલા પીપળા હેઠળ ઉભા હતાં. વડની હેઠે પણ પછી, પ્રશ્ન કર્યો ત્યારે આમ ત્યાંથી નીકળીને આંબલીને હેઠે હતાં. એટલે પ્રશ્ન કર્યો કોઈએ ભગવાનને કે એમ બધી વાતું આવે. પ્રભુ આ હેમચંદ્રાચાર્યના ભવ કેટલા ? કે ઝાડનીચે ઉભા છે એટલા પાંદડા જેટલા એના ભવ એટલે ઓલો ખુશી થયો. ઓહોહો ! વડનાં પાંદડા તો બહુ થોડા સમજાણું ? આંહી આવીને જુએ તો આંબલીને. આંબલી સમજતે હૈ ? એનાં પત્તા બહુ હોય આંબલીને. ઘણા પત્તા જોતાં, અરે મહારાજને પ્રશ્ન કર્યો અવધિજ્ઞાની કે કોઈક ને. ત્યાં તો તમારા ઝાડ નીચે પાંદડા અરે, આના હેઠે આમાં તો બહુ છે ને. તોય સારું છે. જેટલા ભવ છે ને એટલાં પાંદડા ! (ભવનો અંત તો આવ્યો) એવી વાતો આવે છે લ્યો. હેં ? એવી વાત આવે. આહાહા !

એટલા ભવ ધરમી ને હોય જ નહિં. ધરમી ને તો બહુ બહુ હોય તો ૭-૮ ભવ એટલે પંદર. આઠ મનુષ્યના સાત દેવના બસ. બીજી ગતિ ન હોય એને. આહાહા ! મુખ્ય વસ્તુ એમ છે હોં, પછી ગૌણપણે ઘણાભવ કહ્યાં સમકિતને ચોથે, છટ્ઠાને છે ને પણ એ છતાં એ સમ્યગ્જ્ઞાન, દર્શનની જેની ઉગ્ર આરાધના છે, એ તો એ પંદરમાં કે વધારે હોઈ શકે નહિં. એ તો એકાદ બે ભવે. આહાહા ! સમજાણું કાંઈ ? તો કહે છે કે શત્રુ-મિત્ર કેવી રીતે હોઈ શકે ? એ રીતે જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ મારો શત્રુ નથી કે મિત્ર નથી. આહાહા ! કો સમજાણું કાંઈ ?

મહા મીઠી મધુરી વાત છે. હેં ? જ્ઞાનસ્વરૂપી ભગવાન જેની નજરુંમાં નિધાન જોયા, કહે છે કે એ જીવ તો રાગદ્વેષ રહિત છે દ્રષ્ટિમાં ? હેં ? એ તો શુધ્ધ ચૈતન્ય સ્વરૂપનો સ્વામી છે. આહાહા ! તો એવો બીજો જ્ઞાની પણ આવું સ્વરૂપ જે જાણે છે એ મારી ચીજને પણ એવી જાણે છે ઈ. તો મારા પ્રત્યે એને મિત્ર - શત્રુ ક્યાંથી ? એ જ્ઞાતાપણામાં મિત્ર - શત્રુ ક્યાંથી આવ્યો ? કહે છે સમજાણું કાંઈ ?

અને એનું શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટાનું સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જાણ્યું નથી. એણે તો મારું સ્વરૂપ જાણ્યું છે ? મેં માન્યું છે એવું તો એણે જાણ્યું નથી એણે કારણકે ઇન્દ્રિય ગ્રાહ્ય હું છું નહિં. અતીન્દ્રિયગ્રાહ્ય જેને થયો હોય આત્મા એ અતીન્દ્રિયગ્રાહ્ય મને જાણે. આહાહા ! ઇન્દ્રિયથી શરીર દેખાય અને એની હારે શત્રુ - મિત્ર કરે જડ હારે. તેમાં મારે શું ? આહાહા ! હવે ૨૭ (સત્યાવીશ) મી ગાથા લેશું. ૨૬ પૂરી થઈ.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૩૬

## શ્લોક – ૨૭ અને ૨૮

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૫.૦૧.૭૫**

अन्तरात्मनो बहिरात्मत्वत्यागे परमात्मत्वप्राप्तौ चोपायत्वं दर्शयन्नाह -

**त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः ।**
**भावयेत्परमात्मानं सर्वसंकल्पवर्जितम् ।। २७ ।।**

એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;
સૌ સંકલ્પવિમુક્ત થઈ, ભાવો પરમસ્વરૂપ. ।। ૨૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

टीका : एवमुक्तप्रकारेणान्तरात्मव्यवस्थितः सन् बहिरात्मानं त्यक्त्वा परमात्मानं भावयेत् । कथंभूतं ? सर्वसंकल्पवर्जितं विकल्पजालरहितं अथवा सर्वसंकल्पवर्जितः सन् भावयेत् ।। २७ ।।

સમાધિતંત્ર અંતરાત્માને બહિરાત્મપણાના ત્યાગનો અને પરમાત્મપણાની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતાં કહે છે. છે ને ?

અન્વયાર્થ : **(एवं)** આવી રીતે **(बहिरात्मानं)** બહિરાત્માને **(त्यक्त्वा)** તજી **(अंतरात्मव्यवस्थितः)** અંતરાત્મામાં વ્યવસ્થિત થઇ તથા **(सर्वसंकल्पवर्जितं)** સર્વ સંકલ્પોથી રહિત થઇને **(परमात्मानं)** પરમાત્માને **(भावयेत्)** ભાવવો.

**ટીકાઃ** એવી રીતે એટલે ઉક્ત પ્રકારે અંતરાત્મામાં વ્યવસ્થિત થઇને અને બહિરાત્માનો ત્યાગ કરીને પરમાત્માની ભાવના કરવી, કેવા થઇને ? સર્વ સંકલ્પોથી રહિત થઇને- વિકલ્પજાલરહિત થઇને અર્થાત્ સર્વ સંકલ્પોથી મુક્ત થઇને (પરમાત્માની ભાવના કરવી). (૨૭)

**ભાવાર્થઃ** પ્રથમ જીવ બહિરાત્મપણાને છોડી આત્મસ્વરૂપની સન્મુખ થતાં અંતરાત્મા થાય છે. ત્યારબાદ ક્રમે ક્રમે પુરુષાર્થ વધારી સર્વ વિકલ્પોથી રહિત થઇ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માની આરાધના કરે છે, અર્થાત્ તેમાં લીન થઇ તદ્રૂપ બનવાની ભાવના ભાવે છે. એ પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે. ૨૭

---

**ટીકા** : એવી રીતે એટલે ઉક્તપ્રકારે અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને, જુઓ આ ઉપાય. વહેવાર રત્નત્રયનો વિકલ્પ એ ઉપાય એમ નથી અહીં કહ્યું, સીધો ભગવાન, શુધ્ધ આત્મા પૂર્ણાનંદ, સચ્ચિદાનંદ સ્વભાવ, એને પ્રાપ્ત કરીને પરમાત્માની ભાવના કરવી એટલે પરમાત્મા થવાની એકાગ્રતા કરવી. આંહી તો સીધું આમ કહ્યું છે. વહેવાર સાધન, નિશ્ચય અંતરાત્મા સાધ્ય એમ નથી કહ્યું. આહાહા !

બહિરાત્માનો ત્યાગ કરીને, એટલે શુધ્ધ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ તેમાં વ્યવસ્થિત થઈને, વ્યવસ્થિત વિશેષ અંતર અવસ્થા પ્રગટ કરીને, ઝીણી વાત છે જરા. પ્રથમ સમ્યગ્દર્શનમાં, પ્રથમ સમ્યગ્દર્શનની ભાવના એ સ્વરૂપની શુધ્ધતામાં એકાગ્ર થવું તે. આહાહા ! આ તો સીધી વાત લીધી. વહેવાર સાધન અને નિશ્ચય સાધ્ય આહાહા ! આત્મા આનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એને દ્રષ્ટિમાં લઈને વ્યવસ્થિત આત્મામાં રહે, વિશેષની અવસ્થા પ્રગટ કરવી આહાહા ! લ્યો, આ તો સીધો ઉપાય આ છે. બહિરાત્માનો ત્યાગ કરીને એટલે સ્વરૂપમાં જે રાગની એકતા ને રાગ તે હું, એવી જે માન્યતા હતી એ બહિરાત્મા, એટલે કે એના સ્વરૂપમાં નથી એવા દયા, દાન, વ્રતાદિના વિકલ્પો એ અશુભ વિકલ્પો એ મારા હું એનો એ બહિરાત્મા. જે એનામાં નથી, તેને, બાહ્યચીજને, પોતાની માનવી એ બહિરાત્મા, તે મિથ્યાદ્રષ્ટિ. આહાહા ! પર શરીર, વાણી, મન, કુટુંબ એની તો વાત આંહી છે જ નહિ. એ તો ક્યાંય જુદા રહી ગયા, છોકરા

ક્યાંય રહી ગયા જુદા (શ્રોતા : મુંબઈ) મુંબઈ, પણ આહિં હોય તોય જુદા રહે છે, એ ક્યાં એના છે? આહાહા!

અહીંયા તો અંદરમાં પર્યાયમાં પોતાની કમજોરીને લઈને, જે રાગને દ્વેષ થાય, તે હું ને તે મારા. અહમ્ મમ્, એ હું એ મારા, એ બહિરાત્મા. આહાહા! તે મિથ્યાદ્રષ્ટિ જીવ છે. ચાહે તો સાધુ થયો હોય બાહ્યથી, પણ અંદરમાં એ રાગની ક્રિયા, શુભભાવની ક્રિયા એ મારી છે અને મારું એ કર્તવ્ય છે, ત્યાં સુધી તે બહિરાત્મા મિથ્યાદ્રષ્ટિ છે. આવી વસ્તુ છે. એ બહિર જે વસ્તુ એમાં નથી એને પોતાની માનીને બહિરાત્મપણું હતું. એ શુદ્ધ આનંદઘન છું. એમ એને આ તો આનંદઘનમાં સન્મુખ થઈને, અંતર એકાગ્રતા થઈને વ્યવસ્થિતપણું પર્યાયનું નિર્મળ પ્રગટ કરવું. તેથી બહિરાત્મપણું ઉત્પન્ન થતું નથી. બહિરાત્મપણું એણે બહિરાત્મપણું છોડયું એમ કહેવામાં આવે છે. આહાહા! મારગ તો ભાઈ મારગ છે આ. સમજાય છે કાંઈ?

એ બહિરાત્મપણું, પણ દર્શનમોહને લઈને નહોતું. એણે માન્યતામાં ઉભું કર્યું હતું. માટે એ હતું. જે ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય આનંદઅને અતીન્દ્રિય જ્ઞાન, અણીન્દ્રિય સ્વરૂપ એમાં એ પુણ્ય ને પાપ, રાગ દ્વેષના ભાવ એના સ્વરૂપમાં નથી, એને અંદર પોતાના માને એ એનો મિથ્યાત્વનો દોષ છે. એ કર્મનો દોષ નથી. કર્મને કારણે એ પર વસ્તુને પોતાની માને છે એમ નથી. આહાહા! મારગ ભારે ઝીણો, એ પોતાની માન્યતાથી, ઉલ્ટી દ્રષ્ટિથી, શુદ્ધ ચૈતન્ય, નિર્મળ સ્વયંજ્યોતિ સુખધામ, 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ' એવી ચીજને છોડી દઈ.

એટલે કે એને લક્ષમાં ન લેતાં, મહાપ્રભુ ચૈતન્યની સત્તા છે; એના ગણકાર્યા વિના, ગણકાર કર્યા વિના એને ગણનામાં ન લીધો, અને રાગનેદ્વેષના પર્યાયે, દયા, દાન, કે વ્રતાદિના પરિણામને ગણનામાં લીધો, આત્માની હારે એને એકમેક માન્યા તે માન્યતાનો દોષ છે, એ માન્યતાનો દોષ કર્મને લઈને નથી. (એ કે દિ'થી છે?) એ અનાદિથી છે. એમાં આવ્યું નહોતું, છ ઢાળામાં પહેલું? અનાદિનું, મહામોહ પિયો અનાદિ. કયા કહેતે હૈ, તમે નહોતું કર્યું. મોઢે પહેલું ઈ (શ્રોતા : મોહ, મહામદ પિયો અનાદિ ભૂલ આપકો ભરમત વાદિ) ઈ પહેલે કિયા થા કે નહિ, છ ઢાળા? (શ્રોતા : નહિ કિયા થા) નહિં કિયા થા. આહાહા! મોહ, મહામદ પિયો અનાદિ તેથી ભ્રમિત થયો એ ભ્રમણામાં, કર્મ ને લઈને ભ્રમણામાં થયો એ છ ઢાળામાં યે નથી (શ્રોતા : કર્મને મહામોહ મદ કહેવાય ને) ઈ એ નહિ. આહિં તો મહામદ ભાવ છે, એની વાત છે. ભૂલ્યો કીધું ને? અનાદિથી ભૂલ્યો કીધું, મહામદથી ભૂલ્યો છે એ. એ પોતાના ભાવમાં (શ્રોતા : ભૂલી આપકો) (ભરમત

વાદિ) આ ભૂલી આપકો ભરમતવાદી ભ્રમણા કરે છે કે મૈં હું, આહાહા! ઘણી વાતો આમાં.

ચોપડીમાં બધા લેખ આવ્યા છે. કેટલાય એ આંહીનો આવ્યો તો ને ઓલા ગણેશ પ્રસાદવર્ણી આહિંનો ખુલાસો. નહોતું આવ્યું? પહેલાં આવ્યું'તું (શ્રોતા : જ્યોતિ પ્રસાદ આ જ આવ્યું છે) એ નહિ જ્યોતિપ્રસાદ આ તો પુસ્તક છપાણું, નહિં, ઓલા બાબુ જમાદાર તરફથી આવ્યું છે ઇ. કાનજી સ્વામીના વિચારો સંબંધી વર્ણીજીનો ખુલાસો, આવી ગયું છે અહીં આપણે. નથી આવ્યું પુસ્તક? (શ્રોતા : આવી ગયું છે) આવી ગયું છે.આહાહા! પણ એણે તો આની ભૂલ કાઢી છે, વાત સાચી છે, ઈ વાત એની સાચી છે. ભાઈની, કૈલાશચંદ્રની, કૈલાશચંદ્રજીએ લખ્યું'તું ને પહેલા, કે આપણા દિગંબરમાં એ ચેતનજી, એવું સાહિત્ય નથી એવું સાહિત્ય શ્વેતાંબરમાં છે, એમ લખ્યું'તું, મોટી ભૂલ કરી'તી, એનું જીવન અને એમનું વર્ણન જે કરવું છે વસ્તુનું સ્વરૂપ, એ તો દિગંબરમાં પૂરેપૂરું છે. આ તો કેટલા પારણા કર્યા ને કેટલા આ કર્યા, હવે એનું અહીં શું કામ છે. એ બધું ખોટું છે ખોટી વાતું છે બધી. જૈન ગેજેટમાં કૈલાશચંદ્રજીની ખોટી વાતું.

વાત તો સાચી છે કે નહિં. દિગંબરમાં શું નથી? મહાવીર સર્વજ્ઞ કેમ થયા ત્યાંથી બધું વર્ણન છે. એટલું વિસ્તારથી વર્ણન છે, એવું વર્ણન તો કોઈ દિ' શ્વેતાબંરમાંય નથી. મૂળ જીવનની વાત છે, ને હવે? કેટલા પારણા કર્યા? ને ક્યાં ચોમાસા રહ્યા ના આંકડા (શ્રોતા : કોણ પણ નક્કી કરવા ગયું છે) પણ શું કામ? ઈ એ તે એના સાચા કરેલા છે કે? ખૂબ લખેલું છે હોં. એ વાતે ન્યાં જૈન ગેજેટવાળા એ, એ સાચી હોય તો કેમકે તમને શ્રદ્ધા નથી લાગતી આચાર્યની, એમ લખ્યું છે. જૈન ગેજેટવાળાએ, એ માન એને ભાઈ, બેયને મોટી તકરાર છે ઘણું લખ્યું છે, આહાહા! અને વિદ્યાનંદજીનો મોટો લેખ આહારની શુદ્ધિથી શરીરની નિરોગતા રહે, મનની સ્ફુરતા રહે. ધર્મમાં સહાય થાય એ મોટો લેખ, જબ્બર આહારનો (શ્રોતા : પરદ્રવ્યથી પરદ્રવ્યનો સંબંધ થાય) કે એની સાથે શું સંબંધ બાપુ. આહાહા!

તો એનો અર્થ સમન્વય થઇ જાય. ઝાઝા ભરાય માણસ ઘણું ભરાય લોકરંજનની શૈલી બધી. બહુ માણસ ભરાય. હવે આવી વાત કે, આ આત્મા પોતાના શુદ્ધ આનંદઘનને ભૂલી અને એ શુભ - અશુભ ભાવને, પોતાના મિથ્યાત્વભાવથી માને એ ભ્રમણામાં અજ્ઞાની પડયો છે, હવે સમાજમાં એટલા બધાના રાજી આમાં થાયને, મારગ તો આ છે, વસ્તુ તો આ છે. સર્વજ્ઞ વીતરાગતા, ત્રિલોકનાથ પરમાત્માની દિવ્ય ધ્વનિનું આ સ્વરૂપ છે. (શ્રોતા : એ આ દિવ્ય ધ્વનિનું સ્વરૂપ સાંભળવા ઘણાય આવ્યા'તા) હવે તો ઘણાય આ લોકો બધા વીસ વીસ હજાર થાય મેદની, (શ્રોતા : આપણા દિગંબરના

૫૦ હજાર) હવે આપણા અંહિયા ૨૫ હજાર થયા છે, ૨૬ હજાર આ વખતે અને આ એમ કહે છે કે ત્યાં ૫૦ હજાર થવાના છે. ખીમચંદભાઈ તે દિ' કહે કે લાખ થવાના છે અને પછી બે - ત્રણ પડી જશે, ભાગ પડી જશે. હો. સમેતશિખરમાંય છે. અને બીજું અહીંયા કુંડલપુરમાં છે. લોકોનો ઉત્સાહ ઘણો છે ત્યાં. કાલ આવ્યું ને કંકોત્રી આવી છે આંહી. નિમંત્રણ ભોપાલનું આહાહા! માણસને હો હા, હો હા જોઈએ છે. મોટી સભા એમાં લોકો રાજી થાય બધા (શ્રોતા : એમાં મનુષ્ય વહેવાર જોઈએ છે ને, આત્મવહેવાર ક્યાં છે?) મનુષ્ય અરે એ શુભ તો અનંતવાર કર્યો છે, અરે વ્રતના ભાવ, તપના ભાવ, દયા, દાનના ભાવ, અનંતવાર કર્યા છે. મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેક ઉપજાયો (શ્રોતાઃ પૈ નિજ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો) નિજ આત્મજ્ઞાન. આહાહા!

સાધુના અઠયાવીસ મૂળ ગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, એ બધો રાગ છે, વિકલ્પ રાગ છે. એ રાગથી ચૈતન્ય ભિન્ન છે. એવું ભેદજ્ઞાન કરીને આત્મજ્ઞાન ન કર્યું એણે. અને એ આત્મજ્ઞાન વિના સુખનો સ્વાદ એને ન આવે, એ રાગનો સ્વાદ આવે, પંચ મહાવ્રત પાળે, એ તો રાગનો, આશ્રવનો સ્વાદ છે. આહાહા! ભારે વાતું ભાઈ. (શ્રોતા : આકુળતા છે) આકુળતા છે ભાઈ, શાંત સ્વરૂપ ભગવાન એકલો અકષાય સ્વભાવનો રસ આત્મા છે. શાંત, શાંત, શાંત એની દ્રષ્ટિ તો કરી નહિ, એની સન્મુખ થયો નહિ, અને રાગની ક્રિયા થઈને સ્વભાવથી વિમુખ થયો, અને વિકારની સન્મુખ થયો એ મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ?

વેદનમાં એણે ફેર ન પાડયો, અનાદિથી રાગનું વેદન છે. એ વેદનમાં રહ્યો. આહાહા! પણ હું એક, શુદ્ધ આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ છું એવું વેદનમાં ન એણે કીધું, ભાષામાં તો કીધું, વાંચ્યો અગિયાર અંગ તે, સમજાણું કાંઈ? આહાહા! આંહી કહે છે બહિરાત્માનો ત્યાગ કરીને, એ રાગની ક્રિયા જે શુભ, દયા, દાન, વ્રત આદિ, એ મારી છે. એવું જે બહિરાત્મપણું એને ઉપદેશની શૈલીમાં તો શું આવે? એનો ત્યાગ કરીને, એટલે કે રાગની એકતા બુદ્ધિ જે પડી હતી, એનાથી લક્ષ છોડીને, ચૈતન્ય મહાપ્રભુની દ્રષ્ટિ કરવી એ અંતરાત્મા થવું, અંતરાત્મા થયો એટલે બહિરાત્માનો ત્યાગ થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ? આવો ધરમ ભાઈ!

ઓલા બિચારા જાત્રા કરવા નીકળ્યા હોય, મહેનતું કરીને, મહિના, મહિના, બબ્બે મહિનાથી મેલા લુંગડા હોય, ન્હાવા મળે નહિ, ધોવા મળે નહિ. હવે એને એમ કહેવું કે જાત્રાનો ભાવ કરવો એ ધર્મ નહિ, રાડ નાંખે ને બિચારા. હેં? એય? (શ્રોતા : એને વસમું લાગે) હેં? બહુ, બાપુ, પણ આ મારગ નથી બાપુ. એ તો પર દ્રવ્ય સન્મુખની

ક્રિયા થઈ, આહાહા! એ જાત્રા, ભગવાનની ભક્તિ, પરમાત્માની પૂજા આવે છે ને સવારમાં? નહિ, કાંઇ બોલે આપણને બહુ યાદ ન આવે બધાને સન્મતિનાથ ને એવું બોલ છે ને? ક્યાં ગ્યા પૂનમચંદજી? નથી?

ભગવાન તો એમ કહે છે કે તું મારી સામું જોઈને જે શુભરાગ કરે છે, એને તો અમે પુણ્યનું કારણ કહ્યું છે. એ ધર્મ નહિ ને ધર્મનું કારણ નહિ. આહાહા! (શ્રોતા : પરંપરાકારણ તો ખરૂં ને?) ધૂળેય પરંપરાકારણ નથી. પરંપરા અંધદર્શનનું કારણ છે એને તો. એ તો સમક્તીને પરંપરાનું કારણ કહ્યું. કેમ કે રાગની રૂચિ છોડી, ચૈતન્ય સ્વરૂપની દ્રષ્ટિ થઈ છે. અને એનામાં જે શુભભાવ થાય છે, એમાં અશુભ ઘટે છે, એને હોં એ દ્રષ્ટિવંતને એથી ઘટે છે. અને હવે પછી આને પણ છોડીને સ્થિર થશે. એટલે પરંપરા કહેવામાં આવ્યું છે. આહા! ભારે મારગ બાપુ.

એ રીતે અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને, બહુ જ ટૂંકામાં, બહિરાત્માનો ત્યાગ કરીને, પરમાત્માની ભાવના કરવી, શબ્દ તો એમ છે જુઓ, 'ત્યક્તેવ બહિરાત્મા', હેં? હવે સમયસારમાં તો એમ કહ્યું છે કે, રાગ - દ્વેષનો નાશ કર્તા આત્મા નથી. હેં? ૩૪ ગાથા. રાગ - દ્વેષનો નાશ કર્તા એ તો નામ માત્ર છે. પરમાર્થે ભગવાન આત્મા રાગ દ્વેષનો નાશ કરનારો કહી શકાતો નથી. કેમ કે જે સ્વરૂપ શુદ્ધચૈતન્ય છે, એમાં જે દ્રષ્ટિ આપી, એટલે રાગની - મિથ્યાત્વની ઉત્પત્તિ ન થઈ, એણે મિથ્યાત્વનો નાશ કર્યો, એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. આહાહા! આવી વાત ભાઈ!

વીતરાગ પરમ સર્વજ્ઞ પરમેશ્વર, ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આ વાત કરતા હતા. સમજાણું કાંઈ? પરમાત્માની ભાવના કરવી. એટલે અંતરાત્મા થઇ બહિરાત્મા છોડી પરમાત્માની ભાવના કરવી. આહાહા! એટલે? કેવા થઈને? સર્વ સંકલ્પોથી રહિત થઈને, છે ને? 'સર્વ સંકલ્પ વર્જિતમ્', ચોથું પદ છે. ગુણ - ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડી દઈને દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એને તો છોડી દઈને, પણ હું એક શુદ્ધ છું, બુદ્ધ છું એવો જે વિકલ્પ એને છોડી દઈને, આહાહા! આવો મારગ છે.

સીધો ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરવો એ માણસને ઠીક પડતું નથી. કાંઈક કાંઈક બીજો હળવો સાધન બતાવો હળવું. અગાસમાં એ પ્રશ્ન થયો'તો, લોકોએ સાંભળ્યું. માણસ બધું સભા મોટી, હિંમતભાઈ આવ્યા, કહે, અહીંની વાત નિશ્ચયની વાત સાચી પણ એનું સાધન? આ ભક્તિ કરવી, શાસ્ત્ર વાંચવા, પૂજા કરવી એ એનું સાધન, એ એમ ન કરે ત્યાં સુધી સંતોષ ન થાય એને, પણ એ સાધન છે જ નહિ.

આહાહા ! એ તો બાધક છે. શું થાય ?

મૂળ જાતની ભાત પડે નહિ, જ્યાં એ રાગથી ભાત પડે અંદર ? (શ્રોતા : ન પડે) એ સ્વરૂપ ચૈતન્ય અલિંગગ્રહણમાં આવ્યું નહોતું ? પોતાના સ્વભાવથી જણાય, એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. છઠ્ઠો બોલ છે, વીસ બોલ છે ને અલિંગગ્રહણના ? ૧૭૨ ગાથા પ્રવચન સાર. અલિંગગ્રહણના વીસ બોલ છે, તેનો છઠ્ઠો બોલ છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો છે, રાગ વિભાવ છે, એનાથી જણાય એવો નથી આહાહા. કેટલું સ્પષ્ટ છે. અને તે પ્રત્યક્ષ જ્ઞાતા છે. એણે મનનો આશ્રય છોડી દીધો છે. તેથી એને આત્માનો સીધો આશ્રય થયો છે. તેથી તે પ્રત્યક્ષ જાણનાર દેખનાર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ત્યાં એમ નથી કહ્યું કે રાગની મંદતાથી જણાય એવો આત્મા છે, એમ તો કહ્યું નથી આહાહા ! (શ્રોતા : રાગતો બાધક છે) એ તો બાધક છે. જે જે કહ્યાં સાધક તે તે ત્યાં બાધક છે. એ તો આવી ગયું ને અંદર ? સંકલ્પ, વિકલ્પ, વિઘ્ન કરનાર છે. આહાહા ! સર્વ સંકલ્પથી રહિત થઈને, વિકલ્પ જાળ રહિત થઈને સર્વ સંકલ્પથી મુક્ત થઈને પરમાત્માની ભાવના કરવી. આહાહા !

ગૃહસ્થાશ્રમમાં પણ આ કરવાનું છે, કહે છે, શ્રાવકને એ આવે છે ને ? યોગસારમાં દોહા આવે છે. જે આત્મામાં લીન થઈ, નહિ ગૃહસ્થાશ્રમમાં આવે છે ને ? યોગસારમાં, ગૃહસ્થાશ્રમમાં (શ્રોતા : ગૃહકામ કરતાં કરતાં લીન થઇ કરે અધિક અભ્યાસ). આ તો ગૃહાસ્થાશ્રમ નો છે. હેં ? ઈ જે ગૃહકામ કરતાં થકા, જે આત્મામાં રહે લીન, ઈ ગૃહસ્થાશ્રમમાં પણ રાગાદિના વિકલ્પો જે છે, એને છોડીને આત્માનું ધ્યાન કરે, આત્માને દ્રષ્ટિમાં લે એટલે વિકલ્પ તૂટી જાય. આહાહા ! મારગ ભારે ભાઈ.

હવે આંહી કેટલો લેખ લખ્યો છે ભાઈ ! વિદ્યાનંદજીએ, આહારમાં ઈ શું કહેવાય ઈ ? વૈદું (શ્રોતા : આરોગ્ય) આયુર્વેદ, આયુર્વેદ, આયુર્વેદ ને ? આયુર્વેદ આમ કહે છે આયુર્વેદ આમ, અરે ! ભગવાન, અહીં ભગવાન શું કહે છે એ કહે ને, હવે આયુર્વેદને હવે, ઘણો મોટો લેખ છે. બસ આહાર સુધારો એનાથી મન સુધરે, એમાંથી સુખની પ્રાપ્તિ થાય ને બધું, આવે એવું શું થાય ? આહાહા ! ને માણસને અત્યારે ટોળા ભેગા થાય એ, એ ઈ પ્રભાવિત કહેવાય, ધર્મની પ્રભાવ કરનારો, (શ્રોતા : પ્રભાવના તો છે બધી પણ ધર્મની ક્યાં છે ?) ધૂળની છે. પ્રભાવના ક્યાં ? આહાહા ! પ્રભાવના તો પ્ર વિશેષે અંતરમાં એકાગ્ર થવું એ પ્રભાવના છે. (શ્રોતા : આત્મા પ્રભાવની રત્નત્રય) ઇ

આત્મ પ્રભાવની એ આવે છે ને ? એ છે આત્મ પ્રભાવની, દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના કેડાયતો સત્યને પરમ ઉભું રાખ્યું છે. સમજાય છે કાંઈ ? એવી વાત ચોખ્ખી, ક્યાંય બીજે ન મળે, સમજાણું કાંઈ ?

હવે એના માનનારાનેય ખબર નથી હજી. આહાહા ! કે શું ભગવાન કહે છે ને દિગંબરનો પંથ શું છે ? આહાહા ! બહારથી કપડાનો ત્યાગ, ને અંતરથી લાગણીનાં વિકલ્પનો ત્યાગ એનું નામ દિગંબર છે. અંદરમાં વિકલ્પ જે થાય એને, આવો ને આવો ને. એનો ત્યાગ, દિગ્ નામ આકાશ ને અંબર એટલે કે એને વિકલ્પનો અવકાશ નથી, વિકલ્પ એ એનાં સ્વરૂપમાં નથી, એવી ભાવના કરે ગૃહસ્થાશ્રમમાં કરી શકે, આહાહા ! શુદ્ધ ઉપયોગ ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. સમજાણું કાંઈ ? હેં ? ત્યારે વળી એ લઈ આવ્યા કેટલી ૨૫૪ ને ? ગૃહસ્થને આ ધર્મથી મોક્ષ થાય હેં ? ૨૫૪, ૨૫૪, એ પોણોસો (૭૫) ગાથા જુદી અહીં તો ૨૫૪. ત્યારે મોટી ચર્ચા થઈ હતી અમદાવાદમાં. આહાહા ! કહે છે જો ગૃહસ્થને તો શુભભાવથી પરંપરા એને જ મોક્ષ થાય એવું લેવું, એ તો ચરણાનુયોગનું વહેવારથી કથન છે કે, જેને આત્મ અનુભવ થયો છે, આત્માઆનંદનું વેદન જેને પ્રગટ્યું છે. એને શુભભાવ આવે છે તો ઘણાં અશુભ ત્યાં ટળે છે. એ હળવે હળવે આ શુભને ટાળીને મોક્ષ લેશે એમ, રાખીને થશે ? એનાથી થશે ? (શ્રોતા : નહિં) આહા ! આંહી પરમાત્માની ભાવના કરવી.

**ભાવાર્થ :** પ્રથમ જીવ બહિરાત્મપણાને છોડી, લ્યો, પ્રસિદ્ધ શબ્દ પડ્યો છે ને ? અંદરમાં ? સંસ્કૃતમાં છે અનંત જ્ઞાનાદિ આત્મઘન, પ્રસિદ્ધ પરમાત્મા. હેં ? છે પ્રસિદ્ધ શબ્દ ક્યાંય ? (શ્રોતા : ૨૮ માં છે) એ ૨૮ એ તો ૨૮, ૨૮ માં આવે છે, ત્યાં પ્રસિદ્ધ પરમાત્મા લીધો છે. આહાહા ! વસ્તુ પ્રસિદ્ધ છે કે એ તો પરમાત્મસ્વરૂપ છે એમ કહે છે. આહાહા ! પ્રસિદ્ધ સિદ્ધ નથી આવતું સ્તુતિ ઈ (શ્રોતા : સિદ્ધ) ઈ ત્યાંય પ્રસિદ્ધ, પ્રસિદ્ધ શુદ્ધમ્ આંહિ આત્મા પ્રસિદ્ધ નથી ? કહે છે આહા ! પ્રસિદ્ધ થયો છે અનાદિથી કે આત્મા પરમાત્મા સ્વરૂપ છે, એ તો પ્રસિદ્ધ છે. આ વાત આહાહા ! જીવ બહિરાત્મપણાને છોડી આત્મ સ્વરૂપની સન્મુખ થતાં, આંહીથી વિમુખ થયો, સ્વરૂપથી સન્મુખ થયો લ્યો, આહાહા !

રાગને પોતાનું માનતો, તેનાથી વિમુખ થયો, અને સ્વરૂપની સન્મુખ થયો. આહાહા ! એનો વિકલ્પ સહિત નિર્ણય તો કરે કે મારગ તો આ છે. આહાહા ! બાકી બધી વાતું છે. આહા ! અંતરાત્મા થાય છે. લ્યો ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન અનંતચતુષ્ટય આનંદ, જ્ઞાન, દર્શન, ને વીર્ય, એવું જે અનંત ચતુષ્ટય સ્વરૂપ જ એ આત્મા છે, ભગવાન ને અનંતચતુષ્ટય પ્રગટ થયા છે, પર્યાયમાં, આ અનંતચતુષ્ટય સ્વભાવ

એનો છે. ઈ ભગવાન જ છે એ આ આત્મા. આહાહા! જરીક વખાણ થાય ત્યાં ખુશી થઈ જાય, આ માળો કેવો, પરમાત્મા હશે? આહા! કાંઈ જરી પાંચ ઈન્દ્રિયના વિષયોની અનુકૂળતા હોય ત્યાં અમે સુખી છીએ, આહાહા! અરે, ક્યાં ગયો તું ભાઈ! (શ્રોતા : ઈન્દ્રિયોના વિષયોમાં) ન્યાં તારું લક્ષ ગયું બાપુ! પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, આ વાત તો હળવે, હળવે કહેવાય ને! કે મહારાજ તમે પહેલાં તો બહુ જોરદાર કહેતાં હવે શક્તિ ઘટી લાગે છે એમ કેટલાક કહે છે.

આ વાડીભાઈના વહુ આવ્યા'તા ને? છે કે નહિં? ગયા હશે, વાડીભાઈ ભાવનગરવાળા નહિં? ગૃહસ્થ છે ને? વાડીભાઈ ચત્રભુજ આવ્યા હતા ને પ્રાણભાઈને એ, ક્યાં પ્રાણભાઈ છે કે નહિં? ત્યાં એના દીકરાની દીકરી આપી છે ને એના દીકરા વેરે પ્રાણભાઈના, તે આવ્યા હતા મળવા માટે. એ અંદર આવીને કહે, મહારાજ કે, હું પહેલા વ્યાખ્યાનમાં આવતી હતી તમને, સંપ્રદાયમાં કે આવતી ત્યારે, ક્યાંક આવતી હશે, હવે તો બોલવાની શક્તિ ઘટી લાગે છે. આ તો હળવે હળવે આવે ને એ કહેતાં 'તા હોં. પ્રાણભાઈનો આહાર હતો ને તે દિ' આવ્યા હતા. ધીરૂભાઈનો દીકરો હતો ને હારે, ભાઈ! આ મારગ જુદો છે બાપુ! આહાહા!

વસ્તુ સ્વરૂપ શુદ્ધ, ને અવલંબન લેવું એ શુદ્ધને સન્મુખ થવું એ એને કરવા જેવું છે, પહેલામાં પહેલું કર્તવ્ય, હોય તો આ છે. આહાહા! સમજાણું કાંઈ? દુનિયા દુનિયાનું જાણે, અનેક મત, અભિપ્રાય જગતનાં હોય, પણ વીતરાગનો અભિપ્રાય તો આ છે. સમજાણું કાંઈ? આહાહા!

ત્યાર બાદ ક્રમે ક્રમે પુરૂષાર્થ વધારી એટલે શું કહે છે? પ્રથમ ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે. એની સન્મુખ થઈને અંતરાત્માપણું પ્રગટ કરવું. અને પછી ધીમે ધીમે સ્વભાવનો આશ્રય વધારીને, ભાવમાં એકાગ્ર થતાં પરમાત્મા થવું. આહાહા! કહો સાધન તો આ છે. એક જ વાત કહે છે. પ્રથમ એક અંતરાત્માપણે પરિણમવું અને પછી પણ અંતરાત્મામાં એકાગ્ર થવું એ જ પરમાત્મા થવાનું કારણ છે. વચમાં બધું વહેવાર આવે માટે એ પરમાત્માનું કારણ છે એમ છે નહિં. આહાહા! સમજાણું કાંઈ? ક્રમે ક્રમે પુરૂષાર્થ વધારી, સર્વ વિકલ્પથી રહિત થઈ, જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્માની આરાધના કરે છે. આહાહા! ભગવાન તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. પ્રભુ! આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા! જ્ઞાન અને જ્ઞાનનો આનંદ એવું સ્વરૂપ થઈને, આહાહા! પરમાત્માની આરાધના કરે, તેમાં લીન થઈ તદ્રૂપ બનવાની ભાવના ભાવે છે, એ પરમાત્મપદ પ્રાપ્તિનો આ ઉપાય, લ્યો, આ ઉપાય આ છે, કહે છે, વહેવાર ઉપાય છે એ આ ગાથામાં વાત લીધી

નથી. સમજાણું કાંઈ ?

ઘણે ઠેકાણે આવે વહેવાર સાધન ને નિશ્ચય સાધ્ય, એ તો નિમિતનું ને રાગની મંદતાની મર્યાદા કેટલી હતી એનું જ્ઞાન કરાવવા વાત છે. આહાહા ! શું થાય ? અરે ! અનાદિથી લુંટાણો છે ને ! લુંટાય છે. તે ભાવનાનું ફળ દર્શાવતાં કહે છે, લ્યો હવે આવી ભાવના એટલે સ્વરૂપ શુદ્ધ આનંદ એનું ભાન થતાં, અંતરાત્મા થયો, અંતરાત્મા એટલે જે અંતરમાં ચીજ હતી અનંત આનંદ ચતુષ્ટય આદિ એને દ્રષ્ટિમાં લીધી. અંતર હતું, તેને દ્રષ્ટિમાં લીધી ઈ અંતરાત્મા અને અંતરમાં નથી ને રાગાદિને પોતાનો માને એ બહિરાત્મા. આહાહા !

આ તો સાદી ભાષા છે. આમાં કોઈ મોટા પલાખા શીખે ને એવું કાંઈ છે નહિ આ તો. ઓલા બોલે છે ને આ બાબુભાઈ, બોલે ને ઘણી વખત 'રંગ લાગ્યો પ્રભુ, તારો રંગ લાગ્યો, તારી ભક્તિ કરવાનો મારો ભાવ જાગ્યો', પણ ઈ એ રાગ છે, લોકો ને સારું લાગે, હેં ? તારી પૂજા કરવાનો મારે ભાવ જાગ્યો, એ તો હોય, એ તો વિકલ્પ છે, પૂજા તો ભગવાનઆત્માની કરવી. પૂજયપણું તો પરમાત્મા પોતાનું છે. આહાહા ! (શ્રોતા : ઉત્કૃષ્ટ શુભ ભાવ હોય તો) ઉત્કૃષ્ટ શુભ ભાવ હોય તોય બંધનનું કારણ છે. (શ્રોતા : પણ હવે આ સ્થિતિ કરતાં તો ઓલી સ્થિતિ સારીને) બિલ્કુલ સારૂ કાંઈ નથી બેય સરખા છે. બંધનના કારણની અપેક્ષા એ બેય એક જાતનાં છે. આહાહા !

વહેવારથી કહેવાય આ શુભ આ અશુભ. આ તો એ લોકોને એ જ નડે છે. અહીંયા વહેવાર ને હેય હેય અને આટલા આટલા વર્ષ થયા, ચાલીસ. પણ કોઈ સાધુ થયો ? કોઈએ અગિયાર પડિમા લીધી અહીં થી ? બાપુ ! એ પડિમા કોને કહેવી ભાઈ ! આહાહા ! લઈને બેઠા એ શું કરે છે, એ તમે જુઓ તો ખબર પડે. આહાહા ! ગાથા ૨૮. ૨૮ને ?

तद्भावनायाः फलं दर्शयन्नाह -

**सौऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः ।**
**तत्रैव द्ढसंस्काराल्लभते ह्यात्मनि स्थितिम् ।। २८ ।।**

તે ભાવ્યે 'સોહમ્' તણા જામે છે સંસ્કાર;
તદ્ગત[1] દઢ સંસ્કારથી આત્મનિમગ્ન[2] થવાય. ।। ૨૮ ।।

૧. તદ્ગત - તે સંબંધી
૨. નિમગ્ન - લીન

**टीका** : योऽनन्तज्ञानाद्यात्मकः प्रसिद्धः परमात्मा सोऽहमित्येवमात्तसंस्कारः आत्तो गृहीतः संस्कारो वासना येन। कया कस्मिन्? भावनया तस्मिन् परमात्मनि भावनया सोऽहमित्यभेदाभ्यासेन । पुनरित्यन्तर्गर्भितवीप्सार्थः । पुनः पुनस्तस्मिन् भावनया । तत्रैव परमात्मन्येव दढसंस्कारात् अविचलभावनावशात् । लभते प्राप्नोति ध्याता । हि स्फुटम्। आत्मनि स्थितिं आत्मन्यचलतां अनन्तज्ञानादिचतुष्टयरूपतां वा ।। २८ ।।

તે ભાવનું ફળ દર્શાવતાં કહે છેઃ-

**અન્વયાર્થ :** **(तस्मिन्)** તેમાં - પરમાત્મપદમાં **(भावनया)** ભાવના કરતા રહેવાથી **(सः अहं)** તે - અનન્તજ્ઞાનસ્વરૂપ પરમાત્મા - 'હું છું' **(इति)** એવા **(आत्तसंस्कारः)** સંસ્કાર પામેલો તે - જ્ઞાની પુરુષ - **(पुनः)** વારંવાર **(तत्र एव)** તેમાં જ - આત્મ - સ્વરૂપમાં જ **(दढ संस्कारात्)** દ્દઢ સંસ્કારને લીધે **(हि)** નિશ્ચયથી **(आत्मनि)** આત્મામાં **(स्थितिं लभते)** સ્થિરતા પ્રાપ્ત કરે છે.

**ટીકાઃ** જે અનંતજ્ઞાનાદિસ્વરૂપ પ્રસિદ્ધ પરમાત્મા છે તે 'હું' છું એવો સંસ્કાર પામી અર્થાત્ એવો સંસ્કાર એટલે વાસના ગ્રહીને, શા વડે ? શામાં ? તેની ભાવના વડે અર્થાત્ પરમાત્માની ભાવના વડે તે 'હું છું' એવા અભેદ અભ્યાસ વડે, તેની વારંવાર ભાવનાથી તેના જ એટલે પરમાત્માના જ - દ્દઢ સંસ્કારને લીધે અવિચલ ભાવનાનો લીધે - ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે - પ્રાપ્ત કરે છે - અર્થાત્ આત્મામાં અચલતા વા અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપતા પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થઃ** અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા તે જ 'હું છું' એવી વારંવાર અભેદ ભાવના ભાવવાથી તેના સંસ્કાર દ્દઢ થાય છે અને તેવા સંસ્કારને લીધે આત્મસ્વરૂપમાં સ્થિર થઇ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે.

### વિશેષ

જ્યારે અંતરાત્મા સ્વસન્મુખ થઇ પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સુખ - ધામ અને અનંતચતુષ્ટયાદિરૂપ ધ્યાવે છે - વારંવાર ભાવે છે, ત્યારે અભેદ, અવિચલ ભાવનાના બળે તે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઇ જાય છે. તે વખતે તેને અનિર્વચનીય આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપમાં લીન થતાં તે સ્વયં પરમાત્મા થઇ જાય છે. આ પરમાત્મસ્વરૂપની દ્દઢ ભાવનાનું ફલ છે.

'જે પરમાત્મા છે તે જ હું છું - એવી વારંવાર ભાવના ભાવતાં શુદ્ધસ્વાત્મામાં જે લીનતા થાય છે, તે કોઇ વચન - અગોચર યોગ છે - સમાધિરૂપ ધ્યાન છે'.[3] આવી રીતે

૩. જુઓ : અધ્યાત્મરહસ્ય - શ્લોક ૫૭.

પરમાત્મભાવનાના દૃઢ સંસ્કારથી આત્મા પરમાત્મા થઇ જાય છે. ૨૮

---

**ટીકા:** જે અનંત જ્ઞાનાદિ સ્વરૂપ પ્રસિદ્ધ, જો આવ્યું, ભગવાન આત્મા આ વસ્તુ છે ને? પ્રસિદ્ધ છે, એમ કહે છે, વસ્તુ જે ધ્રુવ, સત્તા, જેનું અસ્તિત્વ જે છે એ તો શુદ્ધનું અસ્તિત્વ છે. શુદ્ધ આત્મા એ અસ્તિત્વ છે. એવા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ, વીર્ય વિગેરે એવા સ્વરૂપ, અનંતજ્ઞાનાદિ સ્વરૂપ પ્રસિદ્ધ પરમાત્મા છે તે હું છું. સમજાણું કાંઈ? એમ ભાવના કરવી કહે છે. એમ કહે છે. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, વગેરે ૪૭ શક્તિઓ છે કે નહિ? એવી અનંત શક્તિ સ્વરૂપ ભગવાનઆત્મા, એ પ્રસિદ્ધ પરમાત્મા છે. આહાહા! એવો આત્મા છે એ તો ભાઈ પ્રસિદ્ધ છે ને? તું ભગવાન છો, પૂર્ણાનંદનો નાથ, બાપુ એ પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

આવી વાતું છે. એવો, એવો સંસ્કાર પામી વારંવાર ચૈતન્યને, પૂર્ણાનંદનો નાથ છું. શુદ્ધ છું. પૂર્ણ છું. એવા સંસ્કાર નાખીને આહાહા! સંસ્કાર એટલે વાસના ગ્રહીને, એવી વાસના, ચૈતન્ય સ્વભાવ, પૂર્ણ પરમાત્મા સ્વરૂપ તે હું, તે હું, તે હું, રાગને અલ્પજ્ઞ એ હું નહિ, આહાહા!

આવી વાતું. વીતરાગ, વીતરાગનો મારગ અલૌકિક, અલૌકિક, લોકોએ લૌકિક જેવો કરી નાંખ્યો છે, જાણે સાધારણ, ઓલામાં નથી આવતું? મનુષ્ય મને મનુષ્ય એવો બનાવે, પછી આવે ને કાંઈ મારી સઘળી શું આવે છે હેં? (શ્રોતા : પ્રભુતા સજાવે) મારી સઘળી પ્રભુતા સજાવે, ભજનમાં આવે છે આહાહા! ભગવાન તો ખાય, ભગવાન સુવે, ભગવાન લૂંગડાં રાખે, લ્યો (શ્રોતા : કોટ, પાટલુન પહેરે) કોઈ મૂર્તિને પહેરાવે, કોટ, પાટલુન ને વળી પાછું એને અત્તર લગાડીને (શ્રોતા : ખીસ્સામાં ઘડિયાળ) ખીસ્સામાં આહાહા! અરે ગાંડા ને ઘેલા કરતા હશે. આહાહા!

પ્રતિબિંબ તો એને કહીએ, જેવી વીતરાગ શાંત અકષાય સ્વભાવની મૂર્તિ આત્મા એવું પ્રતિબિંબ હોય, આ બિંબ આ ને પ્રતિબિંબ એ. આહાહા! (શ્રોતા : ભગવાનને કોટ પાટલૂન પહેરાવે તો પોતાને પહેરવાની સગવડ થાય ને?) એમાં બિચારો કરતો હશે એક, હતો ને સાધુ કાંતિલાલ, કાંતિલાલ નહીં? (શ્રોતા : કાંતિલાલ) નાની ઉંમર, આ ખાનગી આવે મારી પાસે, જુવાનજોધ જેવો, દેરાવાસી, શ્વેતાબંર, ખાનગી આવે ને કહે, મહારાજ, હું કાંઈ માનતો નથી એ હો, પણ તમને દેખીને કંઈક વિશ્વાસ આવે છે કે કાંઈક હશે એમ કહે. એ કહે, મને કાંઈ એ જાતની શ્રદ્ધા નથી (શ્રોતા : એવું

કરૂં) એવું કરો કે હમણાં અહિંથી જઈશ, વરતે જ જમાવટ કરી દેશું કે, અરેરે! અરે બાપુ, એ શું થયું ભાઈ, બોલતા આવડયું ને કહેતા આવડયું ને માણસો ભેગા થાય એ કાંઈ વસ્તુ છે? આહાહા!

કહેવાની ભાષા તો જડની છે, ઉપદેશ જડથી થાય છે. આત્માથી થાય? બહુ માણસ ભેગું થાય. આહા! કહે કે તમે કેમ ભગવાનને રથમાં બેસાડો છો. આમ, આમ, એમ કે ભઈ આવું ન હોય લુગડાં આમ બેસાડો તો લુગડાં તો તમે રથમાં બેસાડો છો કે આમ કરીને બેસાડો છો. એ નવરંગભાઈ, ઠીક તમે તમારા રથમાં ભગવાન કેવા બેસાડો છો? આમ રાખીને બેસાડો છો ને? તમે રથમાં બેસાડો છો તે, અમે લુગડાં પહેરાવીએ છીએ ભાઈ! એ તો સ્વતંત્ર જીવ છે ઇ હેં? આહાહા! ભાઈ! એ તો બીજો ઉપાય ન મળે, પ્રભાવના આદિ હોય ત્યારે, ભગવાનને રથમાં બેસાડે, રથમાં બેસે, એ તો ગૃહસ્થ બેસે, સાધુ બેસે? અને પાછો કહે તમે બેસાડો રથમાં, ન્યાં ખોટું નહિં, અને લુગડાં પહેરે એટલે ખોટું કહે એમ કહેવું છે. અરે ભગવાન ભાઈ! એ તો અશક્ય પરિહાર, બીજો કોઈ ઉપાય નથી. ભગવાનની પ્રતિમાને બહાર લઈ જવી હોય તો એકલો માથે લઈને ક્યાં ફરે? એથી કપડાં પહેરાવવા ને મૂર્તિને, માથે દાગીના, શું કહેવાય? મુગટ, મુગટ, આંગી ને આહાહા! ચૈતન્યને તો વિકૃત કર્યો પણ ભગવાનના રૂપનેય વિકૃત કર્યું હેં? આહાહા! આંહી કહે છે એવો સંસ્કાર શા વડે? શેમાં? શા વડે અને શેમાં? તેની ભાવના વડે, પરમાત્માની ભાવના વડે. તે હું છું એવો અભેદ અભ્યાસ વડે એમ. તે હું છું, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય એ હું છું, એ હું છું, એ હું છું, એમ સંસ્કાર નાંખ કહે છે. આહાહા!

નવું શકોરૂં હોય ને? શકોરૂં નવું માટીનું તો બિંદુ આમ નાંખો તો અંદર વયા જશે પહેલાં. શકોરૂં સમજતે હે શેઠ? માટીનું, શકોરૂં માટીનું રામપાત્ર ક્યા કહતે હૈ. (શ્રોતા : શકોરા) શકોરા કહતે લ્યો શકોરા માટીકા, નવું આવ્યું હોય તો એમાં બિંદુ નાખો તો પી જાય, પણ પી ગયા પછી જ્યારે પુરૂં થાય પછી પાધરું તરશે અંદરથી, અમુક પીશે ને પછી ઉપર રહેશે પાણી, એમ આ અંદરમાં અવ્યક્તપણે સંસ્કાર નાખતાં નાખતાં નાખતાં વ્યક્તપણે શુદ્ધ પરિણમન થઈ જશે. કહે છે. આહાહા! હેં? દાખલો છે એવો.

શાસ્ત્રમાં બધા દાખલા છે. શાસ્ત્રમાં, દિગંબર સાહિત્યમાં ઢગલા પડયા છે. હવે! આ કહે કે આપણે ઈતિહાસ લખવો હોય તો આપણાં દિગંબરના શાસ્ત્રમાંથી નહિં મળે, એ શ્વેતાબંરમાં મળશે, ભાઇ શ્વેતાંબર અરે ભગવાન શું થાય? આવું લખ્યું છે, બહુ લખ્યું છે. ખૂબ લખ્યું છે. વિરુદ્ધનું ગેજેટવાળાએ લાલ બહાદુર છે ને? ગેજેટનો કોણ

છે અત્યારે ? વર્ધમાન પારસનાથ એ ઓલા નીકળી ગયા છે નહિં. લાલબહાદુર નીકળી ગયા છે ? દરબારી કોઠિયા, દરબારી કોઠિયા, એણે લખ્યું હશે, મોટો લેખ, મોટો લેખ, ખૂબ લખ્યું છે. પંડિત પંડિતો વચ્ચે જામી. આહાહા અરે બાપુ આહિં કાંઈ લડાઈ કરવી છે ? આંહિ કાંઇ કોઈને ખોટા પાડીને, અનાદર કરવો છે ? એમ નથી. નાથ, આ તો વસ્તુ સ્થિતિ કેમ છે. એનાથી વિરૂદ્ધ તે હિતનું કારણ નથી એમ પ્રસિદ્ધ કરવું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એવા અભેદ અભ્યાસ વડે, 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ'. કર વિચાર તો પામ એમ કીધું છે. અમારી ભક્તિ કરીને, વિનય કરીને, પામીશ એમ તો ન લખ્યું એમાંય ? (શ્રોતા : એ તો છ પદના પાઠમાં) એ તો કાલે કહ્યું નહોતું ? ભક્તિ, વૈરાગ્ય આદિ સાધન છે. એ બધી વાતો વહેવારની છે. ભગવાન આત્માને સમ્યગ્દર્શન એ જ ભક્તિ છે. નિશ્ચય ભક્તિ છે. એ પાઠ છે ને, જયસેન આચાર્ય ની ટીકામાં ? સમયસારમાં, ભજન, એની માળા ગણવી. એટલે કે શુધ્ધ ચૈતન્ય પૂર્ણ છું એને એક પછી એક પરિણતી કરવી એમાં, એ માળા છે, સમજાણું કાંઈ ? પરમાત્મા પણ ઉપાય આ છે કહે છે. તેની વારંવાર ભાવનાથી તેનાજ એટલે પરમાત્માના જ દ્રઢ સંસ્કારને લીધે આહાહા !

અવિચળ ભાવનાને લીધે, એનો અર્થ કર્યો પરમાત્માના દ્રઢ સંસ્કારને લીધે એટલે કે અવિચળ ભાવનાને લીધે એમ, શુદ્ધ સ્વભાવની ચળે નહિ એવી ભાવના એટલે એની સન્મુખની એકાગ્રતા, ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે, શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણને લક્ષમાં લઈને એને ધ્યાન કરનારો એને પામે છે. એ પરમાત્મ સ્થિતિ પામે છે. પૂર્ણ સ્વરૂપમાં સ્થિર થાય છે ને પૂર્ણ સ્વરૂપમાં સ્થિર થતાં થતાં પરમાત્મા થઈ જાય છે. આહાહા ! હવે આવી વાત એકલી અધ્યાત્મની મૂળવાત જ અહિંયા છે. આહાહા !

આમાં નથી પૈસો ખરચવાનો, નથી દેરાસર બંધાવવાના, નથી આ પરમાગમ કરવાના, હવે થઈ ગયું, એમ કે થઈ ગયું, ભાઈ એમ બોલાતા'તા હોં ! પ્રેમચંદભાઈ, પ્રેમચંદભાઈ કહેતા કે હવે તો થઇ ગયું ને આપણે એટલે ખુલાસો કરવામાં વાંધો નથી એમ પણ પહેલેથી અમે તો કહીએ છીએ ભાઈ ! આહાહા ! હોય શુભ ભાવ, પણ એ શુભભાવ હોય, માટે મંદિર થાય છે ? (એમ નથી) અને મંદિર થાય છે માટે આહિં શુભ ભાવ થાય છે ? અને શુભભાવ થાય છે એ ધર્મ છે ? (શ્રોતા : નહિ, આહાહા...) આરે ! ભારે વાતું ભાઈ આહાહા ! ત્યારે કહે કે જે છોડવા જેવું છે એને શું કરવા કરવું ?

પણ બાપુ! એ આવ્યા વિના રહે નહિ, પૂર્ણ સ્વભાવની પ્રગટ દશા જ્યાં ન હોય ત્યાં સમક્તિીને મુનિને પણ એ શુભ ભાવ આવ્યા વિના રહે નહિ. પણ એ શુભભાવ સાધન નથી આહાહા! શાંતિને બાધક છે. સમજાણું કાંઈ?

પ્રગટેલી શુદ્ધતાને રાગ બાધ કરતો નથી પણ વધારે શુદ્ધતા નથી પ્રગટ થતી. એમાં અટકયો છે ઈ. આહાહા! મારગ તે મારગ પ્રભુ. સાધારણ ને તો એવું લાગે કે આ તો મહારાજ, નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય કેમ મોહનલાલજી? એમ વાતું કરે એ લોકો નિશ્ચય નિશ્ચયની વાતું કરે છે પણ બાપુ નિશ્ચય એટલે સાચો પંથ જ એ છે ભાઈ નિશ્ચય એટલે સાચું, વહેવાર એટલે જૂઠું. છ ઢાળામાં ન આવ્યું? સત્યાર્થ તે નિશ્ચય (શ્રોતા : જો સત્યારથ રૂપ સો નિશ્ચય કારણ સો વ્યવહાર) હા એ, ને વહેવાર એ અસત્યાર્થ આવે છે, ભલે કારણભૂત વહેવાર કહ્યો પણ એ વહેવાર છે. આ સત્યાર્થ આ છે. ને વહેવાર અભૂતાર્થ છે. આ સત્ છે, ને એ જૂઠું છે, એમ આવ્યું છે. આવે છે? છ ઢાળામાં આવે છે. આવે છે છ ઢાળામાં નહિં (શ્રોતા : જો સત્યાર્થ રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો) બસ ઈ એ કારણ સો વહેવારનો અર્થ, આ સત્યાર્થ ને એ અસત્યાર્થ એમ એનો અર્થ થયો. વહેવાર કારણ કહ્યું ભલે પણ છે ઈ અસત્યાર્થ, આ સત્યાર્થની સામે અસત્યાર્થ. વહેવાર નિયતમ્ હેતુ હોઇ આવે છે ને? એમ હેતુ નિયત કો હોઈ, ન્યાં વળગે બધા (શ્રોતા : અબ વ્યવહાર મોક્ષ મગ સુણીયે, હેતુ નિયત કો હોઈ) હોઈ.

ભાઈ! એ તો ત્યાં નિમિત્ત એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનની ભૂમિકામાં, કે ચારિત્રની ભૂમિકા, રાગની મંદતા કઈ જાતની કેટલીક હોય એવું બતાવવા એને હેતુ કહ્યો છે અથવા આમાં તો એમજ લીધું છે ને? કે વહેવાર એકબીજાના ભાવને વળગે છે, દ્રવ્યના એકબીજાના ભાવ, એકબીજાને, બીજાના ભાવને પોતાનું જાણે એમ માને તો મિથ્યાત્વ છે એમ નથી કહ્યું? હેં? વહેવાર નયનું લખ્ખણ જ એવું છે, લ્યો વહેવાર વહેવારનયનો વિષય શું છે? ત્યાં એને જાણવું જોઈએને? વહેવાર નિશ્ચય બે માં સત્ય તે નિશ્યય છે આહાહા! વહેવાર તો ઉપચારિત છે, તે મોક્ષમાર્ગ નથી. આહા! આવા સંસ્કારને લીધે અવિચળ ભાવનાને લીધે ધ્યાતા, ખરેખર આત્મામાં સ્થિરપણું પ્રાપ્ત કરે છે એટલે? આત્મામાં સ્થિતિ કરવા માટે એટલે? આત્માને પ્રાપ્ત કરે છે. હેં? શુદ્ધ ધ્રુવને પકડતાં આત્મા પ્રાપ્ત થાય છે. રાગની પ્રાપ્તિ જે હતી એ છૂટી જાય છે. અર્થાત્ આત્મામાં અચળતા, અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયરૂપતા પ્રાપ્ત કરે છે. એક તો એમાં સ્થિર થાય છે. અચળ થાય છે. અને ઇ પર્યાયમાં સ્થિર થતાં, વસ્તુ આ છે એમ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

આવું એકલું અધ્યાત્મની વાતું. ચાર અનુયોગ જોઈએ. દરરોજ ચાર અનુયોગનું જોઈએ. (શ્રોતા : આમાં ચારેય આવી ગયા) એ આવી ગયા બાપુ! એમાં એ આહાર લેવાનું થાય એ બધી ચરણાનુયોગની વાતું છે આહાર ને વધારો નહિં. આહાર. એ તો વિકલ્પ છે. એ પુણ્ય, પાપ આશ્રવમાં આવી ગયું. અનંતજ્ઞાન ચતુષ્ટયરૂપતાં શુદ્ધ જ્ઞાન ને આનંદ સ્વરૂપ એને પ્રાપ્ત કરે છે. એટલે કે પર્યાયમાં જે પર્યાય પ્રાપ્ત હતી તે પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. દ્રવ્યને પ્રાપ્ત કરે છે પર્યાય. પર્યાય પર્યાયને પ્રાપ્ત કરે છે હવે દ્રવ્યને પ્રાપ્ત કરે છે. પર્યાય, પર્યાયને પ્રાપ્ત કરે એમાં શું? એ તો અનાદિથી કરે છે આહાહા! બહુ સારો હોં કળશ, એકલું માખણ...

**ભાવાર્થ :** અનંત જ્ઞાનાનંદ, જ્ઞાન સ્વરૂપ પરમાત્મા તે જ હું છું એવી વારંવાર અભેદ ભાવના (અંતર એકાગ્રતા) ભાવવાથી, તેના સંસ્કાર દ્રઢ થાય છે. અને તેવા સંસ્કારને લીધે આત્મ સ્વરૂપમાં સ્થિર થતી, થતાં સ્થિર થઈ જે અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે. અનંતચતુષ્ટય સ્વભાવની ભાવના કરતાં, પર્યાયમાં અનંતચતુષ્ટય પર્યાય પણે થઈ જાય છે. અહીંયા તો એ વાત છે. અત્યારે, રાગને રાગ સાધન બતાવ્યું ને? હેં? અહીં તો એ વાત સિદ્ધ કરે છે, પણ એ તો કીધું ને જેટલા પ્રકારનો રાગ છે. તેનું તે જ્ઞાન કરે છે. એ વહેવારથી જ્ઞાન, એ જ્ઞાન ગુણની પર્યાય, જ્ઞાન ગુણનો સ્વભાવ ધ્રુવ ને એક સમયની પર્યાય જાણે છે, પણ ખરેખર એને જાણે છે એમ ન આવ્યું , પોતાની પર્યાયને જાણે છે. આહાહા! ભારે મારગ ભાઈ! અને તેવા સંસ્કારને લીધે આત્મ સ્વરૂપમાં લીન, સ્થિર થઈ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે. લ્યો.

વિશેષ આવશે...

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૩૭

## શ્લોક – ૨૮ અને ૨૯

સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૬.૦૧.૭૫

नन्वात्मभावनाविषये कष्टपरम्परासद्भावेन भयोत्पत्तेः कथं कस्यचित्तत्र प्रवृत्तिरित्याशङ्कां निराकुर्वन्नाह -

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ।। २९ ।।**

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ[૧] નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું કોઇ ન નિર્ભય સ્થાન ।। ૨૯ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

## પ્રવચન ઉપલબ્ધ નથી

# પ્રવચન – ૩૮

## શ્લોક – ૨૯ અને ૩૦

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૧૭.૦૧.૭૫**

नन्वात्मभावनाविषये कष्टपरम्परासद्भावेन भयोत्पत्तेः कथं कस्यचित्तत्र प्रवृत्तिरित्याशङ्कां निराकुर्वन्नाह -

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ।। २९ ।।**

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ[1] નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું કોઇ ન નિર્ભય સ્થાન ।। ૨૯ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : मूढात्मा बहिरात्मा । यत्र शरीरपुत्रकलत्रादिषु । विश्वस्तोऽवंचकाभिप्रायेण विश्वासं प्रतिपन्नः - मदीया एते अहमेतेषमितिअभेदबुद्धिं गत इत्यर्थः । ततो नान्यद्भयास्पदं ततः शरीरादेर्नान्यद्भयास्पदं संसारदुःखत्रासस्यास्पदं स्थानम् यतो भीतः यतः परमात्मस्वरूपसंवेदनाद्भीतः त्रस्त । ततो नान्यदभयस्थानं ततः स्वसंवेदनात् नान्यत् अभयस्य

---

૧. તત્સમ - તેના જેવું

संसारदु:खत्रासाभावस्य स्थानमास्पदम् । सुखास्पदं ततो नान्यदित्यर्थः ।। २९ ।।

શ્લોક ૨૯ગાથા ભાવાર્થનો બીજો ભાગ

**અન્વયાર્થ :** (**मूढात्मा**) અજ્ઞાની બહિરાત્મા (**यत्र**) જેમાં - શરીર - પુત્ર - મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં (**विश्वस्त:**) વિશ્વાસ કરે છે (**तत:**) તેનાથી - શરીરાદિ બાહ્ય પદાર્થોથી (**अन्यत्**) બીજું કોઇ (**भयास्तदं न**) ભયનું સ્થાન નથી અને (**यत:**) જેનાથી - પરમાત્મસ્વરૂપના અનુભવથી (**भीत:**) તે ડરે છે (**तत: अन्यत्**) તેનાથી બીજું કાંઇ ( **आत्मन:**) આત્માને (**अभयस्थानं न**) નિર્ભયતાનું સ્થાન નથી.

**ટીકા :** મૂઢાત્મા એટલે બહિરાત્મા જ્યાં એટલે શરીર - પુત્ર - ભાર્યાદિમાં વિશ્વાસ કરે છે - અવંચક અભિપ્રાયથી (તેઓ મને ઠગશે નહિ એવા અભિપ્રાયથી) વિશ્વાસ પામે છે - 'તે મારાં છે અને હું તેમનો છું' એવી અભેદબુદ્ધિ કરે છે - એવો અર્થ છે. તેનાથી બીજું કોઇ ભયનું સ્થાન નથી - તેનાથી એટલે શરીરાદિથી બીજું ભયનું સ્થાન - અર્થાત્ સંસારદુ:ખના ત્રાસનું સ્થાન નથી.

જેનાથી ભય પામે છે - જેનાથી એટલે પરમાત્મસ્વરૂપના સંવેદનથી ભય પામે છે - ત્રાસે છે, તેનાથી બીજું કોઇ અભયસ્થાન નથી - તેનાથી એટલે સ્વસંવેદનથી બીજું અભયનું - સંસારદુ:ખના ત્રાસના અભાવનું સ્થાન નથી. તેનાથી બીજું સુખનું સ્થાન નથી - એવો અર્થ છે.

**ભાવાર્થ :** શરીર - પુત્રાદિ જે ભયનું સ્થાન છે - દુ:ખનું કારણ છે તેમાં બહિરાત્મા આત્મબુદ્ધિ કરી વિશ્વાસ કરે છે અને પરમાત્મસ્વરૂપ જે નિર્ભય સ્થાન છે, પરમશરણરૂપ છે અને સુખનું કારણ છે, તેના સંવેદનને કષ્ટરૂપ માની ડરે છે.

અજ્ઞાની બાહ્ય શરીરાદિમાં સુખ માની તેમાં નિ:શંકપણે પ્રવર્તે છે, પણ વાસ્તવમાં તેઓ મૃગજળ સમાન છે. તેમાં કાંઇ સુખ નથી; તે કોઇનું શરણ નથી કે કોઇનું વિશ્વાસનું - અભયનું સ્થાન નથી. એક શુદ્ધાત્મસ્વરૂપ જ અભયરૂપ છે, તે જ શરણનું સ્થાન છે અને તે જ જગતના જીવોને ભવ - ભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે.

## વિશેષ

જેમ પિત્ત - જ્વરવાળા રોગીને મીઠું દૂધ પણ કડવું લાગે છે, તેમ બહિરાત્માને પરમ સુખદાયી પરમાત્મસ્વરૂપની ભાવના પણ કષ્ટદાયી લાગે છે; તેથી તે આત્મસ્વરૂપની ભાવનાને ભાવતો નથી પણ વિષય - કષાયની જ ભાવના ભાવે છે. વળી,

''રાગાદિ પ્રગટ એ દુઃખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન; (૨/૫)
આત્મહિત - હેતુ વિરાગ જ્ઞાન, તે લખૈ આપકું કષ્ટદાન.'' (૨/૬)[૨]

રાગાદિ વિષય - કષાયો આત્માને અહિતરૂપ છે - દુઃખદાયક છે, છતાં અજ્ઞાની તેમાં હિત માની - સુખ માની - પ્રવર્તે છે અને જ્ઞાન વૈરાગ્ય જે આત્માને હિતકર છે તેને અહિતરૂપ - કષ્ટરૂપ માને છે.

વળી અજ્ઞાની જીવને ઉદ્દેશીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે - ''અરે જીવ!

**''અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાય - નેત્રને, નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્ર મેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું''.**

''અહા! જે અનંતસુખનું ધામ છે એવા ચૈતન્ય - સ્વભાવમાં તો તને મિત્રતા ન રહી - તેમાં ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો અને અનંત દુઃખનું ધામ એવા જે બાહ્ય વિષયો - તેમાં તને સુખબુદ્ધિ થઇ - પ્રેમ આવ્યો - ઉત્સાહ આવ્યો, એ કેવી વિચિત્રતા છે. અરે જીવ! હવે તારા જ્ઞાન - ચક્ષુને ઉઘાડીને જો, રે જો, કે 'તારો સ્વભાવ દુઃખરૂપ નથી, પણ બાહ્ય વિષયો તરફનું તારું વલણ એકાંત દુઃખરૂપ છે. તેમાં સ્વપ્નેય સુખ નથી.' આમ વિવેકથી વિચારી તારા અંતર સ્વભાવ તરફ વળ અને બાહ્ય વિષયોમાં સુખ - બુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા, નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા જ છે.''

તેથી શુદ્ધાત્મસ્વરૂપના સ્વસંવેદન સિવાય અન્ય કોઇ અભય સ્થાન નથી. સંશાર - દુઃખના ત્રાસના અભાવનું તે એક જ સ્થાન છે, અર્થાત્ સુખનું એ એક જ સ્થાન છે, શરીર - પુત્રાદિ બાહ્ય પદાર્થો - કોઇ સુખનું સ્થાન નથી. ૨૯.

અજ્ઞાની જેને આત્મામાં આનંદ છે, શાંતિ છે એવી જેને ખબર નથી જો આમાં મગ્ન. જ્યાં આત્મામાં શાંતિ છે, આનંદ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે એવું જે સુખધામ. સુખનું સ્થાન, સુખનું સ્થળ એ આત્મા એની જેને ખબર નથી એવા અજ્ઞાની બાહ્ય શરીરાદિમાં સુખ માની એ શરીરમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, મકાનમાં સુખ છે, આબરૂમાં સુખ છે. ચીમનભાઇ! આ કારખાના કરીએ એમાં સુખ છે. (શ્રોતાઃ કરવા કે ન કરવા) હેં? કરવાના ક્યાં? કરી શકે છે કે દિ'? આહાહા! આ તો કેમ થયા? તો આપણને એ માટે પહેલાં પાંચ પચ્ચીસ હજાર, પચાસ હજાર ને નાંખશું ને

એમાં વળતર જે થશે એમાં હવે આપણે સુખી જીવન ગાળશું. ધૂળેય નથી. આહાહા!

સુખ તો આત્મામાં છે એની અજ્ઞાની ને ખબર નથી એથી શરીરમાં, સ્ત્રીઓમાં, કુટુંબમાં, મકાનમાં, આબરૂમાં આદિ વિગેરે. કોઇ એના વખાણ કરે એમાં એ પ્રસન્ન થાય છે, એ બધું પરમાં સુખ માનનારા છે. સમજાણું કાંઇ? એની પ્રશંસા કરે ઓહો! આતો બહુ કરોડપતિ છે આ અબજપતિ છે. ચાર પાંચ લાખ પેદા કરે છે મહિનાના, મહિનાના હોં! વર્ષમાં તો ઘણી પેદાશ કરે. રોજના દસ દસ હજાર, આ અમારા છે ને મલુકચંદ ભાઇ, મલુકચંદ ભાઇનો છોકરો નથી? હેં? પૂનમચંદ. દસ દસ, દિવસના દસ દસ હજારની પેદાશ. મુંબઇમાં છે હેરાન - હેરાન. તમારા છોકરાને આઠ હજારનો પગાર છે મહિને. સુમનભાઇને હેરાન. બાપને મુકીને હવે ભણાવ્યા એણે. પણ નિમિત્તથી ઓળખાવું હોય તો કેમ ઓળખાવાય? એટલે આહાહા! કરોડોપતિ અને અબજોપતિ જે આ અબજપતિ નહોતાં. હમણાં મરી ન ગ્યાં? શાંતિલાલ ખુશાલ ગોવા, ગોવા. દશાશ્રીમાળી વાણિયા હતા. બસ્સો ને ચાલીસ કરોડ રૂપિયા હતા. બસ્સોને ચાલીસ કરોડ, બે અબજ ને ચાલીસ કરોડ. એવું તો અત્યારે વાણિયામાં અબજ નીકળે નહિં? કો'ક નીકળતું હશે. બે અબજ ચાલીસ કરોડ. શાંતિ રાત્રે ઉઠયો, મુંબઇ દવા કરાવવા આવ્યો. વહુ માંદા હતા ગોવા. એમના ચાલીસ ચાલીસ લાખના મકાન છે રહેવાના, ચાલીસ લાખના મકાન. અહીં આવ્યા. એની વહુને ઠીક નહોતું, પેલું શું કહેવાય? (શ્રોતાઃ હેમરેજ) એની દવા કરાવવા આવ્યા હતા. ત્યાં રાત્રે દોઢ વાગે કહે દુઃખે છે. આહાહા! દાક્તરને બોલાવો. દાક્તર આવ્યા પહેલા ભાઇ સાહેબ ઉપડી ગયા પરગતિ રખડવાને ચોર્યાશીના અવતારમાં. આહાહા! એ પોપટભાઇ હેં? બધે એમ છે? આહાહા!

જેમાં સુખ ધામ પ્રભુ છે, ત્યાં તું નજર કરતો નથી, અને જેમાં દુઃખના નિમિત્તો છે. બધાય એમાં સુખ માનીને ભ્રમણા મિથ્યાત્વને સેવે છે. એ શરીરાદિમાં સુખ માની તેમાં નિઃશંકપણે વર્તે છે તેની શંકાય પડતી નથી કે આમાંથી આ જાઇશ ત્યારે શું થાશે મારું? હેં? આવી ખાત્રી છે એને નહિં મરવાની? સુખ ધૂળમાંય નથી. પાગલ છે માળો પાગલ, પાગલ ગાંડો છે. આહાહા! કેમ હશે મલુકચંદભાઇ? બ્લડ પ્રેશર થાય છે ને? પછી એં એં થઇ જાય છે કે નહિં પછી? એક ફેર થ્યું'તું આને આડ વાળાને. થ્યું'તું આડવાળો આવ્યો'તો ધોળાગલીમાં આવ્યો હતો. પૈસા ઘણાય, ચાર કરોડ પાંચ કરોડ છે. ધૂળ શું કરે? ન્યાંય પણ માટી છે. આહાહા! મૂર્ખાઇ જગતના જીવની. હૂંફ છે નિમિત્તની આહા! એ ત્યાં નહિં આ ... મલજીએ દૂધ પીધું'તું ને ત્યાં? એ ત્યાં આવ્યા ને? વૈશાખ

૨. જુઓ : શ્રી દૌલતરામજીકૃત 'છહઢાલા' ૨/૫; ૨/૬

સુદ બીજ ન્યાં ઉજવી છે ને ? એ દૂધ સવારમાં પીધું ત્યાં બંગલો મોટો, તમે હતા કે નહિં ? દૂધ પીધું'તું, કહે મહારાજ જમીન નવી લીધી. ૧૫ હજાર વાર. ૫૦૦ રૂપિયાની વાર, ૧૫ હજાર, અહીં મોટો બંગલો કરવો છે. તેમાં ખુશી ખુશી થઇ ગ્યા મહારાજના પગલા પડે, પણ પગલા શું ? (શ્રોતા : મોટો બંગલો જલ્દી થઇ જાય)

અરેરે ! ક્યાં જીવ અટકે છે ? સાધુ થઇને પણ શરીરની ક્રિયાથી મને લાભ થાય એ શરીરથી માને છે સુખ. અરે એમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે એ રાગ ને આકુળતા છે. આહાહા ! એ મને સુખનું એટલે મોક્ષમાર્ગનું સાધન છે. એ તો એની એ વાત થઇ. પરમાં સુખ નથી, સુખનું કારણ નથી એમ માન્યું છે. આહાહા ! પણ વાસ્તવમાં તેઓ મૃગજળ સમાન છે. મૃગ, મૃગજળ. આહાહા ! વેળુ ખારા, ખારી વેળુ જમીન એમાં સૂર્યના કિરણ લાગતાં એમ લાગે જાણે કે આ પાણી હોય, મૃગજળ છે એ તો. આહાહા !

સુખનું સ્થાન તો એક જ આત્મા છે. એ પુણ્ય ને પાપ એના ફળ એ બધા દુ:ખરૂપ છે. આહાહા ! અજ્ઞાની એને સુખરૂપ માની, તેમાં કાંઇ સુખ નથી, તે કોઇનું શરણ નથી. આહાહા ! તે કોઇનો વિશ્વાસનું એટલે અભયનું સ્થાન નથી. એ તો બધા ભયના સ્થાન છે. આહાહા ! એક શુદ્ધાત્મસ્વરૂપ જ અભયરૂપ છે. ભગવાન આત્મા શુદ્ધાત્મસ્વરૂપ એક આનંદ સ્વરૂપ એ જ એક શરણનું સ્થાન. આહાહા ! અને તે જ જગતના જીવોને ભવભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે. આહાહા ! ભવભય. મરીને ક્યાં જશે ? નિગોદ અને નરકમાં. આહીં હોય મોટા શેઠ કરોડોપતિ અહીંથી નીકળ્યાને જાય નરકમાં, આહાહા ! માળે જાય નિગોદમાં. આહાહા ! તત્ત્વનો વિરોધ કર્યો હોય તો. આહાહા !

બ્રહ્મદત્ત ચક્રવર્તી ૭૦૦ વર્ષ, ચક્રવર્તીપદ કંઇ ૭૦૦ વર્ષ ન હોય, પણ આખી જીંદગી આહા ! છ ખંડનો સ્વામી, ૯૬ હજાર તો જેને ઘેરે રાણી, ૯૬ કરોડ તો જેને ઘેરે પાયદળ, ૯૬ કરોડ તો ગામ તે આ મરતાં સાતમી નરકે અપૈઠાણા નરકે રવરવ નરકમાં છે અત્યારે. આહાહા ! સમજાણું કાંઇ ? એ તો કહ્યું છે ને એક શ્વાસ જેટલો શ્વાસ લઇએ એટલા વર્ષ, ૭૦૦ વર્ષ. આત્માએ દુ:ખ કાઢયા એક એક શ્વાસમાં ૧૧ લાખનું પલ્યોપમનું દુ:ખ. આહાહા ! પૂર્ણાનંદનો નાથ એનો અનાદર કર્યો એણે. શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ એમાં આનંદ ન માનતા, બહારની અનુકૂળ સામગ્રીમાં આનંદ સુખ છે. સુખી છીએ, અમે સુખી છીએ, પૈસે ટકે, છોકરું, બૈરાઓથી બધી રીતે સામગ્રી છે. હમણાં અમે સુખી છીએ, બાદશાહી એમ નથી કહેતા. હમણાં બાદશાહી વર્તે છે. ધૂળેય નથી.

આ ચડતી દેહની, પડતી દેહની. આહાહા!

બીડી પીવે ઢગલો તો પરનો છે. આબરુનો, સામગ્રીનો ઢગલા થતાં ત્યાં એમ કે તોડો નહિં. ધૂળેય નથી એમ કહેવું. આહાહા! અમૃતનો સાગર, ભગવાન એને તો નથી એમાં સુખ એટલે કે એને મારી નાંખ્યો એણે હેં? અમૃતનો સાગર, સુખ સાગર, એમાં સુખ નથી એનો અર્થ જે સુખ સ્વરૂપ છે એને મારી નાંખ્યો દ્રષ્ટિમાં. આહાહા! ભવભયમાંથી રક્ષા કરનાર પરમતત્ત્વ છે. શુદ્ધપ્રભુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનને આનંદના શાશ્વત સ્વભાવથી ભરેલો. એ તત્ત્વ ભવભયના શરણમાં એકલું છે. આહાહા!

આતો અરિહંતા શરણં - સિદ્ધા શરણં આવે છે ને? મંગળિકમાં એય શરણ નથી. એ તો એની પર લક્ષ જાય તો રાગ થાય. આહાહા! સમજાણું કાંઇ? બાહ્ય સુખના સ્થાન અને દુઃખના સ્થાન કેવા છે એની એને ખબર નથી. પાગલની જેમ એ જગતમાં ફરે છે આહાહા! એ કહે છે જુઓને. જેમ પિત્તજ્વરવાળા રોગીને, પિત્તજ્વર, મીઠું દૂધ પણ કડવું લાગે, દૂધમાં એને કડવાશ જ દૂધની લાગે, મીઠાશ આવે નહિં આહા! તેમ બહિરાત્માને પરમસુખદાયી પરમાત્માસ્વરૂપની ભાવના. ઓહો! જેને બાહ્યમાં સુખ બુદ્ધિ કલ્પી છે, એને પરમાત્મસ્વરૂપ સુખનું ધામ એને મજા પડતી નથી એમાં. એને એમાં ભાવની અંદરમાં ભાવના કરવી કષ્ટદાયી લાગે છે. આ શું? સમજાણું કાંઇ? તેથી એમાં ઠરી શકે નહિં, કષ્ટદાયી લાગે, એ કરતાં કાંઇક દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીએ તો એય દુઃખના કારણ છે. એ પરિણામ છે એ તો વહેવારે. આહાહા! ભારે વાતું ભાઇ! કષ્ટદાયી લાગે છે. તેથી તે આત્મસ્વરૂપની ભાવનાને ભાવતો નથી. પણ વિષયકષાયની જ ભાવના ભાવે છે. એ વિકલ્પો કરવા શુભ-અશુભ એની જ એને ભાવના છે. આહાહા! શુભ - અશુભની વૃત્તિ ઉઠાવવી એનીજ અજ્ઞાનીને ભાવના છે. ઇ કહે છે હવે. છ ઢાળાનો દાખલો આપ્યો.

**રાગાદિ પ્રગટ એ દુઃખ દેન; તિનહિકો સેવત ગિનત ચૈન.**

ગિનત ચૈન કર્યું છે, ચૈન શબ્દ છે નહિં? ચેન કર્યું, છે ચૈન જોઇએ ચૈન સેવત ગિનત ચૈન. (ખુશી માને).

રાગ, પુણ્ય ને પાપના ભાવ એ દુઃખદેન છે. આહાહા! હિંસા, જૂઠું, ચોરી, વિષયકષાયભાવ, આ રળવું, કમાવવું એ બધા પાપ ભાવ છે. દુઃખરૂપ છે. અને શુભભાવ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ પણ દુઃખદેન છે. રાગાદિ શબ્દ છે ને? એમાં કાંઇ અશુભરાગ એમ કાંઇ કહ્યું નથી. (શુભ-અશુભ) બેય

આહાહા! રાગાદિ પ્રગટ દુ:ખદેન. આહાહા! એને ખબર નથી પણ રાગ કહેવો કોને કહેવો ઇ ? તિનહિકો સેવત ગિનત ચૈન, રાગને સેવવામાં મજા માને છે ઇ. એવા અજ્ઞાની અનાદિથી સત્‌ને ઓળખતા નથી કહે છે. અને આત્મહિત હેતુ વૈરાગ જ્ઞાન, આત્માનાં હિતનું કારણ તો આત્મજ્ઞાન અને રાગથી રહિત વિરાગ દશા. આહાહા! તે લખૈ આપકું કષ્ટદાન. તે એને જાણે તો કષ્ટદાન. આહાહા! અરર! અંતરજ્ઞાન સ્વભાવમાં જાવું ને રાગરહિત થાવું એને દુ:ખદાયક માને છે. રાગાદિ વિષયકષાયે; આત્માને અહિતરૂપ છે.

રાગ, પુણ્ય ને પાપના ભાવ તે પર વિષયમાં ઉત્પન્ન થાય, પરલક્ષે એવા વિષયકષાયો આત્માને અહિત છે. દુ:ખદાયક છે છતાં અજ્ઞાની તેમાં હિત માની સુખ માની પ્રવર્તે છે. આહાહા! દિવસના પાંચ હજારની પેદાશ થાતી હોય, ને કાપડનો ધંધો હોય મોટો, બે - પાંચ - દસ લાખનું કાપડ ભર્યું હોય ને ઘરાક ઉપરા ઉપર આવતા હોય, બે ટંકનો એક ટંક કરી નાંખે, બે ટંક ખાવાનું એક ટંક કરી નાંખે, પણ આ જરા નવરા પડે તો ભાઇ લાવજે બે વાગ્યા. લાવને (શ્રોતા : પણ ભૂખ જ ન હોય) ભૂખ તો હોય પણ એ ધ્યાન ન્યાં.

કાપડ અમારી દુકાન હતી, અમારી સામે લોટિયા વોરાની, પાલેજમાં. ૫૦ હજાર તે દિ' નું ૫૦ હજારનું કાપડ હતું. તે દિ' ૫૦ હજાર એટલે ? ૬૫ - ૬૬ ની વાત છે. ૬૫ - ૬૬, ૫૦ હજારનું કાપડ. બધાં એ અમે ભેગા થઇને ચોપડા લખે ને શું કહેવાય તમારે એ પૂજન કરેને પૂજન તો આપણે નહોતાં કરતાં. પણ ઓલા કરે, ભેગા બેસીએ. બધાં હારે લખેલાં અને દિવાળી પછી માલ લેવા ગ્યો હું મુંબઇ ગ્યો. એમાં એય આવ્યો લોટિયો વ્હોરો. મેં કીધું કાંઇ મજૂરીનું ખાય છે, કહે મારું મકાન બળી ગયું. ર૩ માં. હારે તો ચોપડા લખતાં'તા ને આપણે. હેઠેથી છોકરાને કાઢવાનો વખત ન રહ્યો. મેડીએ સૂતા. હળ હળ હળ અગ્નિ. આ આમ ને આમ તરસતી હતી. બારી હતી એમાંથી કાઢી અને હેઠે ઉતાર્યા અને ૫૦ હજારનું કાપડ રાખ. તે દિ' ૫૦ હજાર એટલે અત્યારે તમારે તો શું થાય ? સમજાણું ?

અત્યારે તો ૨૫ ગણો ભાવ થઇ ગ્યો છે. તે દિ'ના ૫૦ હજાર એટલે અત્યારના સાડાબાર લાખ. અત્યારે પૈસાની કિંમત ક્યાં રહી છે ? હેં ? (શ્રોતા : માલની કિંમત વધી) એ ભાઇ મળ્યો'તો ત્યાં મુંબઇમાં મળ્યો'તો રસ્તામાં. પણ આમ એવો ગભરા જેવો. અરર! સાબ મારું મકાન બળી ગયું. ૫૦ હજારનું કાપડ બળી ગયું. મોટા બ્રાહ્મણ હતાં. એને ગામ જાય બે દિ' ગામનું નામ ભૂલી ગ્યા. ગામમાંથી સવારે આવે ને સાંજે વયા જાય. ઇ કહે કોઇ નહોતું ને અંદર કાપડ સળગ્યું. અરે ઉપરથી બારી બારણામાંથી બીજાનાં મકાનમાં ઉતારી હેઠે લાવ્યા ત્યારે જીવતા રહ્યા. જુઓ આ હખ. એ છોકરો સળગે છે

બધાને, આહા! કહે છે જે કાંઇ દુઃખ છે. એને સુખ માને છે, અને જ્ઞાન વૈરાગ્ય સુખનું કારણ છે, એને એ અહિત કે દુઃખ માને છે. આહાહા!

અજ્ઞાની જીવને ઉદ્દેશીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે,

**''અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,**

સોળ વર્ષે કહે છે -

**અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!**
**ઉઘાડ ન્યાય - નેત્રને, નિહાળ રે! નિહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્ર મેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું''.**

સોળ વર્ષે કહે છે. આ તારી બધી પ્રવૃત્તિ રાગની ને પુણ્યની ને પાપની દુઃખદાયક પ્રવૃત્તિ છે. આહાહા!

જે અનંત સુખનું ધામ એવા ચૈતન્ય સ્વભાવમાં તો તને મિત્રતા નથી. આનંદનું ધામ ભગવાન એના ઉપર તો તને પ્રેમ નથી, ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો. આહાહા! છોકરાને પરણાવવો હોય, બે પાંચ કરોડની મૂડી હોય, પાંચેક લાખ ખર્ચવા હોય, જુઓ ઇ તો તમારે, એની મા ગાંડી. હેં? ઉત્સાહ, ઉત્સાહ, ઉત્સાહ, અરે, બેન પણ હળવે હળવે બોલો, આ ત્રણ ચાર દિ' થી તમારો ઘાંટો બેસી ગ્યો છે. ભાઇ સાબ ઇ તો હાલે બધું. કો ચીમનભાઇ, બાઇયું એમ બોલે હોં? મૂરખીયું એવી હોય પણ આ ખાટલે બેસીને જલેબી ને ગાંઠીયા ખવાય ત્યાં બેસે સરખી દઇને. ઓલી કહે, આવા ટાણાં ફરીને ક્યાં મળે? આહા! મૂર્ખાઇનું પ્રદર્શન કરે, તો ય બોલ્યા કરે પાણી, ઘાંટો બેસી ગ્યો હોય તોય. ઉત્સાહ, ઉત્સાહ, ઉત્સાહ, ઉત્સાહ પાપમાં રહેવાની. કહે છે કે ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો પ્રભુ પ્રત્યે તને આહા ન્યાં ઉત્સાહ આવ્યો. આહાહા!

નવી દુકાન માંડે, પાંચ પચાસ લાખ પૈસા હોય. કાપડનો ધંધો કરવો હોય તો મેલાં કપડાં ન થાય ને કાપડમાં. બીજામાં તો કાંઇ ધૂળ ને મેલાય થાય. આ તો કાપડનો ધંધો એટલે આમ રાજકોટમાં મધ્યમાં મકાન નવું છે. અને પેદાશ પણ ભારે થશે. જુઓ એ દુકાનની વખતે એનો ઉત્સાહ, અને પછી ગોળ ને ધાણા વેંચે છે, ધૂળેય નથી. મરી જઇશ માળા. ત્યાં ઉત્સાહ ને આંહી ઉત્સાહ ન મળે. ચૈતન્યના ધામ પરમાત્મા પોતે એમાં રહેવા ને જવા માટે તને ઉત્સાહ નહીં અને આંહી તને ઉત્સાહ ને આહાહા!

અનંત દુઃખનું ધામ એવા જે બાહ્ય વિષયો તેમાં તને સુખ બુદ્ધિ થઇ, પ્રેમ

આવ્યો, ઉત્સાહ આવ્યો તે કેવી વિચિત્રતા છે. જેમાં દોડીને દુર્ગતિ જાવું છે એમાં તને ઉત્સાહ, જેમાં સુગતિ મળે એવો ચૈતન્યધામ એમાં તને ઉત્સાહ ને પ્રેમ નહિં એ કેવી રીતે વિચારે. અરે, જીવ હવે તારા જ્ઞાનચક્ષુને ઉઘાડીને જો રે, જો રે જો, કે તારો સ્વભાવ દુ:ખરૂપ નથી, પણ બાહ્ય વિષયો તરફનું તારું વલણ એકાંત દુ:ખરૂપ છે. લ્યો શું કહે છે જોયું? બાહ્ય વિષયો તરફનું વલણ એકાંત દુ:ખરૂપ છે. ચીમનભાઇ! આ તો દેવગુરૂ શાસ્ત્રની ભક્તિ બાહ્ય વિષયનું વલણ એમ કહે છે એય દુ:ખ છે શુભભાવ. તો કારખાનાને શું કહેવું? આહાહા! ભાઇ ત્યાં ઓલા સ્ટીલના પ્યાલા નીકળે. શું કહેવાય? પ્યાલા નીકળે છે ને? ગ્યા'તા એક ફેરે નહિં? કારખાનામાં લ્યો કે આ સ્ટીલનું લઇ જાઓ કહે. કીધું અમારે શું કરવું છે? કીધું સ્ટીલનું કારખાનું છે ને અનું મોટું જોરાવર. હજુ ચાલે છે? એ મોટું પૈસા વધતા જાય ને? આહાહા! લઇ જાઓ, લઇ જાઓ કહે. મુંબઇમાંય દુકાને પગલાં કર્યા તો કહે મહારાજ આ લઇ જાઓ. કહ્યું ભાઇ લઇને અમારે ન્યાં શું કરવું.

આ ચંદ્રકાંતભાઇની દુકાન નથી? રાજકોટવાળા મુંબઇમાં વાસણની ઓલા એવા મોટા મોટા વાસણ પાણી ભરવાના ઓલા મોટી દુકાન છે. અંદર ગયા તો કહે આ લઇ જાઓ પાણી ભરવાના કહ્યું ભાઇ આ તે ક્યાં લઇ જાય ન્યાં? ધૂળમાં ... ... અરેરે! આહાહા! કહે છે તને તારો સ્વભાવ દુ:ખરૂપ નથી. જ્ઞાનચક્ષુથી જો તો તારો સ્વભાવ દુ:ખરૂપ નથી. બાહ્ય વિષયો તરફનું વલણ એકાંત દુ:ખરૂપ છે. આહાહા! તેમાં સ્વપ્ને પણ સુખ નથી. સ્વપ્નમાં પણ એ સુખ નથી. આમ વિવેકથી વિચારી તારા અંતર સ્વભાવ તરફ વળ. ઝીણી વાત છે પ્રભુ. કહે કે આ ધર્મ આવો? ધર્મ એને કહીએ કે જે આનંદ સ્વરૂપ તરફ ઢળવું વલણ જવું, અને એમાં શાંતિ મળે એનું નામ ધર્મ છે. બહારમાં મંદિરમાં ને મંદિરની પૂજાના વલણમાં તો રાગ હોય ભલે પણ છે એ દુ:ખ. કહો સમજાણું કાંઇ? બાહ્ય વિષયમાં સુખ બુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા. છે ને? નિવૃત્તિ શીઘ્રમેવ ધાર. નિવૃત્ત થા, નિવૃત્ત થા. નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા છે. આહાહા!

આત્મા એટલે કાંઇ નહિં અને આ બીજી વસ્તુ એટલે સર્વસ્વ. હેં? આત્મા એટલે કે છે અંદર એમ શું પણ? અરે બાપુ શું છે આત્મા આત્મા એટલે સુખનો સાગર, આનંદનું ધામ છે. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો ભગવાન છે. આહાહા! એવા આત્માનીતો કાંઇ કિંમત નહિં. બાહ્ય વહેવારે છોકરો છે એની કિંમત ઓહો! ભાઇ વારસો લઇ લે કો'ક એ તો કહે એ તો વારસાનો ધણી જાગ્યો આ. (ઇ યે કો'ક છે ને?) કો'ક પણ એને એમ કે મારો છે ને ઇ. મારો છે ઇ લેશે રહેશે આ ૨૫ લાખ ને ૫૦ લાખના. દીકરો ન હોય તો દેરનો દીકરો લઇ જાય કો'કનો. પાપ કર્યા મેં ને લઇ જાય

કોક, હાશ! હવે ઘેર દીકરો થ્યો. ખુશી ખુશી મનાવો. કરો લાપસીના આંધણ, કરો પાપના ઉકાળા. સુજાનમલજી બહાર થાતું હશે? આહાહા! સુખનું ધામ તો તારો આત્મા છે. આહાહા! તેથી શુદ્ધાત્મ સ્વરૂપના સ્વસંવેદન સિવાય લ્યો. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છે. એના સ્વ નામ પોતાના સં-પ્રત્યક્ષ આનંદના વેદન સિવાય અન્ય કોઈ અભયસ્થાન નથી. કોઈ અભયનું સ્થાન નથી. અભયસ્થાન તો એ છે. આહા! સંસાર દુઃખના ત્રાસના અભાવનું તે એક જ સ્થાન છે. સંસારના દુઃખના ત્રાસના અભાવ તેનું એક જ સ્થાન છે. સુખનું જે એકજ સ્થાન છે. શરીર પુત્રાદિ બાહ્ય પદાર્થો કોઈ સુખના સ્થાન નથી. ભાઈ જુવાનીમાં રળ્યા હોય તો વૃદ્ધાવસ્થામાં કામ આવે એમ કહેતા. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય કેવો છે તે કહે છે.

तस्यात्मनः कीदृशः तत् प्रतिपत्त्युपाय इत्याह –

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना**
**यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ।। ३० ।।**

ઇન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ,
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૩૦

**टीका** : संयम्य स्वविषये गच्छन्ति निरुध्य । कानि ? सर्वेन्द्रियाणि पञ्चापीन्द्रियाणि । तदनन्तरं स्तिमितेन स्थिरीभूतेन। अन्तरात्मना मनसा । यत्स्वरुपं भाति । किं कुर्वतः ? क्षणं पश्यतः क्षणमात्रमनुभवतः बहुतरकालं मनसा स्थिरीकर्तुमशक्यत्वात् स्तोककालं मनोनिरोधं कृत्वा पश्यतो यच्चिदानन्दस्वरुपं प्रतिभाति तत्तत्त्वं तद्रूपं तत्त्वं स्वरुपं परमात्मनः ।। ३० ।।

તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય કેવો છે તે કહે છે :-

**અન્વયાર્થ** : (**सर्वेन्द्रियाणि**) સર્વ ઇન્દ્રિયોને (**संयम्य**) રોકીને (**स्तिमितेन**) સ્થિર થએલા (**अंतरात्मना**) અન્તરાત્માદ્વારા (**क्षणं प्रपश्यतः**) ક્ષણ માત્ર જોનારને-અનુભવ કરનાર જીવને (**यत्**) જે-ચિદાનંદસ્વરૂપ (**भाति**) પ્રતિભાસે છે (**तत्**) તે (**परमात्मनः तत्त्वम्**) પરમાત્માનું સ્વરૂપ છે.

**ટીકા** : પોતપોતાના વિષયોમાં જતી-પ્રવર્તતી-કોણ (પ્રવર્તતી)? સર્વ ઇન્દ્રિયો, એટલે પાંચે ઇન્દ્રિયો, તેને રોકીને-નિરોધીને, ત્યારબાદ સ્થિર થએલા અન્તરાત્મા વડે એટલે મન વડે જે સ્વરૂપ ભાસે છે, શું કરતાં? ક્ષણ વાર જોતાં-ક્ષણમાત્ર અનુભવતાં-અર્થાત્ બહુ કાલ સુધી મનને સ્થિર કરવું અશક્ય હોવાથી થોડા કલાક સુધી મનનો નિરોધ કરીને

દેખતાં - જે ચિદાનંદસ્વરૂપ પ્રતિભાસે છે, તે પરમાત્માનું તત્ત્વ - તદ્રૂપ તત્ત્વ - સ્વરૂપ છે.

**ભાવાર્થ:** સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં ભમતી - પ્રવર્તતી ચિત્તવૃત્તિને રોકીને અર્થાત્ અન્તર્જલ્પાદિ સંકલ્પ-વિકલ્પોથી રહિત થઇને, ઉપયોગને પોતાના ચિદાનંદ સ્વરૂપમાં સ્થિર કરવો. તે આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમાત્મસ્વરૂપનો પ્રતિભાસ થાય છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી અને મનના સંકલ્પ-વિકલ્પો તોડી જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું-સ્થિર થવું તે પરમાત્મ-પ્રાપ્તિનો ઉપાય છે.

**વિશેષ**

આત્મા અતીન્દ્રિય સુખનો ભંડાર છે એવી દૃષ્ટિ થતાં રાગની-વિકારની રુચિ તથા ઇન્દ્રિયોના વિષયો તરફની પ્રવૃત્તિ અટકી જાય છે. પર તરફની વૃત્તિ રોકાઇ જતાં, ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે, અને આત્માના આનંદકંદનો અનુભવ થાય છે. આ સમ્યગ્દર્શન છે ને તે જ સમાધિ છે. તે વડે જ પરમાત્મપદ પમાય છે. ૩૦

---

આહાહા! બહુ ટૂંકું. પોતપોતાના વિષયમાં જતી.

**ટીકા** : પ્રવર્તતી કોણ? સર્વ ઇન્દ્રિયો એટલે પાંચ ઇન્દ્રિયો તેને રોકીને પાંચ ઇન્દ્રિયના વિષય તરફ વળતું એને રોકીને આહાહા! 'જે ઇન્દ્રિય જિણિતા' આવે ને? ૩૧મી ગાથા એનો અર્થ કે ભગવાનની વાણી સાંભળવી, ભગવાનના દર્શન કરવા એ ઇન્દ્રિયનો વિષય છે. ભારે આકરો લાગે માણસને. આંહી તો બધી ઇન્દ્રિયોને રોકીને એમ કહ્યું છે ને? દ્રવ્યેન્દ્રિયને રોકીને (દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એના વિષયો) ત્રણે આહાહા!

દ્રવ્ય આ જડ પાંચ ઇન્દ્રિય આ માટી, અંદર ભાવ ઇન્દ્રિય એક એક વિષયને જાણનાર (જ્ઞેય) જ્ઞાન અને એનો વિષય ભગવાનની વાણી અને બાયડી છોકરા બધો એનો વિષય. એ ત્રણેને ઇન્દ્રિયો કહી છે. આ ઇન્દ્રિય જડ પાંચ, ભાવ ઇન્દ્રિય ચૈતનની પર્યાય ક્ષયોપશમ ઉઘાડ, કે જેનાથી એક એક વિષય જણાય. ચક્ષુથી રૂપ જણાય, કાનથી વાણી જણાય એવી ભાવ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને એનો વિષય. વિષય એટલે બાયડી છોકરા કુટુંબ પૈસો મહેલ એ બધો ઇન્દ્રિયનો વિષય છે. એ ઇન્દ્રિયમાં નાંખ્યા છે એને, અને ભગવાનની વાણી અને ભગવાનને પણ ઇન્દ્રિયમાં નાંખ્યા છે. શાંતિભાઇ, આરે! આકરું પડે આવું વહેવારના વિષયવાળાને. ત્યાંથી પાછો વળ કહે છે, છે ને? સર્વ ઇન્દ્રિયો, પાંચે ઇન્દ્રિયોને રોકીને નિરોધીને કેમકે ભગવાન આત્મા તો અણીન્દ્રિય છે.

આહાહા ! આવો ધરમ કરતાં કોઇ બીજો હળવો ધરમ નહિં હોય ? હળવું તો આ જ હોય.

પર તરફના વલણને રોકી ત્યાર બાદ સ્થિર થયેલા અંતરાત્મા વડે જ્ઞાન પર્યાયને અંતરમાં વાળતાં બધી ઇન્દ્રિયોના વિષયથી ખસી જતાં સ્થિર થયેલો અંતરાત્મા વડે અતીન્દ્રિય આનંદમાં સ્થિર થતો ભગવાન આત્મા જે સ્વરૂપ ભાસે છે. મન વડે જે સ્વરૂપ ભાસે છે. મન શબ્દ પડયો છે ને ? એ અંદર ભાસે છે. અંતરાત્મા એ ટીકામાં છે. અંતરાત્મા મનસા છે ને ? એ એમ કે ભાવ મન. ભાવ મન શુદ્ધ यत्स्वरूपं मनोनिरोधं कृत्वा સંસ્કૃતમાં પડયો છે એ શબ્દ. કહે છે કે પર પાંચ ઇન્દ્રિય એના તરફનો વલણભાવ એ દુ:ખરૂપ ભાવ એને ખસી જઇને ભગવાન આત્મા આનંદ સ્વરૂપ એમાં સ્થિર થતાં જે ભાસે છે વસ્તુ તે, પરમાત્મ તત્ત્વ પોતે છે. આરે ! જે સ્વરૂપ શું કરતાં ? ક્ષણવાર જોતાં એટલે ક્ષણમાત્ર અનુભવતાં. પછી ત્યાં લેશે થોડું સંસ્કૃતમાં ટીકા છે ને ? बहुतरकालं मनसा ઘણો કાળ - મનને સ્થિર કરવું અશક્ય હોવાથી, થોડો કાળ સુધી, પણ થોડો પણ એ અંતરમાં વળવું એ થોડો કાળ ઘણો કાળ છે ને. આહાહા ! મનનો નિરોધ કરીને દેખતાં, મનની કલ્પનાઓ જે શુભ-અશુભ રાગ એને રુંધીને છોડી દઇને એની પાછળ જે અંતરાત્મા છે એમાં ઠરતાં જે વસ્તુનો અનુભવ થાય તે વસ્તુ પરમાત્મ સ્વરૂપ છે. તે જ તું પરમાત્મા છો કહે છે આંહી તો. આહાહા ! એટલે પરમ સ્વરૂપ છે એમ. એ ચિદાનંદ સ્વરૂપ પ્રતિભાસે છે. જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા પાંચ ઇન્દ્રિયના ભાવ જડ ને બાહ્યથી રોકીને અંતરમાં ઠરે છે. ત્યારે એ ઠરવાનો જે પર્યાયનો લક્ષ તેના ઉપર છે. એ તત્ત્વ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે. આવું કામ આહાહા ! લ્યો આ સમ્યગ્દર્શન, દેખ્યા ભગવાનને સમ્યક્ અવલંબન કરતો. નથી કહ્યું ? રાત્રે કહ્યું'તું. પંડિતજીએ ૧૧મી ગાથામાં સમ્યક્ અવલોકન તે શુદ્ધનયનું ભૂતાર્થ છે. એ સમ્યક્ અવલોકવું એ ભૂતાર્થ છે. ત્રિકાળ વસ્તુને, સત્ય વસ્તુને પરમ સત્ય વસ્તુ ધર્મા, ધર્મ સ્વરૂપ ધર્મા ધર્મી એને અંતર્મુખ અવલોકતાં એને આનંદનું ભાન થાય તે તત્ત્વ તદ્રૂપ તત્ત્વ અરાગ સ્વરૂપ પરમાત્માનું છે. આહા !

બહિરતત્ત્વનું લક્ષ ને દષ્ટિથી છોડી દઇને એટલે કે જે એના પરમ સ્વરૂપમાં નથી એવા પુણ્ય પાપના વિકલ્પોને, સ્વ બંધનને એને થનારા સંયોગ, એ બધામાંથી ખસી જઇને. આહાહા ! સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ જે અંદર ભાસે સમ્યક્ જ્ઞાનમાં તે જ તારું સ્વરૂપને તે જ તું પરમાત્મસ્વરૂપ છે ! આહાહા ! માણસ કહે છે પણ આનું સાધન કાંઇ ? એમ કહે છે આ તો તમે નિશ્ચય વસ્તુ ઉતારી પણ એ સાધન છે. કીધું ને આવે છે ને ? આહાહા !

બાહ્ય તરફના વલણને છોડી અને અંતરનાં વલણમાં જવું એ દશામાં જે પરમાત્મા ભાસે આનંદનાં સ્વાદે એ પરમાત્મા પોતે છે અંદર. આહાહા ! આવું સ્વરૂપ ને

આ બધું સાંભળ્યું ન હોય કેટલાક નવાએ. આ વ્રત કરોને અપ્પાસ કરો લ્યો. તે તત્ત્વ 'તત્ તત્ત્વં પરમાત્મનઃ' ૪ થું પદ છે ને ? પરમાત્માની પર્યાયપણે થવું એ જુદી વાત છે. આતો અંદર જે પરમ તત્ત્વ નામ પરમસ્વરૂપ છે તેમાં સ્થિર થતાં બાહ્યથી વિકલ્પને રોકીને અંદરમાં નિર્વિકલ્પ તત્ત્વમાંના ધ્યાનમાં પરમ સ્વરૂપને ધ્યેય બનાવીને અંદર ઠરતાં જે ભાસ થાય વસ્તુનો તે વસ્તુ પરમ તત્ત્વ છે. આહાહા!

ભારે વાતું ભાઈ ! આ બધાને સાધન વહેવાર જોઈએ એમ કહે છે. પણ ઈ પોતે વહેવાર છે. જે અંદરમાં એકાગ્ર થાય એ પર્યાય પોતે વહેવાર છે. આહા! સમજાણું કાંઈ ? ભારે મારગ. આ તો પૂજ્યપાદસ્વામી દિગંબર મુનિ. મુનિઓને માટે કરવાનું કહયું છે આ ? જેને અંતરાત્મા થવું એની આ રીત છે. એટલે કે જેને સમ્યગ્દૃષ્ટિ થવું હોય એની આ કળા છે. આહાહા! સમ્યગ્દર્શન કરવું હોય તો એણે પૂર્ણાનંદના નાથની સામે જોવું, પરની સામું છોડી દઈને. આહાહા! ભાવ થોડા છે પણ ભાવમાં ગંભીરતા ઘણી ઘણી. કહે છે કે એ પરમતત્ત્વ તે પ્રતિભાસ થાય એ પરમાત્મ સ્વરૂપ છે. આહાહા! પરમ પરમ સ્વરૂપ છે ઈ. મહા પરમ સ્વરૂપ જેને અનંતુ જ્ઞાન, અનંતુ દર્શન, અનંતો આનંદ, અનંતુ બળ, સ્વચ્છતા, પ્રભુતા એ શક્તિઓ જે સ્વરૂપ એવો જે પરમાત્મા એને પરથી રોકીને, ઈન્દ્રિયના વિષયથી રોકીને અંતરમાં ઠરવું, ઠરતાં જે સ્વરૂપ ભાસે તે પરમાત્મા પોતે છે. સમજાણું કાંઈ ?

આરે આવી વાતું કહે છે. ઓલા તો એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, જીવીયાઓ, વવરોવીયા. એ વજુભાઈ ? ઈચ્છામી પડિક્કમણું કર્યું છે કે નહિં ? ઈચ્છામી પડિક્કમણું, ઈરિયા, વહિયાએ, વિરાહણાએ, ગમણા, ગમણે, તસ્સ મિચ્છામી દુક્કડં. લ્યો જાઓ, થઈ ગઈ સામાયિક. એ જેઠાભાઈ ? જેઠાભાઈએ પણ કર્યું છે બધું. ઉના પાણી પીતા'તાં એ. અરે પણ ભાઈ, આંહી તો પરમાત્મા કહે છે, પર તરફના વલણના ભાવને છોડી દે, જો તારે સુખી થાવું હોય તો.

અર્થાત્ તારે ધરમી થવું હોય તો, સુખી થવું નો અર્થજ ધરમી થવું હોયતો. આહાહા! ધરમી થવું હોય તો તારે ધરમને ધારણ કરવો હોય તો એ પરતરફનાં પાંચે ઈન્દ્રિયનાં શુભ, અશુભ વિષય એમાંથી પાછો વળ. આહાહા! અને અણીન્દ્રિય ભગવાન સ્વરૂપે બિરાજમાન પોતે એનો ભેટો કર. જુઓ આ ધરમી થવાની અને ધરમ થવાની આ રીત ભારે ભાઈ, આ બધા શું કરશે ત્યારે આ. મકાનો મોટા કેટલા મંદિર. કેટલા મંદિર કો. હજી એક તો ઓલું મંદિર હતું, વળી સમવશરણ કર્યું. વળી માનસ્તંભ કર્યું, વળી એક આ. હેં ? (હવે બાહુબલીનું) ઈ તો હવે ના પાડી. કોઈ કહે પાંચ લાખ આપું ને બાહુબલીની

મૂર્તિ કરોને આંહી હવે નહિં, ઇ તો થઇ ગ્યું ઇ થઇ ગ્યું હવે. આહાહા! એ તો એને કાળે થયું અને તેમાં કરવાના ભાવ આવ્યા. શુભભાવ હોય ભલે. સમજાય છે ? ઇ પુણ્યબંધનું કારણ છે. એમાં એ પોતે શુભભાવ છે એ વહેવારે ધર્મ છે. પરમાર્થે અધર્મ. આહાહા! કેવી વાતું છે. ત્યારે મૂર્તિ, મૂર્તિની પૂજા ન કરવી ને ? ભાઇ કરવાનું તો નહિ છોડીશ તું, પણ અંદર ઠરી શકે નહિં ત્યારે એવો ભાવ આવ્યા વિના રહે નહિં. અને એ શુભભાવ ન હોય ભક્તિ આદિનો અને એમ માને કે અમને તો વીતરાગતા પૂર્ણ થઇ ગઇ એ તો મૂંઢ છે. આહાહા! સમજાણું કાંઇ ? પણ એ શુભભાવ આવ્યો માટે ધરમ છે એમ નહિં.

પૂરણ વીતરાગતા પ્રગટ ન થાય, અને સ્વરૂપના ભેટા હોવા છતાં સ્થિર થઇને પરમાત્મા ન થાય એને વચમાં એવો ભક્તિનો, ક્રિયાનો, વલણનો ભાવ આવે. આવે પણ એ ઇન્દ્રિયો તરફના વલણનો ભાવ છે. બીજી રીતે કહીએ તો એ ઇન્દ્રિયનો વિષય ને ઇન્દ્રિય કીધી છે ભાઇ! પરમાત્મા પોતે આ મંદિર અને દેવ કીધા છે ને ? આ મંદિર આ મૂર્તિ એ બધાં ઇન્દ્રિય છે, એને ઇન્દ્રિય કીધી છે કેમ કે ઇન્દ્રિય તરફ વળવું થાય છે એનું ત્યારે ઇન્દ્રિયથી જણાય છે ઇ. એ ઇન્દ્રિયનો અણીન્દ્રિય આત્મા નથી ત્યાં જણાતો. આહાહા! પણ જેને વાસ્તવિક તત્ત્વનું વેદન અને અનુભવ કરવો હોયતો એને તે ક્ષણે તો એને શુભભાવને પણ છોડી દેવો પડશે. આહાહા! ભારે કામ. વળી એવું પુણ્યબંધનું દુ:ખરૂપ આવે, થાય એમ સમકિતીને પણ આવે. આવે બાપુ પૂરણ સ્થિરતા ન હોય ત્યાં લગી. બાકી એમ કરીને એકલી મૂર્તિમાં માનનારા મિથ્યાત્વી છે ને એને નથી માનતા માટે સમકિતી છે એમ નથી.

સુજાનમલજી, કહ્યું'તું ને એ ચર્ચા થઇ'તી ૮૩માં દામોદર શેઠ હારે. ૮૩માં ઘણાં વર્ષ થઇ ગયા. ૪૮ વર્ષ થ્યા. ઇ કહે કે સમકિતીને પછી મૂર્તિ માને નહિં. મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી એને મૂર્તિને માનવાનું આવે, સમ્યક્ થયા પછી ન હોય. કીધું સાંભળો. સમ્યગ્દષ્ટિ થયા પછીજ નય હોય અને નય હોય ત્યાં વહેવારનયનો વિષય લક્ષમાં આવ્યા વિના રહે નહિં, અને સમકિતીને જ નિક્ષેપ હોય, કેમકે શ્રુત - ભાવશ્રુત જ્ઞાન થયું, સ્વને આશ્રયે એ શ્રુતજ્ઞાનનો ભેદ પડયો એ નય. એ નયના બે ભાગ નિશ્ચય અને વહેવાર. એ નયનો વિષય નિશ્ચયનો સ્વ અને વહેવારનો પર. એટલે ખરેખર તો સમકિતીને જ વહેવારનય હોય અને વહેવારનયનો વિષય સ્થાપના સમકિતીને જ જ્ઞેયના ભેદનો વિષય હોય.

આહા! મોહનલાલજી, મિથ્યાદષ્ટિને ન હોય કીધું. ન ગોઠયું એને. હેં ? આહા! એમ હોય ? ભાવ આવે, રાગ છે એમાં પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગની મૂર્તિ, મંદિર એને દેવ કહ્યા છે વહેવારે. નિશ્ચય દેવ તો ભગવાન આત્મા છે. આહાહા! પણ

આહીં તો સિદ્ધ એ કરવું છે કે તને જ્યારે શરૂઆત જો ધરમની કરવી હોય તો જ્યાં સુખરૂપ સ્થાન પડ્યું છે ત્યાં જા, અને પાંચ ઇન્દ્રિયનાં વિષયના વલણને છોડ, તો અંદર સ્વરૂપની દૃષ્ટિ થશે. આહાહા! અને પછી સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં નિશ્ચયદશા પૂરણ પ્રગટે નહિં એને વચમાં આવો ભાવ આવ્યા વિના રહે નહિં, પણ એ ભાવ બંધનું કારણ આવ્યા વિના રહે નહિં.

પૂર્ણ અબંધ પરિણામ પ્રગટ ન થાય ત્યાં સુધી બંધના પરિણામ અબંધ સ્વભાવને, અબંધ સ્વભાવને જાણતાં, અબંધ પરિણામ થયા, પણ અબંધ પરિણામ પૂરણ ન થાય, મોક્ષ મારગ ત્યાં સુધી, વચમાં આવા બંધ પરિણામ આવે ખરા આરે! સમજાણું કાંઇ ? પણ એને જ્ઞાની જાણે કે આ રાગ પુણ્ય છે. બાધક છે, પણ સ્થિર થતો નથી, એટલે આવ્યા વિના રહે નહિં. અંદર આનંદમાં લીન ન થાય, આનંદનું ધામ હોવા છતાં સ્થિર ન થઇ જાય, ચારિત્રદોષ છે ને એ ? આહાહા! એને એવો ભાવ આવે. પણ એ ભાવ આવે માટે મંદિર બને એમ નથી. અને મંદિર બન્યું માટે શુભભાવ એને લઇને થાય ? ભાઇ, હવે આવી વાતું ? એમેય નથી. પોપટભાઇ ! તો આ બનાવે છે ને, પોપટભાઇ ! ન્યાં જુઓને ગીરધરભાઇ ક્યાં ગયા ? અઢી લાખનું કરે છે. એ તો પુણ્યબંધ છે. શુભરાગ વઢવાણમાં મંદિર કરે છે ને આ ? એય ? હેં ? ભેગા કરે છે. આહાહા!

એ તો એ કાળે જ્યારે બનવાની પરમાણુની પુદ્‌ગલની પરાવર્તન દશા થવાનો એ કાળ છે, એથી ત્યાં એને સમયે ત્યાં થાય છે. આહાહા! છતાં એને શુભભાવ જ્યારે હોય ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. છે તો ઇન્દ્રિયનો વિષય એ. આહાહા! જેમ ઇન્દ્રિયનો વિષય સ્ત્રી છે એમ વાણી, મંદિર પણ ઇન્દ્રિયનો વિષય છે. ઓલો અશુભ વિષય છે આ શુભ છે. આહા! ભારે ભાઇ! આવું ભગવાનનું સ્વરૂપ અનેકાંત જે રીતે છે એ ન માને અને એકાંત કરી નાંખે એ તો મિથ્યાત્વના લક્ષણ જણાવે છે. સમજાણું કાંઇ ? એમ એનાથી ધરમ માની લે તો એકાંત થાય અને એ આવેજ નહિં એ પણ મિથ્યાદૃષ્ટિ છે. ભારે ભાઇ! એ તત્ત્વ પરમાત્માનું છે. આહાહા! આ તો અણાગ્રહી અને વાસ્તવિક તત્ત્વના સ્વરૂપનો અભિલાષી એને આ માટે છે આ. પોતે માન્યું હોય અને વાતને શાસ્ત્રથી દૃઢ કરી હોય તો એ નહિં થાય. નહિં મળે. સમજાણું કાંઇ ? આહા!

**ભાવાર્થ:** સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં ભમતી. છે? એક છે આરજાનજી કહે છે. જુઓ આમાં ભગવાનની ભક્તિને છોડવાનું કહ્યું છે. અને ભગવાનની મૂર્તિ ને ઇ છે નહિં શાસ્ત્રમાં એમ કહે છે. આહા એ લીલાવતી છે ને તમારી? એ એમ કહે છે કે મૂર્તિ શાસ્ત્રમાં છે નહિં અને મૂર્તિની ભક્તિ ભગવાનની એને ભક્તિ સાચી કીધી નથી માટે

મૂર્તિ પૂજવા યોગ્ય નથી. વહેવારે પૂજવા યોગ્ય છે. નિશ્ચયથી ક્યાં પૂજવા યોગ્ય છે? નિશ્ચયથી તો સ્વરૂપ પૂજવાને પૂજ્ય છે. પણ સ્વરૂપની સ્થિરતા પૂર્ણ ન થાય ત્યાં સુધી એવો ભાવ ગણધરને પણ આવ્યા વિના રહે નહિં. છદ્મસ્થને. આહા! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતનાં પરિણામ એ ઈન્દ્રિયનો વિષય છે અને એમાં પરને લક્ષે પાંચ થાય છે. અહિંસા આદિ આને ન મારું, આની દયા પાળું, આમ સત્ય બોલું ને એ બધા વિકલ્પ છે. આહાહા! ખરેખરતો એ ઈન્દ્રિય છે અને ઈન્દ્રિયનાં વિષય છે. આહાહા! કેમકે અણીન્દ્રિય જેવો ભગવાન આત્મા અણીન્દ્રિય સ્વરૂપ પ્રભુ એમાં જે વિકલ્પ ઉઠે એ ઈન્દ્રિય સ્વરૂપ છે પણ અણીન્દ્રિયનું ભાન થઈને અણીન્દ્રિય પૂર્ણદશા પ્રગટ ન થાય ત્યારે વચમાં આવો શુભભાવ આવ્યા વિના રહે નહિં. માળે, છતાં એને ધરમ ન માને વહેવાર ધરમ હોં. વહેવાર ધરમ એટલે પુણ્ય એમ. સમજાણું કાંઈ? વહેતા કાળમાં બધું ફેરફાર થઈ ગયાં. એકે વહેવાર હતો એ ઉથાપ્યો એમ હોય જ નહિં, તો બીજો કહે કે વહેવારથી ધરમ થાય. બેય ખોટા. આહાહા!

સંવર, નિર્જરા ધૂળમાંય નથી કોઈ વહેવાર. ઈ વહેવાર તો સ્વભાવને આશ્રયે થાય. ઈ તો એની ખબરું નથી એને અને સ્વભાવનો પૂરણ આશ્રય ન થાય જ્યાં સુધી ત્યાં સુધી સ્વનો આશ્રય લીધો એટલો ધરમ 'સ્વઆશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વહેવાર'. એ પરાશ્રિત વહેવારનો ભાવ હોય એ જાણેલો પ્રયોજનવાન છે. આહાહા! એ કરેલો પ્રયોજનવાન છે, એમ નહિં. સમજાણું કાંઈ? એ વહેવારનય આવ્યો ને? ૧૨મી ગાથામાં. ઈ ત્યારે ખરો મેળ બેસે. વસ્તુ શુદ્ધ ચૈતન્ય ભૂતાર્થનું ભાન હોવા છતાં પર્યાયમાં રાગની મંદતા અને અસ્થિરતા આદિ કે સ્થિરતાને હું છોડું છું એને જાણવું એનો વહેવાર છે ઈ જાણવું એનું નામ વહેવાર. કાંઈ કરવું ને એ વહેવાર છે એમ નહિં. આહાહા! જાણેલો પ્રયોજનવાન છે. બાકી માથે તો એમ લખેલું છે કોઈ કોઈને વહેવાર પણ પ્રયોજનવાન છે. એમ નથી આવ્યું? ગાથામાં હેં? જાણેલો હેં? એમાં માથે તો કોઈ કોઈને વહેવાર. એ તો પછી ટીકામાં પણ માથે એમ છે એટલે, જુઓ કહે. વહેવાર શું કીધુ ઈ? એમ કોઈ કોઈને એટલે જેની સ્વરૂપમાં સ્થિરતા નથી એવા જીવને એવો વહેવાર હોય છે. એ વહેવાર જાણેલો પ્રયોજનવાન છે. આહાહા! ભારે વાતું ભાઈ!

વીતરાગના મારગની અનેકાંત શૈલી અમૃતસ્વરૂપ છે ને? એ આંહી કહે છે ને? જુઓ. ઈન્દ્રિયોમાં ભમતી પ્રવૃત્તિ ચિત્તવૃત્તિને રોકીને, અંતરજલ્પ આદિ સંકલ્પ વિકલ્પથી રહિત થઈને બહારની પ્રવૃત્તિ રોકીને આ તો અંતરનાજલ્પ સૂક્ષ્મ આ આત્મા

છું ને, શુદ્ધ છું ને, અબદ્ધ છું ને, એવા વિકલ્પ છે ને ? ૧૪૩ ગાથામાં કહ્યું છે ને ? હું અબદ્ધ છું, શુદ્ધ છું, એ પણ એક વિકલ્પ છે. ઇ અંતરજલ્પ છે. એનાથી રહિત થઇને ઉપયોગને પોતાના ચિદાનંદ સ્વરૂપમાં સ્થિર કરવો. આહાહા !

જ્ઞાનના અંતર વેપારને સ્વરૂપમાં સ્થિર કરવો. આહાહા ! તે આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમાત્મ સ્વરૂપનો પ્રતિભાસ થાય છે. લ્યો, એટલે જે પરમ સ્વરૂપ છે તેનું વેદન થાય છે. વેદન તો પર્યાયમાં છે, છતાં પરમ સ્વરૂપ આ છે. એની સેવના કરવાથી, આવ્યું છે કે નહિં ? ૬ ઠ્ઠી ગાથામાં. પરનું લક્ષ છોડી અને દ્રવ્યનું સેવન કરવાથી અને શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે એને અને પર્યાયમાં ત્યાં વાળવાથી જે શુદ્ધતા પ્રગટે એ પર્યાય છે. પણ એ શુદ્ધતા પ્રગટી એને ત્રિકાળ શુદ્ધ છે એમ અનુભવમાં આવ્યું. સમજાણું કાંઇ ? એને શુદ્ધ ને પવિત્ર આવા આત્માને જાણવો તે ધરમ છે એમ કીધું. પાંચે ઇન્દ્રિયના વિષયો તરફનું વલણ છોડી, આ વલણ નથી પકડતાં, તટસ્થ ચીમનભાઇ ! એમ આ વલણ છોડી દે કહે છે પર તરફનું. મનના સંકલ્પ વિકલ્પો તોડી, ઇન્દ્રિયોનાં વિષય તરફનું વલણ છોડી, મનના સંકલ્પ વિકલ્પને તોડી, જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું, સ્થિર થવું, તે પરમાત્મ પ્રાપ્તિનો ઉપાય છે. લ્યો.

વિશેષ આવશે ...

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન - ૩૯

## શ્લોક - ૩૦ અને ૩૧

સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૧૮.૦૧.૭૫

तस्यात्मन: कीदश: तत् प्रतिपत्त्युपाय इत्याह—

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना**
**यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मन: ।। ३० ।।**

ઈન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ,
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ।। ૩૦ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

ગાથા ૩૦મી એનું વિશેષ - સમાધિતંત્ર

આત્મા અતીન્દ્રિય સુખનો ભંડાર છે. પિંડનો અનુભવ થાય છે. આ સમ્યગ્દર્શન છે. લ્યો આને સમ્યગ્દર્શન કીધું. ભગવાન સાચા ને દેવ ગુરુ સાચા ને એટલે સમ્યગ્દર્શન એમ નથી. સમ્યક્ નામ યથાર્થ અને દૃષ્ટિ - શ્રદ્ધા નામ યથાર્થ શ્રદ્ધા, એ વસ્તુ

પોતે આનંદનું ધામ, સુખનું સરોવર છે. એમાં પાણી પીવા જાય સુખનું તો એને સુખ મળશે. આહાહા! નિર્વિકલ્પ રસ પીજીએ. જેટલા પુણ્ય, પાપના ભાવ એ તો અસમાધિ છે. દુઃખરૂપ છે. આ સમ્યગ્દર્શન છે. અને તેજ સમાધિ છે. ચિત્ત સમાધિ હુએ દસ બોલે એવું આવે છે. શ્વેતાંબરમાં દશ બોલે આવે. દશાંગસૂત્રમાં ચિતસમાધિ હુએ દશ બોલે. અહીં પ્રથમ સમ્યગ્દર્શનને સમાધિમાં લીધું છે. સમજાણું પણ એને. સમ્યગ્દર્શન એટલે આ દેવ, ગુરૂ, શાસ્ત્રને માનવા ને અંતઃકરણથી નવતત્ત્વને શ્રદ્ધવા. હવે અંતઃકરણ એટલે શું એની વ્યાખ્યા કરે કે અંતરનું મન. (ભાવમન પુદ્‌ગલ છે.) હેં?

પુદ્‌ગલ જ છે. એ તો ભાવમન, આહાહા! અચેતન છે. રાગ આદિ અચેતન છે. પુદ્‌ગલના પરિણામ છે. આહાહા! એ આત્માની ઉલ્ટી વિપરીત દશાથી થાય છે. સ્વરૂપમાં નથી. એનો કાળ થવાનો ક્ષણ છે. આહાહા! કહે છે કે એ સમ્યગ્દર્શન છે ને તે જ સમાધિ છે. આહાહા! સમ્યગ્દર્શનની વ્યાખ્યા લોકોએ સાધારણ કરી નાખી. અનંતકાળમાં જેને સમ્યગ્દર્શન થયું નથી, એવી અપૂર્વ ચીજ પ્રતીતમાં આવતાં એને અંશ શાંતિનું વેદન આવે છે, કેમ કે શ્રદ્ધા વિપરીત ગઈ. અનંતાનુંબંધી ગયો. એને શાંતિનું વેદન આવે. આહાહા! એને સમ્યગ્દર્શન કહે છે. તે વડે જ પરમાત્મપદ પમાય છે. પૂરણ આત્મપદ પરમાત્મપદ અંતરના સ્વભાવમાં, આનંદની દશામાં ઝૂલતાં એકાગ્ર થતાં એને સર્વજ્ઞ પદ પ્રાપ્તિ થાય છે. આ બધા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એનાથી કાંઈ સર્વજ્ઞપદ પ્રાપ્ત થતું નથી. એ તો બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? હવે અહીં શબ્દ લીધો છે ભઈ આરાધના કોની કરવી કે સ્વરૂપની પ્રાપ્તિ થાય? સર્વજ્ઞદેવની આરાધના કરવી? ગુરૂની કરવી? શાસ્ત્રની કરવી? કોની આરાધના કરવી? જેથી સ્વરૂપ પોતે શુદ્ધ ચૈતન્ય એના આનંદની પ્રાપ્તિ કોના આરાધનથી થાય ? એવી આશંકા કરી કહે છે.

कस्मिन्नाराधिते तत्स्वरुप-प्राप्तिर्भविष्यतीत्याशङ्क्याह -

**यः परमात्मा स एवाऽहं योऽहं स परमस्ततः ।**
**अहमेव मयोपास्यो नान्यः कश्चिदितिस्थितिः ।।३१।।**

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ ।। ૩૧ ।।

**टीका** : यः प्रसिद्धः पर उत्कृष्ट आत्मा स एवाहं । योऽहं यः स्वसंवेदनेन प्रसिद्धोऽलमन्तरात्मा स परमः परमात्मा । ततो यतो मया सह परमात्मनोऽभेदस्ततोऽहमेव मया उपास्य आराध्यः । नान्यः कश्चिन्मयोपास्य इति स्थितिः । एवं स्वरूप एवाराध्याराधकभावव्यवस्था ।। ३१ ।।

કોની આરાધના કરવાથી તે સ્વરૂપની પ્રાપ્તિ થાય ? એવી આશંકા કરી કહે છે :-

**અન્વયાર્થ** : (**यः**) જે (**परात्मा**) પરમાત્મા છે (**सः एव**) તે જ (**अहं**) હું છું, તથા (**यः**) જે (**अहं**) હું છું (**सः**) તે (**परमः**) પરમાત્મા છે; (**ततः**) તેથી (**अहं एव**) હું જ (**मया**) મારા વડે (**उपास्यः**) ઉપાસવા યોગ્ય છું, (**कः चित् अन्यः न**) બીજો કોઇ (ઉપાસ્ય) નથી, (**इति स्थितिः**) એવી વસ્તુ સ્થિતિ છે.

**ટીકા** : જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે તે જ હું છું. જે હું - અર્થાત્ જે સ્વસંવેદનથી પ્રસિદ્ધ હું અંતરાત્મા - તે પરમ એટલે પરમાત્મા છે. મારી સાથે પરમાત્માનો અભેદ છે, તેથી હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય. આરાધવા યોગ્ય છું, બીજો કોઇ મારા વડે ઉપાસવા યોગ્ય નથી. એવી સ્થિતિ છે - અર્થાત્ એવું સ્વરૂપ જ છે - એવી આરાધ્ય - આરાધકની વ્યવસ્થા છે.

**ભાવાર્થ** : અંતરાત્મા વિચારે છે કે, ''મારો અંતરાત્મા સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વાસ્તવમાં તે અરિહંત અને સિદ્ધ સમાન છે. અર્થાત્ પરમાત્મા છે. તેની અભેદપણે ઉપાસના કરવાથી હું પોતે જ પરમાત્મા થઇ શકું તેમ છું. માટે હું જ (મારો શુદ્ધાત્મા જ) મારે પોતાને ઉપાસ્ય છું; બીજો કોઇ ઉપાસના કરવા યોગ્ય નથી. હું પોતે જ ઉપાસ્ય અને ઉપાસક છું.''

## વિશેષ

''ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે, કારણકે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી.''[૧]

જ્યારે અંતરાત્મા પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ અને જ્ઞાતા-દ્રષ્ટારૂપ અનુભવે છે અને અભેદ ભાવનાના બળે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઇ જાય છે ત્યારે તે સર્વ કર્મ-બંધનથી મુક્ત થઇ પરમાત્મા બની જાય છે તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે, એમ સમજી અને નિર્ણય કરી અંતર્મુખ થઇને પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો' - સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્મપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી આત્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધા - જ્ઞાન કરે છે તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

આ જ આરાધ્ય-આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે. ૩૧

**ટીકા** : જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે. ચિત્ - સમાંત પ્રસિદ્ધ છે. કહે છે. આહાહા ! આત્મા અંદર આનંદ સ્વરૂપ છે. એ તો પ્રસિદ્ધ છે. એ ઉત્કૃષ્ટ આત્મા તે જ હું છું. અંદર જે ઉત્કૃષ્ટ પર્યાયથી પણ રહિત શુદ્ધ ચિદ્ઘન આનંદ તે હું છું. તે હું આત્મા ને તે હું પરમાત્મા. આહાહા ! અને જે હું છું તે પરમાત્મા છે. એ પરમાત્મ પરમ સ્વરૂપ તે હું છું અને હું છું તે પરમ સ્વરૂપ છું. આહાહા ! વસ્તુ છે ને ? પરમ સ્વભાવ સ્વરૂપ છે. પરમસ્વભાવ સ્વરૂપ એ ઉદય, ઉપશમ, ક્ષાયિક છે તે નહિ આહાહા ! આવી વાત ભારે. ધરમની કાંઈ, એક કોર સંસારના કામ આડે નવરો નથી હેં ? નવરો થાય તો આ સમજવું કઠણ પડે આવું, સાંભળવા મળે નહિ. આહા !

કહે છે જે પ્રસિદ્ધ પર ઉત્કૃષ્ટ આત્મા છે. અહીં છે ને જુઓ ? સંસ્કૃત છે. તે હું છું. પરમ સ્વભાવ ભાવ એવો જે અસ્તિ, સત્તા, આત્મા અંતરમાં જ્ઞાનની સ્વદશા. આનાથી સન્મુખ આત્માને પરના સહારા વિના એકલા સ્વરૂપના સહારાથી વેદન થાય એ હું છું આહાહા ! સંપ્રદાયમાં તો એમ કહેવાય કે આ સામાયિક, પોહા, પડિક્કમણા કરવા એ ધરમ અને દાન, દયા કરવી એ પુણ્ય. આ તો ક્યાં હતું ? આ એની માની લીધેલી બેસે. બે ઘડી બેસે. સામાયિક, બામાયિક કરી છે કે નહિ ? નથી કરી ? આણે કરી છે. એમ કહેતા'તા બંન્નેએ કરી છે. એ તો અમેય એવી કરી છે. ત્યાં દુકાન ઉપર, સામાયિક કરીને બેસીએ, પછી પડિક્કમણું કરીએ. થઈ ગઈ. સામાયિકે થઇ ગઇ ને પડિક્કમણું. આ પજુસણમાં હોં બાકી તો કોણ કરતું'તું. પજોસણના આઠ દિ'માં સાંજે થાય પ્રતિક્રમણ અને સાંજે સામાયિક કરીને બેસે પડિક્રમણું કરવા, થઈ ગયો ધરમ લ્યો. આહાહા ! ઈ જે ધરમ કરનાર છે એ કેવડો અને કોણ છે ? હેં ? ધરમ કરનાર ધરમની પર્યાય છે. એ તો પર્યાય છે. પણ કરનારો કેવડો છે ઈ. એની તો ખબર ન મળે અને ધરમ ક્યાંથી થાશે ? આહાહા ! સમજાણું કાંઈ ?

જે સ્વસંવેદનથી પ્રસિદ્ધ અર્થાત્ એ સ્વજ્ઞાનના વેદનથી એ પ્રસિદ્ધ થાય એવો છે. એ રાગથી પ્રસિદ્ધ થાય એવો નથી, નિમિતથી નથી. આહાહા ! કર્મની હારે સબંધ રહિત છે. એને એ તો પર વસ્તુ છે. એની ક્યાં ? અહીં તો સંવેદન પોતાના સ્વકાળે જે સ્વસંવેદન દશા ઉત્પન્ન થવાની અને થઈ તે સ્વસંવેદનનું લક્ષ ક્યાં હતું ? સ્વભાવ ઉપર આહાહા. પણ સ્વસંવેદનની પર્યાય પ્રગટ થાય એ તો એના કાળે થઈ. એનો એ જન્મકાળ છે. ઉત્પતિનો ક્ષણ એ છે. આહાહા ! પણ એ થાય કઈ રીતે ? એ કાળ

૧. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યાયપણે,
તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે. (૮૦) (જુઓ : ટીકા - શ્રી પ્રવચનસાર, ગુ. આ. ગાથા - ૮૦)

છે એ જગતની એ કાળે થાય શી રીતે? આહાહા!

આનંદનું ધામ છે ઈ, એવી અંતર દૃષ્ટિ થતાં એ સ્વસંવેદન તેને કારણે, તેને કાળે ઉત્પન્ન થાય છે. આહાહા! સમજાણું કાંઈ? પરમ એ પ્રસિદ્ધ હું અંતરાત્મા તે પરમ એટલે પરમાત્મા છે. અસ્તિરૂપ મોક્ષ તો સદાય છે. આમાં આવ્યું છે ને? ૩૨૦ ગાથા જયસેન આચાર્યની ટીકા. આ તો વ્યક્તિરૂપ મોક્ષની વાત ચાલે છે એમ લીધું. શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ મુક્ત સ્વરૂપ જ છે. એટલે અબદ્ધ, સ્પૃષ્ટ એટલે મુક્ત સ્વરૂપ, ૧૪ ને ૧૫ ગાથામાં આવ્યું ને કે મારો પ્રભુ અબદ્ધ, સ્પૃષ્ટ છે. બંધાયેલો રાગ અને કરમ એનાથી સ્પર્શાયેલો નથી. અબદ્ધ સ્પૃષ્ટ છે. પર્યાયમાં રાગની ઉત્પતિનું થવું એ ભાવબંધ, એ ભાવબંધમાં પર્યાય ને સબંધ છે. વસ્તુ ભાવબંધમાં નથી. આહાહા! વસ્તુ તો અબદ્ધ સ્પૃષ્ટ છે. અર્થાત્ અબદ્ધ કહો કે મુક્ત કહો.આહાહા! એવું જે સ્વરૂપ મુક્ત સ્વરૂપ પરમાત્મા એને શુદ્ધ ઉપયોગથી અનુભવવો એનું નામ જૈન શાસન છે. આહાહા! એનું નામ જૈન ધરમ છે. એનું નામ જૈન શાસન છે. તે વસ્તુનો સ્વભાવ જ એવો પ્રગટ્યો. વીતરાગ ભાવે જે આત્મા હતો એને વીતરાગી પર્યાય વડે કરીને અનુભવવો. આહાહા! એ જૈનશાસન છે. બાકી રાગનો સબંધ કહ્યો એ વહેવારનયનો વિષય જાણવા લાયક રહ્યો, સમજાણું કાંઈ? ભાઈ! હું પ્રસિદ્ધ અંતરાત્મા છું. એ પરમ ઉત્કૃષ્ટ સ્વભાવ ભાવ, પરમ સ્વભાવ, પરિણામિકભાવ, જ્ઞાયકભાવ, સામાન્યભાવ, સદૃશભાવ, અભેદભાવ તે હું. એવું વેદન થતાં એ પરમાત્મા હું છું. આહાહા! બેસવું કઠણ માણસને. ભગવાન આત્મા? વસ્તુ સ્વરૂપથી ભગવાન છે. ભગ એટલે જ્ઞાન અને આનંદ એનું વાન નામ સ્વરૂપ છે. જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે એ ભગવાન, આહાહા!

મારી સાથે પરમાત્માનો અભેદ છે, એટલે કે મારી પર્યાયમાં પૂરણ પરમાત્મ સ્વભાવનું એકપણું છે, અભેદ છે, આહાહા! ભારે ભાઈ આવું સીધો આનંદ પ્રગટે? કહે છે કે કાંઈ સાધન ફાધન ખરું બીજું? આ સાધન. હું એક પરમ સ્વરૂપ એવો પરમાત્મા એ અભેદ છે. એટલે, જે પર્યાય આ પરમાત્મ સ્વરૂપ છું એવું જે અનુભવે છે એ પર્યાયની સાથે દ્રવ્ય અભેદ છે. સમજાણું કાંઈ? આ સમાધિ શતક જ ઝીણું છે. એક એક ગાથામાં આનંદનો અનુભવ એની જ વ્યાખ્યા બધી કરી છે.

સમાધિ, સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્જ્ઞાન સમાધિ, સમ્યગ્ચારિત્ર સમાધિ પૂજ્યપાદ સ્વામીએ પોતાનો અનુભવ જ જાહેર કર્યો છે. સમજાણું કાંઈ ? તેથી હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય. હું પરમાત્મ સ્વરૂપ એવી જે પર્યાયે અભેદ થયો એ હું. એટલે

મારી પર્યાયે મને આરાધ્યો, આહાહા! પર્યાય તે ઉપાસના કરનારી અને ઉપાસ્ય તે હું ત્રિકાળી વસ્તુ. આહાહા! સમજાણું કાંઈ?

હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય છું. એટલે? હું જ મારા વડે મારી નિર્મળ દશા વડે જ આહાહા! આરાધવા યોગ્ય છું, હું મારા વડે જ, મારા વડે જ એટલે કોણ? કે શુદ્ધ સ્વરૂપ તે શુદ્ધ સ્વરૂપની પરિણતિ એ મારા વડે. આહાહા! ભારે ભાઈ અપૂર્ણ ક્ષતિ છે એક એમ કહેતા હતાને. ઓલી જાત્રા ને નહિ? શેની? લખનૌની.

ડૉ. જ્યોતિ પ્રકાશ કે જેવું ભવન રમ્ય. મકાન રમ્ય છે. પણ એક અપૂર્ણ ક્ષતિ છે. એટલે કે વ્રત ને પચ્ચખાણ. ને ચારિત્ર નથી. આહાહા! હે ભગવાન, એણે ચારિત્ર માન્યું છે કે આ દેહથી થોડા નગ્ન થયા, બાયડી છોકરા છોડે ને બેસે એ ચારિત્ર થયું કહેવાય. ધૂળેય નથી ચારિત્ર આહા! આત્મા અંદર જ્ઞાન સ્વરૂપી, આનંદ સ્વરૂપી હું. એ મને મારી પર્યાય વડે ઉપાસવા યોગ્ય હું છું. મારી પર્યાય વડે પર્યાય છે તે ઉપાસક છે. આરાધક - કરનાર છે. આરાધવા યોગ્ય હું છું. આહાહા!

એ તો તદ્દ્ન આવું સૂક્ષ્મ એ તો શુક્લધ્યાનની અવસ્થાની વાત છે એમ કહે. એમ આવશે અને તરણાનુ છાયે. જે વહેવાર નથી અને સીધો અનુભવમાં સ્થિરતા, ચારિત્રની તરણીએ ચડ્યો ત્યાં વહેવાર એને ઝેર જેવો લાગે એમ એને ઝેર કહેવું. આહાહા! અરે, ભગવાન, પ્રથમથી જ જેને પુણ્યના ભાવ એના પ્રત્યે પ્રેમ છે. એને ઝેરનો પ્રેમ છે. એને પુણ્ય પરિણામથી રહિત ભગવાન પોતાનું સ્વરૂપ છે. એના પ્રત્યે એને દ્વેષ છે. આહાહા!

આરાધવા યોગ્ય છું. હું જ મારા વડે. મારા વડે એટલે? આત્મા જેની નિર્મળ પરિણતિ છે. એ મારા વડે ઉપાસવા યોગ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? ન્યાં ય ઉપાવસાનું કીધું ને નહિં છઠ્ઠી? આહાહા! પર દ્રવ્ય ને એના ભાવ પરદ્રવ્યના ભાવ હોં.

રાગાદિ નહિ, પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવોનું લક્ષ છોડી અને લક્ષ સ્વ સ્વભાવ સન્મુખ કરે ત્યારે તેને આત્માની એણે ઉપાસના કરી એમ કહેવાય. એણે આત્માની સેવા કરી, એણે આત્માને આરાધ્યો. આહાહા! સમજાણું કાંઈ? 'એવમ્ ભણંતિ શુદ્ધં' એમ કહ્યું છે ને? એ એ વસ્તુ તત્ત્વની ઉપાસના. જે ત્રિકાળી આનંદ સ્વરૂપ, એમાં પર્યાયનો અભાવ. જેમાં ચૌદ ગુણસ્થાનની પર્યાયનો અભાવ એવો જે સ્વભાવ ભાવ એની સેવા કરવાથી, એની સેવા કરી એટલે એને પર્યાયમાં ખ્યાલ આવ્યો કે આ શુદ્ધનું જે વેદન થયું તો આખી ચીજ જ શુદ્ધ છે. આનંદનું વેદન થયું તો આખી ચીજ જ આનંદ છે.

આહાહા ! સ્વરૂપની સ્થિરતાનો અંશનું વેદન થયું તો આખી ચીજ જ ચારિત્ર સ્વરૂપ ને સ્થિર સ્વરૂપ છે. આહાહા ! આવો ધરમ ક્યાંથી કાઢ્યો તમે ? કો' ગિરધરભાઈ ! આવું કોઈ દિ' સાંભળ્યું તું ક્યાંય ? આ નવો ધરમ હશે ? અરે આ પૂજ્યપાદ સ્વામી ભગવાન પાસે ગયા હતા. એની પ્રસિદ્ધિ થોડી. કુંદકુદાચાર્ય ગયા એની પ્રસિદ્ધિ વધારે એ ... ...

એ ભગવાન પાસે જઈને આવ્યા પછી આ બનાવ્યું શાસ્ત્ર કે આ ભગવાન તો આમ કહેતા હતા. અમે એમ અનુભ્યું તો હતું પણ ભગવાન પાસે ગ્યા'તા એને કારણે નહિ. પણ અમારું જે જવાનો પણ નિર્મળ ભાવ ભલે એ વિકલ્પ હતો, પણ નિર્મળ થવાનો ભાવ એ દ્વારા અમે આત્માનું ભાન ... ...

એ આરાધના નથી કરતા ? કોઇ હનુમાન ને કોઇ શિકોતરી ને હેં ? લ્યો આ કારખાને બેસે ને ? અંબાજીનું ઢીકણાનું પૂછડાનું, વઢવાણમાંય એવું અંબાજીમાંય એવું હેં ? (ત્યાં બૂટમાતા છે) હેં ત્યાં બૂટમાતા વઢવાણમાં. અમે ત્યાં હતા તે દિ' ઓલા જીણાવાળા આવ્યા તે દિ' ૮૨ માં. તે દિ' ચડતી એની હતી પછી પડતી થઇ ગઇ. બૂટદેવી બૂટદેવી નહિ વઢવાણમાં ? ખબર છે ને તે દિ' ૮૨ માં ચોમાસું ત્યાં હતા. જૈન વાણિયા બહુ માને સ્થાનકવાસી. ઓલા લાલચંદ, લાલચંદ આ નહિં ? (મલુકચંદભાઇ) મલુકચંદભાઇ નહિં ? આ તો ઓલા વિશાશ્રીમાળી દામનગર પાસે છે ને ? લાલપરનાં મીઠાભાઇ, એ આ નામ ભૂલી ગ્યા. મીઠાભાઇનો છોકરો એક હતો અસ્થિર જરી તો મીઠાભાઇ લઇને આવ્યા અને માણસ પહેલેથી અમારી પાસે આવે દર્શન કરવા, શું છે કીધું ? કહે છોકરાને આવું થ્યું તો માનતા.

અરે પણ તમે, સામાયિક કરનારા, પોહા કરનારા, પાટ પાસે બેસનારા હેં ? એમ સાંભળ્યું છે. કાંઈ ગોત્રજ મકાન ઉપર કરીને આવ્યા'તા. '૬પની સાલની વાત છે. ૧૮ ને ૩૧. ૪૯ થ્યા. એ વખતે સાધારણ હો હવે તો પૈસાવાળો થયો છે. બહુ ૬, ૭ છોકરા છે નહિં ? હેં ? બાર છોકરા એ આ મીઠાભાઇના દીકરા પૈસાવાળા છે. એ આ કરોડપતિ છે. પણ તે'દિ સાધારણ. આમ કોને કહીએ આ. (શ્રોતા : માનતા માની એટલે પૈસા થ્યા ?) ધૂળેય નથી સુખી પછી તો એને ખબર પડી. આહાહા ! આ કુંવરજી ભાઈ એને માનતા પછી પૈસા થયા ને માનતા ત્યાં સુધી તો રોટલાના ય ઠેકાણા નહોતા કુંચરજીભાઇના બાપને. નાનાભાઈના બાપને ... ...

હવે પૈસા થયા છે. મંદિરમાં પૈસા ૩૦ લાખ આપેલા, એમાં શું ધૂળમાં એની હારે સંબંધ ખરો ? આહાહા ! 'તું હિ દેવનો દેવ, દેવાધિદેવ તો તું છો'. ભાઈ સમજાણું કાંઈ ? તે દિ' કહ્યું'તું ને. ૬૩ ની સાલમાં આ વાત છે. ૬૩, ૧૭ વરસની ઉંમરે

ભાઈએ નાંખ્યું છે ને ?

નાંખ્યુ છે ને ઓલામાં 'શિવરમણી રમનાર તું. તું હી દેવનો દેવ'. તું દેવનો દેવ, દેવાધિદેવ તું છો ભાઈ. આહાહા ! અવ્યક્તપણે તે દિ' આવી ૬ ગાથા થઇ ગઇ'તી સમજાણું કાંઈ ? એ ચોપડી પલળી ગઇ.

દીક્ષા લીધી તો હારે તો લેવાય નહિં ચોપડી કાંઈ, પછી યાદ આવ્યું પછી. ભાઈને કીધું ચોપડી પલળી ગઈ. તળાવનું પાણી બહુ આવ્યું. તળાવ મોટું પાણી ઘણું આવે. અમે હતા ત્યાં સુધી દુકાનમાં ઓલા નળ સુધી આવે ગામમાં. પછી બહુ આવ્યું. આહાહા ! તું પોતે દેવાધિદેવ છો ભાઈ, એને તું આરાધ. આરાધ એટલે એમાં પરથી, વિમુખ થઈને, એમાં લીન થા. એનું નામ આરાધવું છે. આરાધવા યોગ્ય છું જુઓ. હું મને આરાધવા યોગ્ય છું. તો આ ભગવાન અરિહંત ને સિદ્ધ ને ક્યાં ગયા ? ક્યાં ગયા ? તે એનામાં સ્થિર થયા. બીજો કોઈ મારા વડે ઉપાસવા યોગ્ય નથી. અસ્તિ, નાસ્તિ કરી. જ્ઞાયક સ્વભાવ. જ્ઞાન પ્રધાનથી કથન કર્યું છે આહીં. બાકી આનંદ સ્વભાવ શાંત. શાંત, શાંત. સ્વભાવ એ ચારિત્ર છે.

એવો જે સ્વભાવ, વસ્તુ એ મને મારા વડે આરાધ્ય છે. મારા વડે એટલે રાગને, દેવ ગુરૂને આરાધવા લાયક એ તો બધો વહેવાર થઈ ગયો. આહાહા ! સમજાણું કાંઈ ? પણ આ દુનિયામાં બહારમાં મજા આવે બાપુ. ૫૦, ૫૦ લાખ ૬૦ લાખ. ૨ કરોડ. હું પહોળોને શેરી સાંકડી મેડીવાળા મકાન કરવા છે. અમારે આઠ છોકરા છે. આઠ બંગલા કરવા છે.

હેં ? અરે ભગવાન શું થયું તને ? ક્યાં જાવું છે તારે ? તારું ધામ છોડીને બીજે જાવું છે ? આહાહા ! હું એક વસ્તુ છું. એ પરમ સ્વભાવ ભાવ, પરમભાવ. પરમભાવ પારિણામિક ભાવ એવી વાત છે આ. પરમભાવ, પારિણામિક ભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, જ્ઞાયકભાવ, એ મારા વડે આરાધવા યોગ્ય છે. મારા વડે એટલે વિકલ્પ ન હોય. આહા ! નિર્મળ દશા વડે, નિર્મળ પ્રભુને સેવવા લાયક છે. આહાહા ! ભારે વાતું ભાઈ. બીજા કોઈ વડે ઉપાસવા યોગ્ય નથી. એવી જ્યોતિ છે. એવું સ્વરૂપ જ છે. એવી આરાધક આરાધ્યની વ્યવસ્થા છે. આરાધ્ય અને આરાધક. આરાધવા યોગ્ય આત્મા અને આરાધના કરનાર નિર્મળ પર્યાય આહાહા ! શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ વડે હું આરાધવા લાયક છું. આહાહા ! કહે કે આનાથી કોઇ, બીજો મારગ હશે કે નહિં હળવો ? આ તો આકરો મારગ છે. એ હળવું કહે કે આકરું કહે મારગ તો આ છે. આહાહા !

ત્રણ લોકનો નાથ આનંદના રસથી ભરેલો. પહેલા ઓલા છોકરા રમતા ને ત્યારે ગાતા નહિં કે ‘મામાનું ઘર કેટલું કે દીવો બળે એટલું’. અમે તો કહેતા હતા. તમારે હતું ત્યાં? રમવામાં એ હશે બીજું કાંઇ હશે રમતા, રમતા છોકરાઓ કહે મામાનું ઘર કેટલું? બીજી ભાષા હશે. બધે હોય, ઉમરાળા હોય કે બધી જાત એક જ હોય. દીવો બળે એટલું. એમ આત્માનું ઘર કેવું, ચૈતન્ય બળે એવું આહાહા! ચૈતન્ય જે જીવતી ઝળહળ જ્યોતિ એ જીવનપ્રાણના ભાવપ્રાણથી જીવતી ચૈતન્ય જ્યોતિ ત્યાં તારું ઘર છે. માતા કીધી છે ને? પ્રવચન માતા એ આ.

એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ને સમિતિ ગુપ્તિ આદિ છ. એ પ્રવચન માતા કીધી છે. એ માતા એટલે નિર્મળ દશા. એ માતા, એનો આશ્રય, ભગવાન આત્મા ઉપર જાય, લાખ વાતની વાત, બાર અંગનો સાર. ઓલામાં તો આવ્યું છે બધું હોં? ઓલું પુસ્તક બનાવ્યું છે ને ભાઈએ. ભોગીભાઇએ, શ્રીમદ્‌માં એક એક વાક્યમાં ... અનંત આગમ ભર્યા છે. કોઈએ કાઢ્યું છે. ત્યાં. આ રામજીભાઈએ નથી કર્યું શ્રીમદ્ રાજચંદ્રનું. આહાહા! એમાં આવ્યું (શ્રોતા : ૧૦૦ વર્ષની યાદગીરી) પણ પત્ર કયો? ૨૭૫. પાનું ? મોટાનું? નાનું? મોટાનું. એ કાઢ્યુ’તું સવારે આંહી તો આ પુસ્તક છે. (ભોગીભાઈનું આ ૨૪મું વરસ છે.) એક એક વાક્યમાં અનંત આગમ ભર્યાં છે. એમ કે ‘સારમાં સાર કહેવું છે એ આ. સ્વરૂપનું આરાધન કરવું એ ૧૨ અંગનો કહેવાનો આશય છે’. આહાહા! આરાધન કરવાનો ભાવ ન્યાં સમાઈ ગયો. સ્વસન્મુખ થવું એ પર્યાય. જેની સન્મુખ થાય છે. તે દ્રવ્ય, સમજાણું કાંઈ? અને તે પણ નિર્મળ પર્યાય તે સ્વસન્મુખ થાય. રાગની પર્યાય સ્વસન્મુખ થઈ શકે નહિ. આહાહા!

આ રાગ પરાશ્રયી, નિશ્ચય સ્વઆશ્રયી, સ્વઆશ્રય કરે તે સ્વસન્મુખ થાય. આહાહા! સમજાણું કાંઈ? એ કહ્યું છે ને એમાંય નહિં કળશટીકામાં? કીધું એ ૧૨ અંગપણ વિકલ્પજ્ઞાન છે. બાર અંગમાં કહ્યું છે આ, અનુભૂતિ કરવી, બાર અંગમાં કહ્યું છે આ ભગવાને એટલે કે જેવો આરાધવા યોગ્ય આત્મા છે. એને પર્યાયે આરાધવો, આહાહા! એ બાર અંગમાં અનુભવનો, એનો અનુભવ કરવો આહાહા! એ બાર અંગનું કથન છે. બાર અંગમાં આ છે. આહાહા! એવી આરાધ્ય - આરાધકની વ્યવસ્થા છે.

**ભાવાર્થ** : અંતરાત્મા વિચારે છે કે મારો અંતરાત્મા, મારો પ્રભુ સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વિકલ્પથી જણાય એવો નથી. પ્રતીત થાય એવો (નથી) એમ કહે છે. આહાહા! નિર્વિકલ્પ સમ્યગ્દર્શનથી તે પ્રસિદ્ધ પામે એવો આત્મા છે. આહાહા!

આ નિર્વિકલ્પ શું ને સ્વસંવેદન શું? મારો અંતરાત્મા સ્વસંવેદનથી પ્રસિદ્ધ

છે વાસ્તવમાં તે અરિહંતને સિદ્ધ સમાન છે. લ્યો પરમાત્મા કહ્યા ને પોતે. હું પરમાત્મા છું. પરમ આત્મા, પરમ આત્મા. પરમ સ્વરૂપ આત્મા. પરમ સ્વરૂપ જે એનું ઉત્કૃષ્ટ વીતરાગ મૂર્તિ ધ્રુવ. તે હું પરમાત્મા છું. આહાહા! એ સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. અંતર્મુખની દૃષ્ટિથી તે પ્રસિદ્ધ છે. બહિર્મુખના વિકલ્પથી તે પ્રસિદ્ધ પામે એવો છે નહિ. આહાહા! વહેવારની કંઈ છે? વહેવાર, આમ છે ને તેમ છે. ને ખોટું ખોટું બહુ હાલ્યુ'તુ. ઓલા અભૂતાર્થ ને અસત્યાર્થ ને? પહેલો ગુણ છે એમાં એ અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો એક જ છે. હવે એ ગુજરાતી ને આ ગુજરાતી. અરિહંત અને સિદ્ધસમાન પરમાત્મા છે. તેની અભેદ પણે ઉપાસના કરવાથી. કોની? આત્માની, અભેદપણે ઉપાસના કરવાથી હું પોતે પરમાત્મા થઈ શકું તેમ છું. આહાહા!

મને મારા વડે સેવવાથી હું પરમાત્મા થઈ શકુ છું. માટે હું જ મારો શુદ્ધાત્મા જ મારે પોતાને ઉપાસ્ય છું. ત્રિકાળી ધ્રુવ સ્વભાવ જ મારે સેવવા લાયક છે. આહાહા! આમાં ક્યાં ભગવાનની સેવાને, મૂર્તિને, પૂજાને આવ્યું? એ તો જ્યારે શુભરાગ હોય ત્યારે તેના ઊપર લક્ષ જાય. વીતરાગ થયો નથી. એટલે એને રાગ આવે, દૃષ્ટિમાં સેવવા લાયક હું છું એવું હોવા છતાં. વહેવારનો ભાવ શુભ આવે કે ભગવાન આરાધવા લાયક છે અમારા તો ..... ...... ..... .... આહાહા! છતાં એ ભેદ બુદ્ધિ ઉત્પન્ન થઈ એ સાધન નથી. આહાહા! વચ્ચે આવે. સમજાણું કાંઈ? એ ન જ હોય તો એને વ્યવહાર ઊભો થાય છે, એમ એને ખબર નથી. અને એનાથી આત્મામાં જવાય તો એને આત્માની સેવા કેમ કરવી એની ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? શુદ્ધાત્મા બીજો કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી. મારે તો અરિહંતને સિદ્ધસમાન મારું સ્વરૂપ છે. તે હું જ પોતે સેવવા લાયક છું. સેવનારે હું ને સેવવા લાયકે હું. આહાહા! મારે તે અરિહંતને સિદ્ધ પણ સેવવા લાયક નથી. અહાહા.

હું પોતે જ ઉપાસ્ય અને ઉપાસક છું. ઉપાસ્ય એટલે સેવા કરવા લાયક. ઉપાસક એટલે સેવા કરનાર. ઉપાસક સેવા કરનાર હું પોતે ઉપાસક ને હું ઉપાસ્ય ... ... કે જે આત્મા છે. એવું જાણ્યું એમાં છે ક્યાં આવ્યું? પછી મોક્ષનો ઉપાય થાશે એમ લખ્યું ને? પ્રતીતિ થશે પછી, પણ પહેલું આત્મા છે, એમ જાણ્યું. આહાહા! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ વહેવારની વાત કરી છે. આહીં જરી કીધું ને આ કે, અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એ આત્મા, એ ય શુભ છે.

નહિંતર આત્મા છે, જેવો છે, એવો ક્યારે જણાય? સમ્યગ્દર્શનમાં જણાય કે સમ્યગ્જ્ઞાનમાં જણાય? અહીં તો હજુ પાંચમાં સમ્યગ્દર્શન, જ્ઞાન તો થયું નથી. સહજ

પ્રતીતિ રૂપ એમ આવ્યું છે ને ? થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીતિ રૂપ, અપેક્ષાથી વાતું છે બધી એ. આહાહા ! આ તો આવ્યું ને જે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય, જાણે એને તો આ પાંચ બોલ જાણે. હેં ? એ વાત નહિ. આહાહા !

એટલે તો કહ્યું ને છઠ્ઠી ગાથામાં ઉપાસવામાં આવ્યો ત્યારે એણે આત્માને જાણ્યો ને માન્યો કહેવાય એણે. આહાહા ! આત્મા છે એવું તો અભવિને ૧૧ અંગમાં આવી જાય છે હેં ? અહીંયાંય એ નાંખ્યું છે, એ અભવિને માટે છે. ભોગને માટે એ છે ને ત્યાં આગળ ભવિને નહિં. હેં ? ભોગને માટે.

જેને ભોગને માટે નથી એના વ્રત, તપ આદિ સાધન છે. એમ કીધું. અરે, આ મારગ, બાપા, વહેવાર, અસત્ છે, બધું જૂઠું છે. એમ આવ્યું. એ સાધને ય જૂઠું છે. સાધન કે દિ'. જે જે ત્યાં સાધન તે તે ત્યાં બાધક છે. આહાહા ! આ વાદવિવાદ કરે એને આ બેસે નહિ.

ત્યાં તો એમ કહ્યું અલિંગગ્રહણમાં પોતાના સ્વભાવથી જણાય તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. રાગથી જણાય, પર ને જાણ્યું માટે જણાય. આહાહા ! કેટલાક એનો અર્થ એમ કરે કે જે અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એટલે જણાય હેં ? આહાહા ! એમ આત્મા છે. નિજ કર્તા, ભોક્તા પાંચ જાણ્યું માટે મોક્ષ ઉપાય કે સમ્યગ્દર્શન થશે ? એ વહેવારથી વાત કરી. આહાહા ! જણાય કે દિ' અને એ પોતાના સ્વભાવથી જાણે એમાં પરની અપેક્ષા છે જ નહિં. પાંચ પ્રકારના જ્ઞાન, કે અરિહંતનું દ્રવ્ય, ગુણનું જ્ઞાન એની અપેક્ષા હતી તો સમ્યગ્દર્શન થયું. એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? હવે આવું આકરું. આરે !

ઈ કહ્યું ને જુઓ અહીં તો. જે દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તે ખરેખર આત્માને જાણે છે. અહીં તો એમ કીધું 'જે જાણતો અરહંત ને દ્રવ્ય, ગુણ, પર્યાય પણે, તે જીવ જાણે આત્મને' એમ આવ્યું લ્યો, પરનું જ્ઞાન કરે એને સ્વનું જ્ઞાન થાય. આહાહા ! કથન શૈલી એ. આહાહા ! ત્યાં કહે કે આત્મા જણાય એ પોતાના સ્વભાવથી જણાય. પરને જાણ્યું. અરિહંતને માટે અહીં જણાય એવું સ્વરૂપ નથી. આહાહા !

વસ્તુની સ્થિતિ એવી નથી. આહાહા ! ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને જ્યાં સ્વભાવમાં સ્વીકાર પર્યાયમાં આવ્યો, એ પર્યાય વડે સેવવામાં આવ્યો એમ કહેવામાં (આવે છે). આહાહા ! આકરું ભાઈ, આકરી વાતું. અત્યારે ક્રિયાકાંડમાં એ લોકોને આકરું લાગે છે બહુ. પૂરેપૂરું, સાચી વાત છે. પૂરેપૂરું આ જ સાચું છે. હેં ? આહાહા !

અહીં કહે છે. પોતાના સ્વભાવથી જણાય એવું પ્રત્યક્ષ જ્ઞાતા સ્વરૂપ જ એનું છે. એનું સ્વરૂપ જ એવું છે. આહાહા! બીજી રીતે રાગની ક્રિયાને, દયા, દાન ને વ્રત ને ભક્તિની ક્રિયાથી જણાય એવું એનું સ્વરૂપ નથી, હોય ભલે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી હોય ભલે. એનાથી અંદર જવાય, કારણ કે એની દિશા ફેર ને આની દિશા ફેર, અરિહંતના દ્રવ્યગુણ પર્યાય તો પરલક્ષથી જણાય ને પરલક્ષમાં આ આવ્યું. માટે સ્વ લક્ષમાં જશે ? પશ્ચિમમાં જરી જાય. પછી પૂર્વમાં જાય એમ ? આહાહા! આરે, ભારે વાતું ભાઈ, આંહી તો કહે છે. એવો જીવ લીધો કે જેને દ્રવ્ય, ગુણ, પર્યાય, અરિહંતના જાણવામાં આવ્યા એ જીવ જ પાધરો ગુલાંટ ખાઈ જાય છે. મારો સ્વભાવ પણ એવડો ને એવો જ છે. એમ જે ગુલાંટ ખાય છે. એને અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા તો આત્મા જાણ્યો એમ કહેવામાં આવે. આહાહા!

ખરેખર આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી, અરિહંતનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ બેમાં ફેર નથી, એથી કરીને અંદર જાવા માટે માગે છે. સમજાણું ને ? જે અંતર જવા માગે છે. એને આ અરિહંતના, દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવાનું નિમિત્ત કહેવાય. ભાઈ આહાહા!

વિશેષ કહેશે ....

**॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥**

# પ્રવચન – ૪૦

## શ્લોક – ૩૧ અને ૩૨

સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૯.૦૧.૭૫

कस्मिन्नाराधिते तत्स्वरुप-प्राप्तिर्भविष्यतीत्याशङ्क्याह -

**यः परमात्मा स एवाऽहं योऽहं स परमस्ततः ।**
**अहमेव मयोपास्यो नान्यः कश्चिदितिस्थितिः ।।३१।।**

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ ।। ૩૧ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અણ્રહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ॐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ॐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : यः प्रसिद्धः पर उत्कृष्ट आत्मा स एवाहं । योऽहं यः स्वसंवेदनेन प्रसिद्धोऽलमन्तरात्मा स परमः परमात्मा । ततो यतो मया सह परमात्मनोऽभेदस्ततोऽहमेव मया उपास्य आराध्यः । नान्यः कश्चिन्मयोपास्य इति स्थितिः । एवं स्वरूप एवाराध्याराधकभावव्यवस्था ।। ३१ ।।

**અન્વયાર્થ :** (**य:**) જે (**परात्मा**) પરમાત્મા છે (**स: एव**) તે જ (**अहं**) હું છું, તથા (**य:**) જે (**अहं**) હું છું (**स:**) તે (**परम:**) પરમાત્મા છે; (**तत:**) તેથી (**अहं एव**) હું જ (**मया**) મારા વડે (**उपास्य:**) ઉપાસવા યોગ્ય છું, (**क: चित् अन्य: न**) બીજો કોઇ (ઉપાસ્ય) નથી, (**इति स्थिति:**) એવી વસ્તુ સ્થિતિ છે.

**વિશેષ**

''ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે, કારણકે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી.''[૧]

જ્યારે અંતરાત્મા પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ અને જ્ઞાતા-દૃષ્ટારૂપ અનુભવે છે અને અભેદ ભાવનાના બળે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઇ જાય છે ત્યારે તે સર્વ કર્મ-બંધનથી મુક્ત થઇ પરમાત્મા બની જાય છે તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે, એમ સમજી અને નિર્ણય કરી અંતર્મુખ થઇને પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો' - સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્મપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી આત્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધા-જ્ઞાન કરે છે તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

આ જ આરાધ્ય-આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે. ૩૧

---

જ્યારે અંતરાત્મા એટલે અંતરાત્મા. એટલે શુદ્ધ ચૈતન્યઘન, આનંદ સ્વરૂપ પોતાને સિદ્ધસમાન પોતે સિદ્ધસ્વરૂપી છે એમ જાણીને. આહાહા! બુદ્ધ એ જ્ઞાનનો પિંડ છે, એકલો જ્ઞાયક સ્વભાવ છે, અને જ્ઞાતાદૃષ્ટારૂપ અનુભવે છે. હું એક જાણનાર દેખનાર છું, શુદ્ધ પવિત્ર છું, સ્વચ્છ જ્ઞાનથી ભરેલો સ્વભાવ મારો છે. એમ જ્યારે આત્મા અંતર્મુખ થઇને આત્માની સેવા કરે છે ભગવાન તે સેવા કરનાર છે. અને હું સેવક છું એ તો વિકલ્પ છે. આહાહા! તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા એ ઉપાસ્ય છે સેવા કરવા લાયક છે અને હું સેવક છું. સેવા કરનાર છું એ તો વિકલ્પ છે. આહાહા! એ ધરમ નહિં. ઝીણી વાતુ બહુ. પણ હું પોતેજ શુદ્ધ, બુદ્ધ, ચિદ્દ, પરમાત્મ સ્વરૂપે ભરેલો પદાર્થ એ મારે ઉપાસ્ય છે. અને હું એનો ઉપાસક છું. સમજાણું કાંઇ? એ અભેદ ભાવનાના બળે શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી ભરેલો હું એકલો જ્ઞાતા - દૃષ્ટાના સ્વભાવવાળો હું એવી અભેદ ભાવનાના બળે ભાવના

શબ્દે એકાગ્રતા શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઇ જાય. શુદ્ધ સ્વરૂપમાં લીન થઇ જાય ત્યારે તે સર્વ કર્મોથી મુક્ત થઇ પરમાત્મા બની જાય છે. બહુ ટૂંકી વાત કરી છે. કહે છે કે તારે પરમાત્મા થવું હોય પર્યાયમાં, અવસ્થામાં અરિહંતપદને પ્રાપ્ત કરવું હોય આહાહા! તો એ અરિહંત સ્વરૂપ તારું અંદર છે. એકલો શુદ્ધ જ્ઞાન અનંદ કંદ પ્રભુ એવી અભેદ બુદ્ધિથી, સ્વરૂપનું સેવન કરતાં તન્મય થઇ જાય, ત્યારે સર્વ બંધનથી મુક્ત થઇ પરમાત્મા બની જાય. બહુ ટૂંકામાં મુદ્દાની રકમ છે આ. એટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય. આહાહા! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહે કે તું ઉપાસક અને હું ઉપાસ્ય એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. સમજાણું કાંઇ? આહાહા! પણ તું ઉપાસ્ય અને તું ઉપાસક. તારું સ્વરૂપ શુદ્ધ પવિત્ર આનંદકંદ પરમસ્વરૂપ પરમાત્મ સ્વરૂપ જ તું છો સ્વભાવથી, શક્તિથી, ગુણથી પરમસ્વરૂપ જ એ છે.

પરમપારિણામિક સ્વભાવ એ શુદ્ધાત્મા તે ઉપાસ્ય છે. સેવા કરવા લાયક છે અને એની નિર્મળપર્યાય તે ઉપાસક છે. આહાહા! ચીમનભાઇ! બહુ આકરી વાત. વીતરાગ મારગ એવો છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરને પ્રગટેલું અને જોયું જાણ્યું કે આ વસ્તુ છે. તારે જો ધરમ કરવો હોય ને પરમાત્મા એટલે કે સિદ્ધપણું જો પ્રગટ કરવું હોય તો તું તારું સ્વરૂપજ સેવવા લાયક છે. આહાહા! કો પોપટભાઇ! હા અંતરની સેવનામાં રહી ન શકે ત્યારે એને વિકલ્પ આવે, ભગવાનની ભક્તિ આદિનો, પણ એ બધુ પુણ્યબંધનું કારણ છે. આહાહા! આવી વાત છે. (પુણ્ય કરતાં કરતાં ધરમ થાય) બિલકુલ પુણ્ય કરતાં કરતાં થાય? (પરંપરા કારણ છે ને?) રાગ કરતા કરતા પરંપરા કારણ થાય? રાગને છોડતા થાય. આહાહા! મારગ એવો ઝીણો છે. પ્રભુ હો! ''સમાહિવર મુત્તમં દિન્તુ'' નથી આવતું? મણીભાઇ લોગસ્સ માં આવે છે. લોગસ્સમાં આવે છે.

''સમાહિવર મુત્તમં દિન્તુ'' લોગસ્સ આવે છે ને? લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મ તિત્થયરે, જિણે. નહિં કર્યું હોય તમે. સામયિકમાં આવે છે લોગસ્સ ઉજ્જોયગરે, લોકમાં ઉદ્યોતના કરનારા તીર્થંકર દેવ. લોગસ્સ એટલે લોકની સ્તુતિ પરમાત્માની એમાં પાંચમો પાઠ આવે છે. (સામાયિકનો)

પહેલો નમો અરિહંતાણં, બીજો તિક્ખુતોનો, ત્રીજો ઈચ્છામી, ચોથો તસ્સ ઉતરીનો, પાંચમો લોગસ્સનો, છઠ્ઠો કરેમિભંતેનો, સાતમો નમોત્થુણંનો આ તો પંચોતેર, પોણોસો વરસ પહેલા કરેલું, દસ વર્ષની ઉંમરે આહાહા! એમાં આ એક ગડિયા ગણ્યા. કાંઇ ખબર નહિં. આહાહા! કહે છે કે સમાહિવર, નામ, ઉત્તમ મારો સ્વભાવ જ સમાધિ સ્વરૂપ છે. આનંદ છે. સમાહિ એટલે આનંદ, એ આનંદ સ્વરૂપ જ મારું સેવવા લાયક

મારે છે. આહાહા! અને હું એની નિર્મળ પર્યાય દ્વારા સેવક છું એનો. રાગ અને વિકલ્પથી નહિં. આહાહા! આવું સ્વરૂપ અરે જિંદગી ચાલી જાય છે આંખ્યું મીંચીને ક્યાં જશે? જો રાગમાં રહેશે તો રખડવું પડશે. રાતે કહ્યું'તું વિકલ્પ જે છે દયા, દાન, વ્રત આદિનો એમાં જો દૃષ્ટિ રહેશે તો રાગમાં રહેતાં રખડવું પડશે. આ ભગવાન આત્મા, શુદ્ધ, આનંદઘન પ્રભુ એની સેવા કરનારી પર્યાય નિર્મળ. આહાહા! વિકલ્પ શુભ એ નહિં, શુદ્ધ સ્વભાવથી ભરેલો, શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન. સ્વયં જ્યોતિ સુખધામ, શ્રીમદ્‌માંય આવે છે. બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ, બાપા? આહાહા! વિચારનો અર્થ એ સાધક પર્યાય મોજુદ છે. પરમાત્મ શક્તિથી ભરેલો પ્રભુ એને શક્તિ અને શક્તિવાળો એવો ભેદ પાડવો એ પણ વ્યવહારનય અને વિકલ્પ છે. આહાહા! સમજાણું કાંઈ?

આનંદસ્વરૂપ છું, આનંદવાળો છું, એવો પણ ભેદ પડે એ પણ એક વિકલ્પ નામ રાગની લાગણી છે. પણ હું એક શુદ્ધ જ્ઞાનાનંદ છું એના તરફના ઝુકાવથી જે નિર્મળ અવસ્થા થાય. એ નિર્મળ અવસ્થા દ્વારા હું ઉપાસક છું, નિર્મળ અવસ્થા. વસ્તુ મારી ઉપાસ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો! તું દેવનો દેવ છો, પાંચેય પદ તારા સ્વરૂપમાં પડયા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ નિર્મળ દશાના સ્વરૂપ છે. નગ્નપણું કે નિર્જરા પંચમહાવ્રતના વિકલ્પ એ એનું સ્વરૂપ નથી. આહાહા! આત્માની નિર્મળ પૂરણ ને અપૂર્ણ દશાના પાંચ પદ છે. પૂરણદશા અરિહંત અને સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ. સ્વરૂપની શુદ્ધતાની સેવા કરવામાં જેની નિર્મળદશા રાગરહિત વીતરાગી પર્યાય નિગ્રંથપણું પ્રગટયું છે એ પોતે સેવક છે, વસ્તુ સેવ્ય છે. આહાહા!

આવો મારગ ભગવાનનો લોકોને કઠણ પડે. સાંભળ્યો નથી ને? આહા! તું જેની સેવા કરવા માંગે છે તે પૂરણ વસ્તુ છે કે નહિં? અને તે તું છો કે નહિં? સમજાણું કાંઈ? તું વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની સેવા કરવા માંગે એ તો પર વસ્તુ છે. એ પૂરણ રૂપ તારું ન્યાં છે? પૂરણરૂપ તો તારામાં છે. એવો જે શુધ્ધ સ્વભાવ જ્ઞાતાદષ્ટા એની હું જ એ છું. એવી જે શુધ્ધદશા એ જ આરાધક છે. આરાધ્ય તે ત્રિકાળી ભગવાન છે. આહાહા! ભારે આકરું, લોકોને બિચારાને એવા ચડાવી દીધા, જીંદગી વઈ જાય, સફળ ન થાય, અફળ જાય જિંદગી, આહાહા! રાગાદિ વખતે વસ્તુનું ભાન થઈને સેવ્ય - સેવકપણું પ્રગટયું છતાં, પૂરણ અંતરમાં લીન ન થાય ત્યાં સુધી, એને વિકલ્પ એવો ભક્તિનો, પૂજાનો, આવે છે. પણ ઈ આવે એ બંધનું કારણ છે. એ તો પાપના ભાવથી બચવા પૂરતી વાત છે, તે ધરમ નહિં. આહાહા!

કહે છે ને એમ સમજી એટલે શું? હું એક ઉપાસક છું અને હું પોતાનું સ્વરૂપ શુદ્ધાત્મ સ્વરૂપ ઉપાસ્ય છે. આહાહા! એમ સમજી પહેલું એવું જ્ઞાન તો કર કહે છે એમ નિર્ણય કરી એમ અંતર્મુખ થઇ એ ચારિત્ર થયું. આહાહા! પૂરણ શુદ્ધ ચૈતન્ય એકલો, વીતરાગ રસ સ્વરૂપથી ભરેલો ભગવાન છે. ઈ વીતરાગતા જે પર્યાયમાં આવે છે, એ ક્યાંથી આવે છે? બહારથી આવે એવું છે? આહાહા! વીતરાગ રસ કહો કે અકષાય સ્વભાવ કહો કે ચારિત્ર નિત્ય, નિત્ય ચારિત્ર સ્વભાવ કહો.એવો જે ભગવાન પૂરણ ચારિત્રના શાંતિથી ભરેલો એ મને ઉપાસ્ય નામ સેવવા લાયક છે અને મારી પરિણતી નિર્મળ તે એની સેવક છે. ભગવાન મને સેવવા લાયક છે. અને હું સેવક છું ત્યાં સુધી તો વિકલ્પ છે. ને પુણ્યનું કારણ છે. આહાહા! સમજાણું કાંઇ? આવી ચીજ છે. લોકોને મળતી નથી બિચારાને. જૈનમાં જન્મ્યાં હોય છતાં જૈનપણું, વીતરાગ કોને કહે છે. ખબરું વિના જીંદગી જાય છે ભાઇ આહાહા!

એમ સમજી એટલે હું નિત્યાનંદ રસ, નિત્યરસ, શાંતરસ, નિર્વિકલ્પરસથી ભરેલો પદાર્થ છું, એને એ મને, સેવવા લાયક છે. પણ એનું જ્ઞાન ન હોય તો શી રીતે કરવું? કહે છે કે પહેલું જ્ઞાન કર, સમજ આહાહા! કે આ વસ્તુ છે એ પૂરણ છે, ધ્રુવ છે. નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે. આહાહા! પરમ દિ' કહ્યું હતું નહિં એમાં સજ્ઝાયમાળા છે. ચાર, શાંતિભાઇ શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. ચાર, એક એક સજ્ઝાયમાળામાં અઢીસે અઢીસે સજ્ઝાયું છે. દુકાન ઉપર વાંચી'તી, ૬૩-૬૪ની વાત છે સંવત ૬૪,૬૫ પાલેજ, પહેલેથી સંસ્કાર હતાંને. ઘરની દુકાન પિતાજીની હતી, એટલે કાંઇક આપણે પોતાનું થોડું થોડું નિવૃત્તિથી કરતા, બીજામાં નોતા ભળતા. એમાં ઈ આવ્યું'તું એક વાર કીધું ને સજ્ઝાયમાળામાં કહ્યું'તું, પરમ દિ' સહજાનંદીરે આત્મા, સહજાનંદી રે આત્મા તું તો કાંઇ નિશ્ચિંત રે, મોહતણા રે રણિયા ભમે, મિથ્યાત્વની પર તરફની વલણની વૃત્તિઓમાં તે ચોર ભમે છે. જાગ જાગ મતિવંત રે, એ લૂંટે જગતનાં જંત રે, અમે દીકરો થઇને તમારે ઘરે આવ્યા છીએ, અમારું ધ્યાન નહિં રાખો તો શું કરો? આ જગતના જીવો લૂંટે છે. હેં? બાયડી કહે છે કે શું કરવા હાથ ઝાલ્યો તો? ત્યારે પરણ્યા શું કરવા? કરવું પડશે બધું, ખાનગી રાખજો વાત હોં? નહિંતર અમે તો નાગણીઓ છીએ એમ કહે. આહાહા! રાજાની રાણીયું કહે રાજાને એવું સાંભળેલું છે. આહાહા!

આંહી કહે છે નાંખી વાટ અનંત રે, કોઇ વીરલા ઉરંગતરે, આહાહા! આત્મા આનંદ સ્વરૂપ છે, એમાં પેસવા માટે કોઇ વાંકા રે, અમારું રળવું અમને પોસશો કે નહિં. કહે ખાવા પીવાનું દીધા વિના, આહાર વિના, બાવા થઇ જશો. આહાહા! ભાઇ

મારો ખોરાક તો અંદર છે. આનંદનો ખોરાક લેવા માટે હું તો નિવૃત્તિ લઉં છું. સમજાણું કાંઇ ? રાજના રાજકુમાર હોય, આઠ આઠ, દસ વરસની ઉંમરું હોય, પણ અંદરનાં પ્યાલા જોયા. ઓહો ! આ તો નિર્વિકલ્પ આનંદનો રસ છે આત્મા. એને શુભ, અશુભ ક્રિયાના રાગની સાથે કાંઇ સંબંધ નથી. તો આ વળી શરીરને બાયડી, છોકરાનો, સંબંધ એને છે નહિં, મુનિ થયા પહેલાની. આહાહા ! ગુણ - ગુણીનો સંબંધ પણ વ્યવહારનયનો વિષય, વસ્તુનો નહિં, આહાહા ! પરની હારે સંબંધની તો વાત જ શું કરવી ? રાગનો, જીવ ને સંબંધ એ પણ અસદ્‌ભૂત વહેવારનયથી છે. જૂઠો. આહાહા ! અનુપચાર એ છે, અને આ પર સાથે બાયડી, છોકરા, કુટુંબ હારે સંબંધ, એ અસદ્‌ભૂત ઉપચાર છે, જૂઠો આરોપ. આહાહા ! સમજાણું કાંઇ ? મારો સ્વભાવ ચૈતન્યમૂર્તિ અને હું આનંદવાળો એવો ભેદ પણ સંબંધ વહેવાર છે કહે છે. આહાહા ! હું તો અભેદ, ચૈતન્યમૂર્તિ છું. આહાહા ! એ રાજકુમાર દીક્ષિત થાય આમાં આવ્યું છે, એમાંય નાંખ્યું છે, ભાઇ હોં ઇ શબ્દ. છે ને આ ?

ચરણાનુયોગમાં, પ્રવચનસારમાં દીક્ષા લેતા માંગે છે. સ્ત્રી પાસે કે હે સ્ત્રી તું શરીરને રમાડનારી મને નહિં હોં ! હું તો આત્મા છું, મને રજા દે, હવે હું છૂટવા માંગુ છું (શરીરની ક્રિયાથી, ધરમ ક્યાંથી થાય ?) શરીર ક્યાં હતું ધરમ, પુણ્યના ભાવથી ધરમ નથી, તો શરીર તો જડ માટી, ધૂળ છે. આ તો આહાહા ! સવારે તો કેટલું આવ્યું'તું ઘણું. ભગવાન ત્રિલોકનાથ ફરમાવે છે. કે છ વસ્તુ છે, દ્રવ્ય છ પદાર્થ છે. ભગવાને જોયેલા છ દ્રવ્ય છે આત્મા, પુદ્‌ગલ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ ભગવાને જોયા છે અને એમ જ છે. ઓહો ! એ છ દ્રવ્યની જે વર્તમાન પર્યાય, ભારે વાત ભાઇ, અને તે તેના કાળે થાય, સ્વકાળે થાય એમ કહીને તો આમ છ દ્રવ્યનું કળશમાં લીધું છે બધું કાંઇ.

સમયનો પર્યાય તે કાળમાં તે થાય. એ પર્યાયને પણ છૂટવાનું, ઉત્પત્તિનું કારણ દ્રવ્ય, ગુણેય નહિં. આહાહા ! છ દ્રવ્ય આમ આ લોક, અલોક છ દ્રવ્ય એનો વર્તમાન પર્યાય, તે તે કાળનો, તે તે પર્યાય, તે જ કાળે, તે જ થવાનો એવો જે પર્યાય, તે પર્યાય પોતાથી છે. અને દ્રવ્યગુણથી નથી. આ વાત સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોય નહિં. સમજાણું કાંઇ ? આહાહા ! છ વસ્તુ અને એક એક વસ્તુમાં અનંતગુણ અક્રમે રહેલા હારે અને એની પર્યાય ક્રમસર થાય અવસ્થા. એમાંય ક્રમસરમાં પણ જે સમયે જે પર્યાય થવાનો તે જ એનો કાળ ને તે તે કાળની હયાતિ છે. એવી હયાતિવાળી દશા પછી ભલે રાગવાળી હોય. અને ધરમવાળી હોય બેય. સમકિતી હોય સાથે રાગેય હોય, હજી પૂરણ ન હોય તો પણ છતાં એ પર્યાય. આહાહા ! પોતાથી છે અને પરથી નથી શું આવી વાત ? આહાહા ! કેમ કે એ સત્‌ નો અંશ છે. જડમાં પણ જે પર્યાય, જે સમયે જે થાય એ પણ એ

સત્‌નો અંશ છે. તે સત્ છે. આહાહા!

દ્રવ્યસત્, ગુણસત્, પર્યાયસત્, સત્ નો એ વિસ્તાર છે. એમ આનંદદ્રવ્ય, આનંદગુણ, આનંદપર્યાયનો વિસ્તાર છે. ભગવાન આનંદ દ્રવ્ય - વસ્તુ, આનંદ - ગુણ - શક્તિ, આનંદ પર્યાય, એ આનંદ ત્રણેમાં વ્યાપે છે. આહાહા! આનંદ વસ્તુ, આનંદ ગુણ ને આનંદ પર્યાય એ આનંદનો વિસ્તાર છે. સમજાણું કાંઇ? આહાહા! એમાં પણ તે આનંદની પર્યાયનો જે કાળ છે, તે કાળે તે દશા થાય, એને પરથી નાસ્તિ છે, ને સ્વથી અસ્તિ છે. હા. એ ધરમની પર્યાય પ્રગટ કરવામાં ભલે સત્ વસ્તુનો આશ્રય હો, ત્રિકાળી ભગવાન પરમાત્મસ્વરૂપ છે, એનો આશ્રય હો, પોતે હોવા છતાં. આહાહા! તે ધરમની, આનંદની પર્યાયને, સ્વથી અસ્તિ ને પરથી નાસ્તિ. આહાહા! ગજબ કામ કર્યું છે ને પણ. અરે, આવી વસ્તુની સ્થિતિ છે, જે વસ્તુની મર્યાદા ભગવાને કીધી. એમ ન જાણે તો કહે છે કે પહેલું સમજીને, હેં? આહાહા! પછી નિર્ણય કરીને, પછી અંતર્મુખ થઇને. આહાહા! પોપટભાઇ! ન્યાં ક્યાં તમારે મીલમાંય ન મળે અને ન્યાં બીજે સંપ્રદાયમાંય મળે એવું નથી આ. ઇ તો કહી ગ્યા'તાને નથી ભાઇ ઓલા ક્યા હતા? વલ્લભ વાળા વલ્લભભાઇ, ભાઇને કીધું તું. આહાહા! વલ્લભભાઇને બહુ રસ હતો. (અભ્યાસ હતો) તે વખતે કહ્યું તું ને વજુ ભાઇને કહ્યું'તું. વસ્તુ અભેદ. આહાહા! કહે છે કે જે ધરમની પર્યાય નો કાળ છે. લ્યો ધરમની પર્યાયનો ઉત્પત્તિકાળ છે. એ ઉત્પત્તિકાળની પર્યાય, એને ઉત્પાદને, કષાયની મંદતાની નાસ્તિ એ દ્રવ્ય, ગુણની એમાં નાસ્તિ. આહાહા! એક સમયની, એક પર્યાયમાં, અનંતી સપ્તભંગી. અનંતી સપ્તભંગી એક પર્યાય છે એ બીજી પર્યાયપણે નથી એવી સપ્તભંગી. એક પર્યાય છે, એ ગુણપણે નથી. એવી સપ્તભંગી, એવા અનંતગુણપણે નથી એવી સપ્તભંગી. આહાહા! દરિયો પડયો છે મોટો. સમજાણું કાંઇ?

આંહી તો કહે છે આહા! ઇ છે આ પ્રમાણેને, પર્યાયમાં આવું સ્વકાળે થાય. પણ એની નજર ક્યાં હોય એની? નજર દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઇ? ઇ ઉપાસના કરનારની પર્યાય, ભાઇ ઉપાસના કરનારની પર્યાય તો સ્વકાળેજ હોય. આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન કાંઇ રાગ નથી. કે ભગવાનને માને છે. ઇ છે નહીં ન્યાં આનંદઘનજી કહે છે કે નિર્વિકલ્પ રસ પીજીએ. આનંદઘનજીમાં આવે છે. નિર્વિકલ્પ, આ રાગ વિનાનો આત્મા, એની ઉપાસના કરનારી નિર્મળદશા એનો રસ પીએ. એના રસના પ્યાલા પી એ કયારે? કહે છે કે એમ જે નિર્વિકલ્પ પર્યાય પ્રગટી, એના સ્વકાળે એ પર્યાયમાં, દ્રવ્યનો પણ જેમાં નાસ્તિ, ગુણની નાસ્તિ, રાગની નાસ્તિ, અનંતા પરદ્રવ્યની નાસ્તિ. આહાહા! એવી જે નિર્ણયદશા એની એ દ્રવ્યના લક્ષે

થાય છે. ભલે તે કાળે તે થાય, પણ એ કાળની ઉત્પત્તિ આ કાળે, ને આ એનો નિર્ણય, દ્રવ્ય સન્મુખ થાય ત્યારે, એનો નિર્ણય સાચો થાય. આહાહા! અને દ્રવ્ય સન્મુખ થયો છે. એનેજ ઉત્પત્તિની પર્યાય થાય એવી. સમજાણું કાંઇ ?

અરે ભાઇ આ તો વીતરાગ મારગ બાપુ. ઝીણો બહુ. આહાહા! એ સમયે મોક્ષનું કારણ મોક્ષમારગ, મોક્ષનો મારગ એ અહીં કહે છે ને ઉપાસક ને હું ઉપાસ્ય, હવે ઉપાસક તો પર્યાય છે. વસ્તુ તે ઉપાસ્ય છે. હવે ઉપાસક પર્યાયનો સિધ્ધાંત તો આ હતો કે તે સમયે તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો સ્વકાળ છે, ત્યાં એ થાય છે. આહાહા! પણ કેમ થાય છે ? અને એનો સાચો નિર્ણય કોને થાય છે ? આહાહા! ભાઇ મારગ જુદા બાપુ. અત્યારેતો વિખાઇ ગયું બહુ. અને સાચો મારગને કોટવાળને દંડે માળા કોક એવું થઇ ગયું છે. સાચો મારગ એને કે એ એકાંત છે.એ એકાંત છે. એમ કહી દે. ઝાઝા કોક હોય તો મારે, પોલીસને મારે છે ને ? હાડકાં ભાંગી નાંખે. પોલીસનાંય. આહાહા! આંહી તો કાંઇ થાય નહિં. આંહી કહે છે આહાહા! કહે છે ભાઇ તારે કમાણી કરવી છે, તો ધંધો ક્યે કરીએ કમાણી થાય, ભગ નામ આનંદને જ્ઞાનની લક્ષ્મીને સ્પર્શે અને ભગવાન એનું સ્વરૂપ એ છે. આહાહા! અનંત જ્ઞાન અને અનંત દર્શન, આદિ જે એની લક્ષ્મી એનો એ ભંડાર આત્મા છે, એ ઉપાસ્ય છે. કે જેને આત્માના મોક્ષ માર્ગની પર્યાય પ્રગટી છે, તે પર્યાય દ્વારા ઉપાસ્ય એ ચીજ છે. આહાહા! વળી કહે છે મોક્ષનો માર્ગ પ્રગટે એને સ્વકાળે હોય ઇ સ્વકાળમાં આવી ગયું ભાઇ.

ઇ સ્વકાળે સમ્યગ્દર્શન, જ્ઞાન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળી ચીજ જે જ્ઞાયક આત્મા એના લક્ષે ઉત્પન્ન થયું એ ઉત્પન્ન થયેલી પર્યાય સ્વથી છે અને દ્રવ્યગુણથી નથી. સ્વથી છે, અને રાગથી નથી. સ્વથી છે, અને દેવ, ગુરૂ, શાસ્ત્રથી નથી આવું મણીભાઇ! આકરું બહુ. આહાહા! આહીં તો ઉપાસક આવ્યું ને પણ ઉપાસક તો પર્યાય છે. સમજાણું કાંઇ ? અને ઉપાસ્ય છે, એ તો વસ્તુ છે. હવે એ ઉપાસના માટે તો એમ આવ્યું કે જે એનો જન્મક્ષણ છે, ઉત્પત્તિકાળ છે, તે પર્યાયનો જન્મ નામ ઉત્પત્તિકાળ છે, તે કાળે ઉત્પન્ન થાય. હવે એ તે કાળે ઉત્પન્ન થાય, એનો સાચો નિર્ણય કોને થાય ? અને કેના તરફ ઝુકતા એ ઉપાસકપણું પ્રગટે ? આહા.

જ્ઞાન અને આનંદનાં સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહાહા! એના તરફ ઝુકતાં તે કાળે થાય ભલે, પણ તે કાળે, આ કાળે, આ થાય એ પર્યાયમાં ભલે, દ્રવ્ય, ગુણની નાસ્તિ, પરની નાસ્તિ, કેમ કે સેવક પર્યાય અને સેવ્ય બે ભિન્ન ભિન્ન પડી ગયું. સેવા કરનારી નિર્મળ પર્યાય અને સેવા યોગ્ય છે ધ્રુવ. આહાહા! સમજાણું કાંઇ ?

મનસુખભાઇ આવો રસ્તો છે અમારે. નામ વીરતીનું આપવામાં આવે ત્યાં બીજું લાકડું સલવાઇ જાય. જગતને શું થાય એમ કે. આહાહા! ભજન ગાતા'તાં ભજન. કાંપમાં નહિં એક છોકરો તે દિ' ૯૯ માં ગાંધીનાં મકાન નીચે આ નહોતાં. વઢવાણ, વઢવાણ, ગાંધીનું ........... હેં? બહાર, બહાર, બહાર ગાંધીનાં મકાનમાં સંપર નહિં ઇ પહેલાં ૯૯ આંહી દસની સાલમાં. ત્યાં ગાંધીનાં મકાનમાં સ્વામીનારાયણનાં મંદિરની પાસે. ત્યાં ઉતર્યા'તાં ત્યાં તે દિ' કોક આવ્યો તો ઘણું કરીને આપણા આ ડોક્ટરનો ભાઇ હતો. પોપટલાલ ડોક્ટરનો ભાઇ. તે કોક ગાયન ગાય, આ તો બીજા લઇને આવતા એ ગાતો ઓલામાં. ''કરી લે ને આતમની ઓળખાણી, એક દિન જાવું છે નિર્વાણી'' એમ ગાતા તે દિ' ઉપર હું હતો ને ઉપર હેઠે ઉતરે, ત્યાં આવે એ ગાંધીનાં ઓલા મકાનમાં ગાંધીનું હતું ને? કાંપમાં. ''કરી લે ને આતમની ઓળખાણી એક દિન જાવું છે નિર્વાણી'' એક દિન છોડવું છે બધું.

એ તું કોણ છે? એનો નિર્ણય ને અનુભવ કર બાપુ. જો તું એનો અનુભવ કરીશ તો અનુભવની દશામાં ભવિષ્યમાં રહીશ. અને જો રાગની રુચીમાં પડયો તો ભવિષ્યમાં રાગમાં રહીશ. આહાહા! કારણકે ભવિષ્યમાં તારે રહેવું તો છે. મણીભાઇ ભવિષ્યમાં આત્માનો નાશ થાય એવો છે? હેં? એ તો અનાદિ અનંત છે. તારે ભવિષ્યમાં રહેવું છે. કઇ રીતે તારે? જો રાગની પર્યાયમાં રહેવું હોય તો, એ દુઃખની પર્યાયમાં, ભવિષ્યમાં ગાળશે. સાદિ અનંત કાળ આહાહા!

પણ જો તારે આત્માની પર્યાયને સેવક બનાવીને, સેવ્ય કરવો હોય તો ભગવાન આત્મા, પોતાના નિર્મળ પર્યાયમાં ભવિષ્યમાં રહેશે. એનું પરિભ્રમણ મટી જઇ ને પૂરણ પરમાત્મા થઇ જશે. આહાહા! હવે રુચી હોય એમ કર કહે છે. જોને કેમ કહે છે આચાર્યો? હેં? તમને આ કીધું છે ભાઇ, હવે તારી રુચી હોય એમ કર, શું કહે છે. કારણકે કરવાનું તો તારે છે. હેં? અમે તારું કરી દઇએ એમ છે? (નહિં). કહે છે આ તો જરી વિચાર એમ આવ્યો. પેલું ઉપાસક ને ઉપાસ્ય, ઉપાસક એ તો પર્યાય છે. અને ઉપાસ્ય છે તે ધ્રુવ વસ્તુ છે. હવે જ્યારે ઉપાસક પર્યાય ને માટે તો એમ આવ્યું કે તે જ તેનો જન્મક્ષણ નામ ઉત્પત્તિનો કાળ હોય ત્યારે તે થાય. ત્યારે થાય તો એને કરનારને શું કરવું હવે? કે એ એની ઉત્પત્તિ ઉપાસકની, જે છે એનો કાળ ઇ છે. ઇ તો પર્યાયમાં એ કાળ આવ્યો, પણ ધ્રુવનાં આશ્રય વિના, એ પર્યાયનો કાળ, એને શ્રદ્ધામાં અને નિશ્ચયમાં આવે નહિં. આહાહા! તેથી એને ધ્રુવ ઉપર નજર નાંખવાની છે. આહાહા! જેની સેવા કરવી છે એના ઉપર નજર નાંખવાની છે. આહાહા!

ભગવાનના મોઢા સામું ટગટગ જોવે તો એની સામું જુએ છે. ભગવાન આવા છે. આવા છે. પણ એ તો વિકલ્પથી પર સેવ્ય અને આ સેવક થયો, હવે નિર્વિકલ્પથી સેવ્ય સેવક થાવું હોય આહાહા! તો એણે ટગટગ ધ્રુવ સામું જોવું પડશે. સમજાણું કાંઇ? ધ્રુવને ધ્યેય બનાવીને, ધ્રુવની સેવા કરનારી પર્યાય આહાહા! એને ધરમ કહીએ, અને ધરમની પર્યાય સેવા કરે ભગવાન આત્માની, આહાહા! ઝીણું બહુ. લોકોને પ્રવૃત્તિ આડે નિવૃત્તિ ન મળે. ધરમને બહાને પણ પ્રવૃત્તિ આખો દિ' આ. આ પૂજા કરીને, આ પૂજા કરીને સિદ્ધચક્રની કરી ને છે ને? પછી ભોગીભાઇને બેસાડે મોઢા કને. આવો પૂજા કરો. કો પોપટભાઇ! આહાહા! બાપુ તું જ્યાં છો ત્યાં બેસને? તું ક્યાં છો? તું ચૈતન્ય ધામમાં તું છો. એ ચૈતન્યધામ ભગવાન પૂર્ણાનંદનો નાથ અરે! એની મોટપની તને મોટપ આવી નહિં, એની મહત્તાની તને મોટપ ન આવી, અને રાગ ને પર્યાયની મોટપમાં રાગની રુચીમાં રહ્યો. આહાહા! સમજાણું કાંઇ? કહે છે અહીં તો વળી ઉપાસક છે ને? પોતે ઉપાસક તે ઉપાસક તો પર્યાય છે. અને પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ તે ઉપાસ્ય છે. આહાહા! બેની સંધી જોડી.

જેને ધરમની પર્યાય તે કાળે પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે. પણ તે કાળે પ્રગટ થાય તે પર્યાયનું સેવ્ય કોણ છે? એનો અર્થ ન્યાં છે. અંતર્મુખ દૃષ્ટિ કર, અંતર્મુખ દૃષ્ટિ કર, ત્યારે તે ઉપાસકની પર્યાય પ્રગટી એ સત્ છે. આહાહા! સમજાણું કાંઇ? પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે દેખો, ઇ ઉપાસક પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે, આતો વીતરાગની વાણી ગંભીર છે.

એ કાંઇ વાર્તા ને કથા જેવી એ નથી. કે ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો, ને બનાવી ખીચડી, એમ આવે છે ને, છોકરામાં. નાના છોકરામાં નથી આવતું? ત્યાં કે કુંભારને ત્યાં ગયાને કુંભારે ઘડુલો આપ્યો. ઘડુલો ફલાણાને આપ્યો ને એણે ખજૂર આપી, એ વાત કરતા નહિં? એવી આત્માની મૂળ વાત મૂકીને, બધી વાતું ચકલો ચોખાનો દાણો ને ચકલી જેવી વાત છે. આહાહા! અરે ભગવાન. કહે છે સ્વસંવેદન જ્ઞાન વડે, આ પર્યાય વસ્તુને લક્ષમાં લેતાં, જે પર્યાય સ્વનામ પોતાથી સં નામ પ્રત્યક્ષ રાગ અને મનના આશ્રય વિના જે જ્ઞાન વડે નિજ શુધ્ધાત્માની ઉપાસના કરવી, તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે. લ્યો, છે? પરમાત્મા એટલે પોતે પરમાત્મા હોં! પૂરણ પરમાત્મા થવાનો આ ઉપાય છે.

હવે વહેવાર નથી, ઓલા કહે છે. વહેવાર ને નિશ્ચય બેય છે. એય માને જુદું. વહેવાર અને નિશ્ચય બેય સરખે તોલે છે. બેય સાચા છે. હવે સાંભળને, સાંભળ

પ્રભુ, હેં ? ... ત્યાં જૈનમાં તો કહે છે વહેવાર ઉપર નજર છે તે મિથ્યાદૃષ્ટિ છે. નથી કહેતા ? (ઇ તો વાતુડિયો છે) વાતુડિયો છે. એમ કહે છે. કહે ભાઇ અને ઇ આવ્યું નથી ? વહેવારનય એક બીજાના ભાવને, બીજાના કહે છે, એ કારણ, કાર્ય ને ગોટો વાળે છે. આ કારણ ને આ કાર્ય વહેવારનય કહે છે. એ રીતે માને તે મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં તો એમ લખ્યું છે. આહાહા ! (પંડિતે કહ્યું છે) પંડિતે ભગવાન છે. એ તો પોતે આ કીધું'તું શું ? તે ક્ષણે તે પર્યાય થાય એમ જે ભગવાનની વાણીમાં આવ્યું તે પર્યાય કઇ થાય ? કે જો દ્રવ્ય ઉપર લક્ષ કરે તો નિર્મળ થાય. રાગ ઉપર લક્ષ કરે તો મલિન થાય. આકરી વાત છે. બાયડી છોકરા ઉપર ધ્યાન કરે તો અશુભ ભાવ મલિન થાય. દેવ - ગુરુ - શાસ્ત્ર પર લક્ષ કરે તો શુભ ભાવ મલિન થાય. ઓલો શુભ થાય અને ઓલો અશુભ. ભગવાન ઉપર નજર કરે ને ભાવ કરે તો શુદ્ધ થાય. આહાહા ! ભારે પણ આ નવરાશ ક્યાં મળે ? બાયડી, છોકરા, ધંધા, કરવા પૂરું કરવું શી રીતે ? એમાં આ મોંઘવારી. લોકો રાડ, રાડ પાડે. સાધારણ માણસો જેને છે એને છે. મજૂરનેય મળે છે. ઘરમાં ચાર - પાંચ જણા હોય તો પાંચ - પાંચ રૂપિયા મજૂરી મળે અને ઘરમાં આઠ માણસ હોય, ને એક રળનાર. ... ... ...

જેના એક સમયનું દુ:ખ, અનંત, અનંત, અનંત. આહાહા ! એવા અનંતમાં દુ:ખને, સંયોગોનો, પ્રતિકુળતાનો પાર નહિં. તે કાળમાં પણ આત્મા, સ્વભાવના સન્મુખ થાય છે. સમકિત પામે છે. નરકના નારકી. તો અહીં કહે છે. અમને આટલી અગવડતા, અમે શું કરીએ, અમારે આમ કરવું પડે. અમારે બાપુ એ અગવડતા કાંઇ તને નડતી નથી. આહાહા ! તારી માન્યતા તને નડે છે. આ વિના હું કેમ કરી શકું ? એ વિના જ થઇ શકે છે. પરની અગવડતાનું લક્ષ છોડી દે. આહાહા ! એમ સગવડતાનું લક્ષ છોડી દે. સગવડતા એને ઘરે ગઇ. આત્મામાં ક્યાં હતી. આહાહા ! સમજાણું કાંઇ ? ઉપાસ્ય ભગવાન બિરાજે અને તું કોકની સેવા કરવા જા. આહાહા. સમજાણું કાંઇ ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમ કહે છે. તું મારી સેવા કરવા જા એમાં તને પુણ્ય થશે. બંધ થશે. આહાહા ! આ તો વીતરાગ હેં ? મોઢા સામે કોળિયો કોને ખરાબ લાગે. અમને આપો, તમને ધરમ થાશે. અમને આહાર, પાણી આપો તમને ધરમ થાશે. ભગવાન કહે છે. સારા સંત હોય, ભગવાને સ્વીકારેલા સંત, અરે તીર્થંકર પોતે, છદ્મસ્થ જ્યારે હોય, આહાર લેવા જાય ને છદ્મસ્થ હોય ત્યારે કેવળી પછી એને એવો ભાવ વહોરાવવાનો પણ પુણ્ય છે. આહાહા ! સમજાણું કાંઇ ?

એ સેવક તું ને સેવ્ય ઇ. એ ભાવ પુણ્ય છે. પણ સેવક હું ને સેવ્ય આ. ... ... 'સિદ્ધ સમાન સદા પદ મેરો' હવે આવ્યું. સિદ્ધના જેવું પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે

છે. સામર્થ્યરૂપે છે. સત્‌ના સત્ત્વરૂપે છે. તે સિદ્ધ સ્વરૂપ જ મારું સ્વરૂપ છે. આહાહા! પરમાત્મ પદ બહારમાં નથી. તારું પરમાત્મ સ્વરૂપ કાંઇ બહારમાં નથી. આહાહા! તે તો મારામાં જ છે. માણસને એવું લાગે આ જૂઠું ને જાણે આ. આ તો કંઇ નિશ્ચયની વાતું છે. પણ નિશ્ચય એટલે સાચી, વહેવારની આરોપિત વાતો બધી. આહાહા! નહિં પર્યાય એ જ એક વહેવાર છે. ઉપાસક પર્યાય એ જ સાધક ને વહેવાર છે. ઉપાસ્ય તે નિશ્ચય છે. એ પોપટભાઇ ... ... ... આમ ગ્યા'તા ને એક દિ' અગાસ. આમ જાવું તું ને તે દિ' પાલેજ વચ્ચે વડોદરા થઈને ગ્યા'તા ને પાલેજ તેરની સાલ, ૧૮ વર્ષ થયા. એ મનસુખ પાલેજ આવવું'તું ને, તારે ઓલી મંદિરની સ્થાપના મંદિરની, તે દિ' અમે ન્યાં ગયા'તા અગાસ. અગાસ વ્યાખ્યાન કર્યું'તું, સાંભળ્યું. બધા બેઠા'તા રાતે, મહારાજ તમે કહો છો એ તો ઠીક પણ એનું સાધન શું? એમ કે આ ભક્તિ કરવી (શ્રોતાઃ ગુરુદેવની સેવા કરવી, ભક્તિ કરવી, ગુણગાન ગાવા) ધૂળેય સાધન નથી. સાંભળને આ ઉપાસક કહો કે સાધન કહો. સમજાણું કાંઇ? ઇ ભક્તિ માનનારાઓને આ બેસવું કઠણ પડે. હેં? આ નિશ્ચય ભક્તિ તો આ છે. ઓલી તો વહેવાર ભક્તિ છે ભગવાનની, આવે છે. એ સમ્યગ્દર્શનને ભક્તિ કીધી છે. જયસેનાચાર્યમાં છે હોં? એટલે ભજવું એટલે જેની મોટપ દ્રષ્ટિમાં લેવી. આહાહા! એનો હા. પૂર્ણ આનંદ તે હું, એવું જે ભજન તે સમ્યગ્દર્શન. સમજાણું કાંઇ?

સિદ્ધ, સિદ્ધનાં જેવું પરિપૂર્ણ મારું સ્વરૂપ, શક્તિરૂપે પરમાત્મપદ બહારમાં નથી, એવી નિરંતર ભાવનાના બળથી. ભાવના શબ્દે વિકલ્પ નહિં. સ્વરૂપની એકાગ્રતાનાં બળથી જેણે ધ્યેયને, ધ્રુવને ધ્યાનમાં લીધું, એના ધ્યાનમાં રહેલો જીવ અંદરમાં. આહાહા! આવા પરમાત્મા બની શકે છે, એ પોતે પરમાત્મા બની જાય છે. એ વસ્તુ પરમાત્મ સ્વરૂપ છે. એની શક્તિરૂપે છે. એની સેવના કરવાથી પર્યાયમાં પરમાત્મા બની જાય છે. આહાહા! વહેવારની રૂચિવાળાને એવું લાગે, હાય, હાય, આ વહેવારનો લોપ થઇ જાય છે. અરે બાપુ, સાધક પર્યાય વહેવારની આ રીતે સિદ્ધિ છે. એ સાધક પર્યાય આત્મ વહેવાર છે. ને રાગાદિ નો મનુષ્યનો વહેવાર સદ્‌ભૂત વહેવાર છે. આહાહા! સમજાણું કાંઇ? નિરંતર ભાવનાના બળથી, આત્મા સંબંધી તેવી રીતે શક્તિ છે, એવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધાન, જ્ઞાન કરે જે, આ સ્વરૂપની શક્તિની પૂરણતા, એનું શ્રદ્ધાન, જ્ઞાન કરે છે. તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી, સ્વીકારી. આહાહા! પરમાત્મપદને પ્રાપ્ત કરે છે લ્યો. આ જ આરાધ્ય અને આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે. છેલ્લી લીટી છે ને? આ જ આરાધ્ય, આરાધક કરનારો આરાધક, આરાધક પર્યાય એટલે પૂરણ શુદ્ધ સ્વરૂપ છું તેનું જ્ઞાન, તેનું શ્રદ્ધાન, તેમાં રમણતા એ આરાધક - આરાધ્ય બેય આહાહા!

તારી દશાની નિર્મળતા પ્રગટવા માટે, પર સામું તને જોવાની જરૂર નથી. કારણકે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય એનો સંગ્રહતો ગુણમાં છે. પરમાં નથી કે પરને લક્ષે આવે, આહાહા! સમજાણું કાંઈ?

પોપટભાઈ આમાં રૂપિયામાં આવી મહેનત નહિં કરવી પડી હોય, મહેનત કાંઈ નથી હોં. મફતમાં માને, (આમાં જ મોટો પુરૂષાર્થ છે) આ જ પુરુષાર્થ છે. ઓલો તો ધૂળેય નથી આ જ, આ જ એમ નિશ્ચય કહેશે. આ જ પરમાત્મ સ્વભાવ શુદ્ધ એ જ આરાધવા લાયક છે. અને એની નિર્મળ પર્યાય એ એની આરાધક છે. આરાધક તો પર્યાયથી થાય છે ને? પણ ઈ પર્યાય એનું આરાધ્ય કોણ? વીતરાગી નિર્મળ પર્યાય તે આરાધક એનું આરાધ્ય ભગવાન આત્મા. રાગ પર્યાય તે આરાધક ને ભગવાન એનું આરાધ્ય એ તો વહેવાર આરાધક થ્યો, એટલે આરાધક નથી એને આરાધક માન્યો. આહાહા! અભૂતાર્થ એ જ બતાવીને કહે છે. હવે ૩૨મો શ્લોકઃ

एतदेव दर्शयन्नाह -

**प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम् ।**
**बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम् ।। ३२ ।।**

વિષયમુક્ત થઈ મુજ થકી, જ્ઞાનાત્મક મુજસ્થિત,
મુજને હું અવલંબુ છું, પરમાનંદરચિત. ।। ૩૨ ।।

**टीका** : मामात्मानमहं प्रपन्नोऽस्मि भवामि किं कत्वा? प्रच्याव्य व्यावृत्य केभ्यः? विषयेभ्यः । केन कृत्वा? मयैवात्वस्वरुपेणैव करणात्मना । क्व स्थितं माम् प्रपन्नोऽहं? मयि स्थितं आत्मस्वरुप एव स्थितम् । कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरुपम् । पुनरपि कथम्भूतम्? परमानन्दनिर्वृतं परमश्चासावानन्दश्च सुखं तेन निर्वृतं सुखीभूतम् अथवा परमानन्दनिर्वृतोऽहम् ।। ३२ ।।

**અન્વયાર્થ** : (**मां**) મને - મારા આત્માને (**विषयेभ्यः**) પંચેન્દ્રિયોના વિષયોથી (**प्रच्याव्य**) હઠાવીને (**मया एव**) મારા જ વડે - પોતાના જ આત્મા વડે (**अहं**) હું (**मयि स्थितं**) મારામાં સ્થિત (**परमानन्दनिर्वृत्तम्**) પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા) (**बोधात्मानं**) જ્ઞાનસ્વરૂપ આત્માને (**प्रपन्नोऽस्मि**) પ્રાપ્ત થયો છું.

**ટીકા** : હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? (મારા આત્માને) છોડાવીને-પાછો વાળીને, શાનાથી? વિષયોથી. શા વડે કરીને? મારા જ વડે એટલે કરણ (સાધન) રૂપ આત્મસ્વરૂપ વડે જ; ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું? મારામાં રહેલાને અર્થાત્ આત્મસ્વરૂપમાં જ રહેલાને. કેવા મને? બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને. વળી

કેવા મને ? પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા)ને - પરમ આનંદ એટલે સુખ, તેનાથી નિવૃત્ત (રચાયેલા) - સુખ થએલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું); અથવા, હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.

**ભાવાર્થ** : બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને, હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું.

## વિશેષ

આ શ્લોકમાં 'मया एव' અને 'मयि स्थितं' - એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદ મારામાં - આત્મામાં છે, બીજે બહાર કોઇ ઠેકાણે નથી અને તે પદ હું આત્મ સન્મુખ થઇને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઇ બાહ્ય સાધનથી કે કોઇની કૃપાથી તે પ્રાપ્ત થાય નહિં. પરમાત્મપદની પ્રાપ્તિ માટે તે સ્વાવલંબનનું ગ્રહણ અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.

વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, 'તમે પણ સ્વતઃ એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.'

આત્મા અને પરપદાર્થોને (ઇન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી; પ્રજ્ઞા એક જ કરણ છે, તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે. ૧

અહીં સાધ્ય સાધન એક જ છે 'ભિન્ન ભિન્ન નથી' - એમ બતાવ્યું છે. ૩૨.

---

**ટીકા** : હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. આહાહા ! આત્મા હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને ? છોડાવીને, પાછો વાળીને ? શેનાથી ? વિષયોથી. આહાહા ! એટલે શું ? આ પર તરફનો જે વિષય છે, એમાંથી પાછો વાળીને. વિષય એટલે સ્ત્રીનો વિષયને એટલું નહિં. પાંચે ઇન્દ્રિયના વિષયો જે છે. આહાહા ! ભગવાનની વાણી પણ વિષય છે, શુભરાગનો વિષય છે. આહાહા ! પાંચે ઇન્દ્રિય છે ને ? કાન, આંખ, નાક એનું લક્ષ પર ઉપર જાય છે. એટલે અહીં ઇન્દ્રિયનો વિષય છે, એ તો ભગવાન, અણીન્દ્રિનો વિષય નથી. સમજાણું કાંઇ ?

હું આત્મા, મને એટલે મારા આત્માને. આહાહા ! પ્રાપ્ત થયો છું. શું

કરીને ? છોડાવીને એટલે શું ? પાછો વાળીને એટલે શું ? શાનાથી ? કે વિષયોથી, પર તરફના વલણથી, પર તરફના વિષયથી પાછો વાળીને. આહાહા ! વિષય શબ્દે એકલા ભોગ, ખાવા પીવાના વિષયથી એટલો નહિં. સ્વવિષયને છોડીને જેટલા પર વિષય થાય એ બધા વિષયો છે. આહાહા ! રાગને, રાગનું નિમિત્ત બધા વિષયો છે. સ્વ - વિષયનું ધ્યાન છોડીને જેટલું પર ઉપર જાય એ બધા વિષયો છે. એ વિષયોથી પાછો વાળીને, શા વડે કરીને ? શા વડે કરીને ? કે મારા જ વડે. એટલે કરણ વડે સાધનરૂપ. આહાહા ! એ રાગ વડે નહિં. મારા સ્વરૂપના સાધન વડે આ કરણ. હું કર્તા મારા આત્માને પ્રાપ્ત થયો એ કર્મ, કાર્ય, શું કરીને ? આ કરણ સાધનરૂપ આત્મ સ્વરૂપ વડે જ. આહાહા ! શું કીધું આ ? કે હું એ કર્તા, મારા આત્માને પ્રાપ્ત થયો એ એનું કર્મ. કર્મ નામ કાર્ય. કોના વડે ? મારા સ્વરૂપના સાધન વડે જ છે ? મારા જ વડે એટલે હું તો ચૈતન્ય સ્વરૂપ છું.

એ મારા વડે ચૈતન્યની પરિણતી દ્વારા આહાહા ! આ તો સમાધિતંત્ર છે ને ? યંત્ર, મંત્ર ને તંત્ર એમ નથી કહેતા ? યંત્ર, મંત્ર ને તંત્ર, યંત્ર એટલે આ તમારા એ કારખાના, મંત્ર એટલે કાંઇ બોલવું કરવું, તંત્ર - આ સાધન. આહાહા ! આવું સ્વરૂપ કઇ જાતનું હશે ? આ વીતરાગનો ધર્મ હશે ? વીતરાગમાં તો એવું સાંભળીએ. કે દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપ્પા કરવો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું લ્યો ( એ તો શુભરાગ છે) પ્રેમચંદભાઇ ! શું સાંભળ્યું'તું ત્યાં ? ભાઇ એ તો શુભ વિકલ્પની ક્રિયાની વાત છે. શુભ વિકલ્પની વાત છે એ. એ આત્માના સ્વરૂપની વાત નથી લીધી. આહાહા ! સમજાણું કાંઇ ?

કહે છે ઇ પાઠ જ બોલે છે ને ? જુઓને, અહં માં મયેવ. મયિ. સ્થિતમ્. મારા વડે એટલે હું આનંદ સ્વરૂપ છું. એ આનંદની પર્યાય વડે, રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞા સાધન વડે. આહાહા ! ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું ? ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું ? મારામાં રહેલાને. મારામાં રહ્યો છું. વસ્તુ તરીકે જ્ઞાન, આનંદ, શાંતિ એ મારામાં છે. એ મારામાં રહેલો, મારામાં રહેલો એ રીતે આત્મસ્વરૂપમાં રહેલાને મારા આત્માના સ્વરૂપમાં રહેલાને પ્રાપ્ત કર્યો છે મેં. આહાહા ! એવા મને બોધાત્માને હું છું કોણ ? હું કીધું તું ને ? હું છું કોણ ? બોધાત્માને, જ્ઞાનસ્વરૂપને આહાહા ! હું તો જ્ઞાનસ્વરૂપ છું, પ્રજ્ઞાબ્રહ્મ છું, ચૈતન્ય સ્વરૂપી ભગવાન મારો છે આ.

એ મારામાં રહેલો છે એને હું પ્રાપ્ત કરું છું. આહાહા ! ભારે ભાઇ, વીતરાગ મારગ એવો છે ભાઇ. વીતરાગી પર્યાયદ્વારા સેવવા લાયક છે. કોને ? કે અંદર રહેલાને. આહાહા ! કોને ? કે અંદર રહેલાને. વળી કેવા મને ? પરમાનંદથી નિર્વૃત્તને

એટલે પરમાનંદથી ભરેલો નિર્વૃત્ત એટલે રચાયેલા. સુખી થયેલાને. આહાહા! પરમ આનંદથી નિર્વૃત્ત ભરેલો છું હું. આરે આ શું? હરણની ડુંટી. નાભિમાં કસ્તુરી પણ એની એને ખબર (નથી) એમ એના અંતરમાં આનંદ, અતીન્દ્રિય આનંદની કસ્તુરી ભરી છે. કહે છે એવા મને. આહાહા! સુખી થએલા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું. આહાહા! આનંદ સ્વરૂપી ભગવાનમાં રહેલો એને હું પ્રાપ્ત થયો છું. આહાહા!

રાગને પ્રાપ્ત થવું એ તો પરના લક્ષે થાય છે, અને આનંદ સ્વરૂપની પ્રાપ્તિ તો સ્વને આશ્રયે થાય છે અને એમાં રહ્યા છે એને પ્રાપ્ત મેં મારા આનંદની પર્યાયથી પ્રાપ્ત કર્યો છે. આહાહા! અથવા હું પરમાનંદથી પરિપૂર્ણ છે. ભાષા એમ છે ને? પરમાનંદ નિર્વૃત્તમ્ પરમાનંદથી ઉપજેલું મારું તત્ત્વ છે, અથવા પરમાનંદથી હું પરિપૂર્ણ છું. આહાહા! આરે આવું હોય. પર્યાયમાં આનંદની ગંધ નહિં અને એકલા રાગને, દ્વેષ, સંકલ્પ, વિકલ્પ દુ:ખની ગંધ છે, કહે છે બાપુ એ વસ્તુ હું નથી. મારામાં રહેલો છે એ તો આનંદ છે. એને મેં પ્રાપ્ત કર્યો છે. આહાહા! આ એનું નામ મોક્ષનો મારગને એનું નામ મોક્ષનો ઉપાય છે.

વિશેષ કહેશે...

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ